No Pages to Display

ધોરણ Std.	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા. Teach. Aids	ગૃહકાર્ય Home Work

17528

Daily Planning

ધોરણ Std.

શૈ. સા. Teach. Aids

આ પુસ્તક દસ, પંદર, ત્રીસ, દિવસ રાખી શકાશે.

29 NOV 2004

17528

શિક્ષણ-પત્રિકા
ભાગ-૭ : ૧૯૮૮

29 NOV 2004

૪૭]

गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
050
SHI-7
17528

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

ધો.ણ. Std.	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા. Teach. Aids	ગૃહકાર્ય Home Work

શિક્ષકની સહી

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ સાતમું
૧૯૮૮

અંક ૨ં-૩
ચૈત્ર-વૈશાખ

: તંત્રીઓ :
ગિજુભાઇ
તારાબેન

"જ્યારે જ્યારે તમે દુન્યવી
દુઃખો અને દર્દોથી થાકી
જાઓ, હતાશ થઇ જાઓ,
આગળ ધપતાં વારંવાર પાછા
પડો ત્યારે નિરાશ ના થતા.
ત્યારે ઢીલા પગ કરી બેસી
ના જતા, ત્યારે તમારી જાત
અને માણસ જાત ઉપરનો
અસીમ વિશ્વાસ ના ખોતા;
અને દુન્યવી શરણોને ત્યજી
દઇ ઇશ્વરના શરણે જજો."

આવડત અને તેનો ઉપયોગ

દરેક કામ કે વર્તન માટે યોગ્ય સ્થળ-કાળ હોય છે. તે તે વખતે ને તે તે સ્થળે જો તે તે કામ કે તે તે વર્તન ન થાય તો તે થયું ન થયું સરખું થાય છે. ટૂંકમાં કામની આવડત પણ નકામી જાય છે ને થયું કામ પણ નકામું જાય છે.

બાળકોનું ઘણી વાર એમ બને છે. અમુક પ્રસંગે કે અમુક જગ્યાએ અમુક પ્રકારનું વર્તન હોવું જોઇએ. અમુક કામ અમુક વખતે જ થવું જોઇએ. અમુક કામ અમુક સ્થળે ન જ થાય વગેરે સામાજિક સગવડ અગવડમાંથી ઉત્પન્ન થએલાં ઘણા રીતરિવાજો સમાજમાં પ્રચલિત હોય છે. ને તે મોટાંઓ પ્રસ્થાપિત કરે છે. બાળકોથી બરાબર જે વખતે કે જે સ્થળે જે બનવું જોઇએ તે થતું નથી ને તેથી તેને મોટાંઓનો ઠપકો ખાવો પડે છે, સામાજિક હાંસીને પાત્ર થવું પડે. છે કે સામાજિક તુચ્છકાર સહન કરવો પડે છે. બાળજીવનના ઘણા કરૂણ કે દુઃખમય પ્રસંગો આ બાબતને લગતા હોય છે. ચાર માણસ વચ્ચે તેને ઠપકો મળે અથવા તે પોતાના આવેગથી કાંઇક કરતું હોય ત્યાં તેને એકાએક અટકવું પડે કે કામ છોડવું પડે વગેરે પ્રસંગો તેને માટે બહુ જ દુઃખદાયી હોય છે. ને તે શા માટે બને છે તે ન સમજવાથી દુઃખ સાથે મુંઝવણ પણ ઘણી વાર હોય છે. માટે મોટાંઓએ આવી બાબતોમાં બાળકોને પહેલેથી નિયમો બાંધી દેવા જોઇએ, એટલે તેનો રસ્તો સરળ થાય છે ને તેના જીવનની ઘણી મુંઝવણ ટળે છે. બાળકોને નિયમો આપવાની સાથે સમજી શકે એવી ઉંમરે તેમને ટૂંકમાં તેનાં કારણો પણ આપતાં જવાં જોઇએ. તેથી આંખ મીંચીને માત્ર મોટાંઓની સત્તાથી કાયદા પાળવામાં જે એક જાતની માનસિક ગુલામી છે તેમાંથી તેઓ મુક્ત થઇ, સમજીને વર્તવાની કળા તેમનામાં આવે છે.

એકાદ સાદો દાખલો લઇએ. બહુ તાણીને ન બોલવા સંબંધે કે અવાજ ને ગડબડ ન કરવા સંબંધે બાળકોને ઘણી વાર ટોકવું પડે છે. આ સંબંધમાં આપણા દેશનું સામાન્ય ધોરણ તો ધોરણનો અભાવ જ છે. મોટાંઓ ફાવે ત્યારે ધાંટો કાઢીને બોલે છે, ગડબડ મચાવી મૂકે છે. આસપાસના ચાર ઘરોમાં સંભળાય એવી રીતે આપણા ઘરની વાતો ચલાવવાનો સામાન્ય રિવાજ છે. છતાં બાળકો હસાહસ કરે કે તાણીને બોલે કારવે ત્યારે વારંવાર તેને ઠપકો દઇને અટકાવવાનો આપણો રિવાજ છે. એ બાબતમાં પ્રથમ તો મોટાંઓએ પોતાના વર્તન પરત્વે જ ધોરણ બાંધવાની જરૂર છે. પછી જ બાળકોને પણ ધોરણસર ચાલવાનું તેઓ કહી શકે છે. ધારો કે આપણે બાળકોને નિયમ આપ્યો કે આ ઓરડામાં કે જ્યાં સૌ પોતપોતાના વાંચવા લખવાનું કામ કરે છે ત્યાં તમારે ધીમે ધીમે વાત ચલાવવી અથવા બહાર જઇને વાત કરવી. ત્યાં દડાની રમત ન રમાય કે ત્યાં બારી પરથી કૂદવાનું કામ ન ચાલી શકે વગેરે વગેરે. તો ઘણાં ખરાં બાળકો તે નિયમનો બરાબર અમલ કરી કોઇ દિવસ

વાંકમાં ન આવે. પણ આપણું સામાન્ય ધોરણ કોઇ વાર તેમને રમવા દેવાં, કોઇ વાર તેમને રાડો પાડવા દેવી ને કોઇ વાર સખ્ત ઠપકો દેવો; એવું હોય છે. ટૂંકમાં તદ્દન ધોરણ વગર ઠપકો ને ચલવી લેવાપણું ચલાવવાથી બાળકો મોટાંઓના ઠપકાને જીવનના અનિવાર્ય અકસ્માતો ગણી કાઢે છે ને પોતાના જીવનમાં કોઇ પણ જાતનું વર્તનનું ધોરણ દાખલ કરી શકતાં નથી.

નિયમો આપીએ એટલે આપણું કામ પૂરું થતું નથી તેમ જ બાળકોનાં જીવનમાં તે ઉતરી જતા નથી. વારંવાર નિયમભંગનાં પ્રસંગો આવે છે ને તે તે વખતે નિયમભંગનાં કારણો શોધી કાઢી ઉપાયો યોજવાની આવશ્યકતા રહે છે.

નિયમભંગનું પહેલું જ કારણ જાણવામાં આવે છે તે આવડતનો અભાવ. આપણે કહીએ કે આમ કરવાનું છે અને આમ કરવાનું નથી એટલે તે બની જ શકે છે એમ નથી. જેમ બાળકોને તરવા લઇ જઇએ અને કહીએ કે કોઇએ ડૂબવાનું નથી પણ તરવાનું છે તો બાળકો એકદમ તરવા લાગી શકતાં નથી. તરવાની આવડત આવતાં વખત લાગે છે તેમ જ બાળકો પરત્વે બધી બાબતોમાં સમજવું. બાળકોને કહીએ કે ધીમે સાદે વાતચીત કરવી, અવાજ ઉપર કાબુ મેળવવો, જોઇએ તેટલો જ ઘાંટો કાઢવો, એ કામ કાંઇ સહેલું નથી. મોટા મોટા વક્તાઓ ને શિક્ષકોને પણ તે આવડતું નથી. બાળકો સાથે કામ પાડનારને એનો અનુભવ હોય છે. બાળક ધીમેથી બોલવાનો પ્રયત્ન કરી ઘાંટો કાઢે છે તે સહેજે આખા ઓરડામાં સંભળાય એવો નીકળી જાય છે. જ્યારે કોઇ બાળક એવું બોલે છે કે આપણને સંભળાતું જ નથી એટલે જરા મોટેથી બોલો એમ કહેવું પડે ને પછી મોટો એટલે બહુ જ મોટો અવાજ નીકળી જાય છે ત્યારે બાળક પોતે મુંઝાય છે કે ધીમે સાદે કેમ બોલાતું હશે. આ જ રીતે દરેક બાબતમાં બાળકનું બને છે. જમતી વખતે નીચે ન પડવા બાબતમાં કે પાણીના પ્યાલો ઉપાડી જતાં નીચે ન ઢોળવા બાબતમાં કે બીજી બધી બાબતમાં આવડત કેળવવી પડે છે. માટે મોટાંઓએ બરાબર ધ્યાનમાં રાખવું જોઇએ કે આમ કર ને આમ કરીશ મા એટલું રોકટોક કહેવાથી તેમની ફરજ પૂરી થતી નથી. પણ બાળકમાં તે પરત્વે આવડત આવે માટે ધીરજથી રાહ જોવી જોઇએ ને જરૂર હોય ત્યારે ત્યારે તે કેમ બને છે તે કરી બતાવવું જોઇએ. કેમ બોલાય, કેમ ચલાય, કેમ ઉપાડાય, કેમ મૂકાય, કેમ બેસાય, કેમ ઉઠાય, કેમ ઉભું રહેવાય, વગેરે દરેક દરેક બાબત આપણે યોગ્ય વખતે યોગ્ય રીતે કરી બતાવી પછી તે વસ્તુ બાળક શીખી લે ત્યાં સુધી શાંતિથી રાહ જોવી જોઇએ. વારંવાર ને જ્યારે ત્યારે રોકવાથી પણ ઇષ્ટ પરિણામ દૂર જાય અથવા ન જ આવે. વારંવાર ને એક સરખું આપણે ધ્યાન રાખ્યા કરીએ તો પણ બાળક તે બાબતમાં વિશેષ nervous–બીકણ અથવા અસમતોલ બનીને આવડતથી દૂર ને દૂર જ રહે એ પણ સંભવિત છે. માટે બાળક આવડત મેળવે ત્યાં સુધી ખૂબ સંભાળથી કામ લેવાની જરૂર રહે છે.

આવડત કે માહિતી હોવા છતાં તેનો ઉપયોગ ન કરવાના દાખલાઓ પણ ઓછા

હોતા નથી. આવા દાખલાઓ મોટે ભાગે મોટાં બાળકોમાં બને છે. આવડત હોય પણ તે વાપરવાની બેદરકારી તેમનામાં દેખાય છે. કારણ તેઓ નિયમ જાણે છે પણ નિયમ પાછળનું કારણ જો તેમને કહેવામાં ન આવ્યું હોય તો જાણે અજાણે તેમના મનમાં આવે છે કે 'શા માટે ?' 'શા માટે આમ કરવું ?' 'શા માટે મોટેથી ન બોલાય ?' 'શા માટે વાસણ ન ખખડાવાય ?' એમ દરેક બાબતમાં તેના મનમાં પ્રશ્ન ઉપજે છે કે શું કામ નહિ ? ને પોતાનામાં જવાબ દેવાની શક્તિ ન હોવાથી ઘણી વાર પ્રયોગ ખાતર બાળકો નિયમો તોડી જુવે છે ને તેમના મનથી કાંઇ વાંધા ભર્યું લાગતું નથી એટલે આવડતનો ઉપયોગ કરતાં નથી ને તે જ પછી ટેવ થઇ જાય છે. ઘણીવાર પ્રયોગની દૃષ્ટિ હોતી નથી પણ બેદરકારી જ હોય છે.

'શું કામ જોઇએ ?' એ પ્રશ્ન ઉપજે કે તરત જાણે પોતે જ જવાબ દેતાં હોય કે કાંઇ જરૂર નથી ને તેથી તે નિયમ પાળવા પરત્વે બેદરકારી તેઓ રાખ્યા કરે છે. આવાંઓને નિયમોનાં કારણો આપીએ કે સમજાવીએ તો તેઓ નિયમ પાળવાની ચિવટ રાખે છે. એટલે નિયમોનાં કારણો અર્થાત્ તેના યોગ્યાયોગ્યપણા સંબંધી બાળક જાણવાની સ્થિતિમાં આવે કે તેને તે સમજાવવાની જરૂર રહે છે; ને કારણો કે આવશ્યકતા જાણે એટલે બાળકો તે નિયમો પાળવા કબુલે છે.

'કારણો જાણવાં કે સમજવાં એ બુદ્ધિનો પ્રદેશ છે. ઘણીવાર એમ પણ જોવામાં આવે છે કે બાળકો નિયમો જાણતા હોય છે. તેનાં કારણો પણ સમજે છે ને છતાં આચરણમાં તેઓ બેદરકારજ રહે છે. જેમ કે ઉપરથી ચાલતો આવ્યો અવાજનો દાખલો લઇએ તો તેઓ ધારે ત્યારે ધીમેથી બોલી શકે છે. દરેક જણ ધીમેથી ન બોલે તો ઓરડામાં ગડબડ થાય ને બધાં પોતાનું કામ કરી ન શકે એ વાત તેઓ જાણે છે, એટલું જ નહિ પણ બીજાં બધાં એ નિયમનું પાલન કરે એમ તેઓ ઇચ્છે છે. છતાં જ્યારે પોતે બોલે છે ત્યારે ત્રણ માળ સંભળાય એવી રાડ પાડે છે. આનું કારણ શું ? આનાં કારણો બે પ્રકારનાં હોય છે. બુદ્ધિથી કોઇ વસ્તુ સમજવી એ એક વાત છે ને વખત આવ્યે બરાબર આચરણમાં ઉતારવી એ બીજી વાત છે.

આચરણમાં મૂકવા માટે ક્રિયાશક્તિ (will power)ની જરૂર હોય છે. વારંવાર કરવાથી ક્રિયાશક્તિ ખીલે છે. એટલે ધ્યાન રાખીને બાળકો કોઈ પણ વાત વારંવાર કરે તો તેની ટેવ પડે છે. પરિણામે તે વાત માત્ર બુદ્ધિના પ્રદેશમાં રહેતી નથી પણ ક્રિયાશક્તિની મદદથી સિદ્ધ થાય છે. માટે બાળકોને નિયમ આપીએ ને નિયમનું પાલન કેમ કરવું તેની આવડત આપીએ એટલું જ બસ નથી પણ તેનો જ્યારે જ્યારે અમલ કરવાનો વખત આવે ત્યારે ત્યારે તેઓ તે કરે જ એ વસ્તુ તેમની આગળ મૂકવાની જરૂર છે. ને તેઓ તે હમેશની ટેવ તરીકે સિદ્ધ કરી લે એ ધોરણે તેમને મૂકવાની જરૂર છે.

ઘણીવાર આચરણમાં વસ્તુ લાવવાની બેદરકારીની પાછળ ક્રિયાશક્તિનો અભાવ નહિ પણ બીજું જ કારણ હોય છે. કોઇ કારણ સમજાવે તો બાળકો તે સમજે ખરાં પણ જો

તેમની લાગણીને તે ન સ્પર્શે તો નિયમપાલન પરત્વેની બેદરકારી તેમનામાં આવી જાય છે. મોટે ભાગે નિયમો સામાજિક જીવનની સુલભતા ને સગવડ ખાતર ઉપજાવેલા હોય છે. સામાજિક જીવન એટલે altruistic life અથવા એકલા પોતા સિવાય બીજાંનો વિચાર કરીને ચાલવાનું જીવન. બીજાં તરફથી પોતાને અડચણ ન આવવી જોઇએ એ વાત સૌ કોઇ તરત સમજી શકે છે, જ્યારે પોતે બીજાંને અડચણ ન કરવી જોઇએ એ વાત ભૂલાઇ જાય છે. બાલમંદિરનો એ એક હમેશનો અનુભવ છે કે ઘણાં બાળકો આપણને આવીને કહે છે કે અમને ગડબડ થાય છે. અમારાથી વંચાતું નથી, અમારાથી ગણાતું નથી વગેરે. જ્યારે પોતે વાતોના રસ ઉપર ચડે છે ત્યારે પોતાની વાતથી બીજાં વાંચનારાં લખનારાં કે ગણનારાંને આપણી વાતોથી હરકત પહોંચતી હશે એ વાત તેઓ ભૂલી જાય છે. અથવા બાસ ધ્યાન ઉપર લેવાની તેઓ તરદી લેતાં નથી. એટલે અમલમાં મૂકવા માટે તૈયાર છતાં મૂકાતું નથી એવો વર્ગ આ વર્ગથી જુદો પડે છે. આમનામાં અમલમાં મૂકવાની ઇચ્છા કે તૈયારી જ ઓછી હોય છે. કારણ તેમની લાગણીને આ વસ્તુ સ્પર્શતી નથી. આનું કારણ altruistic–સામાજિક લાગણીઓનો વિકાસ સામાન્યતઃ જરા મોટી ઉંમરે થાય છે. બાલ્યાવસ્થામાં પોતા પરત્વેનો ખ્યાલ વહેલો આવે છે ને તેમનું લક્ષ જ પોતે આગળ વધવામાં હોવાથી બીજાંનો વિચાર તેઓ ભૂલી જાય છે. પરંતુ એનો અર્થ એવો નથી કે બાળકોમાં સામાજિક વિચાર કેવળ અશકય જ છે. તેમને તે રસ્તે મૂકીએ, તે રીતે વિચાર કરવાની સરણી પાડીએ તો તેમની સામાજિક લાગણીઓ પણ જાગૃત થાય છે. પાશ્ચાત્ય શિષ્ટ ને સંસ્કારી સમાજમાં જેને Christian attitude of life કહે છે એટલે કે બીજાં પ્રત્યે લાગણી, ભાવ ને ન્યાયથી વર્તવાની રીત ઘરમાં સામાન્ય હોય છે ને બાળકો આગળ પણ તે મૂકવામાં આવે છે તો તેમનામાં બીજાંની સગવડ અગવડનો વિચાર કરીને વર્તવાનું ધોરણ હમેશનું થઇ ગએલું દેખાય છે. તે સમાજમાં બતાવવાની બાહ્ય સભ્યતાના એક અંગ તરીકે રહેતું નથી પણ રગેરગમાં ભરાઇ ગએલી સામાન્ય વાત હોય છે. આપણા દેશમાં સામાન્ય સમાજનું શિક્ષણ તપાસીએ તો "ગમે તે રીતે સ્વાર્થ સાધો" અને "સમાજમાં બોટી સભ્યતાનો ડોળ કરો" એ બે સૂત્રોમાં તે સમાઇ જાય છે. બાળકોનાં વર્તનમાં તેનો પડઘો પડે તો નવાઇ નથી.

ટૂંકમાં આપણે બાળકોની આવડત અને તેનો ઉપયોગ પરત્વે ઘણો ઝીણો વિચાર કરી શકીએ છીએ. બાળકોની આવડત વધે અને તેનો ઉપયોગ પણ વધે તે રસ્તે તેમને મૂકવાની જરૂર છે. તે માટે શિક્ષકો અને માબાપોએ એકમત થઇ બધે એક જ ધોરણસર નિયમો ઘડવાની જરૂર પણ છે જ. ઘણી વાર ઘરે મળતું શિક્ષણ નિશાળમાં ભૂંસાય છે ને ઘણી વાર નિશાળે મળતું શિક્ષણ ઘરે ભૂંસાય છે. ત્યારે એકેનો કાયમી સંસ્કાર બાળકનાં મન પર રહેતો નથી એ આપણા બાલશિક્ષણની હાલની કફોડી સ્થિતિની કરૂણતા છે. વહેલી તકે આપણે તે મટાડીએ ને બાળકોનાં જીવનને સ્થિર ધોરણ પર મૂકીએ.

તા.

પ્રશ્નોત્તર

[ઉત્તર આપનાર : પ્રો. જીરવીસ]

સ૦ મૉન્ટીસોરી શાળામાં બાળકને શા માટે ત્રણથી ચાર વર્ષની ઉંમરે દાખલ કરવાં ?

જ૦ અનુભવ એમ કહે છે કે કુમારાવસ્થા પહેલાં બાળકો સામાન્યતઃ પોતાની હમેશની પરિસ્થિતિને, આજુબાજુના સ્થળોને, સહજ વલણોને તેમ જ પડેલી ટેવોને મજબૂત રીતે વળગી રહે છે. બાળક રાજીખુશીથી પોતાની ટેવોમાં અગર પોતાની પરિસ્થિતિમાં ફેરફાર કરતું નથી પરંતુ પોતાની આજુબાજુ જે છે તેમ જ પોતાનામાં જે છે તેને જાણે કે તેનું અંગ હોય તેમ વળગી રહે છે. બાળક જો નવી પરિસ્થિતિમાં આવી પડે તો તે ગભરાય છે. તેને બધું અજાણ્યું અજાણ્યું લાગે છે. તે પોતાનો આત્મવિશ્વાસ ખોઇ બેસે છે. તેની પરિસ્થિતિમાં થતો હરેક ફેરફાર બાળકની પ્રવૃત્તિને તાત્કાલિક ઘટાડે છે, અને તેના મનમાં તીવ્ર તાણ ઉત્પન્ન કરે છે. નવો ફેરફાર જો માબાપને સ્થાને આવે એવાં તત્ત્વોવાળો હોય તો તેને ગમે. મોટાંઓ જ્યારે ફેરફાર અને વિવિધતા ઝંખે છે ત્યારે બાળક એ બાબતમાં તદ્દન જુદું છે.

ફ્રોઇડ અને તેનો સંપ્રદાય આથી આગળ જાય છે. તે કહે છે કે બાળક માત્ર પોતાની પરિસ્થિતિ અને ટેવોને વળગી રહેવા માગે છે, એટલું જ નહિ પરંતુ પોતાના જન્મ પહેલાંની સ્થિતિનો અનુભવ કરવાની પણ તીવ્ર ઇચ્છા ધરાવે છે. આનો સ્થૂળ દાખલો એ છે કે બાળક બાળક, જે માણસ તેની સ્વાભાવિક સ્થિતિમાં ફેરફાર કરવા આવે છે તેને દુશ્મન ગણે છે. દેખીતી રીતે આવે વખતે બાળકો સામા થતાં નથી, પણ શરણે થાય છે. પણ તેનો અર્થ એવો નથી કે તેઓથી તે સંતોષ પામે છે. ઉલટું બાળક આવી પડેલી અપ્રિય પરિસ્થિતિમાંથી નાસી છૂટવાને અનુકૂળતા શોધી રહ્યું હોય છે. જો આમાંથી છૂટવામાં ફત્તેહમંદ ન નીવડે અને નવી પરિસ્થિતિને અનુકૂળ ન થઇ શકે તો દેખાઇ આવે એવી માનસિક અવ્યવસ્થાઓ જન્મે છે. જે તેના આંતર જીવનને ભારે નુકશાનકારક નીવડે છે અને તેની શક્તિનો હ્રાસ કરે છે. બાળકની આ સ્થિતિ આપણે આ ચિન્હોથી જાણી શકીએ છીએ. જેવાં કે સમૂહમાં અત્યંત શરમાળપણું, વધારે પડતું એકાંત જીવન, આત્મવિશ્વાસની ખામી વગેરે વગેરે. બાળકની પરિસ્થિતિમાં પહેલો ક્રાંતિકારક ફેરફાર ૬ વર્ષની ઉમ્મરે જ્યારે તેને પ્રાથમિક શાળામાં પ્રથમ વર્ષમાં મૂકવામાં આવે છે ત્યારે થાય છે. શાળા અને ઘર વચ્ચે એટલું બધું અંતર છે કે એને પરિણામે બાળકની માનસિક અને શારીરિક શક્તિઓનું વધવું અટકી પડે છે. અને નિર્બળ બાળકો પર તો ભયંકર અસર થાય છે. બાળકે જે ઘેર લગભગ સંપૂર્ણ સ્વાતંત્ર્ય અનુભવ્યું છે, જેણે પોતાના સમયને અને પોતાની પ્રવૃત્તિઓને

પોતાની ઇચ્છા અને તત્કાલ રસ પ્રમાણે ગોઠવેલ છે તેને એકાએક કોઇ જાહેર શાળામાં જઇ બેસવું, અમુક અમુક સમયમાં અમુક કામ પતાવવું એ કેટલું બધું અઘરું છે, એની કલ્પના સહેજે થઇ શકે છે.

આમ એકાએક આવી પડતા ફેરફારનાં જોખમોને, મુશ્કેલીઓને ઘટાડવા માટે બાળકોને કિન્ડરગાર્ટન શાળામાં મૂકવામાં આવે છે. કિન્ડરગાર્ટન શાળા મોટે ભાગે ગૃહજીવન અને ગૃહશિક્ષણને મળતી આવે છે. કિન્ડરગાર્ટન શાળામાં ધીરે ધીરે બાળક શિક્ષક અને શિસ્તથી ટેવાય છે. અને ધીમે ધીમે પ્રાથમિક શાળામાં જવા માટે તૈયાર થાય છે. જો કે એક રીતે કિન્ડરગાર્ટન શાળા વચલો માર્ગ છે અને બાળકને પ્રાથમિક શાળા તરફ સહેલાથી મોકલી શકે છે. છતાં કિન્ડરગાર્ટનમાં પ્રાથમિક શાળામાં જવાની સાચી તૈયારી થતી નથી. કારણ કે પ્રાથમિક શાળા બાળકો પાસેથી જુદા જ કામની તૈયારી માગે છે. જેમ કે નિશ્ચિત અભ્યાસક્રમ પ્રમાણે અભ્યાસ અને એ તૈયારી કિન્ડરગાર્ટનની શાળામાં શક્ય નથી.

મોન્ટીસોરી પદ્ધતિમાં પ્રાથમિક શિક્ષણ અને પૂર્વ પ્રાથમિક શિક્ષણ (જે કિન્ડરગાર્ટન શાળામાં અપાય છે તે) માં ભેદ નથી. પૂર્વ પ્રાથમિક શિક્ષણમાંથી ખબર ન પડે તેમ બાળક પ્રાથમિક શિક્ષણને માર્ગે ચડી જાય છે. બાળકને ખબર પણ પડતી નથી કે તે કયારે પ્રાથમિક શાળામાં દાખલ થઇને તૈયાર થઇ ગયું ! અને મોન્ટીસોરી શાળામાં એવો નિશ્ચિત સમય પણ નથી કે જે વખતે બાળક પ્રાથમિક શાળામાં જવા યોગ્ય ગણાય.

મોન્ટીસોરી કેળવણીના સામાન્ય હેતુઓ અને સાધનવિષયક પરિસ્થિતિ ત્રણથી દસ બાર વર્ષની ઉંમરના બાળકો માટે સરખાં ચાલ્યાં આવે છે, તેમ જ બાળકનો શિક્ષક કે સાથીઓ સાથેનો સંબંધ, ઉંમર અને શક્તિઓ સાથે બદલાતો આવતો નથી. મોન્ટીસોરી શાળામાં એક વર્ષે એક ધોરણનો જૂનો સિદ્ધાંત છે નહિ. બાળકો કામ કરે છે અને શીખે છે. શાળાની શરૂઆતથી તે શાળા છોડે ત્યાં સુધી બાળકો કામ કરે છે અને શીખે છે. દરેક બાળક પોતાની ગતિએ અને પોતાની શક્તિઓ પ્રમાણે અને આ વર્ષો દરમીઆન ભવિષ્યના સામાન્ય માનસિક વિકાસ માટે તેમને જરૂરનું છે તે ચૂસી લે છે.

મોન્ટીસોરી શિક્ષણવિચાર એક જ આખી પદ્ધતિ છે. એનું એક અંગ બીજાની સાથે નિકટ સંબંધ ધરાવે છે એટલે એ જ સાચું છે કે બાળકોએ આખો ક્રમ પસાર કરવો જોઇએ. જેમ પહેલું ધોરણ પસાર કર્યા વિના બીજા ધોરણમાં પસાર થઈ શકાતું નથી તેમ ત્રણથી ૭ વર્ષનો ક્રમ પસાર કર્યા વિના આગળ મોન્ટીસોરી શાળામાં બેસી શકાય નહિ.

સવાલ એ ઉભો થાય છે કે જે બાળકોએ ૭ વર્ષ સુધી મોન્ટીસોરી શાળામાં હાજરી ન આપી હોય તે બાળકો મોન્ટીસોરી શાળાનો પાછળથી ક્રમ લઇ શકે કે કેમ ? અગર તો તેવાં બાળકોને મોન્ટીસોરી પદ્ધતિમાંથી બાતલ રહેવું પડે કે કેમ ? જો મોન્ટીસોરી કાર્યક્રમ અમુક વિષયોનું જ્ઞાન, અથવા અમુક બૌદ્ધિક સામગ્રીના ઉપાર્જનમાં જ સમાઇ જતો હોય તો આવી મોટી તૈયારી શક્ય થાત. જો કે મારા

પોતાના અભિપ્રાય પ્રમાણે એવી ઉતાવળી, ટૂંક મુદતમાં કરેલી તૈયારી ભૂલ ભરેલી અને બાળકના વિકાસને નુકશાનકારક જ ગણાય. મોન્ટીસોરી કેળવણીમાં માત્ર અમુક વિષયોનો સમાવેશ થતો નથી, પણ આ તૈયારીનાં જ કાળમાં ખાસ ભાર ઇંદ્રિયોની તુલનાશક્તિના અને એકાગ્રતાના વિકાસ ઉપર, તેમ જ સ્વયંસ્ફૂરિત ઐચ્છિક ક્રિયાના અનેકવિધ વિષયોની સ્વયંરસ જાગૃતિ ઉપર અવલોકનની શક્તિની ખીલવણી અને ચોક્કસ કામ ઉપર મૂકવામાં આવે છે. સૌથી અગત્યનું એ છે કે આ સમયમાં એ જાતની તૈયારીઓ અને શક્તિની ખીલવટ થઇ ચૂકે છે કે જેને પરિણામે આગળનો બૌદ્ધિક વિકાસ શકય બને છે.

આ વિકાસ કે જે બાળકોના સ્વતંત્ર પ્રયાસથી પ્રાપ્ત થાય છે તે સમય માગે છે. તે વિકાસ જોઇએ તે કરતાં ટૂંકી મુદતમાં ઉપજાવવાને માટે ટૂંકો રસ્તો હોઇ શકતો નથી. કારણ કે મોન્ટીસોરી કાર્યક્રમ લાંબો અને વિવિધ છે. અને બાળકો આગળ પરાણે કામ કરાવી કાર્યક્રમમાંથી તેને પસાર કરવાં એ તો મોન્ટીસોરી પદ્ધતિની જ વિરૂદ્ધ જાય છે. જો આપણે નાની ઉમ્મરમાં પ્રાથમિક શક્તિઓના વિકાસને અવકાશ આપીએ નહિ તો જ્યારે આગળનો વિકાસ કરવાનો વખત આવે ત્યારે પાયો કાચો અને અધુરો નીવડે. અને હમેશને માટે બાળકને અપૂર્ણ તૈયારીએ આગળ વધવું પડે.

ત્રણ અને સાત વર્ષ વચ્ચેમાં કેળવણીનો પાયો નંખાઇ જવો જોઇએ. એના ઉપર ભવ્ય મંદિર બાંધી શકાશે. આ પૂર્વ તૈયારી અનિવાર્ય છે; અને તે આ ઉંમરે જ.

કોઇ વિશિષ્ઠ બાળક સંબંધે વિશિષ્ઠ અપવાદ સ્વીકારીએ એ જુદી વાત છે. પણ ખરી વાત એમ છે કે જે બાળકો યોગ્ય ઉંમરે મોન્ટીસોરી શાળાની અંદર દાખલ થયાં નથી તેઓ કદિ આ પદ્ધતિનો સંપૂર્ણ લાભ ઉઠાવી શકશે નહિ.

અનુવાદકઃ ગિજુભાઇ

બાળકોનો ઠપકો

બાળકો પરત્વે ખૂબ ચિંતા રાખનાર એક માતાએ મને પૂછ્યું: "અમે આ તમારા નવા વિચારોને અનુસરી બાળકોને નવી શાળામાં મૂકીએ છીએ તો આગળ જતાં બાળકો મોટાં થાય ત્યારે વખતે અમને ઠપકો નહિ દે કે "તમે અમને ભણાવ્યાં નહિ. કાંઈ રમવા નહિ દીધાં. અમારી સાથેના બધા ભણીને આગળ વધ્યા ને અમે ભણ્યા વગર પાછળ રહી ગયાં; અમારું ભવિષ્ય તમે બગાડયું." અર્થાત્ આમ સ્પષ્ટ શબ્દોમાં કદાચ તેઓ ન કહે તો પણ આ પ્રકારના વિચારો તેમને આવે ને મનમાં નિરાશ થાય તે પણ બોટું તો ખરું જ ને? આ પ્રશ્ન વારંવાર સામે આવે છે એટલે જરા વિસ્તારથી વિચારની ચોખવટ કરીએ.

જગતના આરંભથી માબાપોએ ઘણી રીતે બાળકોનું નુકસાન કર્યા જ કર્યું છે; તેમની શારીરિક કે માનસિક માવજતમાં ભયંકર ને અક્ષમ્ય એવી ભૂલો કર્યાજ કરી છે. છતાં કોઇ વખતે બાળકોએ તેમને ઠપકો દીધો નથી. અથવા કોઇ બાળકો માબાપ વિરૂદ્ધ બોલવા

નીકળે તો તે કૃતઘ્નજ ગણાતાં આવ્યાં છે તેનું કારણ એક જ છે કે દરેક વખતે માબાપોએ બાળકોનું ઉત્તમમાં ઉત્તમ હિત કરવાની બુદ્ધિએ અને બાળકો પ્રત્યેનાં વ્હાલથી જે કર્યું હશે તે કર્યું છે. એટલે પોતાની બુદ્ધિશક્તિ અનુસાર અને શુદ્ધ બુદ્ધિથી માબાપો જ્યારે પોતાથી વધારેમાં વધારે અને તેટલું કરી છૂટતાં હોય ત્યારે બાળકો તરફથી ઠપકાને તેઓ જરાએ પાત્ર ન ગણાય. જો બાળકો ઠપકો દે તો તે બાળકોનો દોષ ગણાય. તેમને માટે તો તે અયોગ્ય ગણાય.

છતાં ઘણીવાર માબાપો ઠપકાને પાત્ર હોય જ છે. કારણ તેઓ પોતાથી બનતું કરી છૂટતાં નથી. બાળકોનાં હિતપરત્વે યોગ્ય જ્ઞાન મેળવતાં નથી; તેમનાં શરીર અને મનની તંદુરસ્તી કેમ જળવાય તે જાણતાં નથી. ને તેથી બાળકોનું નુકસાન થવા દે છે તે માટે માબાપોને તેમનાં બાળકો ઠપકો દે તો તેમાં નવાઇ નથી. માબાપોએ ઠપકો સહન કરવો જ પડે. અઢાર વર્ષનો ઉગતો જુવાન ક્ષયરોગનો ભોગ થઈ પડ્યો હોય તે માબાપોને ઠપકો દે કે 'મારાં માબાપે મને ગંદા ઓરડામાં ચાલતી ધૂડી નિશાળમાં બેસાડ્યો ને મારી જીંદગી ધૂળ ભેગી કરી દીધી. મને ચોખ્ખી હવા કે અજવાળું કે ચોખ્ખું પાણી મળે છે કે નહિ તે પણ જોયું નહિ' તો તે ઠપકો યોગ્ય જ ગણાય. કોઇ પેટના દરદથી પીડાતો જુવાન 'મારાં માબાપોએ મને બજારની ગંદી મિઠાઇ ખવરાવ્યા જ કરી. તેના પર માખી બેઠી છે, ધૂળ પડી છે કે કંદોઇએ કેટલી ગંદી રીતે તે બનાવી છે તેટલું પણ તપાસ્યું નહિ' એમ કહે તો તે ઠપકો યોગ્ય જ ગણાય.

એવી એક નહિ પણ હજાર રીતે માબાપો યોગ્ય જ્ઞાન મેળવવાને અભાવે, બાળકોનું અક્ષમ્ય નુકસાન કરે છે ને તે માટે ઠપકાને પાત્ર ઠરે છે.

ભણાવવાની બાબતમાં પણ આવા જ પ્રકારો બન્યા જ કરે છે. કોઇ ઉગતો ચિત્રકાર ગણિત નીચે કચરાઇ મરે છે તો કોઇ પ્રખર ગણિતશાસ્ત્રી ઇતિહાસભૂગોળમાં દબાઇ જાય છે. કંઈ કંઇ ભાવી શિલ્પશાસ્ત્રીઓ ને કારીગરો, વિજ્ઞાનશાસ્ત્રી ને કલાધરો મારી મચ્ડીને સામાન્ય ધોરણનાં સરખાં બીબાંમાં ઉતારવાની બાતર મૂળમાં દબાઇ જાય છે. તે સર્વેનો ઠપકો પણ યોગ્ય જ છે.

પણ પેલાં બેનનો પ્રશ્ન તો નિરાળો જ છે. આ પ્રશ્ન પરથી કોઇ પણ જોઇ શકશે કે તેઓ તો નવા વિચારો સેવે છે. પોતાનાં બાળકોને નવી નિશાળમાં મૂકે છે. શિક્ષણની ચાલુ પ્રથા તેમણે તોડી છે ને તેથી મનમાં મુંઝાય છે કે આને માટે જ બાળકો મને ઠપકો દેશે. તેમના પ્રશ્નનું મૂળ અશ્રદ્ધામાં છે. પોતે ચાલુ પ્રથા તોડી છે. જૂના ચાલુ પ્રવાહનું જોર તેમને નવા માર્ગમાં સ્થિર રહેવા દેતું નથી. દરેક પ્રકારનો નવો ચીલો પાડનારની એ જ સ્થિતિ હોય છે. તેમને અમાપ આત્મશ્રદ્ધાની જરૂર રહે છે. ચાલુ લોકમતથી જુદા પડવામાં અખૂટ ધૈર્યની અપેક્ષા રહે છે. બેનને એટલું જ કહેવાય કે પોતાના મનને પૂછો કે તમે સાચા દિલથી તમારા બાળકનું જેમાં હિત છે તે જ રસ્તો લીધો છે કે નહિ. તમારાથી બને તેટલું તમે કરો છો કે નહિ. માબાપોની જ્યાં ચોખ્ખી હિતબુદ્ધિ હોય ત્યાં

તેમને કોઇ પ્રકારનો ઠપકો ઘટતો જ નથી. મનુષ્યનું જ્ઞાન ઘણું જ ટૂંકું છે. તેથી આજે જે સારૂં ગણાય તે આવતી કાલે ભૂલભર્યું લાગે એ સંભવિત છે. પણ તેથી માબાપોની ભૂલ ન જ ગણાય. જે કાળે સોટીથી જ બાળકોનું હિત થાય એમ વિદ્વાનોની માન્યતા હતી તે કાળે માબાપોએ મન કઠણ કરી બાળકો પર સોટીનો પ્રયોગ કર્યો તેમને ઠપકો ન જ ઘટે. કારણ માબાપોની ઇચ્છા તો કેવળ બાળકોનું હિત થાય એ જ હતી. પણ આજે જ્યારે સોટીથી થતાં નુકસાનો જગજાહેર થયાં છે ત્યારે પણ જે માબાપો અજ્ઞાનમાં રહીને અથવા ક્રોધને વશ થઇ સોટી વાપરે છે તેમને જરૂર ઠપકો ઘટે.

આ નિયમે પ્રશ્ન કરનાર એનને કહેવાનું કે તમારી જાતને પૂછી જુઓ કે તમે લીધેલા માર્ગમાં તમારા બાળકનું હિત રહેલું છે. એ પ્રકારની શ્રદ્ધા તમને છે ? તમે બરાબર બધું તપાસી જુઓ, વિચારી જુઓ. અધ્યયન કે મનનની જરૂર હોય તો તે કરી લ્યો ને પછી તમારા માર્ગમાં અડગ શ્રદ્ધાથી સ્થિર થાવ. તમારાં બાળકો તમને જરૂર ધન્યવાદ દેશે કે અમારા માબાપોએ અમારૂં હિત થાય તે ખાતર પોતાથી બનતું કર્યું છે. તમારા વિચારને વળગી રહેવાની તમારી શક્તિ જ તમારા બાળકોને અનંત બળ આપશે. તા.

ડૉ. મોન્ટીસોરીનો નાનાં બાળકોનો અભ્યાસ.

[૧૯૨૩ માં આંતરરાષ્ટ્રિય અધ્યાપન પ્રસંગે ડૉ. મોન્ટીસોરીએ આપેલા ભાષણની નોંધ ઉપરથી]

કેક નાનાં બાળકો પણ માનસિક જીવન જીવે છે જેની આપણે પૂરતી દરકાર રાખતાં નથી, તેનાં કેટલાંએક દૃષ્ટાન્તો હું આપીશ: એ ઉપરથી આપણને જણાશે કે કેળવણીકાર તરીકે બાલમનમાં કંઇ નાખવાનું છે તેના કરતાં વધારે અગત્યનું કામ બાલમનથી કંઇ પ્રગટાવવામાં સહાય કરવાનું છે. નાનાં બાળકો માત્ર ભાષા દ્વારા પોતાને વ્યક્ત કરે છે એમ નથી પણ તેમને મળી આવતી સર્વ સામગ્રી દ્વારા તેઓ પોતાને વ્યક્ત કરે છે. તેઓને ભાષાનું જ્ઞાન થાય છે તે પહેલાં પણ તેઓમાં માનસિક જીવન સ્પષ્ટ રીતે હોય છે. આ ઘણો અગત્યનો મુદ્દો છે. એક દૃષ્ટાન્ત બતાવે છે કે ઘણાં નાનાં બાળકોમાં તીવ્ર અવલોકન શક્તિ હોય છે. બે વર્ષથી નાનાં બાળકને એક ચોપડીનાં સુંદર ચિત્રો બતાવવામાં આવ્યાં. એક ચિત્ર બાળકોની વચ્ચે બેઠેલ જીસસ ક્રાઇસ્ટનું હતું. એ ઉંમરે સમજાય તેવી તે ચિત્રની સમજણ આપવામાં આવી. અને જ્યારે લાગ્યું કે આટલું કહેવું બસ છે ત્યારે પાનું ફેરવ્યું. બાળકે તુરત જ કહ્યું " ઉંઘ. " પહેલાં આ શબ્દો તરફ કોઇનું ધ્યાન ગયું નહિ. પણ બાળક અસ્વસ્થ થતું જોવામાં આવ્યું. પાનું પાછું ફેરવ્યું અને જોયું તો દેખાયું કે ખરેખર જીસસની આંખો બાળકો તરફ જોતી, પોપચાં ઢળેલી હતી. અહિં આ બાબત સંબંધે કોઇ સમજણ આપવામાં આવી હતી નહિ. છતાં સ્વતંત્ર રીતે બાળકનું ધ્યાન આંખો તરફ ગયું હતું.

બીજે વખતે એક જેકબની સીડીનું ચિત્ર દેખાડયું હતું. સીડી અને દેવદૂતની પાંખો સ્પષ્ટ રીતે દેખાઈ આવતાં હતાં. જ્યારે નીચલા ખૂણામાં અંધારામાં સૂતેલ જેકબની આકૃતિ મુશ્કેલીથી દેખાય તેવી હતી. તે સંબંધે ચિત્ર સમજાવનાર કાંઈપણ કહેવાનું ચૂકી ગયો હતો. પાનું ફેરવતાં નાના છોકરાએ કહ્યું: "બાળક ઉંઘે છે." અને એમ કહેતાં એણે જેકબની આકૃતિ બતાવી.

એક દિવસ એક બાજુ "લીસ્ટ બ્લેક સેંબો" ની વાર્તા મોટાં બાળકોને કહેતાં હતાં. ત્યાં એક નાનું બાળક હાજર હતું. વાર્તાનો અંત આનંદજનક હતો. બ્લેક સેમ્બો સાન્નેસારો ઘેર આવે છે અને તેના જબ્બાને ફાડતાં વાઘો પાછળ રહી જાય છે. નાનું બાળક જે આ વાર્તા સાંભળતું હતું તેણે કહ્યું: "રડે છે." શબ્દને વાત સાથે કશો સંબંધ જણાયો નહિ; પણ પોતાની હકીકત કોઈ સમજ્યું નહિ તેથી બાળક ખૂબ અસ્વસ્થ બન્યું, અને જુદી જુદી રીતે પોતાને સમજાવવા લાગ્યું. આખરે જે ચોપડીમાં એ વાર્તા કહેવામાં આવી હતી તે ચોપડી હાથ આવી. એની અંદર એક ચિત્ર હતું. એ ચિત્ર એક રડતા બાળકનું હતું.

બીજી જાણવા જેવી વાત એ છે કે આટલાં નાનાં બાળકોમાં વિચાર સાહચર્ય હોય છે. બાળકને જીસસના ક્રોસનું ચિત્ર બતાવવામાં આવ્યું અને તે બોલ્યું: "સસલું". એમ કહીને તેણે પોતાના ગળાના અછોડામાં ટાંગેલું પરવાળાનું સસલું બતાવ્યું. પહેલાં અમને એમ લાગ્યું કે બાળકે ચિત્ર તરફ લક્ષ આપેલું જણાતું નથી, પણ જ્યારે બાળક ખૂબ આતુરતાથી અમને ચિત્ર તરફ જોવા બતાવવા લાગ્યું અને જ્યારે ઝીણવટથી તે ચિત્ર જોયું ત્યારે એક છાયાવાળા ખૂણામાં અમે એક નાની આકૃતિ જોઈ. એ આકૃતિ બાળકના હાથમાં સસલાંની હતી. એક દિવસે એક ગ્રામોફોન રેકર્ડ અને એક નાનો રૂમાલ તેને માટે આવ્યાં. બીજે દિવસે તેણે રૂમાલ સામું જોયું અને કહ્યું: "સંગીત". એક વાર જંગલમાં ચાલતાં તેણે એક ફૂળ જોયું. એકાએક તે નામની અમારી આયા જે સાત મહિના પહેલાં ચાલી ગઈ હતી અને જેનું આ પહેલાં કદી નામ નહોતું લીધું, તેનું નામ તે બોલી ઉઠ્યું.

વળી પુસ્તકાલયમાં પક્ષીઓનાં ચિત્રોથી ભરપુર એવી એક અભરાઈ નીચે ટાંગેલી હતી. એક નાનો છોકરો અને તેની બ્હેન હમેશાં ત્યાંથી જ ચિત્રોની ચોપડી મેળવતાં. એક દિવસે પ્રયોગ ખાતર અમે ચિત્ર વિનાની એક ચોપડી વચ્ચે ગોઠવી દીધી. નાનાં બાળકોએ તે ઉપાડી. અમે તેમને કહ્યું કે તેમાં ચિત્રો નથી. ત્યારે તેઓ અમારૂં કહેવું માની શકયાં નહિ. તેમણે પક્ષીઓ જોવા માટે ચોપડીનાં બધાં પાનાં ફેરવી જોયાં. વધારે નવાઈ જેવું એ છે કે નાનાં બાળકો ધારો કે એક ચોપડીનાં ચિત્ર જુએ છે, તો તે તેઓને યાદ રહે છે કે કયાં બેસીને તેમણે જોયાં, કઈ ખુરશી હતી, કોણે તેમને ચિત્રો બતાવ્યાં. ફરીવાર ચોપડી મળતાં જાણે કે એ સાથે સઘળી પરિસ્થિતિ તેઓ ફરીવાર માગે છે. તેમની વસ્તુઓની, તેમ જ શું બન્યુ તેની સ્મૃતિ ઘણી જ ચોક્કસ હોય છે. (તેઓને ભાષાજ્ઞાન થાય છે તે પહેલાં પણ). એક બાળક જે 'હુતી' બોલતાં શીખ્યું ન હતું

તે મોટાં બાળકને વાર્તા કહેવાતી હતી ત્યાં આવ્યું. કોઇએ ધાર્યું ન હતું કે આ બાળક વાર્તા સાંભળે છે. પણ કેટલાએક વખત પછી જ્યારે તે થોડાએક શબ્દો બોલવા લાગ્યું ત્યારે તેણે તે શબ્દો દ્વારા વાર્તાનું સૂચન કર્યું, અને બીજી વાર્તાને બદલે એ વાર્તા સાંભળવાનો આગ્રહ કર્યો. બાળકને ક્રમની સ્મૃતિ પણ ઘણી જ સ્પષ્ટ હોય છે. બાળકને એક ચિત્ર બતાવવામાં આવ્યું. તે ચિત્ર જોતાં તે બોલ્યું, "પાણી." એ ચિત્રમાં કયાંયે પાણી ન હતું. પરંતુ પછીના ચિત્રમાં પાણી હતું. જોઇ શકાશે કે બાળકને-ક્રમનો ખ્યાલ રહ્યો હતો.

વિકાસના અમુક કાળે ક્રિયાતંતુઓની શક્તિનો આવિર્ભાવ જાગે છે. એક નાના બાળકે સારી પેઠે લાંબા કાળ સુધી કેટલાએક ચિત્રોને જોયા કર્યું. બાળક કૂદવા ને નાચવા લાગ્યું. ચોપડીના પ્રાનાંને મથાળે કેટલાએક લોકોના નૃત્યનું ચિત્ર હતું. એક ક્ષણ પછી તે ખુરશી પાસે ગયું અને કહ્યું: "માણસ-ચઢો-દાદરો." એ ચોપડીમાં અંદર ચડતા માણસનું ચિત્ર હતું. પછી તે બાળક આરામખુરશી ઉપર ચડ્યું ને બોલ્યું: "માણસ-ચઢ્યો-ઘોડો". ઘોડા ઉપર બેઠેલ માણસનું ચિત્ર તે ચોપડીમાં હતું.

આ ઉપરથી જણાશે કે બાલમાનસ કેટલુંયે કામ ચલાવી રહ્યું હોય છે. પોતાને વ્યક્ત કરવાને તે માત્ર શબ્દોથી નહિ પણ હીલચાલોથી પુષ્કળ પ્રયત્ન કરે છે. અને જેવું તે થોડાએક શબ્દો શીખે છે કે તરત જ, પોતે શબ્દ જાણતું થયું તે પહેલાં પણ તેને જે અનુભવો થયા હોય છે તે બતાવવા શબ્દો વાપરે છે. તેનું અવલોકન તીવ્ર છે. પણ તે આપણાથી જુદી જાતનું છે. આપણે બાળકોને અર્થ સમજાવવાની કે અવલોકાવવાની જરૂર નથી. પરંતુ પોતાની શક્તિ પ્રમાણે પોતે અવલોકન કરે તેની તક આપવાની છે.

એક બહુ અગત્યની અને ધ્યાનમાં રાખવા જેવી બીના એ છે કે બાળકનો આંતર વિકાસ અમુક રીતે તાલબદ્ધ-અમુક મેળને અનુસરીને હોય છે. બાળકની આંતરજીવનની હીલચાલો જાણે કે અમુક વર્તુળમાં ચાલે છે અને એમ થવું એ એના વિકાસને માટે આવશ્યક છે. બાળક પોતાની પ્રવૃત્તિનું આ તાલબદ્ધ વર્તુળ કરી શકે તે માટે એના વાતાવરણમાં અમુક જાતની ચોકસાઇની જરૂર છે. આ અત્યંત મહત્ત્વની વાત છે. બાળકને એવા વાતાવરણની જરૂર છે કે જે તેને અમુક રીતે બંધ બેસતું આવે. બાળકને સહાય કરવા માટે આપણે તેને સાધનો જોઇએ તે આપવાની જરૂર છે. એક દાખલો આપીશ. એક જગ્યાએથી બીજી જગ્યાએ પદાર્થો લઇ જવામાં માત્ર બાળકને રસ છે તે વિષે મેં એક વાર કહ્યું હતું. આવી જાતની પ્રવૃત્તિ માટે અમુક જાતની પરિસ્થિતિ આવશ્યક છે. એક મોટા ઓરડાના દૂરના ખૂણામાં બીજા લોકો પિયાના સાથે સંગીતપ્રવૃત્તિમાં રોકાએલા હતા. અમે એક બીજા ખૂણામાં સોફા ઉપર બેઠેલાં હતાં. એની નજીકમાં બે આરામખુરસીઓ અને એક ટેબલ હતાં. બાળક એક ખુરશીમાં બેઠેલ માણસ પાસેથી પદાર્થ ટેબલ પાસે લઇ જતું હતું. દરેક વખતે તે સોફા ઉપર બેઠેલ માણસ પાસે થોભતું હતું; જાણે કે તેની સંમતિ લેવા માટેજ થોભતું ન હોય,

થોડા વખત પછી એ વચલું માણસ ઉભું થયું ને ચાલ્યું ગયું. બાળક તે બેઠું હતું ત્યાં પદાર્થ લઇને આવ્યું. ત્યાં સુધી તેના જાણવામાં આવ્યું ન હોતું કે તે જગ્યા છોડી ગયેલ છે. પણ પછી તેણે ચોમેર જોયું. તેને બોળી કાઢયું અને તેનો હાથ ઝાલીને તેની મૂળ જગ્યાએ જ બેસાડયું. અને પછી આગળ પ્રમાણે પદાર્થ લઇ જવા માંડયું. અખતરો કરવા ખાતર ત્યારપછી આરામ ખુરસીમાં બેઠેલ માણસ ઉભું થયું. પણ બાળકે તેને જોતાં જ તેને બેસવાનો આગ્રહ કર્યો. તે માણસ બેઠું પરંતુ બીજી ખુરસીએ. બાળક પ્રથમ મૂંઝાયું. કંઇ યાદ કરતું હોય તેમ જણાયું. પછી તે બોલ્યું: "નહિ, પેલી ખુરસીએ બેસો." પછી સંતુષ્ટ થઇ પોતાનું કામ આગળ ચલાવ્યું.

વળી બીજી એક અગત્યની અને મહત્ત્વનું ધ્યાન ખેંચનારી હકીકત છે. નાની ઉંમરે બાળકની એક આ જરૂરીઆત છે કે તેઓ અમુક ચોક્કસ લાંબા સમય સુધી તેની આસપાસના મનુષ્યો અને પદાર્થોને એક જ સ્થિતિમાં રાખવા ઇચ્છે છે. મેં મારા લંડનના છેલ્લા વ્યાખ્યાનમાં એક અઢી વર્ષની નાની છોકરીનો દાખલો આપ્યો હતો. જ્યારે બીજાં બાળકો ફ્રૂચમાં તલ્લીન હતાં ત્યારે તે છોકરીએ ઓરડામાં આજુબાજુ નજર ફેરવી અને રખડતી ખુરસીઓ અને ચાર ફૂલોને સરખા કરવા તે, બીજાથી છૂટી પડી અને તે ગોઠવ્યા પછી પાછી જોડાઇ. સાનફ્રાન્સીસ્કોની એક શાળામાં બે વર્ષથી જરાક મોટી છોકરી આખો ઓરડો સંપૂર્ણ સુવ્યવસ્થિત રાખતી. કેટલીક વાર તેને બધી ખુરસીઓ ભીંત પાસે ગોઠવવી પડતી હતી. એક મોટી ખુરસી હતી જેનું સ્થાન તે ભૂલી ગઇ હતી. તરત જ તેણે તે યાદ કર્યું ને ખુરસીને અસલ જગ્યાએ મૂકી. આ બધા ઉપરથી એમ જણાય છે કે બાળકના આ ઘડતરના કાળમાં બાળક પોતાની પરિસ્થિતિમાં ચોકસાઇ માગે છે તે આપણે આપવી જોઇએ.

સંગીતશિક્ષક એક વાર ઓરડામાં આવ્યો અને ઉતાવળથી તેનાં કોટ અને ટોપી ખુરસી ઉપર મૂકી વાજું વગાડવા લાગ્યો. તેના મનમાં હતું કે હમેશ માફક બાળકો સંગીત સાંભળશે. પણ એક બે વર્ષના બાળકે વિરોધ કર્યો. તે બોલ્યું: "નહિ, ત્યાં નહિ." બાળકને સંતોષ આપવા માટે અને કંઇક ઉત્સુકતાથી તેણે બાળકને કહ્યું: "ચાલો, ક્યાં મૂકું?" બાળક આગળ ચાલ્યું. પાછળ શિક્ષક ચાલ્યો. શિક્ષકે પૂછ્યું. "ઓરડાની પેલી ખુરસીમાં મૂકું?" બાળકે નિર્ણયપૂર્વક કહ્યું: "ના, પેલી બીંતી ઉપર મૂકો."

પરિસ્થિતિ માંહેની વસ્તુઓ અથવા માણસોની સ્થિરતા કેટલીકવાર બાળકોને એટલાં બધાં જરૂરી થઇ પડે છે કે તેમાં ફેરફાર થતાં ઘણીવાર બાળકની લાગણીને આઘાત પહોંચે છે. અઢી વર્ષના બાળકની માતાને કંઇક દર્દ થતું હતું, અને તે આરામખુરસીમાં પડી હતી. બાળક જુદી જુદી વસ્તુઓ લાવીને આરામ આપવા પ્રયત્ન કરતું હતું. કેટલાએક વખત પછી માતાનું દર્દ વધ્યું અને તે ત્યાંથી ઉઠી પથારીમાં સૂતી. બાળક સ્નેહની લાગણી સાથે માતી પાસે ગયું અને પથારી પાસે ઉભું રહ્યું. પણ

તે બબડ્યું: "બા, ખુરસી." કેમ જાણે બે લાગણીઓ વચ્ચે તે આંદોલિત થઇ રહ્યું હોય! એક લાગણી પોતાની માના દર્દ માટેની અને બીજી લાગણી મા ખુરસીમાં જ બેસી રહે તેની.

એક બીજો દાખલો. બાળકનો ભાષા ઉપરનો કાબુ અતિ દરિદ્ર હોવા છતાં તેની આંતરશક્તિઓ કેટલી તવંગર હોઇ શકે છે તેનો. એક નાનું બાળક દ્રાક્ષ ખાતું હતું. તેને છાલ તથા ઠળીઆ જુદા કાઢતાં આવડતું હતું. ઠળીઓ લઇને બાળકે કહ્યું: 'બલુન.' કોઇ આનો અર્થ સમજી શકયું નહિ. બાળક અસ્વસ્થ બન્યું. પોતાને બીજા સમજે છે તેનો બાળકને સંતોષ જોઇએ છીએ. બીજાનો પ્રત્યાઘાત અગર સહાનુભૂતિ તે માગે છે. તેણે ઠળીઓ હાથમાં લીધો અને હવામાં ઉડાડ્યો. ફરી તે બોલ્યું: 'બલુન.' બલુને અને ઠળીઆ વચ્ચે બહુ સામ્ય હતું. બાળકનું અવલોકન સ્પષ્ટ હતું. એક બીજા પ્રસંગે આતુરતાથી તે ફરીઆદ કરતું જણાયું. અમને સમજાવવાનો વ્યર્થ પ્રયત્ન કરી રહ્યું હતું. અમે એટલું સમજ્યા કે તે ઇંડા વિષે કંઇક કહે છે. ઓરડામાં કયાંય ઇંડાં ન હતાં પણ આગલે દિવસે તે બાળકે મારા વર્ગનાં બાળકોને લોઢાની આકૃતિથી ચિત્ર કાઢતાં જોયાં હતાં. અમને થયું કદાચ આ તે માગે છે. પણ જ્યારે આકૃતિ આણવામાં આવી ત્યારે તેણે તેની ના પાડી. પહેલાં અમે અંદર નાખવાની આકૃતિ બતાવી. બાળકે ના કહી. પછી લોખંડની ફ્રેમ બતાવી. દૃઢતાથી તેણે તેની પણ ના કહી. આખરે કાગળના ટુકડા પર જેમ બાળકો કાઢતાં હતાં તેમ અંડાકૃતિ દોરી. પોતાનું કહેવું સમજાયું છે એમ ખાત્રી બતાવીને બાળક આનંદથી હસવા લાગ્યું.

આ ઉપરથી આપણા કામમાં મહત્ત્વની વાત શું છે તે આપણે સમજી શકીએ છીએ. આપણે તેને અવલોકતું કરીએ, જાતને વ્યક્ત કરતું કરીએ, યાદ રાખતું કરીએ તે માટે આપણી બાળકને જરૂર નથી. તેમ જ જેઓ બાળકની આજુબાજુ છે તેઓનું કામ તેને અવલોકતાં, આવિર્ભાવ કરતાં કે યાદ રાખતાં શીખવવાનું નથી, પણ તેના વિકાસમાં મદદ કરવાનું છે. તેના મનના ઘડતર માટે પૂરતાં સાધનો આપણે તેને આપવાનાં છે. અને તે પણ તેની પ્રવૃત્તિઓ અને વ્યક્તિત્વને માન આપીને. પોતાની પ્રવૃત્તિનું વર્તુલ પૂરું કરવાને આપણે તેને છૂટું મૂકીએ, આંતર જીવનનો તાલ અનુસરવા માટે તેને મુક્ત કરીએ અને આપણે તો તેની જરૂરીઆતોને બંધ બેસતા થવાને આપણી સર્વશક્તિ વાપરવાનો પ્રયત્ન કરીએ. એ જે વ્યક્ત કરવાનો પ્રયત્ન કરે છે તેને સમજવાને તત્પર રહીએ. આપણે તેને સમજવાને યત્ન કરીએ છીએ તેનું ભાન તેના આંતર વિકાસને સહાયરૂપ બની રહે છે. બાળક પોતાને માત્ર વ્યક્ત કરવા જ ચાહે છે એમ નથી. તે બીજાઓ સાથે એકરૂપ થવા માગે છે અને તે પણ ભાષા જેવા વાહક સાધનની સહાય તેને સાંપડે છે તે પહેલાં. પોતાના ઘડતરને માર્ગે જે આત્મા આગળ પ્રયાણ કરી રહેલ છે તેને આપણે આપણા ટેકા આપીએ અને મનમાં ભય ન રાખીએ કે બાળકનું આવિષ્કરણ રૂંધીને આપણું આવિષ્કરણ હોય. બાળકની વ્યવસ્થિત થવાની ઇચ્છાની સેવા કરતાં આપણે સંકોચ ન પામીએ, અગર પાછા ન હઠીએ. એવા

ભયથી કે રખેને આગળ જતાં આપણે તેના ગુલામ થઇ જઇએ. આપણે બાળકની શક્તિઓમાં અને આપણી સહાનુભૂતિમાં શ્રદ્ધા રાખીએ અને જડ અને જટિલ એવા બુદ્ધિવાદને કોરે રાખી એની જરૂરીઆતોને પહોંચી વળીએ. આપણે બાળકને યથાસમયે સંપૂર્ણતાને માર્ગે મદદ કરીશું તો તેને મનુષ્ય બનાવવાના કારણભૂત થઇશું. યોગ્ય વખતે બાળકને દૂધ આપવાથી પછીના સમયમાં જે શક્તિ આવે તેમાં આપણે મદદ કરીએ છીએ અને જેમ મા બાળકને ધવડાવતાં તેને દાંત ક્યારે આવશે તેની અને મોટા જેમ કયારે થાશે તેની ચિંતા રાખતી નથી, એમ જ શિક્ષકે ભવિષ્યની ચિંતા રાખવાની નથી. પરંતુ બાળકની પોતાની અંતઃશક્તિઓ અને વૃત્તિઓ જે વખતે પરિવર્તન માગે છે તે વખતે તેને ગતિ આપવી ઘટે છે.

અનુવાદક
ગિજુભાઇ

બાળકો સાથે વાતચીત

થોડાએક વિધિનિષેધો

બાળકો સાથેની વાતચીતની આજે કેવી સ્થિતિ છે તે આપણે પહેલાના એક લેખમાં જોઇ ગયાં છીએ. હવે વાતચીત પરત્વે જે થોડા એક વિધિનિષેધો ધ્યાનમાં રાખવાના છે તે નીચે આપ્યા છે.

વાતચીત કોણે કરવી ?

બાળકોનાં માબાપોને વાતચીતનો અધિકાર હોય.

બાળકોનાં શિક્ષકોને વાતચીતનો અધિકાર હોય.

બાળકોનાં સગાં સંબંધીઓને માત્ર સંબંધપણાને દાવે વાતચીતનો અધિકાર મળતો નથી. પણ બાળકના સંબંધમાં આવી તેમનો સ્નેહ કે મૈત્રી સંપાદન કરી હોય તો તેમને વાતચીતનો અધિકાર મળે. ઘરે આવનાર મિત્રો તથા બેનપણીઓને પણ બાળકોનાં મિત્ર થવાની તેમનામાં આવડત અથવા સ્નેહ હોય તો જ વાતચીતનો અધિકાર મળે.

નોકર, ચાકર, કારકૂન વગેરે પરત્વે પણ સામાન્ય નિયમ એ જ કે બાળકના મિત્ર થઇ શકયા હોય તો જ વાતચીતનો અધિકાર મળે.

તદ્દન પારકાઓને પણ બાળકની મૈત્રી કે સ્નેહ કે અભિમુખતા મેળવે તો વાતચીતનો અધિકાર પ્રાપ્ત થાય છે.

વાતચીત ક્યારે કરવી ?

પહેલામાં પહેલો નિયમ તો એ કે જ્યારે બાળક વાતચીત માટે અભિમુખ હોય ત્યારે.

છતાં માબાપ વગેરે પાસેનાં સગાંઓ માટે કામ પડે ત્યારે વાતચીત કરવાની છૂટ મૂકવી જ પડે. પણ તે વખતે જરૂર જેટલી જ વાત કરવી. અભિમુખ ન હોય એવે વખતે કરેલી વાત નકામી જાય છે, ને એવો વખત છોડી દઇ યોગ્ય ક્ષણ જોઇ કરેલી વાત બહુ જ કામની થઇ પડે છે.

બાળક સાથે વાતચીત માટે બાળકની અભિમુખતા સાથે આજુબાજુની યોગ્ય પરિ-

તેના માનસમાં આપણે કાંઇક પેસી શકીએ છીએ.

આ વિજ્ઞાનમાં સંખ્યાબંધ પ્રારંભિક પ્રયોગો માટે આપણે પ્રતિભાસંપન્ન ડો. મોન્ટીસોરીના ઋણી છીએ. એના દાક્તરી અનુભવે, એના ખોડખાંપણવાળાં બાળકોના અનુભવે, કોઇ પણ જાતના પૂર્વગ્રહ વિના અને સીધી રીતે નાના બાળકોને અવલોકવાની એની તીવ્ર અને લગભગ અંતઃપ્રેરિત શક્તિએ, બાળકને જોઇતું વાતાવરણ નિશ્ચિત કર્યું છે. આ વાતાવરણમાં કાળજી-પૂર્વક નિશ્ચિત કરેલો ક્રમ અને પ્રયોગસિદ્ધ આઘાત પ્રત્યાઘાતનાં સાધનો છે. આ સાધનો એક અથવા બે બાળકોને માત્ર આકર્ષી શક્યાં છે એમ નથી પરંતુ બધાં બાળકોને ઉપકારક પ્રત્યાઘાત આપી શક્યાં છે. ડો. મોન્ટીસોરીને ખાત્રી થઇ છે કે જો અનુકૂળ બહિર પરિસ્થિતિ રચી શકીએ તો બાળકો જરૂર પોતાની જાતે પોતાને કેળવી શકે. આથી કેળવણીશાસ્ત્ર અથવા કેળવણીનું વિજ્ઞાન નવો જ માર્ગ લે છે.

એક અવલોકનકારનાં પરિણામો બીજા અવલોકનકારનાં પરિણામો સાથે સરખાવી શકાય; જો શાસ્ત્રીય પ્રયોગની પરિસ્થિતિ બહુ સંભાળપૂર્વક યોજવામાં આવી હોય તો. દુનિયાના જુદા જુદા ભાગોમાં ચાલતી મોન્ટીસોરી શાળાઓમાં આમ થવાની ગોઠવણ કરવામાં આવી છે. એમ માલુમ પડ્યું છે કે બાળકો મોન્ટીસોરી પ્રબોધક સાહિત્યો પરત્વે જે આઘાત પ્રત્યાઘાતો બતાવે છે તે મનુષ્ય સ્વભાવનાં સ્વાભાવિક તત્ત્વો છે અને તેથી નવીન બાલ-માનસનાં વિજ્ઞાનના પાયાભૂત છે. એ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે શાસ્ત્રીય ચોક્કસ પરિણામ માટે જે સાહિત્ય આપવામાં આવે તે બહુ ચોક્કસ હોવું જોઇએ અને તે ધરવાની બાબતમાં જે જે વિગતોની ચોકસાઇ જોઇએ તે ચોકસાઇ સંપૂર્ણ જોઇએ.

કેટલાક પદાર્થો એવા છે કે જે સ્વયંશિક્ષણ જાગૃત કરે છે, અને કેટલાક જાગૃત કરતા નથી. એટલે કયાં સાધનો સ્વયંશિક્ષણ આપનારાં છે અને કયાં નથી તેનો બરાબર ભેદ પાડવો જોઇએ. જ્યે શિક્ષક સાધનો આપવામાં લેશમાત્ર ફેરફારો અગર ભૂલો કરે તો બાળકનો રસ ઘણો જ ઘટશે અને તેની અસર તેની પ્રવૃત્તિઓ ઉપર પડશે. ડો. મોન્ટીસોરી કહે છે તેમ સવાલ બાળકોની જરૂરીયાતોને બંધબેસતા આવવાનો છે. જેટલી ઝીણવટથી પરિસ્થિતિ બાળકને આપણે બંધબેસતી કરી શકીએ તેટલી બાળકની સ્વયંશિક્ષણ ગ્રહણ કરવાની પ્રવૃત્તિ વધારે ચાલવાની. જે વાતાવરણમાં સઘળા પદાર્થો તથા શિક્ષકનું કેળવણી વિષયક પગલું બાળકને બંધબેસતું આવે છે તે વાતાવરણમાં બાળકનું માનસ પ્રતિબિંબિત થાય છે. એટલા માટે વાતાવરણ કોઇ રીતે અચલાયતન અગર જોહુકમીભર્યું હોવું જોઇએ નહિ; ઉલટું વાતાવરણ હમેશ બાળકની પ્રવૃત્તિ સાથે વૃદ્ધિંગત, ચોક્કસ વિગતો ભર્યું થવું જોઇએ. બાળકના વ્યક્તિગત ભેદો પાછળ બધા બાળકને સામાન્ય એવા નિયમો અગર તત્ત્વો છે. બધાં બાળકોને ઇન્દ્રિયો છે, અને બધાં બાળકોનાં જ્ઞાનતંતુઓની રચના સામાન્યતઃ સરખી છે. એક જ સરખાં સાધનો વાપરી બાળકો વાંચતાં લખતાં શીખે છે. વિજ્ઞાન તરીકે માનસશાસ્ત્રી આ સામાન્ય તત્ત્વો સાથે સંબંધ ધરાવે છે. કેળવણીની દૃષ્ટિએ આપણે કહી શકીએ કે સઘળાં બાળકોની

સામાન્યતઃ જરૂરીઆતો પૂરી પાડવામાં દરેક બાળકની મુખ્ય જરૂરીઆતો આપણે આપી શકયાં છીએ. વ્યક્તિગત ભેદો ઘણા મોટા હોઇ શકે છે. બાળકો જે પ્રવૃત્તિઓ કરે છે તેની અંદર આ ભેદો જેટલા સ્પષ્ટ દેખાય છે તેના કરતાં તે પ્રવૃત્તિઓ ઉપર કેટલાં પુનરાવર્તન કરે છે તેમાં દેખાય છે. વળી બાળકનું વિશેષ વલણ પાછળથી તેની આજુબાજુની પરિસ્થિતિમાં જે પ્રવૃત્તિ કરે છે તે દ્વારા જાણી શકાય છે. આ રીતે કેટલાંક બાળકો વધારે ઝડપથી સંખ્યાજ્ઞાનમાં વધશે ત્યારે કેટલાંક બાળકો લેખન વાચનમાં વધશે. વળી કેટલાંએક પોતાનાં સગાં સંબંધીઓને કાગળો લખશે; જ્યારે બીજાં કેટલાંએક બાળકો નાના નાના નિબંધો લખશે. બારસીનોનમાં ડૉ. મોન્ટીસોરીએ કરેલા અને ઇંગ્લીશ નિશાળોમાં ડૉ. કીમીન્સે કરેલા પ્રયોગો ઉપરથી જણાય છે કે અમુક મુદ્દતે તો સઘળાં બાળકો પ્રાથમિક ભૂમિકાઓમાંથી પસાર થાય છે. દસ વર્ષની ઉંમર સુધીમાં બાળકનું અમુક વિષયમાં વિશિષ્ટ વલણ ન દેખાય તો ડૉ. મોન્ટીસોરીનું કહેવું છે કે પ્રાથમિક ભૂમિકામાંથી પસાર થતાં તેવું વિશિષ્ટપણું દેખાઇ આવશે. ભવિષ્યમાં આખરે બાળક જે માર્ગે જશે તેનો પાયો આ શરૂઆતનાં વર્ષોમાં જણાશે. તેના ઉપર બાળકની ભવિષ્યની જીવનદિશા નિશ્ચિત થશે. વ્યક્તિગત વિશિષ્ઠતાઓ પ્રગટ થાય એટલા માટે સાચી મોન્ટીસોરી શાળાઓની અંદર સંપૂર્ણ સમૃદ્ધ વાતાવરણ આપવું જોઇએ. જેવું કે બાગ, પાળવા યોગ્ય પ્રાણીઓ, સર્જનાત્મક ક્રમો, અવકાશ વગેરે. આવા વાતાવરણમાં દેખાઇ આવતાં વલણોનું વર્ગીકરણ અને કાર્ય વિસ્તાર ધીમે ધીમે ભવિષ્યમાં ચોક્કસ શોધખોળનો વિષય બનશે.

જ્યારે જ્યારે વ્યક્તિગત જરૂરીઆતને અંધબેસતું વાતાવરણ આપણે પૂરું પાડીએ છીએ ત્યારે ત્યારે બાળકમાં જે પ્રવૃત્તિ અન્યથા ગુપ્ત અથવા સુષુપ્ત પડી રહી હોત તેને આપણે મુક્ત કરીએ છીએ, અથવા બંધનમુક્ત કરીએ છીએ. સામાન્ય રીતે મનાય છે તેના કરતાં વધારે ગંભીર અર્થમાં આપણે બાળકને મુક્તિ આપીએ છીએ. આવી રીતે જેને સહાય કરવામાં આવી છે તેવું બાળક સામાન્ય રીતે તેને ધારવામાં આવ્યું હોય છે તેના કરતાં જુદી જાતનું પ્રગટ થતું દેખાય છે. તે સ્વયંપ્રવૃત્તિને પરિણામે વસ્તુતઃ જુદું બની પણ જાય છે. આ બાળક, બીજું બાળક કે જેની પ્રગતિ રોકી લેવામાં આવી છે અને જે પ્રવૃત્તિ માટે ભૂખ્યું છે અને જે પરિણામે પાછળ પડયું છે તેના કરતાં સમધારણપણે વિકસ્યા કરે છે. આવી જાતની મદદ માનસશાસ્ત્રી અને કેળવણીશાસ્ત્રી બન્નેને ઉપકારક બને છે. કારણ બાળકને તે કેળવણી આપે છે, અને સાથે સાથે તેને આપણી સમક્ષ પ્રગટ કરે છે. વિશેષમાં બાળકની આગળની ઉંમર વિષે પ્રાયોગિક શોધખોળનો માર્ગ તૈયાર કરે છે. એટલા જ માટે આપણે બને તેટલી નાની ઉંમરથી બાળકની કેળવણી હાથ શા માટે ધરીએ છીએ એ સમજી શકાય છે. એટલા જ માટે શાથી બાળક કેળવણીના વિજ્ઞાનનો પાયો છે તે કહી શકીએ છીએ. દેખીતી રીતે આમાં વિજ્ઞાન જેવું દેખાતું

નથી અને છતાં વિજ્ઞાનોનાં જે બધાં મૂળભૂત તત્ત્વો છે તે આમાં છે.

રસાયણશાસ્ત્રમાં એક વસ્તુની શોધ આગળ પ્રયોગ કરવા પ્રેરે છે. પરિણામે બીજી હકીકતો જડી આવે છે. અને જેમ જેમ એક હકીકત સિદ્ધ થતી જાય છે તેમ તેમ તે રસાયણના વિજ્ઞાનના મકાનના અચળ અને કાયમી પત્થર રૂપ બનતી જાય છે.

એ જ પ્રમાણે શરીરવિજ્ઞાન કે વૈદકશાસ્ત્ર સંબંધે કહી શકાય. આપણે ધીમેધીમે બાલમાનસમાં શોધ કરી છે અને એ શોધ આગળની શોધને દોરી રહેલ છે. ધીમે ધીમે શોધનો પ્રદેશ વિસ્તરતો જાય છે. જેમજેમ શોધખોળ ઉંડી ઉંડી જાય છે તેમ તેમ સંપૂર્ણ જ્ઞાન અને વિગતોની ચોકસાઇની આવશ્યકતા ઉભી થતી જાય છે. આપણે ગબડી ન પડીએ તેની કાળજી રાખીએ. બીજા ક્ષેત્રના પ્રયોગશાસ્ત્રીઓ સાથે આપણે ઉભા છીએ. આપણે તેમનું વિજ્ઞાન તેમને જે પદવી આપે છે તે લેવા માગીએ છીએ. એક મહાન સર્જન (Surgeon) અગર શરીરશાસ્ત્રીની મહત્તા શેમાં છે? લખવાની કે વાત કરવાની તેની શક્તિમાં અગર સામાન્ય ધોરણે વિચાર દર્શાવવાની તેની આવડતમાં તેની મહત્તા નથી. તેની મહત્તા પોતાના વિષય સંબંધેના ઉદ્દેશો અને આશયોની ઉંડી સમજણમાં છે, તેમ જ તેની મહત્તા વિગતોના બારીક અને વ્યાપક જ્ઞાનમાં છે. ઉપરાંત માણસ સાથેના તેના સતત સંબંધ અને અંગત અનુભવોમાં છે. ભવિષ્યનો કેળવણીકાર લગભગ પૂરેપૂરા ડૉક્ટરથી જરા પણ જુદો જણાશે નહિ. જેમ ડૉક્ટર પોતાની હોસ્પીટલમાં શોધખોળનું કામ કરતો હશે તેમ જ તે પોતાની શાળામાં શોધખોળનું કામ કરતો હશે. તેની પ્રાયોગિક પદ્ધતિ બરાબર ડૉક્ટરના જેવી જ હશે. જેમ દરેક વિજ્ઞાન મામૂલી વસ્તુ પાછળ પડી તેની અંદર રહેલ ભવ્યતા શોધવા જતાં ઉત્પન્ન થયું છે તેમ જ ડૉ. મોન્ટીસોરીનું કાર્ય વિજ્ઞાનના સનાતન માર્ગે ચાલી ચૂક્યું છે.

અનુવાદક
ગિજુભાઇ

પ્રશ્નોત્તર

પ્રશ્ન ૧:—મોન્ટીસોરી શાળામાં બાળકો સમુહગત કરતાં વ્યક્તિગત વધારે કામ કરે છે તો તેઓ સામાજિક જીવનને માટે કેવી રીતે તૈયાર થશે?

પ્રશ્ન ૨:—મોન્ટીસોરી શાળામાં બાળક પોતે જ પોતાનું કામ પસંદ કરે છે. પોતાને રસિક અને અનુકૂળ તેમજ ઉપયોગી એવું કામ કરે છે. બાળક પોતાને મનગમતું જ કરે છે, તો પછી સામાજીક જીવનની તૈયારી કેવી રીતે થઇ શકે? કારણ કે સમાજમાં હમેશ પ્રિય એવાં કામો કરવાનું હોતું નથી. ઘણીવાર અપ્રિય અને અંગત રૂચિને ન ગમે તેવાં કામો પણ કરવાની ફરજ આવી પડે છે.

જવાબ ૧:—સામાજિક જીવનનો અર્થ માણસનું ટોળું પાસે પાસે રહે, સાથે રહે એવો નથી. તેમજ સામાજિક જીવન એટલે

જેમ ભરવાડની નીચે ઘેટાંનું ટોળું ચાલે છે અથવા માસ્તરની દેખરેખ નીચે બાળકો જાય છે તેમ માણસો ટોળાં માફક ચાલે એમ પણ નથી. મનુષ્યનું સામાજિક જીવન સુવ્યવસ્થિતપણું, નિયંત્રિત પ્રવૃત્તિ અને સામાજીક ગુણો ઉપર નભે છે. અને બરાબર આજ વસ્તુ અમારા લોકોની અંદર વિકસે છે. પોતાના કામમાં સાતત્ય અથવા નિશ્ચિતતા, રાહ જોવાની હોય ત્યારે રાહ જોવી, બીજાના સંબંધમાં આવતાં હરહમેશ ઉપસ્થિત થતી અનેકાનેક પરિસ્થિતિને અનુકૂળ થવાની શક્તિ અને પરસ્પર કરવામાં આવતી સહાય વગેરે સાચા અને વ્યવહારૂ સામાજીક જીવનના વ્યાપારો છે. અને દુનિયામાં પહેલવહેલી જ શાળાનાં બાળકોમાં એને હમણાં જ અવકાશ મળ્યો છે. આગલી શાળાઓ બાળકોને માત્ર બેસવાને અવકાશ કરી આપતી અને ત્યાં પાસે પાસે અક્રિયપણે બેસીને બાળકોને શિક્ષક પાસેથી કંઈક લેવા માટે લાવવામાં આવતાં હતાં. ઉલટું જ્યારે અમારી શાળાઓમાં વિવિધ કામને માટે જોઇતાં સાધનોની તૈયારી છે કે જેવી સાધનસામગ્રી કોઇ પણ સક્રિય અને સ્વતંત્ર એવી નાની મનુજસંસ્થામાં હોઇ શકે.

વ્યક્તિગત કામ કરતાં કરતાં બાળક આપોઆપ બીજાથી છૂટો પડી, કામ ઉપર એકાગ્ર થઇને ધીમે ધીમે પોતાના વ્યક્તિત્વને સંપૂર્ણ કરવાને માર્ગે ચાલ્યો જાય છે. જેમ જેમ માણસ વધારે સંપૂર્ણ થતો જાય છે તેમ તેમ તે બીજાઓ સાથે મેળથી ભળવાને માટે વધારે શક્તિવાન થાય છે. જેમ સમૂહ સંગીતના વાદકો જો તેમાંના દરેકે વારંવારની તૈયારીથી પૂર્ણતા મેળવી ન હોય તો સમૂહ સંગીતને સફળ કરી શકતા નથી તેમ જ સારી રીતે તૈયાર થએલી વ્યક્તિઓ વિના કોઈ પણ મજબૂત સામાજીક હીલચાલ નભી શકે નહિ.

જવાબ ૨:-પોતાનું કામ આનંદદાયક ન હોય તો પણ તે પાર પાડવા મુશ્કેલીઓને વટાવવામાં જે માણસ શ્રમ ઉઠાવે છે અગર બીજા શબ્દોમાં જે પોતાનો ભોગ આપી દે છે તે બળવાન તો હોવો જ જોઇએ. બળવાન થવા માટેની ઉક્ત શરત અનિવાર્ય છે. જ્યારે અમારી શાળામાં નાનાં બાળકો ગમેલા કામની પસંદગી કરીને લાંબા વખત સુધી તેમાં એકાગ્ર રહે છે, ત્યારે શાંતિના વાતાવરણમાં તેઓ પોતાને મજબૂત કરે છે. અને આ રીતે આડકતરી રીતે તેઓ પોતાના સામાજિક જીવનમાં આવી પડનારી અપ્રિય ઘટનાને માટે તૈયાર થાય છે. એવી જ રીતે જે બાળક પોતાના જીવનના પહેલા વર્ષમાં માત્ર દૂધ ઉપર પોષાયું છે તે આગળ ઉપર ભિન્ન ભિન્ન પ્રકારના ખોરાકો ખાવાની તૈયારી કરી રહ્યું છે. બાલ્યાવસ્થામાં પોષક ખોરાકને પરિણામે આગળ જતાં બાળક તંદુરસ્ત અને પ્રાણવાન બને છે.

મોટી ઉંમરનો માણસ ભારે ખોરાક પચાવવાને માટે શક્તિમાન થઇ શકે, જો નાનપણમાં એના શરીરને પોષક એવો ખોરાક આપવામાં આવ્યો હોય તો. પણ નાનપણમાંથી જ જો તેને ભારે અને મોટપણમાં પચાવે છે તેવો ખોરાક આપવામાં આવ્યો હોત તો તે મોટપણમાં બળવાન થાત નહિ.

જેણે શરીરનું સંપૂર્ણ સમતોલપણું કેળવ્યું હોય તે પડી ગયા વિના જમણી કે ડાબી

લીલાનો શણગાર

આજે કુમુદબેન એક કલાકથી કામમા જોઇ હુ મનમા જરા ખિન્ન થયો. કારણ લીલા હતાં. આજ લીલાનો જન્મદિવસ હોઇ તેનો શણગાર વખત લે તેમ હતો.

લીલા કુમુદબેનની પહેલી દીકરી તે તેમને બહુ જ વહાલી હતી. કુમુદબેન હોશીલા એટલે હોશેથી લીલાને જાતજાતના કપડા શીવડાવે ને ઘરેણા પહેરાવે. તેને જૂદી જૂદી રીતે શણગારે ને વહાલથી તેની તરફ જોયા જ કરે.

હું મારી બારી પાસે બેઠો બેઠો જોતો હતો. આજે કુમુદબેને લીલાને કેવી રીતે શણગારી હશે તે જોવા હુ પણ ઉત્સુક હતો. કલાક થયો, દોઢ થયો. આખરે લીલા રૂમઝુમ કરતી બારીમા દેખાઇ. માથે ફુલોનો ટોપ હતો. બેણી આખી ફુલોથી ભરેલી હતી. ઘરેણા પણ ખૂબ દેખાતા હતા કેડે કમરપટ્ટો ને હાથમા બાજુ, બગડી, વીટી ને જાતજાતનાં ઘરેણા હતા. કુમુદબેનની નજરે તે બહુ જ રૂપાળી લાગતી હતી પણ મારી નજરે તે હમેશ કરતાં ઓછી રૂપાળી લાગી. કારણ તેના ચેહેરા પર પોતાની કૃત્રિમ શોભાનુ ભાન દેખાતુ હતુ. પોતે આજે બીજાનુ ધ્યાન ખેચી શકે છે, જે આવે તે તેની તરફ જ જુવે છે ને તેને વખાણે છે એમ તેને લાગતુ હતું. તે તેના ચેહેરા પર સ્પષ્ટ દેખાતુ હતું. તેના હાવભાવ, બોલવુ ચાલવુ બધામા કૃત્રિમતા અને જાત વિષેનું અભિમાન દેખાતુ તેથી મારી નજરે તેનુ સૌદર્ય ૫૦ ટકા તો ઘટી જ ગયું. કુમુદબેનની શણગારવાની કલાત્મક શક્તિના મનમા વખાણ કર્યા વગર ન રહેવાયુ, છતાં લીલાનુ રૂપ ઘટી ગએલુ

એ મારા જીવનનુ એક આરામસ્થાન હતું. મારા કામકાજનો થાક ને જીવનની અનેક ચિંતાઓથી ગમે તેટલો વ્યગ્ર થઇ જાઉ તો પણ મારી બારીમા ઉભો રહુ અને સામી બોશરીમા લીલાની નિર્વ્યાજ લીલા જોઉ, મધુર બોલ કાને સાભળુ એટલે આરામ પામી હુ તાજગી મેળવી લેતો. આજે તો લીલાને જોઇ હુ ખૂબ ખુશ થવા ધારતો હતો અને ઘણા વખતથી મનમાં ઉતાવળો થતો હતો. પણ... લીલીએ મને નિરાશ કર્યો? ના. લીલાની બાએ મને નિરાશ કર્યો!

ખિન્ન આંખે જોઇ રહ્યો હતો એટલામાં અનપેક્ષિત રીતે હુ સંતોષાયો. લીલા મોટી ગંભીર થઇ ડાહ્યા માણસની જેમ વર્તવાનો પ્રયત્ન કરતી ખુરસીપર બેઠી હતી ત્યાં બહાર વાદળા જામ્યા ને ઘડીકમા ટપટપ ટપટપ છાટા આવવા લાગ્યા લીલાના કાન ચમક્યા. આખ ચળકી. શરીરમા ચેતન આવ્યુ. તે ઝટ ઉઠી. જાતનુ ભાન ભૂલી ગઇ દોડતી બહાર આવી એટલામા છાટા વધ્યા, ને વરસાદ શરૂ થયો લીલાએ નિશ્ચય કરી લીધો. દોડીને બા પાસે ગઇ. "બા હુ ન્હાવા જાઉ છુ." એમ કહી એક હાથે કપડા ખેચી કાઢયા. બીજે હાથે ફૂલો બુચો બહાર ફેંગાવી દીધા, ઘરેણા બરેણા ઉડાવી દીધા ને કુદરતે બક્ષેલા સુદર ગોરી ચામડીવાળા શણગારમાં કૂદતી કૂદતી આગણામા આવી વરસાદમા મોર નાચે તેમ નાચ નાચ નાચી; હસ હસ હસી;

બાજુએ નમી શકે અને અનેક ચાલો ચાલી શકે. સમતોલતાની પ્રાપ્તિ, અક્કરી હીલચાલો માટે આવશ્યક તૈયારી છે. જેમ શરીર પરત્વે આ સત્ય છે તેમ મન પરત્વે પણ આજ સત્ય છે. જે બાળક સ્વયસ્ફૂરિત પ્રવૃત્તિ કરતા તંદુરસ્ત માનસિક સમતોલતા પ્રાપ્ત કરી શકે તે જ પોતાનુ વ્યક્તિત્વ ગુમાવ્યા વગર અનુકૂળ થતાં શીખશે. શું રોગ અને માંદગી દ્વારા આપણે આપણી જાતને બળવાન કરીએ છીએ ? શુ મહાન પુરુષો અથવા બહાદુર વીરો પોતાના કાર્ય માટે બાળપણમાથી જ ક્રમશઃ તૈયાર થએલા છે ? ના. તેઓના બાલ્યકાળમા તેઓનુ ભવિષ્ય અજાણ્યું છૂપાએલુ હતુ. બાળકમા જે કાઇ તૈયાર થવુ જોઇએ તે બળ, સમતોલતા અને તંદુરસ્તી છે. જે બાળકોએ જાતે વ્યાપાર વ્યાયામ કરીને યા પ્રવૃત્તિ દ્વારા અંદરનુ બળ મેળવ્યું છે તે માણસ તરીકે વધારે શક્તિમાન નીકળશે. તેને નહિ ગમતા એવા કામે તેને વળગાડીને આપણે તેને બળવાન કરી શકીશું નહિ.

વધારામા આ સહુથી મહત્ત્વની વાત છે કે બાળકો તે માર્ગની શોધ કરવાને વધારે શક્તિમાન થશે, જે માર્ગ મનોનુકૂળ અને મનપસંદ પ્રવૃત્તિ તરફ લઇ જાય છે. જે પ્રવૃત્તિનુ બીજું નામ નિરામય અને ઉદાત્ત એવી પૂર્ણતા છે, આત્માનુ સમૃદ્ધ જીવન છે. આ બાળકનો મુક્ત પ્રાણ વિજેતા જેમ પ્રગટ થશે ત્યારે સારો સમાજ જન્મશે. જ્યારે આપણે આધુનિક સમાજની નિર્બળતાઓનો વિચાર કરીએ છીએ ત્યારે આપણે ગમગીન અને હતાશ બનીએ છીએ. કારણ કે બાળકની આજની કેળવણી નિરુપયોગી એવી નિષ્ક્રિયતાની છે અને એમાથી ઉભો થયેલ મનુષ્ય ક્ષુલ્લક અને નિરર્થક બલિદાનોમા પોતાનુ બળ વેડફી નાખે છે.

અનુવાદકઃ ગિજુભાઇ

જોઇએ છે : સેવાભાવી શિક્ષકો

શ્રી કચ્છ લોહાણા કેળવણીખાતાની કચ્છના ગામડાંઓમા આવેલી પ્રાથમિકશાળાઓ માટે ચારિત્રવાન અને સેવાભાવી શિક્ષકો જોઇએ છે. વેતન યોગ્યતા મુજબ. ગામડામા દટાઇ ગ્રામજનતાની કેળવણીદ્વારા સેવા કરવાની ભાવનાવાળાઓએ જ ફરમ મળવુ અથવા અરજી કરવી. લખો—સુપરિન્ટેન્ડન્ટ, શ્રી કચ્છ લોહાણા કેળવણીખાતુ. ભુજ (કચ્છ).

અક્ષરશાળાના સંચાલકોને

સૌ પોતપોતાના માસિક અહેવાલો વહેલી તકે મોકલી આપશો.
અક્ષરશાળાઓ માટે બની શકે તેટલી મદદ મોકલવા ચૂકશો નહિ.
અક્ષરજ્ઞાન કાર્યાલયઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

મોન્ટીસોરી પદ્ધતિ : બીજી આવૃત્તિ : બહાર પડી ચૂકી છે. કીં. ૨-૦-૦

ને મધુર સ્વરમાં ગાવા લાગી: " આવ રે વરસાદ વેવરીઆ પરસાદ. "

દૂર્ય જોઇ મારી આંખ ઠરી. મારૂં હૈયું હર્ષથી પ્રફુલ્લ થયું. મારી પહેલાની ખિન્નતા ક્યાંયે ચાલી ગઇ. મારી અસંલ લીલા, મારૂં કુદરતનું ફૂલ મને પાછું મળ્યું ! હું હર્ષભેર જોતો હતો ત્યાં મારી નજર, સામે કુમુદબેન તરફ ગઇ. હું ચમક્યો. શું કૃત્રિમતાના ઉપાસક બની કુમુદબેને કુદરતી સૌંદર્ય જોવાની દૃષ્ટિ જ ગુમાવી ? તો તો માતા તરીકે જોઇને આંખ ઠારવાનો મોટો બ્રહ્મનો તેમણે ગુમાવ્યો ! તો તો તેમણે બધું જ ગુમાવ્યું ! સાચું છોડી નકલી વસ્તુની પાછળ પડ્યાં. હીરો ગુમાવ્યો ને કાચને વળગી પડ્યાં ! હાય ! દુર્ભાગી તે માતા ને દુર્ભાગી તે બાલક !!

બાલજીવનની કરુણતા

બે ચાર મિત્ર કુટુંબો ભેગાં થયાં હતાં. સૌનાં છોકરાં છૈયાં પણ ભેગાં હતાં. એક બીજાંની પૂછપરછ થઇ. વાત થઇ, ચીત થઇ. ત્યાં તુક્કો નીકળ્યો. એક મોટી ઉંમરના ભાઇએ આવેલાં બાળકોમાંથી એકને પૂછ્યું: " કેમ ગાતાં આવડે છે કે ? " બાળકે નમ્રતાથી કહ્યું: " આવડે છે થોડું થોડું. " " ગા ત્યારે એક ગાયન; સંભળાવ સૌને. " બસ વાત આગળ ચાલી. એક બાળકને આજ્ઞા થઇ, બીજાને થઇ, ત્રીજાને થઇ. તેમાંથી કોઇને ઇચ્છા હતી, કોઇને ન હતી. કોઇને આવડતું હતું; કોઇને આપણને નથી આવડતું એમ લાગતું હતું. કોઇને 'પોતાની ફજેતી થાય તો!' એવી બીક લાગવા લાગી; તો કોઇને આપણું ગાયન કોઇને નહિ ગમે એવી બીક લાગવા લાગી. તેથી કેટલાંએકે ઝટ ગાઇ લીધું ને કેટલાંએક: " નથી ગાવું " કરીને બેઠાં.

તે બાળકો જેમ 'ના' પાડવા લાગ્યાં તેમ ગવરાવનારાંની ઉત્સુકતા વધી. " બસ એક ગાયન તો બોલવું જ જોઇએ " એમ તેમનો આગ્રહ વધવા લાગ્યો ને બાળકોની ગાવાની નામરજી વધવા લાગી. મેહેમાનોનો આગ્રહ વધ્યો છતાં બાળકો 'ના' જ પાડી બેઠાં એટલે બાળકોનાં માબાપોને ખોટું લાગવા માંડ્યું. જાણે પોતાની જ ફજેતી થાય છે એવું તેમને થવા લાગ્યું. બીજાં બાળકોને આવડે ને આપણાં બાળકોએ ચાર આણવે વચ્ચે કશું નથી આવડતું એમ બતાવ્યું તેમ તેમને ઓછું આવ્યું. મહેમાનો માત્ર આગ્રહ કરતા હતા તે જગ્યાએ તેઓ અધિકાર કુ ધાક બતાવવા લાગ્યાં. બાળકોનાં મોઢાં ગભરાટથી ફિક્કાં પડી ગયાં. આંખોમાં આંસુ ચળકવા લાગ્યાં. હાથપગ ઠંડા પડ્યા. છતાં બાપુજી અધિકારયુક્ત વાણીથી ગાજી ઉઠ્યા: " કેમ વિશુ, કેમ બોલતો નથી ? શાળામાં રોજ સંગીતમાં શું શીખે છે ? " બીજી બાજુથી મારે આંખ બતાવી; મોઢું બગાડ્યું. મેહેમાનો આતુર થઇને બેઠેલાં. સાથેનાં બાળકો પણ અધીરાં ગભરાએલાં હવે શું થાય છે તેની ઉત્સુકતામાં દબાઇને બેઠેલાં. બિચારાં બાળકો ! ગાવા માટે મોઢું ઉઘાડવાનો પ્રયત્ન કરે પણ ગળામાંથી અવાજ નીકળે જ નહિ. શરીર આખું પરસેવાથી

રેઅઝેમ થઇ ગએલું. ડોકથી 'ના' પડાઇ ગઇ. ત્યાં ઉંચે જોયું. બાપુનો કડક ચેહેરો દેખાયો એટલે ભાઇએ તો બધી શકિત એકઠી કરી ધ્રૂજતે અવાજે એક ગાયન ગાઇ નાખ્યું ને બેને રડીને તેમાં સૂર પૂર્યો. બધાંએ ભાઇની પીઠ થાબડી. બાએ અંદર જઇ બેનને ઠપકો આપ્યો કે: "તારે લીધે અમને શરમાવું પડયું. સૌનાં છોકરાંઓએ ગાયું ને તેં અમારું માન્યું નહિ. તને કાંઇ આવડતું જ નથી એમ દેખાડયું. તારા શિક્ષણ ઉપર આટલા પૈસા ખરચ્યા તે શા કામના?"

બાલજીવનનું આ એક કરુણદૃશ્ય નહિ શું?

ચિંતાનું વાતાવરણ

તરંગિની એક શ્રીમંત શેઠીઆની છોકરી. ચાર ભાઇઓ વચ્ચે એક જ બહેન, એટલે સૌની લાડકી. એની તબિયતને સૌ સાચવે. એનું જરા માથું દુઃખે તો ડાકટરને તેડવા મોટર ગઇ જ છે. થોડી વારમાં ઉતરે નહિ તો ન્સલ્ટેશન માટે મોટા ડાકટરને તેડું ગયું જ છે. બેને ત્યાંથી રોજ ડાકટર તરફ એક યાદી જતી બેનથી ઢોકળાં ખવાય કે નહિ? તેને દાડમ પાય કે નહિ ને અપાય તો કેટલા પ્રમાણમાં? ને કેરીનું અથાણું અપાય કે માત્ર લીંબુનું જ? ણે ગઈ કાલે અરધી વાટકી જેટલો સાકર-ીનો પન્હો ખાધો છે તો કાંઇ વાંધો છે કે મ? તેને આજે ગુવારનું શાક ખાવાનું મન યું છે તો અપાય કે નહિ? આવું બધું ડાકટર-ને પૂછી પૂછીને જ કરવાનું ચાલે. ઉપરાંત કટરને પૂછ્યા વગરની પણ તેના પર ઘણી બંધી તી. તડકામાં નીકળાય નહિ. રાત્રે ઉજાગરો ાય નહિ. ગરમ કપડાં પહેર્યા વગર સવારે વા નીકળાય નહિ.

એ પણ બધું ઠીક. પણ આ બધા પરાંત તેને બધાંની ચિંતાયુક્ત નજર વચ્ચે વવું પડતું હતું. તેને ખાતાં ખાતાં હસવાથી ંતરાશ જાય તો ચારે કોરથી માણસો જોવા લાગે. કોઇ વાંસાપર હાથ ફેરવે; કોઇ પાણી લાવે; કોઇ પાસે ઉભા રહી ચિંતાયુક્ત મોઢું કરી જુવે. તેને જરા ઉધરસ આવે કે તેની બા, કાકી વગેરે બધાં તેની તરફ જોયા જ કરે. નોકર દોડીને લવિંગ લાવે. રસોયો ઝટ ચા બનાવી લાવે. પાડોશી તરત પૂછવા આવે: "કેમ ઉધ-રસ મટી કે?" બા જરા ઉદાસ ચેહેરો કરીને જવાબ આપે. "હા, જરા ઠીક છે. બિચારીની તબિયત જ કયાં સુધરે છે? કાલે વહુને પીયરથી બહુ તાણ થઇ એટલે જમવા મોકલી. જુઓને, જરા શેવ ખાધી ને અરધોએક લાડવો ખાધો હશે ત્યાં તો આજે ઉધરસ જ ઉપડી છે. કોણ જાણે કેવાય મારા નસીબ છે. બેનને સારું રહેતું જ નથી."

બન્ને જણાં ચિંતાયુક્ત મોઢું કરીને બેસે ને આમ રીતે તરંગિણીની તબિયતની કેટલીયે વાતો ચાલ્યા કરે. તરંગિણીને પથારીમાં સહેજે વધારે ઉધરસ આવે જ.

આમ લક્ષાધીશની દીકરી તરંગિણીની પાસે પૈસાથી મળી શકે એવાં તમામ સાધનો ઘડીના છઠ્ઠા ભાગમાં હાજરાહજુર. પણ તરંગિણીને કેમે સારું રહે નહિ. શરીર પ્રકૃતિ અત્યંત નાજુક. પવનનું લહેરખું આવે તો

તેને ઉધરસ થાય ને જરા લૂ વાય કે તેને ગરમીનો તાવ આવે.

તરંગિણી સાથે નિશાળમાં ભણતી તેની એક બેનપણી તેની પાસે ઘણીવાર આવે. કુસુમનું શરીર જોઇ તરંગિણીની માને હમેશ થતું કે આ કુસુમ જેવી મારી તરંગિણી થાય તો ? તરંગિણી પોતે પણ કુસુમને કહેતી કે "તું કેમ જાડી તગડી છો ને હું કેમ રોજ માંદી રહું છું ? મને તારા જેવી બનાવ."

એક વાર કુસુમ આવી હતી ને તેને જોઇ તરંગિણીની બા હમેશના ઉદ્‌ગાર કાઢતાં હતાં, એટલામાં તેમના કુટુંબના જૂના ડૉક્ટર આવ્યા. તેમણે આ ઉદ્‌ગાર સાંભળ્યા, એટલે તેઓ બોલી ઉઠ્યાઃ "લક્ષ્મીબેન, તમે કુસુમની અદેખાઈ શું કામ કરો છો ? તમારે કયાં તરૂને સાજી સારી જોવાની ઇચ્છા જ છે. તમારે તો તેને માંદી રાખવી છે એટલે તે માંદી રહે છે ! " લક્ષ્મીબેન બોલ્યાંઃ " અરરર ! આ શું બોલ્યા; અમે તરૂને માંદી જોવા માગીએ છીએ એમ કેમ બોલ્યા ? અમે તો તેને તંદુરસ્ત બનાવવા માટે પૈસાનું પાણી કરીએ છીએ. જુઓ, રોજ આપણા પોપટલાલ ડૉક્ટર સવારે તેને જોઇ જાય છે. અમસ્તી હું તો રાતદિવસ તેનું ધ્યાન રાખ્યા જ કરૂં છું ને નોકરચાકર સૌને તાકીદ છે કે બેનની વ્યવસ્થા બરાબર રાખવી; ને તમે આવું ઉંધું બોલો એ ઠીક ન કહેવાય."

ડૉક્ટર જુસ્સાથી બોલ્યાઃ "એટલે જ હું કહું છું તે સાચું ઠર્યું. તરૂને કાંઇ થતું નથી છતાં રોજ ડૉક્ટર શું કામ આવે છે અને તમે ચિંતા શું કામ રાખો છો ? તેને શું રોગ છે હું કહું ? તેને રોગ છે તમે સૌ એની જે ચિંતા કરો છો તેનો. કુસુમને પૂછો તેને કોઇ આખા, આ બાદશ નહિ, અહીં જ, ત્યાં જઇશ નહિ. ઠંડી લાગી, ગરમી લાગી, સીતાફળ નડ્યું કે પોપૈયું નડ્યું એમ કયારેય કહે છે ? તે ખાય છે પીએ છે ને મજા કરે છે. તરૂને મોકલો મારે ત્યાં એક વર્ષ; ને જુઓ કુસુમ જેવી તંદુરસ્ત બને છે કે નહિ! આ તમારા જેવા શ્રીમંતો ને ભણેલા ગણેલાનાં છોકરાં થવું એ મોટું દુર્ભાગ્ય છે. તમે તમારી ચિંતા નીચે જ તેને દાબી નાખો છો. મારી સાથે જરા ગામમાં નીકળો. નહિ રહેવાનું ઠેકાણું કે નહિ પહેરવા ઓઢવાનું ઠેકાણું. પૂરતું પૌષ્ટિક અન્ન પણ નથી મળતું છતાં ગરીબનાં છોકરાં તમારી તરૂ કરતાં તંદુરસ્ત હોય છે. એક નહિ પણ એક હજાર છોકરાં બતાવું. અને તે બધાં તરૂ કરતાં વધારે તંદુરસ્ત. કારણ એક જ કે તમે તમારી ચિંતાથી જ તેને મારી નાખો છો. તમારાં દૂધ ઘીમાંથી ને મોંઘાં ફળોમાંથી એ પોષણ લે કયાંથી ? આ ચિંતાના વાતાવરણમાં મારા જેવો સાજો માણસ પણ માંદો પડે તો તરૂ કયાંથી સાજી થાય ? તમે પૈસાદાર લોકો એક પૈસા ખરચતાં શીખ્યા. પણ આનંદી, પ્રસન્ન,નિશ્ચિંત અને બેફિકર વાતાવરણની કિંમત નથી જાણતા. તરૂને હું લઇ જાઉં છું; ને જુઓ છ મહિનામાં તે કેવી થઇને આવે છે !"

લક્ષ્મીબેનને ડૉક્ટરનાં વેણ સાચાં લાગ્યાં ને તેઓ પોતાની ભૂલ સમજતાં થયાં. તે દિવસથી તરંગિણીનું શરીર પણ સારૂં થવા માંડ્યું ને તેની વૃત્તિ પણ પ્રસન્ન રહેવા લાગી.

તા.

ચર્ચાપત્ર

(૧)

એક ભાઇ પૂછે છેઃ

"મને વારંવાર લાગ્યા જ કરે છે કે તમે નાનાં બાળકોની બોર્ડિંગ ન રાખો ત્યાં સુધી તમારું કામ અધૂરું જ ગણાય. તમારો પ્રયોગ પણ અધૂરો ગણાય ને આ કામ દ્વારા તમે જે સમાજ સેવા કરવા ધારતા હો તો તે પણ અધૂરી ગણાય. આખો વખત બાળકો તમારી નજર તળે ન રહે, તમારા સહવાસમાં ન હોય, તમારા સંસ્કારો તેમના ઉપર ન પડે ત્યાં સુધી તમારા આ ચાર કલાક ચાલતા બાલમંદિરની કશી અસર થવાની નથી. માટે તમને એમ નથી લાગતું કે તમારે પહેલી તકે મોન્ટીસોરી બાલગૃહ કાઢવું જોઇએ ?

જવાબ—આ પ્રશ્ન અમારી આગળ પહેલવહેલો જ આવેલો નથી. ઘણા લોકોએ જૂદી જૂદી દૃષ્ટિએ એ સવાલ અમને કરેલો અને ઘણાંઓએ તો સવાલનું રૂપ છોડી દઈ સૂચના સલાહ અને વિનંતિના રૂપમાં પણ કહેલુંઃ 'તમે બાળકોનું છાત્રાલય કાઢો એટલે ઉત્તમ કામ થશે.'

એવા પ્રશ્નોના અમે મોઢેથી કે કાગળ દ્વારા જવાબ આપીને પતાવી દીધું છે. આજ સુધી તેને ચર્ચાપત્રમાં સ્થાન આપ્યું નથી. કારણ તેની પાછળ જુદો મુદ્દો હતો અને પ્રસ્તુત પ્રશ્નકારે જુદો મુદ્દો ઉભો કર્યો છે. પોતાનાં બાળકો પોતે સાચવી શકે નહિ, અથવા કોઇ બીજાં બોર્ડિંગમાં રાખી લે તો પોતાની ઉપાધિ ઓછી થાય અથવા પોતાની સગવડ સચવાય, માટે છાત્રાલય કાઢવા કહેનારની સ્વાર્થબુદ્ધિને અમે ચર્ચવાના પ્રશ્ન તરીકે ગણી ન હતી. તેવાં માબાપોને ઘૃણાપાત્ર ગણી તેમની જવાબદારીનું ભાન કરાવવાનો પ્રયત્ન કરી ત્યાં જ તેનો અંત આણવો અમને યોગ્ય લાગેલો.

બીજાં કેટલાંએક, અમારા તરફ માનની લાગણી ધરાવી, પોતા કરતાં અમે તેમના બાળકોનું વધારે હિત કરશું એવી ભાવનાથી કહેતાં હતાં. તેમની આ દૃષ્ટિ બરાબર નથી એમ સમજાવી તેમના પ્રશ્નનો નિકાલ આણ્યો.

પરંતુ પ્રસ્તુત પ્રશ્નકારે તે પ્રશ્નને જરા જુદું રૂપ આપ્યું છે. શાસ્ત્રીય દૃષ્ટિએ પ્રશ્ન ઉભો કર્યો છે. માટે તેનો જવાબ અહીં સવિસ્તર દઇએ છીએ. જે બીજા બધાને પણ સંતોષશે.

અમારા તરફ માન ધરાવતા હોઇ કહે, કે પોતાની સગવડ સચવાવાની દૃષ્ટિએ કહે, કે અમારો પ્રયોગ અધૂરો રહે એ બીકે કહે, તે બધાંને અમારો એક જવાબ જ છે કે અમે બાળ છાત્રાલયમાં માનતા નથી ને માટે અમે તે રાખતાં નથી. કારણ અમે એમ માનીએ છીએ કે બાલ્યાવસ્થામાં બાળકને તંદુરસ્ત ઉછેર માટેની પ્રથમ જરૂરીઆત માબાપના પ્રેમછત્રની છે. તે અમે પૂરું નહિ જ પાડી શકીએ. આપણામાં કહેવત છે કે માતા લૂખો હાથ વાંસા ઉપર ફેરવે તો પણ શેર લોહી ચડે છે; તે વાત તદ્દન સાચી છે. ગમે તેટલો પુષ્ટિકર, દૂધ માખણ કે ફળોનો ખોરાક અમે આપીએ, યોગ્ય અને નિયમબદ્ધ તેમનું જીવન બનાવીએ, રમત ગમત ને આનંદ ઉલ્લાસનાં સાધનો પૂરાં પાડીએ

તો પણ તે બાળકને તેના માબાપના હૃદયમાંથી કુદરતી પ્રેમનું જે સતત જીવંત ઝરણું વહે છે તેનો સ્વાદ અમે નહિ જ આપી શકીએ. ટૂંકમાં કહીએ તો વ્યવસ્થા કે નિયમનનું શરીર ઉભું કરી શકીએ; પરંતુ તેમાં પ્રાણ ફૂંકી શકીએ નહિ. એનું કારણ એટલું જ કે માનવ-હૃદયના કુદરતી બંધારણની બહારનાં અમે નથી. માણસ ગમે તેટલો બાળપ્રેમી હોવાનો દાવો કરતો હોય તો પણ તેણે કબુલ કરવું જ પડે કે પોતાના બાળક પ્રત્યે તેની માના કે બાપના હૃદયમાં જે પ્રેમઉર્મિઓ ઉત્પન્ન થાય છે તે તેનામાં નથી જ હોતી. અને નાની ઉંમરનાં બાળકોને જેમ ધાવણની જરૂર હોય છે તેમ માના પ્રેમની પણ હોય છે. જેમ માતા પાસેથી તે આસ્તે આસ્તે છૂટું થાય છે તેમ કુટુંબના પ્રેમ-પૂર્ણ વાતાવરણથી પણ તે આસ્તે આસ્તે છૂટું થાય તે જ યોગ્ય ગણાય. ડૉ. મોન્ટીસોરી પોતાની ચોપડીમાં લખે છે કે બાલમંદિર જેવી શાળા પણ જે લત્તામાં શાળામાં આવતાં બાળકો રહેતાં હોય ત્યાં જ જોઇએ. એટલે બાળકને ઘરથી એકદમ છૂટું ન પાડવું પડે પણ આસ્તે આસ્તે દૂધ પરથી જેમ તે ખોરાક ઉપર આવે છે તેમ ઘરથી છૂટું પડી શાળામાં જતું થાય. જો ચાર કલાક શાળામાં જવા પરત્વે પણ બાળકના નાજુક મનને એટલું સંભાળવાની જરૂર છે તો ઘરથી તદ્દન લઇને છાત્રાલયમાં મૂકતાં પહેલાં તો વધારે જ સાચવવાની જરૂર છે. મારા મત પ્રમાણે ઘરનું પ્રેમાળ અને રક્ષણપૂર્ણ વાતાવરણ નાની ઉંમરે એટલે ૧૦–૧૨ વર્ષ સુધી બાળવિકાસ માટે જરૂરનું છે. ને પછી બાળક તે સુરક્ષિત ને બધી સગ-વડ સચવાતા વાતાવરણમાંથી નીકળી પોતાના પગ પર ઉભું રહેતાં શીખે માટે મોટા કુટુંબ જેવી છાત્રાલય સંસ્થાની પણ જરૂર છે. માટે બાલમંદિરના બાળકો માટે અમે બોર્ડિંગનો વિચાર કરતાં નથી. તેથી પ્રયોગ અધૂરો રહેતો નથી પણ ઉલટું પ્રયોગની આ એક શરત જ હોય.

બાળકો જુદાં જુદાં ઘરોમાં રહે તેથી જુદી જુદી રીતે ઉછેરાય છે, ઘરના વાતાવર-ણની ખામી તેમને સહન કરવી પડે છે, તેથી બાલમંદિરના જીવનની અસર ઓછી થાય છે એ વાત તદ્દન સાચી છે. પણ તેનો ઉપાય ઘરમાંથી બાળકને ઉપાડી લેવાનો નથી પણ ઘરો સુધારવાનો છે. માબાપોને અંધકારમાં રહેવા દઇ તેમનું બધું જ કામ અમારે ઉપાડી લેવું યોગ્ય નથી પણ તેમને પોતાના બાળકોને ઉછેરવા બાબત શીખામણો દેવી કે સમજાવવાં એ છે. ને એક રીતે આજ કારણે મોન્ટીસોરી સંઘનો જન્મ છે ને આ શિક્ષણ પત્રિકાનો જન્મ પણ આ જ વિચારને આભારી છે. તં.

:૨:

એક બીજા ભાઈ પૂછે છે:

"મેં તમારા સાહિત્યનો પૂર્ણ અભ્યાસ કર્યો છે એમ નથી. છતાં જે થોડું ઘણું જાણું છું તે ઉપરથી મને તેના મૂળ વિચારમાં એક દોષ લાગે છે. હું ધારું છું કે તમારી શાળામાં એમ છે કે બાળકોને જે ગમે તે જ તેમને કરવા દેવાય છે ને જે તેમને નથી ગમતું તે તેઓ ન કરે તેની છૂટ હોય છે. એટલે બાળ-કોને જે સહેલું લાગે તેટલું તે કરે છે અને અઘરું લાગે તે તેઓ છોડી દે છે એમ એનો અર્થ નથી શું? એમ જ હોય તો મને લાગે

છે કે તે ભૂલ ભર્યું છે. અઘરૂં લાગતું હોય તે કરવાથી જ બુદ્ધિ વિકસે છે. સહેલું સહેલું કરીને બેસી રહેવાથી બુદ્ધિ આળસુ બને છે. તો આ બાબતમાં તમારા વિચારો જણાવવા કૃપા કરશો."

આમાં એક નાનો એવો વિચાર દોષ છે. માણસને જે ગમે તે હમેશ સહેલું જ હોય છે ને ન ગમે તે અઘરૂં જ હોય છે એવું હોતું નથી. મોટે ભાગે એથી ઉલટું જ હોય છે. પોતાનો ગમતો વિષય ગમે તેટલો અઘરો હોય, તેમાં ગમે તેટલી મહેનત લેવી પડતી હોય તો પણ તે માણસ કરે છે ને ન ગમતો વિષય સહેલો હોય તો પણ તે કરવાનું મન થતું નથી. ઉપલા પ્રશ્નની એક વાત સાથે અમે મળતાં છીએ ને તે વાત મોન્ટીસોરી શિક્ષકોએ ખાસ અવલોકવાની હોય છે. તે એ કે ગમતા વિષયમાં પણ બાળક આગળ ને આગળ જાય છે કે નહિ. વધારે ઉંડો ને ઉંડો ઉતરે છે કે નહિ એટલે કોઇ પણ વસ્તુ ઉપર એકાગ્ર થવું, તેની અંદર જ તલ્લીન થઇને ખૂબ લાંબો વખત તેમાં કામ કર્યા કરવું, તે વિષયમાં વધારે અઘરો અઘરો ભાગ હસ્તગત કરતા જવું, તેમાં આગળ વધવામાં વચ્ચે નડતી મુશ્કેલીઓને ઓળંગવા તૈયાર રહેવું, ને તે દ્વારા વિચારશક્તિને કસવી વગેરે જો થતું હોય તો બાળક પોતાને ગમતા વિષયમાં છે માટે આ બધું નકામું ન ગણાય. ઉલટું ગમતા વિષયમાં જ બાળક પોતાની શક્તિઓને સારી રીતે કસી શકે છે ને ન ગમતા વિષયમાં વધારે મહેનત પડ્યા છતાં તે કશું જ મેળવતું નથી. તેમાં તે નથી એકાગ્ર થઇ શકતું, નથી તેમાં નવું નવું જાણવાનું તેને મન થતું, ને વચ્ચે નડતી મુશ્કેલીઓ અણગમાને લીધે વધારે પડતી મોટી લાગ્યા કરે છે. જ્યારે ગમતા વિષયમાં મુશ્કેલી પણ ગમે છે. જેને ગણિત પ્રિય છે, તેને તદ્દન સાદો દાખલો લખાવીએ તો ગમતું નથી. ખૂબ અટપટો, બુદ્ધિને કસે તેવો દાખલો ગમે છે. ચિત્રના શોખીન એવા બાળકને સાવ સાદું ચિત્ર કાઢવું ગમતું નથી પણ જટિલ ઘટનાને રંગ પૂરવા વગેરેનું ખૂબ અઘરૂં કામ તે કર્યા કરે છે.

બાળકની શક્તિઓ વિકસે છે કે નહિ તે પ્રશ્ન ખરો મહત્ત્વનો છે. કયા વિષય દ્વારા તે વિકસે છે તે ગૌણ છે. શક્તિવિકાસની દૃષ્ટિએ જોઇએ તો અનુભવ એ છે કે બાળકો પોતાની પસંદગીના વિષય દ્વારા જ પોતાની શક્તિઓ ખૂબ ખીલવે છે. જ્યારે શાળામાં આપણે વિષયો ઉપર ભાર દેતા હોઇ, ન ગમતા ને ન આવડતા વિષયોની પાછળ બાળકોની શક્તિ નકામી ગુમાવીએ છીએ; અને તેને લીધે બાળકોનો બુદ્ધિવિકાસ જ અટકે છે.

તેમ જ જ્યાં વ્યક્તિ વિકાસને અવકાશ હોય અને જ્યાં જાતે પસંદગીને અવકાશ હોય ત્યાં બાળકોને આળસુ થવાની જરૂર જ હોતી નથી. સમૂહગત શિક્ષણમાં જ હુશિયાર વિદ્યાર્થીઓ મોટે ભાગે આળસુ રહે છે. કારણ તેમની શક્તિના પ્રમાણમાં તેમને કામ કરવાનું હોતું નથી; પરંતુ વર્ગના સામાન્ય ધોરણ પ્રમાણે પહેલા રહેવાનું હોય છે ને પસંદગીને અવકાશ ન હોવાથી કોઇ પણ વિષય પાછળ ગાંડા થઇ તેમાં પોતાથી બને તેટલું દોડ્યા જવાપણું હોતું નથી.

સાર એ કે ગમતો વિષય સહેલો લાગે એ

વાત જુદી છે; પણ તે સહેલો જ હોય છે એમ કહેવાને કારણ નથી. તેમ જ ન ગમતો વિષય અઘરો લાગે તે અઘરો હોય છે એમ નથી. સહેલા અધરૂં પણ સાપેક્ષ હોય છે. તેમ જ ન આવડતું શીખવું, ન જાણેલું જાણવું, નવા નવા પ્રદેશો સર કરવા એ જ બુદ્ધિવિકાસનું લક્ષણ છે. પછી તે કયા વિષય પરત્વે થાય છે તે ગૌણ હોય. એક વાર બુદ્ધિ વિકસ્યા પછી જે પ્રદેશમાં જરૂર હોય તે પ્રદેશમાં તે પોતાનો માર્ગ કાપી શકે છે. તા.

પુત્રવ્યવહારમાંથી

એક બેન જણાવે છે:

"મારાં બાળકોને ખૂબ તંદુરસ્ત જોવા હું ખૂબ ઇચ્છું છું ને રાત દિવસ તેની જ ચિંતામાં હોઉં છું એમ કહું તો ચાલે. મારાથી બનતું કરૂં છું છતાં હમેશ ઘરમાં માંદગી હોય છે. કોઇ વાર મોટાને ઉધરસ થાય. તેને ઠીક થાય ત્યાં નાનીને ઝાડા થાય. તેની દવા કરીએ ત્યાં મોટીબેનને તાવ આવે. હવે તો હું કાયર થઇ ગઇ છું. ઘડીકમાં આંખો આવે; તે ઠીક કરીએ ત્યાં બસ કાં ગુમડાં નીકળે. તાવ કે ઝાડા કે અપચો તો ચાલ્યા જ કરે છે. બાળઆરોગ્યની ચોપડી વાંચું છું. હમેશ ડૉક્ટરની સલાહ લઇને જ વર્તું છું. ને સંભાળ ને સારવાર તો ખૂબ રાખું છું છતાં આમ કેમ ચાલે છે તે હું સમજતી નથી. ખરચવામાં પણ હું કાંઇ બાકી રાખતી નથી. અમારી શક્તિ પ્રમાણે તેમને માટે બરચીએ છીએ પણ બરાં. ડૉક્ટર મોસંબીની ભલામણ કરે તો તે મંગાવું ને દૂધ ઉપર રાખવાનું કહે તો તેમ કરૂં. કૉડલિવર ઑઇલ ને એવી મોંઘી દવા પણ કરીએ છીએ છતાં અમને કેમ યશ નહિ મળતો હોય એમ મને થાય છે. અને અમારાથી અર્ધી શું પણ પા ભાગની પણ સંભાળ ન રાખવાવાળાનાં છોકરાં હું સરસ અને તંદુરસ્ત જોઉં છું. જોવા જઇએ તો તેઓ ગંદકીમાં રખડતાં હોય છે. નથી હોતો તેમના બાવાપીવામાં ઢંગધડો કે નથી હોતું તેમના પહેરવા ઓઢવાનું ઠેકાણું. છતાં તેઓ મજાનાં તગડાં હોય છે ને અમે આટલી સંભાળ ને ચિંતા રાખીએ છીએ છતાં અમને યશ આવતો નથી તેનું કારણ શું હશે? તમે કાંઇ રસ્તો સૂઝાડો તો ઉપકાર. ખરેખર હું મૂંઝાઇ ગઇ છું."

બાળકોનો જેમને અનુભવ છે તેઓ ઉપરનો કાગળ લખનારની મૂંઝવણ સમજી શકે. ખરેખર ઘણી વાર આ બેન લખે છે એવી જ સ્થિતિ બની જાય છે. જાણતાં ને સાચવતાં માબાપો કરતાં કાંઇ પણ ધ્યાન ન રાખનાર માબાપો બાળકોની તંદુરસ્તીની બાબતમાં વધારે ભાગ્યશાળી માલુમ પડે છે. ને બહુ ધ્યાન રાખનારનો અનુભવ બેન વર્ણવે છે તેવો ઘણી વાર દેખાઇ આવે છે. બેનનું ઘર ને પરિસ્થિતિ વગેરે બધું જોયા વગર આ કાગળ ઉપરથી અમે દૂરથી બાસ સલાહ શું આપી શકીએ? બાળસંગોપન વિષે ચોપડી વાંચવાનું કે ડૉક્ટરની સલાહ લેવાનું તો બેન કરે જ છે. પણ આખો કાગળ વાંચતાં એક બે વાત સૂઝી છે તે તરફ બેનનું તથા માબાપોનું ધ્યાન બેંચે તો અયોગ્ય નહિ ગણાય.

ઉપલા કાગળમાં "સંભાળ ને ચિંતા" ઉપર બહુ ભાર જેવામાં આવે છે. ઘણી વાર બહુ સંભાળ ને બહુ ચિંતાનું વાતાવરણ બાળકોની આસપાસ એટલું બધું ઉભું થાય છે કે તેથી જ બાળકો મજબૂત થવાને બદલે નાજુક થાય છે. બીજું આપણે બાવામાં ને પીવામાં પહેરવામાં ને ઓઢવામાં બહુ ધ્યાન રાખ્યા કરીએ છીએ તેથી પણ બાળકો વધારે પડતાં નાજુક બને છે. જેમકે જરા ટાઢ પડે કે ગરમ પહેરાવીએ; જરા છીંક બાય કે તરત કાંઇ દવા પાઇએ; એવું ન કરવું જોઇએ. સાવ સંભાળ વગર રખડે છતાં મજબૂત એવાં જે બાળકો આપણને દેખાય છે તેનું કારણ એ છે. કે તેમને આવી રીતે કોઇ વધારે પડતું નાજુક બનાવતું નથી. હવાનાં ફેરફારો કે શરીરના થોડા ઘણા રોગો સામે થવાની શરીરમાં ને ચામડીમાં રહેલી તેમની કુદરતી શક્તિ બીલે છે. જ્યારે સંભાળ રાખવાવાળાં, શરીરને તેમ ટેવાઇ જવાનો અવકાશ જ આપતા નથી. વરસાદના છાંટા આવે કે જરા હવા ઠંડી થાય ત્યારે 'ગરમ પહેરો;' 'આ બાઓ;' 'આ ન બાઓ' એવું એવું કરવાથી જ બાળકોની કુદરતી શક્તિઓ નબળી પડે છે. બાળકો કુદરતને સમજતાં કરી શકીએ તો કયારે બાવું, કયારે ભૂખ્યા જ સૂઇ જવું, કયારે ટાઢ તડકામાં ફર્યા કરવું, કયારે પાછા ફરવું વગેરે તેમને કુદરતી રીતે બબર પડવા લાગે છે. આપણા (મોટાંઓ) કરતાં પણ તેમને વધારે બબર પડે છે કહીએ તો ચાલે. અમારા બાલમંદિરનો હમેશનો અનુભવ છે કે સહન ન થાય એવો તડકો બહાર પડે કે બાળકો બોલાવ્યા વગર ઓરડામાં આવી જાય છે ને ત્યાં જ રહે છે. બહાર વાદળાં થાય ને હવા ખુશનુમા હોય ત્યારે બાળકો બહાર નીકળી જ પડેલાં માલુમ પડે છે. તાવ બાવ આવે તો બાળકો મોટે ભાગે ભૂખ્યાં જ રહેવા માગે છે. જ્યારે આપણે જ તેમને 'આ બા;' 'તે બા;' 'જરા કાંજી લે નહિ તો ચા લે;' કરીને હેરાન કરીએ છીએ. એટલે આપણી સારવાર ને સંભાળથી આપણે બાળકોને અકુદરતી ને વધારે પડતાં નાજુક બનાવી દઇએ છીએ કે કેમ તેનું ધ્યાન રાખવું જોઇએ. બાળકો ચીભડાં, કાકડી, મૂળા, ગાજર કે શકરીયું જે આવે તે કાચું બાવા દોડે છે ત્યારે બાસ સંભાળ રાખવાવાળાંઓ 'તે નહિ પચે' 'પેટમાં દૂબશે' 'ઝાડા થશે' એમ કહી કહીને તેને બોરાકમાંથી જોઇતાં તત્ત્વોથી વંચિત રાખે છે. તે ભૂલ બાસ સંભાળ ન રાખવાવાળાં સામાન્ય માબાપો કરતાં નથી. એટલે બાળકોની બાસ સંભાળ રાખવામાં આપણે આ સંભાળ બાસ રાખવી જોઇએ કે બાળકોને કુદરતી તત્ત્વોથી દૂર ન રાખીએ.

બીજું બાસ સંભાળ એટલ બાસ ધ્યાન આપવાથી, બાળકો પણ પોતાના જ શરીરની ફિકર કર્યા કરે. અથવા એટલું તો માને કે બીજાં બાળકો જેવાં આપણે નથી; પણ આપણી વિશેષ સંભાળ લેવાય છે. આ ભાન થવાથી બાળકો ઘણી વાર નાજુક પ્રકૃતિનાં થઇ જાય છે. માબાપો ઘણી વાર બૂમ સંભાળનું વાતાવરણ એટલે એક પ્રકારનું હિસ્ટેરિકલ–અસમતોલ, વધારે પડતું નાજુક–વાતાવરણ ઉભું કરે છે, ને તેથી બાળકો પણ તેવાં જ થઇ જાય છે. એટલે તેમને કાંઇ ને કાંઇ થયાં જ કરે છે. એટલે તદ્દન અસંભાળ ને બેદરકારી અને વધારે

પડતી સંભાળ એ બેની વચ્ચે કયાંક યોગ્ય સંભાળ ને યોગ્ય છૂટની લીંટી છે, તે શોધી ત્યાં માબાપોએ રહેવું જોઇએ.

આ બધાં કારણો ઉપરાંત બાળકો સાજાં ન રહેવાનું એક કારણ ઘરનું સામાન્ય વાતાવરણ હોય છે. જે કદાચ તમારે ત્યાં નહિ હોય. કજીઆ કંકાસ, ચીડિયાપણું, ક્રોધ, ઇર્ષા, વગેરેથી ઘણી વાર આપણાં ઘરો ભરપૂર હોય છે. મોટાં મોટાં શ્રીમંતોને ત્યાં મેં જોયું છે કે પૈસા પુષ્કળ ખર્ચાય છે. ડૉકટરના બાટલા હાજરાહજુર, બજારમાં પૈસાથી મળતી વસ્તુઓ હાજરાહજુર. પણ ઘરમાં પ્રસન્નતા, આનંદ કલ્લોલ, કે ઉલ્લાસનું નામનિશાન ન મળે. આવાં ઘરોમાં કૂલો પણ કરમાઇ જાય તો બાળકો કેમ ખીલે? ઇશ્વરે ઘણું આપ્યું હોય પણ તેમનાં દુર્ભાગ્યથી તેનો કોઇ ઉપભોગ જ ન કરી શકે એવી પરિસ્થિતિ જોવામાં આવે છે. ખાસ કરી ઘરની સ્ત્રીઓ–પ્રત્યક્ષ માતાઓ જ–આવું ભયંકર વાતાવરણ ઘરમાં ઉભું કરે છે. બાળકો ભોજન પાસે આવે તે માતાનું મુખ જોઇ તેમની ખાવાની ઇચ્છા જ મટી જાય છે. એકંદરે "ખાઓ, પીઓ, હરો, ફરો, મજા કરો." એવું વાતાવરણ બાળકો માટે હોવું જોઇએ તેને બદલે મોઢામાંથી કોળીયા પાછા ફરે એવું વાતાવરણ હોય છે. ત્યાં બાળકો હમેશ માંદા રહ્યાં કરે અથવા અશક્ત રહે તેમાં શી નવાઇ?

એટલે માબાપોએ બાળકોને પૂરતા ખોરાકની સાથે આનંદ, પ્રસન્નતા અને પ્રેમનું વાતાવરણ આપવું જોઇએ; કે જેમાં બાળકો તનમનથી તંદુરસ્ત થાય. બાળકોને ચિંતારહિત ને વધારે પડતી સંભાળ રહિત વાતાવરણ આપીએ, આનંદ કલ્લોલ કરવા દઇએ, આપણે તેમની સાથે આનંદમાં ભળીએ તો ચોમાસામાં ભીંડા વધે તેવા જોસથી બાળકો વધે છે. તેમની માંદગી લાંબો વખત ટકતી નથી. તેમનું લોહી તાજું હોઇ સાધારણ રોગોને તરત હઠાવી દે છે.

આ સામાન્ય વિવેચનમાંથી તમને કોઇ રસ્તો જડશે એવી આશા રાખું છું. તા.

મોન્ટીસોરી શિક્ષકો

જેઓને નવા તૈયાર થએલા મોન્ટીસોરી શિક્ષકોની જરૂર હોય તેઓ નીચેને સરનામે પત્રવ્યવહાર કરે. આ શિક્ષકો મોન્ટીસોરી શાળામાં, પ્રાથમિક શાળામાં અને બાનગી ઘરોમાં ઉપયોગી થઇ પડશે. પત્રવ્યવહાર વહેલી તકે કરવાની જરૂર છે. **ગિજુભાઇ : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર**

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી: ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ સાતમું
૧૯૮૮

અંક ૪-૫
જ્યેષ્ટ-આષાઢ

: તંત્રીઓ :
ગિજુભાઇ
તારાબેન

બીજાઓના દોષોને ન જોવાની શક્તિ ભાગ્યશાળીઓને હોય છે. બીજાના ગુણો જોઇને રાજી થનારા પોતાને સદૈવ સુખમાં રાખી શકે છે.

બીજાઓના દોષોને જોવા છતાં દરગુજર કરનારાઓ પણ નસીબદાર જ છે. તેઓ દરગુજર કરી પોતાને શુદ્ધ અને ઉન્નત રાખે છે. તેઓ પણ સુખી રહે છે.

પણ જેઓ બીજાના દોષોથી માત્ર પીડાયા જ કરે છે, બળ્યા કરે છે–તેઓ કમભાગી છે. તેઓ હાથે કરીને પોતાનામાં દાહ સળગાવે છે અને તેનો ભોગ થઇ પડે છે.

બાલ્યાવસ્થાની બીક

રિચર્ડ નામનો એક ચાર વર્ષનો છોકરો હતો. એક રાત્રિએ તેની રાડો સાંભળી તેનાં માતપિતા જાગી ગયાં. "બા, બા, બાપુજી જો પેલો છરો! ઓય વો...ય...જો, પેલો આવ્યો. એ...મને પકડશે, ઓ બા..."

તેની બા તેની પાસે દોડી ગઇ ને જોયું કે રિચર્ડ ખૂબ ગભરાએલો છે. તેની બાને પણ ઓળખતો નથી ને ડુસકાં ભરે છે. જરા વારમાં તે પોતાની મેળે શાંત થઇ ગાઢ નિદ્રામાં પડી ગયો. જાણે કશું બન્યું જ નથી. બાઇએ હમેશની જેમ તેને સરખો ઓઢાડ્યો ને મનમાં કહેવા લાગી: "કાંઇ ખરાબ સ્વપ્નું આવ્યું લાગે છે. કાં તો વધારે પડતો થાકી ગયો હશે સવારે ઠીક થઇ જશે."

એકાદ અઠવાડિયું ગયું ને રિચર્ડ ફરીથી ચીસ નાખીને જાગ્યો, ને હવે તો એ રોજનું જ થઇ ગયું. દિવસ શાંતિમાં પસાર કર્યો હોય, ભાઇબંધો સાથે નિરાંતમાં ગાળ્યો હોય તો પણ રાત્રે બ્હીને ચીસ નાખવાનું ચાલું જ રહ્યું.

થોડા દિવસ પછી તો આવું રાત્રિમાં વારંવાર બનવા લાગ્યું ને લાંબા વખત સુધી આવી ગભરાએલી સ્થિતિમાં તે રહેવા લાગ્યો. ત્રણેક અઠવાડિયામાં તો માબાપોને તેની પાસે વારા ફરતી જાગતા જ બેસવું પડે એટલું વધ્યું. તે ગભરાઇને ચીસ પાડે કે તેને પાસે લઇ શાંત પાડવાનું તેઓ કરતાં.

એક રાત્રિ તો બહુ જ ભયંકર ગઇ. રિચર્ડ બીકનો માર્યો જરાયે ઉંઘી જ ન શક્યો. તેનું વજન પણ દિવસે દિવસે ઘટતું હતું. અને તે બહુ જ નબળો—શરીરથી ને મનથી—બની ગયો. એટલે તેના માબાપ તેને આવા રોગોના ખાસ ડૉકટર પાસે લઇ ગયા. ડૉકટર પાસે ગયા ત્યારે તેની સ્થિતિ એવી હતી કે માના ખોળામાં પડ્યો પડ્યો જરા ઉંઘે તોયે વચમાં વચમાં ઝબકીને જાગી ઉઠે ને રાડ પાડે: "ઓ પેલી આવે છે. જો પેલી આવે છે. એ મને મારશે." અથવા કોઇ વાર તે મોટા કાળીઆ કૂતરાના નામથી બૂમો પાડતો. "એ...કાળીઓ આવ્યો. એ...મને કરડ્યો." વગેરે. કોઇ કોઇ વાર તેની બીક તેથીયે આગળ વધતી. તે પોતાના હાથથી જ બીતો ને ચીસો પાડતો: "અરે મારા હાથ! તે મને મારે છે. એ કોઇ આવો ને! મારા હાથ! જુઓ જુઓ, મારો હાથ." આ જાતની ચીસો પાડતો પાડતો તે જાગે ને મા કે બાપને પણ ઘડીક વાર તો ઓળખે નહિ. વળી જરા વાર તેમની સામે જોયા કરે. ને પછી જાણે તેમને ઓળખીને આંખ મીંચીને સૂઇ જતો.

રિચર્ડને થોડા દિવસ ડૉકટર પાસે હોસ્પિટલમાં જ રાખવામાં આવ્યો. ડૉકટરે ધીમે ધીમે તેની ભાઇબંધી કરી લીધી અને તેનો વિશ્વાસ મેળવ્યો ને આખરે તેની સાથે તે છૂટથી વાતો કરવા લાગ્યો. વાતવાતમાં તે ડૉકટરને પોતાના સ્વપ્નો, ને તરંગો વિષે પણ થોડું થોડું કહેવા લાગ્યો. પહેલાં તો આવી વાતો કરતાં બ્હીતો. અને આગળ બોલવાની 'ના' પાડતો અથવા અનિચ્છાએ જરાક કહેતે

તેમના સંવાદોનો સાર નીચે પ્રમાણે હ

ડૉક્ટર: "તને સારાં સારાં મજાનાં સ્વપ્નાં આવે છે કે રિચર્ડ?"

રિચર્ડ: "ના રે ના. મને નથી ગમતાં એવાં ખરાબ સ્વપ્નાં આવે છે."

ડૉક્ટર: "કેવાં આવે છે? શું આવે છે સ્વપ્નામાં?"

રિચર્ડ: "મને તો એક માણસનું સ્વપ્નું આવે છે; ના, ભૂલ્યો, એક કૂતરાનું આવે છે."

ડૉક્ટર: "એ શું કરે છે?"

રિચર્ડ: "એ મને કરડવા આવે છે."

ડૉક્ટર: "શું કામ કરડવા આવે છે?"

રિચર્ડ: "કેમ કે હું ખરાબ હતો."

ડૉક્ટર: "ના ના. તું કાંઇ ખરાબ છોકરો નથી. તું ખરાબ હતો એમ તને કેમ લાગે છે?"

રિચર્ડ: "એ તો પેલી બાઇ કહેતી હતી હું ખરાબ હતો. પણ હું કાંઇ જરાયે ખરાબ થતો ન હતો હોં કે?"

ડૉક્ટર: "એ બાઇ કોણ?"

રિચર્ડ: "પેલી મોટી બાઇ."

(રિચર્ડનાં સ્વપ્નામાં તેને ખીજવરાવનાર માણસ હતો, કૂતરો હતો કે બાઇ હતી એનો તેને બરાબર ખ્યાલ ન હતો, એમ તેના જવાબ ઉપરથી દેખાયું હતું.)

ડૉક્ટર: "એ ક્યાં છે?"

રિચર્ડ: "અમારા પડખેના જ ઘરમાં. એ પેલી જેનીની મા."

ડૉક્ટર: "જેનીની સાથે તારી ઓળખાણ છે કેમ?"

રિચર્ડ: "હા તો. જેની ને હું રેતીના ડુંગલા પર સાથે રમીએ છીએ. પણ કોઇ કોઇ વાર જેની ખરાબ હોય છે."

ડૉક્ટર: "શું કરે છે જેની?"

રિચર્ડ: "એ તો ખરાબ છે, ને એની મા કહે છે કે હું ખરાબ છું."

ડૉક્ટર: "એ તને ખરાબ છોકરો શું કામ કહે છે?"

રિચર્ડ: "કારણ હું જેનીને બહુ છું. એની મા કહે છે કે કાતર લઇને એ મારા હાથ કાપી નાખશે."

ડૉક્ટર: "ના રે ના. કાતરથી કાંઇ નાનાં છોકરાંના હાથ કાપવાના હોતા નથી. એનાથી તો કાપડ કપાય; કાં તો કાગળ કપાય.

રિચર્ડ: "અરે એ તો ચપ્પુ લઇને મારું પેટ ચીરી નાખવાની છે. ખરેખર એણે મને કહ્યું છે કે હું હાથ ખીસામાંથી બહાર ન રાખું તો એ જરૂર એ મારું પેટ ચીરવાની છે.

ડૉક્ટર: "એણે અમસ્તું કીધું હશે, પણ એ કાંઇ કરવાની નથી. એ તો તું સરસ મોટા માણસ જેમ ડાહ્યો થાય એટલા માટે એણે કહ્યું હશે. મોટાં માણસો કાંઇ એવું કરે છે? મોટાંઓ તો ખીસામાં ચપ્પુ રાખે, પુસ્તક રાખે ને કોઇ કોઇ વાર ઘડિયાળ પણ રાખે. પેલું મોટું ચપ્પુ જોયું છે તેં?"

રિચર્ડ: હા. મારા બાપા પાસે છે એવું. પણ એ મને અડવા દેતા નથી કારણ એ મને વાગી જાય."

ડૉક્ટર: "જુઓ તો આ ચપ્પુ!"

ડૉક્ટરે ખીસામાંથી ચપ્પુ કાઢ્યું ને ઉઘાડ્યું રિચર્ડ ગભરાઇને પાછો ખસ્યો. પણ ડૉક્ટરે તેને સમજાવ્યું કે તેમાં બીવા જેવું કશું જ નથી ને તેને વાગશે પણ નહિ. પછી તેના હાથમાં લઇને તપાસવા આપ્યું ને તેના

ગુજરાતી સાહિત્ય પરિષદ પુસ્તકાલય * ગાંધીનગર

જુદા જુદા ભાગો ઉઘાડી બતાવ્યા. આ ખૂચ કાઢવાનો રસ્તો છે, આ હુક છે એમ બધું બતાવ્યું એટલે રિચર્ડને તે જોવામાં ખૂબ રસ પડ્યો–ખાસ કરીને જ્યારે ડૉકટરે તેને કહ્યું કે ચપ્પુ તો પેન્સિલની અણી કાઢવાના કામમાં આવે કાં તો શાક સુધારવાના કામમાં આવે; ને એનાથી તો ઘણું જાતજાતનું મજાનું કામ થઈ શકે છે. માણસોને કાપવા સંબધે ડૉકટરે કાંઇ પણ બોલ્યા જ નહિ ને રિચર્ડ શાંત મને ઘેર ગયો.

થોડા દિવસ પછી રિચર્ડની બા તેને દવાખાનામાં બતાવવા લઇ આવી. રિચર્ડનું રાત્રિમાં બ્હીને ઉઠવું હવે સાવ બંધ થયું હતું. અને પ્રમાણમાં ઠીક ઠીક ઉંઘતો હતો. માત્ર ઉંઘમાં કોઇ કોઇવાર ઝબકીને જાગી જતો.

ડૉકટરે રિચર્ડ સાથે વાતો કરવાનું શરૂ કર્યું. આ વખતે રિચર્ડે જણાવ્યું કે હવે તે જેની સાથે ગંદી રમતો રમતો નથી. હવે તેઓ નવી રમતો રમે છે, ને રેતીમાં તેઓ પૂલ બાંધે છે, ને જેની ભાખરીઓ કરે છે. તેને હજી એક બીક બાકી રહી હતી. હજી તેના પોતાના હાથથી તે બીતો હતો. એને એમ બીક લાગતી હતી કે તેના હાથ કપાઇ જશે, કાં તો શરીરનો બીજો કોઈ ભાગ કપાઇ જશે તો !

બે ત્રણ વાર ડૉકટર સાથે વાતચીત કર્યા પછી આ બીક પણ સાવ નીકળી ગઈ ને રિચર્ડ તદ્દન સાજો થઇ ગયો.

પત્રિકાના વાચકો આ રિચર્ડનો કિસ્સો બરાબર ધ્યાન દઇને વાંચે એવી ભલામણ છે.

બાળકો મૂળે થોડા ઘણા બ્હીએ જ છે; કારણ તેઓ જગતથી અજાણ્યા હોય છે. સમાજ કે કુદરતના નિયમો કે કાયદાઓ તેઓ જાણતા હોતા નથી તેથી અણધાર્યાં સંકટો તેમના પર આવી પડે છે ને એવા એક બે અનુભવ પછી તેઓ અજાણ્યાથી બ્હીતાં શીખે છે. તેમના નાના જીવનમાં તેમનો એક માત્ર આધાર તેમના વડિલો હોય છે; પણ એ વડિલો તેમને હમેશ દગો દે છે. આપણે વડિલો કે જેમના આધારે બિચારાં બાળકો નિર્ભયતા ને સુરક્ષિતતા મેળવવા ચાહે છે તે તેમને જાતજાતની બીક બતાવી બ્હીતાં કરીએ છીએ. સ્ત્રીઓ તો ડગલે ને પગલે તેમને જાતજાતની બીક બતાવે છે. બાળકો બીકના માર્યા કેટલાં હેરાન થાય છે તેની આપણે ધારીએ તો સહેજે કલ્પના કરી શકીએ. 'આ બાવો તને ઉપાડી જશે, ને સિપાઇને આપી દઇશ ને વાઘ તને ફાડી ખાશે' એવી એક નહિ પણ અનેક રીતે બ્હીવરાવીને તેમનો પ્રાણ આપણે મૂંઝવી નાખીએ છીએ.

એ બાબતમાં ખાસ ચેતવાનું કે ગમે તે થાય તોપણ બાળકોને બ્હીવરાવવાનું તો પહેલી તકે છોડવું જોઇએ. બાળકોને એક વાર દઇએ એ ઠીક પણ આપણે તો માર્યાં 'મારીશ' 'મારી નાખીશ' 'છૂંદી નાં', 'હાથ કાપી નાખીશ' 'પગ તોડી નાં', 'કટકે કટકા કરી નાખીશ' ને એવું .. અર્થ વગરનું છતાં બાળકની દૃષ્ટિએ બહુ ભયંકર એવું કહીને બાળકને વધારે હેરાન કરીએ છીએ.

આ દાખલા પરથી બીજું એ વિચારવાનું કે ઘણા લોકો બીજા અપરાધો માફ કરે પણ જેને તેઓ નૈતિક અપરાધો ગણે

તેવાને તેઓ બહુ જ સખ્ત શિક્ષા કરવાનું પસંદ કરે છે. પણ તે તદ્દન ભૂલ ભરેલું છે. શિક્ષા અને તેમાંથી પેદા થતી બીકમાંથી મોટે ભાગે નૈતિક ગુન્હાઓ જન્મે છે. બોટું બોલવું કે ચોરી કરવાથી માંડીને દરેક જાતના નૈતિક ગુન્હાનું કારણ માનસની વિકૃતિ. ને આવી વિકૃતિનું કારણ ઘણીવાર નાનપણમાં થએલા આઘાતો ને બતાવેલી સખ્ત બીક ને એવાં હોય છે. એટલે નૈતિક સુધારા શિક્ષાથી કરવાની ભાંજગડમાં કોઇએ પડવું ન જોઇએ. સીધી વાત ને સાદી સમજણથી બાળક મોટે ભાગે તેવા દોષોમાંથી મુક્ત થાય છે.

રિચર્ડના કિસ્સા ઉપર લખતાં એક ડૉકટર લખે છે: "બાળકોની રાત્રિમાં થતી ભયભીત અવસ્થા વગેરે મોટે ભાગે તે ૨૪ મહિનાનું એટલે બે વર્ષનું થાય તે પહેલાંની બેસી ગએલી જબ્બર જસ્ત બીકનું પરિણામ હોય છે. મોટી ઉમરે જણાઇ આવતી બાળકોની બીકનું મૂળ કારણ શોધવા જઇએ તો તેના પહેલા બે વર્ષની ઉમરમાં જણાઇ આવે છે. એટલે બાળક એક બે વર્ષ જેટલું નાનું હોય ત્યારે તેના ઉપર કાંઇ સજ્જડ છાપ પડી જાય ને તે બ્હી જાય, તો તેનું પરિણામ મોટી ઉમરે ઘણીવાર દેખાય છે. કારણ તે બીકનું સ્મરણ તેનામાં રહી જાય છે. પેલા રિચર્ડને હાથ પેટ વગેરે કાપી નાખવાની બીક તેની જાતીય કુટેવ (Masterbation)ને કારણે બતાવી હતી. પણ આવી જાતની બીક બતાવ્યાથી બાળકને કેટલું ભયંકર નુકસાન થાય છે તે કહી શકાતું નથી. બાળકને માટે તે અત્યંત ભયંકર છે તે આ કિસ્સા પરથી દેખાઇ આવે છે. અને આવા કેસો એક નહિ પણ રોજના કેટલાએ દવાખાનામાં આવે છે." (આપણે ત્યાં તો આ જાતનાં દવાખાનાંયે નથી ને ડૉકટરો પણ નથી એટલે મોટે ભાગે આવા કેસો 'ભૂત વળગ્યું કે કોઇએ કાંઇ કર્યું.' માં જાય છે ને ભુવાઓ નોંધ રાખે તો જણાઇ આવશે કે આપણે ત્યાં પણ આવા કેસો ઘણા બને છે.)

બાળકોની બીક કયારે ઉત્પન્ન થાય તે વિષેના પેલા ડૉકટરના વિચારો જાણવા જેવાં છે. મોટી ઉંમરના બાળકમાં અમુક સંજોગોમાં બીક ઉત્પન્ન થાય છે તે વખતે તે સંજોગોને તેની બીકનું કારણ સમજવું ભૂલ ભરેલું નીવડે છે. અમુક સંજોગો, કાંઇક સાહચર્યને લીધે બાળકના મનમાં પેસી ગએલી જૂની બીક જગાડે છે; ને આ બીક મોટે ભાગે બાળક એક બે વર્ષનું હોય છે ત્યારે પેઠેલી હોય છે. મોટી ઉમરે કાંઇ કપાય કે કૂતરો કરડે કે એવી એની વાતો થાય તો પણ બાળકમાં કેટલીરવાર ભયભીત અવસ્થા જાગે છે, તેનું કારણ તદ્દન નાનપણમાં આ જાતની પેસી ગએલી બીક જ હોય છે.

બે સવાબે વર્ષની નાની ઉંમરે બીક સજ્જડ પેસી જવાનું કારણ એ હોય છે કે તે વખતે બાળકોની જાત પ્રત્યેની તેમ જ જાતિ વિષેની જિજ્ઞાસા પ્રથમ જાગૃત થાય છે. એટલે તે પોતાની ઇન્દ્રિયને અડે કે બીજાની ઇંદ્રિયને પણ અડવા જાય છે. મોટાંઓ તેને ભયંકર નૈતિક ગુન્હો ગણીને સખ્ત શિક્ષા કરે છે અથવા શિક્ષાની બીક બતાવે છે. 'અડીશ તો તારા હાથ કાપી નાખીશ અથવા ઇંદ્રિય કાપી નાખીશ.' એ બીક તો સર્વસામાન્ય હોય છે. ને એની

અસર બાળકના મન ઉપર એટલી ઉંડી રહે છે કે તે ગમે ત્યારે મોટી ઉંમરે જૂદા સ્વરૂપમાં જાગી ઉઠે છે.

બે વર્ષનું બાળક પોતાના શરીરની રચના જાણવા બહુ જ આતુર હોય છે. તેમજ પોતાનામાં ને બીજા ભિન્ન જાતીય બાળકોમાં કેવી ભિન્નતા છે તે જાણવા માગે છે. પણ તે જિજ્ઞાસા પૂર્ણ કરવા જાય છે ત્યારે તેને શિક્ષા મળે છે. આ ઉંમરે તેની સમજણશક્તિ ને ભાષાશક્તિ વધતી હોય છે. કોઇ પણ જાતના શબ્દો વપરાય તો તે તેના મગજમાં બરાબર રહી જાય છે. તેની સ્મૃતિ દૃઢ ને ઉંડી હોય છે. કોઇ પણ નવા પ્રસંગોમાં આ શબ્દસ્મૃતિ જાગૃત થાય છે ને તેથી બીક પેદા થાય છે.

મોટાંઓએ સમજી લેવું જોઇએ કે આ પ્રકારની જિજ્ઞાસા અને તેને અંગે અડવું કારવવું બાળકોમાં સ્વાભાવિક છે. તેથી તેને ભયંકર ગુન્હો ગણી કાપવા કારવવાની કે બીજી કોઇ પણ જાતની બીક બતાવવી નહિ અથવા સખ્ત શિક્ષા કરવી નહિ. એની જગ્યાએ સાચી ને યોગ્ય માહિતી તેને આપવી જોઇએ.

તા.

લોકો એમ માને છે...

બાળકને શું ગમે છે?

વ્યવસ્થા કે અવ્યવસ્થા?

શાંતિ કે ધોંધાટ?

કામ કે નિષ્ક્રિયતા?

લોકો એમ માને છે કે બાળકોને અવ્યવસ્થા ગમે છે કારણ તેઓ અવ્યવસ્થિત રહે છે ને અવ્યવસ્થા ઉત્પન્ન કરે છે. પરંતુ તે માન્યતા ખોટી છે. બાળકોને વ્યવસ્થા પ્રિય છે. કારણ મનુષ્યનું માનસ વ્યવસ્થાપ્રિય છે. અવ્યવસ્થામાં તે ગુંગળાય છે, મૂંઝાય છે. તેને અવ્યવસ્થામાં કાંઇ સૂઝતું નથી. આપણે તેને સુવ્યવસ્થિત વાતાવરણ કરી આપતા નથી, ને તે બિચારૂં નાનું હોવાથી મોટી અવ્યવસ્થા વ્યવસ્થિત કરી શકતું નથી માટે તેને મૂંઝાતાં અકળાતાં જેમ તેમ અવ્યવસ્થામાં જીવવાનો રસ્તો શોધી કાઢવાનો રહે છે. ને તેને જ આપણે બાળકની અવ્યવસ્થા કહીએ છીએ. બાળકની અવ્યવસ્થા એ તો બિચારાની મૂંઝાએલ સ્થિતિ છે, જે આપણા અવ્યવસ્થિત વાતાવરણમાંથી ઉત્પન્ન થએલી હોય છે.

લોકો એમ માને છે કે બાળકોને ધોંધાટ ને ગડબડ પ્રિય છે; બાળકોને શાંતિગ મે જ નહિ ને શાંત બેસતાં આવડે પણ નહિ. કારણ બાળક ચંચળ છે. પણ તે માન્યતા ખોટી છે. બાળક ધોંધાટ ને ગડબડથી બહુ મૂંઝાય છે. તેના નાનાં નાનાં જ્ઞાનતંતુ મોટા અવાજથી બહુ અકળાય છે. તેના પર ખૂબ તાણ પડે છે. રોજ કેટલાયે અર્થ વગરના અવાજો તેના કાન પર નિર્દયતાથી આથડ્યા જ કરે, શેરીના ને ઘરનાં માણસો ખૂબ જોરથી વાતો કરતાં જ હોય; આજુબાજુમાં માણસો રાડો પાડતાં જ હોય, બારણાં ભટકાવતાં જ હોય, વાસણો ખખડાવતાં જ હોય ને તે બધું કારણ વગર, અર્થ વગર. બાળકનું મગજ આ ધોંધાટથી ખવાઈ જાય છે. આવી ધમાલમાં પોતાને બીજા સાંભળે માટે તેને પોતાનો નાનો અવાજ

પણ તાણવો પડે છે; ગળું દુઃખાવવું પડે છે. પણ બિચારૂં શું કરે ? અવાજ, ગડબડ અને ધોંધાટમાં જીવવાનો રસ્તો! તેને શોધવો જ પડે ને તે શોધી લે છે કે ધોંધાટ કે ગડબડ કરવી એ જ તેનો રસ્તો છે. પણ તેના જ્ઞાનતંતુ થાકી તો જાય છે જ.

લોકો એમ માને છે કે બાળકોને કામ કરવું ગમતું જ નથી. માટે બાળકો પાસે પરાણે કામ કરાવવું જોઇએ. પણ આ માન્યતા તદ્દન ખોટી છે. બાળકો કુદરતી રીતે ક્રિયાપ્રિય છે. પણ તેમને આ મોટાંઓના જગતમાં કામની સગવડ મળતી નથી. તેમને માટે યોગ્ય એવાં સાધનો મળતાં નથી. તેમને માટે સ્થળ મળતું નથી. મોટાંઓની ગમે ત્યારે રાડ પાડશે જ કે: "આ શું કરે છે ? ત્યાં શું કામ અડ્યો ? આ શું કામ લીધું ?" એવા અકસ્માતે વચ્ચે જ તેણે ક્રિયા કરવી રહી; એટલે તે નિષ્ક્રિયતા પ્રિય આસ્તે આસ્તે થતું જાય તો શી નવાઇ ? બાળકમાં અવિશ્વાસ રાખવાવાળા તો કયાંથી જ જોઇ શકે કે બાળકોને શું શું આવડે ને કેટલું કેટલું તેઓ કરી શકે છે.

બીજું જે ફાવે, જે ગમે, કે જેમાં સૂઝ પડે તે કરવાની સગવડ મળે નહિ, ને ન ફાવે, ન ગમે, ન સૂઝે તે ફરજીઆત કરવું પડે, તો તેવું કરવા કરતાં બાળકો ન કરવાનું પસંદ કરે તો શી નવાઇ ? તેથી મોટાંઓ માને છે કે બાળકોને કામ ન ગમે. આ કારણે બાળકોમાં કેટલી અમાપ ક્રિયાશક્તિ રહી છે તેનાથી તેઓ અજ્ઞાત જ રહી જાય છે.

બાળકનું લેખન

[એક ટ્રેનિંગ કૉલેજની વિદ્યાર્થિનીઓ આગળ આપેલા ભાષણનો સાર. સ્થળ સંકોચને લીધે અરધો ભાગ આવતા અંકમાં આવશે. તંત્રી.]

બાળકને નિશાળે બેસાડે કે માબાપો તરત તપાસ રાખવા માંડે છે 'તેને કાંઇ લખતા આવડ્યું ?' કેટલા એકડા આવડ્યા અને કેટલું લખતાં આવડ્યું તે પરથી બાળકના જ્ઞાનમાં કેટલો વધારો થયો તેનું માપ કઢાય છે. આ સ્થળે એકડા સંબંધે આપણે વિચાર છોડી દઇએ પણ જ્ઞાનના સાધન તરીકે લેખન શું ભાગ ભજવે છે તેનો વિચાર કરીએ.

શિક્ષકો પણ લેખનને ખુબ મહત્ત્વ આપે છે. શિક્ષકો તેને મહત્ત્વનું ગણે છે માટે માબાપો ગણે છે કે માબાપો તેને મહત્ત્વ આપે છે માટે શિક્ષકો તેના પર ભાર દે છે તે નક્કી કરવું અઘરૂં છે. બન્નેએ અન્યોન્ય મદદ કરી લેખન પર ભાર દેવાની પ્રથા દૃઢ કરી છે એમ કહીએ તો ચાલે. ગમે તેમ હોય આજે પણ બાળક નિશાળે બેસે કે તેને કક્કો કે એકડો ઘૂંટવાનું એટલે લખવાનું કામ પહેલાં શીખવાનું હોય છે. પાટીને કાંકરો એ નિશાળે જતા બાળકની પ્રથમ જરૂરીઆત હોય છે. શું લખવું એ બાળકને અર્થાત્ મનુષ્યને સાચે જ એટલું બધું ઉપયોગી છે કે જરૂરનું છે ? આપણા ભવિષ્યના જીવનમાં લખવાની કયાં કયાં અને કોને કોને જરૂર પડે છે તે જરા તપાસીએ તો શું દેખાય છે ? સામાન્ય મધ્યમ વર્ગ કારકુનીનો ધંધો કરે છે તેથી તેમને કાગળોની નકલો કરવામાં, હિસાબના ચોપડા રાખવા કારવવામાં લખવું પડે છે. વેપારી વર્ગને હિસાબ કિતાબ અને વેપારને લગતા કાગળો લખવા માટે લખવું પડે છે. શ્રીમંતવર્ગ કામ-

કાજ ઉપરાંત પણ થોડો ઘણો પત્રવ્યવહાર શીખની ખાતર ચલાવે છે.

બાકી સર્વ સામાન્ય વર્ગને જરૂરનું લાગે એવું લેખન તે પત્રલેખન. ખેડુત હોય કે લુહાર સુતાર હોય, ભંગી હોય કે બ્રાહ્મણ હોય. બીજે ગામ રહેતા પોતાના ભાઇના સમાચાર આવે ને આપણા સમાચાર તેને લખી જણાવવાની ઇચ્છા સૌને હોય છે. સાસરે ગએલી દીકરી પીયરના સમાચાર મેળવવા તલસતી હોય છે ને પીયરીયાં દીકરીના સમાચાર માટે તેટલાં જ ઉત્સુક હોય છે. હવે તો છોકરા છોકરીઓ ભણવા બહાર ગામ જાય છે એટલે તેમના કાગળો વધ્યા, ધણી કમાવા માટે કે ભણવા માટે પરગામ જાય ને કવચિત ધણીઆણી ભણવા કે નોકરીએ પરગામ જાય એટલે હવેના બદલાતા રિવાજે પ્રમાણે કાગળો લખવાની ને વાંચવાની જરૂર મોટા પાયા ઉપર વધી. બાકી સાહિત્ય સર્જન તરીકે લેખ લખવા કે કાવ્યો લખવા, કે વિજ્ઞાનની ચોપડી લખવી કે છાપું ચલાવી અનેક વિગતો લખવી એવું કરવાવાળો તો જનતાનો બહુ જ થોડો ભાગ છે–જેમને કામ ખાતર લખવું પડે એમ નથી પણ તેઓ લખવા ખાતર જ લખે છે. પંદર પંદર વર્ષ સુધી ભણીને બી. એ. ને એમ. એ. થએલા સો વિદ્વાનોમાંથી નવાણું જણા તો ધંધાને અંગે કે કાગળ પત્ર સિવાય બીજું લખતા નથી. લખવાની તેમને જરૂર પડતી નથી. સોમાં એકાદ પણ લેખક નહિ હોય; જ્યારે લખવાની કળા પહેલા જ દિવસથી શીખવાનું તો સૌને માથે ફરજીઆત હોય છે. પેન્સિલ કે પેન પર કાબૂ એ જ જાણે કે જીવન સમસ્તની પ્રથમ જરૂરીઆત ન હોય એવી રીતે આપણા ભણતરની શરૂઆત પાટી પર કાંકરાથી લખવાનું શીખવાથી થાય છે. ખરી રીતે લેખનની જરૂરીઆત જીવનમાં ઘણી મોડી ઉભી થાય છે. પત્ર લખીને સમાચાર જણાવવાની જરૂર પણ બાળપણમાં હોતી નથી. ને કાવ્ય કે લેખો લખવાની શક્તિ પણ સામાન્ય બાળકોમાં હોતી નથી. અને જે કોઇ અસાધારણ બાનેકને નાની ઉંમરે સાહિત્ય-સર્જન કરવું જ હોય તો તેના પુરતી કોઈ લખી દેનાર લહીઆની ગોઠવણ કરી શકાય. શિક્ષકે, માબાપોએ કે બીજા મિત્રોમાંથી કોઇએ પણ આવા બાળકની આટલી સેવા ઉઠાવવી ઘટે. નિશાળના સામાન્ય બાળકોમાં જે આપણે કાગળ પેન્સિલ કે બીજું લખવાનાં સાધનો પૂરાં પાડી કહીએ કે 'લખો' તો લગભગ સોએ સો ટકા બાળકો પૂછે છે: 'શું લખીએ!' એટલે શું લખવું–લખવાનું વસ્તુ તેમની પાસે હોતું નથી. સારાંશ બાળકોને કાંઇ પણ લખવાનું હોતું નથી છતાં લખવા ઉપર જ ભાર દઇ આપણે પ્રથમ લખવાનું જ શીખવીએ, માબાપો પણ બાળકોએ કેટલું લખ્યું તે જ જુવે શિક્ષકો પણ તે જ આખો દિવસ કરાવે ને પરીક્ષકે પણ આવતાવેંત તે જ જોવું; ને જે વિષય જીવનમાં બહુ ઓછો ઉપયોગી થાય છે તેના ઉપર વર્ષોનાં વર્ષો મહેનત કરવી એ પ્રમાણની બહાર છે. લેખનશિક્ષણ જરૂરનું જ નથી એમ કહેવાનો આશય નથી પણ તેના પર મૂકાતો ભાર અસ્થાને છે.

લેખન ઉપર વધારે પડતી મહેનત લેવાય છે અને ઘણો વખત અપાય છે એનું, જ્યારે એક કારણ લેખનને જ ભણતરનું મુખ્ય અંગ ગણી લેવાની ભૂલ એ છે ત્યારે બીજું કારણ લેખન શિક્ષણની ભૂલભરી રીત એ છે. અત્યારની નિશાળોમાં ચાલતી લેખનશિક્ષણની રીત એટલી, ધણી રીતે ઉંધી છે કે જે પ્રથમ જોઇએ તે પછી લેવાય છે ને પછી લેવાવું જોઇએ તે પ્રથમ લેવાય છે. તેમ જ લેખન માટે લખતાં શીખનારની જે જ્ઞાનગત, ઇન્દ્રિયગત તથા માનસિક પૂર્વ તૈયારી જોઇએ તેનો અભાવ, એ પણ એક મોટું કારણ છે. લેખનશિક્ષણની રીતમાં કેવી રીતે ભૂલ છે ને તેમાં કઈ રીતે સુધારો કરવો ઘટે તે અહીં ટૂંકમાં

જોઇ જઇએ.

બાળક ભણવા આવે કે તેને પાટી પર લખવા બેસાડવું એ જ સૌથી મોટી ભૂલ છે. સીધું લખ-લખવાનું શરૂ કરતાં પહેલાં તે માટે કેટલીએક પૂર્વ તૈયારીઓ થઈ જવાની જરૂર હોય છે. ત્રણ આંગળાંમાં પેન્સિલ કે કાંકરો કે વતરણું પકડીને તેને પોતે ધારે તે રીતે ફેરવી શકે એટલે પેન્સિલ ઉપર કાબૂ મેળવવા માટે બાળકને પ્રથમ પાટી પર કાંકરાવતી કે શક્ય હોય તો કાગળ પર પેન્સિલવતી કે પાટિયા ઉપર ચાકવતી કે આખરે ધૂળમાં વતરણાવતી થોડું ચિત્રકામ કરવા દઈએ તો બાળકના આંગળાંના સ્નાયુનું ઝીણું હલનચલન સહેલાઇથી થવા લાગે છે. પેન્સિલ કે કાંકરો હાથમાં ઝાલી તે વતી ગમે તે આકાર કાઢવો તેને માટે સિદ્ધ વાત થઇ જાય તો બાળકને ક, ખ કે ગ કાઢતી વખતે પેન્સિલ કેમ ઝાલવી ને કેમ ફેરવવી તે વાત પણ નવીન જ શીખવાની રહેતી નથી. ચિત્રમાં ખાસ લાકડી કે પેન્સિલ કે દડો કાઢવાને બદલે બંગડી કે પ્યાલો કે એવી કોઇ વસ્તુની મદદથી પાટી પર આકૃતિ પાડી તેમાં ઉભા ને આડા લીંટા પૂરવાનું બતાવીએ તો બસ છે. આવા લીંટા પૂરવાથી આંગળાંપરનો કાબૂ મજબુત થાય છે.

લખવા માટે બીજી જરૂરીઆત તે અક્ષરનો ઘાટ ધ્યાનમાં રહેવો એ છે. તે માટે અક્ષરો શીખતી વખતે સારા વળાકદાર મોટા કદના અક્ષરો તેમની નજર આગળ આવવા જોઇએ. અક્ષરો સાથે ચિત્રો હોય, જાતજાતના રંગો હોય કે બે ચાર અક્ષરો એક સાથે એક જ પાના પર હોય તો અક્ષરની છાપ તેટલી ઝાંખી પડે છે. એને બદલે એક વખતે એક જ મોટો અક્ષર બાળકના હાથમાં આવે તો તેની છાપ સારી ચોખ્ખી પડે છે. ઉપરાંત એ અક્ષર પર જો બાળક આંગળાં ફેરવે તો તેની છાપ વધારે ઉંડી જાય છે; કારણ આંખ ને આંગળાં બન્ને વતી તે છાપ ગ્રહણ કરે છે. તેની સાથે સાથે બાળક તેનું નામ પણ ઉચ્ચારે તો આકાર અને ઉચ્ચારનો મેળ સધાય છે. આ રીતે એક એક અક્ષરનો ઉંડો પરિચય બાળક મેળવે તો તેને લખવામાં તે મદદ રૂપ નીવડે છે.

લખવામાં બીજી પણ કેટલીએક બાબતો ધ્યાનમાં રાખવાની હોય છે. જેમકે આપણે ગુજરાતી વગેરે ભાષાઓ કાગળની ડાબી બાજુથી જમણી તરફ લખીએ છીએ; તેમ જ ઉંચેથી શરૂ કરી એક નીચે એક એમ લીંટીઓ લખીએ છીએ. ત્રીજું શબ્દો છૂટા પાડીને લખીએ છીએ, વાક્યો પણ છૂટા પાડીએ છીએ; આ બધી નાની બાબતો છે. છતાં બાળકો માટે લેખનનો કિલ્લો હાથ કરવાનાં માર્ગમાં તે નાની નાની ટેકરીઓ તો છે જ કે જેના પર ચડીને તેમણે આગળ જવું જોઇએ. માટે આ બધી બાબતો જુદી જુદી તેમને બતાવવામાં આવે તો તેમનું કામ સરલ થાય. મોન્ટીસોરી પદ્ધતિમાં વપરાતી ચલમૂળાક્ષરોની પેટી આ બાબતમાં બહુ જ સરલતા કરી આપનારી છે. તેમાં તૈયાર અક્ષરોથી બાળકો લખે છે તેથી લખવાના રીતરિવાજો-Conventions-શીખતી વખતે તેમને અક્ષરનો મરોડ યાદ લાવવો ને હાથવતી તે કાગળ ઉપર ઉપજાવવાનું અઘરૂં કામ કરવું પડતું નથી. તૈયાર અક્ષરો લઇ આંકેલા પાટિયા પર મૂકીને તે ધારે તે શબ્દો અને ધારે તે વાક્યો લખી શકે છે. એટલે શબ્દની શરૂઆત કયાંથી કરવી, લખાણની શરૂઆત કયાંથી કરવી, શબ્દ છૂટા કેમ પાડવા વગેરે બાબતો તરફ જ ધ્યાન દેવાનું તેને ઠીક પડે છે.

ચલમુળાક્ષરની પેટીમાંથી તો બાળકો ઘણું ઘણું શીખે છે. બારાક્ષરીના ચિહ્નો જોડી 'ક'ની 'કી' કેમ કરવી 'દ'નો 'દા' કેમ કરવો વગેરે આખી બારાક્ષરી એમાંથી તે બહુ જ રસિક રીતે શીખે છે. બારાક્ષરીનાં ચિહ્નો પ્રત્યક્ષ હાથમાં ઉપાડી શકે છે. તેથી તેમનો પરિચય વધારે ગાઢ બને છે.

આ બધી વાતોની સાથે જે મુખ્ય વાત બાળકો

ગંદા બાળક કરતાં સ્વચ્છ બાળક એ વધારે પસંદ કરવા લાયક મિલ્કત હોય. કદાચ વિજળીના આંચકાની માફક એકદમ મગજમાં વિચાર ઝબકે કે બાળકે મધ કે મુરબ્બો બાધો અથવા ધૂળમાં રગદોળાઇને આવ્યું એટલે આપણા ઘરનાં બારીબારણાંના સરસ મજાના રંગ રોગાનનું આવી બન્યું જ સમજે ને! કેમકે બાળકના આખા શરીરને અને મધ, મુરબ્બો, ધૂળ, ગુંદર વગેરેને જાણે કે કુદરતી સંબંધ જ ન હોય એમ એ બધાં બાળકના શરીર આખાને ચોટી જાય છે. આ ઉપરાંત એક બીજું પણ કારણ હોઇ શકે. ઘણાં માબાપોને ખબર છે કે ચેપી રોગો ફેલાવવામાં હાથ ઘણો મોટો ભાગ ભજવે છે. આવાં માબાપ જમતાં પહેલાં પોતાનાં બાળકો હાથ પગ સાબુથી બરાબર ધોવે એ માટે ખૂબ આગ્રહ રાખે છે.

પણ આ બધાં તો મોટેરાં માટે સ્વચ્છ રહેવાનાં કારણો છે. બાળકને તો એમાંથી એકેની પડી હોતી નથી. એનામાં એ ઉંમરે નથી હોતી સ્વાભિમાનની ભાવના, નથી હોતો રંગરોગાન બચાવવાનો ખ્યાલ કે નથી હોતી ચેપી રોગોનો ફેલાવો ન થાય તે માટે રાખવી જોઇતી સાવચેતી. એ બધાં કારણો બાળક માટે તો નકામાં છે. આપણે મોટેરાં એક વસ્તુ ભૂલી જઇએ છીએ કે બાળક ઉંમરલાયક થાય–મોટેરું થાય તે પહેલાં મોટેરાં માટે સ્વચ્છ રહેવાનાં જે કારણો હોય છે તે તેને માટે નથી હોતાં. એટલે આપણે સ્વચ્છતા માટેના આપણા નિયમો બાળક ઉપર લાદવા જઇએ ત્યારે આ વસ્તુ ખ્યાલમાં રાખવી જોઇએ. માણસ ઉંમર લાયક થાય ત્યાર પછી તો બીજું કંઇ નહિ તો એનું સ્વાભિમાન એને સ્વચ્છ રહેવાની મદદે આવે છે. મોટી ઉંમરના માણસને લાગે છે કે પોતે સ્વચ્છ નહિ રહે તો પોતાનું સ્વાભિમાન હણાશે.

પણ સાધારણ બાળકને તો ચોખ્ખા રહેવું કે ગંદા રહેવું એ બન્ને સરખું છે. એને તો બન્નેમાંથી એકે સ્થિતિ તરફ કંટાળો હોતો નથી. એના મનમાં તો એક જ ભેદ હોય છે કે ચોખ્ખા રહેવામાં ઘણી તકલીફ હોય છે જ્યારે ગંદા રહેવું ઘણું સહેલું હોય છે. બાળકના મનમાં સ્વચ્છ રહેવાની તરખડ કરતાં કાંઇક બીજું વધારે મહત્ત્વનું કારણ ઘુસાડવાનો પ્રયત્ન આપણે મોટેરાં કાયમ કરતાં હોઇએ છીએ. જાણે કે આપણે બહારથી કોઇ વસ્તુ બાળકના ઉપર લાદવાનો પ્રયત્ન કરતાં ન હઇએ એવી પરિસ્થિતિ હોય છે. પણ સાચી સ્વચ્છતા બહારથી પરાણે લાદેલી વસ્તુ ન હોવી જોઇએ. સાચી સ્વચ્છતા કાંઇ જોરજુલમ કરવાથી નથી આવતી. જ્યારે જ્યારે બાળક આપણા પંજામાં સપડાય એટલે એને સાબુ, પાણી અને ટુવાલથી સાફ કરવાથી સાચી સ્વચ્છતા ઉભી થતી નથી. આપણે તો બાળકને પોતાને સ્વચ્છ રહેવાનું અંદરથી ઉગી આવે એવું માગીએ છીએ. આપણે તો એવું ઇચ્છીએ કે બાળકને એમ ન લાગે કે એને સ્વચ્છતાનો બોજો ઉપાડવાનો છે. પણ એને તો એમ થઇ જવું જોઇએ કે સ્વચ્છતા તો એનાં પોતાનાં સુખ સગવડ, એની તંદુરસ્તી અને એના પોતાના જીવનની સફળતા માટે છે. આપણે જો આમ કરી શકીએ તો જ બાળકમાં સાચી સ્વચ્છતા આવવાની છે.

પણ આ બને કેવી રીતે? આના માટે મોટા ભાગે પહેલી વસ્તુ તો એ છે કે આપણે સ્વચ્છતાને બાળકના દૈનિક કાર્યક્રમમાં દાખલ કરી દેવી જોઇએ. અને પછી એને ચીવટાઇથી વળગી રહેવું જોઇએ. પણ આ દૈનિક કાર્યક્રમના બહારના વખતની અંદર બાળક સ્વતંત્ર હોવું જોઇએ. એટલે કે આપણે સ્વચ્છ થવાનો અમુક વખત રાખીએ. તે વખત સિવાય બાળકને ગંદા થવાને માટે સંપૂર્ણ સ્વાતંત્ર્ય હોવું જોઇએ. આપણે બાળકને ગંદા થવા માટે વારંવાર ટોકણી ન કર્યા કરવી જોઇએ. આનો અર્થ તો એ થયો કે આપણે બાળકને ધૂળ વગેરેથી ગંદું થતાં રોકતા નથી. હવેના જમાનામાં આપણે એક વસ્તુ તો વધારે ને વધારે સમજતા જઇએ છીએ કે જે બાળકો રમતના વખતમાં ધૂળ વગેરેથી ગંદાં થતાં નથી તેવાં બાળકો સાધારણ રીતે આળસુ હોય છે. આપણે ઇચ્છીએ તેટલો આનંદ અને રસથી જે બાળક રમતું હોય અથવા કામ કરતું હોય તે, રમત અથવા કામ દરમીઆન કોઇ દિવસ, તદ્દન સ્વચ્છ ન રહી શકે. એક નાના બાળકને રમવાનું કહેવું અને સાથે સાથે એનાં નવાં કપડાં ગંદાં ન થવા દેવાનું કહેવું એ તો એક માણસને તરતાં શીખવાનું કહેવું અને સાથે સાથે એને પાણીમાં ન જવાનો હુકમ કરવો એના જેવું છે. બાળક રમવા જાય એટલે એનાં કપડાં, એના હાથ, એના પગ, એનું મોં, બલકે એના શરીરના જે જે અવયવો ધરતી માતાના સંસર્ગમાં આવે કે જેને આકાશમાંથી આવતા પવનના ઝપાટા લાગે તે બધા ગંદા થવાના જ છે. ઉલટું રમત કે કામ દરમીઆન જે બાળક આ રીતે ગંદું ન થાય તેનાથી આપણે જરૂર શરમાવું પડે.

પણ આપણે એક વસ્તુ કરી શકીએ. બાળક સવારમાં વહેલું ઉઠે ત્યારથી સાંજે એ સૂઇ જાય ત્યાં સુધીમાં આપણે અમુક અમુક અંતરે, ખાવા માટે, ઉંઘવા માટે, કપડાં બદલાવા માટે મુકરર વખત રાખી શકીએ. આ બધી વસ્તુઓ બાળકને પોતાની રમતગમતમાં કે મનગમતી પ્રવૃત્તિઓમાં ખલેલ પહોંચાડનારી તો લાગે જ છે. પણ જો એને માટે મુકરર વખત રાખીએ તો બાળક એ પ્રમાણે કરે છે ખરું. આ બધા ગાળા દરમિયાન જો આપણે સાફસુફી દાખલ કરી દઇએ તો અત્યારસુધી બાળકને હાથપગ ધોવા વગેરે, પોતાની મનગમતી પ્રવૃત્તિના અંત તરીકે અથવા એમાં દખલગીરી તરીકે લાગતું હતું તે લાગશે નહિ. સ્વચ્છતાની શરૂઆત કરવાનો સારામાં સારો માર્ગ એ છે કે અમુક કામ કરતાં પહેલાં સ્વચ્છ થવાનું છે; નહિ કે અમુક કામના અંત તરીકે. એટલે કે બાળક રમી રમીને ગંદુ થયું છે તે માટે એણે ચોખ્ખા થવું જોઇએ એમ નહિ, પણ રોટલી ને મુરબ્બો કે રોટલી ને ગોળ ખાવા માટે ચોખ્ખાં થવું જોઇએ.

ઉપરની વસ્તુ બરાબર ખ્યાલમાં રાખ્યા પછી આપણે ચોખ્ખાઇ ચોખ્ખાઇની અંદર પણ ભેદ પાડવો જોઇશે. અમુક જાતની ચોખ્ખાઇ વધારે મહત્ત્વની, તો અમુક પ્રકારની સ્વચ્છતા ઓછા મહત્ત્વની. એટલે આપણે સ્વચ્છતાને બાળકના દૈનિક કાર્યક્રમમાં દાખલ કરીએ અને તે પળાવવા માટે યુક્તપ્રયુક્તિ કરીએ તે પહેલાં આપણા મનમાં સ્પષ્ટ ખ્યાલ હોવો જોઇએ કે કઇ જાતની સ્વચ્છતા જરૂરી છે અને કઇ જાતની બીનજરૂરી છે. કોઇ પણ કાર્યક્રમ

ધડવો તેનો અર્થ જ એ છે કે જરૂરી બીન-જરૂરીનો ભેદ પાડવો. બાળકની સ્વચ્છતાનો વિચાર કરીએ એટલે સ્વાભાવિક રીતે આપણું ધ્યાન બાળકના માથાના વાળ બરાબર સેંથો પાડી ઓળેલા છે કે નહિ; એણે સરખી રીતે કપડાં પહેર્યાં છે કે નહિ; વગેરે તરફ જવાનું છે. અને જો આ બધી વસ્તુઓ બરાબર ન થઇ હોય તો આપણને એકદમ સૂગ આવવાની. પણ આ બધી વસ્તુઓ બરાબર ન થઇ હોય અને તે માટે આપણે જે જાતનો કંટાળો દાખવીએ અને એક બાળક હાથપગ ધોવા ગયું હોય છતાં હાથપગ ધોયા સિવાય આવીને એકદમ ફેરી કે એવું કંઇક બાવા મંડી પડે અને તે વખતે આપણને જે લાગણી થાય એ એની વચ્ચે મહત્ત્વનો ભેદ રહેવો જોઇએ. વાળ ઓળ્યા સિવાય આવનાર બાળકની પ્રત્યે આપણે જે અણગમાની લાગણી બતાવીએ તેના કરતાં હજારગણી વધારે અણ-ગમાની લાગણી આપણે હાથપગ ધોયા સિવાય ફેરી બાતાં બાળક તરફ બતાવવી જોઇએ. પણ આ તો સામાજિક મૂલ્ય પરિવર્તનનો સવાલ થયો. આજે આપણે સમાજમાં બહારની ટાપ-ટીપને અને સારી રીતભાતને જે સ્થાન આપીએ છીએ તેના કરતાં હાથપગ ધોઇને સ્વચ્છ થવાને વધારે મહત્ત્વનું સ્થાન આપવું જોઇએ. અલબત્ત ટાપટીપને અને કપડાં સારી રીતે પહેરવાં તેને બાળકના જીવનમાં સ્થાન તો છે જ, પરંતુ હાથપગ વગેરેની સ્વચ્છતા કરતાં તેને ગૌણ સ્થાન હોવું જોઇએ. અત્યાર સુધી આપણે સ્વચ્છતાના તે જ નિયમો ઉપર બાસ ધ્યાન આપ્યું છે કે જે સામાજિક રૂઢીને લીધે પાળવા પડતા હોય. પણ હવે જે સ્વચ્છતાના દૈનિક કાર્યક્રમ તરીકે સ્વચ્છતા માટે બાસ જરૂરી નિયમો પળાતા હોય તો બહારના દેખાવની સામાજિક રૂઢીને અનુસરીને સ્વચ્છ-તાની બાબતમાં કરવી પડતી કેટલીક વસ્તુઓ આપણે પ્રસંગે જતી કરવી જોઇએ. આટલુ સામાજિક મૂલ્ય પરિવર્તન જો આપણે બાળ-કને સાચી સ્વચ્છતામાં રસ લેતું કરવાની ઇચ્છા રાખતાં હઇએ તો કરી લેવું જોઇએ.

આ વસ્તુ વધારે સ્પષ્ટ કરવા આપણે એક જ દાખલો લઇએ. આપણે બાળક પાસે દરરોજ બરાબર ટાપટીપ કરીને માથું ઓળા-વવાનો આગ્રહ રાખીશું કે જમતા પહેલાં હાથ પગ ધોવે તેની કાળજી રાખીશું? અલબત્ત આપણે કહી શકીએ કે દરરોજ સુંદર સેંથો પાડી માથું ઓળવું એ પસંદ કરવા લાયક વસ્તુ છે. જ્યાં જ્યાં બની શકે ત્યાં દરરોજ સરસ રીતે માથું ઓળવાની પ્રથા દાખલ કરવી જોઇએ. પણ બીજી બાજુએ જમતાં પહેલાં ધૂળવાળા હાથ પગ ધોવા એ બાસ જરૂરી વસ્તુ છે. બાળકની તબિયત સાચવવી હોય, એને માંદુ ન પડવા દેવું હોય અને એને બરાબર ચોખ્ખું રાખવું હોય તો આ વસ્તુ ઉપર બાસ ભાર મૂકવો જોઇએ. અને એ બરાબર પળાય એનો આગ્રહ રાખવો જોઇએ. પણ આપણા સમાજમાં છોકરીઓનું માથું છોડી નાખીને ઓળવાની પ્રથા આપણે બાળ-કના દૈનિક કાર્યક્રમમાં રાખી શકીએ કે ક્રમ એ સગવડનો સવાલ છે. એક માતાને પાંચ સાત દીકરીઓ હોય તો દરેકનું માથું છોડી નાખી ફરી ઓળવું એ એને માટે શક્ય નથી. એ તો અઠવાડીઆમાં બે વખત આખું માથું છોડી નાખી ઓળે તે જ એને પોસાય. દરરોજ

તો ઉપર ઉપરથી ઓળી લે તો ચાલે. એટલે આવી બાબતોમાં સગવડ અને સાધારણ બુદ્ધિનો સવાલ હોય છે. પણ આ જ માતાએ બાળકના હાથ પગ ધોવાનું તો દૈનિક કાર્યક્રમમાં દાખલ કરી દેવું જોઇએ.

પણ જ્યાં દરરોજ માથું ઓળવાની સગવડ હોય ત્યાં જરૂર એ કામ આપણે બાળકના દૈનિક કાર્યક્રમમાં દાખલ કરી શકીએ. એની અંદર ઘણી વસ્તુઓનો વિચાર કરી લેવો જોઇએ. માથું દરરોજ ઓળવાના ઘણાયે ફાયદા ગણાવી શકાય; માથું વધારે સુંદર લાગે. માથામાં ખોડો, જૂ ઓછી થાય વગેરે. પણ બાળકના વાળ વાંકોડીઆ હોય, માથું ઓળવાની વખતે એને ઘણું જ દર્દ થતું હોય, દરરોજ વાળ ખૂબ ગૂંચવાઇ જતા હોય, વગેરે બાબતોમાં પણ વિચાર કરવાનો રહે છે. ઉપરાંત કયે વખતે બાળકને માથું ઓળાવવું ગમે છે એનો પણ વિચાર કરવો પડશે અને બાળકની અને માબાપની સગવડનો બન્નેનો ખ્યાલ કરી, બન્નેને અનુકૂળ થઇ પડે તેવો વખત મુકરર કરવો જોઇએ. આવી ઝીણી ઝીણી વસ્તુઓનો વિચાર કરીએ તો જ બાળકોને સ્વચ્છતામાં રસ લેતાં કરી શકાય.

બાળકોને સ્વચ્છતામાં રસ લેતાં કરવાના આપણા દરરોજના કાર્યક્રમમાં આપણે બીજી એક વસ્તુ પણ ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ. તે એ કે કાર્યક્રમને આનંદદાયક બનાવવા માટે આપણે બધી વસ્તુઓનો વિચાર બાળકની દૃષ્ટિથી કરવો જોઇએ. આપણે મોટેરાંનું દૃષ્ટિબિંદુ જેટલું બને એટલું ભૂલી જવું જોઇએ. નહિ તો આપણે આ વસ્તુનો હાઉ ઉભો કરીશું. એટલે બાળકને આ વસ્તુ આનંદદાયક થઇ પડે એને માટે મોટેરાંએ બાળકની દૃષ્ટિ કેળવવી જોઇએ. એક વસ્તુ તો બરાબર ચોક્કસ રીતે ખ્યાલમાં રાખવી જોઇએ કે સ્વચ્છતાનો દૈનિક કાર્યક્રમ એ કાંઇ બાળકની રમતગમતમાં વિઘ્નરૂપ અથવા તો શિક્ષા તરીકે અથવા તો બાળકના શરીર ઉપરથી ધૂળનો નાનામાં નાનો અણુ કાઢી નાખવા માટે નથી. આ કાર્યક્રમ જો આવી કોઇ પણ જાતનું સ્વરૂપ પકડે તો સમજી લેવું કે એની સામે મોટો વિરોધ ઉભો થવાનો છે.*

(અપૂર્ણ) શં.

*અંગ્રેજી ઉપરથી–Parents Magazineમાંથી

મોન્ટીસોરી શિક્ષકો

જેઓને નવા તૈયાર થએલા મોન્ટીસોરી શિક્ષકોની જરૂર હોય તેઓ નીચેને સરનામે પત્રવ્યવહાર કરે. આ શિક્ષકો મોન્ટીસોરી શાળામાં, પ્રાથમિક શાળામાં અને બાનગી ઘરોમાં ઉપયોગી થઇ પડશે. પત્રવ્યવહાર વહેલી તકે કરવાની જરૂર છે.

ગિજુભાઇ : શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર: ભાવનગર

મોન્ટીસોરી પદ્ધતિ	(નવી આવૃત્તિ)	૨–૦–૦

બાળક કજીએ ચડે ત્યારે

ખોટા ઉપાયો

"મારૂં લોહી પીએ છે રોયો, રોજ કજીઓ." વગેરે ખૂબ ગાળો દેવી ને કહેવું 'નહિ જ મળે.'

"કજીઓ કરવો છે? લે ત્યારે." એમ કહી ચાર પાંચ થપાટો જોરથી લગાવવી.

બાળક વધારે રડશે એટલે કહેવું: "છાનો રહે છે કે નહિ? નહિ તો સોટી પડી સમજ." બાળક વધારે જોરથી રડશે એટલે વાંસા પર હાથ ફેરવી કહેવું: "લે હવે છાનો રહી જા."

બાળક પગ પછાડીને ખૂબ જોરથી રડવા લાગશે. વખતે માથું જમીન ઉપર કે ભીંત સાથે ભટકાવશે ને રાડો નાખશે એટલે જરા ઠપકાના રૂપમાં કહેવું: "રોયો કેમે માનતો નથી. લે આ પેંડો, રહી જા છાનેા."

બાળક બેદરકારીથી રડ્યા જ કરશે ને પેંડા સામે જોશે જ નહિ એટલે કહેવું: "લે એકના બદલામાં બે દઉં, છાનો જ રહેતો હો તો?"

બાળક હજી વધારે મળશે ધારી કદાચ કજીઓ ચાલુ જ રાખે તો ફોસલાવવાને ખાતર કહેવું: "જો બાપુ, હમણાં તારા કાકા આવશે ને, તે જલેબી ને ગાંઠીઆ ને શીંગ ને રેવડી ને ઘણું બધું લાવવાના છે. (તદ્દન ખોટું ખોટું જ કહી દેવું.)

કાં તો એમ કહેવું: "જો ભાઇ આજે મગન સિનેમા જોવા જવાનો છે. તું કજીઓ કરીશ તો તને સાથે નહિ મોકલું." (આ પણ તદ્દન ખોટું જ કહેવું).

સાચા ઉપાયો

કજીઆનું કારણ જોવું ને 'હા' પાડી શકાતી હોય તે 'હા' પાડીને પતાવી દેવું. 'ના' પાડવી પડે તેમ હોય તો દૃઢતાથી 'ના' કહી દેવી. બાળક સમજી શકે તેટલું મોટું હોય તો કારણ સમજાવીને 'ના' પાડવી.

તદ્દન નાનું હોય તો 'ના' કહીને તેનું ધ્યાન બીજે ખેંચવું જેમકે સાંકળ ખખડાવવી, ગાય બતાવવી, ચકલી કેમ બોલે છે તેમ ચક ચક કરવું વગેરે.

જરા મોટા બાળકને વાતો કહેવી કે એવી બીજી વાતે ધ્યાન દોરવું. છતાં રડતું છાનું ન રહે તો તપાસ કરવી કે માંદુ છે? ભૂખ લાગી છે? કે ઉંઘ આવે છે? હાથ પગ કાન આંખ કાંઇ દુખે છે? વધારે પડતું થાકયું છે? જે જડી આવે તેનો ઉપાય તરત કરવો.

પણ જો એમ જ માલમ પડે કે બાળક કજીઆ ખાતર જ કજીઓ કરવા માગે છે તો બાળકને નિરાંતે રડી લેવા દેવું.

આ ઉપાય બાળક એક દિવસનું હોય ત્યારથી લઇ શકાય. કારણ બાળક હઠ કરતાં પહેલા જ દિવસથી શીખે છે. અને જો પહેલા મહિનામાં તેની સાથે યોગ્ય વર્તન થયું હોય તો આગળ જતાં ઉપાયો લેવાની જરૂર નહિ રહે.

આવી એક કે બીજી ખોટી ફોસલામણીથી બાળક છાનું રહેશે. પછી કહ્યું તે પ્રમાણે કરવાની વાત જ ક્યાં છે! 'લાવ લપોડશંખ' ને લાખ તો કે' લે સવાલાખ!

બાળજીવનની કરુણતા

દૃશ્ય બીજું

ચિમનભાઇને ઘેર આજે જમણવાર હતો. તેમનાં કેટલાંએક સગાં સંબંધી ભેગાં થયાં હતાં. આજે કાશીબેને દુધપાક પુરી, બે શાક અને ભજીયાં બનાવ્યાં હતાં. બાર વર્ષનો બટુક આજે ખુશ થયો હતો. બે ત્રણ વાર રસોડા તરફ આંટા મારી આવ્યો હતો ને રસોઇની સુગંધ લઇ આવ્યો હતો. પોતાની સાથેનાં છોકરાંઓને કહેતો હતોઃ "મારી બા ભજીયાં એવાં સરસ બનાવે છે! ખજૂરનાં ને કેળાનાં ને કેરીનાં! એવાં મીઠાં લાગે છે. આજે તો બહુ મજા પડશે. આપણે સૌ મજા કરીશું હોં કે?" સાંજે ફરવા કયાં જવું ને બપોરે શું રમવું ને કેમ ખૂબ મજા કરવી તેના નિર્ણયો કરતાં જ આખી સવાર ચાલી ગઇ. બટુક આજે ખૂબ આનંદમાં હતો. કેમકે મિત્રો મળ્યા હતા ને બાએ ભાવતી રસોઇ કરી હતી.

જમવાને થોડી વાર હતી. બટુકભાઇના બાપા ને મામા હિંડોળે બેઠા હતા. વાત પરથી વાત છોકરાઓના ભણવાની નીકળી. મામા કહેઃ 'અમારા ગામની શાળા સારી છે. માસ્તર બહુ સારા આવ્યા છે. છોકરાઓને ચું કે ચાં કરવા દેતા નથી. ને આંકબાંક એવા પાકા કરાવી લે છે કે બસ. જો જગુ અહીં આવ જોઇએ, બોલ આડત્રીશ સવા કેટલા? જગુએ ચાલાકીથી એકદમ જવાબ આપ્યો 'સાડી સુડતાળીશ.' આવા બે પાંચ અઘરા સવાલો મામાએ પૂછ્યા ને જગુએ સાચા બોટા પટપટ જવાબો આપ્યા. ચિમનભાઇ પણ ખુશ થયા ને કહેવા લાગ્યાઃ "ઓહો! જગુને ગણિત બહુ સરસ આવડે છે. અમારા બટુકને તો સાદા ચાળીસા સુધીના પાડા પણ હજી આવડતા નથી. આ બટુક તો તદ્દન મૂરખ છે. એના મગજમાં બટેટાં જ ભરેલાં છે. ગણિત તો નથી જ આવડતું પણ સાદી અક્કલ પણ નથી. બજારમાં જઇ બે પૈસાનું શાક લાવતાં પણ નથી આવડતું."

બટુકના મામા કહેઃ "હજી શાક લાવતાં નથી આવડતું? અરે આ જગુ તો એવો હુશિયાર છે કે ભાવ કરી કારવીને લે તો લે, પણ ઉપર બે ભીંડા પણ હળવેક લઇને ઉપાડી લે. પેલા કાછીયાને બબરે ન પડે. તમારે જે મંગાવવું હોય તે બરાબર લઇ આવે."

ચિમનભાઇ કહેઃ "અરે અમારો બટુક તો તદ્દન નકામો. બે પાઇનીયે અક્કલ નથી. 'કાંઇ કહેતાં, કાંઇ આવડતું નથી.' બટુક, અહીં આવ તો, જો જગુ કેવો જવાબ દે છે, જોયો? તું શું કરતો હતો?"

બટુકઃ "કાંઇ નહિ બાપા."

ચિમનભાઇઃ "કાંઇ નહિ શું કાંઇ નહિ? બે હાથમાં શું છે?"

બટુક (ગભરાઇને): "બે...બે તો ચપ્પુ છે."

ચિમનભાઇએ ગુસ્સેથી ચપ્પુ લઇ લીધું; તેના હાથમાંથી કાગળ બાગળ હતા તે લઇને ફગાવી દીધા ને વઢવા લાગ્યાઃ "રોજ કહું છું આ નકામા ધંધા કર મા. રોજ ઉડીને કાં તો કાગળ કાપશે, કાં તો વાંસડા છોલશે. આમ

ચોટાડશે ને આમ લગાડશે. આ નકામા ધંધા તને રોટલો આપવાના છે કે ? કયાં છે તારૂ ગણિત ? લાવ જોઉં ? કાલે શું ભણ્યો હતો ? ”

બટુક ગભરાતો ગભરાતો જઈ ગણિતની ચોપડી લાવે છે ને બાપાના હાથમાં આપે છે.

ચિમનભાઇ વળી ઉતરી પડ્યા: “ આ ચોપડી ફાટી કેમ ગઇ ? આ અહીં ડાઘો કેમ પડ્યો ? ” એમ કહી બટુકના ગાલપર બે તમાચા ચોડી દીધા.

“ બોલ, આજકાલ શું ચાલે છે શાળામાં ? ” ધ્રૂજતે હાથે બટુકે ત્રિરાશીનું પાનું કાઢી આપ્યું. આસપાસ જગુ ને બીજા મિત્રો ભેગા થયા હતા. માસા ને મામા પણ બેઠા હતા. બટુકને ઉંચું મોઢું કરવાની શરમ લાગી એટલે તે ચોપડી સામે જોઇ રહ્યો.

ચિમનભાઇને તે ન ગમ્યું: “ આ છોકરીની જેમ આમ શું બેઠો છો ? ” એમ કહી તેનું મોઢું બહુ જ જોમથી ઉપર ફેરવ્યું. બટુકની આંખમાં હવે આંસુ ભરાઇ આવ્યાં.

ચિમનભાઇ કહે: “ જો હમણાં ને હમણાં આ પાંચ દાખલા ગણી લાવ. છોડીની જેમ રડે છે શું ? ”

બટુકની શરમનો પાર ન રહ્યો. એક તો બધાંયની દેખતાં, તેને કાંઇ આવડતું નથી તે જાહેર થયું. તેમાં માર પડ્યો. ને તેમાં આંખનાં આંસુ રોકી શકયો નહિ તે પણ સૌએ જોયું ને બાપાએ ઉપર સર્ટિફિકેટ આપ્યું કે ‘ છોડીની જેમ રડે છે.’ બટુક શરમનો માર્યો વીલો થઇ પોતાની જગ્યાએ જઇ બેઠો. હાથમાં પાટી ને કાંકરો અને નીચે ગણિતની ચોપડી.

બિચારો આજે ખૂબ મજા કરવાનો હતો, પોતે બનાવેલાં કાગળનાં રમકડાં લઇ તળાવે ફરવા જવાનો હતો. અને ! દુધપાક ને ભજીયાં ભોજન તો ભોજનને ઠેકાણે જ રહ્યું. બટુકને માટે આજે બધું ખારૂં ખારૂં થઇ ગયું.

બટુક દાખલા ગણે છે પણ જવાબ કેમ આવતો નથી. પેટમાં ભૂખ લાગી છે પણ ખાવું કેમે ભાવતું નથી. **તા.**

અક્ષરજ્ઞાન યોજના

અક્ષરજ્ઞાન યોજના ચલાવનારાઓ તરફથી વારંવાર પૂછપરછ થાય છે કે ‘ કેમ શીખવવું અને ‘ ચાલો વાંચીએ ’ પુરૂં કરાવ્યા બાદ ભણનારાઓને શું વંચાવવું ?

ઉપલી બે ચોપડીઓ પૂરી થયા બાદ સામાન્યતઃ નીચેની ચોપડીઓ લેવી:

આગળ વાંચો પહેલી ચોપડી

આગળ વાંચો બીજી ચોપડી

આ બે ચોપડીઓ અક્ષરજ્ઞાન યોજના માટે ખાસ તૈયાર કરવામાં આવી છે એને તે શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરઃભાવનગરથી મળશે.

ત્યાર પછી

બાલવાર્તાઓ, તેમ જ જુદી જુદી સંસ્થાઓના બાલપ્રકાશનો મંગાવી વાંચનારાઓ પાસે મૂકવા. વાંચનારાઓ મોટા હોવાથી તેમને ઘણી વાર બાલસાહિત્યમાં રસ નથી પડતો. તો તેમની પાસે ભાઇ મેઘાણીનું લોકસાહિત્ય મૂકવું. ગામડાંના લોકોને તે વાંચવું બહુ ગમે છે એમ જણાયું છે. તેઓને તેમાં જીવનનું જોમ માલુમ પડે છે.

આ ઉપરાંત દેશની અને દુનિયાની ચાલુ પરિસ્થિતિમાં ગામડાના નવા ભણેલા વાંચીને રસ લે તે માટે હરકોઇ સારૂં છાપું તેમની આગળ મૂકવું.

વીએનાનું શિશુમંગળ મંડળ

બે વરસ પહેલાં જ્યારે હું વીએનામાં આવ્યો ત્યારે ખબર પડી કે વીએનાનું શિશુ-મંગળ મંડળ પૃથ્વી ઉપરનાં બધાં મંડળો કરતાં ઉચ્ચ કોટિનું છે.

વીએના મ્યુનિસિપાલિટિનો સોશીઆલીસ્ટ પક્ષના સભ્યોએ યુદ્ધ પછી એની સ્થાપના કરી છે. જ્યારે એ સ્થાપ્યું હતું ત્યારે અહીંની રાજનૈતિક તેમજ આર્થિક સ્થિતિ ઘણી શોચ-નીય હતી. તેથી તો આપણા હિંદીઓ આગળ એ આદર્શ વધારે સારો છે. આપણે પણ એવા કોઇ પણ કામમાં પડતાં રાજકીય અને આર્થિક ઉકેલ કરવો પડશે.

વીએનાના 'શિશુમંગળ મંડળ'ના કામના મૂળમાં સમસ્ત માનવજાતિની ભવિષ્યની ઉન્નતિની આંકાક્ષા છે. વીએનાની મ્યુનિસિપાલિટિના સોશીઆલીસ્ટ સભાસદોએ એ વસ્તુ આગળ ધરી કે બાળકનું હિત અહિત એ માત્ર વ્યક્તિગત જીવનમરણનો સવાલ નથી પણ સમગ્ર જાતિના જીવનમરણનો પ્રશ્ન છે. એથી જ બાળકના જીવન અને તંદુરસ્તીની વ્યવસ્થા કરવામાં જાતિ, રાષ્ટ્ર અને સમાજની શક્તિની જરૂર છે. આ જાણીને મ્યુનિસિપાલિટિના સભ્યોએ 'શિશુમંડળ'ના કામને પોતાનું જ ગણી તેના ખરચનો ભાર શહેરની મ્યુનિસિપાલિટિ ઉપર નાખ્યો છે.

બાળક જન્મતાં પહેલાંનું કાર્ય

આ શિશુમંગળ કાર્યપદ્ધતિમાં બાળકનો જન્મ થાય તે પહેલાંથી શિક્ષણનો આરંભ કરીને સાંસારિક જીવનમાં પ્રવેશ કરતાં સુધીમાં જે જે જરૂરનું છે તે બધાંની વ્યવસ્થા કરવામાં આવી છે.

૧ કોણ કોણ સંતાન ઉત્પન્ન કરવાને લાયક છે તેના શિક્ષણનો પ્રચાર.

૨ શહેરની દરેક ભાવિ માતાની ખબર રાખવી.

૩ તેની તપાસ, તથા જરૂર પડે તો ડૉક્ટરી સારવારની વ્યવસ્થા.

નવા જન્મેલા બાળકની પરિચર્યા

૧ નવા જન્મેલા બાળકની તંદુરસ્તી જોવી તથા તેની માતા અથવા પાલક માતાને લાલન પાલન સંબંધે જ્ઞાન આપવું.

૨ દૂધ ઉપર જે બાળકને રાખવું હોય તેની જગા ઠરાવવી—હૉસ્પિતાલ અથવા આશ્રમ.

પછીની વ્યવસ્થા

૧ શાળામાં જવાની ઉંમર થાય ત્યાં સુધી અથવા, બાળકને આશ્રમમાં કે ઘેર રાખવાનું હોય ત્યાં સુધી, કિન્ડરગાર્ટન માટેની વ્યવસ્થા.

૨ સ્કુલમાં જવા જેવાં બાળકોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય તરફ નજર રાખવી.

૩ બાળકો માટે રમવાની જગ્યા, સ્નાનની જગ્યા રમતગમતનું ઘર વગેરેની વ્યવસ્થા કરવી.

૪ રોગી બાળકોની દવા કરવી.

'નિરોગી માનાં સંતાન નિરોગી' એ શિશુ-મંગળમંડળનો મુખ્ય મંત્ર છે તેથી બાળકના જન્મ પછી તેની બરાબર સંભાળ લેવી એ બરાબર નથી. જે રોગ જન્મથી હોય તેની ચિકિત્સા કરવી એ વધારે ખર્ચાળ છે માટે એવું બાળક ન

જન્મે એવી વ્યવસ્થા કરવી એ વધારે સારૂં છે. સંતાન ઉત્પન્ન કરવા માટે જે અયોગ્ય હોય તેને sterilise કરી નાખવામાં આવે એવો કાયદો વીએનામાં નથી તોપણ મ્યુનિસિપલ મેરેજ એડવાઇઝ બુરો નામની એક સમિતિ એ સંબંધે શિક્ષા આપે છે.

ભાવિ માતાની તપાસ કરવા માટે વીએનામાં ૩૪ માતૃમંગળ આશ્રમ છે. એ બધી જગ્યાએ ડૉકટરી પરીક્ષાને લાયક સામાન સરંજામ છે. કોઇ પણ સ્ત્રી એ આશ્રમમાં જઇને પોતાના આરોગ્યની પરીક્ષા કરાવી શકે. જેઓને માટે એ બધી જગ્યાએ આવવાનું ન બની શકે તેઓની પાસે સ્વાસ્થ્ય વિભાગના કર્મચારી હાજર થઇને તેની પરીક્ષા કરી શકે.

જન્મરજીસ્ટરી વિભાગનો મુખ્ય માણસ દરેક બાળકના જન્મની ખબર આશ્રમમાં જણાવી દે અને તેઓ તે બાળકની તપાસ કરી આવે.

તે સ્વાસ્થ્ય પરિદર્શકનું શું કામ છે તે નીચેના આંકડા પરથી સમજાશેઃ

૧૯૨૭ની સાલમાં ૨૩૦૦૦૦ વખત પરિદર્શન થયું હતું. મ્યુસિપાલિટિએ છેલ્લા દહાડાવાળી સ્ત્રીઓને માટે કેટલીક ઇસ્પિતાલો ખોલી છે. વીએનામાં અર્ધા કરતાં વધારે બાળકોનો જન્મ એ ઇસ્પિતાલોમાં થાય છે. મ્યુનિસિપાલિટિ માત્ર ઇસ્પિતાલ ખોલીને બેસી રહી નથી. જેઓ સરકાર પાસેથી સંતાન પ્રસવને વખતે પૈસા ન મેળવી શકે તેવાને પ્રસવ થયા પછી ચાર અઠવાડિયાં સુધી દરેક સપ્તાહે ૧૦ શિલિંગ પ્રમાણે આપે છે.

નવા જન્મેલા બાળકને લાયક લાલન પાલન કરવા માટે માતાપિતાને નિયમિત રીતે જુદી જુદી સંસ્થા દ્વારા શિક્ષણ અપાય. તે સિવાય સીટી હેલ્થ ડિપાર્ટમેન્ટ દરેક નવપ્રસૂત બાળકને માટે નવો પોષાક આપે. ૧૯૨૯ ની સાલમાં એવા ૧૧૦૦૦ પોષાક મોકલવામાં આવ્યા હતા.

નવા જન્મેલા બાળકની રક્ષા માટે મ્યુનિસિપાલિટિનાં બે સ્થળ છે. તે સિવાય વ્યક્તિઓ દ્વારા ચાલતાં ઘણાં સ્થળો છે. મ્યુનિસિપાલીટી તેઓને પૈસાની મદદ કરે.

મોટાં બાળકો માટે વિએનામાં ૧૦૨ કિન્ડરગાર્ટન શાળાઓ છે. શહેરના જુદા જુદા વિભાગમાં તે વહેંચાએલી છે. સવારે સાતથી સાંજના છ સુધી તેમને ખુલ્લી રાખવામાં આવે છે. માબાપ બાળકને સવારે એમાં મૂકી કામે જાય અને સાંજે ઘેર લઇ જાય. ત્રણથી છ વર્ષ સુધીના બાળકને અહીં રાખવાનો નિયમ છે. છ વરસની ઉપરના બાળક માટે ૨૪ આખો દિવસ રહેવાની શાળા છે.

શાળાના છોકરાઓની તંદુરસ્તીની દરેક અઠવાડિયે પરીક્ષા કરવામાં આવે છે. પ્રથમ વર્ષે દમના આજારને માટે દરેક છોકરા છોકરીની વિશેષ કરીને પરીક્ષા કરવામાં આવે. દાંત અને આંખની પરીક્ષા માટે રીતસર વ્યવસ્થા છે.

મ્યુનિસિપાલિટિ તરફથી બાળકોને રમવાની ૩૧ જગ્યા કરવામાં આવી છે. તેમાં બાર તો સ્નાનઘર છે. આ સિવાય રજાને દિવસે શહેરની બહાર લઇ જવાની મ્યુનિસિપાલિટિ તરફથી વ્યવસ્થા છે.

ચિકિત્સાની અંદર દમના રોગી પર વીએ-

નામાં વધારે સારી રીતે ધ્યાન આપવામાં આવે છે. કારણ દમનો રોગ વીએનામાં ઘણો પ્રબળ છે. મ્યુનિસિપાલિટિનાં, દમના રોગી માટે ચિકિત્સાલય તથા ક્ષયના રોગીને માટે રહેવાનાં ઘર છે.

જે કુટુંબમાં ક્ષય થયો હોય ત્યાંથી બાળકને દૂર લઇ જવામાં આવે છે, જેથી રોગ બાળકમાં પ્રવેશી ન શકે.

એ બધાં બાળકોનો ખર્ચ મ્યુનિસિપાલિટિ જ આપે છે. માત્ર ચિકિત્સાલયમાં રોગ નિવારણ કરવો એટલું જ નહિ પણ સ્વાસ્થ્યકર આહારવ્યવસ્થા, રજામાં શહેરની બહાર ફરવા લઇ જવાનું વગેરે લોકહિતનાં કામોનો પણ ભાર ગ્રહણ કર્યો છે. આથી શહેરની મૃત્યુસંખ્યા ઘણી જ કમી થઇ ગઇ છે.

બંગાળી ઉપરથી અનુવાદકઃ
ર.

શા માટે મારો છો ?

: ૧ :

"તમે પૂછો છોઃ 'શા માટે મારો છો?' પણ મારું નહિ તો કરું શું ? આ આવડી ચાર વરસની સવિતા છે પણ સાંવ અણઘડ છે. હવે અમારી હાલત તો જાણો છો. ચોમાસું માથે આવ્યું છે; આખા ઘરમાં પાણી ટપકે છે. આ વરસે ચળાવી પણ નહિ શકાય. સવિતાના બાપાને આજ બે મહિના થયાં તાવ આવે છે, ઉતરતોયે નથી. આજ સવારે વૈદરાજને ત્યાં ગઇ હતી. કોણ જાણે કેવી દવા આપે છે ! ઘી દૂધેય કયાંથી ખવડાવવાં ? ચંદુ આજ ચાર મહિના થયાં, કલકત્તા નોકરી કરવા ગયો છે. તેનો કંઇ કાગળ નથી, એટલે મનમાં એયે અશાંતિ. ઉપર એની વહુને ત્યાં સારું ટાણું છે. ભગવાન લાજ રાખે. કોણ જાણે કેમ પાર ઉતરશે ? ઓછામાં પૂરું સવારથી ચૂલો ફૂંકી ફૂંકીને માથું પાકી ગયું છે. લાકડાંયે બળ્યાં સળગતાં નથી ! હવે મેં, માંડ ટીપું ટીપું કરીને, કોરું ખાઇને ઘી સાચવ્યું હતું તે સવિતાએ ઢોળી નાખ્યું ! બીજ ન ચડતી હોય તોયે ચડે. પછી મેં તો બૂમ મારી. મારે નહિ તો કરે શું ? હવે એને રડતી જોઇને મને રડવું આવે છે ! પણ ભગવાન અમને મારે ત્યાં પછી કેટલીક ધીરજ રાખવી ? હું પણ માણસ છું. આવું થાય છે ત્યારે મારાથી તો મરાઇ જવાય છે. તમે પણ મારી જગ્યાએ હો તો બબર પડે. ઘણું થાય ન મારું, ન મારું, પણ મરાઇ જવાય છે."

: ૨ :

"હવે એ છોકરાને તો મારવો જ પડશે ! ગરીબ માણસના છોકરાને આવા કજીઆ પાલવે ? કોણ જાણે નોકરીય મને કેવી મળી છે ? જાણે ધાણીનો બળદ. અરે, એ પણ મારા કરતાં સુખી હશે ! કામમાંથી છૂટે એટલે એને તો નિરાંત. આ તો ઘેર આવો ત્યાં રોજ કંઇ ને કંઇ ચીજ લેવાની. શેઠ પણ એવું કામ સોંપે કે ઘેર વખતસર પહોંચીએ તો ભાગ્યશાળી. થાકયાપાકયા ઘેર પહોંચીએ ત્યાં છોકરો કજિયો કરવા માંડે : "હાલો, બાપા ફલવા જઇએ ! બાપા, ખાવાનું લઇ ઘોને ! હું, બાપા, પેલું રમકડું લઇ દો છો ? મને જોઇએ છે !" અહીં પગાર માંડ બે મહિને ચકતા

હોય, તેમાં મોદીના કે કપડાંવાળાના આંકડાયે પૂરા નથી ચૂકવાતા. ત્યાં આજે વળી નવું તૂત જાગ્યું. પાડોશવાળા નારણજીભાઇ પોતાના છોકરાને કાલે સિનેમા જોવા તેડી ગયા. એટલે આજ સવારથી ભાઇએ કજિયો માંડ્યો છેઃ "માલે છિનેમા જોવો છે!" સવારે માંડ સમજાવ્યો કે 'ભલે, સાંજે તેડી જાઇશ.' નારણજીભાઇને એમ નહિ જે બે છોકરા ભેળા રમે છે, તે બેયને તેડી જાઉં. તે તો પૂરા મચ્ચીચૂસ. પણ એમનોયે વાંક નહિ. સાચવે કયાં? પણ હવે આવ્યો છું ત્યારથી હઠ લઇને બેઠો છે. કેમે સમજતો નથી. મનમાં થયું કે એકાદ પૈસાની રેવડી લઇને સમજાવું. ખીસામાં જોઉં ત્યાં, માંડ બે આઇલ ચાલી, ટ્રામમાં ન બેસી એક આનો બચાવ્યો હતો તે જ ન મળે, કોઇક નગ્મોદ્દિયો ઉપાડી ગયો કે કોણ જાણે કયાં પડી ગયો! કટલો ગોત્યો! મેં ગોત્યો, એની માએ ગોત્યો પણ જવાનો હોય તો જડેને! અને આનો-સૂવરનો કજિયો ચાલુ જ છે! હવે તો, ખરેખર છોકરાને મારવો જ પડશે! પછી થાશે શું? રોઇ રોઇને સૂઇ રહેશે, એની મા રોશે ને મારૂંયે અંતર રોશે! રાતે નીંદરમાં એ ડસકશે, ધણીયે બચ્ચીઓ લેશું, પંપાળશું, પસ્તાવો કરશું. જાણીએ છીએ બધું, પણ બીજ એવી છે, મરાઇ જવાય છે. પહેલાંએ બે ત્રણવાર એવું બન્યું છે, ધણુંયે થાય છે નહિ મારૂં, નહિ મારૂં પણ આમ બોટા કજિયા કરે ત્યારે શું કરવું?

: ૩ :

"હવે, લગાવ્યા વિના છૂટકો નથી! ઓહોહોહો! ભ...ઇ; કહ્યું કે ગોમતીબેનને ત્યાં ન જમાય. એ રહ્યાં લુવાણાં, આપણે કેવાઇએ નાગર! આવડી મોટી અઢી વરસની થઇ પણ હજી કોનું ખવાય, કોનું ન ખવાય એ જ ખબર નથી. ભલા, જોઇ, અમે કોઇ દિ' પાણી યે પીએ છીએ! એને ત્યાં લાડવા કર્યા છે તેમાં શું? કેમ જાણે લાડવા કોઇ દિ' ન દીઠા હોય! આપણે ત્યાંય કરશું. બાકી હમણાં કેમ થાય? મોટા કાકાના વિનુભાઇ હમણાં ગુજરી ગયા છે ને એટલે હમણાં લાડવા ન થાય, હોં!

"વળી પાછી એની એ વાત? તને કહ્યું ને કે ગોમતીબેનને ત્યાં ન ખવાય! કહ્યું માનતી કેમ નથી, રાંડ! હવે ત્યાં ગઇ છો તો ચામડી ઉતરડી નાખીશ. ગોમતીબેન પાછાં એવાં, કે ના ન પાડે. મોટાં ડાહ્યાં! કહે છે કેઃ 'આવડાં છોકરાંને નાતની શું ખબર પડે?' એ તો સંસ્કાર પાડ્યા હોય એવા પડે! ને કોઇ જોઇ જાય તો કેવું લાગે! જો, ખબરદાર, ગઇ છો તો તારી વાત તું જાણી છો! તારો ઉપાડોયે બહુ વધી ગયો છે! હવે, લગાવ્યા વિના છૂટકો નથી?"

: ૪ :

"પછી, તો મારે એક લગાવવી પડી! કહ્યું કે 'જો ભાઇ, આજે બાપાનું શ્રાદ્ધ છે, સાર્યા પહેલાં કંઇ ખવાય નહિ, ગોર મહારાજ આવે ત્યારે નાહી ધોઇ અબોટિયું પહેરીને બેસજે. કોઇ કપડાંને અડી ન જવાય. ધ્યાન રાખજે, ધ્યાન રાખજે, ધ્યાન રાખજે! વાળી વાળીને કહ્યું હતું, પણ ધ્યાન કોણ રાખે! બે વખત ફરી નવરાવ્યો તોયે પાછો બેફકરો વગરઘોયેલાં

ધોતીઆંને અડી ગયેા. જમવા બેઠેા ત્યાં છેવટ સુધી ધીરજ રાખીને છેવટે સંકલ્પ હજી પૂરેા ન કરાવ્યેા ત્યાં કાળિયેા ભર્યો ! પછી, તેા ઉપાડીને ગાલવાળી એક દેવી પડી ! બ્રાહ્મણનેા દીકરેા થયેા છે, આચારની તેા ખબર જ નથી ! આવડેા મેાટેા ઢગેા થયેા તેાયે બેાધેા જ રહ્યો. કેવું હોંશથી જમણ કર્યું હતું ! દૂધપાક, પૂરી. પણ ઝેરજેવું થઇ પડ્યું. એણે ન ખાધું, એટલે એની માએ ન ખાધું, નહાંનાં છેાકરાં પણ બીકમાં પુરૂં ન જમ્યાં, મારાથીયે ક્રોધમાં કંઇ ન ખવાયું, બેવકૂફે એવું કર્યું કે પછી મારે લગાવવી પડી ! ”

કાન્તિ

મારાં બાળપણનાં સંસ્મરણેામાંથી

[એક મિત્રના બાલ્યકાળના સંસ્મરણેામાંથી થેાડીએક સ્મૃતિઓ અહીં ઉતારી છે. આ સ્મૃતિઓ કેવી કડવી મીઠી છે અને તે શાથી તેવી છે તે આજના સમજુ વાચકેાને ટિપ્પણ દ્વારા સમજાવવાની જરૂર નથી. બાળકેાને જ્યારે માબાપેા અથવા અન્ય જનેા સમજતાં નથી ત્યારે તેઓ કેવાં હિઝરાય છે તે જોઇ શકાશે. આ સ્મરણેા ૫૦ વર્ષનાં જૂનાં છે. પરંતુ હજી પણ બાળકેાની સ્થિતિ મેાટે ભાગે આવી જ છે અને માબાપેા અને શિક્ષકેા ચેતે નહિ, સુધરે નહિ તેા આવી સ્થિતિ ૫૦૦ વર્ષ સુધી પણ ચાલ્યા કરે. આવી સ્મૃતિઓની કિંમત બહુ છે. આપણી બાલ્યજીવનની વસ્તુસ્થિતિ પ્રત્યે આંખ ઉઘાડવા જેટલે અંશે આ સ્મૃતિઓ ઉપયેાગી થાય તેટલે અંશે તે આપણને કામની છે. તંત્રીઓ]

મને મ્હારાં વહાલાં બાએ પેાતાના વહેમી સ્વભાવને લીધે અથવા મારા ઉપર તેમની અથાગ મમતાને લીધે વાત્સલ્ય ઘેલછાથી કહેા કે લાડકેાડથી કહેા—પણ મને ઘરને ખૂણે જ એટલેા બધેા રાખેલેા કે તેને લગતેા એક પ્રસંગ હજી મને દૃષ્ટાંત તરીકે સાંભરે છે. એક વખત અમારાં જુનાં પાડેાશીમાંનું એક જણ લાંબેા વખત પરદેશ ગએલું. તેનું નામ મને ખબર નથી. તેઓ ચાર પાંચ વરસે પાછાં આવતાં મને મારી બાના બેાળામાં લગભગ સાતેક વર્ષનેા જોઇને કહ્યું હતું કેઃ “ આવડા મેાટા દીકરાને તમે આજ સુધી કયાં સંતાડી મૂકયેા હતેા ? હું તેા તેને આજે જ પહેલવહેલેા દેખું છું. ” મારી બાનેા વહેમી સ્વભાવ અને નજર પડવાની તેને બીક, તેથી અજાણ્યાં માણસની નજરે જ મને તે પડવા નહેાતાં દેતાં. આથી કરીને હું ઘરખૂણીઓ અને એકાન્તપ્રિય બાળક બની ગયેા. મને અજાણ્યાંની બહુ શરમ લાગતી અને અજાણ્યાં સાથે બેાલવું પણ મને ગમતું નહિ. હજી પણ એ સ્વભાવનેા ઘણેા અંશ મારામાં છે.

* * *

મારા ઘરની અને નીલકંઠ મહાદેવની સરહદ બહાર દુનિયા તેા ઘણી મેાટી છે તેનું મને આજે પહેલું જ ભાન થયું. સ્ટેશને ગાડીઓની ધમાલ, માણસેાની ગિરદી અને દોડાદોડ મારી પ્રથમની ઉઘડેલી નજરે એવી તેા અજબ લાગી કે તેનેા ખ્યાલ કરતાં હું તે વખતે છેક મૂંઝાઇ ગએલેા. અને એવી મૂંઝવણમાં મને પરસેવાની ઝરીયેા વળી ગઇ. તે જોઇને “ મને

શું થાય છે ?" એમ મારાં સૌ. મણિબહેન પૂછવા લાગ્યાં, પણ "મને ધામ થાય છે." એટલું કહેવા ઉપરાંત હું બીજો કશો ખુલાસો તે વખતે આપી શકેલો નહિ.

* * *

અમારાં ખેતરો કે વાડીઓની તપાસ માટે જ્યારે મારા પિતાને જવાનું થતું ત્યારે હું તેમની સાથે ખેતર જતો. આ બહારની દુનિયાના દેખાવથી મારામાં કંઈક જાદુઈ અસર થએલી. ખેતરોની હરિયાળી ભોંય, વિશાળ પથરાઈ રહેલી નિસર્ગલક્ષિત ભૂમિ, નિઃશંક ચરતાં પશુઓ, સાંજ અને સવારને વખતે આકાશમાં ઘડીક ગુલાબી, ઘડીક નારંગી, ઘડીક લાલ, ઘડીક ભૂરા, એમ વિચિત્ર રીતે બદલાતા અને મિશ્ર થતા રંગો—એ બધું મને જોવું બહુ ગમતું.

વાદળાંના બદલાતા રંગ અને ઘાટ તો હું ધારી ધારીને જોયા જ કરતો. કોઈવાર એવી કલ્પના કરતો કે જાણે કાળી પલટનનું લશ્કર બંદુકો લઈને કૂચ કરતું પશ્ચિમ દિશાના પડમાંથી ધીમે ધીમે ઉપર આવતું જાય છે. પછી જ્યારે વધારે કાળાં વાદળાંની આથમણી તરફ જાડી કિનારી બંધાઈ જતી ત્યારે હું એવો ખ્યાલ કરતો કે હવે એ લશ્કર કિલ્લા બાંધીને કિલ્લાની પછવાડે સંતાયું હશે. પછી ગડગડાટ અને વીજળીના ચમકારા સાંભળું ને દેખું ત્યારે એવો ખ્યાલ કરતો કે હવે એ લશ્કર દુશ્મનો ઉપર તોપોના ગગડાટ કરે છે ને તલવારો ચમકાવે છે. એટલામાં તો અનરાધાર તીરોની માફક મેઘની વૃષ્ટિ થતી અને આખી પૃથ્વીની સાથે મારું હૈયું પણ આનંદથી ભીંજાઈને તરબોળ થતું.

પછી આવાં વાદળાં થઈ જવાથી ઘડીક છાંયો અને ઘડીક તડકો થતો ત્યારે મને એવું લાગતું કે—જાણે સૂરજ મારી સાથે પકડાપકડીની અને સંતાકુકડીની રમતો રમે છે. એ વખતનાં બધાં સ્મરણો તો મને અત્યારે યાદ આવતાં નથી. પણ એ બધાં બાળ સ્મરણો, અને બાળ કલ્પનાઓ, અને બાળ સ્વપ્નાંઓની જો હું તે વખતે નોંધ લઈ શકયો હોત તો આજે તે એક અપૂર્વ કાવ્યતરંગાવલિ તરીકે જરૂર બપત એમ મને લાગે છે.

* * *

મને ભાવનગર સ્ટેશનમાં મૂંઝારો થઈ ગયો હતો એવું મારાં બહેને મારે ઘેર પત્રથી લખ્યું હશે તેથી મારાં બાનો જીવ તો તલપાપડ થઈ રહ્યો હતો, અને મને જરૂર કોઈની નજર પડ્યાનું તેમણે માની લીધું હતું; અને હું સાજો નરવો ઘેર આવું ત્યારે રૂદ્રીઓ કરાવીને બ્રાહ્મણ જમાડવાની તેમણે માનતા પણ માનેલી. મને એક અઠવાડીઆ પછી સાજો સારો ઘેર આવેલો જોઈ તુરત તો મારાં બાએ મારે માથેથી મીઠું ઉતારીને આગમાં નાખ્યું, મને શંકર વિભૂતિની રક્ષા કરી, અને થોડીક વિભૂતિ પાઈ પણ દીધી. પછી બીજે દિવસે રૂદ્રીઓ કરાવી ને બે ત્રણ બ્રાહ્મણને જમાડ્યા.

* * *

કોઈ કોઈવાર હું નિશાળે જવાનું મન કરવા લાગેલો તેથી મારા ઘર પાસેની એક ધૂડી નિશાળે જવાની મને છૂટ આપવામાં આવી. ફરજીઆત શિક્ષણનો બોધ તો મારાં વત્સલ માતુશ્રીએ મને કદી આપ્યો જ નહોતો. હું સ્વેચ્છાથી બે ચાર વખત એ ધૂડી નિશાળે

ગયેા. પણ ચકુ મહેતાના ચામડાના લાંબા ચાબકાથી બ્હીને ચમકી જઇ હું પાછેા ઘરનેા જ વિદ્યાર્થી થઇ રહ્યો.

દરબારી સવારીનેા એક મકનેા હાથી ગાંડેા થઇ ગયેા હતેા, તેને જોવા હું મારા પિતા સાથે એકવાર ગએલેા. એ હાથી તેની સૂંઢના છેડાથી પૂંછડીના છેડા સુધી જેટલેા લાંબેા હતેા તેટલેા લાંબેા ચકુ મહેતાનેા ચાબખેા મને લાગેલેા. અને એ હાથી તેાફાની થવાથી જેવેા ક્રૂર અને વિકરાળ લાગતેા હતેા એવેા જ એ ચાબખેા મને વિકરાળ લાગેલેા. અને પછી પણ જ્યારે મને તે હાથી સાંભરતેા ત્યારે ત્યારે એ ચાબખેા પણ સાંભરી આવતેા.

ભૌગોલિક અજ્ઞાન

'હેં બેન, ચીના લેાકેા યુરેાપીઅન કહેવાય ના ?'

'હેં ગિજુભાઇ, લંડન જાપાનમાં આવ્યું કે ?'

'હેં મેાટાભાઇ શાન્તિનિકેતન આફ્રિકામાં આવ્યું ના ?'

ઉપરના ત્રણે પ્રશ્નો પૂછતા મેં કાનેાકાન સાંભળ્યા છે. પૂછનાર એક બુદ્ધિશાળી વ્યવહારકુશળ શિક્ષકનાં અઠ્ઠાવીશ વર્ષનાં પુત્રી છે.

પ્રશ્નો સાંભળતાં જ હું હેબતાઇ ગયેા. મારી નવાઇનેા તેા પાર જ ન હતેા. હું માની જ ન શકયેા કે સાચે જ આ પ્રશ્નો અજ્ઞાનને લીધે જ હશે. મને પ્રથમ તેા વિનેાદ જ ભાસેલેા.

ત્યારથી હું આ બાબતમાં તપાસ કરવા લાગ્યેા. મારી ખાત્રી થતી જાય છે આવી એક નહિ પણ પણ અનેક બેનેા છે કે જેઓને ભૂગેાળનું સામાન્ય જ્ઞાન નથી. આ બેનેા અભણ નહિ પણ ભણેલી છે. જેમણે નિશાળમાં ભૂગેાળનેા અભ્યાસ કરેલેા છે તે છે.

વિના આનાકાનીએ આપણે કબૂલ કરવું જોઇશે કે પ્રાથમિકશાળામાં અપાતું ભૂગેાળનું શિક્ષણ નિષ્ફળ જાય છે. એકલી નિષ્ફળતા જ નથી. એની સાથે જ ભણનારના સમયની અને જીંદગીની પણ નિષ્ફળતા જ છે.

ભૂગેાળનું ભણતર નકામું જાય છે. એનું કારણ ભૂગેાળનેા અભ્યાસક્રમ, ભણાવવાની રીત અને સાધનેા છે.

નાની ઉંમરે બાળકેાને જે ભૂગેાળ સંબંધે પ્રશ્નો પૂછવાનું સહેજે મન થાય છે તે પ્રશ્નોનેા ઉત્તર ભૂગેાળની શરૂઆતની ચેાપડીમાં કયાંઇ નથી. ભૂગેાળનેા અભ્યાસક્રમ નદીઓનાં નામેા, ડુંગરેાના નામેા, પ્રાન્તેા અને રાજ્યની રાજધાનીનાં ગામેાનાં નામેા શીખવે છે. બાળકેાને તેની કશી પડી નથી. બાળકેાને પ્રશ્ન થાય છે કે ડુંગરા કેાણે કર્યા હશે અને કેમ થયા હશે ? નદી કયાંથી આવતી હશે ? ધેાળા લેાકેા, કાળા લેાકેા, ચીબા લેાકેા કયાંના હશે ને કેમ હશે ? દિવાસળીનું બાકસ, પેન, હેાલ્ડર, પાટી કયાં થતી હશે અને કેમ આવતી હશે? રેલગાડીઓ રેાજ કયાં જતી હશે ને કયાંથી આવતી હશે ? વગેરે અનેક પ્રશ્નો તેના મનમાં આવે છે. આવા પ્રશ્નોને સંતેાષવાનેા અભ્યાસક્રમ આજે નથી.

અને તેથી ઉપર મૂકયા તેવા પ્રશ્નો ૨૮ વર્ષે પણ પૂછવા પડે છે. જ્યાં બાળકોની સમજણમાં ભૂતળનો પૂરો ખ્યાલ આવેલો નથી ત્યાં તો તેને એક સાથે ફેંટલાય દેશો ને તેના ગામોનાં નામો શીખવા પડે છે. પરિણામે નામોનો ગોટાળો એટલે ભૂગોળનું જ્ઞાન. એટલું જ તેના મનમાં રહે છે. ખરાબ અભ્યાસક્રમ છે છતાં નિશાળના શિક્ષકોએ જો ધાર્યું હોત તો તેઓ સારી ભૂગોળ શીખવી શકયા હોત. પણ તેઓએ સારી ભૂગોળ શીખવવાનું કાંઇ પ્રયોજન છે ખરું? તેઓ પરીક્ષાની સામે જોઇ ચાલે છે. તેમના મગજમાં ભૂગોળના જ્ઞાનનાં ફોતરાં અને કૂચા છે, તેમનાં પેટમાં ભૂખના ગલુડીયાં બોલે છે, તેઓ અનેક આધિ ઉપાધિથી ઘેરાએલા છે. તેમની પાસેથી શી આશા રાખવી?

એમ ન હોય તો ગમે તેવો ખરાબ અભ્યાસક્રમ હોય તો પણ સારો શિક્ષક ઘણું બતાવી શકે. સારો શિક્ષક અભ્યાસક્રમની બેડી તોડી નાખીને સ્વતંત્રપણે જ્ઞાન આપે. પરીક્ષા વિષે બેપરવા રહ્યા વિના બરી પરીક્ષાને હિસાબે જ તે શીખવે. પણ સારા શિક્ષકોને કોઇ ભઠ્ઠીમાં તૈયાર કરવા?

સ્થિતિ આવી છે. વાંક કોનો? તો કે' દાતરડાનો. અને છતાં આપણાં બાળકો ભૂગોળમાં આવું જ્ઞાન ધરાવે, તે અસહ્ય છે.

ભૂગોળ રાજકારણી વિષય જેટલો જ મહત્ત્વનો વિષય છે. એ શાળામાં જ શીખવી શકાય એ માન્યતા ભૂલ ભરેલી છે. જ્યારથી શિક્ષણ શાળામાં ગયું ત્યારથી આ ખોટી માન્યતા પેદા થઇ છે.

બરી રીતે દરેક ઘરમાં થોડી ઘણી ભૂગોળ તો શીખવી જ શકાય. ઘરના જે માણસે નાના મોટા પ્રવાસો કરેલા હોય તેની વાતો તેઓ બાળકોને કહી શકે. તેઓ વારંવાર વેપાર રોજગાર અર્થે જ્યાં ત્યાં જતા હોય ત્યાંની વાતો કરી શકે. આજકાલ છાપાંઓ દુનિયા આખીની વાતો કરે છે. છાપાંઓ બાળકો પણ વાંચી શકે છે તેના સાદા બનાવો કયાં-કઇ જગાએ-બને છે તે તરફ ઘરનાં માણસો-છાપાં વાંચવાવાળા તેમનું ધ્યાન બેંચી શકે છે. ઘરમાં એક નકશો વસાવવો જોઇએ. પૃથ્વીનો એક ગોળો હોય તો તો ઘણું જ સારું. માબાપો નવરાશની વેળાએ બાળકો સાથે ભૂગોળના વિષયની ગમ્મત કરી શકશે. અથવા તો માબાપો બાળકો સાથે નવેસરથી ભૂગોળનો વિષય શીખવા લાગશે.

માબાપોના પ્રશ્નો

માબાપો માટે નીકળતા એક અમેરિકન માસિકમાં દર વખતે 'માબાપોની મૂંઝવણો'ના સાત આઠ પ્રશ્નો આવે છે. પ્રશ્નો ઝીણા ઝીણા હોય છે છતાં તે માબાપોને મૂંઝવનારા લાગેલા, ને તેમાંથી માબાપોએ પોતે કઇ રીતે રસ્તો કાઢયો. તે પણ માબાપો આપે છે. કેટલીએક વાર તેમણે કાઢેલો રસ્તો સાચો હોય છે ને કેટલીએક વાર નથી પણ હોતો. પરંતુ આવા આવા પ્રશ્નો ત્યાંના માબાપો આગળ ઉભા થાય છે ને તેનો ઉકેલ કેવી રીતે આણવો જોઇએ તેનો તેઓ વિચાર કરે છે. તેઓ પોતાના બાળકોના હિત-હિત સંબંધે એટલી ચિંતા ને સંભાળ રાખે

છે એ વાત ખરેખર અભિનંદનીય છે. નમૂના તરીકે થોડાએક તેમના પ્રશ્નો અહીં આપ્યા છે. કેટલાએક ત્યાંની રહેણી કરણીમાંથી ઉત્પન્ન થએલા હોય અને કેટલાએક તેમના સામાજિક રીતરિવાજમાંથી ઉત્પન્ન થએલા છે. આપણે ત્યાં આપણી રહેણી કરણીમાં ને આપણા સામાજિક જીવનમાં પણ બાળકોને લાગતા ઘણા પ્રશ્નો, ઘણી ગૂંચવણો, ઘણી મૂંઝવણો હોઇ શકે છે. પણ હજી આપણે બાળકો વિષે પૂરતો વિચાર પણ કરવા લાગ્યા નથી તેથી તે મૂંઝવણો પ્રશ્ન તરીકે કે એક વિચારવા જેવી બાબત તરીકે આપણને દીસતી જ નથી.

નીચે આપેલા પ્રશ્નો વાંચી માબાપોને પોતાને તેના જેવી મુશ્કેલીઓ ઉભી થાય છે કે કેમ, ને થાય તો આપણે શું કરવું જોઇએ તેનો વિચાર કરવાનું મળશે. આવતા અંકમાં પ્રશ્ન મોકલનાર માબાપોએ પોતે તે બાબતોમાં શા ઉપાયો લીધા હતા ને શું પરિણામ આવ્યું હતું તે જણાવીશું. **તંત્રી**

૧. એક માતા લખે છે: "બીજી બાઇ-ઓને હું તેમના બાળકોના હાથમાંથી વસ્તુઓ ખેંચી લેતાં જોતી ત્યારે મને તે ન ગમતું. તેથી મારા બાળક પરત્વે તેમ મારે ન કરવું તેનો શો ઉપાય કરવો તે મને એક પ્રશ્ન થઇ પડ્યો."

૨. બીજી માતા પોતાની મૂંઝવણ વર્ણવે છે: "મારો પ્રશ્ન તો એ હતો કે મારા છોક-રાઓ આખો દિવસ બંદુક ને તલવાર ને એવી જ રમતો રમ્યા કરે છે. એ જ બનાવે છે ને એનાથી મારવાની જ વાતો કરે છે. સવારથી સાંજ સુધી વખત મળે કે બસ બંદુક ને તલવાર. મને થયું કે આ તો ઠીક નથી. આ બંધ થવું જોઇએ. તો કેમ કરવું?"

૩. એક બીજી માતા જણાવે છે કે તેના બાળકનું ટૉન્સીલ્સ કઢાવવાનું ઑપરેશન થવાનું હતું. ને તેને પ્રશ્ન થઇ પડ્યો કે ઑપરેશનની બાળકને બીક ન પેસી જાય તે માટે તેણે શું કરવું?"

૪. એક માતાને મૂંઝવણ થઇ કે તેનું ત્રણ વર્ષનું બાળક અતિશય શરમાળ છે. બીજા બાળકોની સાથે પણ હળતું ભળતું નથી તો તેને માટે શું કરવું જોઇએ?

૫. એક ૭ વર્ષનો છોકરો પોતાની ચીજ વસ્તુ અને કપડાં બરાબર વ્યવસ્થિત રીતે યોગ્ય સ્થળે મૂકતો ન હતો; તે તેને કેમ શીખવવું જોઇએ તે તેના માબાપો વિચારવા લાગ્યાં ને તે માટે યોજના ઘડવા લાગ્યાં.

૬. જ્યારે એક ત્રણ વર્ષની ચંચળ રમ-તિયાળ છોકરીની માનો પ્રશ્ન આ છોકરીને પાંચ મિનિટ પણ શાંત બેસતી કેમ કરવી તે હતો. છોકરી સ્થિર બેસી જ જમે પણ નહિ.

૭. વિલ્યમની બાની મૂંઝવણ તો સાડા ત્રણ વર્ષનો વિલ્યમ જ્યારે અતિશય ક્રોધાવશ થવા લાગ્યો ત્યારે શરૂ થઇ. સામાન્યતઃ વિલ્યમ સમજે ને માને એવો ભલો છોકરો છતાં વચ્ચે વચ્ચે તેને ક્રોધનો એવો આવેશ આવે કે તેની બાને માટે તે એક પ્રશ્ન ઉભો થયો.

૮ નાનું બાળક જ્યાં ત્યાં ને જ્યારે ત્યારે પેસાબ કરે છે તેથી બધાં કપડાં બગડે કે જમીન બગડે, એટલે તેમ ન થાય માટે શું કરવું એ એક બીજી માતાનો પ્રશ્ન.

પત્રવ્યવહારમાંથી

૧ : શિક્ષક શું કરે ?

નહાનો હતો ત્યારે જે શિક્ષકના હાથ નીચે હું શીખ્યો હતો, તે શિક્ષક એક દિવસ મને રસ્તામાં સામા મળ્યા. એમ તો અવારનવાર તેઓ મને મળતા અને મારી સાથે કંઈક કંઈક વાતો કરતા પણ તે દિવસનું મળવું તો અગત્યનું જ લેખાય. કોઈ વેળા નહિ ને તે દિવસે જ અમો બન્નેએ છૂટથી વાતો કીધી. થોડીક અંગત વાતો પછી તેઓએ મારી સમક્ષ એક વાત કહી, જે સાંભળી મને લાગ્યું કે આ હકીકત બાલશિક્ષણમાં રસ લેનારાને મહત્ત્વની લાગશે તેથી તે ઉતારીને મોકલેલ છે. તેમણે આમ શરૂઆત કરીઃ—

"તમે બાળકોના હિતેચ્છુ બની તેમની જે તરફદારી કરો છો અને અમો શિક્ષકોને મોટે ભાગે દોષ દો છો તો હવે કહો કે આ બીનામાં તમારૂં શું માનવું છે ?

"મારી નિશાળમાં એક શ્રીમંત માણસના બે બાળકો ભણવા આવે છે. બન્ને જણા તેમની શક્તિ અને ગુંજાસ મુજબ ભણવામાં અને અભ્યાસમાં ઠીક છે. એક બીજી ચોપડી ભણે છે જ્યારે બીજો નહાનો હજી બાળપોથીમાં જ છે. રહ્યા બાળક, એટલે મસ્તી તોફાન તો કરે જ. પણ બિચારા મારી ધાકથી બહુ જ ડરે. મસ્તી તોફાન કરે ને જો તેમની બાં કહેઃ 'જો, જો, છોટાલાલ માસ્તરને કહી દઈશ.' તો તેઓ ડરી જાય ને મસ્તી તોફાન કરતા અટકી જાય.

'અવાર નવાર હું મારી નિશાળમાં આવતા વિદ્યાર્થીઓના માબાપને મળતો, તેમના બાળકો વિષે થોડી બહુ વાતો કરતો અને તેમની જે ફરિયાદ માબાપો તરફથી સંભળાવવામાં આવતી તે સાંભળતો. ચારેક દિવસ ઉપર હું તે બે બાળકોને ઘેર ગયો. બાળકો તે વેળા ઓસરીમાં લખોટે રમતા હતા ને રમતમાં બાળકો લડી પડે તેમ એક બીજાથી લડી પણ પડતા હતા. મને દેખતાંની સાથે બાળકો ગભરાયા. એકદમ મને જોઈ નાઠા ને ઘરમાં આવી ચૂપચાપ બેસી ગયા. હું તો તેમને ઘેર જ જતો હતો, એટલે ત્યાં ગયો. મેં તેમની માતા જોડે વાતોચીતો કરી, અને પૂછ્યું, 'કેમ, બ્હેન ! કંઈ બાળકોની ફરિયાદ તો નથી ને ?"

"અરે, ફરિયાદનું તો પૂછવું જ શું ? માસ્તર, તમે તો આજે લગભગ ચાર મહિને પૂછવા આવ્યા. તે દરમીઆન તો એક પણ વખત તપાસ કરવા આવ્યા જ નથી. એટલે એ છોકરા તો બહુ જ છાપરે ચડી ગયા છે. જુઓ છો ને ! આખો દિ' ઘરમાં ધીંગામસ્તી, લડાલડી અને મારામારી સિવાય બીજો ધંધો જ નથી. જ્યારે જુઓ ત્યારે હાથમાં લખોટા તો હોય જ. આજ સુધીમાં કંઈ લખોટાનો ઢગલો ભેગો કર્યો છે ! તેમના બાપા પાસેથી અને મારી પાસેથી પૈસા લઈ જાય ને તેના લખોટા જ લઈ આવે ! પચીસેક લખોટા ભેગા કર્યા છે. કોઈના ધાકમાં રહેતા જ નથી. હું તો રાડો પાડી પાડીને થાકું ત્યારે માંડ ઘરમાં બાવા આવે. આને કપડા બદલતાં બદલતાં તો મારો અર્ધો જીવ

નીકળી જાય તેટલી મને હેરાન કરે. અને આખો દિ' શેરીમાં નીચે રસ્તા પર રખડતા જ હોય. બીજા છોકરા મારે એટલે રોતા રોતા આવે. પણ નીચે જાય છે શું કામ? નીચે જાય તો માર ખાઇને આવે અને માર ખાય એટલે માંડે એની માની પોક મૂકવા. હું તો તેમનાથી કંટાળી જ ગઇ છું, આગળ તો તમારા ધાકથી બ્હીતા, ને હવે તો કોને બ્હર તમારા નામ-નેય ગણકારતા નથી....."

"બાઇ તો હજી આગળ ખૂબ બોલત પણ મેં વચ્ચે પૂછ્યું: 'કહો બાઇ, તેમને હવે શું સજા કરવી છે?' ત્યારે બાઇએ કહ્યું: 'તમે એમને બપોરે રજા આપો છો શા માટે? ત્યાં જ નિશાળમાં બેસાડી રાખતા હો તો? આઠેક દિવસ એમ કરશો તો પોતાની મેળાએ ઠેકાણે આવી જશે.'

"મેં બાઇના કહેવા મુજબ કરવા કબૂલ્યું અને કહ્યું, 'જોજો, પછી તેડવા કોઇને ન મોકલતા. હું તેમને જરૂર આખો દિ' નિશાળમાં બેસાડી રાખીશ, તમે કોઇને તેડવા નહિ મોક-લજો. નહિ તો પછી તેઓ આ સજાને પણ ગણકારશે નહિ.' બાઇએ કબુલ્યું અને તેમને બાળકોના રમવાના બધાય લખોટા આપી દીધા. 'હ્યો લઇ જાવ એટલે કાંઇ ટળે.' આખો દિ' લોહી પી જાય છે!'

"હું રજા લઇ ઉઠ્યો ને બીજે દિવસે તેમને બપોરે છૂટી આપતી વેળા ઘેર નહિ મોકલતાં નિશાળમાં બેસાડી જ રાખ્યા. મેં તેમને ખૂબ ધમકાવ્યા અને 'ફરી જો તેમની ફરિયાદ આવશે તો નેતરે ફટકાવીશ' એમ પણ બ્હીક બતાવી. બિચારા બાળકોના મોઢાં તો સાવ લેવાઇ જ ગયાં. બિચારા વગર બોલ્યે એમ જ બેસી રહ્યા.

"આ બધું થયું તો થયું, પણ તે બિચારા બાળકોને જોઇ મારૂં મન કહેતું કે 'મેં આ ઠીક નથી કર્યું.' પણ અમારે તો માબાપો જેમ કહે તેમ કરવું જ જોઇએ.

"આવી દશા છે બાળકોની, માબાપોની અને અમો શિક્ષકોની."

ઉપર મુજબની વાત સાંભળી મને કાંઈક મારતરને કહેવાનું મન થયું પણ હું કંઇ કહેવા જઉં તેટલામાં તો પાસે રહેતા એક વિદ્યાર્થીના બાપે તેમને તેડાવ્યા, એટલે મને એમ જ વિચારમાં મૂકી તેઓ પોતાને ઠેકાણે ગયા.

૨ : એક શિક્ષક લખે છે:—

બાળકો પાંચ વર્ષ સુધી માબાપોની દેખરેખ તળે અને ત્યાર પછી શાળાના મહેતાજીઓને સ્વાધીન છે. શાળામાં જેવું વલણ શિક્ષકનું હોય તેનું અનુકરણ નહાનાં બાળકો કરે એ બનવા જોગ છે. અહીંની શાળામાં મહેતાજી અને એક આસિસ્ટંટ છે. તેઓ શાળામાં હોટેલ-માંથી ચહા મંગાવી ખુરશી ઉપર બેઠા બેઠા હમેશાં પીએ છે. એટલું જ નહિ, પણ બે દિવસ પહેલાં તો એક ધોબીનો છોકરો ગાંડીયા લાવ્યો અને તે ધોબી સ્ટૂલ ઉપર અને આસિસ્ટંટ ખુરસી ઉપર બેસીને જમ્યા. મહેતાજીને સોમવાર હશે તેથી જમ્યા નહિ. પણ પછી ચહા મંગાવી.

ગામડાંની શાળાઓમાં આવું ચાલે છે.

ઉપરી સાહેબોને આ રીતભાતની બીલ-કુલ બબર જ નથી. 'બાતો બાય અને ભરતો ભરે' એવું છે.

લોકો અજ્ઞાન કહેો કે બેદરકાર કહેો, અથવા ઉપરીઓ ભૂલેો પકડવામાં અથવા સુધારવામાં બેદરકાર છે એમ કહેો. ગમે તેમ હોય.

આ હકીકતોની સચ્ચાઇ શાળાના બાળકો પાસેથી જ કઢાવવી જોઇએ; એટલે વિઝીટર ઓચિંતા શાળામાં પ્રવેશ કરે અને પછી અમુક કારણેા બતાવી મહેતાજી તથા આસીસ્ટંટને શાળા બહાર મોકલે. પછી આસ્તેથી હુલાવી ફુલાવી બાળકોને પૂછે કે 'માસ્તર ચહા મગાવે છે તેમાંથી તમને આપે છે ? નાના માસ્તર આપે છે ? ગાંઠીયા મંગાવ્યા ત્યારે કોને કોને આપેલા ?' વગેરે પૂછવા જેવું છે.

હાલ તેા ઉપરીઓ શાળામાં આવવાની ખબર મોકલાવે છે એટલે શાળા સાફસુફ રખાવી છોકરાઓને સરખા બેસાડી શાંતિ સ્થાપે છે.

[નોંધ: ગામડાના શિક્ષકભાઇઓએ આવી સ્થિતિમાંથી મુક્ત થવું ઘટે છે. ઉપરી સાહેબોએ એ જોવાની જરૂર લાગે છે. જો ઉપરી સાહેબો બરાબર જાગૃત રહેશે તેા ગામડાની શાળાઓમાં આ ચાલી શકશે નહિ. તંત્રીઓ]

ટિકિટો મોકલો

પુકપોસ્ટ માટે એક આનાની ટિકિટ મોકલો એટલે નીચેની બે ચોપડીઓ તમારાં બાળકોને ભેટ મોકલાશે.

"સ્વદેશીની પ્રતિજ્ઞા"
"સૌને વંચાવો.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.

અંત્યજ પ્રેમીઓને

દર વર્ષે અંત્યજ ભાઇઓને વિના મૂલ્યે પત્રિકા પહોંચાડવા માટે અંત્યજ-પ્રેમી ભાઇબેનેા અમારા તરફ તેમના લવાજમ પેટેના નાણાં મોકલી આપે છે.

આ વખતે પણ જૂનાં અંત્યજપ્રેમી ભાઇબેનોએ અંત્યજો માટે નાણાં મોકલવાનું શરૂ કર્યું છે. પણ એટલેથી અંત્યજ ભાઇઓની જરૂરીઆતોને પહોંચી વળી શકશે નહિ.

વર્ષે એક જ રૂપીઓ આપીને અંત્યજ ભાઇઓને મદદ થઈ શકતી હોય, તેના ઘરમાં જ્ઞાનપ્રકાશ મોકલી શકાતેા હોય, અને તેનું પુણ્યફળ મેળવી શકાતું હોય, તેા શા માટે સેંકડો મધ્યમ સ્થિતિના માણસેા પણ અંત્યજોને આવી મદદ ન કરે ?

પત્રિકાના વાચકો! 'ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય.' તમારેા એક રૂપીઓ અંત્યજને બાર માસ સુધી શિક્ષણ પત્રિકા પહોંચાડશે. ગરીબોને માટે ફક્ત એક જ રૂપીઓ મોકલી આપેા.

પણ એકને બદલે હજાર રૂપિયા મોકલેા તેા પણ ઓછા તેા છે જ. અને હજાર મોકલી શકે તેણે એક ન જ મોકલવેા. તંત્રીઓ

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ સાતમું
૧૯૮૮

અંક ૬ ઠ્ઠો
શ્રાવણ

: તંત્રીઓ :

ગિજુભાઇ

તારાબેન

જેમ સંપત્તિમાં બે ભાગ છે—આસુરી અને દૈવી. તેમ જ મનુષ્ય સ્વભાવમાં બે ભાગ છે. એક દૈવી અને બીજો આસુરી. દૈવી સ્વભાવને શુદ્ધ, સાત્ત્વિક, સંસ્કારી, નિર્મળ અને ઉદાત્ત જ રુચે; જ્યારે આસુરીને અશુદ્ધ, અસાત્ત્વિક, જડ, અસ્વચ્છ અને ઉદ્ધતપણું જ ગમે.

શરીરબળથી, સૌંદર્યથી, જ્ઞાનથી, અને અનેક શક્તિઓથી માણસ રાક્ષસ હોય તો ભયંકર થઇ પડે છે; માણસ દેવ હોય તો પરમ હિતકર્તા થઇ પડે છે.

બાળકો અને પેટ

'હાથ પગ દોરડી ને પેટ ગાગરડી' એ જૂની ગુજરાતી કહેવત છે. હાથ અને પગ દોરડાં જેવાં પાતળાં હોય અને પેટ મોટું ગાગર જેવું હોય એવાં નાનાં બાળકો ઘણે ઠેકાણે જોવામાં આવે છે.

સામાન્ય રીતે માબાપો આ બાબતની દરકાર જ નથી કરતાં, ઘરની ડોશી કહે છે: 'એ તો છનકાનો બાપ પણ નાનપણમાં એવો જ હતો.' એટલે છનકાની બાને કે કોઇને કશું કરવાપણું રહેતું નથી. છનકાની દાદી કહેતી નથી કે એવાં બાળકોમાંથી કેટલાં બાળકોએ પોતાની પાંચ વર્ષની જીંદગી પણ પૂરી નથી કરી. જે દેશમાં બાળકો જીવ્યાં કેટલાં તેનો હિસાબ છે પણ મર્યાં કેટલાં તેનો હિસાબ નથી તે દેશ પડતી દશામાં અને અંધારામાં છે એમ સમજવું. આપણે ત્યાં પ્રણ એ જ સ્થિતિ છે. ફક્ત આવાં પેટાળાં બાળકોમાંથી કેટલાં મર્યાં તેનો હિસાબ કાઢવામાં આવે તો આપણે ચોંકી જઇએ. આપણે વિચારવા બેસીએ કે આ ભયંકર નુકસાન શી રીતે દૂર થાય.

ઘણા રોગોનું મૂળ પેટમાં હોય છે. જેનાં પેટ જ ખરાબ હોય છે તેઓ ધીરે ધીરે રોગોનું ઘર બને છે.

પેટ મોટું થવાનાં ઘણાં કારણો દાક્તરો આપી શકે અને તે માટે દાક્તરને પૂછી શકીએ. પણ ડોશીઓના શાસ્ત્રમાંથી પણ ઘણી બાબતો મળી આવે છે. ડોશીશાસ્ત્ર એટલે અનુભવશાસ્ત્ર. ડોશી કહેશે: 'છોકરું ધૂળ ખાતું થઇ ગયું હોય તો તેને લીધે પેટ વધે છે.' 'છોકરું' નાનપણથી બહુ ધાન-ખીચડી, ભાત એવો ખોરાક-બાતું હોય તો પણ તેનું પેટ વધે છે.' ડોશી કહેશે: 'છોકરાંને પહેલેથી કેડભેર બેસતાં શીખવવાથી પણ પેટ મોટું થાય છે.'

ગરીબ માબાપો કામમાં હોય અને છોકરું ઘરમાં પડ્યું હોય. ઘરમાં ઉંધું ચત્તું આળોટતાં બાળક ધૂળ ચાટવે ચડી જાય છે ને ધૂળ તેનો ખોરાક થઇ પડે છે. ગરીબ લોકોના ઘરમાં ઘી દૂધ અને એવો પૌષ્ટિક ખોરાક કયાંથી મળે? તેઓ છેક જ નાનપણથી બાળકને ખીચડી બાતું કરી મૂકે છે. પછી તે બાળક ધાનીયું બને છે અને તેનું પેટ વધે છે. દૂધ, કઠોળ, રાબ, લાળીયું શીરો એવું ગરીબ માણસ કયાંથી બનાવે?

અને હજારો માબાપો બાળકોને ઉછેરવાની કળા ભૂલી ગયાં છે. તેઓ બાળકોના ઉછેરના સ્વાભાવિક ક્રમને અનુસરતાં નથી. બાળક ચાલતું જ થવા માટે પ્રથમ ઉંધું પડશે. ત્યાર બાદ લાંબડભર થશે અને ત્યાર બાદ ધીમે ધીમે ઉભું થઇ ચાલવા માંડશે. પણ એ ક્રમને ધીરજથી કોણ અનુસરે? એટલે બાળકને જેમ તેમ કરી બેસતાં શીખવાડે છે. બાળકને કેડની નીચેના ભાગો ઉપર બેસાડવામાં આવે છે ને બાળક તેમ બેસી રહે છે. તે લાંબો વખત બેસી જ રહે છે અને ટગર ટગર જોયા કરે છે. તેને ઉભાં થતાં આવડતું નથી. અને ઉભા થવાની હિંમત પણ કરી શકતું નથી. તેને ઉંધું પડતાં કે લાંબડભર

ચાલતાં બીક લાગે છે. એટલે તે બેઠાડુ બને છે. તેને જરા પણ કસરત મળતી નથી. અને તેનું પેટ વધે છે. ગામડાની સારી હવામાં ઉપરનાં જુદાં જુદાં કારણોને લીધે બાળકોનાં પેટો વધેલાં જોવામાં આવે છે.

નબળા હાડકાંવાળાં બાળકોનાં પેટ પણ મોટાં હોય છે. તેઓનાં હાડકાં નબળાં હોઇ તેઓ ચાલવા દોડવાની કસરત કરી શકતાં નથી ને તેથી તેઓનાં પેટ વધી જાય છે.

બાળકોને દોડાદોડ કરતાં જોઇ આપણે ખુશી થતાં નથી પણ એને એનું તોફાન ગણીએ છીએ. ખરી રીતે બાળકો પોતાનું આવું શરીર વ્યવસ્થિતપણે કેળવવા પોતે પ્રયત્ન અને પ્રવૃત્તિ કરે છે. એને રોકી જ્યારે આપણે તેને શાળામાં કે ઘરમાં બેસાડીએ છીએ ત્યારે તેના શરીરને સુઘટિતપણે દૃઢ કરવાને બદલે માંદલું અને કઢંગું બનાવીએ છીએ. દોડવાથી, કૂદવાથી, કે નાચવાથી, વધેલું પેટ સરખું થવાની મોટી વકી છે.

મોટું પેટ એ પીડા રૂપ, ભાર રૂપ અને કઢંગું છે તેમ જે પેટમાં ખાડો હોય છે તે પણ પીડા કરે છે અને અશક્તિ લાવે છે. પેટમાં ખાડો કયારે પડે છે કે જ્યારે બાળકના પેટમાં કાંઇ ખાવાનું નથી હોતું. ગરીબોનાં બાળકોનાં પેટ ઉંડા કૂવા જેમ ઉંડા ઉતરેલાં હોય તો તેનું કારણ રોટલાનાં સાંસાં છે; અને પૈસાદારનાં બાળકોની તેવી હાલત હોય તો તેનું કારણ એ છે કે તેમને બાળકોને ખવરાવતાં આવડતું નથી. છતે ખોરાકે તેઓ ઘણીવાર ભૂખ્યાં રહે છે. કારણકે પૈસાદારના વહેમો ઘણા છે; અને મૂરખ પૈસાદાર માબાપોના વહેમો વળી તેથી પણ વધારે છે. બહુ ન ખાવું જોઇએ કેમકે તેમાં ભૂખાળપણું છે. બહુ ખાવું ફેશન ન ગણાય. નર્સ કે દાક્તર કહે તેટલું જ ખવાય; પછી ભલે કુદરતી ભૂખ ગમે તેટલું માગે અને શરીરમાં સાચે જ જરૂર હોય. બિચારાં શ્રીમંતોનાં બાળકો દાક્તરને શરણે કે આયા કે નર્સને શરણે. કાં તો વારંવાર તેમને ખાવું પડે. છોટી હાજરી, બડી હાજરી, છડી હાજરી, વડી હાજરી. અગર 'ખાવાથી માંદા પડાશે, માંદા પડાશે માટે થોડું ખાઓ, થોડું ખાઓ.' પછી પેટના ખાડાનું બાળકે શું કરવું ? તેણે બાનદાન કુટુમ્બમાં પણ ચોરી કરવી, વધારે બાઇ જવું અને પેટને બગાડવું.

પેટ બિચારાને નાનપણમાં ઘણું સહન કરવું પડે છે. આપણે જાણતાં નથી કે પેટની અંદર શું છે અને તેના રોગો શાથી થાય છે. આપણે તો એટલું સમજીએ કે પેટમાં દુઃખે એટલે કાં તો વૈદની દવા અંદર રેડવી અગર પેટને બહારથી સતાવવું. એક પેટને તેની ઉપરના બંધારણના જાતજાતના કડવા મીઠા અનુભવો હોય છે. જાતજાતના લેપોથી બાળક કેટલું કંટાળે છે તેનો ખ્યાલ આપણને નથી હોતો.

પેટને ધોતલી અને ધાબરી કે ચોરણીની નાડીનું પણ દુઃખ હોય છે. બાળક ચોરણી ચડ્ડી કે ધાબરી પહેરતાં ટેવાતું નથી ત્યાં સુધી તે નાડી પેટ ઉપર પણ બાંધે છે. મોટા પેટ ઉપરથી તેમ બાડાવાળા પેટ ઉપરથી નાડી સરી જાય છે અને વારે વારે બાળકની મુશ્કેલી ઉભી થાય છે. કોઇ તેને મદદ નથી કરતું ત્યારે તેને રડવું પણ પડે છે. કેડે બીલી નથી અને પેટ ઉપર નાડી બાંધવાની જરૂર નથી.

બાળકોને તો લાંબી નાડી વિનાની કફનીઓ પહેરાવી આ પીડામાંથી બચાવી લઇએ.

અરે! બાલદશામાં શરીરને કેટલું બધું દુઃખ છે! ગિ.

બાળકો સાથે વાતચીત

બાળકો સાથેની વાતચીતમાં, આપણા જ્ઞાનના ભાર નીચે બાળકની શોધકબુદ્ધિ કચડાઇ ન જાય તેમજ આપણા અજ્ઞાનને લીધે તેની જિજ્ઞાસાવૃત્તિ પોષણ વગર નબળી ન પડી જાય, ને છતાં આપણી વાતચીત બાળકને ઉપયોગી. નીવડે એ રીતે તેની સાથે વાતચીત કરવી એ, એમાંથી એકે બાજુના ખાડામાં ન પડે એવી કુશળતાથી ગાડું હાંકીને લઇ જવા જેવું અઘરું છે. પણ કળા હાથ આવે તો સહેલું પણ છે. બાળકને રોજ રોજ જાત જાતની માહિતી માગ્યે વગર માગ્યે–તે સમજતું હોય કે ન સમજતું હોય–આપ્યે જ જવી એ શોધકવૃત્તિને મારે છે. જ્યારે બાળક જિજ્ઞાસાથી એક હજાર ને એક પ્રશ્નો પૂછે તેના જવાબ જ ન દેવા એ સામેથી તેની જિજ્ઞાસા દબાવવા જેવું છે. કયારે માહિતી કહેવી, કયારે બાળકને જાતે શોધી કાઢવાનો રસ્તો બતાવવો તેમજ પ્રશ્નના જવાબમાં કયા બાળકને કેટલું અને કેવી ભાષામાં કહેવું એ પણ વાતચીત કરનારે અનુભવથી શીખી લેવાનું છે.

હવે વાતચીત કેવા વિષયો પર થઇ શકે છે તે ટૂંકમાં જોઇએ. મોટાંઓ જો ચતુર વાતચીત કરનારાં હોય તો બાળકો આગળ બૌદ્ધિક તથા લાગણીવિષયક, સામાજિક, કે રાજકીય અનેક પ્રકારના પ્રશ્નો ઉભા કરી શકે અને બાળકોના વિચારની દિશા ઉઘાડી શકે છે.

બાળક આપણી સાથે બોલતાં શીખે કે એક એક શબ્દમાં પણ ભાવ દર્શાવવા શીખે કે આ બધા પ્રકારની વાતચીત નાના પાયા પર શરૂ થઇ શકે છે. જેમ કે બાળક વર્ષ દોઢ વર્ષનું હોય ત્યારે તેની સાથે ગણિતની ભાષામાં બોલીએ તો તે વિચારવા તો લાગે છે. આ કેરી કેટલી? બાળક કહેશે: "આટલી." આ દડા કેટલા? બાળક કહેશે: "આટલા" અથવા સામે જોઇ રહેશે. પછી આપણે જો એક, બે, ત્રણ કે ચારધો વગેરે શબ્દો તેની ભાષામાં ઉમેરશું, તેનાં આંગળાં, તેની આંખો, તેના કાન, નાક ગણશું, ને તેને આપણે ગણવા દેશું તો વસ્તુઓમાં ગણવાપણું છે એ વાત તેના ધ્યાનમાં આવશે. અર્થાત્ આ તેમજ બીજી બાબતોમાં પણ બાળકને ભણાવી દેવાનો કે ઝટ ગણતા કે જાણતા કરવાનો લોભ કે આગ્રહ જરા પણ રાખવો નહિ; તેમજ બાળકને આપણી વાતચીત કંટાળારૂપ ન થાય તેનું બારીક ધ્યાન રાખવું. બાળકને વસ્તુના સમાગમમાં આવતાં દરેક વખતે તેમાં સંખ્યા હોય છે અથવા તેને રંગ હોય છે. ઉંચાપણું, નીચાપણું હોય છે વગેરે પ્રકારના પદાર્થોના મોટા ગુણધર્મો તરફ તેનું ધ્યાન જાય એટલા પૂરતી આપણી વાતચીત થોડીક પ્રેરક હોય તો તે બાળકને ઉપયોગી થાય છે. જોવાનો રસ્તો ઉઘાડ્યો હોય તો 'આ ઉંચું છે; આ ખૂબ ઉંચું છે; આ તો નીચું છે; આ મોટું છે; આ નાનું છે.' આવાં આવાં અવલોકન ઘણાં નાનાં બાળકો

કરી શકે છે.

આ રીતે બૌદ્ધિક દિશા તેમજ અનુભવને ભાષા આપવાનો જેમ રસ્તો ખોલી શકાય તેમ ગંદું, ચોખ્ખું વગેરે બાબતોની પણ વાત કરી શકાય.

જેમ જેમ બાળકો મોટાં થાય તેમ તેમ વાતચીતનો ઘણો જ વિશાળ પ્રદેશ ઉભો થાય છે. ઘણી ભૌગોલિક વાતો અથવા ભૌગોલિક દૃષ્ટિ વાતચીતમાં બાળક આગળ આવે છે. નદી શું ? ડુંગરા શું ? એની વ્યાખ્યાઓ ગોખ્યે ભૌગોલિક જ્ઞાન મળતું નથી. પણ પ્રવાસ દરમીઆનની વાતચીતમાં બે વર્ષનું બાળક નદી શું તે શીખી શકે છે. એકવાર એક બાળકને નદી બતાવવામાં આવી. થોડીવાર પછી એક ખાબોચિયું પાણીથી ભરાએલું તેણે જોયું એટલે બાળક કહેઃ 'આ નદી.' કારણ નદીમાં પાણી હોય એટલો જ તેને ખ્યાલ આવેલો. તેને કહેવામાં આવ્યુંઃ "ના, આ તો ખાબોચિયું. આ તો પાણીનો ખાડો. નદી તો લાંબી લાંબી હોય." ત્યાર પછી લગભગ બે કલાક સુધી બાળકે ટ્રેનમાંથી બહાર જોયા જ કર્યું. ચોમાસું હોવાથી નદીઓ, નાળાંઓ,તલાવડીઓ,ખાડાઓ પુષ્કળ આવતા જ હતા ને દરેક વખતે બાળક 'આ નદી છે,' 'આ ખાડો છે,' 'આ તળાવ છે,' એમ કહી ઓળખતાં શીખતું હતું. જોએલું પાણી નદી છે કે તળાવડી છે કે ખાબોચિયું છે તે નક્કી કરવામાં પહેલાં તેને ઘણી મહેનત પડતી હતી. પછી તો લાંબા અવલોકનથી તે ઓળખતાં શીખી ગયું. આમ બે વર્ષના બાળકનો ભૂગોળનો વર્ગ બે કલાક સુધી ચાલ્યો. સામાન્યતઃ અવાર નવાર બાળકોની સાથે નાની મોટી મુસાફરી કરવાનો પ્રસંગ વર્ષમાં બધાને થોડો ઘણો આવે જ છે. પણ તે દરમીઆન પૃથ્વીના પૃષ્ઠભાગની ઓળખાણ કરાવવાની તક મોટાંઓ લે તો બાળકો ઘણું જુવે ને જાણે. નદી, ડુંગરા, ખીણો, ખેતરો, જુદાં જુદાં પક્ષીઓ, જાતજાતનાં ઝાડો, ફૂલો ફળો, જનાવરો વગેરે ઘણું આગગાડીમાં બેઠા બેઠાં જોઇ શકાય છે; ને સહેજે તેને લગતી થોડી થોડી વાતો થાય તો બાળક આગળ, જોવાની એક આખી નવી દૃષ્ટિ ઉઘડી જાય. આગગાડીની મુસાફરીનો વખત વાતચીત માટે બહુ જ સરસ હોય છે. કારણ મોટાંઓને તે વખતે ફુરસદ જ હોય. નથી હોતું ઑફિસમાં જવાનું, નથી હોતું કામે જવાનું, નથી હોતું કોઇને મળવા જવાનું, કે નથી હોતું કોઈ મળવા આવવાનું. બાળકોને પણ વખત કાઢવાનો હોય છે. કારણ તેમનાથી દોડાદોડ કે કૂદાકૂદ કે હમેશની રમતો કે રખડવાનું કશું થઇ શકતું નથી; એટલે કેદ પૂર્યા જેવાં થઇ જાય છે. આ વખતનો ઉપયોગ જો વાતચીતમાં થાય તો બાળકો એક ભૂગોળ જ નહિ પણ હજારો વિષયોનું જ્ઞાન બહુ જ સરસ રીતે મેળવી, મૃગજળ જેવા વૈજ્ઞાનિક બનાવો કે 'છેટાં રે'જો માબાપ' જેવા ઢેડ ભંગીના સામાજિક પતન ને તિરસ્કારનો ખ્યાલ પણ મેળવી લેવાનો પ્રસંગ મળી આવે. જાતજાતની બોલી સાંભળવાનો, રીતરિવાજ જોવાનો, જીવનના સુખદુઃખના પ્રસંગોનો, દેશદેશના પહેરવેશો ને દેશદેશના ને જાતજાતના માણસો જોવાનો ને અનેક પ્રકારનો ખ્યાલ બાળક મુસાફરીમાં મેળવે છે. પણ મોટે ભાગે બાળકોના પ્રશ્નોનો

સીધો જવાબ આપવાનો પણ મોટાંઓને કંટાળો હોય છે. તેમને ધમકાવી કારવી ચુપ ચાપ બેસારી દઇ પોતે ઉંઘી જવું કે ગમે તે જાતના ગપાટા મારવા એ જ કામ મોટાંઓ કરતાં હોય છે.

મુસાફરીમાં સહેજે વખત મળી જાય છે તેનો લાભ તો લેવો જ જોઇએ. ઘેર પણ કામકાજને અંગે વખત મેળવવો અઘરો હોવા છતાં દરેક માબાપે ધાર્મિક ફરજ તરીકે, પોતાનાં બાળકોની સાથે વાતચીતનો થોડો પણ વખત મેળવવો જ જોઇએ; ને જે ન મેળવે તેમને ગુન્હાહિત ગણવા જોઇએ. કદાચ ભૂગોળ વ્યાકરણ, ગણિત કે વિજ્ઞાન બાળક નિશાળમાં શીખી શકે છે પણ લાગણી વિષયક કોમલ છાપ તો કુટુંબના વાતાવરણમાંથી બાળક સરસ ઝીલી શકે. સામાન્ય સભ્યતા શું, અસભ્યતા શું, સંસ્કારિતા શું, જંગલીપણું શું, સ્વાર્થ શું, પરોપકાર શું, ભાઇબંધી કેવી હોય, ને એવા અનેક વિષયો ઉપર માબાપો–બહુ ગંભીર શીખામણ આપવા કે ભણાવવા બેઠા હોય એવો જરા પણ દેખાવ કર્યા વગર–પોતાના વિચારો બાળકો આગળ મૂકી શકે ને સહેજ વાતવાતમાં સારી ને સુંદર વસ્તુ શું છે ને કઢંગી ને ત્યાજ્ય કઇ છે તે બાળકોના ધ્યાન પર મૂકી શકે છે. સ્વદેશાભિમાન પણ આ જ રીતે ઉત્પન્ન કરી શકાય.

સારાંશ, સારી શાળાઓમાં સારા શિક્ષકો પાસે પોતાનાં બાળકોને મૂકીને માબાપોનું બાળક પ્રત્યેનું કર્તવ્ય પૂરું થતું નથી. ઇશ્વરે બાળકો માટે દરેકને બબ્બે હેતાળ શિક્ષકો મળે તેવી ગોઠવણ કરી છે. તેને ઉથલાવી ત્રીશ પચાસ બાળકોને એક શિક્ષકને સોંપી બીજાં બધાં પોતાના કર્તવ્યથી પરાઙ્મુખ રહે છે તે ન ચાલે. ઇશ્વરી સંકેતને તોડવાથી કોઇનું ભલું થતું જ નથી. માટે માબાપોએ બાળકો સાથે વાતચીતની કળા કેળવવી જ જોઇએ. આના પહેલા લેખમાં આપેલા વિધિ નિષેધો જાળવી બાળકોને પોતે જેટલું જાણે તેટલું ઝટ કહી દેવાનો લોભ રાખ્યા વગર બાળકોને લાભકારક એવા અનેક વિષયો પર ઘરમાં વાતચીત ચાલાવવી જોઇએ. વાત કરનાર હમેશ મોટાં જ હોય એમ નહિ. ઘણી વાર તેમને માત્ર સાંભળનારનું પણ કામ કરવું પડે; ઘણી વાર માત્ર પ્રશ્ન પૂછનારનું જ કામ કરવું પડે; અને ઘણીવાર માત્ર પ્રશ્નનો જવાબ આપીને જ અટકવું પડે. જ્યારે કેટલીકવાર નવો વિષય ઉભો કરવાનું કામ કરવું પડે. બાળકોએ આપણી સાથે ઉછરીને મોટાં થવું જોઇએ. જેમ તેઓ નાનાં હોય ત્યારે માતા તેને પોતાનાં સ્તનમાંથી ધાવણ ધવરાવી પોષણ આપે છે તેમજ આપણે તેને બૌદ્ધિક અધ્યાત્મિક ને લાગણીવિષયક તત્ત્વ આપણામાંથી ચૂસી લેવાની તક આપવી જોઇએ. એનું જ નામ વાતચીત.

તા.

—: નવું બાલસાહિત્ય :—

હિતોપદેશ લે. ચંદ્રશંકર વડોદરા. | ગજરો લે. ચંદ્રકાન્ત ઓઝા. રાજકોટ.

વાંકું પડે ત્યારે ?

સ૦ આનંદમેન છે તો આનંદી પણ વાંકું પડે કે તરત જ રડે; અને રડવાનું પૂરું જ ન થાય. રડે ત્યારે એનો અવાજ એવો લાગે કે સીધો કાનમાં જ પેસી જાય. એ જ્યારે રડે ત્યારે મને તો મારવાનું જ મન થાય. તો શું કરવું ?

જ૦ આનંદમેનને વાંકું શા શા કારણથી પડે છે તેની નોંધ કરશો. આપણે બાળકોનો અભ્યાસ કરતાં રહેવું. ઘણીવાર બે ચાર બાબતોમાં જ બાળકોને વાંકું પડે છે. અને બીજી બાબતોમાં તેઓ તદ્દન સરલ હોય છે. આ બે ચાર બાબતોમાં જ આપણે વિચાર કરવાનો રહે છે.

સામાન્ય રીતે આપણે થોડાંએક સૂત્રો સ્વીકારીને જ કામ લેવું.

૧ બાળકો શા માટે રડે છે તેનું કારણ શોધવું.

૨ કારણ શરીરિક માનસિક અગર કઇ જાતની જરૂરીઆતને લગતું છે તેનો નિર્ણય કરવો.

૩ કારણ વાજબી હોય અને મટાડવાથી રડવું, કજીઆ, વાંકું પડવું બંધ પડતું હોય તો કારણ મટાડવું.

૪ કારણ ગેરવાજબી છે એમ ઠરાવતાં પહેલાં ખૂબ વિચાર કરવો. સારા દાક્તરની સલાહ લેવી. માનસશાસ્ત્રીની સલાહ લેવી અને પોતાનો અનુભવ વિચારવો.

૫ રડવાને કે તોફાનને દબાવવાથી કારણ દબાશે નહિ. ઉપરથી બોરડીને કાપી નાખ્યા છતાં તેનાં મૂળ રહી જવાની થોડા વખતમાં પાંદડાં ફૂટે છે.

૬ રડાવવામાં તમારો વાંક હોય તો તમારા કાન ફૂટે પણ ખરા. તેમાં તમારી ભૂલ ટાળવા માટેની તપશ્ચર્યા સમજવી.

૭ રડે ત્યારે મારવાનું મન થાય ત્યારે તમે પોતે કયાં ગુન્હેગાર છો અને તમે પોતે જ મારને યોગ્ય છો કે નહિ તે વિચારવા બેસી જજો.

૮ બાળક વિના કારણે જ રડે છે એવી તમારી ખાત્રી હોય, શાસ્ત્રીય અને પ્રામાણિક ખાત્રી હોય તો તેને રડવા દો. તેને છાનું રાખવાનો પ્રયત્ન ન કરો; તેને ફોસલાવો પણ નહિ. બાળક ખૂબ રડ્યા પછી સમજી લેશે કે ગેરવાજબી વાત રડીને સાધી શકાશે નહિ અને સાધી શકાય પણ નહિ. પણ જો તમે તેને ખોટું રડાવ્યું હશે, તમારો તેમાં વાંક હશે તો બાળકના રુદનનું જોખમ તમારા માથે છે અને તમારે તેનું પ્રાયશ્ચિત કરવું પડશે. ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

ચોમાસું આવ્યું છે

અત્યારે ચોમાસું ચાલે છે. આકાશે કાળાં વાદળાં વારંવાર ચડી આવે છે અને કોઇ વાર ગર્જના અને વીજળી સાથે તો કોઈ વાર ગર્જના વિના મેઘનાં જળ પૃથ્વી ઉપર ઉતરે છે. ધરણી માતા આખા અંગે લીલી સાડી ધારણ કરવા લાગ્યાં છે. પક્ષીગાન અને દેડકાં અને તમરાના તીણા સ્વરોથી મેઘનું સ્વાગત દિવસરાત ચાલી રહ્યું છે. અનેક પ્રકારનાં ઝીણાં જીવડાંઓએ નવજીવન ધારણ કરી આમ તેમ વિચરવા માંડયું છે. અત્યારે ચોમાસું ચાલે છે. ચોમાસાનું આ સહજ સૌન્દર્ય છે.

જે શિક્ષકો અત્યારે શાળાના બારણા બંધ રખાવી અંધારામાં વિદ્યાર્થીઓને પાઠો ભણાવ્યા કરે છે, અને જે માબાપો જહાંગીરી હુકમની આણ વર્તાવી પોતાનાં બાળકોને ઘરમાં જ બેસાડી રાખે છે તેઓ કુદરતની મહિમાના દ્વેષી છે, તેઓ બાળકોના દુશ્મન છે અને તેઓની પ્રગતિના ઘાતક છે.

માબાપો અને શિક્ષકો, તમે પણ જરા ઉઠો, જાગૃત થાઓ, સ્ફુર્તિ આણો અને જેના રૂવાંડે રૂવાંડે પ્રાણ થનગની રહ્યો છે તેને ફરવા, રખડવા, રમવા ઉપાડો. આકાશમાંથી છેલ્લા વરસાદના પાણી ગળ્યાં કરતાં. છત્રીઓ ઓઢી ઓઢાડીને બહાર નીકળો. પૃથ્વી પર પથરાતાં, એકઠાં થતાં, અને તેની નાની નીકોમાંથી નદીઓ બનાવતાં, આકાશનાં જળ તેમ જ નવાં જળે રચેલાં નાનાં નાનાં તળાવો, ભૂશિરો, સામુદ્રધૂનીઓ, બેટો, અને દ્વીપકલ્પો બતાવો. ઘોધમાર વરસતા વરસાદમાં ઉભી રહીને આનંદથી નાહી રહેલી ભેંસોને, વરસાદથી કાયર થઇ એક બાજુએ ઉભેલા ઘોડાને, દોડાદોડ કરી મૂકનાર કુતરાને અને અકળાનાર ગાયને બતાવો. વરસાદમાં ઘરાઇ ઘરાઇને નહાનારાં કબૂતર અને બીજાં પક્ષીઓને બતાવ્યાં પછી વરસાદમાં સંતાઇ રહેનારને પણ બતાવો. બાળકોને દેખાડો તો ખરા કે વરસાદ વરસે છે ત્યારે ઘરો, રસ્તા, આકાશ, ક્ષિતિજ, દૂર તથા નજીકનાં ઝાડો અને મકાનો કેવાં દેખાય છે; તમે વરસાદ વખતે એ પણ દેખાડો કે વરસાદ ઝીલતાં ઝીલતાં વરસાદને નૃત્ય સાથે વધારનાર ઝાડ કયાં છે અને વરસાદથી બીડાઇ જનારાં ઝાડો પણ કયાં છે.

વળી વરસાદ વરસી રહે કે તુરત જ બાળકોને લઇને બહાર નીકળો. ભલે તમારા બધા કાર્યક્રમો તૂટી પડે. બાર માસે આવા પ્રસંગો ભાગ્યે જ આવે. વરસાદ પછીના ખળખળ વહી જતાં નાનાં મોટાં ઝરણાંઓનું ગાન બાળકો સાંભળશે. ઝરણાંઓમાં પગ મૂકી પાણીના વેગને માપશે, તેમાં કૂદશે, નાચશે અને કિલકિલાટ કરી મૂકશે. ઉનાળાની ગરમીથી અને સૂકી પડી ગએલી ધરતીથી થાકેલાં બાળકો આ નવીનતાથી ગમ્મતમાં આવી જશે. વરસાદ પછીની તાઝગી આપનારી હવાથી તેઓમાં ઉડીને જવાનું ચેતન આવશે. તેઓ ઝાલ્યા પણ નહિ રહે એવી નિર્દોષ દોડાદોડ કરી મૂકશે. ઉનાળો અને શિયાળો તેમણે નિશાળ વચ્ચે ગાળેલો છે. હવે તેની બાંધેલી પાંખો છૂટી થઇ છે. જરા તેને ઉડવા દો.

બાળકોને છૂટાં મૂકી દેશો તો તેઓ પોતે જ અનેક જાતનાં જીવડાંઓને ભાળવા લાગશે. ઇન્દ્રગોપના જીવડાંને શોધી શોધીને એકઠાં કરશે. નવાં અને નાનાં ઘાસ ને ફૂલો લાવી લાવીને તમને ભેટ ધરશે. ઘાસનાં નવાં અંકુરોને નિહાળશે, તેને ચૂંટશે અને રંગો અને રૂપો જોઇ રાજી થશે.

તમે શહેરમાં ન હો અને ગામ કે ગામડામાં હો તો બાળકોને બાદર કે શીમ ભણી ઉપાડજો. વરસાદ પછી કોયલનું કૂજન તો સંભળાશે જ. કોઇ ઘટામાં બેઠી બેઠી તે કૂજતી હશે. તમે જરા શોધશો તો બાળકોને તે બતાવી શકશો. તમે પોતે અવાજે ઓળખતા હશો તો તમારે કાને બપૈયાનો બોલ સંભળાશે. અગર ગામડાનાં બેડૂતને પૂછશો કે બપૈયો ક્યાં બોલે છે તો તે બતાવશે. બાપૈયો ભાગ્યે જ દેખાશે પણ તેનો બોલ તો સંભળાશે.

બાળકોને કુદરતમાં જરા રસ તો લેવરાવજો. થોર, કરેણ કે કોઇ ફૂલ, ઝાડ કે વેલ પાસે ઉડતું અને ફૂલોમાંથી મધ ચૂસતું પક્ષી તેમને બતાવજો. એ પક્ષીને શકરબોર કહેવાય છે. એની છાતી પીળી હશે ને એ પીળી છાતી વચ્ચે કાળો લાંબો પટ્ટો હશે. મોરને ખેતરમાં, ઝાડ નીચે કે ટેકરા પર નાચતો ને પીંછાને પસારતો બતાવી શકશો. લીંબડા કે પીંપરના ઝાડે કાગડાના મોટા એવા માળાઓ બતાવજો. વરસાદ પછી ફરતાં ફરતાં કોઇવાર બાળકોને ખેતરોમાં લઇ જજો. બાળકો પોતાની જ આંખે બેડૂતને વાવણું કરતો ભાળશે. તેઓ ખેતરોમાં ઉગી ગએલી જુવારની હારો ભાળશે, તેઓ ગાહું હાંકતા અને ગાતા ગાડાવાળા કણબીઓને જોશે અને ઝાડને ઓથારે ઉભા રહી બે પાવાને બેકી સાથે હહેરથી વગાડતા અને શીમ ગુંજવતા જુવાનીઆઓને જોશે.

અને કોઇવાર જ્યારે આકાશે ઇંદ્રધનુષ્ય બેંચાયું હશે ત્યારે બાળકોનો હર્ષ કયાંયે માશે નહિ. તેમની નજરે એ ચમત્કૃતિ છે. સૌંદર્યનું દર્શન છે. આનંદનો ઉત્સવ છે. બાળકોને મેઘધનુષ્ય જોવા દો અને જોઇ જોઇને કૂદવા અને બેલવા દો. દો, દો અને દો. તેઓ આ વખતે જે કરવા માગે તે કરવા દો. કપડાં કાઢી વરસાદનાં પાણીની નદીઓના પૂલો બાંધવા ખુશીથી દો. સરોવરો ને પર્વતો બનાવવા દો. પાણીમાં તેલ નાખી રંગોની મિજલસ કરવા દો. અનેક અખતરા અને અનુભવો કરવા દો.

દર્શન અને ક્રિયા બાળકની અદ્‌ભુત કેળવણી છે. એમાં બાળકના સાહિત્યવિકાસના, કલાવિકાસના અરે, જીવનવિકાસનાં તત્ત્વો ભરેલાં છે.

ચોમાસું આવ્યું છે. ચોમાસું આવ્યું છે. નિશાળનાં બારણાં બુલ્લાં મૂકો, ઘરનાં બારણાં બુલ્લાં મૂકો ને બાળકોને કૂદવા દો. ગિ.

'તારી આના પેટમાં કેમ સમાણી !'

વાણીનો પ્રયોગ શિષ્ટ, સભ્ય અને સંસ્કારી નથી અને લખતાં જરા સૂગ ચડે છે છતાં લખવું પડે છે. સારા રાજ્યના સારા ગામની પહેલા નંબરની શાળાની શિક્ષિકાના મોઢામાંથી જે વાકય વિદ્યાર્થીનીઓ પ્રત્યે નીકળ્યું તે સંકોચ સાથે અહીં ઉતાર્યે જ છૂટકો છે.

હું ઉપરની શાળાનું કામ જોવા ગએલો. મારી સાથે મારા એક મિત્ર હતા. તેની છોકરી તે શાળામાં ભણતી હતી.

જ્યારે અમે શાળામાં ગયા ત્યારે છોકરીએ આંગળી ચીંધી મારા કાનમાં કહ્યું 'એ પેલી શિક્ષિકાએ મને કહેલું કે 'છોકરી તું તારી માના પેટમાં કેમ સમાણી હતી!'

છોકરી એટલું કહેતી કહેતી રડવા જેવી થઇ ગઇ. તેણે જ્યારે ઘેર આ વાત કહી હતી ત્યારે પણ રડી પડી હતી. તેમાં તેને ઘણું જ અપમાન લાગ્યું હતું. તે જ વખતે છોકરીએ કહી દીધું હતું કે હવેથી હું એ શાળામાં નહિ જાઉં. આજે તે શાળામાં ભણવા આવી ન હતી પણ ફક્ત અમારી સાથે ફરવા આવી હતી. છોકરી નિશાળે જતી ન હતી તેથી માબાપની ચિંતા વધી હતી અને કેમે કરી તેનું મન મનાવવા અમે આજે શાળાનું કામ જોવાને કામે ને નામે શાળામાં ગયા હતા.

પેલી શિક્ષિકા આમ તો ઠીક દેખાતી હતી. હું પ્રથમ તો માની જ ન શક્યો કે એવું વાકય એના મોઢામાંથી નીકળે. પણ મને નાની ચંદ્રિકામાં સંપૂર્ણ વિશ્વાસ હતો. જ્યે હું સીધેસીધું શિક્ષિકાને પૂછું તો તો તે માને જ નહિ. હું મુખ્યશિક્ષિકાને મળ્યો. તેને બધી વાત કરી. એણે શિક્ષિકાને કોઇ અન્ય સ્થળે મોકલી અને એના વર્ગમાં બેઠાં.

મેં બધી છોકરીઓને પાસે બોલાવી પૂછ્યું: "કહો જોઇએ તમારી બેન (શિક્ષિકા) તમને આવું આવું કહે છે— "તારી માના પેટમાં કેમ સમાણી હતી?" છોકરીઓ પણ શરમાઇ ગઇ. તેઓ કહે: "હા જી, હા જી, અમને રોજ કહે છે. રાંડ, આઘી મર, મરી કાં ન ગઇ, એવી ગાળો દે છે."

અમારે વધારે જાણવાની જરૂર ન હતી. મેં મારા મિત્રને કહ્યું: 'આ છોકરીને હવે પછીથી આ કન્યાશાળામાં ના મોકલતા. આના કરતાં ન ભણવું અને ઘરમાં રહેવું એ વધારે સારી કેળવણી છે.'

છોકરી ફરી વાર એ નિશાળે ન જ ગઇ અને અમે તેને મોકલી પણ નહિ.

અને ઉપરી સાહેબને અરજી કરવા છતાં એણે કશું કર્યું નહિ. અને સાચે જ એ શું કરી શકે? એનાથી શું બની શકે? જ્યાં ઘણી શિક્ષિકાઓ આવી જ હોય ત્યાં ઉપરી કોને દંડ કરે અને કોને કાઢી મૂકે? માબાપોને સારા ચારિત્ર્યની ગરજ હોય તો તેઓ આવી નિશાળે છોકરાંને ન મોકલે. જો તેમને ફક્ત ચોપડીઆ ભણતરની ગરજ હોય તો ભલે તેઓ મોકલે.

ગિ.

બહુ ખાય તો એમ જ થાય ને!

રમુને મોળો જીવ થવા લાગ્યો ને થોડી વારમાં તેને ઉલટી થઇ.

રમુએ 'બા બા' કરીને બાને બોલાવી ને પાણી તથા મીઠું માગ્યાં.

બા શા માટે જલદી ઉઠે? ઘણી વારે બા પધાર્યાં ને બોલ્યાં: 'લ્યો કરો હવે ઉલટી. બહુ ખાઓ છો તે ઉલટી થાય જ ના. હવે ચાવો બેઠાં બેઠાં મીઠું ને લવીંગ ને તજ.'

રમુની આંખમાંથી પાણી દડી ગયાં.

રમુ ઉલટી કરીને ખાટલે જઇ સૂતી.

થોડી વારમાં પ્રભુને મોળો જીવ થયો ને ઉલટી થઇ. બા પાછી ધુરકીઃ 'દૂધપાક કોઇ દિ' ભાળ્યો હતો કે નહિ? ભૂખ જેમ ખૂબ ખાધો હશે તે ઉલટીઓ હાલી નીકળી છે. ખાતાં ભાન રાખીએ ના? પછી કહેા છેા 'લાવેા મીઠું. લાવેા પાણી.'

બિચારી પ્રભુ ખાટલે જઇને સૂતી.

બા બબડતી બબડતી કામે વળગી. ત્યાં તેા પારેાશણ આવીને બેાલીઃ 'અલી એા રળિયાત, આ મારાં છેાકરાં તેા ઓકી-ઓકીને નંખાઇ ગયાં તારાં ને કંઇ થયું છે? કેાણ જાણે વખતે શામજીભાઇના દૂધપાકમાં કંઇક ઝેર બેર પડયું હેાય તેા.'

"ઓ પેલી ઉલટીઓ કરીને ખાટલે સૂતી. ઝેર બેર શું હેાય? અકરાંતીઆ થઇને દૂધપાક ખાધેા હશે તે એવું થાય જ ના!"

ત્યાં તેા ગામમાંથી દેાડતા દેવજીભાઇ આવ્યા. તેને ખબર થઇ જ ગઇ હતી કે દૂધપાકમાં ઝેર પડયું છે ને ઝેરને લીધે આખા ગામમાં ઉલટી ઉલટી થઈ રહી છે. દેવજીભાઇ પેાતાની સાથે દાકતરને પણ લાવ્યા હતા.

'કયાં છે રમુ, કયાં છે પ્રભુ, ઉલટીઓ થઇ છે ના? આ દાકતરને લાવ્યેા છું.'

'તે દાકતરનું શું કામ હતું? નાહકની ફી ભરવાની. આ પડી ત્યાં. થઇ જશે એની મેળે સાજી.'

'અરે એ તેા દૂધપાકના ઝેરને લીધે ઉલટીઓ થઇ છે. ઉપાય નહિ કરીએ તેા છેાકરાં ખેાઇ બેસશું."

રળિયાત બાઇએ મેાં મરડયું.

દાકતર છેાકરીઓને તપાસતા હતા. રમુ છેક નરમ થઇ ગઇ હતી. પ્રભુ જવાબ પણ દેતી ન હતી. હવે રળિયાત બાઇ ગભરાયાં. એક ઉપરથી બીજી બાજુએ ઉતર્યાં. "રડયાએા દૂધપાક બગરાવે પણ બ્યાનેય ન રાખે. એમને શું? પારકાં છેાકરાંને ઝેર ચડે ને મરી જાય તેાયે શું?"

આવી વિચિત્ર, નિર્દય અને કજીઆળી સ્ત્રીને શું કહેવું અને કેાણ કહે?

દાકતર દવા બતાવી નિસાસેા નાખી શામજીભાઇના સંસારની દયા ખાતા બહાર પાડેાશણના છેાકરાઓને તપાસવા ગયા. ગિ.

બાબાપેાના જવાબેા

[ગતાંકના પ્રશ્નેાના જવાબેા]

: ૧ :

પહેલી માતાને પ્રશ્ન થઇ પડ્યો હતેા કે બાળકેાના હાથમાંથી વસ્તુઓ ઝૂંટવી લેવી નહિ. અથવા શું કરવું? તે લખે છેઃ "મેં આમ કર્યું – મારૂં બાળક આમ થયું ત્યારથી હું માગું ત્યારે એ મને વસ્તુઓ આપે એમ હું એને શીખવવા લાગી. હું એને દડેા આપું ને કહું "મને આપ" એટલે એ મને આપે. દડાની સાથેની લેવા દેવાની રમત સારી ચાલી ને 'આપ' કહીએ એટલે 'દઇ દેવું' એ જ્યારે બાળક શીખ્યું ત્યારે દડા કરતાં નાની ને બીજી વસ્તુઓથી પણ મેં એમજ કર્યું. છેવટે

મેં નાની ટાંકણીઓથી પણ આ રમત કરી. સોય ટાંકણી, કાતર, ચપ્પુ વગેરે વસ્તુઓ હાથમાં ઉપાડીએ તો વાગે છે એમ તેને ખબર પડી એટલે એ વસ્તુઓ તો તે તરત આપી દેતું. તેથી આવી વસ્તુઓ ઉપાડીને મોઢામાં નાખવાનું તેણે કદી કર્યું નહિ, અને ખાસ કરી ટાંકણી સોય વગેરે જેવી વસ્તુ પરત્વે મેં એક વાતનું ખાસ ધ્યાન રાખેલું કે કોઇ વાર મારે પણ તે મોઢામાં નાખવાં નહિ. હવે મારું બાળક ચૌદ મહિનાનું થયું છે. તેને ગમે ત્યાં ટાંકણી કે કાતર કે એવું કાંઇ પણ જડે છે તો તે આસ્તેથી ઉપાડી મને આપી જાય છે ને હું કહું છું: "બહુ સારું કર્યું; ઉપકાર." એનું પરિણામ એ આવ્યું છે કે કોઇ પણ વસ્તુ પરત્વે તેને શંકા પડે કે તેને રમવા જેવી છે કે નહિ, તો તરત તે મારી પાસે લાવે છે. અને ન રમવા જેવી હોય તો પણ હું ગભરાઇને રાડ પાડતી નથી કે તે ઝૂંટવી લેવા દોડતી નથી કે "શું કામ લીધું" "એ મરી ગયો" કે એવું એવું કાંઇક કહી તેને ગભરાવી મૂકતી નથી તેથી કાંઇ મુશ્કેલી ઉભી થતી નથી. મને ખાત્રી છે કે તે મને આપી જશે ને તેને ખાત્રી છે કે તે રમવા જેવી વસ્તુ હું તેને આપીશ. આ રીતે જે તે વસ્તુ ઉપાડીને મોઢામાં નાખવા બાબતનો પ્રશ્ન તો એની મેળે જ ઉકલી ગયો. ને બાળક પાસેથી એના કામની નહિ એવી અથવા મારા કામની એવી વસ્તુ માગી લેવાની મુશ્કેલી પણ રહી નહિ.

: ૨ :

બીજી માતાને થયું કે આખો દિવસ બાળકો બંદુકો ને તરવારની જ રમતો રમે એ ઠીક નહિ. તેમને વઢવાથી કે ધમકાવવાથી કાંઇ વળ્યું નહિ. માતા લખે છે: "મને વિચાર થયો. લાવને એક નવી વાત અજમાવું. જૂનાં બોખાં ને પેટીઓ પડેલી તે મેં ભેગી કરીને એકંદર બાળકોને બોલાવી તેમને કહ્યું: "જો હું એમાંથી ઘર બનાવું છું." બાળકો પણ મારી સાથે બનાવવા લાગ્યાં. તેમાંથી તો અમે ઘરો, શાળાઓ, ગમાણો ને મોટર ગેરેજો, ને આખરે આખાં શહેરો બનાવવા લાગ્યાં. આસ્તે આસ્તે રમકડાનાં જનવરો, ટ્રેન, મોટરો બધું આ શહેરોમાં કામ આવી ગયું. એમ કરતાં લાકડાની પેટીઓ જ્યારે ભાંગલા જેવી થઇ ગઇ ત્યારે મેં તેમને જડાં પૂંઠાંમાંથી પણ ઘર વગેરે બનાવી શકાય તે બતાવ્યું. હવે હમેશ છોકરાઓ કાંઇક નવું બનાવે છે ને ખૂબ ઉદ્યોગમાં રહે છે. આ રીતે મેં "કરશો નહિ" ને બદલે "કરો" કે 'રમશો નહિ' ને બદલે 'રમો' નો પ્રયોગ અજમાવ્યો ને તે બહુ જ સફળ થયો.

: ૩ :

ત્રીજા પ્રશ્નમાં એક બાળકના કાકડાનું ઑપરેશન હતું ને તેની માતાને ચિંતા થતી હતી કે ઑપરેશનના નામથી જ બાળક ભડકી ન જાય કે એની બીક ન પેસી જાય. તે લખે છે: "મને લાગ્યું કે બાળકો અજ્ઞાત વસ્તુથી બીએ છે. ઑપરેશન એટલે શું એ તેઓ જાણતાં હોતાં નથી તેથી નકામાં ગભરાય છે. તેથી મેં કાકડાનું ઑપરેશન કેમ થશે એ તેને સમજાવ્યું. ઇથરને મેં ઉંઘવાની દવા તરીકે વર્ણવી. પછી અમે ડૉકટર પાસે ગયાં. ડૉકટરે તેને ઇથરની કોથળી કેમ વપરાય છે

તે બતાવ્યું. બીજું, તેને સ્પષ્ટ જ કહ્યું કે જ્યારે તે 'ઉંઘ' માંથી જાગશે ત્યારે તેનું ગળું દુખતું હશે. પણ સાથે સાથે તેને રમકડાં વગેરેની નવી ભેટો લાવી તેની પથારીની પાંગતે મૂકીશ એમ પણ મેં કહ્યું. એટલા માટે કેદુઃખની સાથે તેને ભેટ કેવી હશે વગેરે સંબંધે આનંદના વિચારો પણ રહે. પછી મારી પાસે તેને વાંચી બતાવવા માટે મેં ચોપડી રાખી હતી. આટલી તૈયારી પછી જ્યારે ઑપરેશનનો વખત આવ્યો ત્યારે તે કૂદીને ઑપરેશનટેબલ પર ચઢ્યો અને જરાએ ગભરાયો ન હતો. ઇથરની કોથળી તો પોતાને હાથે જ મૂકી. ને થોડી વારમાં જ એની અસરમાં આવી ગયો. ડૉક્ટર કહે કે 'અત્યાર સુધી કોઈ પણ બાળકે નિર્ભયતાથી ને સહકારથી ઑપરેશન કરાવ્યું ન હતું."

: ૪ :

ચોથી માતાનો પ્રશ્ન તેના શરમાળ બાળકનો હતો.

" બીજાં છોકરાઓ પાસે આવે કે મારૂં બાળક દોડીને ઘરમાં પેસી જાય ને સંતાઇ જાય. મને બીક લાગી કે આનો કાંઇ ઉપાય ન કરૂં તો મારા બાળકનું જીવન બહુજ દુઃખી થવાનું ને કદાચ તેનો વિકાસ પણ અટકવાનો. તેથી મેં અઠવાડિયાનો મારો એક દિવસ કેવળ તેને માટે જ રાખ્યો. આ દિવસે હું કેટલાએક બાળકોને મારે ત્યાં બોલાવતી. તેમની સાથે હું દોડું, કૂદું, ને રમું. મારા બાળકને પણ સાથે રમવા બોલાવું ખરી. પણ તે ના પાડે તો જવા દેતી. તેણે રમવું જ જોઇએ એવો તેના પર જુલમ કરતી નહિ. આસ્તે આસ્તે ઘરે છોકરાંઓ જાય આવે ને રમે કૂદે તેનાથી તે ટેવાઇ ગયો. આખરે એક દિવસ બીતો બીતો પણ અમારી રમતમાં દાખલ થયો. હવે તે સાત વર્ષની ઉંમરે છોકરાઓનો નાયક થઇ પડ્યો છે.

: ૫ :

આ માતાને વિચાર થઇ પડ્યો કે પોતાના બાળકને વ્યવસ્થાના પાઠો કેમ શીખવવા.

છોકરાની માએ ને બાપે મળીને વિચાર કર્યો ને આખરે એના બાપે એક લાકડી લીધી ને બાળક આંબી શકે તેટલી ઉંચાઇએ તે ભીંતે ખીલીએ ટાંગી દીધી. થોડી ખીલીઓ તથા થોડી કપડાં ટીંગાડવાની ચાંપ વગેરે પણ ત્યાં ગોઠવી દીધાં. બૂટ મૂકવા માટે એક બૂટની કોથળી ટીંગાડી દીધી. ગંદાં કપડાં નાખવા માટે એક બીજી કોથળી પણ ત્યાં રાખી. આ રીતે છોકરાને પોતાની કઇ વસ્તુ કયાં મૂકવી તેની બારાબર અંદર પડી. વચ્ચે વચ્ચે તેની તપાસ કરવા નિરીક્ષકો (તેનાં માબાપ) જતાં. નિરીક્ષક માટે તે બધું ગોઠવીને તૈયાર રાખતો ને તેમ કરતાં તેને બહુ મજા પડતી. એમ થોડા જ દિવસોમાં તેને પોતાની વસ્તુઓ ને કપડાં યોગ્ય જગ્યાએ મૂકવાની ટેવ પડી; અને તેમ કરતાં બાળકને જરાયે હેરાન થવાપણું હતું નહિ. હોંશેથી બધું કામ ચાલતું.

: ૬ :

આ પ્રશ્નમાં માતાને તેની ત્રણ વર્ષની ચંચળ છોકરીને શાંત બનાવવી છે. છોકરી અતિશય રમ્યા જ કરતી. એટલી બધી કે તેને ખાવા પીવાપીવાનુંયે ભાન રહેતું નહિ. એક જગ્યાએ સ્થિર થાય તો ખાવાનુંયે સૂઝે ને! છેવટે તેની માતાએ તેને સ્થિર બેસવાની

મેં નાની ટાંકણીઓથી પણ આ રમત કરી. સોય ટાંકણી, કાતર, ચપ્પુ વગેરે વસ્તુઓ હાથમાં ઉપાડીએ તો વાગે છે એમ તેને ખબર પડી એટલે એ વસ્તુઓ તો તે તરત આપી દેતું. તેથી આવી વસ્તુઓ ઉપાડીને મોઢામાં નાખવાનું તેણે કદી કર્યું નહિ, અને ખાસ કરી ટાંકણી સોય વગેરે જેવી વસ્તુ પરત્વે મેં એક વાતનું ખાસ ધ્યાન રાખેલું કે કોઇ વાર મારે પણ તે મોઢામાં નાખવાં નહિ. હવે મારું બાળક ચૌદ મહિનાનું થયું છે. તેને ગમે ત્યાં ટાંકણી કે કાતર કે એવું કાંઇ પણ જડે છે તો તે આસ્તેથી ઉપાડી મને આપી જાય છે ને હું કહું છું: "બહુ સારું કર્યું; ઉપકાર." એનું પરિણામ એ આવ્યું છે કે કોઇ પણ વસ્તુ પરત્વે તેને શંકા પડે કે તેને રમવા જેવી છે કે નહિ, તો તરત તે મારી પાસે લાવે છે. અને ન રમવા જેવી હોય તો પણ હું ગભરાઇને રાડ પાડતી નથી કે તે ઝૂંટવી લેવા દોડતી નથી કે "શું કામ લીધું" "એ મરી ગયો" કે એવું એવું કાંઇક કહી તેને ગભરાવી મૂકતી નથી તેથી કાંઇ મુશ્કેલી ઉભી થતી નથી. મને ખાત્રી છે કે તે મને આપી જશે ને તેને ખાત્રી છે કે તે રમવા જેવી વસ્તુ હું તેને આપીશ. આ રીતે જે તે વસ્તુ ઉપાડીને મોઢામાં નાખવા બાબતનો પ્રશ્ન તો એની મેળે જ ઉકલી ગયો. ને બાળક પાસેથી એના કામની નહિ એવી અથવા મારા કામની એવી વસ્તુ માગી લેવાની મુશ્કેલી પણ રહી નહિ.

: ૨ :

બીજી માતાને થયું કે આખો દિવસ બાળકો બંદુકો ને તરવારની જ રમતો રમે એ ઠીક નહિ. તેમને વઢવાથી કે ધમકાવવાથી કાંઇ વળ્યું નહિ. માતા લખે છે: "મને વિચાર થયો. લાવને એક નવી વાત અજમાવું. જૂનાં ખોખાં ને પેટીઓ પડેલી તે મેં ભેગી કરીને એકવાર બાળકોને બોલાવી તેમને કહ્યું: "જો હું એમાંથી ઘર બનાવું છું." બાળકો પણ મારી સાથે બનાવવા લાગ્યાં. તેમાંથી તો અમે ઘરો, શાળાઓ, ગમાણો ને મોટર ગેરેજો, ને આખરે આખાં શહેરો બનાવવા લાગ્યાં. આસ્તે આસ્તે રમકડાનાં જનવરો, ટ્રેન, મોટરો બધું આ શહેરોમાં કામ આવી ગયું. એમ કરતાં લાકડાની પેટીઓ જ્યારે ભાંગલા જેવી થઇ ગઇ ત્યારે મેં તેમને જાડાં પૂંઠાંમાંથી પણ ઘર વગેરે બનાવી શકાય તે બતાવ્યું. હવે હમેશ છોકરાઓ કાંઇક નવું બનાવે છે ને ખૂબ ઉદ્યોગમાં રહે છે. આ રીતે મેં "કરશો નહિ" કે 'રમશો નહિ' ને બદલે "કરો" કે 'રમો' નો પ્રયોગ અજમાવ્યો ને તે બહુ જ સફળ થયો.

: ૩ :

ત્રીજા પ્રશ્નમાં એક બાળકના કાકડાનું ઑપરેશન હતું ને તેની માતાને ચિંતા થતી હતી કે ઑપરેશનના નામથી જ બાળક ભડકી ન જાય કે એની બીક ન પેસી જાય. તે લખે છે: "મને લાગ્યું કે બાળકો અજ્ઞાત વસ્તુથી બ્હીએ છે. ઑપરેશન એટલે શું એ તેઓ જાણતાં હોતાં નથી તેથી નકામાં ગભરાય છે. તેથી મેં કાકડાનું ઑપરેશન કેમ થશે એ તેને સમજાવ્યું. ઇથરને મેં ઉંઘવાની દવા તરીકે વર્ણવી. પછી અમે ડૉકટર પાસે ગયાં. ડૉકટરે તેને ઇથરની કોથળી કેમ વપરાય છે

તે બતાવ્યું. બીજું, તેને સ્પષ્ટ જ કહ્યું કે જ્યારે તે 'ઉંઘ' માંથી જાગશે ત્યારે તેનું ગળું દુખતું હશે. પણ સાથે સાથે તેને રમકડાં વગેરેની નવી ભેટો લાવી તેની પથારીની પાંગતે મૂકીશ એમ પણ મેં કહ્યું. એટલા માટે કેદુઃખની સાથે તેને ભેટ કેવી હશે વગેરે સંબંધે આનંદના વિચારો પણ રહે. પછી મારી પાસે તેને વાંચી બતાવવા માટે મેં ચોપડી રાખી હતી. આટલી તૈયારી પછી જ્યારે ઑપરેશનનો વખત આવ્યો ત્યારે તે કૂદીને ઑપરેશનટેબલ પર ચઢ્યો અને જરાએ ગભરાયો ન હતો. ઇથરની કોથળી તો પોતાને હાથે જ મૂકી. ને થોડી વારમાં જ એની અસરમાં આવી ગયો. ડૉક્ટર કહે કે 'અત્યાર સુધી કોઈ પણ બાળકે નિર્ભયતાથી ને સહકારથી ઑપરેશન કરાવ્યું ન હતું."

: ૪ :

ચોથી માતાનો પ્રશ્ન તેના શરમાળ બાળકનો હતો.

" બીજાં છોકરાઓ પાસે આવે કે મારું બાળક દોડીને ઘરમાં પેસી જાય ને સંતાઇ જાય. મને બીક લાગી કે આનો કાંઇ ઉપાય ન કરું તો મારા બાળકનું જીવન બહુજ દુઃખી થવાનું ને કદાચ તેનો વિકાસ પણ અટકવાનો. તેથી મેં અઠવાડિયાનો મારો એક દિવસ કેવળ તેને માટે જ રાખ્યો. આ દિવસે હું કેટલાએક બાળકોને મારે ત્યાં બોલાવતી. તેમની સાથે હું દોડું, કૂદું, ને રમું. મારા બાળકને પણ સાથે રમવા બોલાવું ખરી. પણ તે ના પાડે તો જવા દેતી. તેણે રમવું જ જોઇએ એવો તેના પર જુલમ કરતી નહિ. આસ્તે આસ્તે ઘરે છોકરાંઓ જાય આવે ને રમે કૂદે તેનાથી તે ટેવાઇ ગયો. આખરે એક દિવસ બીતો બીતો પણ અમારી રમતમાં દાખલ થયો. હવે તે સાત વર્ષની ઉંમરે છોકરાઓનો નાયક થઇ પડ્યો છે.

: ૫ :

આ માતાને વિચાર થઇ પડ્યો કે પોતાના બાળકને વ્યવસ્થાના પાઠો કેમ શીખવવા.

છોકરાની માએ ને બાપે મળીને વિચાર કર્યો ને આખરે એના બાપે એક લાકડી લીધી ને બાળક આંખી શકે તેટલી ઉંચાઇએ તે ભીંતે ખીલીએ ટાંગી દીધી. થોડી ખીલીઓ તથા થોડી કપડાં ટીંગાડવાની ચાંપ વગેરે પણ ત્યાં ગોઠવી દીધાં. બૂટ મૂકવા માટે એક બૂટની કોથળી ટીંગાડી દીધી. ગંદાં કપડાં નાખવા માટે એક બીજી કોથળી પણ ત્યાં રાખી. આ રીતે છોકરાને પોતાની કઇ વસ્તુ કયાં મૂકવી તેની બારાબર ખબર પડી. વચ્ચે વચ્ચે તેની તપાસ કરવા નિરીક્ષકો (તેનાં માબાપ) જતાં. નિરીક્ષક માટે તે બધું ગોઠવીને તૈયાર રાખતો ને તેમ કરતાં તેને બહુ મજા પડતી. એમ થોડા જ દિવસોમાં તેને પોતાની વસ્તુઓ ને કપડાં યોગ્ય જગ્યાએ મૂકવાની ટેવ પડી; અને તેમ કરતાં બાળકને જરાયે હેરાન થવાપણું હતું નહિ. હોંશેથી બધું કામ ચાલતું.

: ૬ :

આ પ્રશ્નમાં માતાને તેની ત્રણ વર્ષની ચંચળ છોકરીને શાંત બનાવવી છે. છોકરી અતિશય રમ્યા જ કરતી. એટલી બધી કે તેને ખાવા પીવાપીવાનુંયે ભાન રહેતું નહિ. એક જગ્યાએ સ્થિર થાય તો ખાવાનુંયે સૂઝે ને! છેવટે તેની માતાએ તેને સ્થિર બેસવાની

પાડવા સંબંધે છે. આ માતાએ એ કામમાં પોતાની ઘડિયાળનો ઉપયોગ કર્યો. પહેલાં બે ત્રણ દિવસ તો બાઇએ બાળક સાધારણ રીતે કેટલે વખતે પેશાબ કરે છે તે જોયું. રોજ તે વખત નોંધી રાખવા લાગી. બે ત્રણ દિવસે નોંધ ઉપરથી દેખાયું કે લગભગ સરખે વખતે બાળક પેશાબ કરે છે. ત્યાર પછી ચોથા દિવસે તેણે તે તે વખતે ઘડિયાળમાં અલાર્મની ચાવી દઈ મૂકી. અલાર્મ વાગે એટલે બાઇ ગમે તે કામમાં હોય ત્યાં તેને યાદ આવે કે બાળકનો પેશાબ કરવાનો વખત થયો છે. એટલે તે તરત આવી બાળકને બાળે બેસાડતી. એકાદ માસમાં બાળકને બાળે બેસી પેશાબ કરવાની ટેવ પડી ગઇ.

આપણે ત્યાં પણ માબાપો આગળ આવા નાના નાના ઘણા પ્રશ્નો ઉભા થતા હશે. તો તે પ્રશ્નો નોંધી તેના પર વિચાર કરી કાંઇક ઉપાયો યોજી તેનો યોગ્ય ઉકેલ લાવવાનો માબાપો પ્રયત્ન કરે તેમ ઇચ્છીએ. પણ વાત એમ છે કે પ્રશ્ન પ્રશ્ન તરીકે આપણી આગળ ઉભો જ થતો નથી. 'બાળક જ્યાં ત્યાં પેશાબ તો કરે જ ને!' 'એ તો ચીડાય.' બહુ તો કહીએ કે 'તું બહુ ખિન્નળ છો.' એટલે પહેલવહેલાં તો પ્રશ્નને પ્રશ્ન તરીકે ઓળખવાની જ બાસ જરૂર છે. કેટલાંયે બાળકો નાનપણમાં શરમાળ હોય છે. તો તે જ વખતે તેને માટે ઉપાયો લેવા જોઇએ. અવ્યવસ્થા કે ચંચળતા બધાંનો બાળપણમાં ઉપાય થઇ શકે. માટે સમજણ-પૂર્વકનું અવલોકન એ સૌથી અગત્યનું છે. પછી પોતાને ઉપાય સૂઝે તો કરી જોવો નહિ તો કોઇ જાણકારને પૂછી શકાય. તા.

ટેવ પડે માટે એક યુક્તિ અજમાવી. તેને એક જગ્યાએ બેસાડી તે તેને વાર્તા વાંચી બતાવવા લાગી. વાર્તા માટે તે છોકરી આસ્તે આસ્તે દસથી પંદર મિનિટ સુધી એક જગ્યાએ બેસવા લાગી. પછી જમવાનો વખત થાય તે પહેલાં વાર્તાનો વખત તે રાખવા લાગી. આટલી વિશ્રાંતિ અને શાંતિને લીધે તે જમતી વખતે જમવા તરફ ધ્યાન દઇ શકી ને જરા શાંતિથી ખાવા લાગી.

: ૭ :

ત્રણ વર્ષના વિલ્યમની બાનો પ્રશ્ન તો તેના ક્રોધી સ્વભાવ પરત્વે હતો. તેની બાએ ઘણા ઉપાયો અજમાવ્યા પણ બધા નિષ્ફળ નીવડ્યા. પછી તેણે તપાસવા માંડ્યું કે વિલ્યમ એવી રીતે વધારે પડતો કયારે ચીડાય છે. તપાસતાં તેને જણાયું કે જે દિવસે બપોરે જમીને તે સૂતો નથી પણ અમસ્તો પડ્યો પડ્યો વખત કાઢે છે ત્યારે તે વધારે ચીડિયો થઈ જાય છે. તેથી તેણે વિલ્યમ ન ઉંઘે તે વખતે કાંઇક રમત કે ફરવા હરવાનું એવું કાંઇક કામ કાઢવાનું શરૂ કર્યું. ને સાંજે વહેલો ચાર પાંચ વાગે તેને પથારીમાં સુવરાવી દેવા લાગી. અને સૂઇને ઉઠે ત્યારે પથારીમાં તેને કાંઇક ખાવાનું આપી દેવા લાગી. વિલ્યમ સાંજે સૂવે તે પહેલાં જ તેની બા તેને કહી દેતી કે રાત્રીનું ખાણું તેને ત્યાંજ મળશે. વિલ્યમ શાંતિથી ખાઇને ફરી સૂઇ જતો. આમ કરવા લાગ્યાને દસ અઠવાડિયાં થયાં. તેટલા વખતમાં તે એક જ વાર ચીડાયો હતો ને તે પણ બહુ જ થોડું.

: ૮ :

છેલ્લો પ્રશ્ન બાળકને પેશાબપાણીની ટેવ

ચર્ચાપત્ર

સ૦ એક બાળક દરરોજ ચાર પાંચ પેનો ખૂએ છે. પોતાની દરેક વસ્તુ તે ગુમાવી બેસે છે. તેનાં માબાપ ફરિયાદ કરે છે તથા નવી પેનો લખવા માટે વખતસર અપાવતા નથી તો શું કરવું?

જ૦ આ કુટેવ પૈસાદારના છોકરાની અગર અત્યંત લાડકવાયા છોકરાની છે. જે બાળકને હમેશ જોઇતું તુરત જ મળે છે અને ખોઇ નાખે તો પણ મળે છે તે બેદરકાર બને છે; બાળકો ચતુર હોય છે. 'પેનો મળશે જ,' 'નોકરો શોધી કાઢશે જ' 'આખરે બા કે બાપા પેન અપાવશે જ' એવા અનુભવવાળાં બાળકો છેક બેદરકાર હોય છે. પોતા વિષે અને જીવનવિકાસ વિષે પણ તેઓ બેદરકાર બને છે અને તેથી તેમના સ્વાત્મભાવ અને સ્વયં-વિકાસની આડે પડ આવી જાય છે.

આવાં બાળકોને કહી દેવું કે વારંવાર ખોશો તો ફરી વાર મળશે નહિ. દૃઢતાથી કહેવું. કીધા પછી કથનનો સપ્રાધથી અમલ કરવો. ભલે બાળક પેન વિના થોડો વખત ન ભણે. પેનને બેદરકારીથી ગુમાવી દેવાની બદીમાંથી છૂટશે એ જ તેનું ભણતર થશે. પેનો કે વસ્તુ મોડી અપાવવી, અગર ઠપકો આપીને અપાવવી એ રીઢાં થઇ ગએલાં બાળકો માટેનો ઉપાય નથી. પેન અપાવવી જ નહિ. મહિના સુધી અપાવવી જ નહિ. બાળક પેન વિના રહી નહિ શકે. તે પેન સાચવવાની જરૂરીઆત સમજશે અને સાર પછી તે પેનનો અધિકારી થશે.

આજે આપણી આજુબાજુ શિક્ષણની અને વિકાસની સામગ્રી વધી છે. પણ સામગ્રી શિક્ષણ નથી; તે સાધન માત્ર છે. એટલે અધિકાર વિનાનાં બાળકોને સામગ્રી આપવા માંડીશું તો તેઓને હાથે તેનો દુરુપયોગ જ થશે. પેન રાખવાનો અધિકાર પણ બાળકે પ્રાપ્ત કરવાનો હોય છે. ખરી રીતે બાળકે અધિકારમીમાંસા જાણવાની જરૂર નથી પણ તેના વડિલે તે જાણવી જોઇએ. અને યોગ્યતા પહેલાં જે તે આપવાની પોતાની અણઆવડતમાં તેણે સુધારો કરવો જોઇએ.

બાળકો પોતાની પેનો સાથે સાચવણશક્તિ, જવાબદારી અને છેવટે આત્મશક્તિ ખૂએ તેના કરતાં પેનો ખૂએ જ નહિ, એ વધારે સારૂં છે.

સ૦ અમે બાગકામમાં ખોદવું શરૂ કર્યું. બધાં બાળકો તૈયાર થયાં. બે બાળકોએ ના પાડી. તેઓ શાળાના મોટા વિદ્યાર્થીઓ છે. તેમને છુટેલા જોઇ બીજાઓએ પણ ના પાડી. કારણ પૂછ્યું તો જવાબ ન મળ્યો. ફરજ પાડવી?

જ૦ ના. ફરજ ન પાડવી પણ શા માટે તેઓએ ના પાડી તેની શોધ કરવી. તેઓ શરીરે નબળા હોય તો ના પાડે. તેઓને હથીઆરોની બીક લાગતી હોય તો ના પાડે. તેઓને પોતાનાં કપડાં બગડવાની બીક લાગતી હોય તો પણ ના પાડે. ઘેરથી માબાપોએ તેમને તેમ કરવાની ના પાડી હોય તો પણ ના ના પાડે. આપણા પ્રત્યે પ્રીતિ ન હોય તો પણ ના પાડે. આવે વખતે છોકરાઓની મુશ્કેલીઓ

જાણી તે દૂર કરવી. એમ કરતાં તેઓ ખોદવા આવશે.

પણ છોકરાઓ મોટા છે અને જ્યાં નાનાં બાળકો પણ કામ કરવા ઉતરી પડે છે ત્યાં ઉભા રહે છે અને ચોખ્ખી ના પાડે છે એટલે બીજી કેટલીએક બાબતો હોવાનો મોટો સંભવ છે.

છોકરાઓ એવાં માબાપોના બાળકો તો નથી ના કે જેઓ ગામમાં મોટા માણસો ગણાય છે ? મોટા માણસો હાથકામને ધિક્કારે છે અને તેમની પાસેથી તેમનાં બાળકો શીખે છે.

ગરીબ માણસોના છોકરાઓ મોટે ભાગે શરીરથી પીડાતા હોય છે ત્યારે મોટાંઓનાં બાળકોનો મોટો ભાગ શરીર કરતાં મનનો રોગી હોય છે. ઉપર કહ્યા પ્રમાણે તેઓ કામને ધિક્કારનારા હોય તો તેમને હાલ તુરત કામમાંથી અને કામનાં આનંદમાંથી બહાર રાખવા. એટલું જ નહિ પણ તેમને બોદકામ વખતે હાજર રહેવાની સખ્ત મના કરવી. આથી નાનાં બાળકો ઉપર તેમની પાકી અસર નહિ થાય અને મોટા છોકરાઓને અભિમાન તૃપ્ત કરવાનું વાતાવરણ નહિ મળતાં તેઓ આપોઆપ જ થાકશે અને સમાજની ખાતર, સહુ-આનંદની ખાતર તેઓ કામમાં જોડાવા માગણી કરશે જ. માણસોમાં તેમજ માણસોના ફરજંદોમાં હાથપગ હલાવવા, કામ કરવું એ સ્વાભાવિક છે. એમાં શ્રીમંતાઈએ વિકૃતિ આણી છે. જો તે છોકરાઓમાં બહુ ઉંડી ઉતરી નહિ હોય તો તેઓ સ્વાભાવિક બની જશે અને ઉલટું સારું કામ બતાવશે. તેઓમાં જો આળસ અને કામ પ્રત્યેનો અનાદર ઉંડો ગયો હશે તો તેને માટે પ્રથમ આપણે દયા લાવવી જોઇએ. પછી પ્રેમથી તેમને પાસે લેવા જોઇએ અને ધીમે ધીમે રોગમુક્ત કરી તંદુરસ્ત દશાનો અનુભવ કરાવવો પડશે. પણ જેમ તેઓ કામને ધિક્કારે છે તેમ આપણે તેમને ધિક્કારીશું તો ધિક્કાર સામે ધિક્કાર વધશે અને લાભ થશે નહિ.

સ૦ હું શાળાનો આચાર્ય છું. હું મુખ્ય છું તેથી મેં નીચલું ધોરણ–બાળવર્ગ–લીધેલું છે. એ બરાબર છે ?

જ૦ ચોક્કસ બરાબર છે. આજ લગીની ખોટી માન્યતાને આપણે ફેરવવી જોઇએ. મોટા માસ્તરો હુકમ કરવા, ઉંચા ધોરણો લેવા અને થોડું કામ કરવા માટે નથી પણ અઘરું કામ, નીચા ધોરણોનું કામ અને વધારેમાં વધારે કામ કરવા માટે છે. મોટાઓ તે જ કહેવાય કે જે વધારે સેવા કરી શકે છે. વધારેમાં વધારે નીચા નમી ગરીબમાં ગરીબ, હલકામાં હલકા અને નાનામાં નાનાઓનું ભલું કરવા બેસે છે. ભવિષ્યમાં શાળામાં પણ પદવીનો ક્રમ બદલાવાનો છે. બાલપોથી કે બાળવર્ગનો શિક્ષક આચાર્ય ગણાશે અને ચોથા પાંચમા અને છઠ્ઠા ધોરણોના શિક્ષકો ઉપશિક્ષકો ગણાશે. તમે બરાબર રસ્તે છો.

(અપૂર્ણ)

મોન્ટીસોરી પદ્ધતિ	નવી આવૃત્તિ	૨-૦-૦
સંસ્કૃત-ગુજરાતી લઘુકોશ	૩૬૦ પાનાં	૧-૮-૦

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ સાતમું
૧૯૮૮

અંક ૭-૮ મો
ભાદરવો-આસો

:તંત્રીઓ:
ગિજુ ભાઇ
તારા બેન

તેઓ દયાપાત્ર છે કે જેઓ પોતાના દોષો જોઇ શકતા નથી. તેઓ ત્યારે વધારે દયાપાત્ર છે કે જ્યારે તેઓ બીજામાં રહેલા દોષોને નિંદે છે. તેઓ પોતાને નિંદી શકતા નથી તે દયાજનક સ્થિતિ છે. પણ ભયંકર સ્થિતિ એ છે કે તેથી જ તેઓ બીજાને નિંદે છે. ગમ્મતની વાત એ છે કે તેઓ નિંદા કરતાં કરતાં અજાણપણે પોતાના જ અવગુણોને પ્રગટ કરે છે. નિંદા એ પોતાના જ અવગુણો ઉપરની ટીકા છે.

જુવાની જાળવો

માબાપોએ પોતાના બાળકની ખાતર જુવાની જાળવવી જોઇએ. બાળકને ઘરડાં માબાપ ન ગમે. ન ગમે એટલે કે તેમને તે ઓછાં વહાલાં લાગે એમ નથી, પણ માબાપના ઘડપણની છાયા બાળકના ઉગતા જીવન પર પડે છે ત્યારે તે ઓછું બીલે છે–ઉદાસીન બને છે. માટે બાળકની ખાતર, આપણાં વહાલાં અપત્યની ખાતર માબાપોએ જુવાની જાળવવી જોઇએ.

જુવાની જાળવવી એટલે શરીરે ઘરડા ન થવું. આપણે જુવાન હોઇએ છીએ ત્યારે આપણા હાથપગમાં તાકાત હોય છે. આપણને કામકાજ કરવાં એ હિસાબમાં હોતાં નથી. હરવું ફરવું ગમે છે. ખાવાનો પીવાનો શોખ હોય છે. હોંશથી અને ઉત્સાહથી આપણે બધું કરીએ છીએ. તે વખતે આપણાં બાળકો બહુ નાનાં હોય કે ન પણ હોય. પછી બાળકો મોટાં થઇ દસ બાર પંદર વર્ષનાં થાય છે તેટલામાં આપણે ઘરડાં થઇ જઇએ છીએ. ફરવા જવું, વનભોજનો કરવાં કે મુસાફરીએ નીકળવું આપણને કંટાળા રૂપ થઇ પડે છે. એટલે મોટે ભાગે સામાન્ય–અત્યંત જરૂરી સિવાયનો એકેય કાર્યક્રમ આપણે ગોઠવતાં નથી. એક ખાવાપીવાની જ વાત દૃષ્ટાંત તરીકે લઇએ. ખાવાપીવામાં પણ શક્ય તેટલું ઓછું ને ઓછી મહેનતનું કરીએ છીએ. તે વખતે આપણને ફિલસુફી સૂઝે છે કે સાદો ખોરાક સારો. પાપડ ને અથાણું ન ખવાય. સેવ ને ખેરો ને એવું એવું હોજરીને માફક ન આવે. અગજ ને સુખડી અગ્નિમાંદ્ય ઉત્પન્ન કરે છે. ભજીયાં ને પુડલા તો બહુ જ ખરાબ. વાત શું ખાવું ને શું પીવું એની નથી; વાત છે ઉત્સાહ ને હોંશની. આપણી આળસ અથવા નિરુત્સાહને આપણે ફિલસુફી કે નવા ખોરાકશાસ્ત્રથી ઢાંકીએ નહિ. જરૂર આપણે જીવનફિલસુફી વિચારીએ ને અમલમાં મૂકીએ; ખોરાકશાસ્ત્રની છેલ્લામાં છેલ્લી શોધને અનુસરીએ. પણ આપણે બાળકની ઉંમરમાંથી પસાર થયાં ને હવે આ ચાળીશ પચાસ વર્ષની ઉંમરે આપણને એ વાતોમાં રસ રહ્યો નથી માટે છોકરાંઓને તેનાથી વંચિત રાખવાં એ ઠીક નથી.

ઘણાં માબાપો એવાં દેખાય છે કે બાળકોને ચાર વાર ભૂખ લાગતી હશે એ પણ તેઓ ભૂલી જાય છે. પોતાની ભૂખ ઓછી થાય છે અને બે ટંક વચ્ચે કાંઇ પણ મોઢામાં મૂકવું પોતાને ગમતું નથી તેથી તેઓ બાળકોને ખાતાં પણ જોઇ શકતાં નથી. " શું જ્યારે ને ત્યારે ખાય છે ? " " કેટલું ખાય છે ? " " બસ કરો; હવે પેટમાં દુખશે. ઝાડા થશે. " વગેરે વાક્યો મોટાંઓના મોઢામાંથી હમેશ નીકળે છે. એમાં તેમના પોતાના અગ્નિમાંદ્યની છાયા છે. વધારે ખવાઇ જાય છે ત્યારે પોતાને જે થાય છે તે ઉપરથી તેઓ બાળકોને તેમ કહે છે. પણ ખરી રીતે પોતે નાનાં હતાં ત્યારે કેવી ભૂખ લાગતી હતી ને પથરા પણ પચાવવાની શક્તિ ધરાવતાં હતાં, તેમ જ સ્વાદથી બધું ખાઇ શકતા હતાં તે યાદ કરવું જોઇએ. ને કદાચ કમભાગ્યે પોતે નાનપણમાં પણ માંદાં જ હોઇએ

તો બીજા ઉપરથી કલ્પના કરવી જોઇએ કે બાળકોને ભૂખ લાગે ને તેમણે તો પેટ ભરીને ખાવું જ જોઇએ."

બીજું, માત્ર ખાવાનું પુષ્કળ આપવાથી કામ સરતું નથી. જુવાનીના કાળમાં એક પ્રકારની નિશ્ચિંતતા હોય છે તેનું પણ વાતાવરણ જોઇએ. આપણે ચિંતાના ઉદ્‌ગારથી કે ચહેરાના ભાવથી કે ઘણી વાર માત્ર મનમાં વિચારો રાખીએ તેથી બાળકોના શરીર ઉપર અસર કરીએ છીએ.

તે ઉપરાંત ખાવા પીવામાં જે ખુશમીજાજ (heartyness) જુવાનીમાં હોય છે—એ... મજાથી ખાઓ, પીઓ, ધરાઓ ને લાગો કામે, એનું વાતાવરણ ઘરડાં માણસો ઘણી વાર જાળવી શકતાં નથી. તેની અસર બાળકોનાં શરીર ઉપર થયા વગર રહેતી નથી. ઘણા લોકો ઘડપણમાં ખાવા પીવા પ્રત્યેનું વૈરાગ્યમય વાતાવરણ ઉભું કરી દે છે. બાળકો માટે તો તે અકાળે હોઇ ઘાતક જ છે. ખાઉકડપણું કે આખો વખત ખાવા પીવામાં જ મચ્યા રહેવું, તેની જ વાતો અને તેનાં જ કામો, એમ ન રાખીએ; પણ બીજે છેડે જઇ ખાવું પીવું કે તેને વિષે વાતો કરવી એ બધું દુન્યવી અથવા હલકું ગણવું, અસંસ્કારી ગણવું એ બરાબર નથી. બાલ્યાવસ્થામાં શરીરે વધવું એ બાળકનું મોટું કામ હોય છે; તેથી શરીરપોષણનાં સાધનોમાં તેને વિશેષ રસ હોય એ સ્વાભાવિક છે. માટે અકાળે વૈરાગ્યમય અસ્વાદવૃત્તિનું વાતાવરણ કદી પણ ઉત્પન્ન કરવું નહિ.

ઘણી વાર મોટાંઓ બાળકોને ખવરાવવું ભૂલી જાય છે. કારણ પોતાને ભૂખ લાગતી નં હોવાથી ખાવાનું કરવાની જરૂર છે એ વાત જ તેમના ધ્યાન બહાર જાય છે. મેં ઘણાં ઘરો એવાં જોયાં છે કે જેમને ત્યાં સવારે અને ત્રીજે પહોરે દશ વર્ષ પહેલાં હમેશ કાંઇ ને કાંઇ ખાવાનું બનતું હતું, તેમને ત્યાં આજે દશ વર્ષ પછી બે વાર જમવા સિવાય ખાવાનો રિવાજ લગભગ નીકળી ગયો છે. કારણ કે મોટાંઓની ભૂખ ઓછી થઇ છે, એટલે નાનાંઓ વિષેનો વિચાર તેઓ ભૂલી જાય છે. નાનાંઓ ભૂખ્યાં થાય છે ને માગે છે તો તેઓ નથી આપતાં એમ નથી, પણ પહેલાં જેમ રીતસર તે ખાવાનો વખત ગણાતો ને તે માટે રસોડામાં તૈયારી થતી તેવું કશું ન હોવાથી હવે ત્રીજે પહોરે ખાવામાં બાળકોને પણ ઓછી મજા આવે છે.

એકંદરે શરીરવર્ધનનું કાય મોટાંઓનું પૂરું થઇ ગએલું હોય તેથી ખાવાપીવામાંથી તેમનો રસ ઓછો થાય; પણ બાળકોનું તે કાર્ય ચાલુ હોય છે માટે તેમની ખાતર ચારે ટંક ખાવાનો રિવાજ ચાલુ રાખવો જોઇએ. ને બાળકોને ખાવાનો કંટાળો આવે તેમ નહિ પણ તેઓ હોંશેથી—આનંદ અને પ્રસન્નતાથી ખાય ને જોશથી વધે એવું વાતાવરણ જરૂર જોઇએ. માટે આપણાં વહાલાં બાળકોની ખાતર આપણે આપણી શારીરિક જુવાની જાળવવી જોઇએ. ખાવાપીવામાં આપણે ભાગ ન લઇએ તો પણ તે પ્રત્યેની પ્રસન્નતા ને હોંશ જાળવવી જોઇએ.

આ વાત જેમ ખાવાપીવાને લાગુ પડે છે તેમ જ પહેરવા ઓઢવાને પણ લાગુ પડે છે,

મોટી ઉંમરે દુઃખથી દાઝવાથી કે વિરક્તિ આવવાથી કે ગમે તે કારણે મોટાંઓનો પહેરવા ઓઢવા સંબંધીનો રસ ઓછો થઇ જાય છે, ને તેઓ પોતા સંબંધે બેદરકાર થઇ જાય છે. ઉંમર પરત્વે પણ આ બેદરકારી આવે છે. બેદરકારીથી ઘણીવાર તદ્દન ઢંગધડા વગરનાં, સૂગ ચડે કે કંટાળો આવે એવાં કપડાં પહેરીને માબાપો બેસે છે ત્યારે બાળકોને કેટલું ખરાબ લાગતું હશે? આની અસર છરી લાગે ને લોહી નીકળે એવી હોતી નથી પણ નભરમા દિવસની જેમ ઉદાસ અસર હોય છે, તેવી હોય છે. બાળકની પ્રસન્નતા ઓછી થાય છે માટે આવી નાની બાબતોમાં પોતાની ખાતર નહિ તો બાળકોની ખાતર પણ સુંદર પ્રસન્ન વાતાવરણ રહે તેટલા માટે માબાપોએ માનસિક જુવાની જાળવવી જોઇએ. ઘડપણ એટલે જ જીવનનો અભાવ. જીવનનો જોશ હોય છે ત્યાં ઉંમર વધે તો પણ ઘડપણની ગ્લાનિ કે ઉદાસીનતા હોતી નથી. બાસઠ ત્રેસઠ વર્ષની ઉંમરે પોતે નિઃસંગી વૈરાગી હોવા છતાં અત્યંત મહત્વના કામોમાં ગૂંથાએલા મહાત્માજી પાસે બાળકો કેમ આનંદથી જાય છે? તેમની સાથે વાતો કરવાની કેમ હોંશ ધરાવે છે? તેમની પાસે રહેવું કે તેમનો કાગળ લખવો કે તેમનો કાગળ વાંચવો એ બાળકને કેમ એટલું બધું ગમે છે? માત્ર આપણા દેશનાં–નજીકનાં બાળકો જ નહિ પણ પરદેશનાં બાળકો પણ કેમ તેમની તરફ પ્રેમથી આકર્ષાયાં? એનું કારણ એ છે કે મહાત્માજી આત્માથી જુવાન ને જુવાન છે. તેમની હોંશ, તેમનો ઉત્સાહ, તેમની પ્રસન્નતા ને સૌથી વિશેષ તેમનો પ્રેમ એવાં ને એવાં તાજાં છે; તેમનું જીવનવહેન એવા ને એવા જુસ્સાથી વહે છે; તેમની હાર્દિકવાડી એવી ને એવી ખીલેલી છે; માટે બાળકો તેમની પાસે જવાનું મન કરે છે. જ્યાં તાજગી ન મળે પણ ગ્લાનિ ને ઉદાસીનતા મળે ત્યાંથી બાળકો ભાગે છે ને ભાગી ન શકે તો પોતે કરમાવા લાગે છે. માબાપો કે પોતાના ઘરથી તેઓ કયાં નાસી જાય? માટે આપણું વાતાવરણ જો મંદ અને નિરુત્સાહી હોય તો બાળકોનો આત્મા કરમાય છે, દુઃખી થાય છે. ખાવું પીવું, પહેરવું ઓઢવું, ઉત્સવો ઉજવવા, ચાર માણસોને પોતાને ત્યાં બોલાવવાં કરવાં, એ બધાં અંદરની જુવાનીનાં બાહ્ય લક્ષણો છે. અંદરની આત્માની તાજગી એ મુખ્ય વસ્તુ છે.

આપણાં બાળકોની ખાતર આપણે તાજા રહીએ, આપણી જુવાની જાળવીએ, આપણી પ્રસન્નતા ને ઉત્સાહ જાળવીએ ને બાળકોને શરીરથી ને મનથી વધવામાં મદદ કરીએ. તા.

મહાબળેશ્વરમાં એક દિવસ

ગયા ઉનાળામાં હું મારા એક મિત્રને ત્યાં એક દિવસ માટે મહાબળેશ્વર ગયો હતો. તેના બંગલાના ફળિયામાં જ પેસતાં મેં તેનાં બાળકોને લાકડાના કટકાનું બેટ લઇ પથરાથી દડે રમતાં જોયાં.

થોડી વારે તેઓ અમે બેઠા હતા તે ઓશરીમાં આવ્યાં અને મારા મિત્રે તેમને ઘરમાં જવા અને પાઠો વાંચવા કહ્યું. છોકરાંઓ

થોડી વાર ઘરમાં ટકયાં; ચોપડીઓ ફેંકીને પાછાં બહાર નીકળ્યાં. બાપે કહ્યું: "અહીં આખો દિ' રખડવાનું ને રમવાનું નથી. રજા છે તેમાં તમારાં લેસન કરો. લેસન ન આપ્યાં હોય તો નવું નવું વાચો. અહીં આટલો બધો અવકાશ છે તો તમારા પાઠો આગળથી કરી રાખો તો કેવું સારું?" ડાહ્યાં છોકરાંઓ વળી પાછાં ઘરમાં ગયાં અને કંઈક કરવા લાગ્યાં.

મારા મિત્રે મને કહ્યું: "જુઓ મારી પેલી નાની કીકીએ આ ઉનનું ઝબ્બલું આઠ જ દિવસમાં ભરી કાઢયુ. અહીં એને બીજું કામ શું? અને આખો દિ' કાઢવો પણ શી રીતે? અહીં મહાબળેશ્વરમાં હવા મજાની છે પણ બાળકોનો વખત તો કેમેય જતો નથી. સાંજે મોટરોમાં ફરવા જઈએ એટલે તેમના કલાક બે કલાક ચાલ્યા જાય. બાકીનો વખત તો વધી પડે છે. અરે, અમને પણ બપોરનો વખત તો લાંબો જ થઈ પડે છે. એ તો પાનાં ને ચોપાટ રાખ્યાં છે તે બે ચાર જણાં ભેળાં થઈ વખત કાઢી નાખીએ છીએ."

હું બધું સાંભળતો હતો. એક પણ શબ્દ બોલવા જેવું લાગ્યું નહિ. બેઠાં બેઠાં મનમાં વિચાર કરી રહ્યો હતો અને સમસમી રહ્યો હતો. મે મનમાં નિસાસો મૂકયો. અરે બિચારા અણસમજુ શ્રીમંતો અને બિચારાં તેમને આશરે પડેલાં બાળકો! અહીં આવ્યાં, કુદરતના ભવ્ય ખોળે આવ્યાં, નિસર્ગની રમણીયતામાં આવ્યાં, વિરાટના ભિન્ન ભિન્ન રૂપોની સમીપ આવ્યાં, કુદરતના સંગીત અને ચિત્ર વચ્ચે આવ્યાં, તો પણ તેમની દશા તો એની એ જ! તેઓની આંખોએ ચોપડીઓ વાંચવાનું, તેઓના હાથે ઝબ્બલું ગૂંથવાનું, તેઓના પગે ફૂટબૉલ રમવાનો, તેઓના કાને રખડવા જવા માટે ખેંચાવાનું, અને ગાલે તમાચા ખાઈને લાલ થવાનું!

મેં મારા મિત્રને કહ્યું: "ચાલ, આપણે ચંદ્રમણિભાઇને ત્યાં જઇએ. એને મારે મળવું છે."

ચંદ્રમણિ અમારો બન્નેનો મિત્ર. ચંદ્રમણિ પણ એક મોટો શ્રીમન્ત માણસ છે.

અમે ચંદ્રમણિને ત્યાં પહોંચ્યા. આવકાર આપી ચંદ્રમણિએ અમને ફળિયામાં જ આંબાના ઝાડ નીચે બેસાડ્યા. સ્વાગત અર્થે અમારે માટે કંઈક લાવવા માટે નોકર સાથે કહી મોકલ્યું.

ચંદ્રમણિ એક સારા સંસ્કારી કુટુમ્બના છે. ધંધે તેઓ વેપારી છે. ધંધો ધીકતો છે. મુંબઇમાં તેઓ આપણી સાથે વાત કરવા એક ક્ષણ પણ નવરા ન હોય.

તેણે વાત કરતાં કહ્યું: "રઘુભાઇ, મુંબઇમાં તો માથું પાકી જતું. અહીં તો એટલી અપૂર્વ શાંતિ છે કે મન અને તન ખૂબ પ્રસન્ન રહે છે. નહિ અહીં રેલ્વે અને મોટરોનો ઘોંઘાટ, નહિ મીલોના ધૂમાડા, નહિ લોકોનો ઘોંઘાટ. અહીંની શાંતિમાં હું તો મસ્ત રહું છું. આ ઝાડ નીચે લગભગ બહાર જ પક્ષો રહું છું. મીઠી હવાના સતત સ્પર્શે શરીર હળવું હળવું રહે છે. આ ઝાડોની નવી નવી મંજરીની ગંધ! આ બાગનાં નવાં નવાં ફૂલોના રંગો અને કેટલીયે જાતનાં પક્ષીઓનાં ગાન! ખરે કુદરતની બલિહારી છે. મુંબઇને તો હું બીજે જ દિવસે ભૂલી ગયો

છું. આપણે તો કુદરતના બાળક બની તેનો ખોળો લહેરથી ખૂંદી રહ્યા છીએ."

એટલામાં આંબાની ઘટામાં રહેનારું પીલક નામનું પક્ષી આવ્યું ને અમારી સામેની આંબાડાળે બેઠું. ચંદ્રમણિએ બાળકોને ધીમેથી ચૂપ માર્યોઃ "એ છોકરાંઓ અહીં તો આવો. પેલું પીલક આવ્યું છે. પીલક આવ્યું છે. ઝટ આવો, ઝટ આવો. હમણાં જ ઉડી જશે! ચુપચૂપ આવો નહિતર ઉડી જશે."

બાળકો ધીમે પગલે આવ્યાં ને 'ક્યાં છે?' કહી ઉભાં. પણ ત્યાં તો પીલક ઉડી ગયું.

ચંદ્રમણિએ કહ્યુંઃ "એ તો ગયું. પેલી આંબાની ઘટામાં છે. જાઓ જોઇએ, લાં દેખાય છે?"

બાળકો ત્યાં ઉપડ્યાં. એકના હાથમાં બાયનોકયુલર હતું અને બીજા મોટા છોકરાના હાથમાં કેમેરા હતો. ચંપાના હાથમાં ચોપડી હતી. છોકરાંઓ આંબાની ઘટા તરફ હળવે હળવે દોડી ગયાં. તેઓના ચહેરા ગુલાબી હતા; તેઓ સ્ફૂર્તિથી ભરપૂર હતાં; તેમનાં મન પ્રસન્ન, પ્રફુલ્લ અને તાજગીભર્યાં હતાં.

તેમને જોઇને પણ હું વિચારમાં પડી ગયો. મારા મિત્રનું ધ્યાન પણ કંઇક અંશે તેમના તરફ ખેંચાયું. તેને કંઇક બધું નવું અને જુદું લાગ્યું. અજાણપણે તેના મગજમાં કંઇક વિચારો ચાલ્યા કરતા હોય એમ મને ભાસ્યું.

મેં ચંદ્રમણિને પૂછ્યુંઃ "અહીં બેડમિંટન અને ક્રિકેટ નથી લાવ્યા? આ બાળકોનો વખત શી રીતે જાય છે? બપોરના બિઝીક ફિઝીકનું કેમ ચાલે છે?"

મારો પ્રશ્ન સાંભળી ચંદ્રમણિ મારી સામે તાકી રહ્યા.

તે કહેઃ "અહીં બિઝીક રમવા આવ્યા છીએ કે? બિઝીક મુંબાઇમાં કે જ્યાં દુનિયાની ગડમથલ ચાલે છે ને એમાંથી બે ઘડી મગજને છૂંટું પાડવાનો ઉપાય કરવો પડે છે. મેં ન કહ્યું કે અહીં તો વખત કયાં ચાલ્યો જાય છે તેની ખબર જ પડતી નથી? સવારમાં હું કયાંય -સુધી પગે ચાલીને ફરવા નીકળી જાઉં છું. પેલી મોટી છોકરી મારી સાથે જ ચાલે છે. એની બા પણ અરધે રસ્તે સુધી આવે છે. ત્રણે જણાં સીધા રસ્તા છોડી જંગલના ભાગોમાં ઉપડીએ છીએ અને રોજ ને રોજ કંઇ ને કંઇ નવું જોઇએ છીએ અને બાળકો માટે લાવીએ છીએ. કાલે જ પેલી બીલની બાજુએ ગયાં હતાં તે ત્યાંથી મોટીએ સુંગરીનો માળો આણ્યો છે. એને માળા શોધવાનું બહુ ગમે છે. આ એની બા આવડી મોટી છે તોયે જંગલમાં જઇ ઝાડવે ચડે છે ને ઉપરથી જાંણુ ને આંબા પાડે છે, અને અમે બાપ દીકરી નીચે ઉભાં ઉભાં ઝીલીએ છીએ અને વીણીએ છીએ. મૂળે એની બા નાના ગામડાનાં એટલે એને ઝાડે ચડતાં ને નદીમાં તરતાં બહુ આવડે છે. શેઠાણી થઇ છે પણ બગડી નથી ગઇ. સવારે અમે..."

વાત ચાલતી હતી ત્યાં તો પેલી ટોળી પીલક જોઇને આવી. શાન્તાએ કહ્યુંઃ "બાપુજી, તમારી પક્ષીની ચોપડી આપો ને? મારે હવે એમાંથી જોઇને પીલક કાઢવો છે. આજે મેં એને બરાબર જોયો છે. બહુ રૂપાળો છે. ખરેખર રૂપાળો છે. મહાબળેશ્વરમાં પણ સારાં પંખીઓ

છે. આપણે ગયે વર્ષે પીલક માટે આબુમાં બહુ ફરેલાં, પણ નહિ જડેલો. અહીં આ વર્ષ તો ભારે મજા પડી."

શાન્તા આટલું બધું બોલી ત્યાં સુધી ધીરજથી ધીરૂભાઇ ઉભા હતા, અને છતાં તેમને થતું હતું કે કયારે બોલું કયારે બોલું. તેઓ બોલ્યા: "બાપુજી, આજે આરથર સીટે બે કલાક બેસવું છે હં. દુરબીનમાંથી મારે ચારેકોર ધારી ધારીને જોવું છે. દૂર દૂરની ટેકરીઓ અને બીણો ઉપર સાંજે થતા રંગો જોવાની ગમ્મત પડે છે. રંગોમાં દેખાતું ઘાસ, અને નાનાં નાનાં મકાનો ને બધું જોવા જેવું લાગે છે, બરૂં બાપુજી?"

વચ્ચેથી નાનો નિર્મળ બોલ્યો: "બાપુજી, હવે ફરી એક વાર કરા પડે તો કેવી મજા આવે? આપણે તો વીણવા માટે વરસાદમાં પડવાના. અને આ વખતે જ્યારે ધુમસ આવશે ને, ત્યારે હું અને શચી બસ એકલાં જ એમાં ફરવા નીકળશું. ધુમસમાં ફરવાની ભારે મજા આવે છે."

ચંદ્રમણિએ કહ્યું "ચોમાસામાં અહીં રહો તો ધુમસમાં ફરવાની બહુ મજા પડશે."

ધીરૂએ કહ્યું: "પણ ચોમાસામાં તો અહીં નથી રહી શકાતું. તમે જ નહોતા કહેતા કે અહીં ૩૦૦–૪૦૦ ઇંચ જેટલો વરસાદ પડે છે, ને અહીં રહેવાની સરકારની પણ મના છે?"

ઘડીભર તો હું મારા મિત્રનો વિચાર કરવો ભૂલી ગયો હતો. આ બાળકો કેવાં ભાગ્યશાળી છે અને તેનાં માબાપ કેટલાં ડાહ્યાં છે તેના વિચારોમાં હું ઉંડો ઉતરી ગયો હતો. પણ જાગીને જોયું તો મારો શ્રીમન્ત મિત્ર સ્તબ્ધ થઇ છોકરાંની વાતો સાંભળતો હતો.

ચંદ્રમણિએ કહ્યું: "એ છોકરાંઓ, લાવો તો; તમે અહીં આવી સંગ્રહ કરેલો છે તે તો આ કાકાને બતાવો. એ કાકા પણ એના શોખીન છે."

છોકરાં દોડ્યાં અને લઇ આવ્યાં. એક જણે પાંચ પચ્ચીસ મરેલાં પતંગિયાં આણ્યાં. બીજાએ બે બાટલીઓ આણી; એમાં ઇયળો હતી અને પાંદડાં બાતી હતી; એક ઇયળ તો કોશેટામાં ઊંઘી ગઈ હતી. ત્રીજાએ ઝાડનાં પાંદડાંનો સંગ્રહ આણ્યો. ચોપડીને પાને પાને પાંદડું મૂકયું હતું અને તેની બાજુએ તેનું નામ લખ્યું હતું. એકે વળી ચિત્રની ચોપડી આણી. તેમાં તેણે મહાબળેશ્વરના બાવળાના સ્કેચ કરેલા હતા. છેલ્લે બાળકોની બા પણ પોતાની ચોપડી લાવ્યાં. તેમાં તેણે દૂધવાળી ને કામવાળી પાસેથી બાવળાનાં અને મરાઠાનાં લોકગીતો ઉતાર્યાં હતાં તે હતાં.

મેં ચદ્રમણિને કહ્યું: "ચંદ્રમણિ, બરેબર તમને ધન્યવાદ ઘટે છે. પર્વત ઉપર હવા બાવા આવી તમે એકલી હવા જ નથી બાતા. બરો અહીંનો લાભ તમે જ ઉઠાવો છો. અને તમારા કરતાંએ આ બાળકો તો અદ્‌ભુત લાભ ઉઠાવે છે. તેઓ ભૂલી જ ગયાં છે કે મુંબઇ અને તેની નિશાળ અને તેની ગોખવાની ચોપડીઓ અને મુંબઇના ઘરમાં પડ્યાં પડ્યાં રમવાની રમતો કે એવું કાંઇ હોઇ શકે. તેઓ શરીરના પગે અને કલ્પનાની પાંખે દોડ્યા જ કરે છે ને ઉડ્યા જ કરે છે."

ચંદ્રમણિએ કહ્યું: "અહીં આવી ફરી પાછું મુંબઇ કરીએ ત્યારે તો એનું એ જ ના? અને છોકરાંને માટે તો આ જ કેળવણીના

પાયા છે. ખરી કેળવણી જ આ વિરાટ પરિચય અને અદ્‌ભુત દર્શન છે. જુઓ ને, આ બધું રમ્ય દર્શન સ્વતઃ અને સ્વયં શિક્ષણ નથી?"

આવા સમજુ શ્રીમન્ત પિતા પ્રત્યે હું માનથી જોઈ રહ્યો. એનાં સહધર્મચારિણી પ્રત્યે પણ મને માન ઉપજ્યું.

વખત બહુ થયો હતો એટલે હું અને મારા મિત્ર ચંદ્રમણિની રજા લઈ નીકળ્યા. કેવળ મૂંગા થઈ ગએલા મારા મિત્ર આખરે બોલ્યાઃ "ભાઈ, ખરેખર અમે ભાન વિનાના ને આંધળા શેઠીયાઓ છીએ. માત્ર પૈસા કમાતાં ને મોટા બંગલા રાખતાં આવડે છે. વધારામાં આવડે છે નોકરોને હુકમ કરતાં ને મોટરોમાં અહીંથી તહીં ફરતાં. અહીં આવીએ છીએ છતાં મનમાં તો મુંબઈ અને અમદાવાદ જ હોય છે. અને જ્યાં અમે આંધળા ત્યાં બાળકોને શું દોરીએ? એમને કહીએ છીએ કે લેસન કરો લેસન કરો. અથવા તો કહીએ છીએ તોફાન ના કરો પણ વાજું વગાડો, ક્રિકેટ રમો. અથવા તો કહીએ છીએ કે જાઓ ગડબડ ન કરો; સ્ટ્રોબેરીક્રીમ સાથે બાઓ કે આંબાઓ બાઓ. હવે સમજાય છે કે આવાં સ્થળનો આપણે માટે અને બાળકો માટે શો ઉપયોગ છે. અને આટલા વખતને માટે પસ્તાવો પણ થાય છે."

મેં કહ્યું: "કંઈ નહિ. જાગ્યા ત્યાંથી સવાર."

હું સંસ્કારી શ્રીમન્ત અને અણસમજુ શ્રીમન્ત અને તેમનાં બાળકોનો વિચાર કરતો કરતો મારી મોટરમાં બેસી મારા સ્થાન તરફ રવાના થયો.

ગિ.

બાલ્યાવસ્થાની કરુણતા

દૃશ્ય ૩ જું

"રમા, જા જોઈએ ઝટ. કોઠારમાંથી ગોળની માટલીમાંથી ગોળ કાઢી લાવ."

"ના બા, હું નહિ જાઉં."

"ના બા એટલે શું? કામ ચીંધ્યું તે કરવું જ જોઈએ. તારે જવું જ પડશે." બા ત્રાડુકી ઉઠ્યાં.

રમા મોઢું બગાડીને ઉભી રહી.

"કેમ? સાંભળે છે કે નહિ, હું શું કહું છું તે? જા ઝટ. ગોળ લઈ આવ."

રમા રોવા જેવી થઈ ગઈ. મોઢું નીચે ઢાલીને ઉભીર હી.

"આ છોડી તો રોજ શેર લોહી પી જાય છે મારું! જે કહીએ તે ના. ગોળ લાવવાનો કીધો એમાં રોવું'તું શું? ત્યાં ક્યાં ગાડાં ખેંચી લાવવાનાં કીધાં'તાં? હવે જાય છે કે નહિ? નહિ તો મારી સમજજે."

રમાને આખે ડિલે પરસેવો રેબઝેબ થઈ ગયો. એણે ધ્રૂજતે હાથે ગોળ કાઢવાનું વાસણ લીધું ને ધ્રૂજતે પગે તે ગોળ લેવા ઉપડી. છાતીમાં ધડક ધડક થતું હતું.

રમા ધીમે ધીમે પગ ઉપાડતી હતી ત્યાં પાછળ ગર્જના થઈઃ "પગ ઉપાડે છે કે

આવું લાકડી લઈને ? આ છોકરીથી કંટાવાઈ જવાય છે !"

રમા દોડી. કોઠારની ઓરડી આગળ પહોંચી ને બારણું ઉઘાડવા લાગી પણ તેના ધ્રૂજતા હાથે કેમે સાંકળ ઝટ ઉઘડે જ નહિ. જેમ તેમ કરીને ઉઘાડ્યું, ને અંદર જોયું. અંદર જરા અંધારું. અંદરની કોઠીઓ જેમ તેમ જરા જરા દેખાય.

અંદર જોઈને રમાએ તો જોરથી ચીસ પાડી ને બારણામાં જ બેભાન થઈને પડી. એનું મોઢું ફિક્કું પડી ગએલું હતું. ડિલે આખે પરસેવો વળી ગયો હતો.

રમાની બા વઢતી વઢતી જ ત્યાં આવી પહોંચી. તેના મનમાં એમ કે ગોળ લેવા તેને જવું ન હતું ને છતાં મોકલી માટે બોટી બોટી ચીસો પાડે છે. રમાના બાપા પણ ચીસ સાંભળીને આવી પહોંચ્યા. રમાને ઘરમાં તેડી ગયા. થોડી વારે તેને સારી પેઠે તાવ ભરાયો. તાવમાંયે તે બ્રહીને ચીસો જ પાડતી હતી. ડૉકટરને તેડાવ્યા ત્યારે ડૉકટરનો મત એવો પડ્યો કે છોકરી કયાંક ખૂબ બીધી છે. મા કે બાપ બન્નેમાંથી કોઇ જ જાણતાં ન હતાં કે રમાના મનમાં કયારે બીક પેઠી હતી, અથવા તે શાનાથી બ્રહીતી હતી. પણ તે બોલતી હતી તે છૂટક છૂટક વાકયો પરથી અનુમાન કરી શકાતું હતું કે રાત્રે બાયડીઓ ભેગી મળીને ભૂતની કે જનની વાતો કરતી હતી, તેમાંથી બીક પેઠી. તેમાં તેને આગલે દિવસે કોઠારમાં પૂરી હતી ને ત્યાં અંધારામાં ખૂબ બીધી હતી. આજે ફરીથી કોઠાર તરફ જવાનું તેને મન કેમ થતું ન હતું તે સ્પષ્ટ હતું, છતાં પરાણે જવું પડ્યું એટલે રમા સખ્ત બીધી ને બેભાન થઇ ગઇ હતી.

તેની સ્થિતિ બહુ જ કરુણાજનક હતી. તેની બીકનો ઇતિહાસ લાંબો હતો, ઘણો જૂનો હતો. તેની બા તેને ગમે તે કહીને ડારો દેતી. તેમાં તે બ્રહીવા શીખી હતી. બીકને લીધે તે ધાધરીમાં પેશાબ કરી દે એટલે બા ઉપર વધારે મારે અને મોઢું તો ચાલુ જ હોય. તેમાંથી તેને વધારે બ્રહીવાનું કારણ મળે. કોઇ વાર તે કહે: "તારા કટકે કટકા કરી નાખીશ." કોઇ વાર તે કહે: "તને સિપાઇ પાસે પકડાવી દઇશ." કોઇ વાર કાંઇ ને કોઇ વાર કાંઇ, એવું રોજ કાંઇ ને કાંઇ સાંભળે. રમાનું જીવન એટલે એક બીકનું જીવન બની ગયું હતું. તેને લીધે તે અંદર અંદર કેટલી મૂંઝાતી હતી તે કોઇ કળી શકતું ન હતું. બીકને કારણે તે કામની હા ના પાડ્યા કરે એટલે તેની બાને તેની ઉદ્ધતાઇ લાગતી અને તેનો પિત્તો જતો, ને તે તેને વઢતી ને તેથી તેની બીકમાં વધારો થતો. એમ કરતાં કરતાં આજની સ્થિતિ આવી હતી.

હજી પણ તેની બા તેના હૃદયની મૂંઝવણ સમજવા જેટલી ફુરસદ મેળવે તો ઠીક. જરા સહાનુભૂતિથી તેની સાથે વાત કરે તો ઠીક. અને પોતાની વાણી પર કાબુ મૂકી જ્યારે ને ત્યારે તેને ડારો ન દે અને તેને કોઠારમાં પૂરી ન રાખે તો ઠીક.

બિચારી રમા જેવી દુખિયારી કુમળી બાલિકાઓ આપણા સમાજમાં કેટલીયે હશે ! માતાઓ રાક્ષસીનું રૂપ છોડી બાળકો પ્રત્યે વ્હાલ ભરી માતાઓ કયારે થશે ? તા.

બાળકો અને વાળ

બાળકોને મૂછો નથી ઉગતી એટલે એના વાળનો વિચાર કરવો એનો અર્થ મુખ્યતઃ માથાના વાળનો વિચાર કરવો એમ સમજવું: છતાં આપણે બાળકોની પાંપણ અને ભમરના વાળને ભૂલી જવું ન જોઇએ.

વાળ કુદરતે આપેલા છે ને તેનું મહત્ત્વ છે. શરીરના જુદા જુદા ઢાંકણ રૂપે કે રક્ષક રૂપે વાળ છે.

એટલે જ આપણે વાળને સ્વચ્છ રાખવા જોઇએ, તેની માવજત કરવી જોઇએ, તેને ઉછેરવા જોઇએ. બાળકોને પોતાનું નાક કે કાન કે હાથપગ નડે છે કે નહિ તે બાળકોએ આપણને કદિ નથી કહ્યું; તેમ આપણા જોવામાં નથી આવ્યું કે હાથ પગ વગેરે બાળકોને નડતર રૂપ છે. એટલું જ નહિ પણ એ બધા વડે જ બાળકો દુનિયાને સમજી શકે છે, ને દુનિયામાં રહેવાની શક્તિ મેળવી શકે છે. પણ બાળકોના વાળ ઘણી વાર નડતર રૂપ થઇ જાય છે.

બાળકોના વાળ જો ધોઇએ નહિ તો તેમાં જૂઓ પડે છે. મા પોતાના માથામાં જૂઓ રાખી બાળકોને પોતાની સાથે સૂવાડે તો બાળકના વાળે જૂઓ ચડી જાય છે. જૂ ભરેલા માથાવાળાં બાળકો સાથે રમવાથી પણ જૂઓને માથામાં લાવી શકાય છે. જૂઓ બાળકોનું લોહી પી જાય છે અને બાળકોની સ્વસ્થ ઊંઘમાં આડે આવે છે. આમ બાળકોના વાળ બાળકોને નડતર રૂપ બની શકે છે.

વળી વાળ વધી વધીને ચારે કોર પથરાય તો પણ તે નડતર રૂપ બને છે. તે આંખની આડે આવે છે ને દૃષ્ટિને બગાડે છે. ગૂંચવાઇ જઇ બાળકના માથાને ભારે લાગે છે. તે નહાતી વખતે બરાબર ધોવાતા નથી અને સાફ પણ થતા નથી. નાનાં બાળકોને વાળ બહુ હેરાન કરે છે. ધોતી વખત સાબુનું પાણી આંખમાં જવાથી બાળકો રડે છે ને બાળકો વાળ ધોવા દેતાં નથી. ઓળતી વખતે વાળ ખેંચાય છે અને બાળકો રડે છે ને માથું ઓળવા દેતાં નથી. પછી બા તેમને મારે છે. બાળક બહુ કજીયે ચડે છે ત્યારે બાની સાથે બાપ પણ મારે છે. વાળને લીધે ઘણાં બાળકોને હેરાન હેરાન થવું પડે છે. છતાં આમાં વાળનો વાંક નથી. વધેલા વાળ કહે છે કે બાળકને પોતાને ઓળતાં ન આવડે ત્યાં સુધી તેને ઘાટસર કાપી નાંખો. તેને બહુ ઉગવા ન દો કે નહાતી કે ઓળતી વખતે તકલીફ પડે. પણ માબાપોને વાળ કાપવાની આળસ છે, અથવા વાળ રખાવી બાળકોને હેરાન કરવાની હોંશ છે, કે ગમે તે કારણ હોય, પણ વાળને કાપવાની સામે બહુ કચવાટ રહે છે ને માબાપ અને વાળ વચ્ચે બાળકો પીડાય છે. ગામડાંના લોકો શહેરના લોકો જેમ બાળકોને શણગારવાને નવરા નથી હોતા. તેઓ નાનાં બાળકોને માથે મુંડા કરાવે છે અગર ધારી રાખે છે. છોકરીઓ પણ મુંડા કે ધારી રાખીને સુંદર દેખાય છે. પણ નવરા શહેરનાં માબાપોને છોકરાં રૂપાળાં દેખાડવાનો શોખ હોય છે. તેઓ પોતાની નવરાશ બાળકોનાં માથાં ગૂંથવામાં વાપરે છે

ખરાં; પણ તેમની આવડત ઓછી કે બાળકની વાત સમજતાં ન હોય કે ગમે તેમ હોય, પણ બાળકોને આંખમાંથી આંસુ પડાવ્યા વિના તેઓ તેમનાં માથાં ઓળી શકતાં નથી. તેઓ સમજતાં હશે કે પોતાના માથાને જેટલી તકલીફ પડે છે તેટલી જ તકલીફ બાળકોના માથાને પડતી હશે. તેઓ હવે બાળકો બની શકે એમ નથી, નહિતર તેઓ માબાપોના ત્રાસને સમજી શકે ને પરાણે માથાં ગૂંથવાની અને બાળકોને ડરાવવાની ને રડાવવાની વાત ભૂલી જાય. ઘણી વાર બાળકો ઇચ્છતાં હશે કે આ માથાના વાળ બળી જાય તો કેવું સારું ! એમ પણ અણસમજણમાં બોલતાં હશે કે આ માથું જ ન હોય તો કેવું સારું !

વળી છોકરાં રૂપાળાં દેખાડવાના શોખની ખાતર જ માબાપો છોકરાંના વાળને કાપી કાપીને ટૂંકા બનાવે છે. તેથી છોકરાં રૂપાળાં લાગતાં હશે કે કેમ તે તો ભગવાન જાણે, પણ ઘણી વાર છોકરાં વરવાં તો લાગે છે–જંગલી જેવાં લાગે છે. શોખની ખાતર કરેલા કાપના એક બે લાભો માબાપોને તથા બાળકોને સહેજે મળે છે. માબાપો બાળકોના વાળ પરાણે ઓળવાની કડાકૂટમાંથી અને બાળકોના રુદનથી થતા દુઃખમાંથી બચી જાય છે, જ્યારે બાળકો માબાપોની સખ્તાઇ, નિર્દયતા અને કઢંગાઇમાંથી બચી જાય છે. વાળ કપાવવાથી બાળક કદાચ રૂપાળું ન દેખાય તો પણ એકંદર સુખી બને છે. અને જ્યાં માબાપો આળસુ હોય છે ત્યાં તો જરૂર તે સુખી જ બને છે. બાળક સ્વાધીન પણ બને છે. બાળક પોતાની જાતે વાળ ઓળી લઇ શકે છે. જાતે સહેલાઇથી નાહી શકે છે. બાળકનું માથું હળવું રહે છે અને ખોટાં રૂપાળા દેખાવા માટે શણગાર સજવામાંથી તે બચે છે. અસભ્ય મનુષ્ય જાતની સ્વાભાવિક વૃત્તિ–શણગાર સજવા–તેને અહીં અવકાશ નહિ મળે તો તે અન્ય સ્થળે શોધશે.

માબાપોના શોખની દૃષ્ટિ કરતાં બાળકોની સાચી સગવડ સાચવવા, માબાપોને આળસુ બનાવી સ્વાધીન કરવા, માબાપોને વરણાગિયાં થતાં બચાવવા કરતાં બાળકોને હળવાં કરવા બાળકોના માથાના વાળ નાની ઉંમરે કાપવામાં બાળકોને જરૂર સુખ અને સગવડ છે.

પણ માબાપો અને બાળકો સુદ્ધાં વાળ કાપવા એટલે સાહેબ થવું, સુધરેલા થવું, આગળ વધવું, એવા ખ્યાલમાં ડૂબેલાં હોય તો તો વાળ ન કાપવા એ વધારે સારું છે. આપણે (Inferiority complex) નાનમના રોગથી પીડાઇને, અગર આજના જમાનાના મોટા માણસો ગણાવા ખાતર બાળકોને આપણી ઇચ્છા પ્રમાણે શણગારીએ ન શણગારીએ તો આજે વાળ કાપવા એ સારું પગલું હોય, છતાં કાલે આપણે કોણ જાણે કેટલાંયે પગલાં બાળકોને નુકસાનકારક એવાં લઇ બેસીએ. બાળકોનું ભલું કરવાને નામે આપણે જમાનાના પ્રવાહમાં નથી તણાતાં તેનું ધ્યાન માબાપોએ રાખવું જ જોઇએ.

માથાના વાળ આપણા છે અગર આપણા બાળકના છે માટે આપણને ગમે તેમ તે રાખી શકીએ એમ ઘણા માણસો માને છે, તેમ જ તેઓ સામાન્ય એવી સામાજીક સુરુચિનો વિચાર કરવાની ના પાડે છે. વાળ

કાપવા એ બાળકોને સાચે જ લાભદાયક ન હોય તો બાળકોના વાળ કાપી માત્ર સમાજ-રુચિ વિરુદ્ધ બનવું એમાં એકંદરે નુકસાન છે. એમ કરવા પાછળ રૂઢિ અગર સમાજની વિરુદ્ધ ચાલનારના માનસની લઘુતા પ્રત્યક્ષ થાય છે. વળી માબાપોએ બાળકોના વાળ એટલા માટે પણ કાપવાના નથી કે પોતે કરવા ધારેલી હોંશો પોતે કરી શકેલ નથી તેના બદલામાં બાળક ઉપર તે હોંશો તૃપ્ત કરવી. ટૂંકમાં જ્યાં માબાપોનું કૃત્ય બાળકોના જ ભલા માટે ન હોય પરંતુ અભિમાનતૃપ્તિ અર્થે, અથવા સમાજની દૃષ્ટિએ, અથવા અનુકરણ રૂપ હોય ત્યાં તો અવશ્ય નિંદ્ય છે. વિચારી માબાપો અવશ્ય આવો ભેદ પાડી શકે જ.

બાકી વાળ ઉપયોગના છે તેમ જ શોભાના પણ છે. દરેક દેશે અને યુગે વાળને શણગારેલા છે. દેશે દેશ તેમાં એકબીજાથી જુદા પડે છે. એમાં માત્ર દેશમનની રુચિનો સવાલ છે. જ્યાં શોભાનો સવાલ હોય છે ત્યાં અમુક શોભા સારી અને અમુક બરોબર એમ કહેવું, એમાં શોભા–શણગાર વગેરે સૌંદર્યની વૃત્તિનો અભાવ હોવા જેવું છે. સૌંદર્ય બાહ્ય જગતની વસ્તુ કરતાં અન્તરજગતની વધારે તેની સાવચેતી લેવા માટેની આ એક લાલ વસ્તુ છે, અને તેથી જ એક દેશની વિચિત્ર બત્તી છે.

આચાર વિરૂપતા બીજા દેશને કેવળ સૌંદર્ય રૂપ જ હોય છે. જ્યાં સુધી ઉપયોગની દૃષ્ટિ ઉપર સૌંદર્યની દૃષ્ટિ રાજ્ય કરે નહિ ત્યાં સુધી સૌંદર્યને સંપૂર્ણ સ્થાન છે, હક્ક છે.

માથાના વાળ પછી પાંપણના અને ભમરના વાળો વિષે જોઇએ. ભમરના વાળોમાં જીવડા પડવાનું જાણ્યું નથી પણ પાંપણમાં સાવાં નામનાં જીવડાં પડે છે. કારણમાં બાળકોની આંખો સાફ રાખવામાં નથી આવતી, બાળકો ગંદા હાથો આંખે અડાડે છે, બાળકો ધૂળમાં રમે છે કે જ્યાં ધૂળ આંખ ઉપર ઉડે છે, તે વગેરે છે. એ માટે સ્વચ્છતા એક જ ઉપાય છે. સાવાંવાળી પાંપણો બાળકોની આંખોમાં ચળ આણે છે. બાળક રડે છે ને મૂંઝાય છે. લાંબે વખતે આ જીવડાં પાંપણના વાળને ખેરી નાખે છે. પાંપણ સાચવવાની જરૂર છે કારણ કે તે આંખનો બુરખો છે.

વારસામાં જેઓને ગરમીનાં દરદો મળેલાં છે તે બાળકોની પાંપણો, ભમરો તથા માથાના વાળ સાવ ધોળા અને અત્યંત પાતળા સુંવાળા હોય છે. આ માટે તો સારા જાણકારોનો મત લઇ તેમાં કંઈ કરવા જેવું હોય તો કરવું. એ રોગ આગળના વંશવારસોને વારસામાં ન મળે

ગિ.

વિનતિને સાંભળશો।

જેઓની પાસે શિક્ષણ પત્રિકાનું લવાજમ લેણું છે તેઓ કૃપા-કરી તુરત જ મોકલી આપે. કેટલાક ભાઈઓએ હજી ગઇ સાલનું લવાજમ મોકલ્યું નથી તો તેઓ વધારે ઉઘરાણી ન કરાવતાં સંભારીને મોકલી આપે. ઉઘરાણી પાછળ પત્રવ્યવહારનો ટપાલખર્ચ પત્રિકાને કેવી રીતે પોસાય ? આપ સૌ અમારી વિનતિને સાંભળશો।

બાળકો ..... અને ..... સ્વચ્છતા

(ગતાંક ૪–૫ પૃષ્ઠ ૬૫ ઉપરથી ચાલુ)

આપણે જો બાળકોની સ્વચ્છતા સામે વિરોધ ઉભો ન કરવો હોય, બાળકો પોતાની મેળાએ રાજીખુશીથી હાથપગ ધુએ, ન્હાય, કપડાં પહેરે એમ કરવું હોય તો જ્યારે બાળકો પોતાની મેળે નાહી ધોઇ શકે એવી સ્થિતિ થાય ત્યારે શરૂઆતમાં બરડો કોરો રહી ગયો કે પગ ઉપર મેલ રહી ગયો વગેરે બાબતો તરફ જરા ઓછું ધ્યાન આપવું જોઇએ. આપણે મોટેરાંએ ન્હવરાવ્યું ધોવરાવ્યું હોય તેના કરતાં પોતાની મેળાએ નહાતાં બાળક જરા ઓછું સ્વચ્છ થાય તો કંઇ વાંધો નહિ. પણ જો આપણે આ બાબતમાં બધારે ચીકણા થયા તો આપણે બાળકને પોતાની મેળાએ બરાબર સ્વચ્છ થતાં શીખવાનું મોડું કરવાનાં છીએ.

હવે સવાલ એ ઉભો થાય છે કે કઇ ઉંમરે બાળકને પોતાની મેળાએ નહાવા દેવું જોઇએ ? આ પ્રશ્નનો જવાબ એકધારો ન આપી શકાય. એ તો વિવિધ બાળકો પરત્વે વિવિધ હોઇ શકે. પણ એક વસ્તુ તો સિદ્ધ છે. એમાં શંકાને સ્થાન જ નથી. જે દિવસે બાળક કહે કે હું પોતે મારી મેળાએ નાહીશ તે જ દિવસથી માતાએ પોતાની જવાબદારી ઓછી કરી નાખવી જોઇએ. કાંઇ માતા તો તે જ દિવસથી બાળકને પોતાની મેળાએ નહાવાના રસ્તે મૂકી દેશે. એ તો જે ઘડીએ બાળક કહેઃ 'હું મારી પોતાની મેળાએ નાહીશ.' તે જ ઘડીએ નાની સરખી ટબુડી, પાણી, સાબુ અને ડિલ ઘસવાનો કટકો બાળકના હાથમાં મૂકી દેશે. પણ સ્વચ્છ થવાનું કામ બાળક પોતે ઉપાડે એટલે કંઇ માતાની મહેનત ઓછી થાય છે એમ માનવાનું કશું જ કારણ નથી. આ વસ્તુની દરેક માતાને ખબર હોય છે. બાળકે અમુક વસ્તુ પોતાની મેળાએ કરવા માંડી એટલે કાંઇ તે જ વખતથી માતાની મહેનતનો અને વખતનો બચાવ થતો નથી. ઉલટું કેટલીક વખત તો બન્નેમાં વધારો થાય છે, અને આ વસ્તુ તો આપણે પક્ષીઓમાં પણ જોઇએ છીએ. જ્યારે નાનું પંખી પહેલવહેલું ઉડતાં શીખે છે ત્યારે એની માતાને વધારેમાં વધારે તકલીફ હોય છે. પણ તે વખતે નાના પંખીને એમ ને એમ પોતાની મેળાએ ઉડવા છોડી દેવું અને પોતે ખસી જવું એમ માથી ન થઇ શકે, એની એને પણ ખબર હોય છે. તે વખતે જ નાના પંખીને ઉડતાં શીખવાનો ખરો મોકો હોય છે.

કોઇ પણ વસ્તુ બરાબર કરતાં શીખવાનો ખરો વખત આપણે જાતે તે વસ્તુ કરવાની શરૂઆત કરીએ તે જ છે. પછી શીખવાની વસ્તુ ભલે પંખીને માટે ઉડતાં શીખવાનું હોય કે બાળકને માટે હાથપગ ધોતાં શીખવાનું હોય. એટલે જ્યાં સુધી માતાની ખાત્રી ન થાય કે પોતાનું બાળક બરાબર હાથપગ ધોતાં કે બરાબર નહાતાં શીખ્યું નથી, ત્યાં સુધી બાળક એ કામ કરતું હોય તેટલો વખત પાસે ઉભા રહેવું જોઇએ. પણ પાસે ઉભા રહેનારે એક વસ્તુ સાચવવી જોઇએ. તદ્દન

શરૂઆતમાં બાળકનું કામ આપણા મોટેરાંના ગજથી માપવાની ભૂલ કદી પણ ન કરવી જોઇએ. બાળક નહાતું હોય ત્યારે એના હાથપગ ચોળવાને માટે આપણા હાથ થનથની રહ્યા હોય પણ આપણે આપણા હાથ બરાબર કાબુમાં રાખવા જોઇએ. એ કામ બાળકને પોતાને જ કરવા દેવું જોઇએ. આપણે મિત્ર તરીકે બધી જાતની સલાહસૂચના આપીએ; જ્યાં કામ બરાબર થતું હોય ત્યાં વખાણ પણ કરીએ. પણ આપણે જાતે કરી દેવાની ભૂલમાંથી તો બચી જ જઇએ. હા, એક વસ્તુ બની શકે. બાળક હાથ ધોતું હોય ત્યારે આપણને આપણા પોતાના હાથ ધોવાનો શોખ થઇ આવે ખરો! તે વખતે આપણે ધીરેથી, વિધિપૂર્વક, એક પછી એક દરેક ક્રિયા બાળકના ખ્યાલમાં બરાબર આવે તેવી રીતે આપણા પોતાના હાથ ધોઇને એનો પાઠ આપીએ. અને બાળક જાણે કે ચાળા ન પાડતું હોય તેમ આપણી બધી ક્રિયાઓનું પુનરાવર્તન કરશે. અને આપણા ચાળા પાડવામાંથી, આપણા પ્રમાણે જ પરંતુ બાળકની પોતાની રીતે હાથપગ ધોવાનો પ્રયત્ન કરવામાંથી જ એને સ્વચ્છ થવાનો સાચો રસ્તો મળશે.

એક બીજી વસ્તુ પણ બાસ ધ્યાનમાં રાખવાની છે. ચોખ્ખાઇની બાબતમાં જ આપણે પોતાનો ગજ વાપરવાની ભૂલ કરીએ છીએ, એટલેથી જ કાંઇ અટકતું નથી. પણ એ તો ભૂલની પરંપરા ચાલે છે. હાથપગ ધોવાનાં સાધનો વગેરે વસાવવામાં પણ આપણે મોટેરાંનો જ ખ્યાલ રાખીએ છીએ. બાળકને નાની નાની વસ્તુઓ જોઇએ, એ પોતાની મેળાએ લઇ શકે–ફેરવી શકે એવાં સાધનો એને માટે પણ વસાવવાં જોઇએ, એ વસ્તુ જ આપણા ખ્યાલ બહાર ચાલી જાય છે. આપણાં ઘરોમાં બિચારા બાળકની દશા આપણે રાક્ષસના મુલકમાં જઇ પડ્યા હોઇએ અને જેવી આપણી થાય તેવી થાય છે. આપણે બાળકોને હુકમ કરીએ છીએ: "જાઓ, હાથપગ ધોઇને પછી ખાવા આવો." આપણા મ્હોંમાંથી તો શબ્દો છૂટ્યા, પણ બાળકની શી દશા થાય છે તેનો આપણે ખ્યાલ કરીએ છીએ ખરાં? બાળક આપણો હુકમ છૂટે છે એટલે હાથપગ ધોવા તો જાય છે, પણ ત્યાં એના સામે કેવા વિકટ પરિસ્થિતિ આવીને ઉભી રહે છે તેનો વિચાર આપણે મોટેરાં કોઇ દિવસ કરીએ છીએ ખરાં? બાળક બિચારૂં હાથપગ ધોવા માટે ચોકડીમાં જાય અથવા કોઈ ઘરે નાહવાની ઓરડી હોય તો ત્યાં જાય; ત્યાં ગયા પછી જુએ છે કે હાથપગ ધોવા માટે પાણી લેવાનો એક મોટો કળશો પડ્યો છે. બિચારા બાળકથી એ કેમે કર્યો ઉપડે જ નહિ! માંડ માંડ ઉપાડવા જાય ત્યાં તો હાથમાંથી છટકી જાય અને પડે નીચે એટલે બધે પાણીના છાંટા થાય! સાબુ પણ એટલો મોટો હોય કે બાળકના નાનાશા હાથમાં બરાબર રીતે આવી પણ શકે નહિ. ટુવાલ પણ એટલો લાંબો હોય કે બાળક હાથ લૂછવા જાય ત્યાં તો બીજો છેડો નીચે પાણીમાં પડી ભીંજાય. હાથ, પગ, મ્હોં ધોયા પછી પોતે કેવું સ્વચ્છ થયું છે તેનો આનંદ લેવાની ઇચ્છા સ્વાભાવિક રીતે બાળકને થાય. પણ અરીસો એટલે ઉંચે હોય કે બાળક ઉંચું થવાનો ગમે તેટલો પ્રયત્ન કરે છતાં

અરીસામાં મ્હોં જોઇ શકે જ નહિ. આવી પરિસ્થિતિમાં બાળકનાં કપડાં ભીંજાય, સાબુ ખરાબ થાય, ટુવાલ ગંદો થાય, બધે પાણી પાણી થાય તેમાં શી નવાઇ ?

એટલે જો બાળકને સ્વચ્છતામાં રસ લેતું કરવું હોય, ઉપર જણાવેલી પરિસ્થિતિ ટાળવી હોય તો હાથપગ ધોવાનાં બધાં સાધનો બાળકની ઉંમરને અનુકૂળ વસાવવાં જોઇએ. આજે આપણાં ઘરોમાં બાળકની સગવડ તરફ કંઇ જ ધ્યાન અપાતું નથી એટલે કે બાળકો પોતાનું કામ પોતાની મેળાએ કરી શકે એવા કોઇ પણ જાતની સગવડ હોતી નથી, તે આપણે કરી દેવી જોઇએ. આપણે બાળકને માટે ખાસ જુદી નહાવા ધોવાની ઓરડી ન કરાવી શકીએ એ વસ્તુ સમજી શકાય તેવી છે; પરંતુ બાળકને માટે નાના કળશા અને ટબુડીઓ જરૂર વસાવી શકીએ; એને માટે સાબુની નાની કટકીઓ રાખી શકીએ; બાળકને માટે એનો પોતાનો જ નાનો ટુવાલ રાખીએ; ઘરમાં એકાદ નાનુંશું ચકલીવાળું ટીપ વસાવીએ; એકાદ અરીસો નીચે ટાંગીએ; સાથે સરસ મજાનો સુંદર ફ્રાંતીઓ મૂકીએ. આ બધું આપણે કરી શકીએ. આમાં કંઇ વધારે ખર્ચનો સવાલ નથી હોતો. આમાં તો બાળકને પણ આપણા ઘરમાં સ્થાન છે, એની સગવડનો પણ આપણે વિચાર કરીએ છીએ એટલું જ છે. આવું થોડુ ઘણું કરીએ તો બાળકને લાગે કે પોતે કોઇ રાક્ષસના ઘરમાં નથી આવી પડયું, પણ પોતાને અનુકૂળ પરિસ્થિતમાં મૂકાએલું છે. જો બાળકને માટે હાથપગ ધોવાની જગ્યા મુકરર કરી રાખી હોય તો બાળકને એમ લાગે કે પોતે બીજા કોઇના હુકમથી નહિ પણ આમંત્રણથી હાથ પગ ધુએ છે.

આપણે બાળકને માટે સ્વચ્છ રહેવું એ સહેલું અને આનંદદાયક બનાવ્યું હોય તો પણ એનો હેતુ આપત્રાનો તો બાકી જ રહે છે. સ્વચ્છ રહેવા માટે મોટેરાં માટે જે કારણો હોય છે તે બાળકને માટે જ્યાં સુધી એ પુખ્ત ઉંમરનું ન થાય ત્યાં સુધી કંઇ જ કામનાં હોતાં નથી. આપણે મોટેરાં ને મહેમાન આવવાના હોય તો બધી વસ્તુઓ સાફસુફ કરીએ, ખૂબ ચોખ્ખાઇ રાખીએ; પણ બાળક ઉપર મહેમાન આવવાના છે માટે સ્વચ્છ રહેવું એ હેતુની કંઇ જ અસર થતી નથી. એને એમ નથી થતું કે આજે તો મહેમાન આવવાના છે માટે મારે

અંત્યજ ભાઇઓની ખાતર

આ વર્ષે અંત્યજ ભાઇઓને શિક્ષણ પત્રિકાની બહુ થોડી નકલો પહોંચે છે. અમે પત્રિકાના ગ્રાહકોને એમના ખાતર યાચના કરી હતી પણ તે હજી ફળી નથી. આપ જેટલા રૂપીઆ મોકલશો તેટલી પત્રિકાઓ અંત્યજ ભાઇઓના ઘરમાં મોકલી શકશો. છેવટે આપ એમને ખાતર એક રૂપીઓ તો મોકલી શકશો જ. ત્યારે આજે જ કાં ન મોકલો ?

વ્યવસ્થાપક : શિક્ષણ પત્રિકા
બાલમંદિર : ભાવનગર

ખાસ સ્વચ્છ રહેવું જોઇએ. ઘરમાં ગમે તેટલા ગંદા રહેવું, પરંતુ બહાર બતાવવા માટે ખૂબ સ્વચ્છ રહેવું એ બાળકના ધ્યાનમાં ઉતરશે નહિ પણ બાળકે પોતે સ્વચ્છ થતાં અવ્યવસ્થા કરી મૂકી હોય, સાબુ ગમે ત્યાં નાખ્યો હોય, ટબુડીઓ તથા કળશા સાબુના ફીણવાળાં કરી મૂકયાં હોય, ટુવાલ ગમે તેમ રઝળતો મૂકયો હોય, તો આપણે એની પાસે એ બધું વ્યવસ્થિત કરાવી શકીએ છીએ. બાળક હાથપગ ધોઇને નાસ્તા માટે ગયું હોય પણ એણે બધી ચીજ વસ્તુઓ અવ્યવસ્થિત મૂકી હોય, તો આપણે એને નાસ્તામાંથી બોલાવી બધું સરખું કરી પછી જ નાસ્તામાં આવવાનું કહી શકીએ. બાળક જ્યારે જ્યારે અવ્યવસ્થા કરી મૂકે ત્યારે ત્યારે આપણે એને બધું વ્યવસ્થિત કરવાની ફરજ સમજાવી શકીએઃ અને બાળક તે બરાબર સમજે છે. સ્વચ્છ અને વ્યવસ્થિત રહેવાના હેતુ તરીકે આ ચાલી શકે છે, કેમ કે બાળક એની પાછળની ન્યાયબુદ્ધિ સમજી શકે છે. ઉપરાંત પોતે મોટું થશે ત્યારે એને માટે કઇ જાતની પરિસ્થિતિ રાહ જોઇ રહી છે તેનો પણ ખ્યાલ આવે છે, અને મોટેરાંની દુનિયામાં પ્રવેશ કરવો હોય તો કયા કાયદા કાનુન પાળવા જોઇશે તેની એને ઝાંખી થાય છે.

અલબત્ત એક વસ્તુ તો દીવા જેવી સ્પષ્ટ હોવી જોઇએ કે આપણે બાળકને માથે એની પોતાની તેમ જ એની આજુબાજુની સ્વચ્છતાની જવાબદારી નાખી દીધી એટલે માબાપની ફરજ અને જવાબદારી પૂરી થઇ એમ સમજવાનું કંઈ જ કારણ નથી. એટલે પછી બાને કુથલી નિંદા કરવાનો કે બાપાને નવલકથાઓ વાંચવાનો વધારે વખત મળશે એવું તો બનશે જ નહિ. પણ ધીરે ધીરે એક વસ્તુ બાળકના મન ઉપર ઠસતી જશે કે એના પોતાના હાથ કે પગ, એનું પોતાનું મ્હોં કે શરીર, એટલે કે એનાં પોતાનાં બધાં અંગોની સ્વચ્છતાની જવાબદારી એ બીજા કોઇની ચિંતાનો વિષય નથી, પણ એણે પોતે એની કાળજીપૂર્વક સ્વચ્છતા રાખવી જોઇશે. એ બાળક સ્વચ્છ રહે એનું માન એને પોતાને જ છે. સ્વચ્છતાથી જે લાભો થવાના હોય અથવા તો અસ્વચ્છ રહેવાથી જે નુકસાન થવાનું હોય એ બધું એને પોતાને જ ભોગવવાનું છે. બીજું એક કારણ જે બાળકો માટે કામ આવે છે તે અસ્વચ્છતાની ચીડ ઉભી કરવાનું છે. બાળકને અસ્વચ્છતા ગમે જ નહિ એવું થઇ જાય એ જરૂરનું છે.

પણ બાળકને માટે સ્વચ્છ રહેવાનો સારામાં સારો હેતુ તો સ્વચ્છતા પોતે જ છે. જો આપણે સ્વચ્છતાને પોતાને બાળક પાસે બરાબર રીતે ધરીએ તો એ એને ગમી જવાની છે. જો હાથપગ ધોવાનું કે નહાવાનું આપણે બાળકને માટે કાયમ આનંદાયક બનાવીએ તો પછી તો બાળકને પોતાને ધીરે ધીરે ખાત્રી થતી જશે કે જ્યારે એ પોતે થાકેલું હોય કે એને ગરમી થતી હોય કે એ ગંદુ હોય તો સ્નાન કરવું એ ખરેખર ખૂબ આનંદદાયક અને મજાની વસ્તુ છે. એને પોતાને ઉગી જશે કે એને પોતાને સ્વચ્છ હાથનો સ્પર્શ ગમે છે, અને ગંદા ગોબરા હાથનો સ્પર્શ નથી ગમતો. અને એક દિવસ એવો પણ આવે કે એને પોતાને લાગે કે જો પોતે ચીડાયું હોય કે બરાબર

ગમતું ન હોય તો ખૂબ પાણીથી બરાબર રીતે ન્હાવાથી એને પોતાને રાહત અને આરામ મળે છે; અને એમ લાગે છે કે ના ના, જીંદગી એ જીવવા યોગ્ય વસ્તુ છે.

પણ આ બધું કરવા છતાં આપણી મહેનત એળે જવાનો સંભવ છે. આપણે યોજનાઓ ઘડીએ છીએ, યુક્તિપ્રયુક્તિ કરીએ છીએ, બાળકને સ્વચ્છતામાં રસ આવે તે માટે હજાર ધંધા કરીએ છીએ, બાળકની સાથે બાળક જેવા થઇ એને સ્વચ્છતામાં કેવી રીતે રસ આવે તેનો વિચાર કરીએ છીએ; આપણા ઘરમાં બાળકને માફક આવે એવી જાતની ઘરવખરી પણ વસાવીએ છીએ; કેટલીક વખત તો આપણે બાળકને શા સારૂ સ્વચ્છ રાખવા ઇચ્છીએ છીએ તે પણ ભૂલી જઇને બાળકને સ્વચ્છતામાં રસ આવે તે માટે બાળકને મજા પડતી હોય અને બાળકનું સ્વચ્છતા તરફનું વલણ બતાવતી હોય એવી જે કંઇ નાનીમોટી વસ્તુ આપણા હાથમાં આવે તેનો ઉપયોગ કરવા લલચાઇ જઇએ છીએ. આ બધા ધંધા કરવા આપણે મંડી જઇએ છીએ તેનું એક જ કારણ હોય છે. આપણને ખબર છે કે જો બાળકની તબીયત બરાબર સાચવવી હોય અને એને સ્વચ્છતાની ટેવ જીવનભર માટે પાડવી હોય તો એ બધું ઉપયોગી છે. પણ આપણે આપણા ઘરમાં ગમે તેટલું સાચવીએ, ગમે તેટલી મહેનત કરીએ, છતાં બાળક શાળામાં તો જવાનું જ છે ને આપણે ભૂલી ન જઇએ. ત્યાં એને કેટલીયે વખત નાસ્તો કરવાનો પ્રસંગ આવવાનો છે, અથવા તો કંઇક ખાવાનું પણ અવારનવાર મળવાનું છે. ઘરે તો આપણે બાળકને ટેવ પાડી હોય છે કે નાસ્તો કરવો હોય અથવા તો કંઇ પણ ખાવું હોય તો હાથપગ ધોયા સિવાય ન જ ખવાય. પણ શાળામાં તો હાથપગ ધોવાની કંઇ જ સગવડ ન હોય, તો બાળકના મન ઉપર શી અસર થાય? બીજું શું? આપણું કર્યું કારવ્યું બધું ધૂળધાણી થાય છે. આપણે સ્વચ્છતાની જે ટેવ પાડવા માગતા હોઇએ છીએ તે એળે જવાનો ભય ઉભો થાય છે; કેમ કે અમુક વખતે તો હાથ પગ ધોવા જ જોઇએ એ જે કાર્યક્રમ આપણે ઉભો કર્યો હોય તેની શાળામાં સગવડ ન હોવાથી બાળકના મનમાં એવડી વૃત્તિ ઉભી થાય છે. એને એમ લાગે છે કે ઘરે એક જાતનું જીવન જીવાય અને શાળામાં બીજી જાતનું. ઘરે નાસ્તા વખતે હાથપગ ધોવા જ જોઇએ; શાળામાં ધોવાની જરૂર નથી. કેમ કે સગવડ જ ન હોય એટલે શું થાય? આવી જ જાતની એવડી વૃત્તિ જે બાળકો બાલમંદિરમાં જતાં હોય તેમનામાં પણ ઉભી થાય છે. બાલમંદિરમાં એમને કહેવામાં આવે કે હાથપગ ધોયા પછી જ નાસ્તો કરાય. પણ એ જ બાળકો ઘરે જાય છે ત્યાં તો હાથપગ ધોઇને જ નાસ્તો કરી શકાય એવો કોઇ આગ્રહ રાખતું નથી. ઉપરાંત હાથપગ ધોવાની બાળકો માટે તો કશી સગવડ પણ હોતી નથી. વળી મોટેરાં પોતે પણ કેટલીક વખત હાથપગ ધોયા સિવાય જમવા બેસી જતાં હોય છે. એટલે બાળકોને લાગે છે કે હાથપગ ધોવાનું ધતીંગ તો બાલમંદિરમાં જ છે. ઘરે એવું કંઇ કરવાની જરૂર નથી. આમાં બાળકને લાગે છે કે ઘરે એક રીતે

રહેવાય અને બાલમંદિરમાં બીજી રીતે રહેવાય. પછી બાલમંદિર બાળકોને સ્વચ્છતામાં રસ આવે તેવું ગમે તેટલું સરસ વાતાવરણ ઉભું કરે, પણ જ્યાં સુધી ઘરે એ જાતની સગવડ ઉભી ન થાય ત્યાં સુધી સ્વચ્છતાની કાયમી ટેવ પાડવી અશકય છે. બાળકને ફક્ત એવડું જીવન જીવવાની ફરજ પડશે.

એટલે જે માબાપો પોતાનાં બાળકોને સ્વચ્છતામાં રસ લેતાં કરવા માગતાં હોય, જેઓ પોતાનાં બાળકોને સ્વચ્છતાની જીવનભરની ટેવ પાડવા માગતાં હોય, તેમણે શાળા સાથે સહકાર સાધી શાળામાં સ્વચ્છ રહી શકાય, કંઈ પણ નાસ્તો કર્યા પછી હાથપગ ધોઇ શકાય, એવી સગવડ ઉભી કરવી પડશે. તેવી જ રીતે બાલમંદિરના સંચાલકોએ પણ બાળકોનાં માબાપો સાથે સહકાર સાધી બાળકોને સ્વચ્છતામાં રસ આવે એવી જાતની સગવડ ઘરોમાં ઉભી કરાવવી જોઇશે. નહિ તો બાળકને કહેવું કે કંઈ પણ ખાતા પહેલાં હમેશાં હાથપગ ધુઓ, અને પછી શાળાના પાંચ કલાક માટે અથવા તો ઘરના બાગણીશ કલાક માટે સ્વચ્છ રહેવા માટેની કશી પણ સગવડ ન રાખવી એ તો બાળકને એવડું જીવન જીવવાને રસ્તે લઇ જવા જેવું છે. પછી બાળકને સ્વચ્છતાની ટેવ પાડવામાં નિષ્ફળ જઇએ એમાં શી નવાઇ ? આવી જાતની પરિસ્થિતિમાં બાળકને સ્વચ્છતાની કાયમી ટેવ ન પડે એ સાવ સ્વાભાવિક છે. એટલે જો આપણે બાળકની અંદર સ્વચ્છતાની અમૂલ્ય ટેવ જીવનભર માટે ઉભી કરવા માગતા હોઇએ તો ઘર અને શાળાએ સહકાર સાધી બાળકને સ્વચ્છ રહેવાની મજા આવે, સ્વચ્છ રહેવું એને પોતાને જ ગમે, અસ્વચ્છ રહેવાનો એને કંટાળો જ આવે એવી જાતની પરિસ્થિતિ ઉભી કરવી જોઇએ. (સંપૂર્ણ.)* શં.

*અંગ્રેજી Parents Magazineમાંથી.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

નવાં પુસ્તકો

મોન્ટીસોરી પદ્ધતિ લે. ગિજુભાઇ કિં. ૩. ૨–૦–૦

માબાપો અને શિક્ષકોએ અવકાશે વાંચવા યોગ્ય

પ્રાસંગિક ભજન લે. ગિજુભાઇ કિં. ૩. ૦–૮–૦

બાલસાહિત્ય સર્વસંગ્રહ સંયોજક : ગિજુભાઇ કિં. ૦–૧૨–૦

તમામ માબાપોએ તથા શાળાઓ અને શિક્ષકોએ પાસે રાખવા જેવું પુસ્તક. આ ઉપરથી ખબર પડશે કે બાળકો માટે કયાં પુસ્તકો વસાવવા યોગ્ય છે અને તે કયાંથી કેટલી કિંમતે મળશે.

છેલ્લું પુસ્તક મંગાવવાનું સ્થળ : **પુસ્તકાલય સહાયક પરિષદ મંડળ : વડોદરા**

વાંસો

અલબત્ત બાળકોનો વાંસો આપણા ધબ્બા ઝીલવાને નથી. માતાઓ ખીજાય ત્યારે પાસે બેઠેલા બાળકને વાંસામાં જોરથી ધબ્બો મારે છે. ખાતા બાળકના મ્હોંમાંથી રોટલીરોટલાનો કટકો નીચે પડે છે ને કોઇ વાર તો તેને ઉલટી પણ થઇ જાય છે.

જાતજાતના કારણે મા ખીજાય ત્યારે બાળકને માર ખાવાનું મળે છે. એક વાર મા મોન્ટીસોરી પદ્ધતિ ઉપર ખીજાઇ એટલે ધબ્બો મારી બાળકને કહેઃ "લે તારી મોન્ટીસોરી પદ્ધતિ!"

ખીજાએલી માતાઓ પ્રથમ બાળકને ઢીંગે છે ને પછી પોતે છાતી કૂટે છે.

જે માતાઓ આવું ન કરતી હોય તેઓ જરૂર મનમાં રાજી થાય; પણ જેઓ આવું કરતી હોય તે મારા પર ન ખીજાય પણ ડાહી થાય.

વાંસો સપાટ છે, એટલે ત્યાં સોટીનો ઘણો લાંબો ભાગ પડી શકે. વળી વાંસો માથું કે એવી બીજી નાજુક જગા જેવો નથી, એમ ઘારી લોકો બાળકને અને મોટા ગુન્હેગારોને વાંસામાં સોટીના કટકા મારે છે. માથું ટાપલી મારવા માટે, સાથળ ચીપટી લેવા માટે, ગાલ તમાચો મારવા માટે, કાન ખેંચવા માટે અને વાંસો સોટીઓ ઝીલવા માટે માણસોએ ગોઠવી નાખેલ છે. કુદરતે તે બધું બીજા ઉપયોગને માટે આપ્યું ત્યારે માણસોએ તે બીજા જ ઉપયોગ માટે લીધું! માણસો કુદરતની અદ્‌ભુત સૃષ્ટિ છે એમ કુદરત પણ હવે તો તોબા પોકારીને કહે છે. સુધરેલી દુનિયાની ઘણી નિશાળોમાં હજી વાંસાનો અને સોટીનો યોગ ચાલુ છે. આપણા દેશની લગભગ બધી નિશાળો વાંસા ઉપર સોટી મારવાથી થતા લાભો જાણે છે. 'સોટી બચાવો અને બાળકને બચાવો.' 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રમઝમ.' આ કહેવતો હજી જીવતી છે. વાંસાએ આ કરપીણતા સામે બળવો કરવો જોઇએ; મૂંગે મોઢે માર ખાવાનો હવે વખત નથી.

વાંસાને પૂછો તો તે કહેશે કે મને મારવાથી બુદ્ધિનો વિકાસ થતો નથી એ ચોક્કસ છે; કેમ કે હું વાંસો છું અને મારું કામ જુદું છે. બુદ્ધિ વાંસામાં નથી રહેતી પણ બીજે રહે છે. વાંસો કહેશે કે પ્રથમ જ્યારે મને મારવામાં આવે છે ત્યારે મારની બીક ને પીડાથી હું તાત્કાલિક શરીરમાં જાગૃતિ લાવું છું પણ તેની સાથે જ હું ડફોર, જડ અને મૂઢ બનતો જાઉં છું; અને ધીમે ધીમે ગમે તેટલો માર પડે તો પણ મારા શરીરમાં ચેતન આવતું નથી. ઉલ્ટું શરીર બગડતું જાય છે. હું ધીરે ધીરે ઢોર જેવો થતો જાઉં છું, અને અમારા શરીરમાં જે કાંઇ થોડી અક્કલ હોય તે પણ ચાલી જાય છે.

વાંસો કહે છે કે મા-બાપ કે મિત્ર જ્યારે મારા ઉપર હાથ ફેરવે છે ત્યારે મને બહુ સારું લાગે છે. મારામાં રહેલા જ્ઞાનતંતુઓ સારી લાગણીઓને ત્વરાથી ઝીલે છે અને મારા આખા શરીરને લાગણીઓથી ભરી દે છે. લાકડી મારવાથી જ્યારે લોહી મારી અને શરીરની ને

આ માણસની અપ્રીતિ મેળવે છે ત્યારે પંપાળવાથી તે પ્રીતિ મેળવે છે. લોકો લાંબી સોટીઓ અમારા પર ભાંગવાને બદલે પોતાની આંગળીઓ અમારા પર ફેરવતા હોય તો ? તો લોકોને રાક્ષસ થવું ન પડત અને અમારે ઢોર થવું ન પડત.

વાંસો ખૂબ રક્ષણને યોગ્ય છે. વાંસાની વચ્ચે કરોડ છે કે જેના ઉપર શરીર અને જીવનનો મોટો આધાર છે. વાંસો એટલે ઘરનો મોભ અથવા વહાણનો ડોલકૂવો અથવા મંડપનો થાંભલો. જેનો વાંસો ટટ્ટાર છે તે બળવાન અને ચારિત્ર્યવાન પણ છે. વાંકો વળી ગએલો વાંસો ગુલામીની અને નાદુરસ્તીની નિશાની છે. નમી નમીને સલામો ભરી વાંસાને વાળી નાખ્યો છે. સ્ત્રીઓએ શરમાઇને અને નમ્ર બનીને વાંસાને વળવા દીધો છે. વળેલા વાંસાવાળી સ્ત્રીઓ પોતાના રૂપમાં ઉણી દેખાય છે. ટટ્ટાર વાંસો એ પુરુષ અને સ્ત્રીની શોભા છે.

બાળકો કેડેથી વાંક કરી વાંસો વાળીને બેસે કે લખે ત્યારે તેઓને તેમાંથી બચાવવાની જરૂર છે. વાંસો ટટાર રહે તેવી બેઠકો, અને લખવા ચિતરવા અને વાંચવાની ગોઠવણ કરવી જોઇએ. વાંકા વળીને જ કરવાં પડતાં કામો થઇ ગયા પછી વાંસાને સીધા થઇ જવાની કસરતો બાળકોએ તથા મોટાંઓએ કરવી જોઇએ. વાંસો વળી ન જાય માટે સૂવાનાં બિછાનાં કડક અને સીધાં રાખવાં ઘટે છે. ઘોડિયામાં બાળકને સુવાડવાથી તેનો વાંસો વળી જવાનો સંભવ છે. વાંસાને મજબૂત અને અક્કડ બનાવવા માટે બેડે પાણી ભરવું અગર માથે પથરા મૂકી ચાલવું સૌથી સારી કસરત છે. આગલા વખતમાં છોકરીઓ અને સ્ત્રીઓ પાણી ભરી પોતાનો વાંસો મજબૂત રાખી પોતાનો દેહ અક્કડ અને રૂપાળો રાખી શકતી. વારંવાર ઝાડે ટીંગાવાની કે સમાન્તર સળીયા ઉપર લટકવાની રમતો વાંસાને વળવા દેતી નથી.

પાછળ વાંસો અને આગળ છાતી એ બે દીવાલોની પેટી વચ્ચે કેટલીએ નાજુક ચીજો કુદરતે આપણા શરીરમાં મૂકી છે. એ બધાના ભલા માટે વાંસો અને છાતી મજબૂત જોઇએ એની ના કોણ પાડશે ? ગિ.

અમરેલીમાં બાલપુસ્તકાલય

તા. ૨૭-૮-૩૨ ને રોજ અમરેલીમાં શ્રી. ગિજુભાઇને હસ્તે એક બાલપુસ્તકાલય ખુલ્લું મૂકાયું તેનો અહેવાલ સૌએ છાપાંઓમાં વાંચ્યો જ હશે.

અગિયાર વાગે સ્ટેશન ઉપર જ બાળકો પોતાના દોસ્તને સન્માનવા હાજર થઇ ગયાં હતાં. બાલ બાલિકાઓની વિધિપૂર્વકની સલામી લઇ પ્રમુખશ્રી પોતાને ઉતારે પહોંચ્યા હતા. સાંજે સાડાચાર વાગે સરઘસ નીકળવાનું હતું તે પહેલાં જ સ્વાગત મંડળના બાલ પ્રમુખ અને ઉપ પ્રમુખ ભાઇઓ શ્રી. ગિજુભાઇને મળવા આવ્યા હતા. બન્ને જણા અંગ્રેજી ત્રીજીમાં ભણનાર નાની વયના તેજસ્વી વિદ્યાર્થીઓ હતા. તેમની વાત કરવાની છટા અને કુશલતા ઉપ-

રથી જણાઇ આવ્યું કે આ બાળકોનું જ સ્વાગત મંડળ એ મોટાંઓએ ઉભું કરેલું માત્ર નાટક રૂપ વસ્તુ નથી; પરંતુ બાળકોએ સાચેસાચ કામ ઉપાડી લીધું છે, પૂરેપૂરી હોંશથી ઉપાડ્યું છે. બેશક મોટાંઓની સહાય, સલાહ ને માર્ગદર્શનની અપેક્ષા રહે એ જૂદું.. પરંતુ બાળકો પોતે તો રંગાઇ જ ગયાં છે. અમરેલીના કાર્યક્ષમ ને શક્તિવાળાં બાળકોએ આ ત્રણ દિવસમાં ખૂબ સરસ તાલીમ મેળવી છે. તેમણે પોતાના કામમાં બાલસ્વભાવને સહજ એવો ઉત્સાહ ને પ્રેમ રેડ્યાં હતાં તેથી તેમનું સ્વાગત અત્યંત મીઠું લાગતું હતું.

સરઘસમાં જેણે હાજરી આપી હોય તેવો કોઇ પણ કહી શકશે કે ગ્રામજનોમાં બાળકોના આ વહાલા મિત્ર, બાળકોના આ વકીલ, બાળકો વતી માબાપોને સખ્ત ઠપકો દેનારા ગિજુભાઇને વધાવવાની ખૂબ આતુરતા હતી. સરઘસ જોનારના મનમાં સહેજે હર્ષ થાય એમ હતું કે બાળકોના ઉજળા દિવસો બેસી ગયા છે.

સરઘસ પછી બાલ બાલિકાનાં મધુર સંગીત રાસડાથી કાર્યક્રમ શરૂ થયો. મંત્રીઓએ પોતાના નિવેદનમાં પોતાના હૃદયની મહાકાંક્ષાઓ ઠલવી હતી. ત્યાર પછી પુસ્તકાલયના પિતા શ્રી. મોતીભાઇએ આ બાલપુસ્તકાલયને આશીષ આપ્યા. સ્વાગતમંડળના બાલપ્રમુખ ભાઇ પ્રતાપસિંહે ખૂબ ઉત્સાહથી ને છટાથી પોતાનું ભાષણ વાંચ્યું. ત્યાર પછી બાલ ઉપપ્રમુખ ભાઇ હીરાલાલ દાણીએ બાલ પુસ્તકાલયને અંગે જે પ્રદર્શન અને બજાર ગોઠવી હતી તેમાં શું શું જોવું તે સરસ રીતે સમજાવ્યું ને પછી પુસ્તકાલય ખુલ્લું મૂકાયું. તે વખતે શ્રી. ગિજુભાઇએ બાળકોને વાચન સંબંધે બે શબ્દ કહ્યા અને પછી મોટાંઓ માટેનું ભાષણ વાંચી સંભળાવ્યું.* પછીની આભાર વગેરે ઔપચારિક છતાં સાચા હૃદયના ભાવથી થએલી ક્રિયાઓ પૂરી થયા પછી વંદેમાતરમ્ સાથે સમારંભ પૂરો થયો.

એક રીતે ગણીએ તો સમારંભ બાસ મહાન્ કે અપૂર્વ ન ગણાય. છતાં તેની પાછળ પણ એક મહાન વિચાર રહેલો જ છે. ગુજરાતનાં શહેરોમાં અમરેલી તો ખૂણામાં આવેલું એક નાનકડું શહેર ગણાય. ખૂબ આગળ વધેલા ને શ્રીમંત એવા મુંબઇ અમદાવાદે પણ હજી બાલપુસ્તકાલયોનો વિચાર સરખો કર્યો નથી. વડોદરામાં આ વિચારની પહેલ થઇ; પણ આજે ઘણાં વર્ષો થયાં છતાં કોઇ આડોશીપાડોશી શહેરે ત્યાંથી આ પ્રેરણા લીધી નથી. જ્યારે દૂરદૂરના અમરેલીએ કાઠિયાવાડને આંગણે આ વિચારને મૂર્ત સ્વરૂપ આપવાની પહેલ કરી તે માટે અમરેલીને ધન્યવાદ ઘટે. કોઇ કહેશે કે એ તો વડોદરા જેવું મોટું રાજ્ય તેની પડખે છે માટે એ બન્યું. કાઠિયાવાડમાં દેશી રાજ્યો કયાં ઓછાં છે? ને કોઇ ધારે તો સાધન સામગ્રી કે કાર્યકર્તાઓની કયાં ખોટ છે? ખરી વાત એ છે કે હજી બાળકોનું સ્થાન આપણા મનમાં વસ્યું નથી. શહેરની બધી પ્રવૃત્તિ અને સંસ્થાઓમાં બાળકોનો પણ હક્ક હોય એ તો આપણે શું કામ સ્વીકારીએ જ? અને બાળકો બિચારાં તેમના

* આ ભાષણ આવતાં અંકમાં આપવામાં આવશે.

હક્ક માટે કયાં લડત જગાવવાનાં છે ? હક્કની વાત તો જવા જ દઇએ, પણ આપણી જ આ ભાવી મૂડીને સાચવવાનું આપણને સૂઝતું નથી એ આપણાં ને આપણાં બાળકોનાં કમનશીબ છે. પુસ્તકાલયને અભાવે બાળકો ઓછાં વાંચે તો તેનું પણ બહુ દુઃખ ન કરીએ; પણ ભૂખ્યાં સારા તંદુરસ્તી આપનારો ખોરાકને અભાવે જેમ ગમે તે જે હાથ આવે તે ખવાય છે તેમ વાચનની ભૂખ જાગૃત થએલી હોવાથી બાળકો ગમે તે વાંચે છે તેનું દુઃખ મોટું છે. પણ બાળકોને લગતાં કામો તો નાનાં કહેવાય. મોટાં મોટાં રાજતંત્રો ચલાવવાં ને પેઢીઓ ચલાવવી ને વેપાર ખેડવા આગળ બાળકો વિષે વિચાર કરવાની નવરાશ કોને હોય ? તંદુરસ્તી વધે એવા ઉપાયો લેવા કરતાં મોટાં મોટાં દવાખાનાં સ્થાપવાં આપણે વધારે પસંદ કરીએ છીએ. તેમ જ બગડેલાને સુધારવા આપણે દમામથી જેલો ને ન્યાયકોર્ટો રાખીએ તેમાં જ આપણી ટૂંકી બુદ્ધિની રીતિનીતિની ઇતિકર્તવ્યતા પૂરી થાય તો શી નવાઇ ? બાળકો એ જ ભાવી પ્રજા છે. આવતી કાલનો બધો કારભાર એમને શીર આવવાનો છે માટે તેમની શક્તિ ખીલવવાને પૂરેપૂરો અવકાશ કરી દેવામાં જ સાચું ડહાપણ છે, એ આપણે કયારે સમજતા થઇશું. ઈશ્વરી કૃપા અવતરે ત્યારે જ. અમરેલીના કાર્યકર્તાઓએ પોતાનાં બાળકોના જીવનનું મહત્ત્વ જાણ્યું, આજનાં એ કાચાંપોચાં બાળકોમાં જ ભવિષ્યના પ્રતાપી પુરુષો ને સ્ત્રીઓ રહેલાં છે એ જાણ્યું, ને તેમને માટે પુસ્તકાલયની સગવડ ઉભી કરી તે માટે તેમને સહસ્ત્રશઃ ધન્યવાદ આપીએ છીએ. તા.

અમરેલીના બીજા પ્રસંગો

બાલપુસ્તકાલય

બાલપુસ્તકાલય ખોલવાનું મુખ્ય કામ હતું પણ તેની સાથે બીજાં પણ ઘણાં મહત્ત્વનાં કામો થયાં છે. તેમાંનું મુખ્ય તો મહિલા વિદ્યાલયની સ્થાપના એ ગણાય. અમરેલીમાં જૂનું મહિલા પુસ્તકાલય તો છે જ; હવે તેની સાથે મહિલા વિદ્યાલયના બે વર્ગો આ વખતે મે. સુબા સાહેબને હસ્તે ખોલવામાં આવ્યા. અમરેલીમાં બધી દિશામાં કેટલી જાગૃતિ છે તેનું આ દ્યોતક છે. અમરેલીની કન્યાઓ આનો લાભ લઇ પૂરા આગળ વધે તેમ ઇચ્છીએ.

અક્ષરજ્ઞાન યોજના

બીજું કામ તે અક્ષરજ્ઞાન યોજનાનો પ્રચાર શિક્ષકવર્ગમાં કરવાનું થયું. શ્રી. ગિજુભાઇએ તેમને 'કેમ શીખવવું' તે વિગતથી સમજાવ્યું; અને આ કામ શિક્ષકોએ જ શા માટે હાથ ધરવું જોઇએ તે જણાવ્યું. શિક્ષકની પદવી સમાજમાં બહુ નીચી છે તે તેમને ઉંચી ચડાવવી હોય તો રાષ્ટ્રના ઘડતરમાં તેમણે આ એક અમૂલ્ય ફાળો આપવો જોઇએ, જેથી તેમનું સ્થાન સમાજને સ્વીકારવું જ પડે. શ્રીમતી તારાબેને અભણ સ્ત્રીઓની અંદર આ કામ

કેવી રીતે થઇ શકે છે તે કહ્યું. પરિણામે એકંદરે ઘણા શિક્ષકોએ નિરક્ષરોને અક્ષરજ્ઞાન આપવાનું માથે લીધું. અમરેલીના પ્રાંત વિદ્યાધિકારી સાહેબ આ કામમાં ખૂબ રસ લે છે. તેઓશ્રીએ પ્રમુખસ્થાનેથી શિક્ષકોને આ કામની ભલામણ કરી.

બાળકો સાથે વાતચીત

એક સવાર બાળકોની સાથે વાતચીત માટે રાખવામાં આવી હતી. પ્રથમ બાળકોએ જૂદા જૂદા સંવાદો ભજવી બતાવ્યા ને પછી શ્રીમતી તારાબેને પ્રથમ પોતે જોએલી એક શાળાનું વર્ણન કર્યું. કોળીનાં બાળકોની એક ગામડાની નિશાળમાં કેટલો પ્રાણ હતો, ને નવી ઢબે ચાલતી આ નિશાળે બાળકોને કેવાં સંસ્કારી બનાવ્યાં હતાં તે તેમણે બાળકોને રસ પડે તેવી રીતે કહી સંભળાવ્યું. પછી શ્રી. નર્મદાબેને એક પટેલની લીંબડીના વાર્તા કહી ને ત્યાર બાદ શ્રી. ગિજુભાઇએ બાળકોની સાથે ખૂબ વિસ્તારથી વાતો કરી ને વાર્તાઓ કહી. આજનું બાળકોનું સ્વાગતમંડળ કાલનું કાયમી કાર્યકારી મંડળ થઇ જાય અને ગામનાં બાળકોનું સંઘટ્ટન સાધી ગામનાં કેટલાંએ કામો ઉપાડી લે–ગામની સ્વચ્છતા, ઝાડફૂલ વાવવાં વગેરે અનેક કામો તેમણે બાળકોને બતાવ્યાં. અને એમ પણ બતાવ્યું કે એમાંથી ઘણાંખરાં કામો માત્ર મહેનત અને વ્યવસ્થાથી જ થઇ શકે તેવાં છે. તેમાં મોટાંઓની ખાસ મદદ લેવાની પણ જરૂર ન રહે તેવાં છે. એકાદ વર્ષ એવી રીતે કામ કર્યા પછી તેઓ મોટાંઓની પાસે જાય ને વધારે આગળ વધવાનો રસ્તો માગે વગેરે. ત્યાર બાદ શ્રી. ગિજુભાઇની વાર્તાઓ થઇ. ઘણું મોડું તો થયું હતું છતાં કોઇને તેમાંથી ઉઠવું જ ગમતું ન હતું. બાળકોની સાથે વાલીઓ અને શિક્ષકોનો પણ મોટો વર્ગ આ પ્રસંગે હાજર હતો.

માબાપોની સભા

રાત્રે માબાપો માટે ખાસ સભા રાખવામાં આવી હતી. તેમાં ઘણાં ભાષણો થયાં. ભાવનગર સ્ટેટ તરફથી મોકલેલા શિક્ષક શ્રી. અમૃતલાલભાઇ, ભાવનગર મહિલા વિદ્યાલયના અધ્યાપક ભાઇ ચુનીલાલ શાહ, અમદાવાદ શારદામંદિરવાળા ભાઇ વજુભાઇ દવે, સોનગઢ ગુરુકુળવાળા શ્રી. ચતુરભાઇ પટેલ, કચ્છ લોહાણા કેળવણી મંડળવાળા ભાઇ પ્રભુદાસ પોપટીયા તેમ જ તારાબેન અને ગિજુભાઇનાં ટૂંકાં ટૂંકાં ભાષણો થયાં. તે બધાં માબાપો અને શિક્ષક વર્ગ માટે ઉપયોગી હોઇ બની શકશે એટલાંનો સાર હવે પછી આ પત્રિકામાં છપાશે.

ભાષણો ઘણાં હતાં છતાં લોકોએ ખૂબ એકધ્યાનથી તે સાંભળ્યાં અને હૃદયમાં ઉતાર્યાં. ભાષણો પછી વડોદરાના ભાઇ મણિભાઇ કાશીવાળા અને પોરબંદરના ભાઇ નગીનદાસે મેજીક લૅંટર્નનાં ચિત્રો દ્વારા પણ બાલસંગોપનની માહિતી આપી.

આ સિવાય પુસ્તકાલય અને કંપાસ સંગ્રહને લગતી સભાઓ પણ થઇ હતી.

આ રીતે અમરેલીને આંગણે જ્ઞાનપાનનો એક મોટો જલસો ત્રણ દિવસ ચાલ્યો. સૌએ ઘણું દીધું, ઘણું લીધું ને આનંદ કર્યો.

ચલાળા બાલપુસ્તકાલય

અમરેલીમાં ઉત્સાહભરી પ્રવૃત્તિની રેલમછેલ ચાલતી હોય ત્યાં તેનાં પાડોશી ગામોને ચેપ લાગ્યા વગર કેમ જ રહે? લાંબા સમયના વિચાર અને મહેનત પછી અમરેલીનું બાલ-પુસ્તકાલય ઉઘડ્યું. જ્યારે ચલાળામાં તો વિચાર આવ્યો ને તે જ ક્ષણે બાલપુસ્તકાલય ઉઘાડવાની તૈયારી થઇ ગઇ. એનું કારણ ગામમાં પ્રથમથી જ પુસ્તકાલયની પ્રવૃત્તિ ખૂબ ઉત્સાહથી અને વ્યવસ્થિત રીતે ચાલતી હતી. ગ્રામજનતાનું સંઘટ્ટન પહેલેથી જ સરસ થએલું હતું. સ્મ-શાન સુધારાથી માંડીને અનેક નાની મોટી પ્રવૃત્તિઓ ચાલતી આવેલી. એકંદરે પૂર્વ તૈયારીનું બધું જ કામ થઇ ગએલું હોવાથી વિચાર આવતાંવેંત અમલમાં મૂકી શકાયો. શ્રી. ગિજુભાઇને હાથે ત્યાં પણ બાલપુસ્તકાલયને ઉઘાડવામાં આવ્યું. ખુલ્લું મૂકવાની ક્રિયા ઓછા વિધિપૂર્વક અને જરા ઉતાવળમાં થઇ છતાં જનતાનો હર્ષ અને ઉત્સાહ જરા પણ ઓછાં ન હતાં. ગામનાં બધાં બાળકો ભેગાં થયાં હતાં ને તેમની ઉત્સુકતા પણ એટલી જ હતી. માતાઓએ તો ખૂબ સંખ્યામાં હાજરી આપી હતી. ટૂંકા વખતમાં પણ બધાં કામો અહીં પણ થયાં. બાળકોને માટે વાર્તાઓ થઇ, ગીતો ગવાયાં, બાલ પુસ્તકાલય અંગેનાં ભાષણો થયાં અને માબાપોને સામાન્ય બે બોલ પણ કહેવાયા; અને લોકોએ અત્યંત ભાવપૂર્વક મહેમાનોને વળાવ્યા.

ચલાળાની શાળાએ પણ અમારું ખાસ ધ્યાન ખેંચ્યું. બધા શિક્ષકો ઉત્સાહી અને મહેનતુ તથા શિક્ષણ આપવામાં ખાસ રસ લેતા દેખાયા; તેથી શાળાનું વાતાવરણ જીવતું લાગતું હતું. દરેક બાળકને વ્યક્તિગત જૂદાં જૂદાં સ્વતંત્ર પાટીયાં હોય તો ભૂગોળ શિક્ષણ વગેરે બાબતોમાં કેટલી સગવડ પડે તેનો પ્રયોગ પણ આ શાળામાં થયો છે. આ તો ચલાળા જેવા એક ખૂણામાં આવેલા ગામ માટે બહુ કહેવાય.

આ શાળાએ તેમ જ ત્યાંની કન્યાશાળાની એક બીજી પ્રવૃત્તિએ અમને ખૂબ આનંદ આપ્યો. શાળાનાં મોટાં બાળકોને તેમણે અક્ષર-જ્ઞાન આપવામાં જોડી દીધાં છે. બન્ને શાળામાં મુખ્ય શિક્ષકો પાસે પોતાની નિશાળના મોટા છોકરા છોકરીઓનું એક જૂદું રજિસ્ટર છે; તેમાં દરેક બાળકનું નામ અને તે કોને અક્ષરજ્ઞાન આપે છે તેનું નામ અને ઉમર હોય છે. દરેક અઠવાડિયે દરેક જણ કેટલા આગળ વધ્યા છે તે નોંધવામાં આવે છે. એ રીતે બાળશક્તિને શિક્ષકોએ એક સુંદર કાર્યમાં રોકી એક કાર્યે ઘણાં કાર્યો સાધ્યાં છે તે માટે તેમને સાચેસાચ ખૂબ ધન્યવાદ ઘટે છે. મૂળે વડોદરા રાજ્યમાં ફરજિયાત કેળવણી હોવાથી નિરક્ષરતા ઓછી છે; ને ત્યાંના શિક્ષકો જે થોડી છે તેને હાંકી કાઢવાની સંગીન યોજના અને કામ કરી રહ્યા છે તે ઘણું જ પ્રશંસાપાત્ર કહેવાય.

તા.

જેસિંગપરાને દર્શને

અમરેલીના જલસામાં જે અનેક નાની મોટી એવી સુંદર ઇતર પ્રવૃત્તિઓ થઇ તેમાં જેસિંગપરાનાં દર્શન એક અનેરું સ્થાન ભોગવે છે.

જેસિંગપરા એક નાનું ગામડું છે. તે અમરેલીનું પરું કહેવાય. છતાં તે આદર્શ ગામડું એ નામે ઓળખાય છે, કારણ એ મૂળ વસ્યું ત્યારે જ તેના ભાગ્યના પાયા નખાયા હતા. પહેલાં રીતસર મોટા પહોળા રસ્તાઓ આંકીને પછી મકાનો થયાં છે તેથી કોઇ પણ ગામડામાં ન જોઇ શકાય એવી પક્વતાશ અને વ્યવસ્થિતતા તેનામાં દેખાય છે.

પાયો નખાયાં ઘણાં વર્ષો વીતી ગયાં. પછી આ વર્ષે તેના ઉંચા ગ્રહો બેઠા અને શેઠ રામજી હંસરાજ જેવા એક શેઠીયાના મનમાં ત્યાં જઇને વસવાની બુદ્ધિ થઇ. આજે ત્રણ મહિનાની અંદર જ ગામડાનું રૂપ તદ્દન ફરી ગએલું દેખાય છે. ગામડાનાં બાળકો માટે એક આદર્શ શાળા સ્થપાઇ, અને એક સંસ્કારી ઉચ્ચ ભાવનાવાળા કુટુંબના હાથમાં તે મૂકાઇ. તેના સ્મરણ તરીકે ગામમાં દરેક ઘરે પોતાના આંગણામાં અથવા ઘર પાસે એક એક વૃક્ષ રોપવાનું નક્કી કર્યું. આજે જેસિંગપરામાં કેટલાંએ વૃક્ષો આપણે જોઇ શકીએ છીએ.

જેસિંગપરાની બધી પ્રવૃત્તિ આ ગ્રામશાળાની આસપાસ ખીલી રહી છે. શાળાની સામે જ શાળાની ઉદ્યોગશાળા છે. શાળા કરતાં પણ ઉદ્યોગશાળાનું મકાન મોટું છે. તે જ બતાવે છે કે ગ્રામશાળામાં ઉદ્યોગનું પૂરે-પૂરું સ્થાન ચાલકોએ સ્વીકાર્યું છે. ઉદ્યોગ-મંદિર તથા પોતાની વાડી વગર ગ્રામશાળા હોઇ જ ન શકે એ મહાન સત્ય અહીંની શાળાના ચાલકોના મનમાં કેટલું વસ્યું છે તે ત્યાંના ઉદ્યોગમંદિરની પ્રવૃત્તિઓ અને ખેતી-વાડીની પ્રવૃત્તિ ઉપરથી જોઇ શકાય છે.

ઉદ્યોગમંદિરમાં રૂ લોઢવાથી માંડીને પીંજવું, કાંતવું, વણવું, ખાદી રંગાવવી, છાપવી અને કપડાં શીવવા સુધી બધી ક્રિયાઓ છે. રામજીભાઇ તો હવે શેઠ મટી એક ગ્રામકાર્યકર્તા બની આ ઉદ્યોગમંદિરમાં જ પોતે રહે છે, અને દરેક દરેક નાની વાતમાં પણ પોતાની બુદ્ધિનો અને અનુભવનો લાભ સંસ્થાને આપે છે, તેથી સંસ્થામાં ચારેકોર ઉન્નસ ઉન્નસ લાગે છે. દરેક પ્રવૃત્તિની પાછળ મગજ દેખાય છે; દરેક પ્રવૃત્તિમાં પ્રાણ દેખાય છે. અને તેથી જ ત્રણ મહિના પહેલાં જ્યાં કાંઇ ન હતું ત્યાં જાણે અલાદીનના જાદુઇ દીવાથી કેટલુંય ખડું થયું છે.

ખેતીવાડીને લગતાં કામો જોઇને મનને ખૂબ જ આલ્હાદ થાય છે. પહેલવહેલાં પેસતાં વેંત જ સામે બાયખાનાની સુંદર યોજના દેખાઇ આવે છે. આની મારફત ગ્રામજનોને સ્વચ્છતા, સભ્યતા અને કરકસરની કેળવણી અપાય છે. યોગ્ય રીતે વાપરવાની શરતે બાયખાનાં ગામ લોકોને માટે ખુલ્લાં મૂકાયાં છે. ને કોઇ લાખ રૂપિયા આપી દે તેનાથી પણ ન થાય એટલા ઉપકાર ગ્રામજનો પર થયા છે.

ખેતરો વચ્ચે રસ્તો કેમ રખાય, ને તે

રાખીને પણ તેટલી જગ્યાનું વળતર કેમ મેળવી લેવાય વગેરે નાનીમોટી અનેક યોજના આ ખેતરોમાં આપણે જોઇ શકીએ. અનાજ ફળ ફૂલ વગેરે બધાંને આની અંદર સ્થાન છે, ને સાથે સાથે દવાની વનસ્પતિને પણ બાલકો ભૂલ્યા નથી. ખાસ ગીરના જંગલમાંથી મંગાવીને ત્યાં વાવી છે, ને એ ગ્રામજનો માટે મફત દવાખાનું જ ઉઘાડ્યા બરાબર છે. ખેતરો બાળકોના ઉપયોગ માટે હોવાથી ડગલે ડગલે રામજીભાઇએ તેમનો વિચાર કર્યો છે. બાળકો ખેતરમાં ફરવા આવે તો તેમને કાંઇક તો મેવો ખાવા મળે ને મીઠું મોઢું કરીને જ તેઓ જાય એવી વાત્સલ્યભરી ઇચ્છાથી ગુંદી, મીઠી આંબલી ને જાંબુડા ને એવું એવું કેટલુંયે ખેતરોની વાડોમાં ને બીજે બાસ વાવવામાં આવ્યું છે. એમાંથી એક પ્લૉટ તો બાળકોના વૃક્ષઉછેર માટે ખાસ જૂદો કાઢી આપવામાં આવ્યો છે, જ્યાં બાળકો પોતાને આંબલીપીંપળી રમવા માટે ને છાંયે બેસી રમવાવાંચવા માટે પોતાને ગમે તે વૃક્ષો ઉછેરે. એ યોજનામાં પણ ચાલકોની બાળકો વિષે વિચાર કરવાની વૃત્તિ દેખાઇ આવે છે જેને માટે તેમને અભિનંદન ઘટે છે.

આ શાળાનું એકંદર કામ અત્યંત કરકસરથી ચાલે છે, અને તેથી જ એક નમૂના રૂપ (model) શાળા થવાનો દાવો ધરાવી શકે છે.

આપણી ગામડાની પ્રજા ૮૦ થી વધુ ટકા ખેડૂત છે, ને તેમને યોગ્ય એવી કેળવણી મળવી જોઇએ એવું સૌ કોઇ કહેતા આવે છે, પરંતુ ગ્રામકેળવણીની દિશા કેવી હોય તે પ્રત્યક્ષ કરીને કોઇએ બતાવ્યું ન હતું. આજે કેળવણીકારો, વિચારકો વગેરે કોઇથી ન બની શકયું તે એક વેપારી ગણાતા ગૃહસ્થે જેસિંગપરામાં કરી બતાવ્યું છે. પોતાની વ્યવહારકુશળ બુદ્ધિ અને કાર્યની સતત ધૂનથી આ મહાન કાર્ય તેમનાથી થયું છે. આજની દેશકાળની પરિસ્થિતિ જોતાં આ કાર્ય અત્યંત મહત્ત્વનું છે. કેળવણીના ક્ષેત્રમાં પ્રથમ સ્થાને આવે એવું છે. આજે સૌનું ધ્યાન સંગીન ગ્રામકેળવણી તરફ જવું જ જોઇએ. કોઇ પણ કેળવણી ખાતાની ૮૦ થી વધારે ટકા શાળાઓ ખરૂં જોતાં ગ્રામશાળાઓ જ હોય છે. છતાં તેઓ ગ્રામકેવણીનો પ્રશ્ન જરા પણ મગજ ઉપર લીધા વગર એક જ પ્રકારનો અભ્યાસક્રમ બધે ચલાવી રહ્યા છે એ તો બાતાના આંધળાપણાની કમાલ કહેવાય. આશા રાખીએ કે આ ગ્રામશાળાના નમૂના પ્રમાણે બીજી અનેક ગ્રામશાળાઓ થાય.

આ શાળા પોતે પણ જોવા જેવી છે. માટીની ગારવાળી જ ભીંતો છતાં હવા અજવાળું અને જગ્યાની દૃષ્ટિએ પૂરેપૂરી સંતોષકારક, તેમ જ સુંદરતાની દૃષ્ટિએ પણ આપણને પાકાં મકાનો કરતાંયે વધારે ગમે એવી છે. ખેડૂતનાં બાળકોના અભ્યાસક્રમમાં જ ઝાડ ઉછેરવાનું આવી જાય છે. સૌથી નાનાં બાળકોએ દરેકે એક એક તુલસીનો છોડ ઉછેરવો ને જરા મોટાએ હીરવણી, વગેરે પ્રકારે ઉત્તરોત્તર ક્રમ ગોઠવવામાં આવ્યો છે. આ કામ અભ્યાસના એક અંગ તરીકે ગણવામાં આવ્યું છે એમાં તેની વિશેષતા છે. દર વર્ષે પાકેલા અનાજના નમૂના નશામાં સંધરાય અને વર્ષે વર્ષે તેનો

તુલનાત્મક અભ્યાસ થાય એ પણ એક બીજું અભ્યાસનું અંગ. બાળકો પોતાનાં માબાપોને કાપણી વખતે કાંઇક સક્રિય મદદ કરે તે માટે બીયાં માટે સારામાં સારા ડોડવા વગેરે લેવાનું કામ બાળકોને શાળા તરફથી સોંપવામાં આવ્યું છે.

આ પ્રમાણે ઉદ્યોગ અને ખેતીના કામને પૂરતું મહત્ત્વ આપવામાં આવ્યા છતાં બાળકો વાચન લેખન ગણિતમાં કાચાં ન લાગ્યાં; ઉલટાં વાચનાલય અને પુસ્તકાલયની યોજનાથી તેઓ સારાં શહેરી બાળકો જેવાં સંસ્કારી ને બહુશ્રુત દેખાતાં હતાં.

ખરેખર જેસિંગપરાનાં દર્શન કરતાં મન બહુ પ્રસન્ન થાય છે; ને ત્યાંના કાર્યકર્તાઓને શતશઃ ધન્યવાદ દેતું જાય છે.

તા.

પ્રશ્નોત્તર

સ૦ શું બાળપણથી બાળકોને વહેલાં ઉઠવાની ટેવ ના પાડવી ?

જ૦ વહેલાં ઉઠવું સારું છે. મોટાંઓએ તો અવશ્ય ઉઠવું જ જોઇએ. બાળકો વહેલાં ઉઠતાં થાય તે ઇચ્છવા જેવું છે. વહેલાં ઉઠનારમાં આળસ ઓછી આવે છે, સ્ફૂર્તિ વધે છે અને પ્રસન્નતા રહે છે. પણ બાળકોને લાંબા કલાકનો આરામ જોઇએ છીએ માટે જો તેમને વહેલાં સૂઇ જવાનું મળતું હોય તો જ તેઓ વહેલાં ઉઠી શકે. તેમને વહેલાં ઉઠાડવાની જરૂર નથી; પણ તેઓ પૂરી ઊંઘ લઇને ઉઠે ત્યારે સવાર ન પડ્યું હોય તેમ કરવું જોઇએ. આ માટે બાળકોએ વહેલાં જમી લઈ વહેલાં ઊંઘવું જોઇએ. એટલા માટે આપણે વહેલાં જમી વહેલાં પરવારી વહેલાં આરામ માટે જવું જોઇએ. એમ ન બને તો બાળકો માટે બધી જાતની સગવડ કરી આપવી જોઇએ. સામાન્ય રીતે બાળકોને ઊંઘનાં ઝોકાં આવે છે છતાં રસોડાનાં બારણાં તેમને માટે ઉઘડતાં નથી. અગર બાળકોને વહેલાં ખાવાનું મળે છે તો પણ ઘરમાં એટલો બધો કોલાહલ હોય છે કે બાળકો વહેલાં ઊંઘી શકતાં નથી. આપણી સાથે સૂનારાં બાળકો આપણી સાથે વહેલાં ઉઠે એવું કદિ માગવું જ નહિ. તેમને આપણાથી વધારે ઊંઘ જોઇએ જ જોઇએ.

સ૦ છોકરીઓ માથે ન્હાતી વખતે બહુ કજીયા કરે છે અને માથામાં સાબુ નાખવા દેતી નથી; તો શું કરવું ?

જ૦ છોકરીઓ સાબુ આંખમાં જશે તે બીકે ન્હાવાની જ ના પાડે છે. પરિણામે કોઇક વાર તો ભયંકર કજીયો ચાલે છે. માબાપો તેને મારે છે છતાં છોકરી માનતી નથી; ઘરમાં ભારે તોફાન થઇ પડે છે.

સારી રીત એ છે કે છેક નાની છોકરીઓને માથે લાંબા વાળ ન વધારવા. તેમને માથે મૂંડો રખાવવો અથવા ધારી રખાવવી. શોખ હોય તો ઓડીયાં રખાવવાં. ઉપરાંત જ્યારે જ્યારે બાળકને ન્હવરાવવા બેસારવું ત્યારે ત્યારે સાબુ નાખતી વેળાએ તેની આંખે પાટા બાંધવા અને કાનમાં પૂંભડાં નાખવાં. બાળકની

આંખમાં સાણુ કે અરીઠાંનાં પીણુ જવાથી તેની આંખો બળે છે. કાનમાં પીણુ જવાથી બાળક ગભરાય છે ને ધૂમો પાડે છે. બાળકને એક વાર ખાત્રી કરી આપવી કે આંખે પાટા બાંધ્યા પછી આંખને કાંઇ વાંધો આવતો નથી. નાના બાળકને બહુ લાંબો વખત ન્હવરાવવું નહિ. તેની ડોક વગેરે થાકી જવાથી પણ તે અકળાઇને રડે છે.

વળી બાળકને ન્હાવાનું ગમે તેવું બનાવવું જોઇએ. ન્હાવું સ્વચ્છ થવા માટે છે તેમ આનંદ મેળવવા માટે પણ છે. બાળકને બહોળા પાણીના વાસણમાં બેસાડવાથી તેને ગમ્મત આવશે. ઉપરથી નળ કે પુવારો છોડવાથી પણ તે ખુશી થશે. બહુ ઉતાવળથી ન પતાવતાં ધીમેથી ન્હવરાવશો તો પણ તે સંતોષ પામી કજીયા નહિ કરે. વળી પાણી જોઇએ તેટલું જ ગરમ કે ઠંડું રાખવું જોઇએ. આ બધી નાની નાની બાબતો છે છતાં આપણે તે વિષે બેદરકાર રહીએ છીએ અને તેથી આપણે અને આપણાં બાળકો હેરાન હેરાન થઇ જાય છે.

સ૦ બાળક અજાણ્યા સાથે ન બોલે અને દૂરદૂર રહે તો શું કરવું?

જ૦ તો કંઇ ન કરવું. આવું બાળક ક્ષરમાળ બાળકને નામે ઓળખી શકાય. પ્રકૃતિથી તે એવું છે; તેને હળવામળવા કે બોલવા ચાલવા માટે કશું દબાણ ન જ કરવું. પણ બીજાંઓ પરસ્પર હળેમળે કે બોલેચાલે ત્યારે તે જોવાની તેને પૂરી તક આપવી. શરમાળ પ્રકૃતિનાં ઘણાં કારણો હોય છે. પહેલેથી એકલું રહેવાપણું, અતિ લાડપણું, ઘરનાં માણસોનો અતડો સ્વભાવ, મોટાઇનું ભાન, ભડકાળપણું, બીકણપણું, અતિ નાજુકપણું, વધારે પડતી કોમળ મનોવૃત્તિ વગેરે. આનો પહેલો ઉપાય એ છે કે બાળકની ઉપર કશી ટીકા કરવી નહિ. તેને શરમાળ તરીકે ખાસ ઓળખાવવું નહિ. તે જુદું રહે છે માટે લાગણીથી પ્રેરાઇ તેને માટે જુદી ખાસ સગવડો અથવા હળવા મળવાના આનંદને બદલે બીજા આનંદો ગોઠવી દેવા નહિ. એકલાપણું પણ એક પસંદ કરવા જેવો ગુણ છે એવું બાળકની હાજરીમાં બોલવું નહિ. બાળકની આ ન્યૂનતા ગુણમાં લેખી અભિમાનની ખાતર ન્યૂનતાને પોષવી નહિ. કોઇ હળવા મળવા યોગ્ય જ નથી એમ માનવું કે બાળકોને મનાવવું નહિ. બાળકને બાળકો વચ્ચે રહેવા દો. ધીમે ધીમે તે શરમાળ મટશે. તેને પરાણે મિત્રો ન કરાવો; આગેવાની ન આપો; આગેવાનોને નિંદો નહિ અગર તેની બાસ સ્તુતિ પણ ના કરો.

અજાણ્યાનો તો કશો હક્ક જ નથી કે તેણે બાળકોની સાથે હળવા મળવાનો દાવો કરવો જોઇએ. ન હળે મળે તે બાળક નાલાયક છે એમ સમજનાર અજાણી વ્યક્તિ બાળકને અન્યાય કરે છે, અને પોતાના પ્રત્યે દયા ઉત્પન્ન કરે છે.

શરમાળ બાળકો વિષે આપણે કાળજી રાખીએ છીએ તેવું ભાન તેને કદિ પણ આવવા ન દેવું; પણ વાતાવરણમાં તેને વિશ્વાસ આવે તેવું તે બનાવવું. ગિ.

થોડાંએક દૃશ્ય

: ૧ :

બાલમંદિરની ગેલેરીમાં હું ફરતો હતો. નીચેના ભાગમાં જરા દૂર કેટલાંએક બાળકો રમતાં હતાં. બાલમંદિરમાં ગમે ત્યારે રમવાની છૂટ હોય છે. બાળકો શું રમે છે તે સતત જોયા કરવાનું મારું કામ હોય છે.

હું ધીરે ધીરે તેમની નજીક ગયો. મેં રમતમાં શું જોયું? એક બાળક ઉંઉં કરી ખોટું ખોટું પણ ખરું રડતું હોય તેમ રડતું હતું તે બાળક સૌથી નાનું હતું. એક ભાઈ મોટેથી બરાડા પાડી એક બેનને ધમકાવતા હતા. બેન તેને લાંબા હાથ કરી સામેથી બીજાઈને જવાબ આપતાં હતાં. બીજાં એકબે બાળકો આ જોતાં હતાં.

હું વધારે નજીક ગયો અને વિસ્મયથી જોઈ રહ્યો. બાળકોએ મને દીઠેલો નહિ તેથી વિના સંકોચે તેઓ રમતાં હતાં. રડતા બાળકને પેલી બેન-છોકરી છાની રાખતી જતી હતી અને છોકરા સાથે લડતી હતી. તેઓ ખૂબ કડવાશવાળી વાણી-તોછડી અને અસભ્ય વાણી બોલતાં હતાં.

હું ગુપચુપ ઉભો હતો ત્યાં એક બાળકની નજર પડી. તે બોલી ઉઠ્યું: "એ ગિજુભાઈ આવ્યા, ગિજુભાઈ આવ્યા!"

બધાં બાળકો હસી પડ્યાં.

હું નવાઈ પામ્યો. શા માટે તેઓ બાઘતાં હતાં અને શા માટે તેઓ લડતાં હતાં?

મેં પૂછ્યું: "શું કરતાં હતાં?"

તેઓએ નિખાલસપણે કહ્યું: "એ તો અમે બા અને બાપા રમતાં હતાં. આ ચંપા બા થઈ હતી ને હું બાપ થયો હતો. આ રામુ અમારો છોકરો થયો હતો. અમારાં બા અને બાપા રોજ બાઘે છે તેમ અમે બાઘતાં હતાં. અમે બાઘવાનું નાટક કરતાં હતાં.

: ૨ :

થોડા દિવસ વીતી ગયા. મારા રિવાજ મુજબ હું અવલોકન કરતો હતો. મને ઓ ઓ ઓ એવો રડવાનો અવાજ આવ્યો. મેં નજર ફેરવી. ચાર પાંચ છોકરાઓ ઓ ઓ ઓ કરતા જતા હતા; પાછળ એક બે છોકરીઓ કૂટતી હતી. હું દૂર જ રહ્યો.

તેઓએ કાંઈક ઉપાડ્યું હતું. મને સમજાયું કે તેઓ કક્ષાકની ઠાઠડી કાઢે છે. મેં અનુમાન કર્યું કે આજ કાલ તેમની શેરીમાં કોઈ મરી ગયું હશે તે ઉપરથી તેમને આમ કરવું સૂઝ્યું હશે. તેઓ એક જગાએ ગયા ને ઉપાડીને લઈ જતા હતા તે નીચે મૂકયું. તેઓમાંના બે બાડો બોદવા લાગ્યા અને બીજાઓ આજુબાજુ બેઠા.

હવે મારાથી ન રહેવાયું. મને બરી વાત જાણવાનું મન થયું. હું ગયો ને પૂછ્યું: "અલ્યાઓ, આ શું કરો છો? આ ઓ ઓ ઓ ને આ બધું શું?"

છોકરાઓ ગંભીરતાથી બોલ્યા: "એ તો અમે દાટવા આવ્યા છીએ."

"કોને?"

"આ ભીમજીના ભાઇને; એ મરી ગયો છે."

"અરે, એ તો જીવતો છે. શા માટે એને મારી નાખો છો?"

ભીમજી કહેઃ "એ તો મારો ભાઇ અમને રોજ મારે છે, તે અમે એને મારીને દાટી દઇએ છીએ."

: ૩ :

એક વાર હું બાલમંદિરના એક ઓરડામાં કામ કરતો હતો.

મારી પાસે બેસીને એક બાળક રમકડાંથી રમતું હતું. રમતું જતું હતું અને મીઠી મીઠી વાતો કરતું હતું.

બાળકના મ્હોં ઉપર સુખ અને આનંદની રેખાઓ સ્પષ્ટ હતી.

એકાએક જોરથી પવન વાવા લાગ્યો અને ઓરડાની અંદર ધૂળ પેસવા લાગી તેમ જ કાગળો ઉડવા લાગ્યા.

હું એક પછી એક બારીઓ બંધ કરવા લાગ્યો. બારીઓ બંધ કર્યા પછી જેવો હું છેલ્લું બારણું બંધ કરવા ગયો કે પેલું બાળક ચીસેચીસ નાખી રડવા લાગ્યું. મેં પવનને લીધે બારણું બંધ કર્યું અને હું બાળકની પાસે બેઠો. બાળકે બમણું રડવા માંડ્યું. ઘણું કહું પણ છાનું રહે જ નહિ. આખો ઓરડો અને બાલમંદિર તેણે ગજાવી મૂક્યાં. હું મૂંઝાઇ ગયો. કારણો શોધવા ઘણી વાતો કાઢું પણ તે સાંભળે જ તો કે?

થોડી વારે પવન શાન્ત પડ્યો, વંટોળીઓ બેસી ગયો ને મેં બારીબારણાં ઉઘાડ્યાં. તુરત જ પેલું બાળક એકાએક શાંત પડી ગયું. જાણે કે કંઇ જ બન્યું નથી તેમ તે પહેલાં જેમ રમવા માંડ્યું.

મને બહુ જ નવાઇ લાગી.

મેં તેને હળવેથી અને વહાલથી પૂછ્યું: "કેમ રડતાં હતાં?"

બાળક કહેઃ "મને થયું કે તમે મને મારી બાની જેમ અંધારી ઓરડીમાં પૂરી દો છો. આ મને મારે છે ને અંધારી ઓરડીમાં પૂરી દે છે."

મેં કહ્યુંઃ "એ તો બહુ પવન વાતો હતો એટલે હું બારણાં બંધ કરતો હતો."

બાળક પોતાના કામે લાગી ગયું હતું. તેણે મને કશો ઉત્તર ન આપ્યો.

તેના મ્હોં ઉપર ફરી વાર આનંદ અને શાંતિ હતાં.

: ૪ :

નાનો ટપુ ચાલતાં ચાલતાં પડી ગયો. હજી તે છેક નાનો છે છતાં તેની બાએ તેને તેની મોટી બેન સાથે બાલમંદિરમાં મોકલ્યો છે.

ટપુ પડ્યો ને રડવા લાગ્યો.

જયાએ તેને ઉઠાડ્યો ને છાનો રાખવા મહેનત કરી પણ ટપુ છાનો જ ના રહે.

હું દૂરથી અવલોકતો હતો. જોઇએ, જયા પોતાના નાના ભાઇને કેવી રીતે છાનો રાખે છે?

પહેલાં તો જયાએ તેને એટલું કહ્યુંઃ "જો ભાઇ, છાનો રહી જા. જોઉં કયાં લાગ્યું છે? તને ફૂંક મારું?"

ટપુ રડતો ના રહ્યો.

જયાએ બીજો ઉપાય લીધો. "ટપુ, અહીં આપણાથી ના રડાય. અહીં રડીએ તો ગિજુભાઇ વઢે ના?"

ગિજુભાઇ દૂર ઉભેલા હતા, અને ગિજુભાઇને જોઇ ટપુ જરાક છાનો પણ રહ્યો. પણ ગિજુભાઇ તો ઉલટા જરા દૂર ગયા એટલે ટપુએ ફરી વાર તુરત જ રડવાનું શરૂ કર્યું.

જયાએ ત્રીજો ઉપાય લીધો. "ટપુ, ટપુ, છાનો રહે છે કે નહિ? નહિતર બાલમંદિર નહિ લાવું હોં!"

ટપુએ જયાના કહેવા પર જરાક ધ્યાન આપ્યું; પણ તુરત જ જયાની દવાની અસર ઓછી થઇ ગઇ.

ટપુ પાછો રડવા લાગ્યો.

બિચારી જયા કેટલોક વખત ધીરજથી નાના રડતા ભાઇને સમજાવી શકે?

જયા કહેઃ "જો ટપુડા, છાનો રહેતો નથી ને રડ્યા કરે છે? લાગ્યું હોય તો લોહી નીકળે ના? લોહી તો નીકળ્યું નથી ને ખોટા ખોટા ઢોંગ કરે છે? ચાલ ચાલ, હવે ભંડકમાં જમવાનો વખત થઇ ગયો છે. બધાં બાળકો કયારનાંયે ગયાં."

જયાનું કહેવું સાચું હતું. સૌ ગયાં હતાં ને જમવાનો મંત્ર બોલાઇ ગયો હતો.

પણ ટપુ તો રડતો જ હતો.

જયાએ ધડ દઇને એક ધબ્બો લગાવ્યો. "રોયા આવતો જ નથી, કયારની કહું છું તો?"

હું જોઇ રહ્યો. હજી હું જોવા જ માગતો હતો કે જયા પોતાનાં માબાપ પાસેથી બાળઉછેરની કળા કેવીક શીખી છે.

મારવાથી તો અવળું પડ્યું. ટપુ ભેંકડો તાણીને રડવા લાગ્યો; ભોંય પર પડી આળોટવા લાગ્યો.

જયા મૂંઝાણી. આસપાસ જોયું તો કોઇ ન હતું. હું તેને દેખાતો ન હતો. તેણે કહ્યું: "ઉઠ! ઉઠ રોયા, બધા ખાઇ રહેવા આવ્યા. આજ તો એ પેંડા છે. ચાલ ઉઠ, મારોય પેંડો તને આપીશ."

ટપુ રડતો રડતો ઉભો થયો ને જયા પાછળ ચાલ્યો.

હું જયા નજીક ગયો ને પૂછ્યું: "પણ જયાબેન, આજે પેંડા કયાં-છે તે તમે ટપુભાઇને આપશો?"

ટપુ હવે તો જયાબેનની આગળ ચાલી છેક ભંડક પાસે પહોંચી પણ ગયો હતો.

જયાએ મને જવાબ આપ્યોઃ "એ તો ટપુને ખોટું ખોટું ફોસલાવવાનું. મારી બા રોજ એમ જ કરે છે. બાપા મારે પછી બા ફોસલાવે."

: ૫ :

વિજુએ આવીને મને એક વાર કહ્યું: "ગિજુભાઇ ગિજુભાઇ, મને કાલે રાત્રે એક સ્વપ્નું આવ્યું હતું"

"શું સ્વપ્નું આવ્યું હતું?"

"અમને એક ડાકણ મારતી હતી, ને અમે એને મારતાં હતાં."

મેં પૂછ્યું: "તમે કયે ઠેકાણે ઉભાં હતાં?"

વિજુ કહેઃ "એ તો અમે અમારા ઘર પાસેના કૂવા પાસે ઉભાં હતાં અને અમારા ઘરમાંથી એક મોટી ડાકણ આવી ને અમને ધબોધબ મારવા માંડી."

મેં કહ્યું: "ડાકણે કેવાં લુગડાં પહેર્યાં હતાં?"

વિજુ કહેઃ "મારી બા પહેરે છે એવાં જ લુગડાં પહેર્યાં હતાં."

"અને ડાકણે ઘરેણાં કેવાં પહેર્યાં હતાં?"

"એ પણ મારી બા જેવાં જ."

"અને ડાકણ કેવડી ઉંચી હતી?"

"બરાબર મારી બા જેવડી જ."

"અને ડાકણ કેવીક જાડી હતી?"

"બરાબર મારી બા જેવી જ જાડી હતી."

"ત્યારે તો એ તમારી બા જ હશે."

"ગિજુભાઇ, એવું ના કહેા. મારી બા તે કાંઇ ડાકણ થાય?"

મેં પૂછ્યું: "તમને તમારી બા કોઇ વાર મારે છે ખરી?"

"હા, મારે છે તો ખરી જ ના. કહેશે કે તોફાન કરો છો તે મારવાં પડશે!"

"અને તે ડાકણ મારતી હતી તેમ જ ધબોધબ્ય મારે છે કે સોટીથી?"

"સોટીથી તો બાપાજી મારે છે. બા તો ડાકણ જેમ જ ધબોધબ્ય મારે છે."

: ૬ :

જીવરાજે મારા હાથમાં એક ચિઠ્ઠી મૂકી. ચઠ્ઠીમાં લખેલું હતું:

ગિજુભાઇ,

ચિ. જીવરાજને આજે સાંજે જમવા જવું છે માટે તેને વહેલો મોકલશો.

લે. પાનાચંદ.

મેં જીવરાજને કહ્યું: "વાહ સારે, તમે આજે વહેલા ઘેર જજો."

જીવરાજ કામે લાગ્યા. પેલી ચિઠ્ઠી પર મારી નજર ફરી વાર પડી અને મને સૂઝ્યું: "આ અક્ષર પાનાચંદના તો નથી. જીવરાજે આ ચિઠ્ઠી કોની પાસે લખાવી હશે? વખતે જીવરાજનો ગપ્પો તો નહિ હોય?"

મેં જીવરાજને બોલાવ્યા ને પૂછ્યું: "આ ચિઠ્ઠી તમારા બાપાએ લખી આપી છે?"

જીવરાજે જરાક ગભરાઇને પણ અક્કડાઇથી કહ્યું: "હા, મારા બાપાએ લખી આપી છે."

તેની આંખ અને મ્હોં ઉપર દેખાતું હતું કે તે જૂઠું કહે છે. મેં કહ્યું: "આ અક્ષર તો પાનાચંદભાઈના નથી. આ તો બીજાના છે. પાનાચંદભાઇના અક્ષરો તો હું સારી રીતે ઓળખું છું."

જીવરાજભાઇ મૂંઝાયા. જવાબ જોડી કાઢ્યો. "એ તો મારા મોટાભાઇએ લખ્યું છે. મારા બાપાએ કહ્યું એટલે."

મને વહેમ તો ગયો હતો. મેં કહ્યું. "એ વાત પણ ખોટી છે. કહેા જોઇએ, ચિઠ્ઠી કોની પાસે લખાવી છે? અક્ષરો તો તમારા જેવા જ લાગે છે."

જીવરાજ વીલેા પડી ગયેા. હવે કાંઇ ઉપજાવી શકાય તેમ ન લાગ્યું. તે કહેઃ "એ તો મેં લખી હતી."

મેં કહ્યું: "આવી ખોટી ચિઠ્ઠી શા માટે લખી, ભાઇ?"

જીવરાજ: "મારે ઘેર જવું હતું એટલે."

"પણ એમાં આવી ખોટી ચિઠ્ઠી શા માટે લખી?"

"પણ મારા બાપા એને ઓફિસમાં ન જવું હોય ત્યારે આવી જ ચિઠ્ઠી લખે છે."

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી,

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૮૯

અંક ૧ લો
ફાલ્ગુન

:તંત્રીઓ:
ગિજુભાઇ
તારાબેન

ઈર્ષ્યા કરનાર પોતે જ તેના અગ્નિથી બળે છે. તે અન્યાયી બને છે. 'જગતમાં ન્યાય નથી' એમ કહી તે નાસ્તિક બને છે. પોતે આત્મવિશ્વાસ ગુમાવે છે અને કશા જ ઉપયોગી કામનો રહેતો નથી.

સારામાં સારા માણસો પણ ઇર્ષ્યાના ભોગ થઇ પડેલા જોવામાં આવે છે. ઇર્ષ્યા ધનની અને માલની જ થાય છે એવું નથી. મોટા માણસો બીજાની કીર્તિની, શક્તિની, ઉદારતાની, પ્રેમની, ધર્મની ઇર્ષ્યા કરે છે.

સ્થૂળ ઇર્ષ્યા કરતાં આ સૂક્ષ્મ ઇર્ષ્યા ભયંકર છે.

નવું વર્ષ

આપણે પ્રભુકૃપાથી સાત વર્ષ પૂરાં કરી આઠમા વર્ષમાં પ્રવેશીએ છીએ. જે પરમ કૃપાળુ શક્તિએ આટલાં વર્ષો નિર્વિઘ્ને આપ્યાં તે જ શક્તિ આ આઠમું વર્ષ આપણને સુખી, તેજસ્વી અને પ્રગતિવાળું આપે.

ઓ જગન્નાથ! અમે તો સદૈવ તારે આશરે રહીને, તારી જ શક્તિને બળે અલ્પ પ્રયત્નો કરીએ છીએ. સાત વર્ષના પ્રયત્નો તારે ચરણે મૂકી આઠમું વર્ષ અમે આરંભીએ.

તંત્રીઓ.

આભાર

પત્રિકાનાં વાચક ભાઇઓ અને બહેનો, શિક્ષકો અને શિક્ષકાઓ!

તમારા પ્રેમભર્યા સહકારની નોંધ લેતાં આનંદ થાય છે. એ માટે અમે તમારાં ઋણી છીએ અને રહીશું. અમને જે અલ્પ સેવા કરવાની તમે તક આપી છે તેથી વિશેષ તક દર વર્ષે આપશો એવો અમારો વિશ્વાસ છે.

અમે માનીએ છીએ કે આ પત્રિકા જેટલી અમારી છે તેટલી જ તમારી છે. એને ફેલાવવા જેટલી હોંશ અમને છે તેટલી જ તમને હોય. અમે માગીએ કે આ પાત્રકાનો વિસ્તાર આઠમા વર્ષે તમે એટલો કરો કે આપણો સંઘ ઘણો મોટો અને વિવિધ બને. અસ્તુ.

ગત વર્ષ દરમિયાન અમારી કંઇ પણ ન્યૂનતાઓ રહી ગઇ હોય તે માટે ક્ષમા માગીને તમારા સંપૂર્ણ સહકારની આશા રાખીએ.

....મદદ જોઇએ....

આઠમા વર્ષના આરંભમાં જ અમે તમારી મદદ માટે અમારો હાથ લંબાવીએ છીએ. આ માસમાં તમે તમારા થકી ફક્ત એક જ ગ્રાહક વધારી આપો. જો તમે ધારો તો આ કામ લેશ પણ અઘરૂં નથી. ફક્ત એક જ રૂપિયો બાળકોની ખાતર કાઢી આપતાં કોઇ પણ સમજુ માબાપને મુશ્કેલી નહિ જ પડે. આપ આજે જ એક માબાપને મળો અને તેને આપની પત્રિકા બતાવી ગ્રાહક કરો. અમારા ઉપર, પત્રિકા ઉપર અને પત્રિકા વાંચનારી દુનિયા ઉપર આપનો મોટો ઉપકાર થશે.

તંત્રીઓ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

શિક્ષકની . . . . . નોંધપોથી

[૧]

કહે છે કે માલિની બાલમંદિરમાં આવ્યા પછી ગાળો દેતાં શીખી. બાબાનું પણ એમ જ છે.

સારાં કુટુંબોનાં નાનાં બાળકો જ્યારે બાલમંદિરમાં આવે છે, ત્યારે કેટલેક ઠેકાણેથી આવી ફરિયાદ આવે છે. ફરિયાદ વજૂદ વિનાની નથી હોતી. પરંતુ તે સામે બાલમંદિર બચાવ કરી-શકે-એમ પણ છે. એમાં બાલમંદિર ઘણેખરે અંશે ઓછું કારણભૂત માની શકાય. બાલમંદિરમાં ઘણી નાતજાતનાં અને જુદા જુદા સંસ્કારનાં બાળકો એકઠાં થાય છે. તે સૌ એકબીજાના સંસ્કારોની લેવડદેવડ કરે છે. કોઇ બાળક ધાંચી કે હજામનું હોય છે, તો કોઇ સાહિત્યરસિક કુટુંબનું હોય છે, તો કોઇ મીલ-માલેકનું હોય છે. આમ બાલમંદિરમાં આપણા સમાજનું પ્રતિબિંબ પડે છે. આવે ઠેકાણે કોઇ અસંસ્કારી કુટુંબનું બાળક આવી ચડ્યું હોય અને તે કુટુંબની રહેણીકરણી આપણાથી સુધારી શકાય એવું ન હોય તો કાં તો તે બાળકને બાલમંદિરમાંથી મુક્ત કરવું જોઇએ અગર સંસ્કારી જણાતા બાળકને તેવા બાળકથી છૂટું પાડવું જોઇએ.

માલિની બહેનની ઉપરની વાત કાને આવી ત્યારે મને વહેમ આવ્યો કે તે ગાળો શીખી હોય તો વસુમતી પાસેથી જ શીખી હોય. મેં એને એ નાની મંડળીમાં વસુમતી સાથે ફરતી જોઇ નથી. મારી ખાત્રી તો ન હતી. એક એક દિવસ મેં આ માટે ગાળ્યો. બાલની કયાં કયાં હરેફરે છે તે જોયું. સંગીત પછી તુરત જ તે વસુમતી સાથે રમતી જણાય છે. બન્નેએ ઘરઘરની રમત માંડી. પ્રતિમા તથા પ્રજ્ઞા તેમાં ભળ્યાં. વસુબેન માતા, પ્રજ્ઞા પાડોશણ અને બાકીનાં બન્ને બાળકો.

વસુની બોલવાની છટા તેમ જ સુવાડવાની, ધવરાવવાની અને કપડાં પહેરાવવાની છટામાં આબેડ અને અનુભવી માતાનું અનુકરણ હતું. "આ છોડી તો કો'કને ઘેર જઇ બાય છે. કેવું બરાબ? રાંડ! જા અહીંથી, બસ! તારા બાપા દુકાનેથી આવશે ત્યારે કહી દઇશ." "ચાલો ફરવા. ફૂલ ન ચૂંટશો. તોફાન ન કરશો. સાચવીને ચાલજો." આમ કરતાં જાય છે ત્યાં બાળકને ઠેશ વાગે છે. માતાના સત્તાધીશ અવાજથી વસુમતી ભભૂકી ઉઠે છે: "આંધળી! દેખતી નથી?" વગેરે.

આ વખતે તો ગાળો સાંભળી નહિ. પણ તેમની રમતો ઉપરથી બાત્રી થઇ કે આ ભાઈબંધીમાંથી માલિની બીજું શું શીખે?

માલિનીને વસુની ભાઈબંધીમાંથી બચાવી લેવી એ અઘરું તો છે જ, પણ તે કર્યે જ છૂટકો.

[૨]

આજનું નૃત્ય એટલી ઉચ્ચ કક્ષાનું હતું કે જેનો અનુભવ બાલમંદિરમાં મને હજુ સુધી થયો નથી. શાંતિ અજબ હતી. દિલરૂબાનો રણઝણાટ વાતાવરણ પર આધિપત્ય ભોગવતો હતો. કાંતિભાઇ બુશમિજાજમાં હતા. દિલરૂબાના તારે તારે એનું હૃદય વીંધ્યું હતું. મણિભાઇની આંગળીઓ એમને નચવતી. આ

બધાની અસરથી જે હવાં બંધાઇ તેમાં બાળકોનાં દિલ પણ નાચતાં હતાં.

જો આવું વાતાવરણ હમેશાં જામેલ રહે તો બાળકો શી પ્રગતિ ન કરે? કાંતિભાઇનું એકેએક હલનચલન બાળકને કોઇ ઓર આનંદ આપતું: અને નવાઇ તો એ છે કે એ લોકો તેનું આબાદ અનુકરણ કરી શકતાં.

નૃત્ય વિષે મારી માન્યતા એવી છે કે શાંત અને સ્વસ્થ વાતાવરણમાં કુશળ સંગીત-શાસ્ત્રીના વાદન પર શિક્ષકે મન મૂકીને નાચવું. નાચનું વ્યાકરણ બાળકને ન જ દેવું. શિક્ષકનું નૃત્ય, ડોલન, હલવું વગેરે જોઇ બાળકો ફાવે તેમ નાચે. તેમને પગ એમ માંડવો કે હાથ એમ હલાવવો તેવું કશુંય કહેવું તે તેમની સ્વયંસ્ફૂર્તિ હણવા રૂપ છે. આ રીતે શરૂ થયેલ નૃત્યથી કેટલાંય બાળકોના દિલના તારેતાર આપણે હલતા જોઇશું. તેમાં પગનો ઠેકો બરાબર હોય કે ન હોય તે વસ્તુ મારે મન ગૌણ છે.

આજનું દિવ્યકુમારનું ડોલન સૌ કોઇને તાજુબ કરે એવું હતું. કેટલાય માસથી એણે સંગીતના સમયમાં જે રસપાન કર્યું હશે તેનો એકાએક આવિર્ભાવ આજે થયો. તેનું અંગેઅંગ હલી રહ્યું હતું. તેનો આત્મા ઉલ્લાસમાં હતો.

પરંતુ આજના અનુભવ પરથી એક એ પણ લાગ્યું કે બાળકોને શરૂઆતમાં અનેક પ્રકારનાં હલનચલન ન દેખાડવાં. અમુક નાચમાં ચાર પાંચ ક્રિયાઓની પુનરાવૃત્તિ થવા દેવી. ક્ષણે ક્ષણે બાળકો નવીન ક્રિયા જુએ ત્યારે અમુક કોઇ તેના દિલમાં ઉતરી જાય ખરી, પણ તેથી કંઇ ગત વખતે કેવી ક્રિયાઓ લીધી હોય તો સારું તેનું ભાન તેને ન આવે; આવે તો બહુ મોડું આવે. અને તેમાંય એ ક્ષતિ એક રહી જાય કે સૌને એ ક્રિયાઓનું જુદું જુદું ભાન હોય; એટલે કે અમુક ગત વખતે હું અમુક ક્રિયાઓ ઉપાડું તો બીજું અન્ય કોઇનું શરણ લે એટલે અમુક નાચ કેવળ 'સ્વતંત્ર' નાચ હોવા જોઇએ, અમુકમાં મુકરર પાંચ છ ક્રિયાઓ જોઇએ, એવી મારી માન્યતા છે. જુદા જુદા નાચોમાં જુદી જુદી ક્રિયાઓ હોય છતાં તેમાં અચલાયતનપણું પણ ન હોવું જોઇએ.

[૩]

શિક્ષકે પોતાનું જીવન, પોતે હોય તેવા દેખાઇને જ ગાળવું જોઇએ. વિદ્યાર્થીઓ સમક્ષ આવી જ રીતે રહેવું વગેરે ઉપરછલ્લાં બંધનો તેમના ઉપર આપણે ન જોઇ શકીએ અને ન સમજી શકીએ તેવી માઠી અસર કરે છે. શિક્ષકનું એકધારું જીવન નિર્મળ રીતે વિદ્યાર્થીઓ ન જોઇ શકે તો સમજવું કે શિક્ષકમાં કાંઇક ખામી છે. જો શિક્ષક ચહા પીતો હોય તો તેણે છડેચોક ચહા પીવી જ જોઇએ. વિદ્યાર્થીઓ સમક્ષ હું પીશ તો તેમના પર માઠી અસર થશે એમ ધારી ખૂણે જઇ ચહા પીવાથી વિદ્યાર્થીઓ ઉપર છૂપી રીતે વધુ માઠી અસર થાય છે. તેમ કરવામાં તે વિદ્યાર્થીને જૂઠાણું શીખવે છે, દંભી બનાવે છે. વિદ્યાર્થીઓ શિક્ષકોને દેવસમા માને, આદર્શ જીવન ગાળનારા માને, કે તેમને દોરનારા સાધુપુરુષસમા માને તે કરતાં તેમને અનેક ત્રૂટીઓથી ભરેલા, ભૂલો કરી શીખવાવાળા, સામાન્યકોટિના મનુષ્ય માને તેમાં કશુંય ખોટું નથી; ઉલટું સારું

છે. શિક્ષક જેવો હશે તેવો દેખાશે ત્યારે વિદ્યાર્થીઓ તેની ત્રૂટીઓની તેને માફી આપી તેને વધુ આદર આપશે. બાળકો ભલે સમજે કે 'અમારો શિક્ષક એ કાંઇ પ્રભુ નથી. એ પણ અમારી જ કોટિ અને કક્ષાનો એક મનુષ્ય છે.' વ. દવે

આ . રૂ બા . ળ . પ . ણ

બાળપણ કેટલો મધુરો શબ્દ છે ? કેટલી મીઠાશ એ શબ્દમાં ભરી છે ! બાળપણ સંભારતાં છાતી ગજ ગજ ઉછળે છે; બાળપણના અદ્‌ભુત પ્રસંગો યાદ આવતાં પાછા બાળક બની જવાનું મન થઇ જાય છે !

ગમે તેવા વૃદ્ધ માણસને પણ પોતાનું બાળપણ સંભારતાં આંખમાં ઝળઝળિયાં આવી જાય છે, હર્ષનાં આંસુ આવી જાય છે અને હૈયું ભરાઇ જાય છે. જેમણે વૃદ્ધ જનોને પોતાના બાળપણના પ્રસંગો વર્ણવતા સાંભળ્યા હશે તેમને ખબર હશે કે તે કહેતાં કહેતાં વૃદ્ધોનો આનંદ કેટલી હદે પહોંચે છે. જ્યારે વૃદ્ધોને પણ આટલો આનંદ થાય ત્યારે હું કે જે હજી કાલ સવારે જ બાળપણ મૂકી કૌમારને આંગણે આવી ઉભો છું, તે કેટલો આનંદિત થતો હોઇશ ? આવું સુમધુર બાળપણ લખવાનું મળતાં હું તો ગાંડો થઇ ગયો છું. જો બાળપણના બધા પ્રસંગો વર્ણવવા બેસું તો આખું પુસ્તક ભરાય. પણ મારે તો શાસ્ત્રીય દૃષ્ટિએ ટૂંકમાં લખવાનું છે એટલે બહું નહિ લખાય.

હું મોટા શેઠીઆનો કે રાજાનો કુંવર નહોતો એટલે નોકરોની પરતંત્રતામાંથી હું બચ્યો છું. શેરીમાં ગારો ચૂંથવાની, ઘરમાં ઢોળીફોડી નાખવાની પણ મને તે જ કારણે છૂટ હતી. ખરે ઉનાળે ચોરને કાંધ મારે એવે વખતે ઓળકોળામણી રમવાની પણ મને તેથી જ છૂટ હતી.

છતાંયે હું મારી બાનો અને મારી મોટી બેનનો ગુલામ હતો. તેમના વિનાં હું લૂગડાં ન પહેરી શકતો (લગભગ સાતં વર્ષ સુધી !). એવી અનેક બાબતો તેમના વિના હું ન કરી શકતો. મારાં લૂગડાં તો મારા મોટા ભાઇઓએ જ ધોયાં છે. ઘણી વાર મને ધોવાની ઇચ્છા થઈ હશે; પણ મારું માને કોણ?

મારે ઘરમાં એક મોટો વાંધો હતો. મારા બાપા માસ્તર સાહેબ. એ કારણે તો હું સાત વરસ સુધી નિશાળે નથી ગયો. મારે ઘેર જ નિશાળ હતી. મારે રમવા જવું હોય તો પણ ભણવું પડે ! મારે ન ભણવું હોય તો પણ ભણવું પડે, નહિતર માર પડે. છતાં હું રમવાનો વખત બચાવતો. સાત વરસનો થયો ત્યાં સુધી નિશાળે નહોતો જતો. એટલે કે મારા પિતાશ્રી અને મોટાભાઇઓ નિશાળે જાય એટલે બંદા પોબાર ગણી જાય ! કેટલીક વાર ઘેર નિશાળીઓ ભણવવા આવે તેને એવો દમ મારું કે " મારી સાથે રમ, નહિતર મારા બાપાને કહી દઇશ કે મને નહોતો ભણાવતો. " બિચારો નિશાળીઓ મારની બીકે મને રમાડે અને મારા બાપાને હું બહુ ભણ્યો છું એમ કહે. આમ મારે તો ઘેર પણ નિશાળ હતી.

નિશાળમાં મારે ઘર હતું બાપુકી નિશાળ

એટલે આસિસ્ટંટ કાંઈ કહી ન શકે. મારે ગણિત ન કરવું હોય તો ન કરું. મને આંક લખવાની ઇચ્છા ન હોય તો મારા આંક બીજો છોકરો લખી દે. મેં દસ વરસ સુધી તો નિશાળમાં માર બાધો જ નથી. માસ્તર સાહેબનો દીકરો તો પહેલો નંબર જ હોય. હું તો જો કે હોશિયારીથી રાખતો પણ કોઈ વાર બીજો હોઉં તો આસિસ્ટંટ મને ખુશ કરવા પહેલો કરી દે. નિશાળમાં મને મારી સ્વયંસ્ફૂર્તિ પ્રમાણે કામ કરવાની સંપૂર્ણ છૂટ હતી. મને ગણિત, ભૂમિતિ, આંક એ ન ગમે; વાંચવાનું હોય તો બહુ ગમે. ગુજરાતી, ઇતિહાસ અને ભૂગોળ ત્રણ મારા ખાસ વિષયો. ભૂગોળમાં તો આંખો મીંચીને નકશો બતાવું. ઇતિહાસમાં મેં કોઇ વખત એંશીથી ઓછા ટકા મેળવ્યા જ નથી. નિબંધ સૌથી સરસ મારો જ હોય. આમ મને મનગમતા વિષયો ભણવાનું સ્વાતંત્ર્ય ત્યાં હતું. પરીક્ષા વખતે ગણિતમાં ચોરી કરીને પાસ થઇ જાઉં. સ્લેટ જ બદલાવી લઉં! ભૂમિતિના સમયમાં તો હું પુસ્તકો જ વાંચતો. ચોથી ગુજરાતી ભણતો ત્યારે મેં 'દલપત કાવ્ય' 'વનરાજ ચાવડો' 'ચાવડા ચૂડાભણિ' વગેરે પુસ્તકો વાંચ્યાં હતાં. જેની યાદ આજે તાજી જ છે. ત્યારે હું જરા મોટો થયો–મોટો થયો એટલે છઠ્ઠી ગુજરાતી ભણવા માંડ્યો, ત્યારે મને બીજો શોખ લાગ્યો. તે સંસ્કૃતનો. મારા પિતાશ્રી સંસ્કૃતના રસિયા છે. એકેય સારું પુસ્તક એવું નહિ હોય જે અમારા ઘરમાં ન હોય. કાવ્યો, નાટકો, ચંપુઓ કેટલુંયે બધું મને વાંચવાનો શોખ થયો. પણ વાંચવું કેમ? તે પણ મને મળી ગયું. મને નાનપણથી જ અંગ્રેજી ભણવું નહોતું ગમતું એટલે મારા બાપાએ મને સાત ગુજરાતી પૂરી કરાવી લાઠીની પાઠશાળામાં મોકલ્યો. ત્યાં તે શોખ પૂરો કર્યો. લગભગ બે વર્ષમાં ત્રણ હજાર શ્લોકો અમરકોષના, આખી લઘુ કૌમુદી, ચંડી, મહિમ્ન વગેરે કંઠસ્થ કરી લીધું. કાશી તરફ રવાના થવાનો વિચાર હતો ત્યાં એક વિઘ્ન આવ્યું. જો એ વિઘ્ન ન આવ્યું હોત તો અત્યારે માથે પાઘડી મૂકી ગાંધીને ગાળો દેતો કોઈ ચુસ્ત સનાતની હોત!

એ વિઘ્ન તે પાઠશાળાના વિદ્યાર્થીઓ

બાળગોપાળ

અમરેલી બાલપુસ્તકાલય ઉદ્‌ઘાટન પ્રસંગની સુંદર સ્મરણાંજલિ

બાળકોને પ્રિય	લખનારાઓ
કવિતાઓ	કાકાસાહેબ
વાર્તાઓ	ગિજુભાઈ
પાઠો	જુગતરામ
નાટકો	નાનાભાઈ
લેખો	મોંઘીબેન
બાલલખાણો	કમળાબેન

રોયલ સાઇઝનાં ૧૩૭ પાનાંની, અનેક બાલસાહિત્યપ્રેમીઓનાં લખાણોથી ભરચક ભરેલી આ ચોપડી

કિંમત માત્ર એક રૂપિયો

લખો : **ધનજી કાનજી ગાંધી**
જાગૃતિ ગ્રંથમાળા
અમરેલી–(કાઠિયાવાડ)

સાથે અણબનાવ. ત્યાંથી લીંબડી મારા મોટાભાઇ પાસે ચાલ્યો ગયો. ત્યાં થોડો વખત ભાગવત ભણ્યો એટલામાં વઢવાણની રાષ્ટ્રીય શાળા ગાજી. તેમાં બે અઢી વરસ ભણીને વિનીત થયો. હજી મારો સંસ્કૃતનો શોખ એવો જ છે. મને 'માઘ' કે 'નૈષધ' જોતાં અપૂર્વ આનંદ થાય છે. એ સંસ્કૃતને પ્રતાપે જ હિંદી, ગુજરાતી, વગેરે વિષયોમાં પાસ થયો છું. અંગ્રેજી પણ થોડું ઘણું પાછળથી કરી લીધું.

નિશાળમાં રોંઢાની રજા પડે ત્યારે અમે નદીમાં રમવા જતા. ખૂબ રમતા; કારણ કે ઘેરથી તો બહાર નીકળવાની મનાઈ. એટલે આમ નિશાળેથી પરબારા રમી લેવાનું મળી જતું તે ન ભૂલતા.

ઘર અને નિશાળ બહારનું મારું તોફાન ઓર હતું. બીજા છોકરાઓ 'માસ્તર મારશે' એવી બીકે મને મારે કે દૂભવે નહિ. મારે માથે દાવ પણ ન આવવા દે. મને દાવ આપવાનું, દોડવાનું ઘણુંયે મન થાય પણ શું કરું? મારે માથે દાવ આવે તો પણ બીજા દે, અથવા ઘડીકમાં ઉતારી નાખે. છતાંય રમવાની મોજ લઇ લીધી છે. રાત્રે ગેડીદડે રમવામાં તો ખૂબ મજા કરી છે. લગભગ આખી રાત રમતા.

કોડીએ રમવામાં તો મારી જેવો કોઇ નહિ. પૈસે પણ રમતો. ગંજીપાથી જુગાર રમવામાં મેં ખૂબ હોશિયારી કેળવી છે. અલબત્ત, પૈસા ઘરમાંથી જ ચોરતો. જ્યારે મારા બાપાને ખબર પડી કે હું જુગાર રમું છું ત્યારે મને ખરે ઉનાળે મેથીપાક, બદામપાક વગેરે ખવરાવ્યો. પણ તેથી કાંઇ હું સુધરું એવો નહોતો. જ્યારે મારા પિતાશ્રીની બીજે ગામ બદલી થઇ ત્યારે એ વૃત્તિ આપોઆપ શમી ગઈ. જતે દહાડે નિર્મૂળ થઇ ગઇ.

આમ ઘરમાં, નિશાળમાં અને બહાર મેં મારો વિકાસ થોડેઘણે અંશે સાધ્યો છે. કેટલોય વિકાસ અટક્યો પણ હોવો જોઇએ. પણ તેનો હિસાબ નથી.

એ બાળપણની યાદ પરમાત્મા અખંડ રાખો.

રામભાઇ પાઠક

બિરબલની રસિકતા

મારા એક મિત્ર વકીલ છે. એમણે પોતાના ઘણા સિદ્ધાંતો ઘડી રાખ્યા છે.

તેમના સિદ્ધાંતોમાંનો એક સિદ્ધાંત તે એ હતો કે 'બાળકોને બરાબર કાબુમાં રાખીએ તો જ સુધરે. બાળકો ઘણાં લુચ્ચાં હોય છે.'

અને ખાસ કરીને તેમનો 'રસિક તો તેજ બુદ્ધિનો છે, તેથી બડો બેપાની છે.' એમ તેઓ માનતા.

હું કેટલીક વાર તો તેમને કહેતોઃ "બાળક નિર્જીવ માટીનો પીંડો નથી કે તમારી મરજીમાં આવે તેમ ટીપો."

"હા, એ તો કુમળો છોડ; અત્યારે વાળીએ તેમ જ વળે." એ તેમનો હમેશનો જવાબ હતો.

એક દિવસ હું તેમની પાસે બેઠો બેઠો હતો ત્યાં નીચે રસોડામાંથી ધૂમ આવીઃ "એ આ રસિકને ઉપર બોલાવજો ને? અહીં બહુ તોફાન કરે છે."

બસ એટલી જ વાર હતી.

"એલા, ઉપર આવ."

ખૂબ એવી જબરી હતી કે મારી પણ છાતી ધડકી ઉઠી. હું ધારૂં છું કે વકીલની આ ત્રાડ જ એમને કોર્ટમાં જીતાવી દેતી હશે!

પણ હું ધ્રૂજ્યો તેટલો રસિક નહોતો ધ્રૂજ્યો! તો પણ તે ડરતો ડરતો ઉપર આવ્યો.

"અહીં બેસ."

રસિક બેઠો. થોડી વાર ચૂપકી રહી.

"મારે પેશાબ કરવા જવું છે."

"નથી જવું. હું જાણું છું, તારે પાછું નીચે રસોડામાં જવું છે."

પાછી ચૂપકી.

"મારે પેશાબ કરવા....."

"શું છે? પેશાબ કરવા જવું છે? બોટું બોલ છ?"

"ના."

"એમ? ઠીક ત્યારે ચાલ, ઉપર બાળે જ પેશાબ કર જોઉં?"

રસિક ઉપર પેશાબ કરવા તૈયાર ન હતો.

વકીલે બાવડું પકડી બાળે મૂક્યો. આંખો કાઢીને બૂમ મારીઃ "ચાલ, પેશાબ કર!"

રસિકને પેશાબ નહોતો જ કરવો.

વકીલ મારા તરફ ફર્યા. "જુઓ, કેવો લુચ્ચો છે?"

હું તો મૂંગો જ રહ્યો.

રસિકને પાછો બેસાડ્યો.

થોડીક વારે વળી અવાજ આવ્યોઃ "મારે બરફ જાવું છે."

મને હસવું આવ્યું, પણ બાળ્યું.

"બોટું બોલે છે."

"ના..." રસિક હવે રોઈ પડ્યો.

વકીલને હવે સાચું લાગ્યું.

"જા, નીચે."

રસિક ગયો.

થોડી વારે નીચેથી બૂમ આવીઃ "આ રસિકને બોલાવો ને?"

વકીલે પૂછીને જાણી લીધું કે રસિક બરફ ગયો જ ન હતો.

તેને તો રસોડામાં સમારાતો પોપૈયો બાવો હતો.

"થોડો પોપૈયો ઉપર મોકલાવો."

રસિક એક રકાબીમાં પોપૈયાની ચીરો ઉપર લાવ્યો અને વકીલના ટેબલ ઉપર મૂકી.

વકીલ ચોરી પકડવામાં હુશિયાર છે એમ તેમના ઘણા અસીલોએ તેમના મગજમાં ઠસાવ્યું હતું.

"કેટલી ચીરો મોકલી છે?"

"પાંચ; બબ્બે તમારી ને એક રસિકની."

ચીરો પાંચ હતી. મને શાંતિ વળી કે બામાં તો રસિકને માર બાવાનું નહિ હોય.

પણ ત્યાં વકીલે રસિકની બૂટ પકડીઃ "એલા બોલ, બામાંથી તેં બાધું છે કે નહિ?"

રસિકે ડચકારાથી ના ભણી.

"સાચું બોલ." ઘોલ પડી.

રડતા રસિકે ના પાડી.

"લુચ્ચા! તું શું એમ જાણે છે કે મને બબર નથી પડતી? જો. આ બધી ચીરનાં છેડેથી તેં બટકાં ભર્યાં છે. કેમ સાચું ને?"

કાને વધારે ચાવી ચડી ને રસિકનું ડોકું હકારમાં ધૂણ્યું.

"જુઓ, કેવો બેપાની છે? હું નહોતો કહેતો કે છોકરાં છોકરાં થઈ છૂટી જાય છે? બાકી

આમ તો બહુ જ લુચ્ચાં હોય છે. એની પાસે ભાઈ બાપુ ન ચાલે."

મારી પાસે તો મૌન જ હતું.

તે જ સાંજે તેમને ત્યાં મહેમાન આવવાના હતા. તેથી વકીલે રસિકને પાઠ ભણાવવા માંડ્યા: "જો, આજે સાંજે મહેમાન આવે ત્યારે ડાહ્યો થઈને બેસજે. નહિ તો ધ્યાન રાખજે કે પછી હાડકું સાજું નહિ રહે."

સાંજે મહેમાન આવ્યા. રસિક નીચે હતો. વકીલે 'રસિકલાઈ' કહી મીઠી ઘૂમ મારી.

રસિક પણ 'ડાહ્યો' થઈને આવ્યો, અને એક સાદડી ઉપર 'અદબ પલાંઠી' વાળી બેસી ગયો.

મહેમાને તેનાં વખાણ કર્યાં ને વકીલ ખુશ થયા.

ને હું યે ખુશ થયો—પણ બીજી રીતે.

* * *

આ પ્રસંગને બે વરસ વીતી ગયાં.

એક દિવસ અચાનક મને વકીલનો પત્ર મળ્યો. તેમાં રસિકના મરણના સમાચાર હતા.

મને પહેલાં આશ્ચર્ય અને દુઃખ થયું. પણ વાત વાંચી ત્યારે બધું સ્વાભાવિક લાગ્યું.

રસિકને પાંચમે વર્ષે ધૂળી નિશાળે બેસાર્યો. પહેલે જ દિવસે વકીલે માસ્તરને તેની લુચ્ચા અને તોફાની છોકરા તરીકે ઓળખાણ આપી હતી, અને સખત જાપ્તો રાખવાની ભલામણ કરી હતી. મારવાની પૂરી પરવાનગી આપી હતી.

એક વખત તેણે બાજુના છોકરાની પેન ચોરેલી.

માસ્તરને ખબર પડી. માસ્તર પાસે તેની આબરૂ ન હતી તેથી, અને વકીલ સાહેબની ભલામણથી તેમણે તેને સારી રીતે શિક્ષા કરી. અને સાંજે ઘરે વકીલને પણ ખબર આપી.

વકીલે એ પેનચોરને ભવિષ્યનો મોટો ઉઠાવગીર થઈ જતો કલ્પ્યો હશે; અને તેથી એ અટકાવવા તેમણે એ કુમળા ફૂલને નેતરથી સોંડ્યું.

બન્ને મારના પ્રતાપે શરીર સૂઝી આવ્યું.

બીજે દિવસે એ વધારે સૂઝ્યું.

ડાકટરની પછી દવા કરી; બધું કર્યું પણ એ ન મટ્યું. અને એ બિચારો રસિક આ જીંદગીની જેલ છોડી પ્રભુના પ્રેમમય દરબારમાં પહોંચી ગયો.

મારા ઉપરનો વકીલનો પત્ર પશ્ચાત્તાપપૂર્ણ હતો. પણ એ તો 'મૂઈ ભેંશના મોટા ડોળા.'*

જયંતિલાલ

* સત્ય ઘટના ઉપરથી.

: અક્ષરજ્ઞાન

આપની સામે અનેક કામો દેશના ભલા અર્થે પડેલાં છે. બીજું કોઇ કામ આપ હાથ ધરી શકતા ન હો તો આપણા અભણ ભાઇઓને અક્ષરજ્ઞાન આપવાનું કામ તો હાથ ધરો જ. જનતાની અને દેશબાંધવોની એટલી સેવા આપ જરૂર કરશો. અક્ષરજ્ઞાન માટેનું સાહિત્ય આપ અવશ્ય મંગાવો, બીજાને મંગાવવા પ્રેરો.

—: લખો :—

અક્ષરજ્ઞાન કાર્યાલય, બાલમંદિર, ભાવનગર.

એક પિતા હતો

એક પિતા હતો. તેને પોતાનો દીકરો અત્યંત વહાલો હતો. તેને મન એમ હતું: "હું મારા દીકરા માટે ખૂબ પૈસો ભેગો કરું. દીકરો, તેનાં દીકરા ને તેના દીકરા, સુખેથી રહે એવી મેડી બાંધું; ચાર પેઢી સુધી રોટલાની પંચાત ન પડે એવું ધન ભેગું કરું; જમીન લઉં; ખેતી-વાડી કરું; ગાયો ભેંશો લઉં. મારો છોકરો ને છોકરાનાં છોકરાં સુખેથી બાય પીએ ને લહેર કરે."

પિતા વિચાર કરે છે. દીકરાની ભવિષ્યની સધન સ્થિતિ કલ્પે છે. તેને સુખી કલ્પીને જીવને શાંતિ અનુભવે છે. સામેથી દીકરો દોડતો દોડતો આવે છે: "બાપુજી, બાપુજી! મારે બૅટ બૉલ રમવું છે. મંગાવી આપોને?" પિતા વિચાર કરે છે: "આવા નકામા ખરચા કરીએ તો પૈસો કેવી રીતે ભેગો થાય? એવા લાડ કામના નહિ." લાડકા દીકરાને કહે છે: "દીકરા! બીજું કાંઇ રમો. સાતટાપલી દા' બહુ મજાનો. જાઓ બૅટ બૉલ આપણને ન પાલવે. એ તો શેઠિયા લોકોનું કામ."

દીકરો મોટો થાય છે. પિતાની પાસે પૈસાનો ઢગલો પણ વધતો જાય છે. દીકરાને કયાં રમવું ને શું રમવું તે કાંઈ સૂઝતું નથી. પિતાને ચોપડા જોવામાંથી નવરાશ મળતી નથી. દીકરો શેરીમાં ભાઈબંધો ગોતે છે. પાઈ પૈસો ચોરીને લઈ જાય છે. પાનવાળાનો છોકરો તેનો ભાઇબંધ છે. ખૂબ સારી સારી વાતો કરે છે. કોઇ કોઇ વાર દુકાનમાં બાપ ન હોય ત્યારે પાન પણ ખાવા આપે છે. બીજી શેરીમાંથી ભજીયાવાળાનો છોકરો પણ રમવા આવે છે. કોઈ કોઇ વાર બીસામાં ભજીયાં લેતો આવે છે. બધા ભેગા મળી જાતજાતની રમતો શોધે છે. ગધેડાની પાછળ દોડે છે, કૂતરાંની પૂંછડી બાંધે છે, વગર પૈસાની રમતો રમે છે. શેરીમાં ખૂબ ગંદકી છે. ગંદી ધૂળ છે, એંઠવાડ છે, વિષ્ટા છે, બીડીનાં બોચાં છે, ગંદી વાતો છે, ગંદી રમતો છે, ગંદી ટેવો છે. દીકરો શેરીમાં આનંદ કરે છે. તેને પૈસા વગર રમતાં આવડી ગયું એટલે તે મજા કરે છે. પિતા ઘરમાં હિસાબ તપાસીને આનંદિત થાય છે: "ઓહો! પચાસ હજાર તો થયા. હવે ઓણું નહિ ને પોર તો મેડી ચણાવશું જ. મારો દીકરો ને દીકરાના દીકરા મને કેવો ધન્યવાદ આપશે? કેવા સુખમાં રહેશે?"

પિતા ચોપડા જુએ છે. બાકી જોઇ ખુશ થાય છે.

લાડકો દીકરો આવે છે: "બાપુજી, બાપુજી! અમારી નિશાળના છોકરા મુસાફરીએ જાય છે. અજંટાની ગુફાઓ જોવા જવાના છે. વીશ વીશ રૂપિયા ખર્ચ આવવાનો છે. અમારા ગુરુજી સાથે આવવાના છે. બાપુજી! મને જવા દેશો?" પિતાની આંખો ફાટે છે. વિચારે છે: "વીશ રૂપિયા? કારણ વગર ચાર દિવસ માટે નાખી દેવા? પથરા જોવા તેમાં શું?" દીકરાને કહે છે: "દીકરા, આવી મુસાફરી બુસાફરી એ આપણું કામ નહિ. નકામા શું પૈસા બગાડવા? એ તારા નિશાળિયા ભલે જતા. આપણે તો ભણવા સાથે કામ રાખવું."

દીકરાએ ઘણી આજીજી કરી પણ પિતા

એકના બે થયા નહિ. તેનો વિચાર ફરે તેમ ન હતો. દીકરાનું મોઢું પડી ગયું. આંખમાં આંસુ આવ્યાં. નિરાશ થઈને બેસી રહ્યો.

પિતા દીકરાનાં ભાવિ સુખસ્વપ્નાં સેવતો પ્રસન્ન હતો. દીકરાને માટે ઘણાં સારાં માગાં આવ્યાં હતાં, તેમાંથી કઈ કન્યા લેવી તે વિચારતો હતો. સૌથી વધારે પૈસા લાવે તે કન્યા લેવી એવા નિર્ણય પર તે આવ્યો હતો.

પિતા દીકરાના સુખી જીવનના કલ્પનાતરંગોમાં રાચતો હતો. દીકરો પોતાને અભાગીમાં અભાગી અને દુઃખીમાં દુઃખી ગણી વિષાદ પામતો હતો.

તા.

બીજો પિતા હતો

બીજો એક પિતા હતો. તેને દીકરો બહુ વહાલો હતો. દીકરો કેમ સુખી થાય એ એક જ વિચાર તેના મગજમાં વ્યાપી રહ્યો હતો: "દીકરાનું જીવન કેમ સુખી થાય? તેને માટે પૈસો ભેગો કેમ કરું! મેડીઓ ચણાવું? જમીન જુમલો લઉં? શ્રીમંતની કન્યા આણું? તેને માટે શું કરું?"

પિતાએ નિર્ણય કર્યો: "દીકરાને સુખી બાળપણ આપું, તંદુરસ્ત શરીર આપું, રમત ગમત આપું, આનંદ આપું. તેના જીવનમાં આનંદ આનંદ ભરી દઉં. હમેશ પ્રસન્નતા રાખું."

આમ પિતા વિચાર કરે છે, ત્યાં દીકરો દોડતો આવે છે: "બાપુજી, બાપુજી! મને દડો લઈ દો; મારે રમવું છે."

"હા ભાઈ, ચાલ. તારે શું શું જોઈએ તે કહે. મારી સાથે બજારમાં ચાલ. તને લઈ દઉં."

બાપ દીકરો બજારમાં જાય છે. પિતા ભાઈ માટે દડો ખરીદે છે. નાની ઝારી અને પાવડો ખરીદે છે. ફેરવવા માટે લોઢાનું પૈડું લઈ દે છે. ચિત્રોની ચોપડી લે છે. કેટલુંયે લે છે. દીકરો પ્રસન્ન પ્રસન્ન થાય છે. આખો દિવસ કૂદે છે, દોડે છે, બગીચો બનાવે છે. ફૂલઝાંડ વાવે છે, પાણી પાય છે. વારે વારે બાને બતાવે છે, બાપને બતાવે છે. દીકરાની પ્રસન્નતા આખા ઘરમાં પથરાઈ ગઈ છે. ઘર આખું પ્રસન્ન પ્રસન્ન છે. દીકરાનો આનંદ સૂર્યપ્રકાશની જેમ ઘર આખામાં પથરાયો. ચારે બાજુ અજવાળું અજવાળું. દીકરાનું હાસ્ય મધુર સંગીતની જેમ ઘરમાં ફેલાયું. માબાપના હૃદયના તાર પણ તે સંગીતથી ઝણઝણી ઉઠ્યા. દીકરાનું જીવન આનંદમય કરવું એ પિતાના જીવનનું એક જ ધ્યેય નક્કી થયું.

દીકરો મોટો થાય છે. પિતાનું જીવન પણ કુટુંબસૌખ્યથી સમૃદ્ધ થાય છે.

પિતા વિચારે છે: "હવે દીકરો મોટો થયો. તેને માટે હવે એકલું ઘર ટૂંકું પડવા લાગ્યું. તેને હવે વધારે વિશાળ જગ્યા જોઈએ. તેને હવે ભાઈબંધો જોઈએ. તેને હવે જાતજાતની પ્રવૃત્તિ જોઈએ. હવે શું કરવું જોઈએ?"

પિતા ગામમાં તપાસ કરવા નીકળે છે. નિશાળો તપાસે છે. અખાડાઓ તપાસે છે.

ગામમાં નવી નિશાળ નીકળી છે. ગામમાં નવો અખાડો નીકળ્યો છે. નાનાં બાળકો માટે જ નિશાળ છે. નાનાં બાળકો માટે અખાડો છે. સારા ઘરનાં બાળકો ત્યાં જાય છે. નિશાળ બહુ સારી છે, પણ પણ ફી બહુ ભારે છે. પિતા

વિચાર કરી લે છે: "કાંઈ વાંધો નહિ. ભલે ફ્રી આકરી હોય. દીકરાને સારું વાતાવરણ મળે; સારા ભાઇબંધો મળે; સારી પ્રવૃત્તિ મળે, તેનું મન વિકસે, શરીર વિકસે, તેની આગળ પૈસા શા હિસાબમાં? બીજે નકામો ખર્ચ ઘટાડશું. ભાઇને સારી નિશાળમાં જ મોકલશું." બાપ દીકરાને લઇ નિશાળમાં બેસાડવા જાય છે. ત્યાં જાતજાતની રમતો છે; જાતજાતનાં કામો છે. દીકરો કામે લાગી જાય છે. ધન લઇને રમે છે, મિકેનો લઇને રમે છે, બહાર જઇ લપસે છે, અંદર આવી રંગની તખ્તીઓ ગોઠવે છે, ભાઇબંધો બાંધે છે, ભાઇબંધો સાથે વાતો કરે છે, સસલાં જુએ છે, બગીચો જુએ છે; રોજ આનંદ કરી ઘેર આવે છે.

બા કહે છે: "આ સાડલા કાપડાં નહિ કરું તો ચાલશે."

બાપ કહે છે: "હું સાંજે ચાલીને ઘેર આવીશ; ગાડી નહિ લઉં; ઠીક કસરત થશે."

દીકરાનું મ્હોં આનંદથી મલકાય છે. નિશાળની વાતો ખૂટતી નથી. નિશાળનાં ગાયનોથી ઘર ગજવી મૂકાય છે.

દીકરાનું જીવન આનંદથી ભરપૂર છે. માબાપનું જીવન પણ આનંદથી ભરપૂર છે.

પિતા માતા બેઠાં છે. દીકરાના ભાવિનો વિચાર કરે છે. "આજકાલ સારું શિક્ષણ બહુ પૈસા માગે છે." મા કહે છે: "વાંધો નહિ. બીજા પરણાવવામાં ને અધરણીમાં ખરચે છે તે આપણે શિક્ષણમાં ખરચીશું. ભણેલો ગણેલો હશે તો બધું એની મેળે મળશે."

દીકરો આવે છે: "બાપુજી, બાપુજી! મારા ભાઇબંધો મુસાફરી કરવા જવાના. અમારા ગુરુજી પણ સાથે આવવાના. મને રજા આપશો?"

"હા ભાઇ, મુસાફરીની રજા શું કામ નહિ? દેશાટન કરવાથી તો અક્કલ વધે છે. ક્યાં જવાના છો આ વખતે?"

"અજંટાની ગુફાઓ જોવા."

"એમ? ત્યારે તો બહુ જ સારું. બહુ જ જોવા જેવી છે. તું જરૂર જજે. તમારા ચિત્રશિક્ષક સાથે આવવાના છે કે? તે આવે તો વધારે સારું."

"હા, તે તો આવવાના જ. અને તેઓ ત્યાં સ્કેચીઝ કરવાના છે, અને અમે ફોટા પણ પાડી લેવાના છીએ. તમારી રજા હોય તો હું એક સ્પૂલ મોરે માટે લઈ જાઉં."

પિતા જરા વિચાર કરે છે; તરત જ કહે છે: "હા. જા, એક લઇ લેજે. મુસાફરીનો ખર્ચ શું આવશે એમ લાગે છે?"

"લગભગ વીશથી પચીશ રૂપિયા."

"ઠીક જા. તારી બાને કહેજે કે ભાતું કરી આપે. કપડાં તો છે ને પૂરતાં?"

"હા બધું છે."

સાંજે બા ને બાપા વાતો કરે છે. બાપા પૂછે છે: "ભાઇને વીશ રૂપિયા ક્યાંથી આપ્યા? મેં ધાર્યું કે તું મારી પાસે મોકલીશ."

બા કહે છે: "ના મારી પાસે હતા. પેલા બંગડીઓ ઘડાવવા માટે ભેગા કરેલા ચાળીશ. તેમાંથી મેં આપી દીધા."

"ત્યારે તારી બંગડીઓ?"

"બંગડીઓનું કાંઈ નહિ. આવતે વર્ષે જોશું."

"ના. આ વખતે હું ગરમ સૂટ નહિ

કરાવું; શિયાળો ઉકલી ગયો છે. તે રૂપિયા તું બંગડીમાં વાપરજે."

"એ તો જોશું. પણ ભાઇને કાંઇ આનંદ થયો હતો મુસાફરીએ જવાનો!"

"અરે એ આવશે ત્યારે તો તેથીયે વધારે ખુશ થઇને આવશે. આઠ દિવસ એ એની જ વાતો કર્યા કરશે."

દીકરો વિકાસક જીવન મળવાથી સુખી હતો. માબાપ દીકરાના શુદ્ધ આનંદથી આનંદિત હતાં. તા.

આપણને પણ અવલોકે છે.

બાળકોના માનસનું અવલોકન હું કરું છું કે તેઓ મારા માનસનું અવલોકન કરે છે?

આ પ્રશ્નથી કોઇને ઉપલક દૃષ્ટિએ લાગે કે બાળકોમાં વળી માનસ અવલોકવાની દૃષ્ટિ આપણી માફક કયાંથી હોય? એટલે આવા વિચારો મગજમાં આવે ને કદાચ કોઇને ટાયલા જેવું લાગે. પરંતુ આજે તો મારી ખાત્રી થઇ કે જે પ્રશ્નો મારું મન રોકી રહ્યા છે તે અસ્થાને નથી.

આજે રાત્રે હું મારા એક મિત્રને ઘેર તેમનાં બાળકોના નાટ્યપ્રયોગો જોવા જઇ ચઢ્યો હતો. તેમનાં ઘરનાં બાળકોની સંખ્યા ડઝનેકની છે, અને તેમાંનાં ઘણાં ખરાં પ્રાથમિક શાળામાં જાય છે. બાળકોએ જે કાંઇ ભજવ્યું તેમાં બે છોકરાઓએ તેમના શિક્ષકનું જે અનુકરણ કર્યું તે આબાદ હતું. દસ વરસના છોકરાની કક્ષા જોઇ અભિપ્રાય આપીએ તો કહી શકીએ કે તેમાં કયાંયે અભિનયની ખામી કે કચાશ ન હતી. શિક્ષકની ચાલવાની છટા, વાતના લહેકા, ચીડાતી વખતના મુખના આવિર્ભાવ, હુકમ કરતી વખતે ચઢી જતાં ભવાં, વિદ્યાર્થીને રાડ પડાવનાર એજ શિક્ષક હેડમાસ્તરથી ડરીને કેવો ગરીબ ગાય જેવો થઇ જાય છે, તે બધું દર્શાવવાની આબાદ કલા એમણે હાથ ધરી હતી. કોઇ પણ પ્રેક્ષક સહેજે બોલી ઉઠે કે આ છોકરાંઓએ અભિનયકળા સારી ખીલવી છે. છોકરાંઓ તેમના શિક્ષકનું અનુકરણ કરવામાં જેમ જેમ ખીલ્યાં તેમ તેમ તેમનાં માબાપ પણ તેમનો આ નવો આવિર્ભાવ જોઇ ખૂબ આનંદ પામ્યાં. નાનાશા પ્રેક્ષકવર્ગે આ બાળકોની અભિનયકળાને અભિનંદન આપ્યાં. મેં પણ તેમની આવી તીવ્ર અને સચોટ નિરીક્ષણશકિત માટે તેમને અંતરથી અભિનંદ્યાં. આ વખતે એક બીજો વિચાર મારા મગજમાં પસાર થયે જતો હતોઃ "આ બાળકો ખરેખર અત્યારે આવા પ્રયોગો ભજવી તેમના વાલીઓને પણ લાલબત્તી બતાવી રહ્યાં છે કે 'જુઓ બા અને બાપા, ભાઇ અને ભાભી! અમે જેમ અમારા માસ્તરને સમજી, ઓળખી, તેમનાં નાટકો કરી શકીએ છીએ તેમ તમને પણ બરાબર પામી જઇએ છીએ. આટલા ઉપરથી સીધી રીતે સમજી જજો અને અમારી તરફ સારી રીતે વરતજો. નહિતર તમારાં નાટક પણ ભજવવા દેશો તો ભજવીશું. એમ ન માનશો કે અમે તમને નથી ઓળખતાં!"

બાળકો આપણને એટલા ઉંડાણથી સમજે છે એ તો જ્યારે આપણે તેમની સાથે નિખાલસ

વાતો કરીએ છીએ ત્યારે, અગર તો તેમની અંદર અંદરની વાતો સાંભળવાના પ્રસંગ પડે છે ત્યારે ખબર પડે છે. બાલમંદિરમાં આવી અનેક તકો મળે છે ત્યારે ખાત્રી થાય છે કે વાલીઓ અને શિક્ષકોનાં ખરાં નિરીક્ષકો તેમનાં બાળકો જ છે.

આપણે શિક્ષકો અને વાલીઓ, છીએ તેવા ચોખ્ખા સ્વરૂપમાં તેમની સમક્ષ ઉભા રહીશું તો તેઓ ઓછાં દંભી થશે; આપણી ત્રૂટીઓને સંતાડતા ફરી ઉપરથી રૂડા રૂપાળા દેખાવા મથીશું તો બાળકો તેનું ફોગટપણું સારી રીતે દેખાડી શકશે.

જે વાલી કે શિક્ષકને આંખ હશે તે જાગ્રત રહી પોતાની જાતને સંભાળી શકશે અને બાળકો સમક્ષ સાચા સ્વરૂપમાં ઉભા રહેશે. એવી વ્યક્તિઓ માટે બાળકો સમક્ષ જુદા સ્વાંગ (પહેરવેશ—ડૉળ) ની જરૂર રહેતી નથી.

તા. ૧૨—૨—૩૩ **ભોગીલાલ ઠાકર**

રંગમતીને કાંઠે

[એક ચાલુ વાર્તા]

એક વાર ચંપકે તેના બાપાને કહ્યું: "બાપા, આવતી કાલે રવિવાર છે હોં; સાંજના ફરવા લઈ જશો ને ?"

ચંપકના બાપાએ કહ્યું: "ચોક્કસ. કાલે આપણે રંગમતી નદીને કાંઠે જશું. કેમ, ત્યાં મજા પડશે ને ?"

ચંપાએ કહ્યું: "બાપા ! મારે ત્યાં જ જવું હતું. મેં તો રંગમતી કેટલાય વખતથી જોઇ નથી."

ચંપક કહે: "આપણને તો રોજ નદીએ ફરવા લઈ જાય તોય આપણે થાકીએ નહિ."

ચંપા, ચંપક, નંદુ ને નટુ દોડતાં દોડતાં બા પાસે ગયાં અને કહ્યું: "કાલે અમારે રંગમતી જવાનું છે. બાપુ અમને લઈ જવાના છે. કંઈક સરસ ભાતું કરી આપજો, હોં."

બાએ કહ્યું: "પણ મને મૂકીને જશો ?"

ચંપાએ કહ્યું: "તારે તો આવવાનું જ. તારા વિના કાંઈ ગમે ?"

નટુએ કહ્યું: "બા, તારે તો આવવાનું હોય જ ને ! તું નહિ આવે તો પણ અમે તને લઈ જવાના. તને જરા થાક લાગે છે, પણ અમે બાપુને કહીશું કે જતી વખતે ગાડી કરે."

રવિવારની સાંજ આવી. બા, બાપા ને છોકરાં હરખાતાં હરખાતાં ગાડીમાં બેસી નદીએ જઈ પહોંચ્યાં.

નદી કિનારે ઉતરી બાપુએ એક સરસ મજાની જગ્યા શોધી કાઢી ને ત્યાં ભાતું ને બીજો સામાન મૂક્યો. પછી બાપુએ કહ્યું: "આલો છોકરાંઓ, આપણે શંખલાં છીપલાં વીણવા જઇએ."

થોડે દૂર રેતીમાં કેટલાંય શંખલાં ને છીપલાં પડ્યાં હતાં. છોકરાંઓ શંખલાં, છીપલાં ને બધોલાં શોધવા માંડ્યાં. બાપા પણ જાતજાતનાં શંખલાં વીણતા હતા.

એટલામાં નટુએ બૂમ પાડી: "અહીં આવો, અહીં આવો. પત્થરનું માછલું મતાવું."

છોકરાંઓ નટુ પાસે દોડ્યાં. સાચે જ નટુના હાથમાં અસલ માછલા જેવું માછલું, પણ પત્થરનું હતું. ત્યાં બાપા પણ આવી પહોંચ્યા.

ચંપકે કહ્યું: "બાપા! આવું માછલું કોણે ઘડ્યું હશે? મને તો થયું કે કોઈકે માછલું બિચારું રેતીમાં ઢંકાઈ ગયું છે તે લાવ ને કાઢું, ને પાણીમાં નાખું. પણ ત્યાં તો પત્થરનું માછલું નીકળ્યું!"

ચંપા કહે: "પણ બાપુ, માછલું પત્થરનું કયાંથી? માછલાં મરી જાય એટલે પત્થરનાં કાં થઈ જાય?"

બાપુએ કહ્યું: "ચાલો, હું તમને પત્થરનાં માછલાંની વાત કહું."

: ૨ :

સૌ બાપુ ફરતાં વાર્તા સાંભળવા બેઠાં. એટલામાં ચંપાની બાએ કહ્યું: "વાર્તા બહુ સુંદર થશે અને વખત ઘણો જશે માટે વાર્તા કહેવાનું ઘેર જઈને રાખો તો ઘણું સારૂં."

ચંપક: "ના બાપુ, અહીં જ કહો."

નટુ: "ના, અહીં જ."

ચંપા: "બા કહે છે એમ કરીએ એ જ ઠીક છે. ઘેર બા રસોઇ કરવા બેસે ત્યારે બાપુજી રસોડામાં બેઠા બેઠા જ વાર્તા કહે તો?"

બાપુ: "એ તો બહુ મજાનું."

સૂર્ય પશ્ચિમમાં ખૂબ ઉતરી ગયો હતો. નદીનાં પાણી પર પડતો રાતો પ્રકાશ પાણી પર લહેરિયાં કરતો હતો.

બાપુએ કહ્યું: "ચાલો પેલી ઉંચી ભેખડ ઉપર ચડીને આપણે સૂર્યાસ્ત જોઇએ."

બધા દોડતા દોડતા ભેખડ પર ચડી ગયા. ધીરે ધીરે ચાલીને ચંપકની બા પણ ત્યાં પહોંચ્યાં. એટલામાં સૂર્યનું અર્ધું બિંબ દેખાતું બંધ થયું હતું; અને અર્ધું દેખાતું હતું. રાજ-મુગટમાંથી જેમ રત્નજડિત કલગીઓ ચોમેર નીકળે તેમ સૂર્યમાંથી કિરણ-કલગીઓ ઉંચે આકાશ ઉપર જતી હતી. આખી પૃથ્વી, ઝાડ, જમીન, ખેતરો, ઘર, નદી સોનેરી સોનેરી થઇ રહ્યાં હતાં.

બાપુએ કહ્યું: "આ સૂર્ય ભગવાન પશ્ચિમના આકાશે અદૃશ્ય થઇ રહ્યા છે.

ચાલો એને વંદન કરીએ. સૂર્ય પ્રાણી અને પદાર્થમાત્રનું જીવન છે.”

સૌ અદૃશ્ય થતા તેજના ગોળા સામે જોઇ રહ્યા. અર્ધું બિંબ અર્ધાથી અર્ધું થયું, પાનું પા થયું અને અંતે તે પણ ડૂબી ગયું.

બધાં અત્યંત શાંત હતાં. કોઇ બોલતું ન હતું. કોઈ કોઇ પક્ષીનો છેલ્લો કલરવ અને નદીનાં વહેતાં જળનો બળબળાટ કાને પડતાં હતાં. આખી સૃષ્ટિ ભવ્ય ગંભીર દેખાતી હતી.

પાછા વળતાં નટુએ બાપુને પૂછ્યું: “બાપુ ! સૂર્ય આ તરફ ડૂબી ગયો અને પાછો પેલી તરફ દેખાશે, એ કેમ બનતું હશે ?”

નંદુ: “એ તો રાત આખી ચાલી ચાલીને પાછો એ જ બાજુ આવી જતો હશે.”

બાપુ: “ના નંદુભા, સૂરજ કાંઈ ચાલીને નથી આવતો. એ તો આપણી પૃથ્વી જેના પર આપણે રહીએ છીએ તે ફરીને એની પાસે જાય છે.”

નંદુ: “શું ? સૂરજ ચાલતો નથી ? દિ' આખો તો ચાલતો જોઉં છું. ને આપણી પૃથ્વી તો હલતીયે નથી.”

બાપુ: “નથી, ચાલતો નથી. નંદુભા; મોટાં થશો ત્યારે ખબર પડશે.”

ચંપા: “બાપુ, ત્યારે અમને એ પણ બધું સમજાવો ને ! એની પણ વાર્તા નહિ હોય ?”

ચંપક: “બાપુ, એની પણ વાર્તા કહેજો હો.”

બાપુ: “વારૂ. એની વાર્તા પણ કહીશું.”

ચંપાની બા કહે: “આ ઠીક વાર્તાનું નીકળ્યું છે. હું આવડી મોટી થઇ છું તોય મને પણ ખબર નથી કે પૃથ્વી ચાલતી હશે કે સૂરજ. હું તો એમ ધારું છું કે સૂરજ ચાલે છે. નજરે ભાળીએ છીએ એ શું ખોટું ?”

બાપુ: “એ તો તમે પણ જાણશો.”

સાંજના અંધારામાં આગળથી નક્કી કર્યા પ્રમાણે ધીરે ધીરે સૌ ઘેર પહોંચ્યાં.

બાએ રસોઈ શરૂ કરી. બાપા પાટલો નાખી રસોડામાં બેઠા. બાળકો ફરતાં વીંટળાઇને વાર્તા સાંભળવા બેઠાં. બાપાએ વાર્તા શરૂ કરી: “એક વાર.....”

[આગળ ચાલુ]

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૮૯

અંક ૨-૩ જો
ચૈત્ર-વૈશાખ

:તંત્રીઓ:
ગિજુભાઇ
તારાબેન

દિવસમાં ફક્ત પાંચ જ મિનિટ એવો વિચાર કરી જુઓ–

"ધારો કે આપણા ઉપરી બાળકો હોત અને આપણે તેના આજ્ઞાંકિતો હોત, તો?"

"ધારો કે બાળકો આપણા જીવન માટેના કાયદા ઘડનારાં છે અને આપણે તો ફક્ત મૂંગે મોઢે તેનો અમલ જ કરવાનો છે, તો?"

"ધારો કે બાળકો આપણને ભણાવવા બેઠાં છે, આપણને રમાડે છે, આપણને હરવા ફરવા લઇ જાય છે અને આપણે તો તેઓ કહે તેમ જ કરવાનું છે, તો?"

દિવસમાં ફક્ત પાંચ જ મિનિટ આવો વિચાર કરી જુઓ.

પુસ્તકાલયપદ્ધતિ

પુસ્તક સ્વતઃ શિક્ષાગુરુ છે, અને પુસ્તકાલય એ શાળા છે. શાળામાં માણસો જ્ઞાન લેવાનાં સાધન માત્ર મેળવે છે. પણ પુસ્તકાલયમાં જઈને તો તે ખુદ જ્ઞાન મેળવે છે.

એક સારું પુસ્તકાલય શિક્ષકોની ગરજ સારે છે. પુસ્તકાલય શિક્ષકની જેમ વિદ્યાર્થીઓને ધમકાવતું નથી; શિસ્ત પળાવતું નથી; ચડાઉતરી અને ખોટી સ્પર્ધામાં ઉતારતું નથી; પરીક્ષાનો ભય પેદા કરતું નથી. અને છતાં તે પળે પળે પ્રેમથી, વિનયથી, રસ વડે તેમાં આવનારને ભણાવે છે.

કોઈ પણ ઠેકાણે શાળા સાથે કે શાળા વિના પણ પુસ્તકાલય એ શિક્ષણની એક સ્વયં પદ્ધતિ રૂપ છે.

હરેક શાળામાં પુસ્તકાલય એક આધક શિક્ષક તરીકે ગણાવું જોઈએ. અને શિક્ષકે પોતે બધો વખત શીખવવાનો મમત રાખવા કરતાં વિદ્યાર્થીઓને પુસ્તકાલયમાં વધારે ને વધારે છૂટા મૂકવા જોઈએ. સ્વાધ્યાયપદ્ધતિમાં આવો પુસ્તકપરિચય વિદ્યાર્થીઓને મળવાની સારી ગોઠવણ છે. પ્રાથમિક શાળાના શિક્ષણનો અરધો વખત પુસ્તકાલયમાં બાળકોને મૂકવાથી નિશ્ચિત શિક્ષણનું કામ પણ વધારે સંગીન જ થશે. જે વખતે વિદ્યાર્થીઓ પુસ્તકાલયમાં આવીને બેસે તે વખતે શિક્ષક સારા ગ્રંથપાલની ગરજ સારે. કયાં કયાં પુસ્તકો સારાં છે, કોને કયાં પુસ્તકો આપવાં, કોને કયાં પુસ્તકોમાં રસ જગાડવો વગેરેનો અમલ તે કર્યા કરે.

પુસ્તકાલય શિક્ષણશાળા રૂપે તેમ જ એક પ્રયોગસ્થાન તરીકે પણ ઉભું રહેશે. શિક્ષક-ગ્રંથપાલ સારાં નરસાં પુસ્તકોની તપાસણી રાખે. નરસાંને બાદ કરી સારાં પુસ્તકો વિદ્યાર્થીઓ પાસે મૂકી કઈ ઉંમરે કયું પુસ્તક રસથી વંચાય છે, કયા વિષયો ઉપર લખાયલાં કઈ ઉંમરે વધારે વંચાય છે, પુસ્તક વાંચતાં થાકનું પ્રમાણ કેટલું વધે ઘટે છે, વાંચેલાં પુસ્તકોની એકંદરે વિદ્યાર્થીઓ ઉપર કેવી છાપ પડે છે, વગેરે બાબતો ઉપર જુદાં જુદાં નોંધપત્રકો તૈયાર કરી શકે અને તેના અભ્યાસ ઉપરથી ઘણાં સત્યો યાને સિદ્ધાંતો તારવી શકે.

પુસ્તકાલય જ્યારે એક શિક્ષણપદ્ધતિ બને છે, ત્યારે તે તેના સંગ્રહમાં અને રચનામાં એક સુવ્યવસ્થિત સ્થળ બને છે. થોકડાબંધ ભેગાં કરેલાં પુસ્તકો શિક્ષણ આપી શકતાં નથી. પુસ્તકોનું વિષય અને ઉપ વિષયવાર, લેખકવાર અને ઉંમરવાર વર્ગીકરણ આ પદ્ધતિ સફળ કરવાનાં આવશ્યક અંગો છે.

પુસ્તકાલયપદ્ધતિ માટે જુદા જુદા વિષયોનાં પુસ્તકો શ્રેણીબદ્ધ જોઈએ. પ્રવેશિકા કે બાળપોથીથી માંડી સાત ચોપડી સુધીનાં સાહિત્યનાં, ઇતિહાસનાં, ભૂગોળનાં, ગણિતનાં, વિજ્ઞાનનાં અને એવા વિષયો ઉપરનાં પુસ્તકો જોઈએ. ક્રમે ક્રમે ચડતું જતું પુસ્તક વાંચવા સાથે, વાંચનાર જ્ઞાનમાં ક્રમે ક્રમે ચડશે. આ રીતે વર્ગમાં ચાલતાં પાઠ્યપુસ્તકોની ગરજ છાજલી ઉપર ગોઠવેલાં ક્રમિક પુસ્તકો સારશે. આવાં પુસ્તકો હજી સુધી બનાવવાનું વિષયજ્ઞાતાઓને સૂઝયું નથી, તેમ શિક્ષકોને તેની

બહુ જરૂર ભાસી નથી, કેમ કે હજી સુધી પુસ્તકાલયપરિચયપદ્ધતિ કરતાં અભ્યાસક્રમ અને વ્યાખ્યાનશિક્ષણપદ્ધતિનું બહુ જોર છે.

જેમ શાળામાં તેમ જ શાળાની બહાર પણ પુસ્તકાલય રૂપી શાળા ગામેગામ અને લત્તે લત્તે સ્થપાવી જોઇએ. શિક્ષકને પગાર આપવો પડે છે, ત્યારે પુસ્તકાલયને પુસ્તકો ખરીદી દેવાં પડશે. શિક્ષકને ભણાવવાની મહેનત લેવી પડે છે ત્યારે પુસ્તકોને જ્ઞાન આપવાની મહેનત લેવી પડશે નહિ; માત્ર વારંવાર વંચાઇને ફાટવું પડશે. શિક્ષકની ચોક્કસ હાજરી સિવાય ભણતર સંભવિત નથી તેને બદલે પુસ્તકાલયનાં બારણાં ચોવીશ કલાક ઉઘાડાં રાખીશું તો ચોવીશ કલાક શિક્ષણ ચાલશે.

પુસ્તકાલય વ્યવસ્થા, શાંતિ, સભ્યતા તથા વિનયનું શિક્ષણ પણ આપવાનો પ્રબંધ કરી શકશે. પુસ્તકો કેમ વાપરવાં, કેવી રીતે વાંચવું, વાંચનાર પ્રત્યે કેમ વર્તવું, આવજા કેમ કરવી, વાતચીત કેમ કરવી, વગેરે શીખવામાં આપો-આપ ઘણી કેળવણી આવે છે.

આ રીતે પુસ્તકાલય એક શિક્ષણપદ્ધતિ છે.*

ગિ.

---

* "પ્રાથમિક શાળામાં શિક્ષણપદ્ધતિઓ" નામનાં પુસ્તકનું એક પ્રકરણ. પુસ્તકમાં એકંદર ચોવીશ પદ્ધતિઓ વિષે કહેવામાં આવ્યું છે.

કિંમત આઠ આના. ટપાલ ખર્ચ બે આના.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરઃ ભાવનગર

શેરીનું એક સાચું દૃશ્ય

"હલીમા, શું કરછ?"

"એ રમું છું. ભાણીબેન, આવોને?"

"જા રે, તું તો ધૂળધોઇ છે. ધૂળથી રમાય? મારી બાએ ના પાડી છે."

"ના, રમોને!" હલીમાએ તાણ કરી.

ભાણીબા ભભકી ઉઠ્યાં: "જા જા. હું તારા જેવી નવરી છું? મારી બાએ મને ચા ખાંડ લેવા મૂકી છે."

હલીમા સમજતી ન હોય તેમ જોઈ રહી. ધૂળ હાથમાં જ રહી ગઇ, ને ભાણી સામે એકીટસે જોઇ રહી.

ભાણીએ તિરસ્કાર સાથે મ્હોં મચકોડ્યું.

હલીમા એક નજરે જોતી'તી તે થોડીક વાર થોભી પછી તેણેય મ્હોં મચકોડ્યું.

એટલે ભાણીએ જીભડો કાઢ્યો; હલીમાએ સામે જીભડો કાઢ્યો. ભાણીએ ગાળ દીધી; હલીમાએ એ જ ગાળ સામે દીધી. ભાણીએ હલીમાનું છાજીયું કર્યું; હલીમાએ પણ તેમ જ કર્યું. ભાણીએ મારવા હાથ ઉગામ્યો, અને અને હલીમાએ "એ બા!" ની ધૂમ મારી.

ભાણી ખીજીને ભાગી ગઈ.

હલીમા અને ભાણીને હું હમેશ શેરીમાં સાથે ધૂળના ઢગલા કરતાં, ધૂળને ગલાલ જેમ ઉડાડતાં જોતો. બન્ને ખાસ મિત્રો હતી. હલીમા ચાર વરસની અને ભાણી છ વરસની છે. ભાણીને તેની માએ ગઇ કાલે મારીને ધૂળથી રમતી અટકાવી હતી, અને તેથી હલીમા આજ એકલી પડી હતી.

હલીમા ભાણીના ગયા પછી કેટલીકવાર સુધી એ જ દિશામાં જોઇ રહી. તે ઘણી જ વિચારમાં લાગતી હતી.

થોડી વારે તેણે મ્હોં મચકોડ્યું; પછી થોડી વારે તેણે જ્ભડો કાઢ્યો; પછી પેલી જ ગાળનું પુનરાવર્તન કર્યું; પછી હાથવતી છાજ્યું લીધું.

અને પછી કંઇ બાકી ન રહ્યું એટલે ધૂળસંગ્રહના કામમાં લાગી.

પણ થોડી જ વારમાં ભાણી ચા ખાંડ લઇ પાછી આવી.

હલીમા ભાણીને જોઇ ઉભી થઇ રહી.

ભાણી તો આ વખતે ચાલી જવાની હોય તેમ લાગ્યું.

પણ આ વખતે હલીમાએ જ ભાણી સામે મ્હોં મચકોડ્યું એટલે ભાણીએ સામું કર્યું. હલીમાએ જ્ભડો કાઢ્યો, ગાળ દીધી, છાજ્યું લીધું; ને એ બધું ય ભાણીએ સામે કર્યું.

વાત આગળ ચાલત. ભાણી માગ્વા તૈયાર થઇ હતી ત્યાં દૂરથી તેની માએ બૂમ મારી: "અલી ભાણુકા, વળી ધૂળમાં રમવા ગઇ કે? ઇ હલુડી ભલે રમે. તું ચાલ ઘરે આવ નહિ તો ઢીબી નાખીશ!"

ભાણી ચાલી ગઇ.

હલીમા 'કેમ નહિ રમાતું હોય?' નો વિચાર કરતી ઉભી રહી.

હું ઉભો ઉભો શેરીનું આ દૃસ્ય જોઇ રહ્યો.

જ

બાળકની ઊંઘ

[નોંધ: બાળક બરાબર ઊંઘતું નથી કે મોડી રાત સુધી તેને ઊંઘ જ આવતી નથી કે બરાબર ખાઈ શકતું નથી વગેરે પ્રશ્નો પહેલાંના જમાનામાં બહુ જણાતા ન હતા; ને હજ પણ ગામડાંનાં માબાપો કે શહેરનાં પણ સામાન્ય માબાપે.ને આવા પ્રશ્નો થોડા નડે છે. સામાન્યતઃ બાળક સારી રીતે ખાય છે, ખૂબ રમે છે ને ધસઘસાટ ઊંઘે છે એવો સામાન્ય માબાપોનો અનુભવ હશે. આજકાલ આવા પ્રશ્નો બહુ ગંભીર રૂપ પકડવા લાગ્યા છે તેનું મૂળ કારણ તો ભણેલાં માબાપોના જ્ઞાનતંતુઓનું અસમતોલપણું (nervous unbalance) બાળકોને વારસામાં મળે છે અને ચાલુ વાતાવરણ પણ એવા જ અસમતોલપણાથી ભરપૂર હોય છે તે છે. બાળક ઊંઘી શકતું નથી, ખાઈ શકતું નથી, દૂધથી ઉલટી થાય, ટમેટાંથી મોળ આવે, ને અનેક અવનવા પ્રકારો આજનાં બાળકોને થાય છે. આ કરુણ સ્થિતિ ઉત્પન્ન કરવા માટે જવાબદાર તો જ્ઞાનતંતુઓની ખુવારી કરી બેઠેલાં આપણે ભણેલાં માબાપો છીએ. જ્ઞાનતંતુઓના અસમતોલપણાનું એવું તો દુષ્ટ કાર્યકારણ (vicious circle) ચાલ્યા કરે છે કે તે સ્થિતિ માબાપો અને બાળકો માટે અત્યંત કરુણાજનક થઇ પડે છે. માબાપો વિચાર્યા જ કરે છે કે બાળક ઊંઘતું કેમ નથી, ખાતું કેમ નથી, વજનમાં વધતું

કેમ નથી; ને અનેક ઉપાયો યોજ્યા જ કરે છે. પણ ચિંતાયુક્ત વાતાવરણ વધવાથી તેની અસર વધારે ને વધારે બાળક ઉપર થવા પામે છે. બાળક અજાણપણે અથવા અજ્ઞાનપણે પણ ચિંતા કરવા લાગે છે ને વાત વધારે ને વધારે બગડવા જ પામે છે. નીચેનો લેખ પાશ્ચાત્ય પરિસ્થિતિને લાગુ પડે છે. તેમાંના બધા વિચારો આપણને કદાચ માન્ય પણ ન થાય. તો પણ આજકાલનાં માબાપોને તેમાંથી ઘણું જાણવાનું મળશે ને ઘણું અમલ કરવા જેવું પણ મળશે.] તા.

એક માતા હતાશ થઇ બોલી ઉઠી: "મારા છોકરાને સુવરાવવાનો એક જ ઉપાય મારે લેવો પડે છે. મારે તેને પથારી સાથે બાંધી રાખવો પડે છે. અને બાંધું ત્યારે તે એવી રાડો પાડે છે કે આડોશીપાડોશી હેરાન થઇ જાય છે!" બિચારી માતાએ પોતાના ત્રણ વર્ષના છોકરાને સુવરાવવાના સઘ્ન પ્રયત્નો કરી લીધા હતા અને ઘણા જ ધૈર્યથી તે આ પ્રશ્નનો ઉકેલ લાવવા મથતી હતી.

ઘણાં ખરાં બાળકો ઊંઘવાની સામે શા માટે વાંધો રાખે છે? જીવનને ઊંઘ અત્યંત આવશ્યક છે. ઊંઘવાની યોગ્ય ટેવો દરેક બાળકના આરોગ્ય અને સ્વાસ્થ્ય માટે પાયા રૂપ ગણાય. છતાં તેની સામે બાળકનો આવો વિરોધ શા માટે?

કેટલીએક વાર માબાપો બાળકોને સુવરાવવાની જવાબદારી વધારે પડતી પોતાને જ માથે લે છે. પછી બાળક અને તેમની વચ્ચે એક જાતની તે રમત બની જાય છે કે કોણ કોને હરાવે છે; અને મોટે ભાગે તેમાં બાળક જ ફાવે છે. આપણે માતાને કહેતી સાંભળીએ છીએ: "હું કેમે કરી મારા બાળકને ઉંઘાડી શકતી નથી" એ જાતનું વાકય જ બતાવી આપે છે કે બાળકની ઊંઘની બધી જવાબદારી માતાએ પોતાને માથે લીધી છે. 'બાળકને ઉંઘાડવું' એ શબ્દપ્રયોગ જ ખોટો છે.

કેટલાંએક માબાપો બાળકોના ઊંઘવા સંબંધે એટલાં બધાં સખ્તાઇ અને આપખુદીથી કાયદા રાખવા જાય છે કે બાળકોના મનમાં ઊંઘવા સંબંધે વિરોધ અને બંડ જાગે છે. અર્થાત્ ઊંઘની બાબતમાં નિયમન જરૂરનું છે, પરંતુ તેના ઉપર વધારે પડતો ભાર દેવાથી અને સખ્તાઇથી તેનું પાલન કરવાથી બાળકને ઊંઘવું જ અશકય થઇ જાય છે. તેનાં ગાત્રો શિથિલ થઇ જ શકતાં નથી.

કોઇ કોઇ વાર માબાપો મનમાં બીક અને શંકા રાખીને બાળકને 'ઝટ ઊંઘી જા, ઝટ ઊંઘી જા." એમ આગ્રહ કરે છે. તેથી બાળકને થાય છે કે ન ઊંઘવામાં કાંઇક વધારે સારું હશે. "જો, ઊંઘવામાં મજા પડશે." એમ કહેવાથી જ બાળકના મનમાં શંકા જાગે છે કે ઊંઘવામાં મજા નહિ જ હોય.

ઘણી વાર પથારી એ ધાક બતાવવાનું સાધન બને છે. "જો, આમ કરીશ તો પથારીમાં જવું પડશે." અથવા "વહેલાં ઊંઘાડી દઇશ." વગેરે ધાકનાં વાકયોથી બાળકને પથારી ને ઊંઘ પ્રત્યે અણગમો પેદા થાય છે. પથારીમાં પડવું એ કાંઇક ન ઇચ્છવા જેવી બાબત છે એવો ખ્યાલ બાળકમાં ઉત્પન્ન થાય છે. માતાઓ એમ પણ કહે છે: "જો. આમ કરીશને, તો હું તને થોડો

વધારે વખત જાગવા દઇશ.” એટલે બાળકને સહેજે થાય છે કે મોડે સુધી જાગવું એ સારું ને ઊંઘી જવું ખરાબ.

આવી પરિસ્થિતિ ઉત્પન્ન ન કરવા બાબત માબાપોએ ધ્યાનમાં રાખવું જોઇએ. આપણા બાળકની ઉંમર પ્રમાણે તેનું ઊંઘવાનું ધોરણ નક્કી કરી સ્વાભાવિક રીતે તેનો અમલ કરવો જોઇએ. ઊંઘી જવામાં કાંઈ વિશેષ મહત્ત્વ છે એવું બાળકને લાગવા દેવાની જરૂર નથી. પણ તે એક સ્વાભાવિક રીતે બનતો બનાવ હોવો જોઇએ કે જેમાં બાળકે સહકાર જ કરવાનો હોય.

તમારા બાળક માટે ઊંઘવાની ચોક્કસ ટેવો શી હોવી જોઇએ તે પહેલાં નક્કી કરો. બધાં માબાપો પહેલી માગણી એ જ કરશે કે બાળકની ઊંઘવાની મરજી અથવા તૈયારી હોવી જોઇએ. બાળકની મરજી હોય એટલે બધી આરોગ્યવર્ધક ટેવોનો પાયો નખાઇ ગયો. જલદી ઊંઘી જવું, ગાઢ નિદ્રા આવવી, આજુબાજુમાં સામાન્યતઃ ચાલતા અવાજોમાં પણ ઊંઘી શકવું, ને દિવસે દિવસે સારી રીતે ઊંઘવાની જવાબદારી બાળકે પોતાની જ સમજવા લાગવું એટલું થાય તો બાળકના આરોગ્યના પાયાનું કામ મજબૂત થયું ગણાય.

પ...ણ એવી ટેવો પડે શી રીતે ?

ઊંઘવાની સારી સગવડ એ પહેલી જરૂરિયાત ગણાય. દરેક બાળકને પોતાની જુદી પથારી હોવી જોઇએ. બાળક માટે પોતાની જુદી ઓરડી હોવી હમેશ શક્ય હોતું નથી; જો કે તે પણ જરૂરનું તો છે જ. પરંતુ દરેક બાળકને જુદો ખાટલો કે પથારી તો હોવી જ જોઇએ. અને સામાન્યતઃ માબાપો તેટલી વ્યવસ્થા તો સહેલાઇથી કરી શકે. માનસિક આરોગ્યશાસ્ત્રીઓ તો કહે છે કે બાળક દોઢ વરસનું થયા પછી કોઇ કાળે બાળકે પોતાનાં માબાપો જે ઓરડામાં સૂવે છે ત્યાં સૂવું જોઇએ નહિ.

બાળકનો ખાટલો મજબૂત ને પથારી સૂંવાળી અને આરામદાયક હોવી જોઇએ, અને તેને હલકું ને ફૂંફાળું એવું ઓઢવાનું હોવું જોઇએ. તેની સૂવાની ઓરડી સારી હવા અજવાળાવાળી હોવી જોઇએ, તેમ જ તેના બિછાના પર સીધો પવનનો ઝપાટો ન લાગે તે જોવું જોઇએ. વેંટીલેટર્સ અથવા પડદાઓ વગેરે મૂકીને પવનની યોગ્ય દિશા ગોઠવી શકાય.

પરંતુ માત્ર આવી રીતે સૂવાની સારી વ્યવસ્થા થવાથી બાળકને ઊંઘવાની સારી ટેવો પડશે જ એવી ખાત્રી નથી. માબાપો બાળકની ઊંઘ અને આરામ પરત્વે કેવું વર્તન રાખે છે તે અત્યંત મહત્ત્વની બાબત છે. જેનાં માબાપો વધારે ચર્ચા કે પક્ષમાં અને વિરુદ્ધ દલીલો કર્યા વગર ઊંઘ અને આરામને સ્વાભાવિક બનાવ તરીકે સ્વીકારે છે તેમનાં બાળકો પણ તેને તેમ જ ગણે છે; અને જે માબાપો તેના પર વિશેષ ભાર દે છે ને તે વિષે ખૂબ કહ્યા કરે છે તેમનાં બાળકોમાં તેની સામે વિરોધ ઉત્પન્ન થાય છે. વળી માબાપોને ફુરસદ મળતાં થોડો આરામ લઇ લેતાં જે બાળકો જુએ છે, તેઓ ઊંઘવાને સામાન્ય બનાવ માને છે જ્યારે જેનાં માબાપો દિવસે ઊંઘી જ શકતાં નથી તે બાળકો પણ આરામ લઇ શકતાં નથી.

દિવસનું નિયમિત અને ફેરફાર વગરનું

એવું એક ધોરણ જે નક્કી થઇ ગયું હોય તો બાળકને પણ તે ગોઠી જાય છે; પરંતુ તે ધોરણમાં વારંવાર ફેરફાર થયા કરતા હોય તો બાળકને આજે કંઈક ફેરફાર થશે એમ રહ્યા કરે છે. બપોરનું ઓકું ખાવાનો કે રાત્રે ઊંઘવાનો નિયમિત વખત હોય, તેમ જ તેની પૂર્વતૈયારીનું એટલે પથારી કરવી કે સૂવા જવું વગેરેનું કામકાજ નિયમિત થઇ ગયું હોય, પછી તે બાબત રોજ બનનારા બનાવો પૈકી એક થઇ જવી જોઇએ, નહિ કે રોજ જેના પર ચર્ચા થાય એવી.

સૂવાનો વખત વધારે આનંદદાયક લાગે એવું જે કરીએ તો બાળક કાંઇ નહિ તો સૂવામાંથી છટકી જવાનો પ્રયત્ન તો નહિ જ કરે. ઘણાં બાળકોને સૂવા વખતે મનમાં એક જાતની અસ્થિરતા લાગે છે, કારણ તેમને હમેશ બીક રહે છે કે તેમની પાસેથી બા કે બાપા આસ્તેથી છટકી જાય તો ? અર્થાત્ બાળકો સૂતાં હોય ત્યારે હમેશ માબાપોએ તેમની પાસે જ હોવું જોઇએ, અને તેમનાથી બહાર જવાય જ નહિ એમ ન કહીએ. પણ માબાપો શું કરવાનાં છે તેની તેમને ચોક્કસ ખબર આપવી જોઇએ એટલે તેમના મનમાં અચોકસાઇ ને અસ્થિરતા ન લાગે. બાળક બપોરે ઊંઘવાની તૈયારી કરે તે વખતે તેને કહી દીધું હોય કે "થોડી વાર પછી હું ગામમાં જવાની છું એટલે તું ઉઠીશ ત્યારે હું નહિ હોઉં, પણ સાંજ પહેલાં હું આવી જવાની છું." તો ખબર ન હોય ને એકદમ ઊંઘમાંથી ઉઠ્યા પછી અચાનક 'બા ઘરમાં નથી' તેનો આઘાત લાગે છે, તેવું ખબર આપી હોય તો ન બને. પણ એક માતા કહે છે: "હું મારા બાળકને કહું કે હુ જવાની છું તો તે એવું તોફાન કરે છે કે એ કરતાં કહ્યા વગર તે ઊંઘતું હોય ત્યારે ચાલ્યા જવું જ ઠીક પડે છે." તેટલા વખત પૂરતું તે કદાચ વધારે સહેલું લાગે, પરંતુ આગળનો વિચાર કરીએ અને તેથી કેવી ટેવો પડે છે તેનો ખ્યાલ કરીએ, તો તે સહેલું નથી. પહેલેથી કહી દેવામાં કદાચ એકાદ બે વખત બાળક કજીયો કરશે પણ નાનામાં નાનું બાળક પણ પછી કાયમને માટે સમજી જાય છે કે પોતે ગમે તેટલો કજીયો કરે તો પણ એક વાર નક્કી કરેલી વાત બા ફેરવતી નથી.

બીજું સૂવાનો વખત બાળકને આવકારદાયક લાગવો જોઇએ એવી આપણી ઇચ્છા હોય તો કદી પણ સૂવાની સાથે શિક્ષાને જોડવી નહિ. તેમ જ દિવસમાં બનેલા બનાવો ઉપર ટીકા કરવાનો કે ઠપકા આપવાનો વખત પણ તે ન હોવો જોઇએ. મોટાંઓ જરા વિચાર કરીને વર્તે તો બાળકનો સૂવાનો વખત આનંદથી ભરપુર બનાવી શકશે. એનો અર્થ એવો નથી કે સૂવા માટે ખાસ ગોઠવેલો વાતચીતનો વખત કે વાર્તાકથનનો કાર્યક્રમ ગોઠવાવો જોઇએ. સીધું ને સાદું સૂવા માટે તૈયાર થઇને પથારીમાં જવાની ને સૂઇ જવાની ટેવ ગોઠવી શકાય છે. સૂતા પહેલાં જે વાર્તા કહેવી જ હોય તો સૂવાના ઓરડામાં કે પથારીમાં રાખવા કરતાં બહાર જાગવાની જગ્યાએ રાખવી. કારણ સૂવા જવું એટલે પછી ત્યાં બીજું ત્રીજું ઊંઘની આડે આવે એવું કાંઈ પણ ન જોઇએ.

કેટલીએક વાર માતાઓ બાળકને સ્વાધીન બનાવવા ખાતર તેને સૂતા પહેલા કામોમાં

મદદ કરતી નથી. જેમ કે કપડાં બદલાવવાં હોય કે પથારી પાથરવી હોય વગેરે બાળકે હાથે જ કરવું જોઇએ એમ રાખવાથી બાળકના આખા દિવસના થાકમાં વધારો થાય છે, ને તેથી ઘણી વાર સૂવાનો વખત બાળકને ગમતો નથી ને દુઃખદાયક થઈ પડે છે. બાળકની તે કામો કરવાની ખુશી, અને પોતાનાં કામો જાતે કરી સ્વાધીન થવાની મરજી હોય એટલું બસ છે. તેણે બધું પોતે કરવું જ જોઇએ એવો આગ્રહ રાખવાની જરૂર નથી. તંદુરસ્ત બાળકની સામાન્યતઃ આખા દિવસમાં એટલી બધી હીલચાલ હોય છે કે સાંજ પછી સૂતી વખતે થોડી આમતેમ મદદ મળી જાય તો સૂવાના વખત સામે કંટાળો ન રહે. બાળકોમાં જે સ્વાધીનતા ઇચ્છીએ તે થોડી આ બાબતમાં થોડી તે બાબતમાં એમ કરતાં ધીમે ધીમે આવે છે; જ્યારે તે વધારે થાક ભોગવીને અને તણાઇને મેળવવી પડે છે ત્યારે તેની કિંમત કાંઈ હોતી નથી. બપોરના આરામ વખતે હજી બાળક કાંઈ કરી શકે છે, પરંતુ રાત્રે સૂવાને વખતે તો તે બહુ જ થાકી ગયેલું હોય છે.

ઘણી વાર બાળક સૂવાની તૈયારી (કપડાં બદલવાં વગેરે) કરવામાં સ્વાધીન હોય છે, પરંતુ ઊંઘી જવાની બાબતમાં બીજા પર બહુ જ આધાર રાખતું હોય છે. બાળકને જેમ પહેલી બાબતમાં ધીમે ધીમે સ્વાધીન બનાવવાનું છે તેમ બીજી બાબતમાં પણ સ્વાધીન બનાવવું જોઇએ. નાનું ત્રણ વર્ષનું બાળક ધોળું સસલું પાસે લઇને ઊંઘે છે (તે તે વગર ઊંઘી શકતું નથી) તે જેવું ગમ્મત આપે છે. પણ જ્યારે તેનો અર્થ ધ્યાનમાં લઇએ કે આપણું બાળક દિવસે દિવસે ઓછું સ્વાધીન બને છે—એટલે પરાધીન બને છે, ત્યારે તેમાંથી ગમ્મત ચાલી જાય છે. આવાં રમકડાં વગેરે પરનો આધાર કાઢી નાખવાનો ઉપાય એ જ કે સૂતી વખતે રમકડાં પાસે રાખવાની ટેવ જ પડવા દેવી નહિ. અથવા એકાદ રમકડું બાળક લેતું જ હોય તો રોજ જુદું જુદું લેવા દેવું. બીજું જે બાળકને ઊંઘ આવે ત્યાં સુધી મોટાંએ તેની પાસે બેસી રહેવાની ટેવ જ નથી તે એવી માગણી કરતું જ નથી. પહેલેથી જ એવી ટેવ પાડી હોય કે બાળકને પથારીમાં મૂકી ઓઢાડી કારવી પોતાની મેળે સૂવા માટે એકલું મૂકી દેવું, તો સૂવરાવવાના જાતજાતના જે પ્રયત્નો કરવા પડે છે તેની જરૂર ન રહે.

કોઇ કંટાળી ગયેલો માતા કહેશેઃ "હવે આમ કરવું જોઇતું હતું એમ કહેવાથી શો લાભ? કુટેવ પડવાની તે પડી ગઇ, ને નુકસાન થવાનું તે થઇ ગયા પછી પહેલેથી જ આમ કરવું જોઇએ, એમ કહેવાનો કશો અર્થ નથી." સાચું છે. પણ કુટેવ પડી ગઇ હોય ને નુકસાન પહોંચ્યું હોય તો પણ જરા વિચારીને ચાલવાથી અને સતત પ્રયત્નથી ખરાબ ટેવ કાઢી શકાય છે. માત્ર પહેલવહેલાં નિશ્ચય કરી લેવો જોઇએ કે આ ભૂલ સુધરશે, અને મનની ખાત્રી હોવી જોઇએ કે ઘણા પ્રયત્ને પણ એ ભૂલ સુધારવાથી કિંમતી પરિણામ આવશે. પછી તેની પાછળ શ્રદ્ધાથી, શાંતિથી અને સતત મંડી પડવું એટલે પરિણામ આવવું જ જોઇએ. ને આપણે જરા વિચારીને આપણી મુશ્કેલીની પાછળ મૂળ કારણ શું છે તે શોધી કાઢીએ તો ઉપાય કરવો સહેલો છે. જેમ કે

જે આપણને પૂરતી ખાત્રી થાય કે બાળક ઊંચી શકતું નથી તેનું કારણ બાળકને નિરાધાર કે અસ્થિર જેવું લાગે છે, તો તેની તે જાતની ભીતિ નીકળી જઇ તેને સ્થિરતા લાગે એવું કરવું જોઇએ. જે મુશ્કેલી કોઇ પણ ધોરણ ન હોવાથી અનિયમિતાને લીધે ઉત્પન્ન થઇ હોય તો માબાપોએ ધોરણ ગોઠવવું જોઇએ, અને તે એટલી નિયમિત રીતે પાળવું જોઇએ કે તે નવું શીખનાર બાળકને કાયમી તરીકે સ્વીકારવું પડે. જે આપણને એમ લાગે કે સૂવાના વખત સાથે કોઇ ન ગમે એવું કે અરસિકપણાનું કે દુઃખદાયક સાહચર્ય હોવાથી બાળકને ઊંઘવા સામે વાંધો છે, તો તે પ્રકારનું સાહચર્ય નીકળી જઇ સુખાવહ પ્રસન્નતાનું સાહચર્ય ઉભું થાય એવું કરવું જોઇએ. માબાપોએ એટલું તો ધ્યાનમાં રાખવું જોઇએ કે ગમે તે પ્રકારે પણ જે બરાબ ટેવ એક વાર પડી હોય તો તેની જગ્યાએ સારી પડતાં વાર લાગવાની. સુધરવાની ક્રિયા ધીમે ચાલે છે. એક વાર શીખેલી વાત પહેલાં ભૂલી જવામાં અને તેની જગ્યાએ નવું શીખવામાં દહવસો નહિ પણ કેટલાંય અઠવાડિયાં લાગે. માબાપોનું એકધારું વર્તન, તેમની શાંતિ અને પોતાનાં મન ઉપરનો કાબૂ એ બધા ઉપર બાળકને નવી ટેવો સહેલાઇથી પડવાનો આધાર રહેશે.*

* Parents' Magazine માંથી (અપૂર્ણ)

ગુજરાત મહાગુજરાતના શિક્ષકોને અને શિક્ષણપ્રિય આત્માઓને

દર્દભરી જાહેર અપીલ

નિરક્ષરતા નિર્મૂળ કરો

આત્માઓનાં દ્વાર ઉઘાડો અને અક્ષરજ્ઞાનના અંબાર પ્રગટાવો

મિત્રો,

આપણે પાંત્રીસ કરોડ ભાંડુઓ, પણ આપણી પામરતાનો કાંઇ પાર! આપણે શી રીતે ઉંચે આવીએ?

આંખ ઉઘાડીએ ત્યાં અભણ અથડાય!
નજર નાખીએ ત્યાં નિરક્ષર!
ઘરમાં નિરક્ષર, બહાર નિરક્ષર!
ઑફિસમાં નિરક્ષર, આંગણે નિરક્ષર!
ચૉરે નિરક્ષર, ચૌટે નિરક્ષર!
ખેતરે નિરક્ષર, પાદરે નિરક્ષર!

શેરીમાં નિરક્ષર, શહેરમાં નિરક્ષર!
ગામડે તો ઘણા જ નિરક્ષર!
નિરક્ષરોની પરંપરા!
જ્યાં જુઓ ત્યાં નિરક્ષર જ નિરક્ષર!
અને ત્યાં તેમની હાડછેડ!

આમ હોય ત્યાં શી રીતે ઉંચા આવીએ?

અક્ષરજ્ઞાનની આંખો વિના અજ્ઞાનતામાં અથડાતાં, સડતાં ને રીબાતાં આપણાં આ કરોડો ભાંડુઓને અંધાર કૂવામાં રાખીને આપણે કઇ રીતે ઉંચા આવીએ?

આપણાં બધાં બાથેાડિયાં મિથ્યા છે; બધાં ફાંફાં છે. પેલાં રીબાતાંની રીડેા ને ચીસેા આપણને શે ઉંચા આવવા દે?

નિરક્ષરને સાક્ષર કરવા માટે આજ પર્યંત આપણે કેટલાં બાથેાડિયાં માર્યાં? બધું ફેાગટ! વહેલા પરેાઢનેા જોડેલેા રથડેા હજુ ફેરવવેા જ રહ્યો! ધેારી થાકયા, તરેલાં થાકયાં, હાંકેડુયે થાકયા, કેાસમાં કાણાં પડ્યાં. પાણી બધું દ્રુડ, દ્રુડ, દ્રુડ, દ્રુડ! ઉલેચવાનું તેા એટલું ને અટલું જ રહ્યું!

તે રહે જ ને? બીજું શું થાય? પણે તેા જુએા! પેલું આંધળું—અથાગ આંધળું બળ ક્યાંક ગૂંચળું વળીને જ પડી રહ્યું છે, તેા ક્યાંક અવળી—ઉલટી દિશામાં જ ગતિ કરી રહ્યું છે. અને જુએા જુએા, જે કેાસથી ઉંચે આવવા મથી રહ્યા છીએ તે જ કેાસને અંદર ને બહારથી ભૂતાવળની જેમ તે વળગી પડી મેાટાં બાકેારાં પાડવા મંડી ગયું છે. અક્ષરજ્ઞાનનું મિક્ષ્ચર એ એક અમેાલું સાધન છે. તેા જ આપણા આ અથાગ બળનેા દિશાપલટેા થાય. આંધળું બળ દેખતું થાય, અને ઉપયેાગમાં આવે. એટલું આપણું કામ સહેલું અને સરળ થાય. અત્યાર સુધી એ બળને અક્ષરજ્ઞાન આપી દેખતું કરવાનેા એકે જબરદસ્ત વ્યવસ્થિત પ્રયત્ન થયેા છે? પછી શાની ભલીવાર આવે? શિક્ષક, સાક્ષર અને સાહિત્યકેાનું શું એ મહાપાપ નથી? શિક્ષકસંમેલનેા અને સાહિત્ય-પરિષદેામાં કદીયે આ અભણેાનેા, અને એમની નિરવધ નિરક્ષરતાનેા પ્રશ્ન છણાયેા જણાયેા છે? એમની અહંતા અને સ્વાર્થની ક્ષુદ્રતાના કાગનાવાઘ સમા વિરાટ ઝગડા આડે, એમને કેાણ સંભાળે? એમની સૃષ્ટિમાં અભણ એટલે અસ્પૃશ્ય! પણ બાપુ, એ જ કર્મનેા પરિપાક હવે આપણે ભેાગવવેા જ રહ્યો. કાલે એમને આપણે ઘૃણાયુક્ત દૃષ્ટિએ નિહાળતા તેા આજે એમનેા વારેા આવ્યેા છે. હજુએ નહિ ચેતીએ તેા કાંકરાની જેમ કાઢી જ નાખશે. અને એમ ન કરીએ તેા આપણે કદીયે થાળે પડવાના કે? ના.

થાળે પડવાનેા એ એક જ રસ્તેા છે: આ વિસંવાદ મટાડેા. પેલા અંધારામાં કેાઈ જબરદસ્ત અજવાળું ફેંકેા. Kindly pour full light in! પેલી ભીષણ અભણતાનાં પડળ અળગાં કરેા ને જુએા, નિરક્ષરતા નિર્મૂળ થયેલાં અને જ્ઞાનની પાંખેા ફૂટેલાં એ આપણાં દેખતાં ને ઉડતાં ભાંડુડાંઓ ભેટી ભેટીને આપણને મદદ કરે છે કે નહિ? અને જુએા, એકમેકના ખભા ઉપર ઉભીને આપણે ઉંચે આવીએ છીએ કે નહિ?

ત્યારે શિક્ષકમિત્રેા! એ એમ બેસી રહે જ બનશે કે? ચાલેા, ત્યારે ઉઠેા. આત્માનાં દ્વાર ઉઘાડેા, અને અક્ષરજ્ઞાનના અંગાર પ્રકટાવેા. નિરક્ષરતા દફનાવેા. અક્ષરજ્ઞાનની વીજળી ઘરેઘર ઘૂમી વળે એ આપણેા આદેશ છે, તેને સિદ્ધ કરીને જ જંપીએ.

આ કામ શિક્ષકેાનું અને શિક્ષણપ્રિય આત્માઓનું જ છે; અને બીજા કેાઇનું નથી. સાચેા શિક્ષક એ ઉપાડી જ લેશે. સાચેા સાક્ષર અને સાહિત્યક પણ તે પડ્યું નહિ રહેવા દે શિક્ષકે શિક્ષક તરીકે રહેવું હેાય તેા એ ઉપાડી લીધે જ છૂટકેા છે. નહિ તેા એ શિક્ષક મટી જવાનેા છે; એનેા ભાવ કેાઇ પૂછવાનું નથી. અને કેાણ પૂછે છે?

ટકાના તેર, ને ઉપર બે માગ્યા !
પંતુજી, પંતુજી, ને હડે હડે ! !

એ પંતુજીની છાપ, ને એ કલંક ભૂંસી નાખવાં હોય તો આ અક્ષરજ્ઞાન યોજનાં અપનાવ્યા વિના આરો નથી. ભૂલે ચૂકે પણ શિક્ષકના ધંધામાં ભરાઇ પેઠા હોય, તોયે હવે તો આ યોજના હાથ ધર્યા વિના ચાલે તેમ નથી. સાથ આપીએ તો પછી એ ધંધાને દીપાવ્યે જ જશ. અને એને દીપાવીને આપણે જ દીપવાનું છે. તો સાથને લૂલો શા માટે કરવો ? લૂલા સાથથી તમે જ લૂલા રહેશો. દઢથી દઢ જ બનશો. તો મજબૂત બની ધંધાનું ગૌરવ કેમ ના વધારવું ? વિમાની-વિજ્ઞાની જમાનો હવે ખોડિયું ખખાડિયું નહિ નભવા દે. ત્યારે આપણા નક્કર કામને આગળ કરી ટટ્ટાર ને અક્કડ થઇને કેમ ના ફરવું ? શા માટે આપણે વગોવાઇ મરવું ?

ગામડે ગામડે ગોઠવાયેલા શિક્ષક માટે આ સહેલું ને સરળ કામ છે. છતાં તે મોટામાં મોટી સેવા છે. આખા ગામમાંથી નિરક્ષરતાને સાવ નાબૂદ કરવી એ કાંઈ ઓછી સેવા છે ? જે ગઇ કાલે ધોળા ઉપર કાળું જ ભાળતાં, ને

કાળા કાળા મંકોડા, ને રાતી રાતી ઝીમેલો.'

કહેતાં, તેમને આજે 'કાકા' 'દાદા' 'મામા' વાંચતાં કરી દેવાં, ને ત્યાંથી માંડી રામ, રહેમાન ને આત્મા-પરમાત્માની આધ્યાત્મિક તત્ત્વોના વિશાળ વાચનનો પ્રદેશ ઉઘાડી આપવો, એ કયી રીતે ઓછી સેવા ? શિક્ષક એ સેવા ભૂલ્યો, ને પડ્યો ! એની જ સાથે સમાજ પણ અજ્ઞાનતાની ઉંડી ખાઇમાં ઢળી પડ્યો. એ સેવા શિક્ષક બજાવતો ત્યારે સમાજ જ્ઞાનના પરમ શિખરે વિરાજતો, ને શિક્ષકેય બહુ પૂજાતો. ફરી એ સેવા સ્વીકારે, ને આજ ધૂતકારાતો શિક્ષક પાછો આવતી કાલે જરૂર સન્માનાવાનો ને પૂજાવાનો. પછી એને પેટ ને પગારની તકરારોમાં ઉતરવું નહિ પડે. શિક્ષકે ગૂમાવેલી પ્રતિષ્ઠા (Status) પાછી મેળવવી હોય તો આ જ એક રસ્તો છે—

લોકસેવામાં લાગી જઓ.

અને તેય આપણા જ ક્ષેત્રમાં.

શિક્ષણ ને સંસ્કાર એ શિક્ષકનું ક્ષેત્ર; શિક્ષણ ને સંસ્કારની સેવા એ શિક્ષકનો પ્રથમ ધર્મ. તે છોડીને આપણે શીદ બીજે માથું મારીએ ? આપણે આપણા જ ક્ષેત્રમાં પાવરધા થઇએ. એ જ આપણો આદર્શ.

શિક્ષણ અને સંસ્કારનું ક્ષેત્ર—ભણવા ભણાવવાનું કાર્ય આપણે કદી ના ચૂકીએ. પણ તે આંધળે આંધળું નહિ, જૂની ઘરેડનું નહિ; પણ નવી પરિસ્થિતિ ને જરૂરિયાતોની જવાબદારી સમજીને આગળ ધપાવીએ. આજનો પહેલો મંત્ર: **નિરક્ષરતા નિર્મૂળ કરો.** લોકોને લાગવા દો કે શિક્ષક આપણે માટે સાચું જ મથી રહ્યો છે

નવું પુસ્તક
પ્રાથમિક શાળામાં શિક્ષણપદ્ધતિઓ
લેખક : ગિજુભાઇ

શિક્ષણશાસ્ત્રનું પુસ્તક: એકંદર ચોવીશ પદ્ધતિઓ સંબંધે માહિતી આપી છે. વડોદરા મેલ ટ્રેનિંગ કોલેજમાં પાઠ્યપુસ્તક તરીકે ચાલુ થયું છે. પાકું પૂંઠું. આઠ આના: પોસ્ટેજ બે આના.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

ને સમાજની પહેલી ખુરશી શિક્ષકની જ છે. શિક્ષણ ને સંસ્કારની સાચી દિશામાંના આપણા તનતોડ, અવિરત, અથાગ પ્રયત્નોથી જ આપણાં સ્થાન, માન, પ્રતિષ્ઠા, પૈસો ને સઘળી સમૃદ્ધિ આપણી આંખ સામે ખડાં થશે. કાલાવાલા ને કાકલુદીભરી અરજીઓ આપણને કંઇ નહિ અપાવે. માટે ઓ શિક્ષકની જમાતના સાધુ મહન્તો! તમારા અક્ષરજ્ઞાનના ચીમટા ખખડાવો, ને જ્ઞાનના વાવટા ફરકાવો. જગતને જાહેર કરો કે શિક્ષકની જમાત જાગી છે. શિક્ષકસંઘો સ્થાપો ને બસ **નિરક્ષરતા નાબૂદ કરવાના નિરધાર સાથે મચી પડો.** એ જ આપને મારી નમ્ર વિનંતી છે.

શિક્ષણપ્રિય આત્માઓ તન, મન અને ધનથી આ અક્ષરજ્ઞાન યોજનાને સાથ આપે. જે ગામડે શિક્ષક કે સ્વયંસેવક ના હોય તે ગામડે તે ગોઠવવાની વ્યવસ્થા કરે. ફાનસ ગ્યાસતેલ ને ચાક પાટિયું પૂરાં પાડે. શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન, ભાવનગરની શ્રી. નાનાભાઇ ગજુભાઇની **અક્ષરજ્ઞાન યોજના** માટે ખાસ યોજેલી 'કેમ શીખવવું?' 'ચાલો વાંચીએ' અને 'આગળ વાંચો' વગેરે ચોપડીઓ વધારે અનુકૂળ છે, તે પૂરી પાડે. અક્ષરજ્ઞાન યોજના માટે દરેક શિક્ષક આ ઉપરોક્ત ચોપડીઓ જ વાપરે. એથી ફક્ત દોઢ બે માસમાં માણસ વાંચતો થઇ જાય છે. 'પાકી કેડીએ તે કાના ચઢે?' એવી એવી જૂની ખોટી માન્યતાનો આ પદ્ધતિ પહેલે જ દિવસે ભૂક્કો કરી નાખે છે. અને 'કાકા' 'દાદા' 'મામા' કરતાં ભણનાર હોંશે હોંશે આગળ વધે છે. એ આ પદ્ધતિની ખુબી છે. અમે આ અખતરો અહીં વાઘોડીઆ મહાલમાં શરૂ કર્યો છે ને ઘણાં નિરક્ષરો વાંચતાં થઇ ગયાં છે.

ગુજરાત મહાગુજરાતના દરેક શિક્ષકો, યુવકો અને શિક્ષણપ્રેમીઓ આ સાદ સાંભળશે? અક્ષરજ્ઞાનની આ હાકલ એકે અવાજે ઉપાડી લેશે? મારી તેમને આ દર્દભરી અપીલ છે.

કમળાશંકર.

બીજું તે આપે શું કરીએ?

૧

"કાં રમાબેન! કેમ છો મનુને?"

"આ જુઓને ભીડીબેન, એમ ને એમ છે."

"તે, દવા કોની કરો છો?"

"મોટા દાક્તરની. દવાદારૂમાં તો જરાકે કસર નથી રાખતાં, પણ ફેર જ નથી પડતો. આ જુઓ, આખો દિ' હું એની પાસે જ બેસી રહું છું; અહીં ને અહીં જ. એક તણખલુંય હું નથી ઉપાડતી. એ આવ્યો છે તે દિ'થી આજ બાર મહિના થયા, પણ મેં એના બાપને રોટલોય નથી ઘડી દીધો! બધું મોતી કામવાળી કરે છે."

"છે જ ના બાઈ! રમાબેન, તમનેય તે કંઈ સારું તો નથી લાગતું. દવા કરો છો?"

"ના....દવા તો...નથી કરતી. મૂઇ દવા કડવી, મને તો ગળેથી જ નથી ઉતરતી. શું કરું? પણ અત્યારે મારું કયાં ચઉં? મને તો

શક્તિ જ ન મળે. આ આવ્યો છે તે દિ'થી મને ધાવણ જ મુદ્દલ નથી. બિચારે જન્મીને ધાવણ તો ચાખ્યું જ નથી ! ગાયના દૂધ ઉપર ને દૂધ ઉપર. એના બાપ બિચારા–ટૂંકા પગાર તોય પૈસા ખરચવામાં બાકી નથી રાખતા. ગાયનું દૂધ તો કે હાજર. વિરોલના બાટલા તો કે હાજર. ગરમ લૂગડાં તો કે હાજર. મોટો દાક્તર તો કે હાજર. દવાના શીસા તો કે હાજર ! બિચારા ઓછા ઓછા થઈ જાય. આટઆટલું કરીએ ત્યાંય કંઈ ફેર નહિ, ત્યારે બીજું તે અમે શું કરીએ ?"

૨

"જયજય શેઠ !"

"આવો માસ્તર, બેસો."

માસ્તર બેઠા.

"કેમ, આજે તો આ તરફ ? આપણો કનુ કેમ છે ભણવે ?"

"શેઠ, બેદરકાર ઘણો છે. ધ્યાન રાખનાર હોય તો છે હુશિયાર. પણ અત્યારે તો રખડે છે."

"એમ કે ? ત્યારે તમે કાં કહેતા નથી ? તમે એને ભણાવવા આવતા જાઓ. પાંચ રૂપિયા આપશું. માસ્તર ! અમે તે શું કરીએ ? કામ ધંધો કરીએ કે એની પાછળ ભટકીએ ? સાચું પૂછો તો મરવાની પણ ફુરસદ નથી ! અમે કહો તે ફી આપીએ. અમે કહો તે ચોપડીઓ અપાવીએ. અમે કહો તે લૂગડાંલત્તાં આપીએ. અમે પૈસા વાપરવા આપીએ. અમે માસ્તર રાખીએ. ત્યાંય ન ભણે તો બીજું તે અમે શું કરીએ ?"

૩

"ઉભો થા, પનુ ! કેમ દાખલો બોટો પડ્યો ? ચાલ, હાથ ધર."

પનુએ બ્હીતાં બ્હીતાં હાથ ધર્યોઃ "સાહેબ નથી આવડતો."

"નથી આવડતો ! હં...નથી આવડતો, ક્યાંથી આવડે ? સમજ્યા વીએ ત્યારે ધ્યાન ન રાખવું ને પછી નથી આવડતો...!"

ઉપરાઉપરી ત્રણ સોટી માસ્તરે મારી.

પનુ 'વોય મા' ની બૂમ મારતો મોટેથી રડી પડ્યો.

"ચૂપ ! બૂમો મારે છે ? ઢોંગી ! ચાલ, બાંકડા પર ઉભો થા."

પનુ રડતો રડતો ઉભો થયો ને માસ્તર બુરશી પાસે ગયા.

માસ્તરની આંખમાંથી રૌદ્રરસ ઝરતો હતો, જ્યારે પનુની આંખમાંથી કરુણરસ ટપકતો હતો. "અમે તે મરીએ ? હજાર વખત સમજાવીએ. હજાર વખત લખાવીએ. હજાર વખત વઢીએ. હજાર વખત મારીએ. હજાર વખત કહીએ કે ભાઈ, ભણો, ભણો ! ભણશો તો તમને જ કામ લાગશે, તમારા માટે કરીએ છીએ; એમાં અમારો કંઈયે સ્વારથ છે ? આટઆટલું કહીએ ત્યાંયે એના ઓ. ત્યારે બીજું તે અમે શું કરીએ ?" જ.

વાર્તા : કલા અને કારીગરી

કોઈ પણ કલાની કૃતિના જેમ બબ્બે ભાગ પાડી શકાય તેમ વાર્તાના પણ બે ભાગ પાડી શકાય. રંગ, માપ, સમતોલપણું વગેરે ચિત્રોનો કારીગરી વિભાગ છે; પણ ભાવપ્રદ-

ર્શન, વિચારપ્રસ્ફોટન એ ચિત્રનો કલા વિભાગ છે. સૂર, તાલ વગેરે સંગીતનો કારીગરી વિભાગ છે, પણ ગાન એ સંગીતનો કલા વિભાગ છે. એવી જ રીતે વાર્તામાં અમુક વિચારને, અમુક ભાગને આગળ ધરવો, એમાં શ્રોતાગણને તલ્લીન કરવો એ કલા વિભાગ છે. અને એ ભાવ–એ વિચાર સમતોલ રહે, એ પોતાના પૂર્ણ સ્વરૂપમાં અને યથાકાળે વિકસે એ માટેની આજુબાજુની તૈયારી તે કારીગરી વિભાગ છે. કલા પ્રમુખ છે અને કારીગરી ગૌણ છે. છતાં કારીગરીની અવગણના કરવામાં જોખમ રહેલું છે. કારણ કે કારીગરીના દેહ દ્વારા કલાનો આત્મા આપણે દેખાડવાનો છે. વાર્તાના કથનમાં શબ્દોની પસંદગી, શબ્દોનું તોલન, શબ્દોની યથાર્થતા જેમ વાર્તાનો કારીગરી વિભાગ છે, તેમ જ કઈ વસ્તુ કઇ જગ્યાએ મૂકવી, કયા રસને કેટલો ખીલવવો, વિષયાંતરનું સ્થાન કેટલું, વગેરે બાબતો કલાનો વિષય છે.

જેમ કલાપૂર્ણ ચિત્ર સામાન્ય નજરમાં સુંદર લાગે છે છતાં તેમાં કારીગરીની ન્યૂનાધિકતા લાગે તો ચિત્રકારને તેમાં ઉણપ લાગે છે, તેમ વાર્તા કલા હોય તો વાર્તા સાંભળવી ગમે ખરી, પણ કારીગરીની ન્યૂનાધિકતાને લીધે તેમાં કંઇક અધૂરું રહી ગયું છે એમ વાર્તાના ભોક્તાને લાગ્યા વિના રહે જ નહિ.*

*વાર્તાનું શાસ્ત્રમાંથી લેખક ગિજુભાઈ
કિંમત ૧–૨–૦ : પાનાં ૩૦૦ : પોસ્ટેજ ૦–૪–૦
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર.

મારાં બાલ–સંસ્મરણો

નોંધ : આવાં બાલસંસ્મરણો અંદરખાનેથી બાળકની માનસિક દશા કેવી હોય છે. અને શાળામાં તથા ઘરમાં સામાન્ય લાગતા બનાવો પણ બાળકના મનને કેવી તંગ સ્થિતિમાં રાખ્યા કરે છે તેનો અભ્યાસ કરવામાં ઘણા સહાયભૂત થઇ શકે. તંત્રીઓ.

જેમ ઈયળમાંથી પતંગિયું થાય અને પછી તે પોતાને સ્વાતંત્ર માની ગમે તેમ વિહરે, તેમ હું ત્રણ વર્ષનો થયા પછી હું અહીં રમવા જઉં, પણે રમવા જઉં, એમ કરી ઘડીએ ઘડીએ ઘર બહાર હરવા ફરવા લાગ્યો. અમારા ફળીયામાં અમે છ સાતેક બાળકો હતા. અમે ભેગા મળી જુદી જુદી જાતની રમતો રમતા. કેટલીક વખત બીજા ફળિયા સુધી જઇ ચડતા. અમારી તે વખતની રમતોમાં કંઈ જાણવા જેવું ન હતું. અમે કુલડીમાં માટી લઈ એક જગ્યાએ ઢગલો કરતા. પાણી લાવી પલાળી તેના લાડુ કરતા. પછી અમે એ લાડુ બધાને પીરસી દેતા. પછી અમે અમથા અમથા ખાતા હોઈએ એવો ઢોંગ કરતા. પણ એટલામાં અમે વિના કારણે લડી પડતા અને સૌ સૌને ઘેર ચાલ્યા જતા. કેટલીક વાર ઘરમાંથી બાપાની લાકડી લાવી ઘોડો પલાંગતા અને ચાબુક મારી ઘોડાને હાંકતા. કેટલાક બાળકો નળિયાં લાવી પત્થર પર ઘસી તેનું કંકુ બનાવતા, અને ચૂંક ચોપડી અમને કપાળે ટીલું કરતા. વંડામાં નાખેલી માટીના અમે પ્યાલાવતી કૂબા કરતા. તેમ જ લાકડીવતી ઉંદરનાં દર અને મહાદેવની દેરીઓ બનાવતા. બહારથી આકડાનાં પાન વીણી લાવી અમે તેના પર માટીના લાડવા મૂકતા. ઘરમાં આણેલાં કડવાં ધીલોડાંનું હળ બનાવી માટીમાં ખેડ કરતા અને નાના નાના છોડ રોપતા. જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ અમને ઘણી વધારે રમતો મળી.

મોટા છોકરા સાથે એક વખત હું તળાવે નહાવા ગયેલો. બધાય ઉંચે પગથીએ ચઢી

ઘુણકા ખાતા હતા. મનેય મન થઇ આવ્યું મેં પણ મારા ગજા પ્રમાણે એક બે પગથિયે ચઢીને પાણીમાં પડતું નાખ્યું, પણ પડતા સાથે જ હું કેટલુંક પાણી પી ગયો, અને ડૂબકાં ખાવા લાગ્યો ! મારા ફળિયાની એક બાઇ કે જે તળાવે કપડાં ધોવા આવેલી તેની દૃષ્ટિ મારા પર પડી અને તેણે અંદર આવી એકદમ મને ઉંચકી લઈ બહાર કાઢયો.

લગભગ આ જ સમયમાં મને નિશાળે મૂકવામાં આવેલો. મારા પિતાશ્રીએ મને ભણાવવાને જ નિશાળે મૂક્યો હોય તેમ મને હજુ સુધી પણ નથી લાગતું. કારણ એક વખતે મને મહેતાજીએ નિશાળમાં સોટી મારી અને મેં નિશાળે ન જવા મારા પિતાશ્રી આગળ હઠ લીધી. ત્યારે તેઓએ મહેતાજીને મારે માટે ચોખ્ખું કહી દીધું કે " મેં મારા છોકરાને શાળામાં ભણવા માટે નથી મૂક્યો પણ તળાવ કે કૂવામાં પડી મરી ન જાય તે માટે સાચવવા મૂક્યો છે." આ વાકય હજુ પણ મને સાંભરે છે. ત્યાર બાદ ઘણી વાર હું માસ્તરની બીકે શાળામાંથી નાસી છૂટેલો.

નિશાળે નહિ જવા બદલ એક વાર મહેતાજીએ મને ઉંચે બાંધેલો અને આંબલીની સોટી ચમચમાટ બોલાવી મારેલો. વધસ્થંભે લટકાતાં હું ખૂબ ધ્રૂજી ઉઠેલો. ધ્રૂજતાં ધ્રૂજતાં મારાથી મહેતાજી પર પિશાબ કરી જવાયેલો અને પુનઃ માર પડેલો.

આ વખતે એટલે લગભગ સાત આઠ વર્ષની ઉંમરે પણ હું ભાગ્યે જ ધોતલી પહેરતો. એક ખમીસ કે ડગલી અને ટોપી પહેરી હું નિશાળે જતો. ત્રિકોણાકારની એક પાટી અને એક નૂની ચોપડી લઈ હું ધ્રૂજતાં ધ્રૂજતાં નિશાળે પહોંચતો. કેટલીક વખત મારા પિતાશ્રી મારા પર દયા ખાઈ મને નિશાળે મૂકવા આવતા. ત્યાં તે એકાદ બે કલાક બેસતા અને મને સંતોષતા. મહેતાજી મને ન મારવા વચન આપતા ત્યારે મારા પિતાશ્રી ઘેર જતા, નહિતર ત્યાં સુધી કેટલોક વખત બેસતા.

એક વખત મારા પિતાશ્રી માંદા હતા. તેમને આણંદ મુક્તિફોજ ઈસ્પિતાલમાં લઈ જવામાં આવેલા. હું મારી બા સાથે પહેલી જ વાર ગાડીએ ગયેલો. શું કહું મારી એ વખતની ભયંકર સ્થિતિ? 'સ્ટેશન' માં ડંકો વાગ્યો અને સામી બાજુથી એક મોટી ભેંશ જાણે ધૂમાડો કાઢતી દોડતી આવતી હોય તેમ મને લાગ્યું. હું મારી બાની પૂંઠે લપાઇ ગયો, અને "આ શું ?" કહી થરથર ધ્રૂજવા લાગ્યો. પણ બાએ મને ઉંચકીને ગાડીમાં બેસાડયો. પછીથી તો મને તેમાં મજા પડી.

પક્ષીઓને પકડવાનું મને વધારે ગમતું. પતંગિયાંને તેમ જ ચકલી કાબરનાં બચ્ચાંને હું પકડતો અને પાછાં છોડી દેતો. એક વખત બાએ સડેલી બાજરી ચકલાંને આપવા કાઢેલી. મેં બાજરી બહાર નાખી અને બીસકોલાં, ચકલી, કાબર વગેરે ચણ લેવા આવ્યાં. હું દૂર રહી જોતો હતો. મને થયું લાવને એકાદને પકડું ! મેં એકદમ મારી પડિયા જેવી ટોપી હાથમાં લઈ તે પ્રાણીઓ ઉપર ફેંકી. એટલામાં એક બીસકોલીનું બચ્ચું ઉછળીને મારી બાંયમાં પેસી ગયું. હું એકદમ બીધો ! તેનાં ગલગલિયાંમાંથી દૂર રહેવાને જેમ તેમ ઉતાવળે મારું પહેરણ કાઢી નાખી દૂર જઇ ઉભો.

એક વખત મેં સોટીનું તીરકામઠું બનાવ્યું. હું ઉંચે તીર ફેંકતો અને બીજાની સાથે હરીફાઈ કરતો. એક વખત એક દેવચકલી આમતેમ પૂંછડી પટપટાવતી હતી. મને થયું કે હું બધે નિશાન તાકું છું તો આ ચકલી પર તકાય છે કે નકામું જાય છે ? મેં એકદમ પ્રયોગ કરી એક સૂળ બોસેલું તીર છોડયું. તીર જઇ બરાબર ચોંટયું. ચકલી ઉંધી થઇ આકાશ તરફ પગ તરફડાવવા માંડી. હું પાણી લેવા દોડયો. પાણી તેના પર છાંટયું પણ ફોગટ ! એક કુદરતના રમણીય બચ્ચાનું આમ બેવકૂફીથી ખૂન કરવા માટે મને પશ્ચાત્તાપ થયો !

આ બનાવ પછી તો મેં તે પ્રકારની ગમ્મત છોડી દીધી. પશુપક્ષીઓને કોઈ કોઈ પ્રસંગે દુઃખ-

માંથી છોડવતો. આમ મારામાં દયાની તીવ્ર લાગણી ઉત્પન્ન થઈ.

એક વખત હું ખેતરમાં જતો હતો. અચાનક વાડમાંથી એક સસલું છલંગ મારીને દોડયું. પણ મારી સાથેના કૂતરાએ તેની પાછળ દોટ મૂકી તેને પકડવાનો પ્રયત્ન કર્યો. મેં વિચાર કર્યો કે આજે જરૂર કૂતરૂં સસલાને પકડી મારી નાખશે. મે એક યુક્તિ કરી. મારા હાથમાંની ટૂંકી લાકડી જોરથી મેં કૂતરા તરફ ફેંકી. પણ અફસોસ ! લાકડી કૂતરાને ન વાગતાં એકદમ સસલાને સન્નજડ વાગી. સસલું ગુલાંટ ખાઈ ઉડી પડયુ ! કૂતરૂં તેને મ્હોમાં ઘાલીને દૂર દૂર ચાલ્યું ગયું !

તદ્દન નાની ઉંમરે મને ભૂતની કે એવી કોઇ પ્રકારની બીક લાગતી હોય તેવું મને યાદ નથી. પણ દસેક વર્ષની ઉંમરે જ્યારે હું ભૂતની વાતો સાંભળતો થયો, ત્યારથી થોડોક વખત મારામાં જાણે ભૂત પેસી ગયું હોય તેમ અંધારામાં જતાં પણ બ્હીવા લાગ્યો. મારા ભાઈબંધો કહેશે: " ફલાણા ચકલામાં અને ફલાણા ઝાડ ઉપર ભૂત અને ઝાંપડો રહે છે. " ખરેખર મને તેવા શબ્દોમાં શ્રદ્ધા રહેતી. જ્યારે જ્યારે એ જગ્યાએ જવાનો પ્રસંગ આવતો ત્યારે ત્યારે હું કંપી ઉઠતો. ત્યાર પછી તદ્દન નજીવી બાબતમાં પણ બ્હીવા લાગ્યો. રાત્રે એકલા સૂઈ રહેવાનો પ્રસંગ આવતાં હું ચીસ પાડીને પથારીમાંથી ઉઠી જતો. આ વાતો સાંભળ્યા પછી હું એક વખત મારા પિતાશ્રી સાથે ખેતરમાં ગયેલો. રાત્રિનો આઠનો સુમાર થઈ ગયો હતો. ભાતું આવ્યું ન હતું. અમે બન્ને ખૂબ ભૂખ્યા હતા. અનાજના ઢગલા ખળામાં પડ્યા હતા. મારા પિતાશ્રીએ મને કહ્યું: " ભાઈ, હું જલદી ભાતું લઈ આવું ત્યાં સુધી તું અહીં બેસ. અહીં કઈ બીક નથી. " તે તો ભાતું લેવા ગયા. હું ગોદડું ઓઢી નિર્જીવ માફક એક અનાજના ઢગલા પાસે પડી રહ્યો. અચાનક વાડમાંથી એક હોલો ફફડયો અને મારી બીકનો પાર ન રહ્યો ! મને થયું કે મારા ભાઈબંધે કહેલું તે જ ભૂત અહીં આવ્યું. હવે હું શું કરીશ ? તે ભડકો થઈ મને બાળી મૂકશે તો ? મારી છાતી ધડક ધડક થતી હતી. મને પુષ્કળ પરસેવો છૂટયો હતો. હું છેલ્લી ઘડીઓ ગણતો હોઉં એમ લાગતું હતું, પણ એટલામાં જ પાસેના ખેતરમાં માણસનો બોંબારો સાંભળ્યો. મારામાં જીવ આવ્યો અને હું ઉંચી આંખ કરી આમતેમ જોવા લાગ્યો. ભૂત બૂત તો કંઈ જણાતું ન હતું. એટલામાં મારા પિતાશ્રી આવ્યા. હું ગોદડું ફેંકેટી તેમની પાછળ ભરાઈ ગયો ! આમ બીકણ મિત્રોના સહવાસથી મારામાં બીક પેસી ગયેલી.

એક બાબત ખાસ જાણવા જેવી છે. મારામાં બીકના સંસ્કારનું સિંચન થવાથી રાત્રિદિવસ મને ફફડાટ રહેતો. રાત્રે હું સૂઈ જતો ત્યારે ઉનાળો હતો છતાં બીકને અંગે હું ગોદડું ઓઢીને સૂઇ જતો. અંદર મને પરસેવો પરસેવો થઈ જતો, તેમ જ ઉકળાટ થતો, છતાં ભૂતથી બચવા માટે લગભગ ઘણો વખત આ સ્થિતિમાં રહેવું પડયું હતું. રાત્રે બળદ કે ભેંશ પોદળો કરે કે માથું હલાવે તો હું એમ જ જાણતો કે ઘરમાં ભૂત પ્રવેશે છે. થોડી વાર પછી મારા પર ચઢી બેસશે તો હું શું કરીશ? આમ બીક લાગવાથી મારી છાતી ફાટું થતી. હું અંદરથી રડવા જેવો થઈ જતો. પણ ઓચિંતો કોઈ વૃદ્ધનો બોંબારો સાંભળી પાછું મારામાં પુનર્જીવન આવતું. એક દિવસ ઉનાળાની રાત્રિએ ગોદડું ઓઢીને હું સૂઇ ગયેલો. રાત્રે કોણ જાણે, કયાંથીયે કૂતરૂં આવીને મારા પર સૂઇ ગયેલું. હું તો ઘસઘસાટ ઊંઘતો હતો. એકદમ જાગ્યો અને મારી ઉપર કોઇ ભૂત ચઢી બેઠું હોય તેમ મને ખ્યાલ થયો. હું અંદર હાલું યે નહિ ને ચાલું યે નહિ. મને થયુ કે આજે જરૂર મારો કાળ આવી લાગ્યો. હું ઊંધ્યો એટલી વારમાં મારા પર ભૂત ચઢી બેઠું. આમ કરતાં સવાર થયું અને કૂતરૂં ચાલ્યું ગયું.

એક વખત મેં મારા કાકાને આ બધી વાત કરી. તેમણે મને કહ્યું કે હવે હું તારી સાથે સૂઇશ. રાત્રે તું મને ભૂત બતાવજે. પછી અમે સાથે સૂવા લાગ્યા. એક રાત્રે હું ઊંઘમાંથી અચાનક જાગી ઉઠ્યો. થોડી વાર થઇ એટલામાં તો ભેંશે ધણધણ પોદળો કર્યો. મને થયું કે જરૂર ભૂત આવ્યું. મેં ધીમેથી કાકાના કાનમાં કહ્યું: "કાકા, જુઓને, આ ભૂત આવ્યું. હમણાં જ તેણે ધણધણ અવાજ કર્યો." કાકા જાગતા જ હતા અને જાણતા હતા કે આ તો ભેંશ પોદળો કરે છે. તેમણે ખડખડાટ હસીને મને કહ્યું: "મૂર્ખા, આ તો ભેંશ પોદળો કરે છે, તેનો અવાજ છે." મેં જોયું તો માલમ પડ્યું કે ખરેખર ભેંશે પોદળો કર્યો હતો! વળી થોડીક વાર થઇ; હું અને મારા કાકા બન્ને એક ગોદડું ઓઢીને સૂતા હતા. શિયાળાની રાત હતી. હું સહેજસાજ જાગતો હતો. કોઈ ધીમેથી અમારા ખાટલા ઉપર આવી મારી ઉપર જ ચઢી બેઠું! મને તો થયું કે જરૂર આ ભૂત છે. મેં ચમકીને કહ્યું: "કાકા, આ વખતે તો જરૂર ભૂત છે. જુઓને?" એમ કહી હું ધીમેથી તેમની સોડમાં લપાવા લાગ્યો. પણ કાકાએ જોરથી તે તરફ લાત મારી તો કૂતરું કાન પટપટાવતું એકદમ ચાલ્યું ગયું. બીકણ મિત્રોથી મારામાં આમ ભૂત પેસી ગયું હતું.

વરસાદ વરસે તેની સવારે મને તળાવનું પાણી જોવા જવાનું ઘણું મન થતું. ખળખળ કરતું વહેતું પાણી જોવાની મને ખૂબ મજા આવતી. હું ઉઠીને તરત તે જોવા ઉપડી જતો. ધોવાઈ ગયેલી જમીનમાંથી હું પેનો શોધતો અને ભેગી કરતો. કેટલીક વાર તેમાંથી મને પાઈ, પૈસો, આની, બે આની જડેલાં. સૂંવાળા પથરા ને લાલ પીળા કાચ હું ભેગા કરતો, ઘેર આવીને કોથળીમાં ભરતો અને વારંવાર તે જોઈ આનંદ પામતો.

શાળામાં મારે કેટલીક મુશ્કેલીઓ દસ વર્ષની ઉંમરે હતી જ. મારી 'ફી' એક આનો હતી. કોઈ વાર મારી બા એ પૈસા વહેલા મોડા આપતી અને તેથી મારે કેટલીક વાર માર ખાવો પડેલો અને આખો દિવસ ઉભા રહેવું પણ પડેલું; અને વળી 'છેલ્લો નંબર' તો પૂરાવવો જ પડે. 'ફી'ને દિવસે હું કેટલીક વખત બા સાથે હઠ કરું, રડું, રીસાઉં પણ ઘરમાં પૈસા ન હોય તે બા ક્યાંથી આપે? આથી મને એને માટે એક યુક્તિ જડી. હું રજાને દિવસે ખેતરમાંથી ચણોઠી વીણી લાવતો. શેરના બે પૈસા મને મળતા. આ રીતે મહિને એક આનાને બદલે બે આના સુધી કમાતો. થોડા વખત પછી એ કંટાળાભર્યો ધંધો મૂકી ઝાડવાં પરથી કણગાં વીણી વેચવાનો ધંધો કર્યો. આમાંથી મને મહિને દિવસે લગભગ પાંચ છ આનાથી વધારે પૈસા મળતા. આ રીતે શાળાનો એક આનો નભ્યે જતો. અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો ત્યારે કેટલીક વાર માબાપ તરફથી 'ફી' મળતી. ન મળે ત્યારે ઉઠી જતો. ઋતુ પ્રમાણે પતંગો બનાવી વેચવાનો, દારૂખાનું વેચવાનો, થોડાક પૈસા રોકી કાગળ પેન્સિલ વેચવાનો ધંધો કરી હું થોડુંક કમાતો, અને તેમાંથી હું કેટલાક મહિનાની ફી ભરી શકતો. આવી પૈસાની અનેક મુશ્કેલીઓ નડતી.

આઠ નવ વર્ષની ઉંમરે મને ચોપડીમાં પાઠ કે એવું નિશાળનું લેખન લખવાનું ઘણું મન થઈ આવતું. મને કાગળો નહિ મળવાથી બૂની 'કૉપી' માંથી કોરા કાગળો કાઢી તેની નોટ બાંધતો. શાહી ન મળે ત્યારે ખેતરમાં જઇ બોરનાં રાતાં જીંડવાં વીણી લાવી ઉપરથી કાંટા કાઢી નાખી તેની શાહી બનાવતો, અને 'નોટ'માં છાનુંમાનું કંઇક લખતો. કોઈ વખત મારી પાસે કાંકરો ન હોય તો ઘરમાંથી તલ કે ચોખા ગજવામાં ભરી જઈ, તે વેચીને લેતો.

મને 'બૂટ' પહેરવાનો તે વખતે બહુ જ શોખ હતો. કેટલાક શ્રીમંત બાળકોના 'બૂટ' જોઈ મને પણ તેવા પહેરવાનું મન થઇ જતું. પણ જ્યાં સાદા ચંપલ પણ બાપા ન શીવડાવી આપે તો બૂટની તો આશા જ ક્યાંથી રાખી શકાય?

પંદર વર્ષની મોટી ઉમર થતાં સુધી પણ બાપાએ મને પગરખાં લઈ આપેલાં નહિ. ત્યાર બાદ મને પરણાવ્યો. તે દિવસ સિવાય મારી જીંદગીમાં મને કોઇ દિવસ તે પહેલાં પગરખાં મળ્યાં હોય એવું યાદ નથી!

હું આઠેક વર્ષનો હતો તે વખતે એક દિવસ નિશાળમાં મહેતાજી ગુણાકાર શીખવતા હતા. મને એટલું યાદ છે કે મારની બીકથી જ્યારે કોઈ પણ કામ હું હાથમાં લઉં ત્યારે તે જરૂર ખોટું પડતું. મારૂં ધ્યાન તેમાં રહેતું જ નહિ. થોડી વારે મહેતાજી તે દિવસે સોટી લઈને આવ્યા. મને કહ્યું: "ચાલ, લે, કર જોઇએ આ ગુણાકાર." મારી દૃષ્ટિ સોટી વાંસામાં ક્યારે પડશે તે પર હતી! બીકમાં ને બીકમાં મેં ગુણાકાર કર્યો પણ ખોટો પડ્યો! એકદમ મહેતાજીએ મારી બાન્હુગાં બેસી જઈ મારી જાંગમાં ચુંટલો ખણ્યો અને ઉપરથી બેચાર સોટી લગાવી દીધી. મારી આંખમાંથી બળબળ આંસુ નીકળી પડ્યાં. પણ જરા વારમાં આંસુ લૂછી સ્વસ્થ બેઠો. એટલામાં પિતાશ્રી ડોકાયા. મારો દયામણો ચહેરો જોઈ તેઓ મારી પાસે આવ્યા અને પડખે બેઠા. હું ચોધાર આંસુથી રોઈ પડ્યો. બાપાએ તેમના ધોતિયાથી આંસુ લૂછી નાખ્યાં અને મને લઈ ઘેર ચાલતા થયા. આમ મારા પિતાશ્રી વારંવાર નિશાળમાં આવી મારી તપાસ કરતા, અને મને મારે છે કે નહિ તે ઓથે રહીને જોતા.

આમ કેટલીક વાર દુઃખ સહન ન થવાથી હું ખેતરમાં જઈ છૂટ મ્હોંએ રડતો. મારો ઉભરો કાઢવાનું સ્થળ ખેતર હતું. ત્યાં જઈ વિચારો કરતો અને વારંવાર રડતો. દસ વર્ષની ઉંમર સુધીમાં હું શાળામાં હસ્યો હોઉં કે મેં જરા પણ આનંદથી મ્હોં મલકાવ્યું હોય એવું યાદ નથી. મને નવાઇ લાગે છે કે હસ્યા સિવાય તે વખતે હું કેવી રીતે જીવી શક્યો હોઈશ?

પણ અત્યારે તેનો બદલો વાળવા હું અનંતગણું હસી લઇને તે ભયંકર દિવસોને વિસારી દેવા પ્રયત્ન કરૂં છું. *

પુરુષોત્તમદાસ પટેલ

* ભાઈ પુરુષોત્તમદાસ પટેલ જેમને અમે દાસભાઈના નામથી ઓળખીએ છીએ તેઓ અત્યારે સ્પેઈનમાં બાર્સીલોનમાં ડૉ. મોન્ટીસોરીના વર્ગોમાં હાજરી આપવા ગયેલા છે. તેઓ જ્યારે શ્રીદક્ષિણામૂર્તિ મોન્ટીસોરી અધ્યાપનમંદિરમાં અભ્યાસ કરતા હતા ત્યારે તેમણે લખેલો આ લેખ અત્યારે પ્રગટ કરતાં અમને આનંદ થાય છે. **તંત્રી**

:: રંગસ્વરૂપ ::

જંગલી અથવા તો અસંસ્કૃત લોકોને અત્યંત ચળકતા રંગો આકર્ષે છે. સંસ્કૃતિમાં આગળ વધેલા લોકો આછા ઘેરા અને ઠંડા રંગો પસંદ કરે છે.

રાતા, નારંગી અને પીળા રંગો અનુક્રમે આનંદદાયક ઉત્તેજના આપનારા રંગો છે.

કુદરતનો પ્રિય રંગ લીલો છે. શણગાર કે આકર્ષણની દૃષ્ટિથી લીલો ઓછો મોહક છે. લીલો રંગ મગજને ઉશ્કેરવાને બદલે શાંતિ આપે છે.

રાતા અને ભૂરા રંગો શણગારના કામમાં ઉપયોગી છે.

ભૂરો રંગ મન ઉપર અમુક જાતની જ ઉત્તેજક અસર કરે છે. ગ્રાહકશક્તિમાં ઉત્તેજના લાવે છે.

જેઓને રાતો રંગ ગમે છે તેઓ પ્રાણ-

વાન, સ્થિર સ્વભાવના અને ક્રિયાત્મક વૃત્તિના હોય છે. તેમને ઘર બહાર છૂટમાં વધારે ગમે છે.

જેઓને જાંબલી (Purple) ગમે છે તેઓ મોટે ભાગે શાંત, નમ્ર, શાંતિપ્રિય અને સમભાવી વૃત્તિના હોય છે.

જેઓને મેગ્નેટા રંગ ગમે છે તેઓ વિચાર અને ક્રિયામાં અચોક્કસ હોય છે. તેઓ શું કરવા માગે છે તેની તેમને પોતાને જ ખબર હોતી નથી. તેથી તેઓ અમુક નિશ્ચિત કામ કરવાને બદલે ચાલતા પવનને વશ વર્તીને ચાલનારા હોય છે.

ઓરડામાં રાતો રંગ લગાડવાથી તે નાનો લાગે છે, ને ભૂરો લગાડવાથી મોટો લાગે છે.

આપણા ઘરમાં જમીન ઉપર લાકડાનો કુદરતી રંગ, છાલનો રંગ, બડક, રેતી અને માટીનો રંગ સારો લાગે છે. **ગિ.**

એક અનુભવ

પ્રિય બહેન.....

તમારો કાગળ મળ્યો. તમે પૂછેલા તમામ પ્રશ્નોના જવાબ મારા કાગળમાં તમને મળી રહ્યા હશે. તમે લખો છો કે સરલાને કેવું કે ગમે છે. ખરેખર મને કલ્પના ન હતી કે સરલાને ગમવા ન ગમવાનો પ્રશ્ન ઉદ્‌ભવશે. તમે તો અનુભવી, એટલે તમને તરત પ્રશ્ન સૂઝ્યો.

ખરેખર સરલાનો એક મોટો પ્રશ્ન થઈ પડ્યો છે. અહીં પરપ્રાંતમાં એકદમ તેને ભાઈ-બંધો કયાંથી મળે ? તેની જૂની ત્યાંની બેન-પણીઓ તેને સાંભરે છે. એ તો ઠીક; પણ મને એમ લાગ્યું—અહીં આવ્યા પછી જ મને ખબર પડી કે બાળકને બાળસહચારીઓ જ જોઈએ. આપણે તેના સહચારીઓની જગ્યા લઈ શકતાં નથી. આપણે તેમની સાથે રમીએ, વાતો કરીએ, ફરવા જઈએ, વાંચીએ, બેસીએ, બધું કરી શકીએ; તો પણ સરખી ઉંમરનાં બાળકોના સહવાસની ગરજ આપણે મોટાંઓ સારી શકતાં નથી. આપણે તેમના પર પ્રેમ કરીએ, તેમને રમાડીએ, ગમ્મત કરાવીએ તો પણ બાળકોની સ્વાભાવિક તાજગી આપણામાં હોતી નથી. જેમ તરતમાં ઉઘડેલા ફૂલમાંથી સુવાસ નીકળે છે તેમ બાળકોમાંથી તાજગી ઝરે છે; ને ગમે તેમ કરીએ તો પણ આપણામાં તે લાવી શકાતી નથી. બીજું આપણે ગમે તેમ કરીએ તો પણ ઉંમર અને અનુભવથી આવેલું આપણું ડહાપણ, આપણું દૂરદર્શીપણું ને જ્ઞાન વગેરે આપણે કોઈ રીતે ભૂલી શકતાં નથી; તેના વગરનાં આપણે થઈ શકતાં નથી. તેથી બાળકોને આપણે ભારે પડીએ છીએ. આખો વખત બદામ, પીસ્તા ને પેંડા બરફી જ ખાઈએ, તો ભાવતાં હોય અને પૌષ્ટિક હોય તો પણ તેનાથી કંટાળશું; આપણને તે ભારે પડશે. તેમ આપણે બાળકોને ભારે પડીએ છીએ. સર-લાની તેની ઉંમરનાં બાળકોના સહવાસની ભૂખ તે આખરે કૂતરાંનાં સહવાસથી ભાંગવાનો પ્રયત્ન કરે છે. કૂતરાં બિલાડાં આપણા કરતાં જરૂર રમતિ-યાળ અને ઓછું ડહાપણ બતાવનારાં હોય છે. મને સરલાએ આ એક નવી જ વાત શીખવી.

હવે આસ્તે આસ્તે તે અહીં આડોશી-પાડોશીમાં પોતાની ઉંમરની છોકરીઓ સાથે ભાઈબંધી બાંધવા લાગી છે, એટલે તેનો પ્રશ્ન ઉકલશે. વારંવાર કાગળ લખતી રહેજે. એ જ.

કમલાના નમસ્કાર.

એક વ્યર્થ પત્ર

પૂ. ગિજુભાઇ

હું એક વરસની સજા ભોગવીને ઘેર આવ્યો. મારે એક સાડા છ વર્ષનું બાળક છે; તેનું નામ ઇંદુ છે. તેણે મને એક નવાઇ જેવી વાત કહી તે આપને લખું છું.

મારે છૂટવાને એકાદ અઠવાડિયાની વાર હશે ત્યાં ઇંદુ તેની બા સુમનને કહેઃ "બા, હું મારા કાકાને ઓળખી શકીશ ખરો?" થોડી વાર રહીને કહેઃ "એ મને ઓળખશે ખરા?"

હું જે દિવસે છૂટવાનો હતો તે દિવસે મિત્રો મને સ્ટેશને મળવા આવ્યા. સુમન અને ઇંદુ પણ ભેળાં હતાં. બધાં મોજમજાથી વાતોના તડાકા ઝૂડતાં હતાં. ઇંદુ એકલો એકલો વિચારતો હતો. તેના ચહેરામાં ઉદાસીનતા ભરી હતી.

"ઇંદુ, કેમ કાંઇ બોલતો નથી?" સુમને પૂછ્યું.

"અમસ્થો." ઇંદુએ વિચારવાનું ચાલુ રાખતાં ઉત્તર વાળ્યો.

"પણ કેમ કાંઇ બોલતો નથી?"

"બા, મને એમ થાય છે કે મારા બેના એ કાકા આવતા હશે?"

સુમને ઉત્તરમાં મૌન સેવ્યું. ત્યાં ઇંદુએ બીજો પ્રશ્ન છોડ્યો. "કાકા સાથે બોલતાં હું શરમાઇશ તો?"

"ગાંડા, આવું શું બોલે છે? તારા કાકા સાથે બોલતાં શરમ શાની?"

"પણ હું શરમાઉં તોય કાકા બોલાવશે ખરા?"

સુમને પૂરો જવાબ હા નહિ વાળ્યો હોય ત્યાં ટ્રેને યાર્ડમાં પગ દીધો. હું ઉતર્યો. અમે બધાં મળ્યાંહળ્યાં અને ઘેર ગયાં.

આ વાતને અઠવાડિયું વીતી ગયું. હું મારા વતનના આંબાવાડિયામાં ફરવા ગયો. ઇંદુ પણ સાથે હતો. સાંજ ઢળતી હતી અને સૂર્યનાં ગુલાબી કિરણો આંબાનાં પાંદડાં પર ભાત પાડી રહ્યાં હતાં. ઇંદુ મને વિવિધ પ્રશ્નો પૂછી એક વર્ષમાં તેણે બાલમંદિરમાંથી શું મેળવ્યું હતું તેની ચકાસણી કાઢી રહ્યો હતો. ત્યાં ઇંદુએ એક પ્રશ્ન પૂછ્યો.

"કાકા, તમને એક વાત કહું?"

"કહેને." મેં ઉત્તર આપ્યો.

"પણ તમે જવાબ નહિ આપી શકો."

"કેમ?"

ઇંદુએ ઉત્તરમાં એક કાંકરો એક ઠૂંઠા ઝાડ પર ચોડી દીધો.

"કેમ હું જવાબ ન આપી શકું?" મેં ફરી પૂછ્યું.

"હું ગિજુભાઇને પૂછીશ. તે જવાબ આપશે."

"ગિજુભાઇને જવાબ દેતાં આવડે અને મને નહિ?"

"ના, એવું કાંઇ નહિ."

"ત્યારે?" મેં ઇંતેજારીથી પૂછ્યું.

"તમને જવાબ દેતાં આવડે તો ખરો; પણ કદાચ તમે આપો નહિ."

ઇંદુના આ જવાબે મને મૂંઝવ્યો. હું જવાબ વાળું ત્યાં ઇંદુએ બીજો પ્રશ્ન પૂછી મારી મૂંઝવણ ટાળી.

"કાકા, ત્યારે કહું?"

"કહેને ભાઇ."

"જવાબ દેશો?"

"આવડશે તો દઇશ."

"ચોક્કસ જવાબ દેશોને?" ઇંદુએ ગંભીરતાથી કહ્યું.

"ચોક્કસ."

"હું કાકા, ત્યારે તમે એનાં એ કાકા છો?"

મને આ પ્રશ્ન વજ્રાઘાત જેવો વસમો લાગ્યો. હા કહેવાને બદલે મેં સામેથી પૂછ્યું: "તને કેમ લાગે છે?"

"મને તો એમ લાગે છે કે તમે એ કાકા નથી."

"તને કેવી રીતે એમ લાગે છે?"

"જુઓ કહું." કહેતાં તે વિચારમાં પડી ગયો. હું તેના ગમગીન ચહેરા તરફ જોઇ રહ્યો. થોડી વારે તેણે ચલાવ્યું. "ઓલ્યા કાકા હતાને, તે તમારા કરતાં...તમારા કરતાં પાતળા હતા; અને તમે તો જાડા છો."

જેલમાં મારું વજન છ સાત રતલ વધ્યું હતું. આ શંકામાં ઘણું વજૂદ હતું. મેં વિશેષ પૂછ્યું. "હં...પછી?"

"ઓલ્યા કાકા હતાને, એ ઘણી વાર ફરવા લઇ જતા ને તમે તો કોક દિ' ફરવા લઇ જાઓ છો."

"હં...પછી?"

"ઓલ્યા કાકા હતાને, એને મોઢે શીળીના ડાઘા વધારે હતા અને તમારે તો ઓછા છે."

"હં...પછી?"

"પછી પછી શું કર્યા કરો છો? આટલાં તો એંધાણ દીધાં. બીજાં કેટલાં દેવાં?"

ઇંદુના જવાબમાં કંટાળો હતો.

આ વાત ઇંદુએ સુમનને કરી. સુમને તે જ કાકો છું એમ કહ્યું. મારી બાને પૂછ્યું. તેનાથી સંતોષ ન થયો એટલે મારાં ભાઇ ભાભીઓને પૂછ્યું. સૌએ એ વાત હસી કાઢી, અને હું તેનો તે જ કાકો છું તેમ કહ્યું.

ઇન્દુને હવે ખાત્રી થઇ ગઇ છે કે હું તે જ કાકો છું. છતાં તેના આંતર મનમાં આ શંકા હોય તો નવાઇ નહિ.

આપ ઉપલી પ્રશ્નોત્તરી માનસશાસ્ત્રની દૃષ્ટિથી જોશો અને આ સંબંધમાં એ દૃષ્ટિબિન્દુથી યોગ્ય ખુલાસો આપી મને ઉપકૃત કરશો.

ગો૦ કા૦

સુધારો

"આપણે પાપે"માં 'ગલિઆરા સ્મારક અંક'માં અમે "શ્રી. છગનલાલ વી. ગલિઆરાએ પોતાની હૈયાતીમાં" એમ લખ્યું છે તેને બદલે "શ્રી. છોટાલાલ વી. ગલિઆરાએ પોતાની હૈયાતીમાં" એમ સુધારીને વાંચશો. અમારી આ સરતચૂકને માટે વાંચકો દરગુજર કરશે. **તંત્રીઓ**

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

એમ . . . . કેમ થતું હશે ?

ચંદ્રભાગાબેનનાં પાડોશણ પદ્મમણિ ઘરમાંથી ટહૂકયાં: "એ રસલોચનભાઇ, બજારમાંથી જરાક શાક લાવી આપશો કે ?"

ગણિત ગણતો રસલોચન ઝડપ દઇને ઉઠ્યો ને બોલ્યોઃ ' લાવી આપું. શું કામ નહિ ? આજનું લેસન લગભગ પૂરું થઇ ગયું છે."

સાઇકલનું પંકચર ઝરાઝર કરીને તે બજારે ઉપડ્યો. સાત આઠ મિનિટમાં શાક લઇ સીધો રસોડામાં કામ કરતાં પદ્મમણિબેન પાસે ગયો.

"રસલોચન, આજે શાક ખૂબ સરસ મળ્યું ! એકદમ સોંઘું ને વળી તાજું." પદ્મમણિબેને આનંદ વ્યક્ત કરતાં કહ્યું: "કયે દિવસે તું અચ્છું શાક લાવ્યો નથી ?"

ઉપલા શબ્દો સાંભળ્યા ન સાંભળ્યા તે ચટ કરતો રસલોચન ગણિતના કાર્યમાં પુનઃ લાગી ગયો. ઝટપટ લેસન પૂરું કરી પુસ્તકો ગોઠવી બાગકામને માટે કચ્છ ભીડી બોદકામની સાથે બેલવા લાગ્યો.

ઘરમાંથી બાએ બૂમ પાડીઃ "અલ્યા રસલોચન, ઉભો થા. જા, કૃષ્ણકાન્તભાઇને ઘેર જઇને નર્મદાદેવીનાં કપડાં લઇ આવ. એમને આજે જ જરૂર પડશે."

રસલોચન કહેઃ "એ અત્યારે તો હું કંઇ જતો નથી. મોટાં બાને આજે કપડાંની જરૂર જ નથી. એ તો પાંચમને દિવસે જવાનાં છે. હજુ તો ચાર દિવસની વાર છે. સાંજે શાળાએથી પાછો ફરીશ ત્યારે લેતો આવીશ."

ચંદ્રભાગાબહેન ચીડાઇને ભભકયાં: "લાલ આંખ કરીને ન કહીએ ત્યાં સુધી તો તું માનવાનો જ નહિ, કેમ ?"

રસલોચનઃ ' ના બા, એવું કયાં છે ? હું તો બધું જ માનું છું. પણ તમે મને નકામું નકામું કહેા છેા ત્યારે જ હું ના પાડું છું."

ચંદ્રભાગાબહેન કહેઃ "અમે કામ બતાવીએ એટલાં બધાં નકામાં કેમ ? ત્યારે તો કાંઇ પણ ભાઈશ્રીને કહેવાય જ નહિ, એમ ના ?"

રસલોચનઃ "ના ના, એવું નથી બા, પણ કોઇક કોઇક વાર તમે એવી રીતે કહેા છેા કે કામ કરવું ન ગમે."

ચંદ્રભાગાબહેનઃ "કયે દિવસે કહીએ ત્યારે તને કામ કરવું ગમે ?

રસલોચનઃ "રોજ રોજ કહેાને. કામ શા સારૂ ન કરૂં ? મને કયાં કાંઈ આળસ છે ?"

ચંદ્રભાગાબહેન કહેઃ "આળસ તો આખા ગામની ઉરાડી દે તેવો છું. એક ઘરના કામમાં જ વાંકાચૂંકા ચાલે છે. કલ્યાભેગું કામ તેં કોઇ દિવસ કર્યું છે ?".

રસલોચન કહેઃ "બા, એનો કાંઇ રોજનીશીમાં હિસાબ નોંધાય છે ? તમે ઘણી વાર કહેા છેા કે તરત જ કરૂં છું; ને ઘણી વાર કરવાનું મન હેાય છે છતાં નથી કરતો. કોણ જાણે કેમ એવું થઇ જાય છે !"

ચંદ્રભાગાબહેનઃ "એનું કારણ શું ?"

રસલોચન જરા વિચાર કરીને કહેઃ "કારણ તો કાંઇ સમજાતું નથી. ઘણી વાર હું એકલો પડું છું ત્યારે વિચાર કરૂં છું કે શા માટે મેં

મારી બાનું કામ વહેલું ન કર્યું ? હવેથી કોઈ દિવસ એમ ન કરવું. પણ જ્યારે તમે કંઈક એવી રીતે કહેા છેા, ત્યારે જ કામ કરવાનું મારૂં મન બગડી જાય છે. ”

ચંદ્રભાગાબહેન: “ એમ ? શું તને એમ થાય છે ? ”

રસલેાચનઃ “ હા બા, જરૂર મને એમ જ થાય છે. ”

ચંદ્રભાગાબહેન વિચારમાં પડી મનમાં ગણગણ્યાં: “ એમ તે વારૂ કેમ થતું હશે ? આવા મારા ડાહ્યા રસલેાચનને મારૂં કામ કરતાં એમ કેમ થતું હશે ? ” ક.

હું આ યા હેા ઉં તેા

આજની આયાએા બાળકેાની શી મરજી છે તે જોયા વિના જ પેાતાને જે કરવું હેાય તે કરે છે. જેમ કે આયાને જલદી ચાલવું હેાય તેા કાં તેા એ બાળકેાને તેડી લે છે અને કાં તેા જલદી ચલાવે છે. પણ બાળકેાને ચાલવું છે કે તેડાવું છે તેનેા તેએા વિચાર જ કરતી નથી.

બાળકેાને બગીચામાં ફરવા જવું હેાય અને આયાને જો કેાઈને ત્યાં અથવા બીજે કયાંય જવું હેાય તેા તેએા બાળકેાનેા વિચાર ન કરતાં પેાતાની મરજી પ્રમાણે કરે છે.

પણ જો હું આયા હેાઉં તેા બાળકેાની ગતિએ જ ચાલું. બાળકેાને જલદી ચલાવવાનેા પ્રયત્ન કરૂં જ નહિ. બાળકેાને એમની ગતિએ જ ચાલવા દઉં. બાળકેાને જ્યાં જવું હેાય ત્યાં જ લઇ જાઉં. તે વખતે હું મારા માટે ફરવા નથી નીકળતી પણ બાળકેા માટે નીકળું છું એવેા વિચાર કરીને જ ચાલું.

અત્યારની આયાએા એમ જ માને છે કે એમણે તેા માત્ર બાળકેાને રાખવાનાં જ છે. અને રાખવાં એટલે એનેા અર્થ એટલેા જ કે સારાં કપડાં પહેરાવી સારૂં માથું ઓળી બાળકેા સુંદર દેખાય એવી રીતે રાખવાં. પછી ભલેને

હું આ યા હેા ઉં તેા

હું જો આયા હેાઉં તેા પહેલું કામ તેા એ કરૂં કે બાળકેાને સંપૂર્ણપણે મારા હાથમાં રાખું. એમનાં માતપિતાને કહી દઉં કે હું જે કંઈ બાળકેા માટે કરૂં તેની વચમાં તમારે આવવું નહિ.

પહેલું કામ હું બાળકેાને સ્વાશ્રયી બનાવવાનું કરૂં. અત્યારની આયાએા બાળકેાને ખૂબ પરાધીન બનાવે છે. નાનું નાનું કામ આયાએા કરી આપતી હેાય એટલે બાળક મેાટું થાય છે ત્યાં સુધી પેાતાનું નાનું નાનું કામ હાથે આવડતું જ નથી. અને પછી બાળક બાળક મટી મેાટું થાય છે એટલે કેાઇ કરી પણ આપતું નથી, અને કહે છેઃ “ આવડેા મેાટેા થયેા તેાયે એટલું આવડતું નથી ? ” પરિણામે બાળકને રડવું પડે છે.

એટલે પહેલેથી જ હું નાની નાની બાબતથી શરૂ કરૂં. જેમ કે પેાતાનાં પહેરણ અથવા ઝબલાનાં બટન, પેાતાની મેળે બીડવાં, જોડા મેળાએ પહેરવા, ચડ્ડીની નાડી હાથે બાંધવી, આ બધું બાળકને કરી ન આપતાં એને શીખવું. આ બધું શીખવવા થેાડાં સાધનેા પણ વસાવી લઉં.

તે બાળકો ખરાબ ગાળો દેતાં હોય કે મોટી મારામારી કરતાં હોય ! ખરી રીતે રાખવાનો અર્થ એવો નથી જ કે બાળકોને શણગારી બેસાડી રાખવાં.

હું જો આયા હોઉં-તો માત્ર કપડાં પહેરાવી શણગારી બાળકોને બેસાડી ન રાખું, પણ બાળકોનો શારીરિક અને માનસિક વિકાસ થાય એવાં કામો કરાવું. જેમ કે બાગની અંદર ગોડવું, પાણી પાવું, આ જાતનાં કામો બાળકોને ખૂબ ગમે છે, અને તેઓ તે મજાથી કરે છે.

કેટલીક રમતો એવી છે કે જેની અંદર બાળકોની બુદ્ધિનો ઉપયોગ થઇ શકે. જેમ કે અંતકડી રમવાનું. ગામોની, માણસોની, પક્ષીઓની વગેરે નામોની પણ રમી શકાય. આની અંદર સહેજે બાળકની યાદશક્તિનો ઉપયોગ થઇ શકે. આ જાતનાં બીજાં ઘણાં કામો છે.

બાળકોનું ચારિત્ર્ય ઘડવું એ પણ અત્યારે તો આયાના જ હાથમાં છે. પણ અત્યારે એ કામ એક પણ આયા સંપૂર્ણપણે કરતી નથી. આયાઓને બાળકો શું કરે છે, કોની સાથે રમે છે, શું રમે છે એ જોવાની પરવા હોતી નથી. પરિણામે બાળકો ગાળો દેતાં, મારતાં અને બાઝાબાઝી કરતાં શીખે છે. કેટલીક જગ્યાએ તો આયાઓ પોતે જ બાળકોને મારે છે અને ગાળો દે છે, અને એ રીતે પણ બાળકો આવું શીખે છે ! વળી બાળકો આયાઓથી એટલાં બ્હીતાં હોય છે કે માબાપને કહેવાની પણ હિંમત કરી શકતાં નથી !

પણ જો હું આયા હોઉં તો બાળકોનાં ચારિત્ર્યનું ખૂબ ધ્યાન રાખું. નાનાં બાળકો બીજાનું સાંભળેલું એકદમ પકડી લે છે; એટલે જેવું વાતાવરણ તેવાં બાળકો થાય છે. એથી જો ઘર બહારનું વાતાવરણ સારૂં ન હોય તો ઘરની અંદર જ એ જાતનું વાતાવરણ રચવું જોઇએ કે જેથી બાળકોને બહાર જવાનું જ મન ન થાય; અને એ વાતાવરણ રચવું એ સહેલી વાત છે. નવા નવા કાર્યક્રમો ગોઠવવા જોઇએ. વાર્તાનો જલસો, સંગીતનો જલસો, વગેરે વગેરે.

આ બધું કરવું એ એક સુંદર અને સંપૂર્ણ આયાની ફરજ છે.

સુ૦

:: :: એક પરિચય :: ::

આ અંકમાં ભાઇ શેખે જે ગણિતપ્રવેશ પેટી યોજેલી છે તેની જાહેરાત વાંચકો જોશે.

આ યોજના શેખે પોતે પોતાનાં બાળકો ઉપર કરેલા અખતરાના અનુભવને પરિણામે રચેલી છે. તેમાં તેમનું નૈસર્ગિક બુદ્ધિબળ દેખાઇ આવે છે.

આ યોજના બીજી ઘણી યોજનાઓને મુકાબલે બાળકોને ગણિતશિક્ષણના પ્રવેશમાં સરળતા કરી આપે તેવી હોઇ દરેક શિક્ષકે અમલમાં મૂકવા જેવી છે. ગણિતશિક્ષણ સહેલું કરવાની ઇચ્છાવાળો પ્રત્યેક શિક્ષક આ યોજનાને એક વાર અમલમાં મૂકી જોશે.

અમે આવી યોજનાને સહર્ષ વધાવીએ છીએ અને ઇચ્છીએ છીએ કે ભાઇ શેખ ગણિતના વિષયમાં પોતાની શોધખોળ આગળ વધારશે.

તંત્રીઓ.

બાલજીવનની કરુણતા

દૃશ્ય પાંચમું

સરલા મોટા કુટુંબની દીકરી. કુટુંબ જેમ દાખલાઓ ગણે છે; ઇતિહાસ ભૂગોળ મોઢે પૈસેટકે મોટું ગણાય તેમ વિદ્યાભ્યાસમાં પણ આગળ પડતું. સરલાની બા, માશી, ફઇ બધાં ભણેલાં ગણેલાં. તેના પિતા, કાકા વગેરે બધા વિલાયત જઇને ડિગ્રી મેળવીને આવેલા અને અહીં મોટી મોટી નોકરીઓ કરનારા. અર્થાત્ સરલાને માથે કુટુંબની મોટાઇ જાળવવાની મહાન્ ફરજ તે જન્મી તે દિવસથી આવી પડી. તેનાં માબાપની મહત્ત્વાકાંક્ષા તેણે પાર પાડવી જ જોઇએ. માબાપની તેને માટેની આકાંક્ષા પણ અત્યંત ઉંચી. સરલાએ જલદી જલદી ભણવું; ખૂબ નાની ઉંમરે તેણે પરીક્ષાઓ પાસ કરવી અને ખૂબ હોશિયારમાં ગણાવું. ફલાણા ફલાણાની દીકરી તો ભારે હોશિયાર એમ કહેવરાવવું. તેને માટે તેના પર અત્યંત વહાલ રાખનાર તેનાં વહાલાં માબાપે એટલી ઉચ્ચ આકાંક્ષા રાખી તો તેણે શું તેમને નિરાશ કરવાં? કૃતઘ્ની અને બેપરવા થઇ તેમનાં સ્વપ્નાં તોડી નાખવાં? જેમણે જન્મ આપી પ્રેમથી સંભાળી મોટી કરી તેમને શું તેને માટે આટલી આશા રાખવાનો પણ હક્ક ન હોય? નહિ. સરલા એવી છોકરી ન હતી કે માબાપોને નિરાશ કરે. તેણે પણ માબાપોની પોતા માટેની આશાઓ પૂર્ણ કરવા કમર કસી. અથવા ખરું તો તેને કોઇ બાબતની ખબર પડે તે પહેલાં જ તે તે માર્ગે ચડી હતી.

બાર વર્ષની સરલા સવારે વહેલી ઉઠે છે. શાળાનો અભ્યાસ કરે છે; શબ્દાર્થ ગોખે છે. કરે છે. આઠ વાગે માસ્તર આવે છે તેની પાસે સંસ્કૃત કરે છે, બીજગણિત ને ભૂમિતિ કરે છે. દસ વાગે જમીને નિશાળે પહોંચે છે. સાંજે પાંચ વાગે નિશાળેથી પાછી ફરે છે. નિશાળનો ઘંટ થાય ને તરત નીકળે તો ઘરે આવીને થોડું ખાઇને પાણી પીવાનો વખત રહે છે; પણ જો ત્યાં જરા વાર રોકાણી તો તો ઘરે આવીને સીધું જ માસ્તર પાસે બેસવું પડે છે. બીજા દિવસ માટે આપેલા પાઠો માસ્તર કરાવી લે છે. તે ઉપરાંત સાયન્સ શીખવાનું હોય છે. માસ્તર સાત વાગે જાય છે, ને સાતથી આઠ સંગીત શિક્ષક આવે છે. તેની પાસે સતાર શીખવાનો હોય છે. તે ઉપરાંત એકાંતરે સવારના પહોરમાં સાતથી આઠ સુધી ચિત્રશિક્ષક આવે છે, તેની પાસે ચિત્રકામ શીખવાનું હોય છે. પછી શનિવાર રવિવારે ફ્રેન્સી શિવણ શીખવવા માટે એક પારસી શિક્ષિકા આવે છે. અઠવાડિયામાં કરી રાખવાનું શિવણ આપતી જાય છે.

આ રીતે સરલાનો અભ્યાસ ધમધોકાર ચાલી રહ્યો છે. તેનાં માતપિતા મનમાં સંતોષ પામે છે કે તેઓ દીકરી માટે કેટલું બધું ખર્ચે છે! કેટલી બધી કાળજી રાખે છે! હિંદુઓ દીકરાના શિક્ષણ તરફ ધ્યાન આપે છે ને દીકરીનું શિક્ષણ તો તદ્દન વિસારી મૂકે છે; પણ સરલાનાં માતપિતા સુધરેલાં, નવા વિચારનાં, નવા જમાનાનાં છે; તેમને તો સરલા

માટે કેટલી બધી મહત્ત્વાકાંક્ષા છે? તેઓ સમાજમાં જાય છે ને કોઇ તેમને પૂછે છે ત્યારે સરલા હમણાં અંગ્રેજી છઠ્ઠીમાં જશે ને તેર વર્ષની ઉંમરે તે મેટ્રિકની પરીક્ષા આપશે એમ કહેતાં તેમને કેટલો આનંદ થાય છે? અભિમાન યુક્ત હર્ષથી કહેતાં તેમની છાતી વેંત વેંત ફૂલાય છે. ને તેમની સરલા કાંઇ થોડી જ એકલું નિશાળિયું ભણતર ભણે છે? તે તો ઘરે સતાર, ચિત્રકામ ને શિવણ પણ કરે છે. અને આવતા વર્ષથી તેને તેના પિતા ઘોડે બેસતાં શિખવવાના છે. સૌ કબૂલ કરતાં કે સરલાનું શિક્ષણ તો બહુ ભારે! તેનાં માબાપોએ તેના શિક્ષણ તરફ બહુ જ ધ્યાન આપ્યું છે! જરૂર સરલા તો કોઇ અદ્વિતીય સ્ત્રી થવાની છે! સૌ એકમત થઇ ડોકું ધુણાવતાં અને સરલાનાં માતપિતા કૃતકૃત્ય થતાં.

મુંબઈ ઇલાકાની ગવર્મેન્ટ ટેકસ્ટ બુક કમીટી તરફથી મંજૂર થયેલ અને બાલમંદિરના સંચાલકો અને અગ્રગણ્ય કેળવણીકારો તરફથી સ્વીકારાયેલ

ગણિત શીખવવાની નવી યોજના

ગણિત પ્રવેશ પુસ્તક ૧ લું

કિંમત ૦–૨–૬

શિક્ષક આવૃત્તિ ૦–૬–૦

અને તેને લગતાં સાહિત્યોની

ગણિત પ્રવેશ પેટી

લોખંડની પેટી: કિંમત ૫–૦–૦

[જેમાં ૬ રંગીન નકશા, ૬૦૦ સુંદર રંગીન તખતીઓ અને ૧૧ લાકડાની સ્લેટો વગેરે વિવિધ સાહિત્યોનો સમાવેશ થાય છે.]

આ યોજના ગુજરાતી, મરાઠી, ઉર્દુ અને અંગ્રેજી એ ચારે ભાષાઓમાં પ્રગટ થઇ છે. ગણિત જેવો અઘરો વિષય બાળકોને શીખવવામાં આ યોજનાએ ઘણી સફળતા મેળવી છે. લખો:

ગણિત પ્રવેશ ઓફિસ

શેખ મુબારક ::: રાજકોટ

સરલાને સાંજે બરાબર ભૂખ લાગતી નથી. નહિ, ભૂખ તો લાગે છે પણ ખાવા બેસે કે મોઢામાંથી કોળિયો જાણે પાછો ફરે છે. બપોરના જમણ વખતે તેને નિરાંતે ખાવાનો વખત જ હોતો નથી. સવારે દૂધ પીવું જોઇએ એવો તેની બાનો સખ્ત હુકમ હોય છે માટે જેમતેમ દૂધ ગળા હેઠે ઉતારે છે. રસોયણને દયા આવે છે એટલે તે પાછળથી થોડી ચાહ તેને આપે છે. આખા દિવસમાં બહુ જ ભાવથી તે કાંઇ પણ ખાતી પીતી હોય તો તે રસોયણે આપેલી છાની ચાહ. આ ચાહ વગર તેને માસ્તર પાસે બેસવાની શક્તિ જ નથી આવતી.

સરલા દિવસે દિવસે ફિક્કી દેખાય છે. તેને કોઇ કોઇ વાર ચક્કર આવે છે. કોઇ વાર હિસ્ટેરિયાની ફીટ પણ આવી જાય છે. આખા દિવસના અભ્યાસના કાર્યક્રમ સાથે હવે એક દવા પીવાનો નવો કાર્યક્રમ ઉમેરાય છે. સવારે કોડલિવર ઓઇલ લેતી વખતે રોજ તેની આંખમાંથી બે આંસુનાં ટીપાં તો પડે જ છે. તે ઉપરાંત દૂધનો એક વખત વધ્યો છે. તે વખતે પણ તે રોવા જેવી થઇ જાય છે. દિવસમાં ત્રણ વાર એક જાતની દવા, બે વાર ટોનિક, રાતે સૂતી વખતે એક ગોળી વગેરે દવાનું ભરચક વખતપત્રક અભ્યાસની સાથે

સાથે ચાલ્યા કરે છે. તેને મન બન્ને વખત-પત્રકો સરખાં જ રસિક છે!

સરલા ખૂબ ભણે છે! સરલા અદ્વિતીય થાય છે! સરલાનાં માતાપિતા હર્ષથી ફૂલાય છે. સરલા તેમની મહત્ત્વાકાંક્ષા પૂર્ણ કરશે.

તા.

બા ળ ક ની હોં શ

કાશીબેનઃ "જય જય, ગિજુભાઇ."

ગિજુભાઇઃ "ઓહોહો, જય જય, જય જય. ઘણા દિવસે—નહિ ઘણાં વર્ષે મળ્યાં. સરલા મજ્જામાં?"

કાશીબેનઃ "હા જી. હું તો બહારગામ હતી, તે નહોતી આવી શકી આપની આગળ. સરલા તો મજ્જામાં છે."

ગિજુભાઇઃ "કેમ! હવે કાંઈ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે નહિ? તમે અહીં હતાં ત્યારે તો વારંવાર કાંઇ ને કાંઇ લાવતાં હતાં."

કાશીબેનઃ "પ્રશ્નો તો ઘણા થયા જ કરે છે. પોતાને બરાબર સમજાતું ન હોય એટલે 'આનું શું કરવું?' એમ તો થયા જ કરે છે. તમારા જેવું કહેનાર હોય તો વળી જઇને પૂછીએ. ત્યાં કોઇ હતું નહિ એટલે શું કરીએ? પોતાની મેળે જ નક્કી કરી લેવાનું."

ગિજુભાઇઃ "હા. એ તો એમ જ કરતાં શીખવું જોઇએ. હું પણ શું કરું છું? પોતે વિચાર કરીએ એટલે ઉકેલ સૂઝે."

કાશીબેનઃ "ના. પણ તમારી બુદ્ધિ ને અનુભવ કાંઈ અમારામાં હોય? આ હમણાં જ, ગયા અઠવાડિયામાં જ પ્રશ્ન થઇ આવ્યો કે 'શું કરવું?' સરલાને ઘરેણાંની ખૂબ હોંશ છે એટલે હમણાં થોડાં ઘડાવી આપ્યાં. પણ મનમાં રહી ગયું કે કર્યું તે બરાબર કર્યું કે નહિ?"

ગિજુભાઇઃ "ઠીક કર્યું. સરલા ભલે પહેરતી ઘરેણાં ચાર દિ'."

કાશીબેનઃ "ના, એમ નહિ. ઘરેણાં પહેરે એ તો ઠીક. ઘરેણાંની હોંશ તો જાણે નાનપણમાં હોય; સૌને હોય છે. પણ તેની સાથે એક બે બાબતો તેનામાં દેખાય છે તે મને ગમતી નથી."

ગિજુભાઇઃ "એ વળી શું?"

કાશીબેનઃ "પહેલાં તો એમ થયું કે અહીં બાલમંદિરમાં તો ઘરેણાં પહેરવાની 'ના' જ હતી ને તેનું પણ તે તરફ બહુ ધ્યાન ન હતું. હવે મોટી થઇ એટલે, કે પછી અમે જામનગર ગયાં ત્યાંના વાતાવરણની અસર થઇ એટલે, પણ ત્યાં તેને 'મારે આમ જોઇએ ને તેમ જોઇએ.' બહુ થવા લાગ્યું."

ગિજુભાઇઃ "ત્યારે તમે શું 'ના પાડી?"

કાશીબેનઃ "ના. ચોખ્ખી 'ના' તો નહોતી પાડી પણ થોડું થોડું સમજાવતી ખરી. ઘડીક સમજે પણ ખરી; પણ જરાક બીજી છોકરીઓને પહેરતાં જુએ કે પાછી એની એ. જાણે તેને કાંઇ ઓછું આવતું હોય! છોકરીઓમાં રમવા જતી ત્યારે પણ એમ જ ઓઢું લગાડીને પાછી આવતી, ને છેલ્લે છેલ્લે તો જતી જ નહિ. મને લાગ્યું લાવને બે બંગડીઓ ને એકાદ મંગાવું

કાંઈક કસવી દઉં. અને ગયા અઠવાડિયામાં ઘડાવી દીધું."

ગિજુભાઈ: "પછી શું રહ્યું? પ્રશ્નનો ઉકેલ તો આવી ગયો કે નહિ?"

કાશીબેન: "ના. ઘડાવી દીધા પછી જ તો ખરો પ્રશ્ન ઉભો થયો. અત્યાર સુધી તેનામાં ન હતું કે પછી મારૂં ધ્યાન ન ગયું હોય, ગમે તેમ; પણ ઘરેણાં પહેરે છે ને એવાં નખરાં કરે છે કે આપણને પણ થાય કે આ શું? આમ હાથ કરે, આમ ડોક કરે, અરીસામાં જોયા કરે ને હાથ સામે જોયા કરે; સારાં સારાં કપડાં પહેરીને ફરવા ઇચ્છા કરે. એટલે આપણને થાય કે આ ઘરેણાંના રૂપમાં આપણે એને શું આપ્યું હશે? મને સહેજે પ્રશ્ન થઈ પડ્યો કે મેં ઘરેણાં ઘડાવી આપ્યાં તે બરાબર કર્યું કે ન કર્યું? તમે કહેશો વળી કાશીબેન કાંઈકે લાવ્યાં. પણ કહો, આવાં નખરાં કરે એ કાંઇ સારૂં?"

ગિજુભાઈ: "કાશીબેન ખરાં. લાવ્યાં ખરાં પ્રશ્ન. ઓલો, સરલા કેટલા વર્ષની થઇ?"

કાશીબેન: "હમણાં જ અગિયારમું પૂરૂં થઇને બારમું બેઠું."

ગિજુભાઈ: "બરાબર. ત્યારે હવે આવા પ્રશ્નો તમારી નજરે આવવાના જ. તે નાની હતી ત્યારે આવા લટકાચાળા કરતી કે નહિ?"

કાશીબેન: "કરતી તો ખરી. પણ તે વખતે તે આંખને ખરાબ લાગતું ન હતું. હવે આ ઉંમરે સારૂં લાગતું નથી. ને બીજું, હવે તેનાં લટકાં પણ જરા જુદી જાતનાં થયાં છે. તે વખતે તો જાણે કોઈના ચાળા પાડી બતાવતી હોય એવું લાગતું, ને હવે તો જાણે પોતે જ હોંશથી એવું કરતી હોય એમ લાગે છે. તે વખતે તો જોઇને હસવું આવતું ને હવે કોણ જાણે કેમ, નથી ગમતું."

ગિજુભાઈ: "હવે વાત એમ છે કે સરલા આસ્તે આસ્તે બાલ્યાવસ્થામાંથી કિશોરાવસ્થામાં જાય છે. તેથી હવે તેનાં લટકાં તમને બાળપણના ચાળા જેવાં લાગતાં નથી પણ કોઇ યુવતીનાં સહજ કરેલાં લટકાં જેવાં લાગે છે, એમ જ ને? ને તે તમને ગમતું નથી, ખરૂં ને?"

કાશીબેન: "હા, એમ જ. અને ખાસ પ્રશ્ન તો મને એ થાય છે કે તેને ઘરેણાં ઘડાવી આપ્યાં ત્યારથી તે પોતાના હાથ તરફ ને પોતાનાં અંગ તરફ બહુ જ જોવા લાગી છે. એટલે આ ઘરેણાં તો બહુ ખરાબ ગણાય. અત્યાર સુધી, સૌ પહેરે છે એટલે ભલે આપણી છોકરી પણ પહેરે એમ મને થતું. પણ ઘરેણાંની છોકરી ઉપર આ જાતની કોઇ અસર થતી હશે એની મને જરાયે કલ્પના નહિ."

ગિજુભાઈ: "કેમ? તમેય તે ઉંમરનાં હશો ને ઘરેણાં કપડાં પહેરતાં હશો ત્યારે કેવું લાગતું હતું તે યાદ કરી શકો છો?"

કાશીબેન: "ના જી. મને તો નાની હતી ત્યારે પરણાવી દીધેલી. ને અમુક ઘરેણાં તો નાનપણથી પહેરેતી જ આવેલી. બીજું આ ઉંમરે તો સાસરે રહેવાનું એટલે આની જેમ છૂટથી અરીસામાં જોવાનું ને વાળ ઓળવાનું કે કોઇ જાતનું કાંઇ શક્ય જ ન હતું. એટલે આવું કાંઇ જ મને યાદ આવતું નથી."

ગિજુભાઈ: "બરૂં છે. પહેલાંની છોકરીઓને જુવાની કયારે આવી ને કયારે ગઇ એની કશી ખબર પડવાને અવકાશ જ ન હતો. ભરજુવાનીમાં આવે તે પહેલાં તો તે એક બે છોકરાંની મા થઇ પડતી. અને હવે તમે છોકરીઓને છૂટથી

ભણાવો છો, છોકરાની જેમ છૂટમાં ઉછેરો છો અને આવા પ્રશ્નો તમારી આગળ આવે છે. એટલે કે તમે તેને મોટી થતી ભાળો છો. તેનો બાલ્યાવસ્થા કિશોરાવસ્થા અને યુવાવસ્થામાં પ્રવેશ વગેરે બધું હવે તમે નિહાળી શકો છો. પહેલાં, થોડો વખત બાળપણ ને પછી અકાળે વાર્ધક્ય એ એ જ અવસ્થા દેખાતી હતી. સરલાનાં આ લટકાંચાળા તેનાં યુવાવસ્થામાં પ્રવેશકાળનાં સહજ એવાં લક્ષણો છે. ઘરેણાં વગેરેથી તેને જરા ઉત્તેજન મળ્યું તેથી તમે ઘરેણાં પહેરાવ્યાં એટલે તે લક્ષણો દેખાયાં."

કાશીબેનઃ "પણ એ સારું કે ખરાબ? અમારી આંખે એ ખરાબ લાગે છે."

ગિજુભાઈઃ "જેટલી હદ સુધી તે સ્વાભાવિક છે તેટલી હદ સુધી તે સારુંય નથી ને ખરાબ પણ નથી. તેને તમે સહજ અથવા કુદરતની લીલા કહી શકો. ગુલાબને કળી બેસે છે તે સારી કે ખરાબ?"

કાશીબેનઃ "ના. એમ તો જુવાનીમાં પ્રવેશ કરે તેને કાંઇ ના પડાય? તે તો કુદરતી કહેવાય. પરંતુ આવા ચાળા કાંઇ સારા કહેવાય?"

ગિજુભાઇઃ "તે મેં કહ્યું ને? તેમાંથી કેટલુંએક સ્વાભાવિક છે. પોતાના અંગ તરફ ધ્યાન જવું, સુંદર દેખાવાની ઇચ્છા થવી, જાતને જુદી જુદી રીતે શણગારવાનું મન થવું, હલનચલનમાં એક જાતનું લાલિત્ય આવવું એ બધું સહજ છે. રૂપ, સ્પર્શ, ધ્વનિ, વાસ, સ્વાદ વગેરે બધી જ જાતનું સૌંદર્ય ગમવું એ પણ સહજ છે. તેથી જ આ ઉંમર કલાનો વિકાસ કરવા માટે ઉત્તમ છે. બહુ એટલે વધારે પડતી એ જ રસ્તે ન ચડે એટલું જોવું. બાકી થોડો કપડાં ઘરેણાંનો શોખ કરી લે, તો ભલે કરતી. એ ઉંમરે જરા ટાપટીપ છોકરાંઓને ગમે છે."

કાશીબેનઃ "પણ બરૂં કહુ? વારે વારે અરીસામાં મોઢું જોવું, વાળ સરખા કર્યા કરવા, હાથ સામે જોયા કરવું, વગેરે બધું અમારી જૂની આંખે સારું નથી લાગતું. આપણા જેવાની છોકરીઓને આવું ન શોભે. તો તેને એમ કહેવું કે ન કહેવું એ મને પ્રશ્ન થઇ પડે છે."

ગિજુભાઇઃ "કહેવું પણ બરૂં. પણ બધી સ્ત્રીઓ કરે છે તેમ કારણ આપ્યા વગર વઢવું નહિ, તેમ જ તેના તેમ કરવામાં વધારે પડતો બરાબ અર્થ પણ મૂકવો નહિ. કપડાં ઘરેણાં અને એકંદર વર્તનમાં સુરુચિ કેળવે તે તરફ ધ્યાન ખેંચો તો કશું બોટું નથી. પણ આનો મુખ્ય ઉપાય તો તે વસ્તુ ઉપર વિશેષ વિચાર કે ધ્યાન રહેવા કરતાં મન બીજા અધિક તંદુરસ્ત વિષયો તરફ વળે અને તેમાં પરોવાયેલું રહે તેમ કરવું એ છે. કપડાં ઘરેણાંનો વધારે પડતો શોખ મારે મન અંદરનું પોલાપણું બતાવે છે. મનને વિચારવાનું, જાણવાનું, કરવાનું કશું કાંઈ ન હોય એટલે તે આવાં ફોતરાં ઉપર કેન્દ્રિત થાય છે. તેને ખૂબ સારો વ્યવસાય આપો; વાંચવાનું, લખવાનું, ચીતરવાનું, ગાવાનુ જે ગમે તે ખૂબ મહેનતથી કરવા દો; વિચારને ચલન મળે એવી વાતો તેની સાથે કરો, એટલે તે પણ વિચાર કરતી થશે. તેને દુનિયામાં સાત્ત્વિક આનંદો કયાં કયાં રહેલા છે તેનો ખૂબ આસ્વાદ લેવા દો. સાથે સાથે દુનિયામાં કેટલું દુઃખ છે, માણસો હાથે કરીને

કેટલા દુઃખી થાય છે, એકના સ્વાર્થને કારણે બીજાં કેટલાં બધાં પીડાય છે, વગેરે દુનિયાની જ વસ્તુસ્થિતિ તરફ ધ્યાન જવા દો; તેનો ઘરેણાંનો શોખ એની મેળે ઘટશે. કુદરતી રીતે અમુક જાતની ટાપટીપ વગેરે આ ઉંમરે આવે છે તેની સામે વાંધો ન લઈએ. પરંતુ છોકરીઓને ખરી રીતે તો માતાઓ જ ઘરેણાં ને જાત-જાતની ફેશનનાં કપડાં પહેરાવી ઢીંગલી જેવી બનાવી દે છે તેની સામે તો મારો સખ્ત વાંધો છે. મારૂં કહેવું એમ નથી કે તેઓ સોગિયાં બની અકાળે વિરક્ત બને. પણ તેને જેટલું મહત્ત્વ ઘટે તેના કરતાં વધારે પડતું આપવું નહિ. બન્ને બાજુએ વધારે પડતું ન જવું. તમારા જેવાંએ એ સારૂં નથી દેખાતું એમ કહીને તેની હોંશ દબાવીને તેને નુકસાન કરી ન બેસવું; તેમ હોંશ પૂરવવા ખાતર આખો વખત તેમાં જ મચી રહે એવું વાતાવરણ ઉભું કરી તેને ઢીંગલી બનવાને પંથે પણ ન ચડાવવી; સમજ્યાં કે?"

કાશીબેનઃ "એ તો સમજ્યું. પણ..."

ગિજુભાઇઃ "કેમ? પણ...શું છે વળી?"

કાશીબેનઃ "હજી થોડું છે. પરંતુ હવે મને મોડું થાય છે એટલે બે ત્રણ દિવસ પછી ફરીથી આવીશ ત્યારે કહીશ. આ બાબતમાં તમે કહ્યું તેના પર પણ જરા વિચાર કરવો પડશે. તમે કહો છો ત્યારે બરાબર લાગે છે. પણ વખત આવ્યે તિરસ્કાર બતાવ્યા વગર રહેવાતું નથી. મનમાં બીક જ લાગે છે."

ગિજુભાઇઃ "અરે, બીક શાની વળી? સરલા માટે કાંઇ બીક રાખશો નહિ, સમજ્યાં ને?" **તા.**

રંગમતીને કાંઠે

(ગયા અંકથી ચાલુ)

"એક વાર...."

જ્યાં બાપાજી વાર્તાની શરૂઆત કરે છે ત્યાં તો નીચેથી છેલશંકરભાઇનો અવાજ આવ્યોઃ "કેમ મુકુટરામભાઈ, છો કે?"

અવાજ સાથે જ છેલશંકર હાથમાં લાકડીના ઘોકા સાથે ઉપર આવ્યા, અને પળવારમાં તો ચંપાની બા રસોઈ કરતાં હતાં અને મુકુટરામ બાળકોને વાર્તા કહેવાની શરૂઆત કરતા હતા ત્યાં રસોડામાં આવીને ઉભા.

છોકરાં સામેથી નજર ઉંચકી છેલ-શંકરભાઈ સામે માંડી મુકુટરામભાઇએ સહેજે આવકાર આપ્યો અને બોલ્યાઃ "આવો બેસો છેલભાઈ, અત્યારે કયાંથી? સવારે તો આવીને મળી ગયા હતા."

છોકરાંઓની વાર્તા સાંભળવાની આતુરતા એકાએક થંભી ગઈ. હવે વાર્તા કહેવાશે કે નહિ તેની તેમને ચિંતા અને ભય બન્ને થયાં. બાને આ વિક્ષેપથી જરાક સારૂં લાગ્યું નહિ. બાએ મુકુટરામના આવકારમાં આવકાર ભેળવીને રસોઇ ચાલુ રાખી હતી, તે ઉપરથી તેનો મનો-ભાવ જણાતો હતો.

છેલભાઈએ કહ્યું: "હા, સવારે તો મળી ગયો હતો. પણ મને થયું કે જરાક કામ છે અને તે પણ તત્કાળનું, એટલે તમને મળી આવું. પેલા કેસમાં સંભળાય છે કે ન્યાયાધીશ સાહેબનું વલણ...."

વચ્ચેથી જ મુકુટરામ બોલી ઉઠ્યા: "હવે જવા દોને ભાઇ! અત્યારે આ છોકરાંઓને વાર્તા કહેવા બેઠો છું ત્યાં વળી એ વાત ક્યાં લાવ્યા? દિવસ આખો તો વકીલાતનું કૂટીએ જ છીએને! આજે મેં આ છોકરાંઓને વાર્તા કહેવાનું વચન આપ્યું છે. કાલે સવારે...."

અધીરાઇથી અને જરા નારાજી બતાવતા છેલભાઈ વચ્ચે બોલી ઉઠ્યા: "એમ બબર હોત તો ફોકટનો ધક્કો ન બાત. હું તો આપણા અસીલના હિત માટે આવ્યો છું. અને મારેય કયાં છોકરાં...."

મુકુટરામ છેલભાઇને માઠું લાગતું જોઈ શકયા. તેઓ બહારથી આવનારને નારાજ કરતાં પોતે જ દુભાયા અને માફી માગતા હોય તેવી રીતે છોકરાંઓને પ્રેમભરી દ્રષ્ટિએ કહ્યું: "બેટાઓ, આપણી વાર્તા આપણે કાલે કહીશું. આજ છેલભાઇ આવ્યા છે તે."

છોકરાંઓ બાપુજીની સામે જોઈ રહ્યાં. તિરસ્કારનાં નહિ પણ નિરાશાનાં સ્પષ્ટ ચિન્હો તેમના મ્હોં પર હતાં. તેઓએ છેલભાઈ સામે સહેજ અનાદરથી જોયું અને તરત જ માની પ્રેમભીની આંખ સાથે આંખ મેળવી.

મુકુટરામ અને છેલભાઈ ઓફિસના ઓરડામાં ગયા અને છોકરાંઓ મા પાસે નિરાશ બની બેઠાં. મા મૂંગી મૂંગી લાગણીભરી આંખોથી બાળકો સામે જોઈ રહી હતી, અને રંગમાં ભંગ પડ્યો તે માટે હિજરાઈ રહી હતી. તેના હાથ ઢીલા પડ્યા હતા; અને તેથી તપેલી ચૂલા ઉપર ચઢાવતાં સહેજ લપસી અને તેમાંથી થોડું પાણી ચૂલામાં ઢોળાયું.

જરા લાંબી શાંતિ પછી ચંપાએ કહ્યું: "બા, કેમ મૂંગી થઇ ગઇ?"

બા કંઇ બોલી નહિ.

ચંપક બોલ્યો: "અહા, વાર્તા કેવી સરસ થાત! પણ બાપુજીએ ન કીધી."

નટુ કહે: "બાપુજીએ ન કીધી એમ નહિ, છેલકાકાએ કહેવા ન દીધી."

નંદુ છેડાતી બોલી: "મને છેલકાકા કોઇ દિ' ગમતા નથી. બાપુજી પાસે આવ છે જ શું કામ?"

નટુ કહે: "બરાબર છે. કાલે હું ઘરની ભીંતે લખવાનો છું કે છેલકાકાએ અહીં આવવું નહિ. આપણી વાર્તામાં ભંગ પાડે એવા કાકાનું આપણે કામ નથી."

ચંપાએ કહ્યું: "એ તો બાપુજી પાસે છેલકાકાને કામ હોય એટલે આવે જ ને! એમાં છેલકાકાનો વાંક શો?"

નટુ વધારે છેડાયો: "પણ એને કામ જ શું કામ હોવું જોઈએ?"

ચંપા કહે: "એ તો બાપુજી અને છેલભાઇ વકીલ છે એટલે બન્ને એકબીજાને ત્યાં આવે જ ને!"

ચંપક વચ્ચે બોલ્યો: "તો બાપુજી ભલે એને ત્યાં જાય. આપણે ત્યાં છેલકાકા નહિ."

ચંપા હસી: "એટલે છેલકાકાનાં છોકરાંને ભલે ગરબડ થાય; તમને નહિ."

નટુએ આંખો ચમકાવી: "પણ છેલકાકા એનાં છોકરાંને વાર્તા કહેતા હશે ત્યારે ના? એને વાર્તા જ નહિ આવડતી હોય. અને એ બધું ગમે તેમ હોય; હું તો કહું છું કે બાપુજીએ વકીલાત જ શું કામ કરવી? વકીલ હશે તો છેલકાકા આવશે ના?'

બા છોકરાંની વાતો સાંભળતી સાંભળતી રસોઈ કરતી હતી. મનમાંથી કંઈ કંઈ વિચારો પસાર થતા હતા.

એટલામાં મુકુટરામ બોંબારા મારતા અંદર આવ્યા અને કહ્યું: "જુઓ, આ છોકરાંઓને જમાડી દેજો. મારે જરા છેલભાઈ સાથે બહાર જવાનું છે. અને મોડું થાય તો તમે પણ જમી લેજો. વખતે હું છેલભાઇને ત્યાં જમી લઇશ."

છોકરાંઓ બાપુ સામે આશ્ચર્ય અને બેદથી જોઇ રહ્યાં હતાં, એટલામાં મુકુટરામે તેમના સામે જોઈને ઉમેર્યું: "બેટાઓ, જમીને સૂઇ જજો હું આપણે કાલે વાર્તા કરીશું."

છોકરાંઓ કંઈ બોલે તે પહેલાં તો તેઓ રસોડામાંથી નીકળી ગયા અને એક ક્ષણમાં તો છેલભાઇ અને મુકુટરામનાં પગલાં દાદર ઉપરથી નીચે જતાં સંભળાયાં.

છોકરાંઓ બેક હતાશ થઇ ગયાં હતાં. બાને પણ કંઇક લાગી આવેલું. કંઈ બહુ વાતો કર્યા વિના બધું પીરસાયું અને સહુએ બાવાનું પતાવ્યું. કોઇનામાં વિનોદ કરવાનો કે વાર્તા કરવાનો કે ગુસ્સે થવાનો ઉત્સાહ રહ્યો ન હતો. સહુ પોતપોતાના મનમાં કંઈક ગણગણતાં પથારીમાં પડ્યાં અને બા મુકુટરામની રાહ જોતાં 'માતા પિતાનું કર્તવ્ય' નામની ચોપડી વાંચતાં બેઠાં. આ ચોપડી મુકુટરામે બાસ તેમને વાંચવા માટે લાવી આપી હતી. વકીલના ઘરના સુંદર ફરનીચર વચ્ચે અને વીજળીના દીવા પાસે બેસીને વાંચતી મણિગૌરીને આજે વાચનમાં બહુ રસ પડતો ન હતો. તે વારે વારે વાંચતાં વાંચતાં ઉભી થતી હતી અને વાર્તા સાંભળવા ન મળવાથી નિરાશ થયેલાં બાળકોનાં ઊંઘમાં પણ પડી ગયેલાં મોઢાં ઉપર પ્રેમભર્યો હાથ ફેરવતી હતી, અને ઉના નિસાસા મૂકતી હતી. [આગળ ચાલુ]

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, બજરંગ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૮૯

અંક ૪ થો.
જ્યેષ્ઠ

:તંત્રીઓ:
ગિજુભાઇ
તારાબેન

બાળકોને અંદર અંદર ચાહવા દો. તમે તેમની નિર્દોષ રમતો વચ્ચે ના આવો. તેમનામાં તમારા દોષો ના આરોપો. તમે જાણતા નથી કે તમે બાળકોની પણ અદેખાઇ કરી શકો છો. તમને ખબર નથી કે તેમનો નિર્દોષ આનંદ તમે સહી શકતા નથી. તમને કલ્પના પણ નહિ હોય કે તમારા દોષો તેમનામાં આરોપ્યા વિના તમને સંતોષ થતો નથી.

બાળકોનો અવિશ્વાસ

એક બે વર્ષની ચાલાક છોકરી હતી. તે પોતાના બાપ સાથે એક વાર એક જગ્યાએ ગએલી. ત્યાં તેને આલુ બદામ વગેરે ખાવાનું આપવામાં આવ્યું. તેમાંથી થોડું તેણે ખાધું ને બાકીનું રાખી મૂકવાની તેની ઇચ્છા હતી. તેણે તેની બા પાસેથી તેનું પડીકું વળાવી લીધું ને હાથમાં રાખ્યું. એટલામાં તેના દોસ્તોએ તેને રમવા માટે બોલાવી. છોકરીએ હાથમાંના પડીકા સામે જોયું, સામે દડા સામે જોયું, શું કરવું તેના વિચારમાં જરા વાર પડી ને પછી પડીકું હાથમાં લઇને જ રમવા દોડી. તેની બાએ તેને કહ્યું: "પડીકું અહીં રહેવા દે. રમીને આવ ને પછી લે." છોકરી વિચારમાં પડી. પડીકું લઇને રમવું તો તેને પણ ફાવતું ન હતું. પણ પડીકાને સુરક્ષિત જગ્યાએ રાખવું જોઇએ. તેવી જગ્યા તેને જડતી ન હતી. બાએ કહ્યું: "લાવ મારી પાસે. હું સાચવીશ તારું પડીકું." એને ના પાડી. તે બોલી ઉઠી: "નહિ નહિ. તારી પાસે નહિ."

બાપા કહે: "લાવ ત્યારે મારી પાસે મારા ખીસામાં મૂકી દે. હું સાચવીશ."

છોકરીનું મન બરાબર માન્યું નહિ. આખરે દૂર એક ખુરસી હતી તેના પર પડીકું મૂકીને તે રમવા ગઇ. માબાપ બધાં હસી પડ્યાં.

બા કહે: "કેવી ચાલાક છે, જુઓ."

બાપ કહે: "મૂરખનો સરદાર છે. પેલી ખુરસી પરથી અમારે લેવું હોય તો ન લઇ શકીએ શું? લાવ એ સંતાડી મૂકું."

સૌ હસી પડ્યાં. મારા અંતરમાં દુઃખ થયું. મને થયું: આ માબાપો શરમાતાં કેમ નથી કે તેમની બે વર્ષની અસહાય નાની બાલિકા પણ તેમના પર વિશ્વાસ રાખતી નથી. તેણે અત્યારે કેટલું સખ્ત નિંદાપત્ર (Vote of censure) તેમના પર પસાર કર્યું, ને છતાં તેઓ કેવાં નિર્લજ્જ કે હસી રહ્યાં છે, ને કેવાં વિચારશૂન્ય ને દયાશૂન્ય, કે બાલિકાનું પડીકું ઉલટું સંતાડીને તેને બેબાકળી થએલી જોવા ઇચ્છે છે, અને તેનામાં વિશ્વાસનો લેશ પણ રહ્યો હોય તો તેનું નામશેષ કરવા નીકળ્યાં છે. બાળકની નાની અસહાય અવસ્થામાં તેમનો એક માત્ર આધાર તેમનાં માબાપો હોય. તેના જીવનની કેટલી કરુણ સ્થિતિ ગણવી જોઇએ કે બે વર્ષ જેટલી નાની ઉંમરે તેનો પોતાના માબાપો પ્રત્યેનો વિશ્વાસ ઉડી ગયો! તેના હાથપગ નાના છે, તેનો અનુભવ ટૂંકા છે, દુનિયા એટલે તેના અજાણ મનને મોટો દરિયો છે. આવી સ્થિતિમાં તે મનથી કેટલી નિરાધાર થઇ ગઇ ગણાય કે પોતાની માતા ઉપર પણ તે વિશ્વાસ મૂકી શકતી નથી. અવિશ્વાસ રાખવાનાં તેને કારણો મળ્યાં જ હશે. ઘણી વાર માએ તેની વસ્તુઓ સાચવી નહિ હોય. ઘણી વાર તેણે વિશ્વાસથી આપેલી વસ્તુઓનો તેમણે અપહાર કર્યો હશે; તેને ખબર નહિ પડે એમ ધારી, તેના ખાવાના ભાગમાંથી કાઢી લીધું હશે. (હા, તેને નડે નહિ એ વિચારથી કર્યું હશે!) છોકરીને આજ માબાપો પ્રત્યે અવિશ્વાસ જાગ્યો છે. કાલ દુનિયા

પ્રત્યે તે ફેલાશે. માણસમાંથી વિશ્વાસ નીકળી જવો એ તેને માટે કેટલી મહાન હાનિ છે!

- કેટલાંએ માબાપો આ રીતે બાળકોનો વિશ્વાસ ખોઇ બેસે છે. બાળકને સાચું કહીએ તો બાળક નકામો કજીયો કરશે ને આપણને પીડા થશે એ વિચારથી માબાપો તેને ખોટું કહે છે. માને બહાર જવું હોય તો કહેશેઃ "ના હું નથી જવાની." બીજાં છોકરાં કાંઇ ખાવાનાં હોય તો તેને કહેશેઃ "ના એ નથી ખાવાના." એવા જૂઠાણાંના એક બે નહિ પણ અનેક દાખલા રોજ બન્યા જ કરે છે. બાળકને પ્રથમ તો માબાપો કે વડીલોમાં પૂર્ણ વિશ્વાસ હોય છે. તેથી તેઓ જે કહે તે તેઓ સાચું માને છે. પરંતુ જૂઠાણું કોઇક વાર તો બાળકની નજરે આવે જ છે, અને તે દિવસથી તે તપાસ રાખે છે; ને તેને ખબર પડે છે કે આ વડીલો તો જૂઠાણું જ ચલાવ્યા કરે છે. તેનો વિશ્વાસ ઉઠી જાય છેઃ બાળકના કુમળા જીવનમાં અવિશ્વાસનો મોટો કાળો પથરો પડે છે. તેના ઉપર એક સખ્ત ઘા પડે છે.

તેના જીવનમાં જૂઠાણું અને અસત્ય પણ એ જ રીતે પેસે છે. ચારિત્ર્યહીનતા પણ એ જ રીતે પેસે છે. એવી રીતે માબાપો બાળકના જીવનમાં બહુ જ કુમળી વયમાં ચારિત્ર્યશૂન્યતા આણે છે. અને પછી તે મોટું થાય ત્યારે તેનું ચારિત્ર્ય ઘડવા માટે આ ગુરુ પાસે ને તે અધ્યાપક પાસે, આ બોર્ડિંગમાં ને તે બોર્ડિંગમાં મોકલે છે; પરંતુ પોતે તેનામાં કેટલું જૂઠાણું રોપ્યું છે, ને તેનામાંથી શ્રદ્ધાતત્ત્વ કેટલું હણી નાખ્યું છે તેનો તો તેઓ ખ્યાલ સરખોયે કરતાં નથી. કુમળી વયમાં આજુબાજુનાં માણસો પોતાના વર્તનથી તેના પર જે સંસ્કારો પાડે છે તે આગળ જતાં ભુંસાતા નથી.

બાળકના ચારિત્ર્યની હાનિ તો છે જ ને પોતાના બાળકનો પોતા પર વિશ્વાસ નથી એ માબાપો માટે કેટલી નામોશી કહેવાય; તેમના ચારિત્ર્ય ઉપર બાળકે મારેલો કાળો શેરો કહેવાય! એ વડીલોને બાળકો પાસેથી માન અને આજ્ઞાંકિતપણું માગવાનો શો હક્ક હોય? ને બાળક પણ મનમાં જેમને પાકાં જૂઠાં તરીકે ઓળખે છે તેમના પ્રત્યે સાચું માન કયાંથી રાખી શકશે?

નાની દેખાતી બાબતો હંમેશ નાની હોતી નથી. ને તેમને નાની ગણવી પણ ન જોઇએ. દરેક માતાએ ને પિતાએ જોઇ લેવું કે મારા બાળકનો મારા પર વિશ્વાસ છે કે નહિ. અને ન હોય તો તે પાછો મેળવવાનો પ્રયત્ન કરવો ઘટે. તા.

તોતડું બાળક

પ્રશ્નઃ—અમારા ઘરમાં કોઇ પણ માણસ તોતડું કે બોબડું બોલતું નથી. સામાન્ય રીતે આખા ઘરની અંદર ભાષાશુદ્ધિનું સંસ્કારી ધોરણ સારી રીતે સચવાય છે. છતાં મારા બાળકમાં તોતડું અને બોબડું બોલવાની ટેવ કયાંથી આવી તે કહી શકશો?

ઉત્તરઃ—બાળક બોલતું થાય ત્યારે જ એના પર ભાષાશુદ્ધિના સંસ્કાર પડે છે એમ

કોઇ ન માને. જ્યારે તે છ આઠ માસનું હોય છે ત્યારે પણ આપણે જે કાંઇ બોલીએ છીએ તેની છાપ તેના કાન પર પડે છે. જ્યારે તે આઠ નવ માસનું થાય છે અને જીભના લોચા વાળી જીભને કસરત આપતું જણાય છે, ત્યારે તે કેટલાય અક્ષરો–શબ્દો બોલવાના પ્રયાસ કરતું હોય છે. આપણે તેની ભાષા સમજી શકતા નથી; પરંતુ જરાક ઝીણી નજરે જોઇએ તો ખાત્રી થાય છે કે હાથ, આંખ અને માથાની સંજ્ઞા સાથે જ્યારે તે જીભના લોચા વાળી દયામણા ચહેરે માતાને બોલાવી રહ્યું હોય છે, ત્યારે જીભના લોચાના અવાજમાં પણ તે 'મને તેડો' એમ કહેતું હોય છે.

જ્યારે તે ઉલ્લાસ અને આનંદમાં હોય છે ત્યારે 'લ–લ–લ–' કરી ગાતું જણાય છે. આમાં પણ આપણે અને તે ન જાણતા હોઇએ તેવું કોઇ સુમધુર સંગીત લલકારી, સ્પષ્ટ ભાષા બોલવા અને પોતાની ઉર્મિને વ્યક્ત કરવા મથી રહ્યું હોય છે.

જ્યારે બાળક આઠ નવ માસનું થાય છે અને જીભના લોચા વાળતું જણાય છે ત્યારે તો તે ખરેખર આપણી ભાષા પકડવાના મહાં પ્રયાસ કરી રહ્યું હોય છે.

આ વખતે ચકોર, અને સમજુ માતપિતા એને ઘણી ઘણી રીતે આનંદ સાથે કેટલીય જીભની કસરતો આપી તેને તેના ભવિષ્યના તોતડાપણામાંથી બચાવી શકે. જીભ જ્યારે અનેક પ્રકારની કસરતો માગતી હોય છે ત્યારે આપણે તેને ટ...ર...ર...ર, ત...ર...ર..., ખર..., ક...ટ...ક...ટ...,છી...છી...છી... વગેરેના અવાજ આપણી જીભથી કાઢી જીભને જૂદી જૂદી રીતે વાળવાની રમતો રમાડીએ. આ સમયે તાળવા સાથે કે દાંત સાથે આપણી જીભને ધીરે ધીરે વાળીને જે ઉચ્ચાર કાઢવા હોય તે કાઢીએ અને તેમાં જરાય શરમ ન માનીએ.

આપણી આવી રમતો બાળક બરાબર ધ્યાનથી જુએ છે અને પછી તેનું અનુકરણ કરી તેવા જ અવાજ કાઢવા મથે છે. પ્રસંગોપાત બાળકને આવા રૅાડે ચડાવી આપણે આપેલા અવાજો ઉપરથી નવા નવા અવાજ ઉપજાવવા સ્વતંત્ર રહેવા દેવું. અમુક અવાજ ઉપર તે કાબુ મેળવી તે પરથી નવા પ્રકારના અવાજ તે શોધશે અને તે સાથે ખૂબ ગમ્મતે ચડશે. જ્યારે બાળક નવા અવાજો જીભના લોચાથી સ્વતંત્ર રીતે શોધતું હોય ત્યારે આપણે તેની વચ્ચે આવી નવા નવા અવાજોથી એને ગુંગળાવી ન નાખવું; પરંતુ તેની એ કસરતોનું બારીક અવલોકન કરવું, અને કયા અક્ષરોના અવાજ તે મુદ્દલેય નથી કરતું તેનું અવલોકન કરવું.

આ અવલોકનથી તેને કયા અક્ષરોની કસરતની જરૂર છે તે જોવું. અને તે નિરીક્ષણ પછી જૂદી જૂદી જાતના કર્ણપ્રિય અવાજોથી એ કસરતોની લતે તેને ચડાવવું.

આપણે જે અવાજો તેને સંભળાવીએ તે સુમધુર અને કર્ણપ્રિય હોય તેની સંભાળ લેવી. નિરીક્ષણ પછી એવું જણાય કે બાળક અમુક અક્ષરોના અવાજ પકડતું જ નથી તો કાનમાં, કે જીભના ટેરવામાં, કે તાળવામાં કંઇ દોષ તો નથીને તેની ખાત્રી દાક્તરની તપાસ કરીને કરવી ને જરૂરી ઉપચાર કરવા.

આમ કરવાથી ઘણાં બાળકો ભાષાદોષમાંથી બચી જશે એમ મારૂં માનવું છે. જે ઘરમાં તમે જણાવો છો તેવું ભાષાના સારા સંસ્કાર-વાળું વાતાવરણ છે તે ઘરમાં બાળક તોતડું બોલતું હોય એ નવાઇ ઉપજાવે તેવું છે.

હું માનું છું કે કાં તો તમારા બાળકના કાન, જીભ કે તાળવાના અવયવોમાં દોષ છે, અગર મેં ઉપર જણાવી તેવી કસરતોથી આનંદ પ્રાપ્ત કરવાની સારી તક તેને મળી નથી.

જૂના વખતમાં સંયુક્ત કુટુંબોની પ્રથા હતી અને તેમાં બાળક ઝાઝો વખત વૃદ્ધ માતા કે પિતાના ખોળામાં રમતાં રમતાં આવી કસરતો મેળવ્યે જતું. તેની પાછળ બાળ-ઉછેરની કે તેનામાં ભાષાશુદ્ધિના દોષો રહી ન જાય તેની દૃષ્ટિ ભલે ન હતી; પરંતુ તેથી અત્યારની એકલા 'સ્ત્રી પુરુષ' ની કુટુંબ-વ્યવસ્થાના દોષની ઉણપ તો નહોતી દેખાતી. વળી સંયુકત કુટુંબમાં ઉછરતાં ઉછરતાં બાળકને તેના સમોવડીયા બાળકો સાથે રહેવાનું મળતું તેથી પણ તેને નહાનાં બાળકો સામે વાણી-વ્યવહારનું વાતાવરણ મળતું. સમાજથી અલગ પડી, કુટુંબથી છૂટા થઇ, એકલા બંગલામાં રહેવા જતાં ઘણાં કુટુંબો બાળકને બાળસમા-જથી છૂટું પાડી દે છે, અને તેથી પણ તેનામાં અમુક ભાષાદોષ રહી જાય છે અને વળી ઝડ-પથી તેનો ભાષાવિકાસ થતો દેખાતો પણ નથી.

આવી પરિસ્થિતિ ન આવે તે માટે બાળકને અનેક સમાન વયસ્ક બાળકો સાથે ઉછરવા દેવું તે અતિ આવશ્યક છે.

તમારે ત્યાં સંસ્કારી ભાષા બોલાય છે તે તો ખરેખર આનંદની વાત છે. પરંતુ જ્યાં ભાષાનું ધોરણ છેક નીચું છે ત્યાં તો બાળક જન્મતાંની સાથે જ ઘરનાં એકેએક માણસે ભાષાશુદ્ધિ સાચવવાની જે ચીવટ ન રાખી હોય તો અજાણપણે પણ તેનામાં એ સંસ્કારો તેના કર્ણપર અથડાઇ ચિરસ્થાયી બને છે.

બાલમંદિરોમાં બાળક બાળક સાથે હળતું મળતું થાય છે, વિચારોની આપ લે કરવાની તેને તક મળે છે, વાર્તાશ્રવણથી તેના વિચારો તથા ભાષા વ્યક્ત કરવાની વૃત્તિને ઉત્તેજન મળે છે, અને ઇંદ્રિયવિકાસનાં સાધનોના વપરાશ તેમજ સંગીતના સંસ્કારથી પણ તેનો ભાષા વિકાસ સધાય છે. પરંતુ એ વાતાવરણ છતાં જે તેનું તોતડાપણું નથી જતું તો તેને જીભની અમુક અમુક રમતો દેખાડી, તેને ગમ્મતે ચડાવી સુધારવાના પ્રયાસ પણ થાય છે. પરંતુ અનુભવથી જણાય છે કે એ ઉંમરે જે કાળજી આપણે આપીએ છીએ તે ઘણું જ મોડું છે.

બાળકની જીભ શુદ્ધ નીવડે તે માટેની ખરી કાળજી તો બાળક છ આઠ માસનું હોય, જીભના લોચા વાળતું હોય ત્યારથી જ લેવાવી જોઇએ. વ.

મારૂં બાળપણ

બાલજીવન એ મનુષ્યજીવનની સરજન-હારે બક્ષેલી અમૂલ્ય ભેટ છે. એ દરેક માણસને સાંપડે છે પણ દરેક માણસના લલાટે એની અનેરી મઝા માણવાનું નથી લખ્યું હોતું. કોઇનું બાલ્ય આનંદમાં તો કોઇનું શોકમાં, કોઇનું ગાદી તકીયામાં તો કોઇનું ધરણી માતાને

ખોળે ખેલવા વીત્યું હોય છે. આમ બાળપણના અનેક પ્રકાર છે. અત્યારે તો મારા બાળપણ વિષે જ લખીશ.

મારૂં ઘણું ખરૂં બાળપણ તો મેં મારા ગામડામાં ગાળ્યું છે, એટલે કુદરત સાથે જ ખેલ્યો છું. નાનપણથી હું લાડમાં જ ઉછર્યો છું. સાત વર્ષ સુધી તો મને ત્રિવિધ સ્વાતંત્ર્ય મળ્યું હતું. ઘરમાં હું નાનો હોવાથી મને બધા લાડ લડાવતા. શેરીમાં હું શેઠનો છોકરો હોવાથી મારાથી બધા બ્હીતા. મારી હેડીના છોકરા ડરતા તેનું કારણ એ ન હતું કે હું મરદાગીને વર્યો હતો, પરંતુ હું શેઠનો છોકરો હતો એ હતું. શાળા રૂપી કાળા રાક્ષસને તો ભેટ્યો જ ન હતો, ભેટવાને હજુ વાર હતી.

કુદરત સાથે ખેલવાનો તો મને શોખ હતો. પરંતુ છોકરો માંદો પડી જશે એ બ્હીકે કોઈ એનો આસ્વાદ મને લેવા ન દેતા. છતાં લાગ મળ્યે માબાપને છેતરી મારી હેડીના ગોઠીયા સાથે નીકળી પડતો. કોઇ વેળા ખેતરમાં જઇ સાંઠા ચોરી આવતો, તો કોઇ વેળા કાચાં હુંડાં કરડી આવતો; કોઇ વેળા વાઢે જઇ વસ્તા કાકા પાસેથી શેરડીનું રાહું માગી આવતો તો કોઇ વેળા ખેતરોમાંથી મગની શીંગો લઇ આવતો; કોઇ વેળા વરસાદના ઝાપટામાં તબડાક થઈ ભરંડે રમવા જતો, તો કોઇ વેળા વાછડીને ચરાવવાને બહાને કુવા બાંધવા કે ઘોરીઆની પાળ બાંધવા ચાલ્યો જતો.

માબાપની આજ્ઞાના ઉલ્લંઘન માટે મારે કેટલીક વાર સાદી સજા વેઠવી પડેલી. કોઇ વખત મને ઘરમાં પૂરી રાખતા તો કોઇ વખત અમુક ભાગ ન આપતા. કોઈ વખત મને હાટે જ બેસી રહેવાની આસન કેદ આપતા તો કોઇ વખત હાથ પગમાં બેડીઓ નાખી લુગડા વતી બાંધી સખ્ત કેદની સજા આપતા. પરંતુ આ સજાઓની મુદત અલ્પ હતી; જો કે સજા કરતી વખતે મુદત લાંબી અને અમર્યાદ લાગતી. માત-પિતાનો વાત્સલ્યપ્રેમ એક ક્ષણમાં જ એ મુદતનો મંકોડે મંકોડો વીંખી નાખતો, અને 'છોકરૂં છે' એમ કહી મને છુટકારો મળી જતો. પરંતુ કમભાગ્યે કહો કે સદ્‌ભાગ્યે, મારા જીવનમાં એ કાળ લાંબો વખત ટકયો નહિ. 'છોકરો બગડી જશે,' 'નહિ ભણે તો શું ખાશે?' એવાં લોકપ્રચલિત વેણોનો મારો વારંવાર મારા માબાપને કાને અથડાયો અને એ વાત તેમને ગળે ઉતરી ગઇ.

મારા જન્મ પછી પૃથ્વીએ સાત પ્રદ-ક્ષિણા કરી કે તરત જ બાપુએ હાટે પાટીકાંકરો લઇને આવવાનું ફરમાન કાઢયું. 'એકડે એક' ને 'બગડે બે' એમ સ્પર્શેન્દ્રિય અને દર્શ-નેન્દ્રિય કેળવવા સારૂ ઘૂંટયે જતો હતો. જો કે મારા વડવાઓએ ઇંદ્રિય કેળવણીનું નામ પણ સાંભળ્યું ન હતું. ધીમે ધીમે લાગ્યું કે દીકરો નિશાળ વિના ભણશે નહિ. એટલે પાલીતાણા મોટાભાઇ પાસે ભણવા મોકલ્યો.

મોટાભાઇ એક વખત આવ્યા. મને કહે: "પાલીતાણામાં તો બહુ સારૂં ભણાવે છે, મારે પણ નહિ અને હંમેશાં ભાગ આપે." આવી લાલચથી ભોળવાઈ હું પાલીતાણે ગયો.

મને પણ મહેતાજીની નિશાળે મૂકવામાં આવ્યો. ત્યાં છોકરાઓને મારતા જોઇ હું તો રોઇ પડ્યો. ઘેર આવી "મારે નથી ભણવું, બાપુ પાસે જવું છે" કહી રોવા મંડ્યો.

મોટાભાઇએ મારી માગણીનો અર્ધસ્વીકાર કર્યો, છતાં એથી પૂર્ણ સંતોષ થયો. એ ચુકાદો એવો હતો કે મારે ભણવા ન જવું, રખડવું અને ગમે તો ઘેર ભણવું.

હું મોટાભાઇના ચુકાદાનો અમલ કરવા લાગ્યો. પરંતુ કોની સાથે રમવું? ખાખરીયાના જૂના દોસ્તો કયાંથી કાઢવા? એક તો હું ગામડામાંથી આવ્યો એટલે બધું નવું નવું લાગે, વળી સરખી હેડીના ગોઠીયા ન મળે એટલે મઝા ન હોતી પડતી.

મોટાભાઈ પાસે ફરી ફરીયાદ નોંધાવી અને ચુકાદો મળ્યો કે ધીમે ધીમે સોરવશે. થોડો થોડો અભ્યાસ ચાલુ રાખવા મને હંમેશાં સવારમાં એકાદ કલાક ભણાવતા અને તેટલું પાકું કરી રખડવાનું કહી દેતા. ધીમે ધીમે મને ગોઠીયા મળતા ગયા. ભણવામાં કંઈક કાળજી રાખવી પડી. મોટાભાઇનો માર મેં ઓછો ખાધો છે; ઠબકો ઠીક ખાધો હતો. છતાં સ્વયંસ્ફૂર્તિને દબાવી ભણવું પડયું. એક વરસના અભ્યાસનું પરિણામ એ આવ્યું કે પાધરો હું ત્રીજી ગૂજરાતીમાં બેઠો.

ભણવામાં વિદ્યાર્થી તરીકે હોંશિયાર હતો. મોટાભાઇ મને હંમેશાં ભણાવતા. આથી મારે સોટીપાક ખાવાના પ્રસંગો ગણ્યાગાંઠ્યા આવતા. પરંતુ તોફાનને લીધે હળકાના અને છેલ્લા ઉતરવાના ઘણા પ્રસંગો આવ્યા છે. જ્યારે મારૂં તોફાન શિક્ષક જાણી જતા ત્યારે મને મારવાને બદલે છેલ્લો ઉતારતા. મને થતું કે આ કરતાં મારે તો કેવું સારૂં!

છેલ્લો જાઉં એટલે કાળજામાં ઉંડો શેરડો પડતો. અવારનવાર બાપુ પાસે જવું પડતું હોવાથી અભ્યાસમાં ઘણી વાર પાછળ રહી જતો. મારી ગેરહાજરી શિક્ષકને સાલતી. આ સારૂ તેમને મારા પર એટલી ચીડ ચડી ગઇ હતી કે, જેટલા દિ' હું ગેરહાજર રહું તેટલા દિવસની સામી ગેરહાજરી શાળામાં હું હાજર હોઉં છતાં પૂરતા. મને આ શિક્ષા સૌથી આકરી લાગતી. મને આખો દહાડો ચેન ન પડતું. મેં એક વખત તો એમને મોઢે ચડીને જ કહેલું કે: "છેલ્લા કરતાં બે સોટી મારો ને!" જવાબમાં, "વિદ્વાનોએ કહ્યું છે કે, હોંશિયારને છેલ્લો ઉતારવો અને ઠોઠને ટોપરાપાક આપવો." એમ એમણે કહેલું.

પરંતુ હું ચોથીમાં ગયો. શિક્ષક બાપુના ઓળખીતા હતા. પ્રસંગોપાત તેના ગળામાં લાડવા ઠાંસીને કે કોઇ વેળાએ તેના છોકરાને પૈસો આપીને તે મુશ્કેલીમાંથી પસાર થઇ જતો. મેં પાલીતાણામાં આ યુક્તિથી શિક્ષકોને વશ કર્યા. બીજી અંગ્રેજીમાં માંદગીને કારણે હું સત્તરમે નંબરે પાસ થયો. બાકી તો બાળપણના અંત સુધી ઉંચો નંબર લીધેલ છે.

હું ભણવાનો ભારે લોભી હતો. અને કુટુંબીઓને આ બહુ રુચતું. માબાપ, શિક્ષક અને ગોઠીયાઓને વહાલો લાગતો.

અભ્યાસનું પરિણામ એ આવ્યું કે લોકરમતમાં રમવાનું મને સદ્‌ભાગ્ય ઓછું પ્રાપ્ત થયેલું. મારા પ્યારા ગામડામાં જતો ત્યારે જૂના દોસ્તો સાથે રમવાની અને ટક્કર ઝીલવાની શક્તિ ક્ષીણ થતી ગઇ. જ્યે કે શહેરના છોકરા સાથે રમવામાં ઠીક હતો.

મારી હોંશિયારીનો મેં દુરુપયોગ કર્યો એમ લખતાં મને દુઃખ થાય છે. ઠોઠ વિદ્યાર્થીઓને

મેં છેતર્યા. તેમના તરફ કરડી નજર રાખી. તેમને ભણવવાને નામે કોઈ વેળા તેમની પાસેથી પૈસા પડાવ્યા; કોઇ વેળા તેમના મોંમાંથી પ્યારો નાસ્તો છીનવી લીધો. આટલાથી મારો પાપી સ્વભાવ સંતોષ ન માની શકયો. એટલે જે છોકરા ન માને તેને અનેક બહાના હેઠળ શિક્ષકના સોટા ખવડાવી સંતોષ માન્યો. કેટલીક વેળા તો મેં જ શિક્ષક બની સોટીએ ધમકાવેલ.

લોકરમતો પણ હું ઠીક રમ્યો છું: ઝાલ-કોદા, ચુનીદા, વગેરે.

આ ઉપરાંત મને વાર્તા સાંભળવાનો ભારે શોખ હતો. મોટા ભાઇ, બાપુ કે બાની વાર્તા સાંભળ્યા પછી જ મને ઊંઘ આવતી. અને મહાભારત અને રામાયણની વાતો જ ખાસ કરી-ને મને આકર્ષતી. માણભટનું મહાભારત અને રામલીલાવાળાનું રામાયણ સાંભળવા રાત્રે બાર બે વાગ્યા સુધીના ઉજાગરા કર્યાનું—એક મટ-કુંએ માર્યા વિના—મને યાદ છે. "ધરતી ધ્રૂજવાને, ઉથલ પાથલ થાય; અહો રાયજી સુણીયે." અને "જા, જા, લક્ષ્મણ પાપી તારૂં મસ્તક નાખું કાપી." વગેરેના ભણકારા હજુ મારા હૃદયને હચમચાવી દે છે. આખરી-યામાં બાર બાર વાગ્યા સુધી અમે નાટક કરતા અને રામલીલાવાળાનાં સાધનો અને તેની કલાનું અનુકરણ કરતા. તેનાં કેટલાંક ગાયનોની કડી મને હજુ પણ યાદ છે.

લોકગીતમાં પણ મને એવો જ રસ પડતો. નિરક્ષર ભોળી ગામડીઅણનું પચાસ પચાસ કે તેથી વધુનું જૂથ જ્યારે શેરીના ચોકમાં રાસડાની હેલી મચાવવા મળતું અને એ અફાટ આકાશ નીચે લાંબે ઢાળે અને એક તાલે રાસડા લેતું, ત્યારે મારાં બધાં કામો વીસરી જતો, મારૂં ખાવાનું ભૂલી જતો, રડ-વાનું સૂકાઇ જતું, મારાં આંસુ મીંદડી ચાટી જતી, અને મેડીની બારીએ બેસી એકટી ટશે સાંભળતો. કોઇ વેળાએ તો લપાતો લપાતો કોઇ ખૂણામાં એ રાસડાનો મધુર આસ્વાદ ચાખતો.

આવી રીતે પાલીતાણામાં વિવિધ પ્રકારનો અભ્યાસ ચાલી રહ્યો હતો. તેટલામાં મારા પૂ. માતુશ્રીનું અવસાન થયું. આ સમયે મોટાભાઇ મુંબઈ હતા. એટલે મારે આગળ અભ્યાસ કરવા મુંબઇ જવાનું ઠર્યું. મુંબઇમાં મારૂં આગમન થયું તે જ ઘડીએ હિલોળા દેતા અને કલ્લોલતા પંખીને—બાળપણને—પાંખો આવી. એ ફડફડાટ કરતું ઉડી ગયું. ફરી એનાં દર્શન સાંપડ્યાં જ નહિ.

હે બાળપણ! તારા સ્થૂળ દેહનાં દર્શનના કોડ હવે નથી રહ્યા, પરંતુ આત્માના તો છે જ. એ બાળપણની નિર્દોષતા, આનંદ અને ભોળ-પણના મિલનની કોઇ મીઠી પળ સરજનહારે નિર્મેલી નહિ હોય? ગો. કા.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

બાળકની ઊંઘ

[આગળથી ચાલુ]

ઘણી વાર પહેલી પરિસ્થિતિ સાથેનું જૂનું સાહચર્ય તોડી નાખવા ખાતર બાળકની સૂવાની ઓરડીની ગોઠવણમાં ફેરફાર કરવો લાભદાયક નીવડ્યો છે.

એક કુટુંબમાં એક વાર માબાપોએ બાળક સાથે સૂવાની ઓરડીની અદલાબદલ કરી લીધી. તેમણે બાળકને એટલું જ કહ્યું કે, બાળક અને માબાપ બંનેને એ ફેરફાર ગમશે. ને પછી આ ફેરફારની સાથે બીજો પણ ફેરફાર તેમણે કરી દીધો. અત્યાર સુધી બાળકના સૂવા બાબત બા ધ્યાન રાખતી હતી તેને બદલે તે દિવસથી બાપના હાથમાં વ્યવસ્થા આવી. બાપે તરત સૂવાનો વખત વગેરે નક્કી કરી દીધો, ને બધું વ્યવસ્થિત ચાલ્યું.

ઘણી વાર વખતમાં ફેરફાર કરવાથી બધું બરાબર ચાલવા માંડે છે. જેમ કે બાળકનો સૂવાનો વખત આઠ વાગ્યાનો નક્કી કર્યો છે, ને માલુમ પડે છે કે તે જાગે જ છે ને અસ્વસ્થ થઇ બિછાનામાં આળોટે છે, તો એકાદ અર્ધા કલાકનો મોડો વખત આપવાથી બાળક સારી રીતે ઉંઘી શકે છે. એમ કરવાથી બાળકને ઉંઘવાનો પૂરતો વખત મળતો નથી એમ લાગે તો બપોરની ઉંઘ લંબાવાય. પણ બરી રીતે સંભવ તો એવો છે કે તેને પહેલાં જેટલી જ વિશ્રાંતિ મળી રહેશે. જો બે બાળકો એક જ ઓરડીમાં સૂતાં હોય તો તે બંનેનો વખત જૂદો જૂદો રાખવાથી ઉંઘવાનો પ્રશ્ન ઉકલે છે. જેમ કે નાનું બાળક જો મોટા કરતાં જરા વહેલું સુવા જાય તો મોટું સુવા આવે તે પહેલાં તે ઉંઘી ગએલું હોય એટલે મોટું પણ જલદી ઉંઘી જાય.

ઘણી વાર એમ માલુમ પડે છે કે બાળકની ઉંઘવા બાબતની મુશ્કેલીનું કારણ ઉંઘવા પહેલાંની બાળકની ઉશ્કેરાએલી સ્થિતિ (excitement) અથવા વધારે પડતો થાક હોય છે. એવા બાળકો માટે સૂતાં પહેલાં ગડબડ ધોંધાટવાળી રમત ગમતને બદલે શાંતિદાયક એવી વાર્તાઓ કહેવાનો કાર્યક્રમ રાખવો.

કેટલીએક વાર કુટુંબના બધાં માણસો ભેગાં થઇને બેઠાં હોય તેમાંથી સૂવાનો વખત થવાથી બાળકને ઉઠવું ગમતું નથી. બાળકને બધાં સાથે બેસવું ગમે છે પણ પૂરતું બેસવાનું મળતું નથી. એમ હોય ત્યારે તેના જમતાં પહેલાં બધાંની સાથે બેસવા બોલવાનો વખત ગોઠવવામાં આવે તો મુશ્કેલી ટળે, તેને બધાંની સાથે રહેવાની ઇચ્છા હોય છે તે તૃપ્ત થાય ને તે ઉંઘને આડે પણ ન આવે.

જે બાળકોને રમત એકાએક છોડવી ગમતી નથી તેમને સૂવાનો વખત થાય તે પહેલાં દશ મિનિટે સૂચના દેવી કે ' દશ મિનિટ પછી સૂવાનો વખત થશે. ' એટલે તેઓ રમત છોડીને સૂવા જવા માટે તૈયાર થાય છે.

સંસ્કારક્ષમ (sensitive) બાળક તરત સમજી જાય છે કે માબાપો પોતાના વખતસર ઉંઘવા બાબત બહુ ચિંતાતુર રહે છે ને તેથી તે પોતે પણ બૂબ ચિંતા કરવા લાગે છે.

તે ઝટ ઉંઘવાનો પ્રયત્ન કરે છે પણ ક્રમે ઉંઘી શકતું નથી. મોટાંઓ તેને ઠપકો દે છે ને તેને પોતાને પણ પોતાનો વાંક લાગે છે. પરંતુ જેમ જેમ તે વધારે ને વધારે પ્રયત્ન કરે છે તેમ તેમ ઉંઘવું વધારે અઘરૂં ને અશક્ય બનતું જાય છે. આમ માબાપોની વધારે પડતી ચિંતા ક્રે સંભાળથી જ બાળકની ઉંઘ ઉડી જાય છે, અને માબાપ ને બાળક પોતાની ચિંતાતુરતાથી એક બીજાને વધારે ને વધારે ચિંતાયુક્ત બનાવતાં જાય છે. બાળકને પરાણે ઉંઘાડવાનું શક્ય હોતું જ નથી. આપણે તો માત્ર ઉંઘવાને અનુકૂળ એવી પરિસ્થિતિ ઉભી કરી શકીએ. ગરમ પાણીનું સ્નાન કરાવવું, તાજી હવાવાળી શીતળ એવી ઓરડી રાખવી, બત્તીનું અજવાળું ઝાંખું કરવા માટે બત્તી ઉપર પડદા ખેંચી લેવા અને આપણી બોલવા ચાલવાની શાંત ને ધીમી રીત, વગેરે બાબતો બાળકને ઉંઘી જવામાં જરૂર મદદરૂપ નીવડશે.

બાળક બપોરે ન ઉંઘે તો તે બાબતમાં બહુ ચિંતા રાખવી નહિ તેમ જ બહુ સખ્ત પણ રહેવું નહિ ત્રણ ચાર વર્ષનાં બાળકો ઘણી વાર બપોરે ઉંઘવાની સ્થિતિમાંથી નીકળી જાય છે. બપોરે તે ઉંઘે નહિ તો પણ થોડો વખત શાંતિથી પડ્યા રહેવું ને વિશ્રાંતિ લેવી તે જરૂરનું છે. તેને એકાદ ચિત્રની ચોપડી જોવા કે કાંઇ રમકડું પાસે રાખવા આપી કહેવું કે, આસ્તે આસ્તે થોડીવાર આંખો મીંચી જવી ને ઉંઘાય તો ઉંઘી પણ જવું. પરંતુ ઉંઘે નહિ ને સ્વસ્થ પડયું રહે ને આરામ લે તો પણ બસ છે. આ રીતે ઉંઘવાના દબાણ અને ચિંતામાંથી મુક્ત થવાથી જ ઘણી વાર બાળક ઉંઘી જાય છે.

ટૂંકમાં ઉંઘવાના વખત સંબંધે જે રોજની ટેવ પાડવી હોય તે બાબતમાં આપણા મનમાં પહેલાં ચોકખો ખ્યાલ હોવો જોઇએ. બીજું, સૂવાની પરિસ્થિતિ આરામદાયક છે કે કેમ તેની ખાત્રી કરી લેવી જોઇએ. બાળકની ઉંઘના વખત અને ક્રમ પરત્વે સ્વાભાવિક અને સહજ રહેવું જોઇએ. અને બાળક જેમ જેમ મોટું થાય તેમ તેમ તે દિવસે ઉંઘી ન શકે તો પણ બપોરે થોડો વખત શાંતિથી આરામ લે તે તેને માટે હિતકારક હોય છે. બાળકની ઉંમરને માફક આવે તે જાતનો ઉંઘવાનો વખત વગેરે ગોઠવી તેને બરાબર વળગી રહેવું જોઇએ. તેમજ વિશ્રાંતિને કે ઉંઘવાને વખતે વધારે પડતો ઉશ્કેરાટ ન થાય તે બાબતમાં ધ્યાન રાખવું.

બાળકને કેટલી ઉંઘ જોઇએ તે બાબતમાં નીચે પ્રમાણે છે.

એક વર્ષનું બાળક થયા પછી તે બે વર્ષનું થાય ત્યાં સુધી તેની સવારની (૯–૧૦ વાગ્યાની) ઉંઘ આસ્તે આસ્તે ઓછી કરવી. તે બે વર્ષનું થાય ત્યારે લગભગ સવારનું ઉંઘવાનું બંધ જ થઇ જાય તે સારૂં. અર્થાત્ બાળક અતિશય અશક્ત હોય ને ઘડીકમાં થાકી જતું હોય ને ઉંઘની જરૂર જણાય તો વાત જૂદી છે. પરંતુ સામાન્ય તંદુરસ્ત બાળકો માટે બે વર્ષ પછી સવારની ઉંઘની જરૂર રહેતી નથી. છતાં સવારની વિશ્રાંતિની ટેવ બાળક બે વર્ષનું થાય ત્યાં સુધી ને ત્યાર પછી પણ થોડો વખત ચાલુ રાખવી. પંદર મિનિટ પણ પગને વિશ્રાંતિ મળે તેમ પડયું રહે તો આખા

દિવસનો થાક ભેગો થવાનું અટકે છે. એવો પણ અનુભવ છે કે બપોરના જમણ પહેલાં જો બાળક દશ પંદર મિનિટ વિશ્રાંતિ લે તો તેના ખાવા સંબંધેની મુશ્કેલીઓ દૂર થાય છે. કારણ બાળકની ખાવા બાબતની મુશ્કેલીઓ મોટે ભાગે વધારે પડતા થાકને પરિણામે ઉદ્ભવેલી હોય છે. બપોરની ઉંઘ બપોરના જમણ પછી તરત જ હોવી જોઇએ. અને હવે જ્યારે સવારની ઉંઘ બંધ થઇ છે ત્યારે બપોરની ઉંઘ સારી પેઠે દોઢથી અઢી કલાકની હોવી જોઇએ. બાળક આથી વધારે ઉંઘે તો તેની રાતની ઉંઘ બગડે. પછી સાંજે છ કે સાડા છ વાગ્યાનો ઉંઘવાનો વખત પણ ચાલુ જ રહેવો જોઇએ એટલે. તે માબાપને અને બાળકને બન્નેને સગવડવાળું પડે છે.

એથી ત્રણ વર્ષના બાળકનો કાર્યક્રમ એકથી એના બાળકથી મૂળમાં જૂદો પડતો નથી. કારણ તેને પણ હજી ચૌદથી સોળ કલાકની ઉંઘની આવશ્યકતા છે જ. તેમજ રાત્રે તે વહેલું સૂવે એ બાળક માટે અને આખા કુટુંબ માટે ઇચ્છવા જેવું જ છે. બપોરની ઉંઘ અને સવારની વિશ્રાંતિ પણ પહેલાની જેમ જ નિયમિતતાથી ચાલવી જોઇએ. સાંજે છ વાગે ઉંઘીને સવારે સાત વાગે ઉઠવાથી બાળકને તેર કલાકની ઉંઘ મળે છે; ને બપોરની બે કલાકની ઉંઘ મળે એટલે તેને પંદર કલાકની વિશ્રાંતિ મળે છે. આ બેથી ત્રણ વર્ષના બાળકને, જરૂરનું હોય છે. કેટલાંએક બાળકોને ચૌદ કલાકની ઉંઘ પણ પૂરતી થાય છે. જો તેમનાપર થાક અથવા તાણનાં ચિન્હો ન દેખાય તો તેટલી ઉંઘ પૂરતી છે એમ સમજવું. જો એમ હોય તો તેને માટે બપોરની દોઢ કલાકની ઉંઘ બસ છે અને સાંજે તે અર્ધોએક કલાક મોડું પણ સૂઈ શકે છે.

ત્રણથી પાંચ વર્ષની ઉંમરનાં બાળકોને દિવસના ચોવીશ કલાકમાંથી અગિયારથી ચૌદ કલાકની ઉંઘ પૂરતી થાય છે. જેમ જેમ ઉંઘના કલાકો ઓછા થાય તેમ તેમ ઉંઘવાના વખતમાં ફેરફાર થવો જોઇએ. તો પણ ઉંઘનો ક્રમ પહેલો જ રહેવો જોઇએ. જેમ કે જલદી થાકી જાય એવાં બાળકોને સવારનો આરામ તેમજ બધાંને બપોરની ઉંઘ તો હોવી જ જોઇએ. માત્ર ઉંઘનો વખત ઓછો થાય. સાંજે બાળક એની મેળે જો વહેલું ઉંઘી જતું હોય તો છ સાડા છ વાગે ઉંઘવાનો વખત ચાલુ રાખવો જ હિતાવહ છે. પરંતુ જો તેને ઉંઘ ઓછી આવતી હોય તો સાંજનો ઉંઘવાનો વખત સાતનો કરી શકાય; એટલે સાંજના સાતથી સવારના સાત સુધી બાર કલાકની રાતની ઉંઘ અને બપોરની કલાક બે કલાકની ઉંઘ મળીને તેર ચૌદ કલાકની પૂરતી ઉંઘ તેને મળી રહે છે. અને એટલી ઉંઘ શરીરની તંદુરસ્તી અને સ્ફૂર્તિ માટે જરૂરની છે. કેટલાંએક બાળકો ઉપર એકાદ કલાક ઓછી ઉંઘ લેવાથી પણ થાકનાં ચિન્હો દેખાતાં નથી અને શરીરનો સારો વિકાસ દેખાય છે. તેમને માટે પણ બપોરની ઉંઘનો વખત તદ્દન કાપી નાખવા કરતાં સાંજે અર્ધો કલાક તેઓ મોડાં સૂવે અને સવારે અર્ધોએક કલાક વહેલાં ઉઠે તે વધારે સારૂં છે. જરૂર પડે તો બપોરની ઉંઘનો વખત ઓછો કરી શકાય. પણ એમ કર્યું હોય તો સાંજે જમ્યા પહેલાં પંદરેક મિનિટની વિશ્રાંતિ લેવાનો રિવાજ રાખવો.

પાંચ છ વર્ષનું બાળક જે નિશાળે જતું હોય તો તેણે માત્ર સવારે જ જવું અને બપોરના આરામનો ક્રમ ચાલુ રાખવો. અને જરૂર હોય તો રાતનો સૂવાનો વખત આઠનો કરવો. તા.

બાળકો કદર કરે છે

વિનુભાઇની જસુ અને મારો મનુ ફૂલ તોડતાં હતાં.

"કેમ જસુ, માનતી નથી? કહું છું ચાલ. સાંભળતી નથી કયારનો ભાઇ રડે છે તે?"

વિનુભાઇએ જસુને એક, બે, ત્રણ, ચાર વાર કહ્યા જ કર્યું. પણ જસુબેન તો ફૂલ તોડવામાં જ મશગૂલ હતાં!

વિનુભાઇનો મિજાજ હાથ ન રહ્યો. તેમણે જસુને બે ચાર ધોલ લગાવી દીધી. "માનતી નથી? કયારનો કહું છું તોય? માળાં છોકરાં માર્યા વગર ઠેકાણે જ ન આવે. જા."

જસુના ફૂલ પડી ગયાં. તે મોટેથી રડવા લાગી.

મનુ આભો થયો. અને ઘરે દોડી આવ્યો. સુધા ફળિયું વાળતી હતી. હું અંદર નહાતો હતો.

મનુએ આવતાં જ સુધાને ખબર આપ્યા. "બા, બા, વિનુકાકા બિચારાં જસુબેનને મારતા'તા ને વઢતા'તા!"

"એમ કે?"

"પણ બા, મારા બાપુ તો મને મારે ય નહિ ને વઢે ય નહિ! બાપુ કેવા સારા છે!" મને થયું: બાળકો કદર કરે છે ખરાં.

જ.

રંગમતીને કાંઠે

(ચાલુ વાર્તા)

મોડી રાતે મુકુટરામ આવ્યા અને સૂઇ રહ્યા. સવારે પાંચ વાગે તેડવા માટે આવેલી અસીલની ગાડીમાં બેસીને તેઓ અને છેલશંકર તકરારી વંડીની તપાસણી માટે ઉપડી ગયા. જતાં જતાં તેઓ મણીગૌરીને કહેતા ગયા: "બનતા સુધી સાંજે આવી જઇશું. અંબારામ માસ્તરને કહેજો કે તેઓ આજે છોકરાંઓને વાર્તા કરીને રાજી કરે."

મણીગૌરીના મનમાં છેલ્લું વાક્ય સહેજ ખૂંચ્યું. એમ શા માટે થયું તે બરાબર સમજી શકી નહિ. તે ધીમે પગલે પાછી વળતાં ગણગણી: "આજે બાસ એમને માટે જ વાલ પલાળ્યા હતા. અને છોકરાંઓને બિચારાંને તો સ્વપ્નામાં વાર્તા આવતી હતી; પણ

વકીલાતમાં તો એવું જ ને. એક પગ ઘરે ને એક પગ બહાર.”

બાળકો એક પછી એક ઉઠ્યાં. ઉઠી ઉઠીને દરેક બાળકે બાને એક જ સવાલ પૂછ્યો: “બાપાજી કયારે આવ્યા? હજી સૂતા છે?”

બાએ દરેકને કંટાળ્યા વિના જવાબ આપ્યો: “તેઓ રાતે એક વાગે આવ્યા હતા અને પાછા છ વાગે છેલકાકા સાથે તકરારી વંડી જોવા ગયા.”

ચંપક કહે: “વંડી તકરારી? વંડી તે તકરાર કરતી હશે?”

ચંપા કહે: “એ તો જે વંડી આગળ તકરાર થઈ હોય એ વંડીને તકરારી કહેતા હશે”

નંદુએ ઉમેર્યું: “તકરારી કે ન તકરારી. આજે આપણી વાર્તા ગઈ.”

નટુ કહે: “વાર્તા બાપુજીને કહેવી જ નહિ હોય. અમસ્તા આપણને બનાવતા હશે.”

ચંપા બોલી: “એમ તે હોય. બાપુજી કાંઇ આપણને બનાવે તેવા નથી.”

નટુ કહે: “એ તો ઠીક—”

નીચેથી અંબારામ માસ્તરનો અવાજ આવ્યો: “કેમ છોકરાંઓ, ચંપા, નટુ, ચંપક, નંદુ, તૈયાર છો કે? ચાલો, ચાલો, ચાલો, લેસન કરવાના ઓરડામાં ચાલો.”

ચંપા ઠાવકાઈથી ઉઠીને રસોડામાંથી ચાલતી થઇ. નટુએ મ્હોં મરડ્યું અને માસ્તરની જેમ ચાલતો ચાલતો તે બાજુના ઓરડામાં દફ્તર લેવા ગયો.

ચંપક કહે: “ચાલો ત્યારે હવે લેસન કરીએ. લેસન તો આવડે છે. પણ કરવું તો પડશે જ ને!”

નંદુ બોલી: “મને ય બધું આવડે તો છે. દસ એકડા તો કયારના આવડે છે.”

માસ્તરની ફરતા ચંપક, નટુ, નંદુ, ચંપા પાટી દફ્તરો લઈ ભણવા બેઠાં.

માસ્તરે હૂકમ છોડ્યા: “ચંપક, આ ચોપડીમાંથી જોઈ જોઇને પાંચ લીંટી લખી લાવ. નટુ, ચાલ તારા સ્પેલીંગ કરી નાખ જોઇએ. છાપેલી ચોપડીમાં છે ને? તારા માસ્તરે કેટલા આપ્યા છે? ને ચંપાબેન, તમે જુઓ ઓલ્યા ગણિતમાંથી ત્રણ દાખલા કરો. મનોયત્ન પંદરમું, દાખલો બાર, તેર, ચૌદ. જુઓ જોઉં, તમારી મેળે કરો. ખોટો હશે તો હું સમજાવીશ. અને નંદુબેન, લાવો પાટી ને કાંકરો. હું તમને એકડા લખી આપું. જુઓ, એકડા. હું ઓલ્યા ખૂણામાં જઇને ઘૂંટ્યા કરો.”

છોકરાંઓને કામે લગાડી બીસામાંથી તમાકુ કાઢી અંબારામભાઈએ તમાકુનો ચપટો ભર્યો અને સરડ કરતો કપાળ સુધી પહોંચાડ્યો ને નાકના

આગલા ભાગ ઉપર ટેકવી રાખેલા જૂના ચશ્માંમાંથી ડોળા ફેરવતા ફેરવતા તેઓ બેઠા.

નટુ "ડીઓજી ડોગ ડીઓજી ડોગ, ડોગ, ડોગ, કુતરો, કુતરો, ડીઓજી ડોગ એટલે કુતરો" એમ યંત્રવત્ બોલ્યે જતો હતો અને મોટો અવાજ કાઢી બધાને ગરબડ કરતો હતો.

ચંપાએ ધીરેથી કહ્યું: "નટુભાઈ, જરા ધીરેથી બોલો ને, મારા ગુણાકારમાં ભૂલ પડે છે."

નટુએ બાડી આંખ કરી ચંપાને જરાક ખીજવી અને 'ડીઓજી, ડીઓજી, ડીઓજી, ડોગ, ડોગ, ડોગ,' ચાલુ રાખ્યું.

માસ્તર સાહેબ કહે: "નટુભાઇ, એ નટુભાઇ, આ ચંપાબેનને ગરબડ કરાય કે?"

નટુભાઇએ જરાય વાળ્યો: "માસ્તર, મોટેથી બોલ્યા વિના યાદ નથી રહેતું. મારા માસ્તર કહેતા હતા કે તાણીને બોલીએ તો યાદ રહે."

માસ્તરે સમાધાન કર્યું: "ઠીક, જરા ધીમેથી વાંચ. ચંપાબેન તમે જરા પેલી તરફ બેસો."

માસ્તર સાહેબે શાંતિથી બીજો ચપટો તાણ્યો અને નંદુ પાસેથી 'એકડા' મગાવ્યા.

ફાળકા જેવડા એકડા જોઈ માસ્તર સાહેબે નંદુને સાબાશી આપી: "નંદુબેન, એકડા બહુ સરસ કાઢ્યા. જાવ, હવે રમવા જાવ."

માસ્તરે એકને ભણતર ભણાવ્યું. પછી ચંપકને પૂછ્યું: "કાં ચંપકલાલ શેઠ, જોઇ જોઇને લખ્યું કે નહિ? લખો લખો."

એટલામાં મણીગૌરી આવ્યાં અને માસ્તર સાહેબને સંદેશો આપ્યો: "અંબારામભાઈ! આજ કહેતા ગયા છે કે તમે છોકરાંઓને વાર્તા કહેજો."

'વાર્તા, વાર્તા, વાર્તા,' બોલતાકને બધાં બાળકો ઉભાં થઈ ગયાં. ચંપા સુદ્ધાંએ ગણિતના દાબલા બાજુએ મૂક્યા. નંદુ બહારથી દોડી આવી. નટુ માસ્તરના છેક ગોઠણ પાસે જઇ બેઠો.

બધા કહે: "માસ્તર, પથ્થરના માછલાની વાર્તા કરો."

ભમ્મર ચઢાવી માસ્તર બોલ્યા: "પથ્થરના માછલાની વાર્તા કઇ?"

બીસામાંથી પથ્થરનું માછલું કાઢી નટુએ કહ્યું: "આ માછલાની માસ્તર સા'બ! અમને આ માછલું નદીમાંથી જડ્યું છે. બાપુજી કાલે એની વાત કહેવાના હતા. એ નથી તો તમે કહો.

માસ્તર જરા હસીને છોકરાંઓને ઉડાડતાં બોલ્યા: "એ એની વાર્તા શું

હોય ? આ માછલું પત્થરનું છે. જુઓને એમાં કંઈવું''તું શું ? વાર્તા તો દલા તરવાડીની હોય. એ કહું.''

નંદુ કહેઃ ''માસ્તર એ તો અમે સાંભળી છે.''

માસ્તર બોલ્યાઃ ''તો બગલું ને બિલાડીની કહું.''

ચંપાએ ડહાપણ કર્યું: ''માસ્તર, એવી વાર્તા કોઇને નહિ ગમે. એમાં કયાં માલ છે ?''

માસ્તર કાને હાથ ફેરવીને બોલ્યાઃ ''ત્યારે....ત્યારે ચકી લાવી ચોખાનો દાણો ને ચકો લાવ્યો દાળનો દાણો, એ વાર્તા કહું ?''

ચંપક કહેઃ ''ને વાર્તા કહેવા બેઠા ! આ વાર્તા તો મારી બા માશીની કીકીને કહે છે. અમે કંઈ વેંતના કીકા નથી.''

નટુ કહેઃ ''હવે માસ્તર સા'બ, માછલા વાળી વાત કહોને. આ બધી અમે જાણીએ છીએ. આવડે તે કહે છે, ન આવડે તે કહેતા નથી. જો માસ્તર થયા છો !''

માસ્તર જરા મુંઝવણમાં પડીને કહેઃ ''પણ મને એ વાર્તા ન આવડતી હોય તો ?''

નંદુ કહેઃ ''તો માસ્તર થવું રહેવા દો, બાપુજી બીજો માસ્તર રખાવશે.''

માસ્તર કહેઃ ''તે માસ્તરો કંઇ વાર્તા કહેવા માટે નથી.''

ચંપક કહેઃ ''વાર્તા ન આવડે એટલા માટે ને ?''

ચંપા બોલીઃ ''નટુ, માસ્તરને વાર્તા કહેતાં ન આવડે. એને તો લેસન કરાવતાં આવડે.''

નટુ કહેઃ ''લેસન તો આપણી મેળાએ કરીએ છીએ. માસ્તર કાંઇ થોડું જ કરે છે ?''

નંદુ કહેઃ ''ત્યારે બાપુજી માસ્તર રાખતા શા માટે હશે ?''

ચંપા કહેઃ ''એ તો બધા વકીલો રાખે છે માટે. બા કહેતી હતી ને કે ચમનલાલકાકા, ભદ્રીશંકરકાકા, દેવજી-ભાઇકાકા, સહુએ માસ્તર રાખ્યા એટલે આપણેય રાખ્યા.''

આકળા થઇ વચ્ચેથી માસ્તર બોલ્યાઃ ''ચાલો, હવે વાર્તા સાંભળવી છે કે નહિ ? બાપાજીએ કીધું છે તે મારે કહેવાની છે.''

બધા સાથે બોલી ઉઠ્યાઃ ''પણ તમને આવડે છે કયાં ? અમે બાપુજીને કહીશું કે તમને નથી આવડતી. તમને રજા આપે.''

આ સ્થળ નિશાળ હોત તો માસ્તર બે ચાર જણને મારી દેત. પણ અહીં તો મુકુંદભાઈનું ઘર હતું અને માસ્તર

ભણાવવા આવ્યા હતા. માસ્તર અનુભવી અને સમયને જાણનારા હતા. એટલે ઠાવકાઇથી તમાકુનો એક બીજો ચપટો ખેંચી છોકરાંઓને કહ્યું: "વાર્તા નથી આવડતી. કહો તો હવે બેસું નીકર જાઉં. મારો એક કલાક થઈ ગયો."

છોકરાઓ તેમની પાસેથી ઉભા થઇ ગયા અને ટીખળી નટુએ ગમ્મત ઉડાવી:

"અંબારામ માસ્તર,
ઘોડે પલાસ્તર;
જાણે નહિ વાર્તા,
ઢોરાંને ચારતા."

છોકરાઓ ઓરડામાં ગાતા અને કૂદતા રહ્યા અને થંડાઈથી માસ્તર રસોડામાં ગયા.

"મણીગૌરીબેન," ચા પીતા પીતા ગળગળા થઇ માસ્તર બોલ્યા: "મણીબેન, આ છોકરાંઓને શેરીનો વા લાગ્યો છે. આજે ભણવામાં ચિત્ત મોળું હતું. આ નટુભાઇને જરાક સાચવજો હોં. બાકી પથરાના માછલાની વાત, બા, મને ક્યાંથી આવડે? અમે તો જૂના જમાનાના રહ્યા. આ આજનાં છોકરાં નત નવું પૂછે છે ને કાયર કરી નાંખે છે."

મણીબેને ટૂંકમાં પતાવ્યું: "એ તો એમના બાપુજીએ કાલે વાર્તા નહિ કીધેલી એટલે છોકરાંઓનું આજે જરા ઠેકાણે નથી. અને નટુ તો, માસ્તર સાહેબ, જરા બટકબોલો છે. બહુ મન ઉપર ન લેતા."

માસ્તર સાહેબ જતાં જતાં બોલ્યા: "ના, ના, મણીબા, છોકરાં તો છોકરાં જ ને. કોઇક દિ' ભણે ને કોઇક દિ' તોફાને કરે. દહાડાનો ક્યાં 'દકાળ' છે. કાલે ભણશે."

માસ્તર બાપુજીના બંડમાંથી ફરીવાર પસાર થયા અને છોકરાંઓએ કૂદી કૂદીને ફરીવાર ગાયન લલકાર્યું:

"અંબારામ માસ્તર,
ઘોડે પલાસ્તર;
આવડે નહિ વાર્તા,
ઘોડાંને ચારતા,
ગધેડાંને ચારતા,
છોકરાંને ચારતા."

[આગળ ચાલુ]

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, બંજીબિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૮૯

અંક ૫ મો
આષાઢ

: તંત્રીઓ :
ગિજુભાઇ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

તમને લાગતું હોય કે બાળકોને મારવાથી તેઓ સુધરશે તો તમે એક વાર નહિ પણ અનેક વાર તેમને મારી જુઓ. વારંવાર મારવાથી પણ જો તેઓ સુધરે નહિ તો તમારે પોતે જ સુધરવું પડશે; એટલું જ નહિ પણ તમારે તમારા કૃત્ય માટે પ્રાયશ્ચિત્ત કરવું પડશે; એટલું જ નહિ પણ જેણે તમને બાળકો આપ્યાં છે તેને તમારે જવાબ આપવો પડશે.

આ બધું કરવાની હિંમત અને શક્તિ હોય તો જ તમે બાળકો ઉપર તમારો નાદાન હાથ ઉપાડશો.

બાળકો અને ધર્મ

મારી આઠ વર્ષની બેન શ્રીકૃષ્ણના જેટલા ફોટા મળે તેટલા મઢાવીને રાખે છે. 'મંદિર' ગોઠવે છે, ફૂલની માળા કરે છે, અને અગરબત્તી સળગાવે છે. શ્રીકૃષ્ણના ફોટાને કંકુ ચોડે છે. એ 'મંદિર'ને એ બગાડવા દેતી નથી. કમળાબેન કહે છેઃ "એ ભક્ત થવાની છે."

પણ હું એમ નથી માનતો.

મારી બેન શ્રીકૃષ્ણના ફોટા જડાવે અને ફૂલની માળા કરવામાં કલાકો કાઢે એ એની ધર્મપ્રિયતા દેખાડે છે એમ કોઇ માને તો તે ભૂલ છે. એ તો માત્ર એની સૌંદર્યદૃષ્ટિ (Æsthetic sense) કેળવે છે. એને સુંદર વસ્તુઓ ભેગી કરવાનો, ગોઠવવાનો અને શણગારવાનો શોખ છે. શ્રીકૃષ્ણનો ફોટો હોય કે ગાંધીજીનો ફોટો હોય, એ એને મન સરખું છે. માત્ર ગાંધીજીના સાદા ફોટાને બદલે એણે શ્રીકૃષ્ણનો રંગીન અને ભભકદાર ફોટો વધુ પસંદ કર્યો, એટલું જ.

મારી બેન વિષે મારું કહેવું સાચું પડ્યું.

થોડા દિવસ પછી ઘરમાં એક નવું જાપાનીઝ બાબલું આવ્યું; ખૂબ સુંદર અને દેખાવડું. બસ, તે દિવસથી શ્રીકૃષ્ણના બધા ફોટા ઉપર ધૂળ ચડવા લાગી અને 'મંદિર' બાબલાની આજુબાજુ ગોઠવાવા લાગ્યું. મેં કમળાબેનને દેખાડીને કહ્યું: "જુઓ, કમળાબેન, મારું કહેવું સાચું છે કે નહિ?"

આપણે ઘણીયે વાર જોયું છે કે બાળકો પણ મોટાંઓની જેમ (જો મોટાં ઘરમાં દેવસેરા ફરતાં હોય તો) 'મંદિર' ગોઠવવા માગે છે, ધૂપદીપ કરવાની પણ ઇચ્છા ધરાવે છે, અને ચાર બાળકોને ભેગાં કરીને આરતી પણ કરે છે. પણ આ કંઈ એમની ધર્મપ્રિયતા નથી. આ તો માત્ર બાળકોમાં રહેલી સૌંદર્યભૂખનું જ લક્ષણ છે. બાળકોને દેવ નથી ગમતા પણ દેવની આજુબાજુનો ઠાકઠઠારો બહુ ગમે છે. એમની સૌંદર્યવૃત્તિ એવું જ કંઈ સારું સારું ગોઠવવાનું માગી લે છે. એટલે પછી ઘરમાં જે પ્રકાર જોવા મળ્યો હોય એ જ પ્રકારે પોતે પણ કરે છે. દુનિયાની બીજી સંસ્કૃતિઓ કે જ્યાં પૂજા એ સૌંદર્યપ્રધાન ક્રિયા (Æsthetic ceremony) નથી, ત્યાંનાં બાળકો બીજી રીતે પોતાની એ ભૂખ સંતોષે છે. અને આપણે જોઇએ છીએ કે મંદિર અને પૂજા વિનાનાં ઘરોમાં બાળકો પોતાનાં નાનાં સાથીઓને 'ચહા'નું કે ભાગ ખાવાનું આમંત્રણ આપે છે, આની પાછળ પણ એ જ રહ્યું છે. જે સુઘડતા, સૌંદર્ય અને વ્યવસ્થા બાળકો મંદિરમાં જુએ છે તે જ જાતની બીજી જાતનાં ઘરોમાં બાળકો 'ચહા'ની રીત (Ceremony)માં જુએ છે. વળી ઘોલકી ઘોલકી રમવાનો આનંદ પણ એમાંથી જ જન્મે છે. મોટાંઓ જે સૌંદર્યથી ઘર ચલાવે છે તે જ રીતે ચલાવીને બાળકો એ સૌંદર્યઆનંદ (Æsthetic joy) લેવા માગે છે.

એટલે જ આઠ વર્ષનું બાળક મંદિર કરે એટલે એને ધર્મમાં રસ છે એમ માનવું એ ભૂલભરેલું છે.

બાળકોને ઘરમાં ચાલતી પૂજામાં ભાગ

લેતાં જોઇને મોટેરાંઓ એમ સમજે છે કે જાણે બાળકને ધર્મમાં જ રસ આવે છે; અને એમ કરીને પૂજા–પાઠ શીખવવા મંડી જાય છે. અને પછી જુએ છે કે થોડા જ વખત પછીથી એમાંથી બાળકનો રસ ઉડી જાય છે. એમને ખબર નથી કે બાળકોનો રસ કંઈ દેવદેવીમાં નથી પણ પૂજાની સુંદરતામાં છે. અને પૂજા-પાઠ કરવાનું જ્યારે બાળકો ઉપર દબાણ આવે ત્યારે તો સ્વાભાવિક રીતે જ એમનું મન એમાંથી ઉતરી જાય છે.

બાળકો કંઈ ધાર્મિક ક્રિયા કરે એ માનવું જ બરાબર નથી. એમને તો સુંદર, સુઘડ ગોઠવવાનું કામ આપવું જોઇએ. પછી ભલે એ ઢીંગલી હોય કે બાબલું હોય; બાળકોને તો એ બધુંયે સરખું જ છે.

અલબત્ત બાળકોની આ સૌંદર્યપૂજા ઈશ્વર-પૂજાનું પ્રથમ પગલું પણ હોઇ શકે છે.

ન.

માબાપ હતાં

દીકરી હતી; માબાપ હતાં. દીકરીને પોતાનું જીવન જીવવું હતું; માબાપને પોતાનું જીવન જીવવું હતું. માબાપ અપ–ટુ–ડેટ થવા માગતાં હતાં; દીકરી પણ અપ–ટુ–ડેટ બનવા શીખતી હતી.

અપ–ટુ–ડેટ થવા માબાપને ક્લબમાં જવું જોઇતું; પ્રીજ રમવું પડતું. નવ સાડાનવ વાગ્યા સુધી ક્લબમાં રોકાવું પડતું, કારણ ઘેર મોડા જવાની તે વખતે ફેશન હતી.

દીકરી પણ અપ–ટુ–ડેટ થવાનું શિક્ષણ લેતી. અર્થાત્ નોકર ચાકરોની સાથે વખત કાઢવાનું તે શીખતી હતી. પાડોશીની છોકરીને ત્યાં બેસીને માબાપની રાહ જોયા કરવાની તાલીમ લેતી હતી.

માબાપ અપ–ટુ–ડેટ હતાં; દીકરી થતી હતી.

* * *

છોકરાં હતાં; માબાપ હતાં. માબાપ અપ–ટુ–ડેટ; છોકરાં પણ અપ–ટુ–ડેટ.

માબાપ ક્લબમાં જતાં; પ્રીજ રમતાં; નવ સાડાનવે ઘેર આવવા નીકળતાં. છોકરાં ઘરે દાદી મા પાસે રહેવા શીખી ગયેલાં; આયા પાસે રહેવા શીખી ગયેલાં. પોતાની મેળે ગમતરમત શોધી લેવા શીખી ગયેલાં. માબાપ આવે તે પહેલાં ઊંઘી જવા શીખી ગયેલાં. માબાપનું તેમને કામ પડતું નહિ; તેમનું માબાપને કામ પડતું નહિ.

માબાપ અપ–ટુ–ડેટ ! છોકરાં પણ અપ–ટુ–ડેટ !

* * *

છોકરાં હતાં; માબાપ હતાં.

માબાપ અપ–ટુ–ડેટ; છોકરાં પણ અપ–ટુ–ડેટ.

માબાપ ક્લબમાં જતાં; પ્રીજ રમતાં; સાડાનવ પછી ક્લબ છોડતાં; કોઇ વાર દસ પણ વાગી જાય.

છોકરાં નોકરો સાથે રહેવા શીખી ગયેલાં. એકબીજાંની સાથે રમવું, બાઝવું, મારામારી કરવી ને છતાં અંદર ને અંદર પતાવી લેવું તેમને આવડી ગયેલું. બહુ બહુ તો નોકર

પાસે ન્યાય કરાવવો; અથવા નોકર વઢી લે તો તે સાંભળી લેવું. માબાપ ઘેર આવે ત્યારે તેઓ ઊંઘી જતાં, અથવા ઊંઘી જવાનો ઢોંગ કરતાં. માબાપ વગર જીવવાનું તેમને આવડી ગયેલું; માબાપને તેમના વિના મજા કરતાં આવડી ગયેલી.

છોકરાં અપ–ટુ–ડેટ, ને માબાપ પણ અપ–ટુ–ડેટ !

માબાપો ! અપ–ટુ–ડેટ થવું હોય તો છોકરાંઓને તમારા વગર રહેતાં શીખવો. નોકર-ચાકર, દાદી, નાની, આડોશીપાડોશી – સગાં માબાપ વગર કોઇની પણ મદદ લઇને જીવતાં છોકરાંને આવડવું જોઇએ. તો જ તમે અપ-ટુ–ડેટ થઇ શકશો. મમી અને પપાનું નામ તેમણે લેવું ન જોઇએ, સમજ્યાં કે?

તા.

કૂ ૨ આ બા પો

સવાર થઇ. સૂર્યનો તડકો બારીની જાળીમાંથી સૂવાના ઓરડામાં પડતો હતો. વિનુ પાંચ વરસનો હતો; તેના માથાના વાળ કતરાવેલા અને નાકનું ટેરવું ફૂલેલું હતું. તેની બહેન નીલી હજી ત્રણ વરસની હતી; તેનું નાક જરા ચીબું, અને માથાના વાળ ગૂંચળાંવાળા હતા. તડકો દેખીને બંને ભાઈબહેન પોતપોતાની પથારીમાં બેઠાં થઈ બેકબીનનાં સામે જીભડો કાઢવા અને ભવાં ચડાવીને ત્રાંસી નજરે જોવા લાગ્યાં.

બહારથી કામવાળીએ બૂમ મારી: "અરે, નઠોર છોકરાં ! કાલના સમજુ લોકોએ તો કયારનો નાસ્તોપાણી કરી લીધાં, અને તમારી તો હજી આંખ જ ઉઘડતી નથી !"

આ કામવાળી તેમની આયા હતી.

સૂર્યનો તડકો પથારીમાં, ભીંત પરનાં ચિત્રો ઉપર, અને આયાના રંગીન સાડલાની કરચલીઓ ઉપર ઝગારા મારતો રમત કરતો લાગતો હતો; બાળકોને તેની રમતમાં જાણે ભેરૂ થવા બોલાવતો હતો. પણ છોકરાંઓએ તે ઉપર કાંઈ ધ્યાન જ દીધું નહિ, કેમ કે તેઓ આજ કાંઇક અણગમામાં જાગ્યાં હતાં. નીલી તો તોબરાશું મોં કરી આળસ મરડતી બેઠી હતી.

"નાસ્તો ને ચા, બાલી ! નાસ્તો ચા." નીલી-એ આયા બાલીને પથારીમાં બેઠાં બેઠાં બૂમ મારી. વિનુ તો હજી આંખો ચોળતો હતો, અને શાની બૂમ મારવી એ ભમરો ચડાવીને વિચારતો હતો: એટલામાં તેમની માનો અવાજ ગજરમાંથી સંભળાયો: "બિલાડીનું દૂધ આજ ભૂલતી નહિ, બાલી ! તેને તો હવે કુટુંબ વળગ્યું છે !"

માનો આ સાદ સાંભળીને છોકરાંનાં ચડેલાં મોઢાં ઠાવકાં થઈ ગયાં, અને ઊંઘથી ઘેરાતી આંખો પણ ઉઘડીને આનંદ અને અચંબામાં ચમકવા લાગી. બંને પથારીમાંથી એકદમ ઠેકીને ઉઠ્યાં, અને કલબલાટ કરતાં રાતનાં વાસી ઝભલાંભેર, મોં ધોયા વગર રસોડા તરફ ઉપડ્યાં.

"બિલ્લીબાઈને બચ્ચાં આવ્યાં ! બચ્ચાં આવ્યાં !" કરતાં બેઉ ભાઇબહેન રસોડામાં દાખલ થયાં. રસોડામાં સંભારના કાબલાના ઘોડા નીચે દૂધ, ઘી, છાશ વગેરે સાચવવાની ઝીણી જાળીની એક પેટી હતી. તેમાંથી બિલાડી બહાર ડોકાયા કરતી હતી. તેના ફિક્કા પડી ગયેલા ચહેરા ઉપર ઘણો થાક જણાતો હતો, અને તેની માંજરી આંખો ઉંડી ઉતરી ગઇ હતી. નવાં અવતરેલાં બચ્ચાંને પરખામાં લઇને તે બેઠી હતી, અને મોં પહોળું કરીને "ન્યાંઉં, ન્યાંઉં" કરવાની મહેનત કરતી હતી, પણ તેના ગળામાંથી ઝીણા સીત્કા

કરતાં વધુ અવાજ નીકળી શકતો નહોતો. બચ્ચાંનો ધીમો ધુરધુરાટ પણ સંભળાતો હતો.

છોકરાં પેટી પાસે ઉભાં ઉભાં દિંગ થઇ ગયાં અને અચંબાથી બિલાડીને જોવામાં બધું ભાન ભૂલી ગયાં! પાછળ આવતી ડાહીનો સાદ તો તેમણે સાંભળ્યો જ નહિ, અને આનંદથી ચમકતી આંખે બિલાડીને એકીટસે જોઈ રહ્યાં!

ઘરનાં પાળેલાં જનવરો બાળકોની કેળવણીમાં અને તેમના જીવનમાં બેશક બહુ ઉપયોગી અસર કરે છે, પણ એ વાત તરફ આપણું લક્ષ ભાગ્યે જ દોરાય છે. જંગી ડાબિયા કુતરાના, પોતાના પાંજરાના કેદખાનામાં જ મરી ગયેલી મેના કે પોપટના, ભોળાં કબૂતરોના, ઘરડી ધુરકતી બિલાડીની પૂંછડી જોજીને અનેક વાર રમુજમાં ચગદીને તેને ઘણી પીડા કર્યા છતાં તેણે આપણા તોફાનની માફી આપ્યાના, અને એવા આપણા બાળપણના અનેક બનાવો શું આપણને યાદ નથી આવતા? મને તો લાગે છે કે ધીરજ, નિમકહલાલી, વાંક ગુન્હાની તરત દરગુજર, નિખાલસપણું, અને એવા એવા ગુણો આપણાં પાળેલાં પશુઓમાં જે હોય છે, અને તે ગુણોની અસર જેટલી આપણને ઉંડી થાય છે, તેનો સોમો ભાગ પણ શિક્ષકોનાં વિદ્વત્તાભર્યાં ભાષણોથી કે માવતર કે આયાની વારંવાર ટોકણી સાથે અપાતી શિખામણોથી નથી થતો.

મોન્ટીસોરી અધ્યાપનમંદિર

તા. ૨૪-૭-૩૩ થી ઉઘડશે.

જેઓને તેમાં દાખલ થવું હોય તેમણે તુરત જ અરજી કરવી.

: મુખ્ય આચાર્ય :

શ્રીદક્ષિણામૂર્તિ ભવન : ભાવનગર

"આ કેટલાં ટીનકુડાં બચ્ચાં છે!" એમ બોલતી નીલીની આંખો અત્યંત આનંદમાં ચમકી રહી. "કેવાં મજેનાં ઉંદરડા જેવાં!"

"એક, બે, ત્રણ." વિનુએ ગણ્યાં. "આ તો ત્રણ બચ્ચાં છે. એમાંથી નીલી, એક તારે માટે, બીજું મારે માટે, અને એક વળી કોઈક બીજાને આપશું."

બોળકોની આવી કદર કરતી લાગણીથી રાજી થઇને બિલાડી 'ધુરરર્, ધુરરર્' કરવા લાગી.

બચ્ચાંને ઘડીક જોયા પછી બાળકોએ તેને બિલાડીના ખડખામાંથી ઉપાડ્યાં અને હાથમાં લઈ રમાડવા ને ચોળવા માંડ્યાં. અને એટલાથી જ નિરાંત નહિ વળતાં રાતના પહેરેલાં ઝભલાંના બિસ્સામાં બચ્ચાંને ઘાલીને બાજુના ઓરડામાં દોડ્યાં ગયાં.

"બિલાડીને બચ્ચાં આવ્યાં,બા!" એમ જઇને માને વધામણી આપી. મા તો કોઈ અજાણ્યો માણસ મળવા આવ્યો હતો તેની સાથે વાતોમાં પડી હતી. દાતણપાણી કર્યા વગર, મ્હોં ધોયા વગર રાતનાં મેલાં કપડાંમાં છોકરાંને આવેલાં દેખી માને રીસ ચડી. તેણે ચીડાઇને કહ્યું: "ગંદાં છોકરાં! આ તમારા વરવા વાઘા હવે ઉતારો; જાઓ બહાર, નહિ તો લપડાવવાં પડશે."

પણ બાળકોને માની ધમકીનું કે અજાણ્યા ગૃહસ્થની હાજરીનું કશું ધ્યાન જ ન હતું. તેમણે તો બિસ્સામાંથી કાઢીને પેલાં બચ્ચોળિયાં નીચે સાદડી ઉપર મૂકયાં, અને આજુબાજુ ઠેકવા અને હસવા મંડી ગયાં. બચ્ચાંની બિલ્લીમા પણ છોકરાંની પાછળ પાછળ આવીને મ્યાંઉં મ્યાંઉં કરી વિનવવા લાગી. પછી છોકરાંને તેની આયા ડાહી પરાણે બહાર ઘસડી ગઈ, તેમનાં મ્હોં માથાં સાફ કર્યાં, ધોયેલ કપડાં પહેરાવ્યાં, પ્રાર્થના કરાવી, અને ચા નાસ્તો પણ પીરસ્યો. પણ આ બધી

તરખડમાંથી કયારે છૂટીને રાંધણિયામાં બિલાડીની પેટી પાસે પાછું જવાય, એ જ રટણ બાળકોનાં મનમાં ચાલતું હતું. પરંતુ તેમની એ સ્વાભાવિક તાલાવેલી અને કુદરતી મન તો એટલો વખત છેક છીનવી લેવાઈ.

બચ્ચાંએ દુનિયામાં દેખા દીધા, એટલે છોકરાંને તો બીજી બધી દુનિયા અલોપ અને નકામી જેવી થઈ ગઈ. જો કોઇએ નીલીને કે વિનુને એક મણ મિઠાઈ કે દશ હજાર ટીકડીઓ આ દરેક બચ્ચા માટે આપવાનું કહ્યું હોત, તો જરાય અચકાયા વગર તેઓ એવા અદલાબદલાની જરૂર ના જ પાડત. આયા અને બા વારંવાર છોકરાંને વઢે અને ના પાડે તો પણ તે તો રસોડામાં બિલાડીની પેટી પાસે જ બેસવાનાં, અને જમવાનું ટાણું થાય ત્યાં સુધી બચ્ચાં જોવામાં જ ગૂંથાઈ રહેવાનાં. બચ્ચાં માટે ચીવટ, લાગણી અને ગંભીર ભાવ તેમનાં મ્હોં ઉપર છવાઈ રહે. આ બચ્ચાંનું આગળ ઉપર શું થશે તેની તેમને ચિંતા થાય. તેમણે એવી ગોઠવણ પણ કરી રાખી કે એક બચ્ચું ઘરમાં તેની મા સાથે રહે, બીજું આપણા ઉનાળુ બંગલા બાતે રાખશું, અને ત્રીજાને કોઠારમાં રાખશું; ત્યાં તેને ઘણા બધા ઉંદરડા મળશે.

"પણ તે આપણી સામે કેમ જોતાં નથી?" નીલીએ અચંબાથી કહ્યું. "તેમની આંખો તો આંધળા ભિખારીના જેવી બાડી દેખાય છે!"

વિનુને પણ આ સવાલથી મૂંઝવણ થઇ. તેણે એક બચ્ચાની આંખ ઉઘાડી જોઇ અને તેને ફૂંકવા લાગ્યો, પણ તેથી કાંઇ વળ્યું નહિ. બચ્ચાંની પાસે દૂધ અને પૂરીના કકડા મૂકયા, પણ તે તો હઠીલાં થઈ ખાતાં પીતાં જ નહોતાં. તેથી છોકરાં વધુ મૂંઝાયાં. તેમની પાસે જે જે ખાવાનું મૂકતાં તે બધું બચ્ચાંની મા ખાઇ જતી હતી.

વિનુએ કહ્યું: "આપણે આ બચોળિયાં માટે નાની ઘોલકીઓ બનાવીએ. તેઓ જુદી જુદી ઘોલકીમાં રહેશે અને બિલ્લીમા તેમને મળવા આવશે."

ટોપીઓ રાખવાનાં ત્રણ કાગળનાં બોખાં રસોડાને ત્રણ ખૂણે મૂકયાં અને તેમાં ત્રણ બચ્ચાંને ગોઠવ્યાં. પણ આ ગોઠવણ બિલાડીને પસંદ પડી નહિ તેથી તે બોખાંમાંથી બચ્ચાંને પાછાં પોતાની પાસે પેટીમાં લઈ ગઇ.

વિનુએ વળી કહ્યું: "આ બિલ્લી તો બચ્ચાંની મા ખરી; પણ તેનો બાપ કયો?"

નીલી કહે: "હા, એના બાપુ કોણ? એમને બાપ હોવો જોઈએ."

વિનુએ અને નીલીએ ઘણી વાર વિચાર કર્યો, અને છેવટે પોતાના રમકડાંના કબાટમાંના એક બાંડિયા ઘોડાને બચ્ચાંનો બાપ ઠરાવ્યો. અને તેને સમજાવીને કહ્યું: "હવે ધ્યાન રાખજે. અહીં જ ઉભો રહીને આ તારાં બચ્ચાં ડાહ્યાંડમરાં થઈને રહે તે જોતો રહેજે."

આ બધું છોકરાંઓ જાણે સાચેસાચું કરતાં હોય એમ ગંભીરતાથી તેમણે કહ્યું. એમનાં મ્હોં પર ચીવટની સાચી લાગણી તરવરતી હતી. વિનુને અને નીલીને આ બચોળિયાંની પેટી સિવાય બાકીની દુનિયા બધી ભૂલાઇ ગઇ હતી. તેમના આનંદનો પાર નહોતો. પણ તેમને હવે પછી એક કડવો અનુભવ થવાનો બાકી હતો.

રાતે વાળુના વખતને વાર હતી એટલામાં વિનુ એના બાપુના ઓરડામાં લખવાના ટેબલ પાસે બેઠો હતો. ત્યાં બિલાડીનું બચ્ચું બત્તીની પાસે થઇને ટેબલ ઉપર લખેલા કાગળો પડ્યા હતા તેની ઉપર કૂદીને ચડ્યું. વિનુ તેના નાના મોઢામાં પેન્સિલ કે કાં તો દીવાસળી ભોંસીને રમાડતો હતો. એકાએક એના બાપુ જાણે ભોંયમાંથી નીકળી આવ્યા હોય એમ તેની પાસે આવીને કડકાઈથી ઉભા અને રીસથી બોલ્યા: "આ શું કરે છે?"

વિનુએ તેના બાપનો ગુસ્સાનો અવાજ સાંભળ્યો. "એ તો... આ તો બચોળિયું છે, બાપુ! બિલાડીનું બચ્ચું."

"હું તને હવે તેની ખબર પાડું. જો આ તેં બધું શું કરી મૂક્યું? તોફાની! તેં મારા બધા કાગળિયા બગાડી દીધા તેનું કાંઇ ભાન છે?"

વિનુને અચંબો થયો કે એનાં બચ્ચાં માટે બાપુને કાંઇ ભાવ જ નથી! અને બચોળિયાંની સોબતે ઉલ્લાસ અને આનંદ માણવાને બદલે તેમણે તો વિનુનો કાન આમળીને હાક મારી: "રામા! આ ભૂંડાંભૂખ બચોળિયાંને બહાર લઈ જા."

વાળુ વખતે વળી બીજો એક બનાવ બન્યો. બીજી વારનું પીરસણું જ્યાં ચાલ્યું ત્યાં એકાએક 'મ્યાંઉ'ની તીણી રાડ સંભળાઇ. જમવા બેઠેલાં બધાં એ ચીસનું કારણ શોધવા લાગ્યાં, ત્યાં તેઃ બિલાડી ઘુરરર્ ઘુરરર્ કરતી નીલી પાસે આવી.

"નીલી! ભાણેથી ઉભી થઈ જા, અને તારી પાસે છે તે બચ્ચાને ખાળકૂંડીમાં નાખી આવ. મારા ઘરમાં એવી ગંદી ચીજો ન જોઇએ!"

બાપુના આવા હુકમથી વિનુ અને નીલી ગભરાઈ ગયાં. ખાળકૂંડીમાં તો બૂડી મરે! આવી કરતાથી તો બિલાડી અને બાંડિયા ઘોડા બન્નેનાં બચ્ચાં જાય! બિલાડીની પેટી સૂનીસટ થઈ જાય! છોકરાં રડવા લાગ્યાં અને બચોળિયાંને ઉગારવા બાપુને વિનવવા લાગ્યાં. બાપુએ હા તો પાડી પણ એવી સરતે કે તેમણે રસોડામાં જવું નહિ અને બચોળિયાંને ચૂંથવાં નહિ.

વાળુ પછી વિનુ અને નીલી વીલાં મ્હોં કરીને બેઠાં. રસોડામાં જવાની મનાઈથી છેક ઉદાસ થઈ ગયાં. મિઠાઈ આપે તોય લે નહિ; માને તેઓ તોફાની અને ઉદ્ધત જેવાં લાગવા માંડ્યાં. તેમના કાકા પ્રીતમદાસ સાંજે મળવા આવ્યા ત્યારે બાપુએ બચોળિયાં ખાળકૂંડીમાં નાખી દેવાનું ફરમાન તેમની પાસે ફરિયાદ કરી.

"પ્રીતમકાકા, બાને જરૂર સમજાવો કે બચ્ચાંને અમારા સૂવાના ઓરડામાં જ રાખે. જરૂર સમજાવજો, હો!"

"વારૂ, ત્યાં...ને, ઠીક." કાકાએ દિલાસો દઇ કહ્યું: "બહુ સારૂં, કહીશ; જરૂર કહીશ."

પ્રીતમકાકા એકલા આવતા નહિ, પણ તેમની જોડે તેમનો 'ન્હારડો' કૂતરો પણ આવતો. એની પૂંછડી લાકડી જેવી કઠણ ને જાડી હતી, અને એ હાલતાં ચાલતાં જોને તેને પૂંછડું અથડાવતો જતો. છોકરાંને તો એ ન્હારડો અળખામણો આંખના પાટા જેવો લાગતો. પણ આજના સંજોગમાં તેમણે એ વાત જતી કરી દીધી.

વિનુએ કહ્યું: "નીલી! બાંડિયા ઘોડાને બદલે આ ન્હારડો જ બચોળિયાંનો બાપ થાય તો કેમ? ઘોડો તો મરેલો છે, અને આ કૂતરો જીવતો છે, જીવતો! સમજી?"

રાત પડે અને બાપુ કયારે એમના કાગળો લખવા બેસી જાય, અને આ ન્હારડાને કોઈ જુવે નહિ એમ રસોડામાં લઇ જવાય, એની વાટ જોતાં બન્ને ભાઈ બહેન એક બાજુ છાનાંમાનાં ઉભાં રહ્યાં. આખરે બાપા એમના કાગળો લખવા બેસી ગયા, અને બા પણ ઢાંકોઢૂંબો કરવામાં ગૂંથાયાં. એટલે છોકરાં શું કરે છે તેની કોઇને કશી ખબર પડે એમ ન હતું.

હવે છોકરાંને ઉલ્લાસની વેળા મળી.

વિનુએ બહેનના કાનમાં કહ્યું: "નીલી! ચાલ હવે."

પણ એટલામાં રામે આવીને ખબર આપ્યા: "બા! ન્હારડો બધાં બચોળિયાં ખાઈ ગયો!"

વિનુ અને નીલી તો આ સાંભળી ફિક્કાંફચ પડી ગયાં, અને રામા સામુ ટગર ટગર જોઈ રહ્યાં.

"ન્હારડો છાનોછપનો પેટી પાસે પહોંચીને બધાં બચોળિયાં ગળી ગયો! સ્વાહા કરી ગયો!" રામાએ વિગતથી કહ્યું.

છોકરાંએ ધારેલું કે આ સાંભળીને ઘરનાં બધાં

માણસો ઉદાસ થઇ જશે અને નહારડાને મારી મારીને અધમૂવો કરી મૂકશે! પણ એ બધાં તો શાંતિથી બેસી જ રહ્યાં, અને ફૂતરાની અકરાંતિયા જેવી ભૂખની તાળુણી કરવા લાગ્યાં. બા બાપુ બંન્ને હસવા માંડ્યાં. નહારડો નિડરની જેમ પૂંછડી હલાવતો ટેબલ ફરતો ફરવા લાગ્યો અને દમામમાં હોઠ ચાટવા લાગ્યો. માત્ર એકલી બિલ્લીબાઇ દુઃખમાં ડૂબી હતી, અને ઉભી પૂંછડીએ ઉદાસ જેમ આખા ઓરડામાં ભમતી હતી, અને બધાંય ઉપર વહેમની નજરે જોતી ઉંહું ઉંહું મ્યાંઉં મ્યાંઉં કરતી હતી.

માએ કહ્યું: "છોકરાંઓ, હવે નવ વાગી ગયા છે અને સૂઈ જવાનો વખત થયો છે."

વિનુ અને નીલી પથારીમાં જઇને પડ્યાં, અને આંસુ પાડ્યાં. દુઃખી બિચારી બિલ્લાડીના અને ઘાતકી નફ્ટ નહારડાને માર પણ ન પડ્યો તેના તેમણે આખી રાત વિચારો કર્યા જ કર્યા!*

વિ. ય.

* રાશેયન લેખક ચેહાની વાર્તાને આધારે

મરાઠી શિક્ષણ પત્રિકા

મોન્ટીસોરી સંઘના ભાઇઓ અને શિક્ષણ પત્રિકાના વાચકો સમાચારથી ખુશી થશે કે સંઘનાં એક મંત્રી અને શિક્ષણપત્રિકાનાં તંત્રી શ્રીમતી તારાબેન મોડકે મોન્ટીસોરી સંઘ તરફથી મરાઠી ભાષામાં શિક્ષણ પત્રિકા કાઢવાનું શરૂ કર્યું છે. સંઘનો આ વિસ્તાર અને શિક્ષણ પત્રિકાનો આ પ્રચાર જાણી કોણ ખુશી ન થાય? હિંદની સઘળી મુખ્ય ભાષાઓમાં શિક્ષણ પત્રિકા કાઢવાની અમારી ઇચ્છા કેટલાંક વર્ષોથી ચાલી આવતી હતી. એ ઇચ્છામાંની થોડી-એક તો પાર પડી છે તે માટે ઈશ્વરનો આભાર માનીએ છીએ. શિક્ષણ પત્રિકાના વાચકો અને સંઘીઓ પાસે અમારી એક નમ્ર વિનંતિ છે કે તેઓએ જેમ ગુજરાતી શિક્ષણ પત્રિકાને ફેલાવી છે તેમ જ જ્યાં જ્યાં દક્ષિણી ભાઇ-બહેનો વસતાં હોય ત્યાં ત્યાં તેઓ મરાઠી પત્રિકા નો પ્રચાર કરે, અને સંઘનું બળ વધારી શિક્ષણ પત્રિકાને વધારે ટેકો આપે.

મરાઠી શિક્ષણ પત્રિકાનો પહેલો અંક જેઠ શુદ્ધ એકમના રોજ બહાર પડ્યો છે, અને ત્યારથી તેનું વર્ષ શરૂ થાય છે. તેનું વાર્ષિક લવાજમ રૂા. ૧-૦-૦ રાખવામાં આવ્યું છે. તેનું કદ, પાનાં વગેરે ગુજરાતી શિક્ષણ પત્રિકા જેવાં અને જેટલાં જ છે, અને તે સ્વાભાવિક છે કારણ કે બન્ને મોન્ટીસોરી સંઘનાં સંતાનો છે.

આપણે તેને આવકાર આપીએ અને લાંબુ આયુષ્ય ઇચ્છીએ.

આ બાબતનો સઘળો પત્રવ્યવહાર નીચેને સરનામે થઇ શકશે.

શ્રીમતી તારાબાઇ મોડક
તંત્રી: મરાઠી શિક્ષણ પત્રિકા
ઠે. માલટેકડી
કેરબા-અમરાવતી C.P.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

ડૉ. મોન્ટીસોરીનો અદ્‌ભુત ઉપયોગ

મારી પડોશમાં મારા એક સ્નેહી રહેતા હતા. તેમનાં બે ત્રણ બાળકો મને એક વખત મળ્યાં.

મેં તેમને પૂછ્યું: "કાં ...બહેન, તમે પેલી 'બાળકોને મારશો નહિ' અને 'બાળકોને બીવરાવશો નહિ' વાળી પત્રિકાઓ ...ભાઇને વંચાવી કે? હવે તો ઘરમાં તમને કોઇ મારતું કે બીવરાવતું નહિ હોય. કેમ, બરૂં ને?"

બહેને નિરાશ થઇ જવાબ આપ્યો: "અરે .. ભાઇ તો ઘણીએ વાર નાના ભાઇને કહે છે કે 'સૂઇ જા જલદી, નહિતર તારી મોન્ટીસોરી આવીને તને ઉપાડી જશે.' એમ કહીને નાના ભાઇને બીવરાવી બીવરાવીને સૂવાડી દે છે!"

હું તો ડૉ. મોન્ટીસોરીનો આવો પણ ઉપયોગ થતો સાંભળીને સખેદાશ્ચર્ય પામી જોઇ જ રહ્યો! વિ.

એક સત્ય ઘટના.

બાળકની હોંશ

[અનુસંધાન ત્રીજા અંકના પાના ૪૬ થી]

ગિજુભાઇ: "કેમ કાશીબેન? તે દિવસનું પણ લઇને આવ્યાં કે?"

કાશીબેન: "હા; આવી તો છું તે જ વાત કરવા. મારી બરાબર ખાતરી ન થાય ત્યાં સુધી મારૂં પણ તો રહેવાનું. તમને તકલીફ તો પડતી હશે, મારા જેવાને સમજાવવાની."

ગિજુભાઇ: "ના, ના. તકલીફ શાની? તમારા જેવાં કસીકસીને વિચારીવિચારીને 'હા' ભણનારાં માબાપો જ જોઇએ. તમારા જેવાં જે વિચારે તે જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે છે તેથી તેમને મુશ્કેલી જણાય છે; જેમને કાંઇ કરવું હોતું નથી તે તરત 'હા' કહીને જાય છે. તેમને મુશ્કેલી નડે જ શાની? કાંઇ કરવું હોય તો ને! એ તો ઠીક; પણ આજે શું લાવ્યાં છો? તમારા વિષયો પણ ભારે હોય છે. મને મજા આવે છે."

કાશીબેન: "વિષયમાં હું કાંઇ સમજતી નથી. જે મુશ્કેલી જેવું લાગે તે આવીને પૂછું છું. આજ કાંઇ નવું નથી. ગયા વખતનું ઘરેણાંનું જ અધૂરૂં રહ્યું'તું તે વાત કરી લઇએ."

ગિજુભાઇ: "હા; બરાબર. કહો, શું છે ઘરેણાંનું? પહેરવા દો સરલાને ઘરેણાં. અને એ ઘરેણાં તે શું મોટાં પહેરતી હશે? ઓરિંગ કે બંગડી કે એકાદ ચેન; એટલું જ કે નહિ?"

કાશીબેન: "હા, બીજું તો શું હોય? પણ તેમાં મને પ્રશ્ન એ થઇ પડે છે કે જેમ એક વખતે કહ્યું હતું કે સરલાનો શોભા-શણગારનો શોખ વધતો ભાળું છું ત્યારે મને ગમતું નથી, તેમ ઘરેણાંમાં સામાજિક પ્રતિષ્ઠા છે એવું તેના મન પર હવે ઠસવા લાગ્યું છે."

ગિજુભાઇ: "એ કેવી રીતે? શા ઉપરથી તમને એમ લાગે છે?"

કાશીબેનઃ "જુઓ. ગઇ રજામાં અમે જામનગર ગયાં'તાં. તો મારી પાછળ મંડી જ પડી કે મને સરસ નવી જાતનાં એરિંગ લઇ દે. મને લાગ્યુંઃ 'લાવને છોકરી કયારની કહે છે તે તેની હોંશ પૂરી કરીએ.' પછી બજારમાં જઇ પસંદ કરવા લાગી ત્યારે કેટલાંએક એરિંગ જોઈ કહેઃ 'એ તો કાંઇ નવી જાતનાં નથી. એવાં તો અમારી છોકરીઓ પહેરે છે.' એટલે મેં તેને પૂછ્યુંઃ 'તારે નવી જાતનાં જ લેવાં છે કે તને સુંદર લાગે તેવાં લેવાં છે?' તે કહેઃ 'સુંદર તો બરાં જ. મને ગમે એવાં તો બરાં જ. પણ નવી જાતનાં.' 'તે નવાંનું શું કામ છે? તને ગમે તેવાં લઇ લે.' તે કહેઃ 'ના. પેલી રમા જોને મુંબઇથી આવી ત્યારે નવી જ જાતનાં એરિંગ લઇ આવી તો બધી છોકરીઓ તેનાં એરિંગ જ જોયા કરે. એનાં એરિંગ નવી જાતનાં હતાં એટલે તેઓ તેની સાથે બોલે, તેની પાસે બેસે, તેની સાથે જ ભાઇબંધી રાખે. મારી સાથે કોઇ ન બોલે. માટે આ વખતે મારે તદ્દન નવી જ જાતનાં લેવાં છે. એટલે હું પહેરીને જઇશ ત્યારે સૌ મને પૂછશેઃ 'કેટલાનાં લીધાં? કયાં લીધાં? કેવાં સુંદર? કેવાં સુંદર?' એમ કહીને મારી પાસે આવશે, બેસશે ને મારી ભાઇબંધી કરશે. હું સૌને ગમીશ.' ત્યારે એ કારણસર મારે તેને ઘરેણાં આપવાં બરાં?"

ગિજુભાઇઃ "એ તો ઘરેણાંની સામાજિક કિંમત સરલાને જણાવા લાગી. તમે બધાં –તમે તો નહિ જો કે–બીજી બધી સ્ત્રીઓ મોટે ભાગે ઘરેણાં શા માટે પહેરે છે? જેના શરીર પર વધારે ઘરેણાં હોય તેને સમાજમાં વધારે માન મળે છે માટે. સામાન્ય સ્ત્રીઓમાં ઘરેણાંથી શરીર શોભાવવા કરતાં ઘરેણાં પહેરીને સમાજમાં છાપ પાડવાનો હેતુ જ વધારે હોય છે. તે તમે નથી જાણતાં શું?"

કાશીબેનઃ "હા; જાણું છું. ને તે પ્રકાર મને નથી ગમતો તેથી જ સરલાની આ વૃત્તિ મને ખૂંચી. કહે છેઃ 'સારાં નવાં એરિંગ પહેરીશ તો છોકરીઓ મને ચાહશે.' શાળાની છોકરીઓ પણ માળી એવી જ હશે? મને તો ભારે નવાઇ લાગી."

ગિજુભાઇઃ "એમાં નવાઇ શી? જે સમાજમાં તેમણે જન્મ લીધો છે અને ઉછરે છે, તેનો પડઘો શાળામાં પડવાનો જ. અમારા બાલમંદિરમાં નાનાં નાનાં ટાબરિયાં હોય છે ત્યાં પણ તે પડે છે, તો શાળામાં તો સરલાની સાથની એટલે તો ઉંમરલાયક થવા આવેલી છોકરીઓ. તે તો દરેક બાબતની સામાજિક કિંમતો (Social values) જાણી જ ગયેલી."

કાશીબેનઃ "તો હવે મારે કરવું શું? શાળામાં તો સરલાને મોકલવી જ પડે."

ગિજુભાઇઃ "જરૂર વળી. સમાજથી ને સમાજનાં દૂષણોથી અળગાં રાખીને આપણાં છોકરાંઓને આપણે સંત બનાવવા નીકળીએ તો તેમાં મને શ્રદ્ધા નથી. સમાજ એ તો મોટામાં મોટી શાળા છે. તેમાં જ બરું શિક્ષણ છે. અસત્‌ને ઓળખતાં તો શીખવું જ જોઇએ. અસત્‌ને પડખે જ સત્‌ વધારે શોભી ઉઠે છે. બાળકો તેની બરી કિંમત આંકી શકે છે. એટલે સમાજમાં આવું આવું છે–આ જ શું, આથી ઘણું જ બરાબ પણ દેખાઇ આવશે–માટે તેને ત્યાંથી ઉપાડી લેવાનો તો વિચાર સરબોયે કરવો નહિ. અનેક જાતના સ્વભાવ,

અનેક જાતના મતો, અનેક જાતનું શિક્ષણ ત્યાં મળે છે.”

કાશીબેનઃ “ત્યારે શું આવા વિચારો પોષવા દેવા ? તો તો થોડા જ દિવસોમાં મારી સરલા શેરીની એક સામાન્ય બાઈ જેવી બાઈ બની જાય.”

ગિજુભાઈઃ (હસીને) “કાશીબેન, તમે પણ શેરીમાં જ ઉછર્યાં હતાં. તમને તો સરલાને મળી છે એવી બધી શાળાની સગવડો પણ મળી નહિ હોય. સિવાય સરલા માટે દરેક-દરેક બાબતનો ઝીણવટથી વિચાર કરનારી મા તમને મળી હતી કે નહિ તે હું જાણતો નથી. છતાં તમે કેમ સામાજિક ચાલુ વિચારોથી જુદાં પડ્યાં ? તમને કેમ શેરીની એક સામાન્ય સ્ત્રી પ્રત્યે તિરસ્કાર છૂટ્યો ? તેમ જ તેમની વચ્ચે રહ્યા છતાં સરલાને તેવી બનવામાંથી બચાવી શકાય. આવી આવી કાંઈ પણ વાતો આવે તે સારી જ છે, એમ સ્વીકારી સમાજની સાથે રહેવાની ટેવ પડે તો બાળક થોડો વખત પૂરેપૂરું સમાજનું બની જાય છે. છતાં આસ્તે આસ્તે તેની પોતાની અંદર રહેલી લાગણીઓ (Sensibility) જાગૃત થાય છે અને ‘આ નથી સારું લાગતું.’ ‘આ વળી કેવું ખરાબ !’ વગેરે જાતના ઉદ્‌ગારો તેના અંતરમાં જ ઉઠવા લાગે છે. એ રીતે અન્યાય, અસત્, ઢોંગ, વગેરે સામે બાળકનો આત્મા બોલી ઉઠે છે. તે અવાજ સાંભળવાની ને સમજવાની **તાકાત** બાળકમાં હોય તો તે સમાજથી તરત વિચારોમાં જુદું પડે છે. એ તો ઠીક; જરા વધારે તાત્ત્વિકમાં ઉતર્યો. તમારે તો સરલાની સાથે આ બાબત ઉપર વાત કરી તેનું ધ્યાન ખેંચવું. બીજું શું ? તેની પોતાની નિર્ણય-શક્તિ-વિચારશક્તિ ખીલશે તેમ તેમ તેને પણ આ ઠીક નથી એમ લાગશે. હાલમાં નાની છે એટલે સહેજે તે આવી વાતોમાં સપડાય છે. સમાજમાં આપણને માન મળે તો ઠીક એવું તો સમાજમાં રહેનાર દરેક વ્યક્તિને લાગે જ છે; તેને પણ લાગે છે. આ તત્ત્વ વધારે ઉંડું ન ઉતરે એટલું જોવાનું.”

કાશીબેનઃ “હા. પણ તે જ કરવું કેવી રીતે ?”

ગિજુભાઈઃ “આ જ ઉપાય કે તેની સાથે આ બાબતમાં સામાન્ય વાતો કરી તેને વિચાર કરતી કરવી. તું આ કરીશ નહિ એમ કહેવા કરતાં તેને બીજી મોટી સ્ત્રીઓ ઘરેણાં પહેરીને નીકળે છે તે બતાવવું. તે શા માટે પહેરતી હશે તે પૂછવું. પછી ઘરેણાંની સામાજિક કિંમત કેમ આલેખાય, પુરુષો કેમ ઘરેણાં નથી પહેરતા, તેમની કિંમત શા ઉપરથી અંકાય છે, વગેરે સામાન્ય ચર્ચા કોઈ કોઈ વાર કરતાં રહો તો તે વિચાર કરતી થઈ જશે. નવું ઘરેણું જોશે તો જ સામેનું માણસ તેની સાથે સારું બોલશે, એ તો બાલિશ આકર્ષણ છે.”

કાશીબેનઃ “ત્યારે સાર શો ? મારે તેને તેટલા ખાતર નવાં નવાં ઘરેણાં ઘડાવી દેવાં ખરાં ?”

ગિજુભાઈઃ “ના ના. કાંઈ કારણસર, જેમ કે તેનો જન્મદિવસ હોય કે એવું જ કાંઈ બીજું હોય ત્યારે તમારે તેને માટે કાંઈ લેવું હોય તો લઈ દેવું. ને શાળામાં પહેરીને જવાનો રિવાજ જ કાઢી નાખવો. સામાજિક પ્રસંગોમાં તમારી સાથે જતી હોય ત્યારે જ પહેરવાનો

શિવાજ રાખો એટલે શાળામાં નવાં ઘરેણાં લાવવાની હરિફાઇમાંથી તે નીકળી જ જશે, ને બીજી છોકરીઓને પણ ઘરેણાંની વાતો કરતાં શરમ આવશે. કારણ કે પછી તે સાં કહેશેઃ 'અમે શાળામાં ઘરેણાં નથી પહેરતાં. અહીં તો ભણવાનું. અહીં વળી આવી વાતો શી ?'

છોકરાંઓને જરા દિશા બતાવીએ કે તે તેઓ બરાબર પકડી લે છે. માત્ર દિશા બતાવવી જોઇએ; સારી રીતે. કહેા, બીજું કાંઇ ?"

કાશીબેનઃ "ના કાંઇ નહિ. જઉં છું હવે."

ગિજુભાઇઃ "ઠીક ત્યારે. આવજો; અવાર-નવાર આવતાં રહેજો." તા.

શારદામંદિરમાં ચિત્રઉદ્‌ઘાટનક્રિયા વખતે પ્રમુખ શ્રીમતી વિજયાબેન લશ્કરીએ આપેલા ભાષણમાંથી

હું નાનાં બાળકોની કેળવણીમાં રસ લઉં છું એ લાયકાતે મને શ્રી. ભોગીભાઇએ આ ચિત્રપ્રદર્શન ખુલ્લું મૂકવાનું નિમંત્રણ આપ્યું હશે એમ હું માનું છું.

મારાં બાળકોની કેળવણીના પ્રશ્ને મને આ બાલમંદિરમાં રસ લેતી કરી. અને અનુભવે મને જણાયું છે કે આવી બાલવિકાસક સંસ્થાઓની ઘણી જરૂર છે. બાળકોને બાલમંદિરનું સામાજિક વાતાવરણ આપણે ઘર આંગણે સાધનો અને શિક્ષકો રોકીને આપી નથી શકવાનાં. તેના કરતાં એ નાણાં આવી સંસ્થાઓને આપી આપણાં બાળકો તેમને સોંપવાં, તે ઇષ્ટ છે.

આવાં પ્રદર્શનો વાલીની દૃષ્ટિએ અતિ મહત્ત્વનાં છે. મેં બાલમંદિરની મુલાકાતો દરમિયાન બાળકોને એકાગ્રતાથી ચિત્રસર્જનો કરતાં જોયાં છે. સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિના વાતાવરણમાં બાળકો કેવી રીતે વિકાસ સાધે છે તે આપણે આજના પ્રદર્શનમાં જોઇ શકીશું.

આપણે પણ ઘર આગળ બાળકોને બાલમંદિરનું વાતાવરણ કાયમ રહે તે માટે ચિત્ર, માટી અને શિવણ વગેરેનું વાતાવરણ આપવું જોઇએ.

આ ધમાલિયા યુગમાં માબાપો બાળકોની પૂરી સંભાળ ન રાખી શકે. તેથી જેમ માંદાં બાળકોને દાક્તરી સારવાર નીચે મૂકીએ છીએ, તેમ બાળકોના માનસિક વિકાસ માટે આપણે બાળકોને બાલમાનસઅભ્યાસી શિક્ષકોને સોંપીએ. મેં મારાં અને મારા કુટુંબનાં ૭ બાળકોને આ બાલમંદિરમાં મૂકયાં છે; અને હું તેમનો સર્વતોમુખી વિકાસ થયેલો જોઉં છું.

આ સંસ્થા સુંદર વિકાસ સાધી રહી છે. તેમના સહૃદયી કાર્યકર્તાઓ આર્થિક ભીડમાં પણ ઉંધું માથું ઘાલી કામ ધપાવ્યે જાય છે. આપણી-ધનિકોની ફરજ છે કે આપણે તેમની આર્થિક ચિંતા ટાળીએ.

મને આ સ્થાન આપવા માટે આભાર. મારા વિચારોમાં ત્રૂટી જણાય તે આપ સૌ નિભાવી લેશો.

બાળક અને સર્જન

ગયા મહિનાની ૨૯–૩૦ તારીખે શારદામંદિર (અમદાવાદ) બાલમંદિરનો બાલોત્સવ ઉજવવામાં આવ્યો હતો. તે પ્રસંગે બાળકોનાં ચિત્રોનું પ્રદર્શન ભરવામાં આવ્યું હતું, અને બાલમંદિરનાં બાળકોના નાટચપ્રયોગો ભજવાયા હતા. ચિત્રપ્રદર્શનની ઉદ્‌ઘાટનક્રિયા શ્રીમતી સૌ. વિજયાબહેન લશ્કરીએ કરી હતી અને બીજા દિવસના પ્રમુખ શ્રી. ગિજુભાઈ બધેકા હતા. એ બન્ને દિવસની કાર્યવાહી વિષે નોંધમાં આવી ગયું છે એટલે અહીં માત્ર બાળકોના સર્જન વિષે ચિત્રપ્રદર્શન જોયા પછી જે જે વિચારો સ્ફૂર્યા છે તેની જ ઉડતી નજર નોંધવાનો યત્ન કર્યો છે.

બાલ–ચિત્રપ્રદર્શન જોયા પછી અને તે વિષેનાં ભાષણો થયા પછી નીચેના ચાર મુખ્ય પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ પ્રશ્નોના ઉકેલનો પ્રયત્ન બાલમંદિરમાં કામ કરનાર હરકોઈને દિશાસૂચક થાય તેમ છે.

૧ બાળકોનાં ચિત્રોને સર્જન કહી શકાય ?

૨ બાળકોના અનુભવ અને નિરીક્ષણ તેમનાં ચિત્રોમાં કેટલે અંશે આવે ?

૩ બાળકોને કેવાં સાધનો (ચીતરવા માટેનાં) આપવાં જોઇએ ?

૪ બાળકોનાં ચિત્રોને (આ પ્રદર્શનનાં અને આવાં બીજાં) કયી કસણીએ કસવાં જોઇએ ?

પહેલા બે પ્રશ્નોને એક ગણી બન્ને વિષે આપણે વિચાર કરીશું. જ્યારે બાળક બાહ્ય સૃષ્ટિના સંસર્ગમાં આવે છે ત્યારે તેની દૃષ્ટિ સમક્ષ અનેક આકારો (forms) આવે છે. આ બધા આકારોની અસ્પષ્ટ છાપ તેના મગજ પર પડે છે. જે જે દૃષ્ટિકોણથી બાળક તે આકારોને જોઇ શક્યું હોય છે અથવા અનુભવગમ્ય કરી શક્યું હોય છે, તેવી અને તેટલી ઉંડી છાપ તેના મગજ પર અંકિત થઈ હોય છે. એટલે આપણે હિમતપૂર્વક કહી શકીએ કે બાળક જે ચિત્રો કાઢે છે તેમાં તેના મગજ પર પડેલી છાપનો સીધો અને સાદો પડઘો જ હોય છે. તે પડઘાના વાંકવળાક ભલેને આપણને અણઘડ અને અક્ષરંગી (fantsatic) લાગે, પણ તેની પાછળ બાલજીવનના રોજના અનુભવો અને નિરીક્ષણનું નવનીત રહેલું હોય છે. જો બાળકને મોન્ટીસોરી બાલમંદિરોમાં જે જાતનું સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિનું વાતાવરણ મળે છે તેવા વાતાવરણમાં રાખ્યું હોય તો કારીગરીના અધૂરા જ્ઞાન (technique)થી પણ પોતાના ભાવ વ્યકત કરવા બાળક મથે છે.

સિદ્ધહસ્ત કલાકાર શું કરે છે ? તે તેના નિરીક્ષણ, અનુભવ અને આંતપ્રેરણાથી પ્રાપ્ત કરેલી શક્તિ દ્વારા સર્જન કરે છે. તેવી જ રીતે બાળક પણ પોતાની રીતે પોતાની કક્ષાનું સર્જન કરે છે. કેટલાક કલાકારો બાળકોનાં ચિત્રોને સર્જન નથી માનતા. જો કે તે ચર્ચામાં આજે આપણે નથી ઉતરતા; છતાં જો આપણે એમ કહીએ કે મોટાની માફક બાળકને પણ ઊર્મિઓ, આવેશો અને લાગણીઓના વેગ આવે છે તો આપણે સત્યથી વેગળા નથી જતા એમ સર્વકોઈ કબૂલ કરશે જ. આ વેગ તેના દિલને હલમલાવી કોઇ તાલબદ્ધ આકારોના ગૂઢ સૌંદર્યની શોધમાં તેને વાળે છે. આવિર્ભાવના (manifestation) માર્ગોમાં તેની મુશ્કેલીઓનો પાર હોતો નથી કારણ કે સ્નાયુ પરના કાબૂની ઉણપની જોડાજોડ અનુભવ અને નિરીક્ષણની અપરિપકવતા હોય છે. છતાં અનેક મંથનો પછી સર્જન–નવનીત તેમાંથી ઝરે છે. જેમ સૃષ્ટા વિશ્વ રચી પોતાની દુનિયા જોઈ રાચે તેમ આ બાલસૃષ્ટા પણ પોતાના સર્જનમાં રાચે છે. આવાં સર્જન તો પ્રફુલ્લચિત્ત બાળકો જ કરી શકે. અને તે જ બાળકો પ્રફુલ્લાત્મા

બની શકે છે જેમને સ્વાતંત્ર્ય મળે છે, અને જેમની સુપ્ત શક્તિઓને કુંઠિત બનાવવામાં નથી આવી. આવા પ્રફુલાત્માઓ જોવાનું સદ્‌ભાગ્ય આપણને સાચી દૃષ્ટિએ ચાલતાં બાલમંદિરોમાં જ મળી શકે.

બાલચિત્રોના તજ્ઞો કહે છે અને તે આપણા અનુભવથી સાચા છે કે બાળકોનાં ચિત્રોમાં તેમના અનુભવ અને નિરીક્ષણની સ્પષ્ટ છાપ આપણે જોઈ શકીએ છીએ. આજુબાજુના વાતાવરણમાંથી બાળક ખૂબ ગ્રહણ કરે છે અને 'અન્ન તેવા ઓડકાર' એ ન્યાયે બાળકનાં ચિત્રો 'વાતાવરણ' ની સાક્ષી પૂરે છે. વાસ્તવિક રીતે એમ બને છે કે બાળકના અનુભવ અને નિરીક્ષણની જે છાપ તેના મગજ પર પડે છે, તે તેના આંતરમનમાં (Unconscious) ધકેલાઈ જાય છે. જ્યારે બાળક ચીતરવા બેસે છે ત્યારે તે છાપ તે જ વખતે બહાર નીકળી આવે છે એવું કાંઇ નથી. કોઈ વાર તે બહાર પણ આવે છે. તે છાપ આંતર્મનમાં રહે છે, તેના પર બીજાં અનેક પડ બાઝે છે અને યોગ્ય સમય આવતાં તે બહાર નીકળે છે. બાળક તો techniqueની પરવા કર્યા વિના જે વસ્તુનું જેવું સ્વરૂપ તેના મગજમાં હોય તે વ્યક્ત કરવા મથે છે, અને તે સ્વરૂપ જ્યાં સુધી કાગળ પર આવિર્ભાવ ન પામે ત્યાં સુધી અવિરત પ્રયત્ન કર્યા જ કરે છે.

આવી રીતે બાળકનાં ચિત્રોમાં બાલમંદિર અને તેની આજુબાજુનું વાતાવરણ સ્પષ્ટ તરી આવે છે. શરૂઆત કરતાં બાળકોનાં ચિત્રોમાં હેતુશૂન્ય વિરૂપતા ભાસે છે. વિચિત્ર અને બેહૂદી રેખાઓથી બાળક પ્રાથમિક શરૂઆત કરે છે. રેખાઓની સંવાદિતા જરાયે દૃષ્ટિગોચર નથી થતી. છતાં સરળતા, કલ્પના અને સ્વયંસ્ફૂર્તિને પૂર્ણ વેગ મળ્યો હોય છે. આ પ્રદર્શનનાં ઘણાંય ચિત્રોમાં વિચિત્ર રૂપ વાળી અસ્વાભાવિકતા નજરે ચઢે છે; પણ જો તેને આવિર્ભાવ પામવા મથતા આત્માનાં મંથનો ગણીએ તો તેની સાર્થકતા સમજી શકાય.

આ ચિત્રોમાં નાજુક પણ મનોહર રંગના સુમેળવાળી ફૂલગૂંથણી, વિવિધ આકારનાં ફૂંડાં અને ફૂલો અગ્ર સ્થાન ભોગવતાં હતાં. ફૂલની રંગપૂરણીની જોડે જોડે જ ફૂંડાંની રંગપૂરણી પણ બદલાય છે. 'यत्र यत्र वह्निः तत्र तत्र धूमः' એ ન્યાયે જ્યાં જ્યાં બાળકોનાં ફૂલનાં ચિત્રો ત્યાં ત્યાં પતંગિયાં તો હોય જ. એક ચિત્રમાં તો એક બાળકે લાંબી જીભ કાઢી ફૂલ પર તરાપ મારતો તીતીઘોડો ચીતર્યો છે. ધોતિયાં અને સાડીઓની વિવિધરંગી ભાતગૂંથણીમાં (design) પણ ફૂલોની અટપટી ગૂંથણી બાળકોએ કરી છે. જુદાં જુદાં બાળકોની એ ભાતગૂંથણીવાળું પાનું અવશ્ય જોવા જેવું છે.

બાલમંદિરની વાડે મોતી નહિ તો દાણા ચરંતો મોર જોઈ બાળકોએ તેને જે અક્ષરંગી રેખાઓથી અમર કરવા યત્નો કર્યા છે તે સર્વ કોઇનું ધ્યાન ખેંચતા હતાં. પક્ષીસમાજમાં પોપટ, ચકલી, કાબર, બતક, ચાંચમાં દહીંથરાવાળો કાગડો, કાકાકૌઆ વગેરે બાળકોના નિરીક્ષણમાં આવ્યાં હશે તેથી ઘણાંય ચિત્રોમાં તે દેખા દે છે. કોઈ કોઈ બાળકોએ તો કોઈ અનામી અકુદરતી પક્ષી–પશુઓ પણ સર્જ્યાં છે. પશુસમાજમાંથી હાથી, ઘોડો, ગધેડું, વગેરે તેમની પેન્સિલના સપાટામાં આવી ગયાં છે. કેટલાંક પશુ–પંખી એટલાં બેહૂદાં અને વિચિત્ર લાગે છે કે બાળક તેને જે નામ આપે છે તે તે હશે કે નહિ તેની આપણને સ્વાભાવિક શંકા થાય છે. પણ જો આપણે એટલું ધ્યાનમાં રાખીએ કે તે પશુપંખીનું જેવું ચિત્ર તેના મન પર હોય છે તેવું દોરવાનો તેનો યત્ન હોય છે તો આપણી શંકાનું સમાધાન આપોઆપ થઇ જાય છે.

પાંદડાંના આકાર પણ બાળકની સૃષ્ટિમાં અવનવા હોય છે. કેટલાંક પાંદડાં તો જ્વાલામુખીની જ્યોત જેવાં ચીતરાયેલાં હતાં. ફૂલોની રંગગૂંથણીમાં સાધારણ રીતે અલૌકિકતા આવી જતી હતી. બાળક રંગના મિશ્રણના જાણે પ્રયોગો ન કરતું હોય એવો આપણને ભાસ થાય છે. આ

બધા પ્રયોગોને અંતે તે આપોઆપ બરાબર બંધ બેસતા રંગો શોધી કાઢે છે.

મનુષ્યાકૃતિઓ પણ તેમનાં ચિત્રોમાં આવી જતી હતી. ફ્રોક પહેરી ઉભેલી છોકરી, નૃત્ય કરતા છોકરા, લંબતોતડા માણસો, માત્ર સીધી લીંટીથી બનાવેલી વીરાસનવાળી મનુષ્યાકૃતિઓ, દોડતો છોકરો અને ઝાડની ડાળીએ ઝૂલતી છોકરીઃ એ ચિત્રો બાસ આકર્ષક લાગતાં હતાં.

રાષ્ટ્રીય નવચેતનની સ્પષ્ટ અસર તેમના ત્રિરંગી રાષ્ટ્રધ્વજમાં આવેલી દેખાતી હતી. જાણ્યે કે અજાણ્યે પણ ઘણાંખરાં ઝાડ, ઘર કે ઝૂંપડી પર તે ફરફરતો બાળકોએ દેખાડ્યો હતો. સરઘસ અટકાવવા ઉભેલા દંડિકાવાળા પોલિસ દાદા પણ તેમના લક્ષની બહાર નથી ગયેલા.

ૐકાર અને સ્વસ્તિકની ભાતગૂંથણી (designs) તેમનાં ચિત્રોમાં અગત્યનું સ્થાન ભોગવતી હતી. સાડી અને ધોતિયાંની નવી ભાતગૂંથણીમાં સર્પાકૃતિવાળી અને તદ્દન અક્ષરંગી છતાં મનોહર નવીન ભાતગૂંથણી તો એટલી આકર્ષક હતી કે ભલભલા કલ્પકને પણ તે માન અપાવે તેવી હતી. જો એવી કિનારી ધોતીયાં કે સાડી માટે ગૃહણ કરી હોય તો જરૂર તે સમાજમાં ખૂબ આદરપાત્ર બને.

ઉત્તરાયણના દિવસોની યાદ આપતા પતંગના પેચ લડાવતા છોકરા, 'ચાડિયો' ઉડાવતો છોકરો, ફીંડલા સાથે કપાયેલી દૂર દૂર જતી પતંગ, અને આઠ દસ પતંગના પેચઃ એ બધાં ચિત્રો બાલજીવનના અખૂટ ધૈર્ય અને મન્તની સાક્ષી રૂપે ત્યાં હતાં.

આંબો અને લીમડો બાળકનાં ચિત્રોમાં અગ્રસ્થાન ભોગવે છે. (અહીં કહેવા દો કે બાલમંદિરમાંનાં બધાંય ઝાડો કાં તો આંબો કે લીમડો છે.) ઝાડ પર કાં તો ચકલી બેસાડેલી હતી કે કાં તો કોઇ હીંચકા બાંધ્યું હતું.

કાતરકામમાં કેટલીક તાલયુક્ત રચનાઓ બાસ ધ્યાન ખેંચતી હતી. તે સિવાય જાડા કાળા ડ્રૉઈંગ કાગળમાંથી કાપેલું ગાંધીજીનું છાયાચિત્ર (Silhoutte) ઝુલ્ફાંવાળી છોકરીનું ડોકું, ભેંશ, ઘડો, ચંબુ, પોપટ અને ઘોડાનું મ્હોં એ બાસ ધ્યાન ખેંચતા નમૂનાઓ હતા.

જો બાળકને અનુકૂળતા કરી આપવામાં આવે તો ૧૨"×૧૫"ની સાઈઝના મોટા ડ્રૉઈંગ કાગળ પર પણ તે કામ કરી શકે છે. આના નમૂના રૂપ 'કૂંડું ને છોડ' અને 'રાષ્ટ્રધ્વજ ચડાવેલ ઝૂંપડી' એ બે મોટાં રંગીન ચિત્રો હતાં. તે ચિત્ર પાછળ બાળકોએ ચાર-પાંચ કલાક અવિશ્રાંત મહેનત કરી હતી એમ જાણ્યું હતું.

હવે ત્રીજા પ્રશ્નની બાબતમાં એક માન્યતા એવી છે કે બાળકોને બ્રશને બદલે મોટા કૂચડા, રંગીન પેન્સિલને બદલે માટીના રંગથી ભરેલાં મોટાં કૂંડાં અને બાસ તૈયાર કરલી માટી (plasticine) ને બદલે માટીના મોટા લોંદા આપવા જોઇએ. આ માન્યતાના સમર્થનમાં જંગલી મનુષ્યો (primitive men) શું કરે છે તેનું સમાન ઉદાહરણ (analogy) લેવામાં આવે છે. તે પછી જંગલી મનુષ્ય જે રીતે મોટા કૂચડા, રંગનાં કૂંડાં અને માટીના પીંડાં લે છે તેમ બાળકને આપવા જોઇએ એમ કહેવામાં આવે છે. પણ બાળક અને જંગલી મનુષ્યનું સમાન ઉદાહરણ અનુભવની સરાણ પર ટકી શકતું નથી, કારણ કે બાળક સ્વાભાવિક રીતે જ પોતાને સગવડભર્યું સાધન જ ગૃહણ કરે છે. આમ બનવાનું બીજું પણ કારણ છે, અને તે એ કે બાળકનો સ્નાયુ અને ઇંદ્રિય વિષયક વિકાસ શરૂઆતમાં ઓછો હોવાથી નાની વસ્તુ જ ગ્રહણ કરી શકે છે. તે સિવાય મોટા સિદ્ધહસ્ત કલાકારો જ મોટા કેનવાસ પર મોટા બ્રશ (કૂચડા જેવા) વડે સર્જન કરી શકે છે; બીજા લેભાગુ તો નાટકના પડદા જેવા મોટા લગ્નના મંડપો જ ચીતરી શકે છે. આ ઉપરથી એમ કહી શકાય કે ઉપરની માન્યતા ખોટા સમાન ઉદાહરણ પર રચાયેલી છે, અને તેથી જ તે

ભ્રમમૂલક છે.

આપણે ઉપસ્થિત કરેલા ચોથા પ્રશ્નનો જવાબ ત્રણ પ્રશ્નોની ચર્ચામાં આવી જાય છે. સ્વાતંત્ર્યના અને સ્વયંસ્ફૂર્તિના સિદ્ધાંતમાં દૃઢ વિશ્વાસ રાખી બાળકને ઝટ શીખવી દેવાના મોહમાંથી નીકળી જો બાળકની આજુબાજુ કલાનું વાતાવરણ જમાવ્યું હોય તો સર્જન અવશ્ય મળે છે જ. સાચા શિક્ષકની દૃષ્ટિ જો આપણામાં હશે તો બાળકનાં કાલાંઘેલાં મંથનો પ્રત્યે આપણે સહાનુભૂતિ દાખવીશું. તેમના પ્રયત્નો આકસ્મિક નથી હોતા પણ તે હરેકની પાછળ તેમનો અનુભવ અને નિરીક્ષણ હોય છે. જેમ જેમ હથરોટી આવતી જશે, વધારે ને વધારે અનુભવો બાળકને મળતા જશે, સારામાં સારાં ચિત્રોના વધારે સંસર્ગમાં તેઓ આવશે તેમ તેમ આપોઆપ કારીગરીની ખૂબી (technique) આવશે અને બાળક સાચું સર્જન કરતું થશે. ૨.

જોવાં જેવું

: ૧ :

કરંજીયા (મધ્ય પ્રાન્ત)માં ગોંડ નામના લોકોનાં બાળકો માટે ફાધર એલ્વીને મોન્ટીસોરી શાળા કાઢી છે. એમાં ભાઇ શ્રીકાન્ત નામના યુવાન મોન્ટીસોરી શિક્ષક તરીકે કામ કરે છે. તેઓ ભાઇ ભાવનગર શ્રીદક્ષિણામૂર્તિ મોન્ટીસોરી અધ્યાપનમંદિરના વિદ્યાર્થી છે.

: ૨ :

ગયા એપ્રીલની તા. ૨૯–૩૦ ના દિવસોએ અમદાવાદ શારદામંદિરમાં બાલોત્સવ ઉજવાયો હતો. તા. ૨૯મીએ બાળકોનાં ચિત્રોનું પ્રદર્શન શ્રીમતી વિજયાબેન લશ્કરીએ ખુલ્લું મૂકયું હતું. એ પ્રસંગે શ્રી. રવિશંકર રાવળ તથા શ્રી. ગિજુભાઇએ કલા વિષે વિવેચનો કર્યાં હતાં; અને સંસ્થાના નિયામક શ્રી. ભોગીભાઈએ બાળકોના સર્જન ઉપર પ્રકાશ પાડ્યો હતો. તા. ૩૦મીએ બાળકોએ નાટ્યપ્રયોગો કર્યા હતા. તે દિવસના પ્રમુખ શ્રી. ગિજુભાઇ હતા. તેમણે માબાપો તથા અમદાવાદની જનતા સમક્ષ કેળવણી ઉપર વિચારો દર્શાવ્યા હતા. બન્ને દિવસનો કાર્યક્રમ કૃત્તેહમંદ નીવડ્યો હતો. બાળકોનાં નાટકો અત્યંત પ્રશંસાપાત્ર બન્યાં હતાં.

બાલ–જ્ઞાનપ્રચાર યોજના

આ યોજનાનો લાભ લેનારાં ગામોઃ—

૮ સીમરણ
૯ જલાલપુર
૧૦ અમરાપુર
૧૧ બરવાળા
૧૨ રાપુર

આ યોજનાની ઝોળીમાં વધુ રકમો મળવાનાં વચનો નીચે લખેલા ગૃહસ્થોનાં છેઃ—

૧૫૦) શેઠ જીવણલાલ મોતીચંદ
૧૦૦) શેઠ બેચરલાલ કાળીદાસ.

નવાં પુસ્તકો

૧ **મોન્ટીસોરી સંક્ષિપ્ત** ભાષાંતરકર્તાઃ તારાબેન કિંમત ૦–૧૨–૦ ટપાલ ખર્ચ ૦–૨–૦
૨ **પ્રાથમિક શાળામાં શિક્ષણપદ્ધતિઓ** લેઃ ગિજુભાઇ કિં. ૦–૮–૦ ટ. ખર્ચ ૦–૨–૦
૩ **પ્રાથમિક શાળામાં ચિહ્નોવાચન** લેખકઃ ગિજુભાઇ કિં. ૦–૫–૦ ટપાલ ખર્ચ ૦–૦–૬
૪ **મોન્ટીસોરી પ્રચારમાળા ખંડ પહેલો** લેખકો તારાબેન અને ગિજુભાઇ
કિંમત ૦–૧૦–૦ ટપાલ ખર્ચ ૦–૨–૦ : મગાવો **શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરઃ ભાવનગર**

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીઝ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૮૬

અંક ૬ ઠ્ઠો
આષાઢ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

કલ્પના કરો કે જગત બાળક વિનાનું છે.
કેટલું તે ભયંકર વેરાન જેવું લાગશે ?
કલ્પના કરો કે માબાપો બાળકો વિનાનાં છે.
કેટલાં તે ભૂંડાંભૂખ અને ભૂખડાં દેખાશે ?
કલ્પના કરો કે ઘરો બાળકો વિનાનાં છે.
કેટલાં તે સ્મશાન જેવાં સૂનકાર લાગશે ?
કલ્પના કરો કેશાળાઓ બાળકો વિનાની છે.
કેટલી તે બિહામણી ને વરવી લાગશે ?
કલ્પના કરો કે બાગબગીચા બાળકો વિનાના છે.
કેટલા તે ઝાંખા અને અટૂલા લાગશે ?
કલ્પના તો કરી જુઓ,
બાળકો વિનાનું બધું કેવું લાગશે ?

ટીકડીપદ્ધતિ

થોડા દિવસ પહેલાં એક પદ્ધતિઓની ચર્ચા કરતી ચોપડી મારા હાથમાં આવી હતી. નામ તો યાદ નથી, પણ એમાં ઘણાયે પ્રકારની પદ્ધતિઓની ચર્ચા કરવામાં આવી હતી એવું ધ્યાનમાં છે.

એમાં વંડાપદ્ધતિ, ઉસ્તાદપદ્ધતિ વગેરે હતી. એ જોયા પછી મને એમ લાગ્યું કે એમાં એક પદ્ધતિનો વધારો કરવાની જરૂર છે, અને તે 'ટીકડીપદ્ધતિ.'

હવે આ ટીકડીપદ્ધતિ શું છે તેનો આપણે જરા વિગતવાર વિચાર કરીએ. આજ-કાલ પૈસાદારનાં છોકરાંઓ માટે આ પદ્ધતિ ખાસ યોજાયેલી છે. આમાં માર્યા વિના, ધમકી આપ્યા વિના પણ બાળકને પાઠમાં ધ્યાન રાખતું કરી શકાયાનાં દૃષ્ટાંતો છે. વળી આનો મુખ્ય ફાયદો એ થાય છે કે બાળક ભણવાના વખત (Tution-hour)ની બહુ જ આતુરતાથી વાટ જુએ છે.

વળી આ પદ્ધતિનો બીજો ફાયદો એ છે કે માબાપ ધારે એટલાં બાળકોના ભણતર વિષે બેદરકાર રહી શકે છે. કારણ કે એમાં માબાપોને બાળક ભણવા નથી આવતું એવી ફરિયાદ ભાગ્યેજ સાંભળવી પડે છે.

હવે આ પદ્ધતિની વિગતમાં ઉતરીએ. આમાં માસ્તર બાળકને એમ કહે છે કે જો તે ધ્યાન રાખીને આખો વખત ક્લાસમાં બેસશે તો તેને ક્લાસને અંતે એક યા વધુ ટીકડી આપવામાં આવશે. જો કે, કેટલાક અપ-વાદોમાં ટીકડી પહેલાંથી જ આપી દેવાનું ઇષ્ટ છે.

કેટલાએક અણસમજુ લોકોનું એવું માનવું છે કે આ પદ્ધતિ 'લાલચ' ઉપર રચાયલી છે, પણ હકીકત એમ નથી. આ પદ્ધતિના નિષ્ણાતો (experts) નો એ લોકોને એવો જવાબ છે કે જે લાલચ તરત જ (in near future) સંતોષાવાની છે તે લાલચ શ્રેયસ્કર છે!

હવે બાળકોને થતા ફાયદાનો વિચાર કરીએ. પહેલો ફાયદો એ છે કે એમને હમેશ નિયમિત ટીકડી ખાવા મળે છે. બીજો ફાયદો એ છે કે માસ્તરના માર, ધમકી વગેરેમાંથી એ લોકો મુક્ત છે. વળી એમને માસ્તર વિષે કશું જ ફરિયાદ કરવાપણું રહેતું નથી. કારણ જો માસ્તર ભણાવતો હોય કે ભણવાનું કહેતો હોય તો જ છોકરાંઓને ફરિયાદ કરવાનું રહેને!

ટૂંકમાં આ પદ્ધતિ છોકરાંઓને માર્યા વિના, ભણાવ્યા વિના, અને તેઓમાં અકારા થયા વિના માસ્તરને માટે પગાર લેવાનું સારામાં સારું સાધન થઇ પડે છે.

આવી સુંદર (! ! !) પદ્ધતિ પોતાનાં બાળકો ઉપર અજમાવાય છે કે નહિ તે પૈસાદારો જોશે કે? ન.

આ પણે પા પે

ગયા વર્ષનો 'ભેટ અંક' મગાવો. ટપાલ માટે અરધા આનાની ટિકીટ બીડો.

લખો તંત્રી : શિક્ષણ પત્રિકા : : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર.

પિતાને

ધડીભર રાજદ્વારી પ્રપંચ છોડી દે, ને
તારા બાળક સાથે રમ.

ધડીભર વકીલી કાવાદાવા છોડી દે, ને
તારા બાળક સાથે રમ.

ધડીભર વેપારની ગડમથલ છોડી દે, ને
તારા બાળક સાથે રમ.

ધડીભર કાવ્ય-સંગીતને છોડી દે, ને
તારા બાળક સાથે રમ.

ધડીભર ભાઇબંધ મિત્રોને છોડી દે, ને
તારા બાળક સાથે રમ.

ધડીભર પ્રભુભજનને પણ છોડી દે, ને
તારા બાળક સાથે રમ.

ધડીભર જીવનસમગ્ર વીસરી જા, ને
તારા બાળકમાં તું જાગ્રત થા.

ધડીભર સમસ્ત જગતને ફેંકી દે, ને
તારા બાળક સાથે એક થા.

ગિ.

પ્રવૃત્તિ અને સમૃદ્ધિથી ચડિયાતી વસ્તુઓ
ભક્તિ અને ત્યાગ છે.

એ એટલા માટે માતૃત્વનો દ્રોહી છે કે એ
અપૂર્વ સુખથી તે અજાણ છે.

એનો દ્વેષ ના ઘટે,
એની બરોબરી પણ ના ઘટે;
એની તો દયા જ ખાવી ઘટે.

ગિ.

માતાને

બાળકનો પિતા બાળક પ્રત્યે લક્ષ ના
આપે તો ફિકર ના કરતી.

જેટલી હું માતા છું એટલો જ એ પિતા
છે એ દલીલ ના કરતી.

સમાન હક્કે એણે પણ બાળકને સંભાળવું
જોઇએ એવું પણ ના વિચારતી.

એવું પણ ના વિચારતી કે આના કરતાં
પુરુષ થઇ હોત તો કેવું સારું ?

અને એવું પણ ના ઇચ્છતી કે બાળક
વિનાના રહેવું કેવું સારું ?

મા! આવા વિચારભ્રમથી, આવી વિચાર-
વિકૃતિથી તારું અંતર ના અભડાવતી.

જોજે ! તારી સહજ, સરલ પ્રકૃતિને
અસરલ બુદ્ધિ ના દોરે.

ચેતજે ! તારા માતૃપદને સમાન હક્કવાદ
કલુષિત ના કરે.

અને એ ભયંકર વિચારને ભૂતાવળ સમજજે
કે જે વિચાર તને તારા
આત્મદર્શનની આડે આવે છે.

મા ! માતા થવું એ આત્મદર્શનનો એક
અદ્‌ભુત રમ્ય અનુભવ છે.

સ્ત્રી અને પુરુષ બેમાં ઊંચી કક્ષાનો જીવ
તું છે.

બુદ્ધિ અને બળથી ચડિયાતી વસ્તુઓ
પ્રેમ અને સૌંદર્ય છે.

[અનુસંધાન માટે ડાબી બાજુ જુઓ.]

ગામડામાં મોન્ટીસોરી

ગામડાના એક સારા શિક્ષક બાલમંદિર જોવા આવ્યા હતા. મેં તેમને બધે ફેરવી બાલમંદિર બતાવ્યું, સાધનોનો ઉપયોગ બતાવ્યો અને પરિણામો બતાવ્યાં.

નિસાસો મૂકી તેમણે કહ્યું: "આ આટલી બધી બર્ચાળ મોન્ટીસોરી પદ્ધતિ મારે ગામડામાં શી રીતે લઇ જવી? એ સુંદર છે એ કબૂલ છે; પણ એ એટલી બધી મોંઘી છે એનું શું?"

મેં કહ્યું: "એ મોંઘી નથી પણ સસ્તી છે. ગામડામાં તે લઇ જઇ શકાય, અને તે પણ ગામડાને પોસાય તેમ."

તેમણે પૂછ્યું: "કેવી રીતે સસ્તી? કેવી રીતે ગામડામાં પોસાય?"

મેં જવાબ આપ્યો: "અત્યારે આપણી પાસે ટૂંકો વખત છે પણ હું તમને એક બે દાખલાથી જ મોન્ટીસોરી અર્થશાસ્ત્ર સમજાવીશ. જુઓ, સાંભળો. દાખલા તરીકે, ગામડામાં તમે દરેક બાળક પાસે બાળપોથી લેવડાવો છો અને વર્ષમાં બાળક દીઠ બે રૂપિયા બાળપોથીઓ ફાટે છે. બરી વાત છે? ધારો કે એક બાળવર્ગમાં ચાળીશ બાળકો છે. તો ચાળીશ બાળપોથીઓ તો ઓછામાં ઓછી જોઇશે. બાળપોથી તમે કક્કો શીખ્યા પછી વંચાવો છો. ભલે; હાલ તુરત તમે તેમને ગમે તે રીતે કક્કો શીખવો, પણ પછી જો તમે ચિઠ્ઠીઓનું વાચન મેં હમણાં તમને સમજાવ્યું તેમ દાખલ કરો તો તમે શું નથી ધારતા કે બાળકની વાંચવાની શક્તિ વધી જશે, અને પછીથી તે આપોઆપ નાની નાની ચોપડીઓ વાંચશે?"

મારા ગામડાના શિક્ષકમિત્રે કહ્યું: "એમ બની શકે બરૂં."

"વારૂ; જો એમ બની શકે તો પછી ચિઠ્ઠીવાચન ચલાવવું અને બધા પાસે બાળપોથીઓ ન લેવડાવવી."

"ત્યારે? બધાએ શું વાંચવું? બધા પાસે બાળપોથી પાકી શી રીતે કરાવવી? બધાને વંચાવવું તો જોઇએ ના?"

મેં કહ્યું: "બાળવર્ગમાં પણ નાનું એવું પુસ્તકાલય કાઢો. બાળપોથીને માટે દરેક બાળક પાસેથી તમે તેની કિંમત ઉઘરાવો. એમાંથી થોડીએક બાળપોથીઓ બરીદો. બાકીના પૈસામાંથી સહેલું બાલસાહિત્ય બરીદો અને બધી ચોપડીઓ બાળકોને વાંચવા માટે ખુલ્લી મૂકો, તેને વાંચવાનો સમય આપો."

તેમણે પૂછ્યું: "અને તેઓ નહિ વાંચે તો?"

મેં કહ્યું: "બાળકો બાલસાહિત્ય નહિ વાંચે એવો સવાલ આજે તમે જ પૂછો. છતાં જવાબ એ છે કે વિશ્વાસ રાખો અને જુઓ. અનુભવ શું કહે છે તે જોશો."

"વારૂ, તેઓ બધા વાંચશે પણ તેથી શું વાચન બરાબર થશે? પરીક્ષા વખતે વાંચી સંભળાવવું પડે છે તેનું શું?"

મેં કહ્યું: "હા, પરીક્ષાને માટે વાંચી સંભળાવવું પડશે! જ્ઞાનની બાતરી કરી આપવી પડશે! ભણ્યાની બાતરી કરી આપવી પડશે!

તેનો પણ ઉપાય છે જ. જુઓ, બાળકોને તમારે આદર્શ વાચન આપવું. તમે વસાવેલાં પુસ્તકોમાંથી થોડું થોડું સુંદર રીતે તમારે બાળકોની સમક્ષ વાંચવું. સુંદર રીતે વાંચવું એટલે બાળકો તમારી ઢબ પકડી લેશે. તેમની સામે બાળપોથી પણ વાંચવી. બાળકો વારંવાર વાંચશે તો તેમનું વાચન સારું થશે એ તો બરાબર છે ના?"

"હા."

"ત્યારે તમે બાળકોને કહેશોઃ 'જુઓ, આ પુસ્તકો છે. તમને ગમે તેટલી વાર વાંચો. જેઓ જેટલી વાર વાંચે તેટલી વાર તેઓ પોતાનું નામ નોંધાવે. અવશ્ય બાળકો વાંચશે અને નામો નોંધાવશે. નામ નોંધાવવા ખાતર વાંચશે નહિ, પણ વાંચ્યું છે માટે નામ નોંધાવશે."

"હં; પછી શું કહેવા માગો છો?"

"પછી એમ કે આ રીતે થોડી બાળપોથી ખરીદ્યા છતાં વાચન આવડશે, અને પુસ્તકાલયમાં બીજી ચોપડીઓ પણ વધશે. વારુ; બીજે વર્ષે પણ તમે ઉપલી જ રીતે ચલાવ્યા કરો એટલે કે નવાં બાળકો પાસેથી બાળપોથીના પૈસા લઈ પુસ્તકાલય રચો, તો એમ બે ચાર વર્ષમાં બાળઘોરણની લાયબ્રેરી કેટલી મોટી થઈ જાય? બાળકોને કેટલું બધું વાંચવાનું મળે? દરેક બાળકને તો જે ખર્ચ પડે છે તે જ પડે અને છતાં શાળાની પાસે પુસ્તકાલય વધે, અને બાળકોને વગર ખરીદ્યે એટલાં બધાં પુસ્તકો મળે. આનું નામ મોન્ટીસોરી પદ્ધતિનો બુદ્ધિભર્યો ઉપયોગ."

મારા મિત્રે કહ્યું: "વાત તો સાચી લાગે છે."

મેં આગળ ચલાવ્યું: "હવે મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંત ઉપર ગામડાની શાળામાં કેટલા બધા સુધારા કરી શકીએ તે અત્યારે તો વિવેચન વિના ગણાવી જઈએ. તમને લાગશે કે એટલા જ ખર્ચમાં કે જરાક જ વધારો કરવાથી ઘણો સુધારો થઈ શકે છે. જુઓ. આ આટલાં ખર્ચાળ દીવાલચિત્રોને બદલે તમે શાળાની દીવાલ પર ખડીનાં ચિત્રો કાઢી શકો છો. હજી પણ ઘરોની ભીંતે દીવાળી-હોળીમાં ચિત્રો કાઢવામાં આવે છે. વારુ, આ પિત્તળની ફુલદાનીને બદલે લોટકો કે માટલી મૂકી શકો છો. ચાલવાને આ જરમન રંગથી લીટો પાડ્યો છે તેને બદલે તમે ખડીનો લીટો પાડી શકો છો. આ પચાસ રૂપિયાનું પિડોમીટર-ઉંચાઇ માપવાનું-તમે દીવાલ પર લીટો કાઢી તેના ઉપર ફૂટ અને ઇંચ લખીને બનાવી શકો છો. આ લોઢાના હીંચકાને બદલે લીમડાની ડાળે દોરડું બાંધી હીંચકો બનાવી લઈ શકો છો. આ કબાટોમાં ભરેલી મનુષ્યકૃત કલાની સામગ્રીને બદલે કુદરતની ભેટો-પીંછાં, ઇંડાં, માટીના નમૂના, લીંડીઓના નમૂના, ઘાસના નમૂના, માળાઓ અને એવું કંઇ કંઈ સંગ્રહી શકો છો. આ નાટકની લાકડાની રંગભૂમિને બદલે ધૂળનો ઢગલો કરી તેને ચોરસ આકારમાં પાથરી દેવાથી ઉંચો ઓટલો થશે. આ પડદાને બદલે બે છોકરાઓ એક ધોતીયું આડા ધરીને ઉભા રહે તો પણ ચાલે. નાટક કરવાનાં અને જોવાનાં શોખીન બાળકોને એવો પડદો ખૂંચશે નહિ. અમે નાનપણમાં નાટકો કરતા ત્યારે શેરી અમારી રંગભૂમિ હતી, અને વેંત વેંત જેવડા ધૂળના ઢગલા કૂંગરાઓ અને વેંત

જેવડી ઝાડની ડાંખળીઓ વૃક્ષો હતાં. આમ હતું છતાં અમારે માટે તે નાટકનાં સાધનો જ હતાં, અને અમે બીજાં મોટાં સાધનો વિના અટકી પડ્યા ન હતા. આ તો એક દાખલો આપ્યો. આ રીતે તમે અહીંથી ત્યાં બધું કેવી રીતે લઇ જવાય તેનો વિચાર કરશો તો ઘણું સૂઝશે. અહીંની નકલ કરવાની કશીયે જરૂર નથી. નકલ ખોળિયાની ન કરવી પણ પ્રાણની કરવી. તમારે મકાન લઇ જવાનું નથી પણ તેનો સિદ્ધાંત લઇ જવાનો છે."

મારા મિત્રે સંતોષથી પૂછ્યું: "પણ મોન્ટીસોરી સાધનો માટે શું કરવું? એ તો ખરીદવાં જોઇએ ના?"

મેં કહ્યું: "સાધનો તો ખરીદવાં જોઇએ. પણ તેટલા પૈસા ન મળે તો મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો છોડી દેવાં. સાધન વિના સિદ્ધાન્તને વિચારી ઇંદ્રિયો અને મનનો વિકાસ કેમ કરવો તે તમને સૂઝશે. મેં તે વિચાર્યું છે પણ હવે હું તમને નહિ કહું, કેમ કે તમે વિચાર કરો નહિ અને તૈયાર માલ જમો એ મોન્ટીસોરી પદ્ધતિનું શિક્ષણ ન થયું. એટલે હું તમારી પાસે વિચાર કરાવીશ. મારી ખાતરી છે કે સિદ્ધાંતો સંભાળથી અને વિવેકથી વિચારશો તો તમને સાધનો હાથ લાગશે. અને છતાંયે તમારે સાધનો વસાવવાં હોય તો તે આખરે મોંઘાં નહિ પડે તેની મારે મન તો ખાતરી જ છે. દાખલા તરીકે આ મારી દફ્તાની પેટીની વાત કહું. આ દફ્તાની પેટી દસ વર્ષથી છે. એના ત્રણ રૂપિયા બેઠા છે. એ લાકડાની છે; તૂટે ફૂટે એવી નથી. દસ વર્ષથી વાપરતા છતાં એવી ને એવી છે. બે ત્રણ વર્ષ જતાં તેના ઉપર વારનીશ લગાડેલો. આ પેટી ઉપર ચારસો બાળકો રમી ગયાં. અર્થાત્ એ ચારસો બાળકનું રમકડું બન્યું. હવે ત્રણ રૂપિયાની પેટી બાળક દીઠ કેટલે પડી? અને હજી આના ઉપર તો કેટલાંયે બાળકો રમશે! આ નવો હિસાબ આપણે વિચારવો જોઇએ. અલબત્ત, જેમ ઘર એક વાર ચણાવવામાં ખર્ચ થાય પણ પછી નિરાંત છે, એમ જ સાધનો એક વાર વસાવો પછી નિરાંત છે. અને આ રીતે મોન્ટીસોરી પદ્ધતિ ગામડામાં મોંઘી નથી."

"વારૂ; પણ એ તો કહો ગામડામાં નવાં સાધનો કેવી રીતે બનાવવાં?"

"તેનો તમે વિચાર કરો. સિદ્ધાંત વિચારો એટલે સૂઝશે; નહિ સૂઝે તો કહીશ." ગિ.

મોન્ટીસોરી બાલમંદિરો

૧	શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર	ભાવનગર
૨	વઢવાણ સ્ટેટ બાલમંદિર	વઢવાણ
૩	વઢવાણ કેળવણી મંડળ બાલમંદિર	જોરાવરનગર
૪	બાલમંદિર	માંગરોળ
૫	શારદામંદિર–બાલમંદિર	અમદાવાદ
૬	પારસી બાલમંદિર	,,
૭	મ્યુનીસિપલ બાલમંદિર	,,
૮	બાલમંદિર–રાયપુર	,,
૯	મજુર મહાજન બાલમંદિર	અમદાવાદ
૧૦	ડૉ. પંડ્યા અભ્યાસગૃહ બાલમંદિર	પાટણ
૧૧	ફ્લેોશીપ સ્કૂલ બાલમંદિર	મુંબઇ
૧૨	ન્યુ એરા સ્કૂલ બાલમંદિર	,,
૧૩	બાલમંદિર	સાન્તાક્રુઝ
૧૪	બાલમંદિર	ઇંદોર
૧૫	બાલમંદિર	પિલાની–જયપુર

બે....પુ ત્રો

: ૧ :

તા: ૨-૫-૩૩

વહાલા ભાઇ,

તમારો પત્ર ઘણા દિવસે આવ્યો. મને કેટલો બધો આનંદ થયો હશે એની તમને કલ્પના સરખીયે આવી શકે ખરી? મિલનની ગરજ પત્ર કેવી રીતે સારે છે એનો અનુભવ તો આપણને સૌને છે.

વારૂ. તેં અક્ષરજ્ઞાન આપવાની શાળા કાઢી છે તે જાણી મારા મનમાં કેટલાયે વિચારો ઉભા થયા છે. હું પૂછું છું કે આખો દહાડો છોકરાઓ સાથે માથાફોડ કરી રાતે અભણ-લોકોને ભણાવવા બેસતાં કંટાળો નથી આવતો? શું તેં આ કામ તારા ઉપરીના કોઇ હુકમને લીધે શરૂ કર્યું છે કે તું હાથે કરીને હોળી રમવા બેઠો છે? તને શું એમ લાગે છે કે અજ્ઞાનરૂપી અંધકારને આવી રીતે રાત્રિશાળાઓથી આપણે તોડી શકશું? રાતે થોડો વખત કુટુંબમાં બેસી આનંદ અને આરામ કરવાનું છોડી તને આ શાળામાં શો સ્વાદ આવે છે? તેં ભલે નિશાળ કાઢી, પણ હું માનતો નથી કે લોકો તેમાં રસ લે અને તારી મહેનતને જશ આપે. એ લોકો ભણવામાં શું સમજે? નકામો માથું ફોડીને થાકી જઇશ. પણ હું સમજી શકું છું કે તારી પ્રકૃતિ ધૂની છે એટલે તને આવું કામ કરવાની ધૂન લાગી હશે. વળી થોડા દહાડા પછી તું જ કહેવાનો કે એમાં કાંઇ નથી. ત્યાં આવીને મારે એક વાર જોવું પડશે કે તું લખે છે તેવું કંઇ છે કે નહિ.

હમણાં હું એકલો છું. તારી ભાભી છોકરાં સાથે પિયર ગયાં છે. અમારી શાળામાં ઉપરી સાહેબે મોકલેલું અને ફરજિયાત વાંચી જવું જોઇએ એવું ઠરાવેલું થોડુંક બાલ-સાહિત્ય અને થોડુંક શિક્ષણસાહિત્ય વાંચ્યું છું. સાહેબ નવા છે તે આવાં ધતિંગો રોજ કાઢે છે. બાકી થોડા વખત પછી એ ઠરી જશે અને ચાલતે ગાડે એ પણ બેસી જશે. એમ ન બેસે ત્યાં સુધી આપણા પંતુજીઓના ભોગ! 'આ કરો.' ને 'તે કરો.'ના હુકમ છૂટ્યા જ છે.

હશે, આપણે તો કરતા હતા તે કરીએ છીએ અને છાશની દોણી ભરીએ છીએ. બાકી બહુ બહુ તો સારું પરિણામ માગી લે; અને તે આપવાની ના નથી.

નવરો છું તે લાંબો કાગળ ઢસરડી કાઢ્યો અને પાંચ પૈસા ખરચવા ત્યારે કંઇક તો હક્ક કરવું ના? મારી ભાભીની સેવામાં પ્રણામ કહેજે. તું મજામાં હોઇશ.

લિ. તારો

.....ના વંદન

: ૨ :

તા: ૭-૫-૩૩

પ્રિયભાઇ,

મિત્રનો કાગળ વાંચતાં કોને આનંદ ન થાય? તારો કાગળ વાંચતાં મને બહુ લહેર આવી. તું અને સૌ૦ સરસ્વતીબેન મને સાંભર્યાં. આપણા કૉલેજના દિવસો પણ સાંભર્યા. આજ બેચાર દહાડાથી જૂનાં સ્મરણોમાં રચ્યોપચ્યો રહું છું અને મજા લઉં છું.

તું તો એવો ને એવો જ વિચિત્ર રહ્યો ! તારી આળસુ પ્રકૃતિ પણ એવી જ રહી. તું પૂછે છે કે દિ' બધો કામ કરી રાતે નિશાળ માંડતાં કંટાળો નથી આવતો ? મારો અનુભવ એવો છે કે મારી રાત્રિશાળા મારો આખા દિવસનો થાક ઉતારનારું ઔષધ છે. ત્યાં હું કામ કરું છું ત્યારે મને શેર લોહી ચડે છે. મન તો એટલું આનંદિત થઈ જાય છે કે વાત કરો મા ! ગામના અભણ લોકો બિચારા હોંશે હોંશે એકઠા થાય છે અને મારા ફરતા મોટા-ભાઇ મોટાભાઈ કરતા ફરી વળે છે, અને ઝપાટાબંધ ક ૬ ન મ શીખવા મંડી પડે છે. તેમનો ઉત્સાહ અમાપ છે, તેથી તેમને યાદ પણ ઝટ રહી જાય છે. દિ' આખો ખેતર જઈ કામ કરી આવેલા હોય છે છતાં રાતના બાર સુધી અડિયલ જેમ જમાવે છે અને ભણ્યા કરે છે. તેમને વાંચવાની હોંશ એટલી બધી છે કે બાર વાગે હું ઉઠવાનું કહું છું તોયે તે ઉઠતા નથી. છેવટે હું તો ઉઠું છું પણ એ લોકો પોતાની મેળાએ વાંચ્યા જ કરે છે. કેટલાયે વર્ષના અંધકારમાં પડેલાં પ્રકાશ-કિરણોથી તેમના દિલમાં દીવા થઇ ગયા હોય તેમ તેઓને લાગે છે. તેમને એમ ભાસે છે કે મેં તેનામાં કંઈક નવો પ્રાણ સંચાર્યો છે. તેઓ મારા ઉપર રાજીરાજી રહે છે, અને રાતે, તથા નવરા હોય ત્યારે દિવસે પણ મારા ઘર આગળ મેળા હોય છે. કહે જોઇએ આમાં મને કંટાળો આવે કે મજા ? વર્ષોથી કંટાળેલા જીવનને ખીલતું જોતાં કોને આનંદ ન થાય ? આળસ છોડી તું પણ આવી નિશાળ કાઢીશ તો તું આવો અદ્‌ભુત આનંદ લઇશ. તને એ વસ્તુની શોધ નથી થઇ લાગતી કે સાચા શિક્ષકનો ખરો આનંદ ભણાવવામાં છે.

ગાંડાભાઇ, મેં આ શાળા કાંઇ સાહેબના હુકમથી નથી કાઢી. મેં તો મારી મનની હોંશથી કાઢી છે. પેલા...રાજ્યમાં સાહેબે હુકમ કાઢેલો છે પણ કોઇ શિક્ષક તે અમલમાં જ મૂકતો નથી ! એમ સાહેબોના હુકમથી આ કામ થાય તેવું નથી. આ તો મનની ઊર્મિની વાત છે, અને એમાં જ મજા છે. શિક્ષકોને મજા લેવી હોય તો તે વગર હુકમે આ કામ ઉપાડે. અહાહા, આ કામમાં કેટલો બધો પરોપકાર છે !

તું નાસ્તિક હો એમ સવાલ પૂછે છે: "શું આપણે અંધકાર તોડી શકીશું ?" હું પહેલેથી આસ્તિક છું. મારામાં શ્રદ્ધા છે; આશા અને ઉત્સાહ છે. અલબત્ત હું એકલો આખોયે અંધકાર અજવાળી નહિ શકું, પરંતુ એને એક છેડે તો આગ લગાડી જ શકીશ. આજે એક છું પણ કાલે તું તેમાં ભળીશ; પરમ દહાડે પાંચ અને પેલે દહાડે પચીસ જણ ભળશે. અજ્ઞાનનો અંધકાર તોડવાને માટે કોઇનો પણ હક્ક હોય, કોઇની પણ ફરજ હોય, અને કોઇનો પણ લહાવો હોય તો તે શિક્ષકોનો છે. જેઓ અનાદિ કાળથી જગતના ગુરુસ્થાને છે તેઓ જ અજ્ઞાનને દૂર કરવા સમર્થ છે.

વળી આપણી પાસે ચીન અને રશિયાના દાખલા મોજૂદ છે. આપણાં કરતાં પણ ભયંકર નિરક્ષરતામાં એ દેશો સડતા હતા, અને છતાં ત્યાંના જુવાનો અને શિક્ષકોએ કામ ઉપાડી લીધું; અને બાઇબલમાં કહ્યું છે તેમ 'પ્રકાશ થાઓ અને પ્રકાશ થયો.' એમ બન્યું. તને યાદ છે, થોડો

વખત આપણે પાદરીની શાળામાં બાઇબલ વાંચવા જતા ? બાઇબલનું બીજું વાકય પણ યાદ આવે છેઃ ' બારણા પર ઠોકો અને તે ઉઘડશે. ' આપણે તો બારણા પર ઠોકવાનું જ છે; તે ઉઘડવાનું જ છે.

તું લખે છે કે ' કુટુંબમાં બેસી આનંદ કર. ' ભલા માણસ ! એવો આનંદ વર્ષો સુધી કર્યો; હજી થાકતો નથી ? અને મેં તો તારી ભાભીને પણ મારા આનંદમાં ભેળવી છે. મારી પડખે બોશરીમાં બેઠી બેઠી એ પણ સ્ત્રીઓને ભણાવે છે. નાની મોટી દસ બહેનો ભણવા આવે છે. કેટલું સરસ દેખાતું હશે ? મારી આ ધૂન સારી નથી લાગતી ?

બાકી તું નિરાશાવાદી, તે ઠેઠ સુધી એવો જ રહ્યો ! નવા સાહેબ પણ ઠરી જશે એમ શા માટે માનવું ? ઉલટું એમના વિચારોને આપણે ઝીલીને એમને આપણે ફતેહમંદ કરવા જોઇએ. શિક્ષકો ઉપરીઓના હાથપગ જેવા છે. આપણે જો કામ ન કરી બતાવીએ તો એ લોકો શું કરે ? એમનામાં સાચો ઉત્સાહ હોય તો પણ એમનું શું વળે ? થોડા દિ' હાય ભરૂ લઇને બેસી જાય; પછી તો આપણું જેમ ચાલે છે તેમ રગશિયું ચાલે, અને પછી બાતો બાય અને ભરતો ભરે ! પણ જો આપણે શિક્ષકો જ બધું ઉપાડી લઇએ તો ? આપણે શિક્ષકો જ ઉત્સાહી હોઇએ તો ? તો ઠંડો ઉપરી પણ બેસી શકે બરો ? તો ઉત્સાહી ઉપરીની બધી હોંશ બર ન આવે ?

આ સાથે અક્ષરજ્ઞાનનું સાહિત્ય મોકલું છું. વાંચીને એ કામ ઉપાડજે. હવે વધારે ડહાપણ ડોળવા કરતાં કામ કરજે ભાઇ !

કેમ, હવે બાતરી થઇ ના કે પાંચ પૈસા મેં બરાબર વસુલ કર્યા ? એમ કાંઇ પૈસા મફત આવે છે કે બે લીંટા તાણીને કાગળ પૂરો કરીએ ? લે સારે કાગળ પૂરો. ઘરમાં સૌને બોલાવજે.

લી. તારો ધૂની મિત્ર,
...ના રામરામ.
ગિ.

ગામડાના શિક્ષકને

ગામડાના શિક્ષકની સ્થિતિ શહેરના શિક્ષકથી જુદી છે. જેમને ગામડામાં જઇ સાચેસાચ કામ કરવું હોય તેમણે કેટલીએક બાબતો લક્ષમાં રાખવી જોઇએ.

શહેરનો શિક્ષક ગામડામાં શહેરી જીવન ગાળશે, શહેરી ઢબે રહેવા જશે, શહેરને ગામડામાં લાવવા મહેનત કરશે, શહેરની મોટાઇથી ગામડિયાઓ વચ્ચે બેસશે, તે શહેરની સ્વચ્છતા, શહેરનો દબદબો, શહેરનું એકલસોયાપણું રાખશે, ગામડિયા પ્રત્યેનો શહેરી લોકોનો અનાદર તે દાખવશે, શહેરી જીંદગીનાં વખાણ કરશે અને પોતાના ઘરમાં શહેરી જીવન વસાવશે તો તે ગામડાના શિક્ષક તરીકે નિષ્ફળ જશે.

ગામડાના શિક્ષકે ગામડાની સાથે રહેવું જોઇશે. ઉજળાં લૂગડાંવાળો ગામડાનો શિક્ષક, હમેશ હજામત કરનારો ગામડાનો શિક્ષક, સ્વચ્છ રહેવા બાતર બધાને છિત્‌છિત્ કરનારો ગામડાનો શિક્ષક, પોતે બીડી તમાકુથી મુક્ત હોવાથી બીડી તમાકુના બંધાણીઓને એકદમ તિરસ્કારનારો એવો શિક્ષક, ગામડામાં

પોતાનો પગપેસારો કરી શકશે નહિ. જો શિક્ષકનું ધ્યેય ગામડામાં જઈને કામ કરવાનું હોય તો મનથી, જાતથી અને આચારથી ગામડિયાઓથી સ્વતઃ ઉંચો રહી, શુદ્ધ ઉચ્ચતાનું આત્મભાન ધરાવેઃ કે જે ઉચ્ચતા ચારિત્ર્યમાં વણાયેલી હોય, જે ઉચ્ચતા અન્ય બધાં આસપાસનાં મનુષ્યોનું હૃદય હરે એવી હોય. પરંતુ તેમને એમ ન લાગવા દે કે તેઓ ઘણા નીચા છે, અગર તેઓ શિક્ષકની નજરમાં નીચા છે, અગર તેઓની નજરમાં ગામડાનો શિક્ષક અમલદાર જેવો અગર મોટા માણસ જેવો છે. અમલદાર, મહંત કે મોટો માણસ ગામડાના હૃદયમાં પેસી નહિ શકવાથી માણસનું ભલું કરી શકતો નથી. તેમ જ શિક્ષક ગામડિયાઓની વચ્ચે પોતાને મોટો ગણાવીને બહુ મોટોભા થઈ રહેશે તો તેમના હૃદયમાં પેસી શકશે નહિ.

ગામડામાં રહેનાર શિક્ષકે એવી રીતે રહેવું જોઈએ કે ગામડિયાઓને એમ લાગે કે તે બહુ મોટો વિદ્વાન નથી, મહાશક્તિવાળો નથી, અદ્‌ભુત પુરુષ નથી; પણ તે પોતાની વચ્ચે રહી શકે તેવો અને છતાં પોતાની નજીક રહી પોતાને ઉંચા ચડાવી શકે તેટલો ઉંચો છે. ગામડિયાઓ, તેઓ જેમનાથી અત્યંત અંજાય છે તેની પાસેથી, તેમ જ જેઓ તેમનાથી અત્યંત દબાય છે તેમની પાસેથી, કશુંયે લઈ શકતા નથી.

એટલે જ શિક્ષકે વધારે પડતા મોટા થવાનો ડોળ કરવા કરતાં, અથવા પોતાની મોટાઈ પ્રગટ થવા દેવા કરતાં, જરા ઉચ્ચ પણ સામાન્ય મનુષ્ય તરીકે દેખાવાની જરૂર છે. વળી તેણે બીજે છેડે પણ જવાની જરૂર નથી. તેણે સેવાભાવના તરંગમાં ગામડાના લોકોના એકદમ દીન દાસ બનવાનું પણ નથી. અતિ નમ્રતાને સમજવી અને તેની કદર કરવી એ બહુ કઠિન કામ છે. અબૂઝ લોકો નમ્રતાને દીનતામાં અથવા બેવકૂફીમાં લેખે છે. ભલું કરવાની હૈયે હોંશ છતાં શિક્ષકે ગામડિયાઓને ઘેર ઘેર ભટકીને, તેમને 'ભા બાપા' કરીને, તેમની દાઢીમાં હાથ નાખીને તેમને સુધારવા કે તેમને ભણાવવા માટે પ્રયત્ન કરવાનો નથી. તેણે સમતોલ રહેવાનું છે. માણસ તરીકેનો પોતાનો માનમરતબો સાચવી પોતાનો ધંધો કુનેહ અને કુશળતાથી ચલાવવાનો છે.

ગામડામાં કામ કરનાર શિક્ષકે અજ્ઞાન અને સ્વાર્થ બંને સામે લડવાનું છે. શિક્ષણનો પ્રકાશ આવવાથી સ્વાર્થી વેપારીઓ, ભૂવા, જોગી અને જતિઓ ભૂંઝાશે, અને તેઓ શિક્ષકની સામે જાતજાતનાં કાવત્રાં રચશે.

આ બધું હોવા છતાં શિક્ષકે દૃઢતા અને ઉપેક્ષા રાખવાં અને પોતાનું કામ કર્યે જવું. વિરોધીઓની સામે વિરોધગતિએ ચાલ્યા વિના, ઘર્ષણ પેદા થવાનો અવકાશ આપ્યા વિના, સર્વસામાન્ય સુજનતા અને રચનાત્મક કામ વડે તેણે આગળ વધવું. સ્વાર્થી લોકો શિક્ષકને બનાવવાની, હલકો અને ભોંઠો પાડવાની તકો શોધે છે. સહૃદયી રહ્યા છતાં શિક્ષકે ચાલાક રહેવાનું છે. લુચ્ચાઈ એ ચાલાકી નથી; જાગૃતિ એટલે ચાલાકી. શિક્ષકે તેવા સ્વાર્થી લોકોના પંજામાં ન આવવાની કાળજી રાખવી. તેઓને આપણે છેતરીશું અને તેમ કરી વશ કરીશું તેવી આશા રાખવી જ નહિ; તેમ જ તેમની ઉપલક મમતા કે થોડી મદદથી છેતરાવું નહિ. આડું અવળું જોયા વિના વિદ્યાર્થીઓને

શીખવીને તેમને પોતાના કરવા અને પરિણામ બતાવી લોકોને ખાતરી કરી આપવી કે શિક્ષક કામનો છે. કેવળ વાતો કરનાર શિક્ષક કયાંય પણ નભી શકે નહિ.

આપણા મનમાં ગામડાને માટે ગમે તેટલી દાઝ હોય તો પણ આપણે એ બધું એકી સાથે અમલમાં મૂકવાની ભૂલ કદી પણ ન કરવી. યોજના કર્યા વિના, હિસાબ ગણ્યા વિના આપણે માત્ર આવેશથી કૂદી પડીએ છીએ તેથી લોકો આપણને 'મેતલા' કહે છે. માટે ગામડામાં જઈને ગામડાંનાં દર્દો મટાડવા માટે ઘણું ધીમેથી કામ લેવું–એક વસ્તુ સિદ્ધ થયા પછી જ બીજી આદરવી.

બીજું, ગામડાના શિક્ષકે કદી વધારે પડતી આશાઓ રાખવાની નથી. પોતાની શક્તિ ઉત્તમ છે માટે હમણાં જ બધું થઇ જશે એવું કદી માનવું નહિ. ગામડાના લોકો સદૈવ અભિમુખ રહે છે, અને તેઓ 'હાજી હા' કરે છે માટે હમણાં જ બધું થઈ જશે એવી ભૂલમાં પડવું નહિ. અતિ આશા રાખીને વધારે પડતા વેગથી કામ કરનાર શિક્ષકને નિરાશ થવું પડે છે.

વળી ગામડાનું કાવ્ય પુસ્તકોમાં છે, લેખકોની કલમ ઉપર છે, તેમ સમજવું. ગામડાના લોકો ભોળા છે, પવિત્ર છે એમ માનવું ભૂલભરેલું છે. તેઓ પણ ગુલામીના ઝેરમાં ફસાયેલ હોઇ દુનિયાના ગુલામોની બધી બદીઓથી ભરેલા છે. તેથી તેમની સાથે કામ પાડવામાં તે બધી હકીકત ધ્યાનમાં રાખવાની છે. ગરીબાઇને લીધે તેઓ વધારે સ્વાર્થી અને લુચ્ચા છે એમ જણ્યાં છતાં, ભરમાયા વિના તેમના પ્રત્યેની દિલસોજી ખોયા વિના કામ કરવું.

શહેરમાંથી ભાગીને ગામડામાં કામ કરવા જનાર શિક્ષકને ગામડામાંથી ભાગવું ન પડે માટે તેણે પહેલેથી જ બધી બાબતોનો વિચાર કરી લેવાનો છે.

ગામડામાં રહેનાર શિક્ષકે શિક્ષણનું કાર્ય એકધારૂં કર્યા કરવું. જનસમાજમાં અનેક દુઃખો છે. તે બધાં દુઃખોનો ઉકેલ કાઢવાનું કામ એકલા શિક્ષકોનું નથી. તેણે તો મનુષ્યમાં જ્ઞાનનો પ્રકાશ પાડવાનો છે; અને એ પ્રકાશથી અંધકાર આપોઆપ નાસી જશે એવી શ્રદ્ધા રાખવાની છે. એટલે જ તેણે ગામડાને વૈજ્ઞાનિક દૃષ્ટિ આપવાની છે, નહિ કે ભૂવા સાથે લડવાનું છે; તેણે ગામડાને આર્થિક ઉન્નતિનો માર્ગ બતાવવાનો અને અવનતિ કેમ થઈ તે સમજાવવાનું છે, નહિ કે વહીવટી અમલદારો સાથે લડવાનું છે; જીવનમાં દુઃખો કેમ પેદા થાય છે અને તે કેમ શમે તેના આચારવિચાર વિદ્યાર્થીઓ અને લોકોને બતાવવાના છે, નહિ કે તેનું કામ છૂટાછેડા કરાવવાનું કે ઘરઘરણાં કરાવવાનું છે. તેણે તો પ્રકાશનો દીવો સળગાવી ચોમેર પ્રકાશ પાડવાનો છે; જ્યાં ત્યાં આગ લગાડવાની નથી.

ગામડું નાનું સ્થળ છે. ગામડાનાં બધાં માણસોનાં જીવન નજીક નજીક અને ટૂંકા ક્ષેત્રમાં –ટૂંકા વર્તુળમાં હોઇ એકબીજાને પારદર્શક છે. તેને લીધે ઘણી વાર શિક્ષકને ગામડાના દુશ્ચરિત માટે લાગી આવે ત્યારે શિક્ષકે ધીરજથી તેનો વિચાર કરવાનો છે. કડવાં વેણ કે સખ્ત બહિષ્કારથી નિકાલ આવશે નહિ. વળી ગામડાનો શિક્ષક ગામડાના મંદિર જેવો છે. લોકો તેની પાસેથી જીવનની ઉચ્ચતા

સંસારની શાંતિ અને ચારિત્ર્યની દૃઢતા માગે છે. એટલે ગામડાના શિક્ષકનું ઘર અને તેનો વ્યવહાર પ્રામાણિક અને પવિત્ર હોય; તેમાં કૌટુંબિક કજિયો કે એવું પ્રાકૃત જીવન ન હોય.

ગામડાના વિદ્યાર્થીઓ હજુ સુધી ભણવાની ચક્કીમાં પીસાયા ન હોવાથી તેઓ કલ્પનામાં, ક્રિયાશક્તિમાં, બુદ્ધિશક્તિમાં, બધામાં તીવ્ર છે. તેમનું કોઠાડહાપણ અનુભવથી વધારે છે. શિક્ષકે આ વાત ધ્યાનમાં રાખી તેના શિક્ષણનો કાર્યક્રમ વિચારવાનો છે. ગામડાનો શિક્ષક ગામડાનાં છોકરાંઓને શહેરી છોકરાંઓનું કે શ્રીમંતોનાં છોકરાંઓનું વાતાવરણ કે શિક્ષણ આપવા નથી ગયો. તેમને પોતાની જેવા કેવળ સાહિત્યકારો, ચિત્રકારો કે સંગીતકારો બનાવવા નથી ગયો. તેમના ઉદ્યોગોમાંથી તેમને ભ્રષ્ટ કરી કારકુનથી માંડી પ્રોફેસર સુધીની યોગ્યતા મેળવવાની શક્તિ આપવા નથી ગયો. પણ તે ગામડામાં ગામડિયા જીવનનો જે કુદરતી માલ છે તેને ઘડીને, સંસ્કારીને તેમના પોતાના જ કામ માટે ઊંચો અને બંધબેસતો કરવા માટે ગયેલ છે. જે શિક્ષકની કલ્પનામાં ગામડાનો માણસ એક સુંદર ખેડૂત તરીકે કે ગામડામાં ચાલતી કારીગરીના સારા કારીગર તરીકે નથી આવતો, પણ જેની કલ્પનામાં વકીલ, ડૉક્ટર, ચિત્રકાર, તત્ત્વવેત્તા, સાહિત્યકાર વગેરે જેવો આવે છે, તેણે ગામડામાંથી નીકળી શહેરમાં ભણાવવા જવું; કેમ કે તે ગામડાનો શિક્ષક જ નથી. જેનું મન હમેશ શહેરમાં લાગેલું હોય, જે ગામડાથી અસંતોષી હોય, જે માનતો હોય કે ગામડામાં રહેવાથી મારી ઉન્નતિ નથી, તેવા માણસે તો ગામડાના શિક્ષણકાર્યમાંથી નીકળી જવું. ફક્ત જેને ગામડાનો રંગ લાગ્યો હોય તેણે જ ત્યાં રહેવું.

સરકારી દરબારી ધોરણે ચાલતી ગામડાની શાળા ચલાવનાર શિક્ષક પણ ધ્યાનમાં રાખે કે પોતે ગામડાનો શિક્ષક છે, ગામડાને લાયકનો કે નાલાયકનો ગમે તેવો અભ્યાસક્રમ તેને ભણાવવો પડતો હોય તો પણ તેણે શિક્ષણમાં ગામડાની દૃષ્ટિ રાખવાની છે. અભ્યાસક્રમમાં પોતે ફેરફાર ન કરી શકે પણ અભ્યાસક્રમ સાથે તે ગામડાના વિદ્યાર્થીઓને ગામડામાં રહેવાનું, ત્યાં રહીને પોતાનું વતન સુધારવાનું, અને ત્યાં જે ઉદ્યોગો પડેલા છે તેને જીવતા કરવાનું મન થાય તેવી જાતનું શિક્ષણ તેણે આપવું જોઈએ.

દરેક ગામડાના શિક્ષકે હરહમેશ ગામડાને માટે કેવી કેળવણી જોઈએ તેના વિચારો ઉપરી અધિકારીને જણાવી તેમાં ફેરફારો માગવા જોઈએ. ગામડાના માણસો તેવા ફેરફારો માટે હિલચાલ કરે તેવું તેમને બતાવવું જોઈએ. પોતે પણ તેવા ફેરફારો માટે પોતાના વિચારો સર્વત્ર ફેલાવવા જોઈએ.

આજે હિંદ ગામડામાં છે. અને તેથી હિંદનો સાચો શિક્ષક પણ ગામડામાં છે. ગામડાનો શિક્ષક જેટલો સમજુ થશે તેટલું હિંદ અવશ્ય સમજુ થશે. શહેરના શિક્ષક કરતાં પણ ગામડાના શિક્ષકની ઘણી મોટી જવાબદારી છે એટલું પણ જો તે સમજે તો આજે ઘણું બન્યું કહેવાય. ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

ચર્ચાપત્ર

તંત્રીશ્રી, શિક્ષણ પત્રિકા.'

(૧) એક સાડા ચાર વર્ષની ઉંમરનું બાળક લગભગ દસ માસથી બાલમંદિરમાં આવે છે છતાં પણ તે હજી સુધી બાલમંદિરમાં એકલું રહેતું નથી. ઘરના નોકર વિના તે રહેતું જ નથી. તેને બાલમંદિરમાં આવવું ગમે છે, ઘેરથી ઉતાવળ કરીને આવે છે, પણ એકલું રહેતું નથી. શું કરવું ?

(૨) મોન્ટીસોરી શાળામાં શાંતિનું અદ્‌ભુત વાતાવરણ ઉત્તમ શિક્ષક સ્વયંભૂ રચી શકે છે, પણ અમારે ત્યાં હજી સુધી તેમ બની શકયું નથી. પ્રથમથી જ કેટલીક ભૂલો થઇ ગઇ છે. હવે એવું શાંતિમય વાતાવરણ કેમ રચવું તે એક જટિલ પ્રશ્ન થઇ પડ્યો છે. ઉપાય સૂચવશો ?

(૩) આરંભમાં ચિત્ર ઉપર લાગેલાં બાળકો બે ચાર ચિત્રો જ કાઢે છે. દિવસો જતાં લીંટા કાઢી થાકે છે ત્યારે પૂછે છે હવે કેવું ચિત્ર કરવું ? બાળકો નવી નવી ડિઝાઇનો જાતે ઉત્પન્ન કરી શકતાં નથી. અંદરની અને બહારની એમ બે આકૃતિઓનો તેઓ ઉપયોગ જ કરતાં નથી. આ બે આકૃતિઓનું મહત્ત્વ શું ?

ઉત્તર

પહેલા પ્રશ્નના ઉત્તરમાંઃ નોકર વિના ન રહેનાર બાળકને બધો વખત નોકર સાથે જ રાખો. બધી પ્રવૃત્તિમાં નોકરને આવવા દો. નોકરને સાથે રહેવા દઇ બાળકને બીજાં છોકરાંઓ સાથે ઓળખાણ કરાવો. તેનું સામાજિક જીવન વિકસે તેમ કરો. શ્રીમંતનાં છોકરાંઓની કેળવણીમાં રહેતી મોટી ખામી સામાજિક જીવનની છે. નિશાળ રૂપી સામાજમાં તેઓને ભળતાં વાર લાગે છે. બાલમંદિરનાં બાળકોને ભેગાં કરીને જાતજાતની રમત રમાડવામાં શ્રીમંતનાં બાળકોની મોટી કેળવણી છે.

બીજો પ્રશ્ન. બાળકો જ્યારે અશાંત થાય ત્યારે તમારા મનમાં લેશમાત્ર અશાંતિ થવા ન દો. આપણી પોતાની અશાંતિનાં આંદોલનો બાળકો ઉપર બહુ અસર કરે છે. પ્રવૃત્તિમાં શાંતિ છે માટે હરેક બાળકને પ્રવૃત્તિ આપો. સાધનોનો ખડખડાટ કેમ ઓછો થાય તે બાળકોને પાઠ આપી સમજાવો. બોલવાના પ્રયોજન વિના બાળકોએ બોલવાનું હોતું નથી. અપ્રયોજન બોલનારાંઓને જુદાં બેસારવાં. બોલબોલ કરનારાં બાળકોને જુદે જુદે વખતે ખૂબ બોલવાની તક આપવી. ચાલુ કામે નકામું બોલનારાંઓને જીભને બદલે હાથપગ હલાવવાની પ્રવૃત્તિ આપવી. વાતો કરવી હોય તો ધીમેથી કેમ બોલાય તે પાઠ આપી સમજાવવું. નાનામાં નાની કઇ હિલચાલથી કેમ ગરબડ થાય છે તે બારીકાઇથી અવલોકી તેને દૂર કરવી, અગર વ્યવસ્થિત કરવી.

ત્રીજો પ્રશ્ન. લીંટામાં બાળકો વિવિધ રંગો વાપરી આકૃતિઓ વિવિધરંગી કરે-મિશ્રરંગી કરે તે તરફ તેમનું ધ્યાન ખેંચવું. વિવિધ આકૃતિઓમાં વિવિધ રંગો પૂરવામાં સૌંદર્યદૃષ્ટિ છે. આકૃતિ પૂરવાનો હેતુ હાથનો કાબૂ અને આ સૌંદર્યદૃષ્ટિની બોલવટ છે. કોઇ વાર આકૃતિઓથી ડિઝાઇનો કેમ બને છે તે કરી બતાવી ડિઝાઇન સર્જન તરફ સૂચન કરવું. અંદરની અને બહારની બંને આકૃતિઓથી લીંટા

પાડવામાં કલાદૃષ્ટિ છે. આપણે તે વખતોવખત કરી બતાવવું. તેમ છતાં બાળકોને તેમાં ચમત્કાર ન લાગે તો છોડી દેવું. એમાં ભૌમિતિક આકૃતિની કલ્પના છે. અંદરની આકૃતિની ફરતી જે રેખા થશે તે જ રેખા બહારની આકૃતિની હોવી જોઇએ. નિશ્ચિત સર્જનમાં ભૌમિતિક કલ્પનાનું ઉડ્ડયન છે. એમાં એક રીતે કોતરકામનો પણ સિદ્ધાંત છે. આડકતરી રીતે બાળકમાં આના સંસ્કાર પડે તે માટે આ ગોઠવણ છે. ગિ.

ન વાં પુ સ્ત કો

સૂંઝવતું બાળક લેખક: એ. એસ. નીલ ભાષાંતરકર્તા: હરભાઈ

માબાપો અને શિક્ષકોને ખાસ ઉપયોગી : પૃષ્ઠ ૩૭૫ : કિંમત ૧–૦–૦ : પોસ્ટેજ ૦–૪–૦

રખડુ ટોળી ખંડ બીજો લેખક: એ એસ. નીલ અનુવાદક: ગિજુભાઈ

નવું સચિત્ર પૂંઠું : કિંમત ૦–૮–૦ : પોસ્ટેજ ૦–૨–૦

હિંદુ ધર્મની આખ્યાયિકાઓ ખંડ બીજો લેખક: નાનાભાઇ

સચિત્ર પૂંઠું : કિંમત ૦–૮–૦ : પોસ્ટેજ ૦–૨–૦

લખો—**શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર અને બીજા બુકસેલરો**

નોંધ

૧

થોડા વખત ઉપર શિક્ષણ પત્રિકા 'ના પ્રચારકને કોઇએ પૂછ્યું: "શિક્ષણ પત્રિકાના કેટલા ગ્રાહકો છે?"

"અત્યારે ચાર હજાર."

"તો પછી વધારે ગ્રાહકો કરવા શા માટે નીકળ્યા છો?"

"કારણ કે આટલા ગ્રાહકો ઓછા છે."

"ઓછા? ચાર હજાર ગ્રાહકો છે છતાં ઓછા?"

"હા જી. કારણ કે ગુજરાતી ભાષા વાંચી જાણનારાંઓની સંખ્યાના પ્રમાણમાં આ સંખ્યા બહુ થોડી છે."

"શું, ભાષા વાંચી જાણનાર સૌએ શિક્ષણ પત્રિકા વાંચવી જોઇએ એમ તમે માનો છો?"

"હા. એમ માનવાથી જ ગ્રાહકો કરવા નીકળવું પડે છે."

"પણ તમારે નીકળવું શા માટે જોઇએ? 'પત્રિકા' સારી હશે તો લોકો એની મેળાએ ગ્રાહકો થશે."

"પણ 'પત્રિકા' સારી છે કે નરસી એ તો ઠીક; પણ 'પત્રિકા' નીકળે છે એની જ ઘણાંઓને તો ખબર નથી હોતી! અને એ ઘણાંઓમાં સારાં સારાં શ્રીમંતો અને ભણેલાંઓ પણ આવી જાય છે."

"પણ આમ ઘેરઘેર ભટકીને ગ્રાહકો ન કરવા જોઇએ."

"કરવા જ જોઇએ; કારણ કે અમે કમાવા માગતા નથી પણ પ્રચાર કરવા માગીએ છીએ."

"શાનો પ્રચાર કરવા માગો છો?"

" નવી કેળવણીનો. નવા પયગામનો. "

" પણ આવી રીતે કરેલો પ્રચાર કેટલો વખત ચાલશે ? "

" બધો વખત ચાલશે. એમ જ ચાલ્યાનો અમારો અનુભવ છે. અમે બેસી રહ્યા હોત તો હજાર ગ્રાહકોએ અટકત. પ્રચારથી અમે આટલે પહોંચ્યા છીએ. "

" પણ તમે લોકો અસંતોષી લાંગો છો ! "

" નહિ જ. અગર અસંતોષ પણ વ્યાજબી અસંતોષ છે. અમેરિકાના એક 'માબાપ' નામના છાપાના એક લાખ ગ્રાહકો છે. "

" એક લાખ ? અધધધ ! "

" અમેરિકાનાં માબાપો જેટલો આપણાં માબાપોને બાલશિક્ષણમાં રસ આવશે ત્યારે પત્રિકાનાં એક લાખથીયે વધારે ગ્રાહકો થશે. "

" માબાપોના રસને લીધે થાય કે ન થાય પણ તમારા ઉત્સાહને લીધે તો અવશ્ય થશે. "

" આપનો આશીર્વાદ ફળો. "

૨

" અમારી ફરિયાદ છે કે 'પત્રિકા' હમણાંથી અનિયમિત આવે છે. " કેટલાક લોકોની આવી ફરિયાદ હતી.

ફરિયાદ સાચી છે. તેનાં કારણો ગયું વર્ષ આખું 'પત્રિકા'ના તંત્રીઓનાં કુટુંબોમાં ભયંકર માંદગીનું ગયું તે છે. ચાલુ વર્ષમાં પણ બન્ને તંત્રીઓ કૌટુંબિક મુશ્કેલીમાંથી પસાર થઇ રહ્યાં છે. ગિજુભાઇ છેલ્લા આઠ માસથી બિમારી ભોગવે છે.

આ જવાબ તંત્રીઓના બચાવ રૂપે નથી; માત્ર હકીકતનું નિવેદન છે. એમ છતાં આવા સંજોગોમાં પણ નિયમિતતા સચવાય માટે તંત્રીઓ હવે પછીથી ચોકસાઇનાં ચાંપતાં પગલાં લઇ રહ્યાં છે, અને ભવિષ્યમાં આવી ફરિયાદને ઓછો અવકાશ મળે તેવો પ્રયત્ન સેવાઈ રહ્યો છે.

અમે આશા રાખીએ છીએ કે અત્યાર સુધીની અનિયમિતતા અમારા વાચકો નિભાવી લેશે.

૩

" કેટલીએક વાર બે અંકો સાથે કરો છો તે અમને પસંદ નથી. " એક બીજી ફરિયાદ આવી હતી.

કોઇને પણ પસંદ ન પડે. ' પત્રિકા 'ની દર માસે રાહ જોવાય છે એ આમાંથી જાણવાનું મળતાં અમને હર્ષ થાય છે. ' પત્રિકા ' બનતાં સુધી દર માસે જ આવશે. ઘણી વાર રજાઓ અને સંજોગો બે અંકો ભેળા કરાવે છે. કોઈ વારની આવી કસૂર ગ્રાહકો નિભાવી લેશે.

૪

" શિક્ષણ પત્રિકા'માં ગિજુભાઇના કાઠિયાવાડી પ્રયોગો ખૂંચે છે. " આ ત્રીજી મીઠા ઠપકા રૂપે ફરિયાદ બહુ ગમી છે. અમારાં ગ્રાહકોને અમે ખૂંચવા માગતા જ નથી. ગિજુભાઈ પોતાનાં લખાણોમાં કાઠિયાવાડી પ્રયોગો જાણી જોઇને વાપરતા નથી; પણ હવેથી તે ન વાપરવાની કાળજી જાણી જોઇને લેશે. અને છતાં જ્યારે ક્યારે ભૂલચૂકથી કે ભાષા ન આવડવાને કારણે કે ભાષાવિસ્તારના હેતુથી કાઠિયાવાડી પ્રયોગો વપરાઈ જાય ત્યારે ઉદાર ગ્રાહકો માફ કરી એટલા કાઠિયાવાડી પ્રયોગોને અપનાવી લેવા કૃપા કરશે.

૫

એક ભાઇ ગિજુભાઇ અને તારાબેન બેના જ નહિ પણ ઘણાં ભાઇબહેનોના લેખો વાંચવા મરજી જણાવે છે. તેમની આ ઇચ્છાને અમે

જેટલે અંશે બહારના મિત્રોના લેખો મેળવી શકીશું તેટલા પ્રમાણમાં સંતોષવા યત્ન કરીશું. 'શિક્ષણ પત્રિકા' બાલશિક્ષણમાં અમુક ચોક્કસ જ મતો ધરાવે છે, એટલે તે દૃષ્ટિવાળા લેખકોની જ સહાય અમને કિંમતી થઇ પડે તેમ છે. તેવા મિત્રોને અમે ખોળ્યા જ કરીએ છીએ. તેમનો લાભ લેવા ચૂકશું નહિ.

૬

એક ભાઇનો પ્રશ્ન છે કે "ગિજુભાઇ બાળકો વાંચી શકે તેવું પત્ર શા માટે ન કાઢે?" કાઢે. વખત આવે જરૂર કાઢવાની ઉમેદ રાખે છે. અમારા પ્રત્યેના આદર માટે પ્રશ્ન પૂછનારનો ઉપકાર માનીએ છીએ.

૭

અમારો પ્રચારક કહે છે કે "જ્યારે વેપારી ભાઇઓને ગ્રાહક કરવા મળું છું ત્યારે તેઓ જવાબ આપે છે કે 'અમારી પાસે ગ્રાહક થવા પૈસા છે—એક રૂપરડી આ રહી—પણ અમને પત્રિકા વાંચવાની ફુરસદ નથી. તો ગ્રાહક થવાની વાત જ કયાં રહી?"

બહુ સાચી વાત છે. પણ આ સચ્ચાઇ વેપારી ભાઇને બચાવી શકે તેમ નથી. આ સચ્ચાઈ ખરા હિતનો અંધાપો બતાવે છે. જેમને માટે પૈસા મેળવવામાં ફુરસદ નથી તેમને જ કેળવવાની બાબતમાં અજ્ઞાત રહેનાર વેપારી ખોટનો વેપાર કરે છે, અને સોનું રૂપું કમાતો નથી પણ કથીર કમાય છે! જે વેપારીને પોતાના શરીરને ટકાવવા જમવાની ફુરસદ છે તે વેપારીને 'પત્રિકા' વાંચવાની ફુરસદ ન હોય તો તે ધન બચાવશે પણ બાળકોના આત્માને ખોશે.

૮

અક્ષરજ્ઞાન કાર્યાલય ધીમી ગતિએ ચાલે છે. આને માટે જવાબદાર કોણ ગણાય? જેઓ શિક્ષકો હોય, જેઓ જુવાનો હોય, ગામડાંમાં કે શહેરમાં જેઓ રાત્રે ફક્ત એક જ કલાક બીજાંઓ માટે કાઢી શકતા હોય તેઓ આ કામ ઉપાડી ન લે?

"આ કામ સારૂં છે; તેમાં ફાયદો છે. ઉપાડો ભાઇ, ઉપાડો!" એમ આપણને કોણ કહેવા આવનાર છે? આપણે તો આપણી પીઠ આપણી જાતે જ થાબડવી રહી. ગરીબ અભણ લોકોની ફક્ત વાણીથી જ દયા ખાવાથી શું વળશે? ઉલટું અભણની સંખ્યા વર્ષો સાથે વધતી જાય છે એ શું ચોંકાવનારૂં નથી? બીજાની રાહ જોયા વિના જેઓને અભણ આંધળાંની દાઝ હૈયે વસે તેઓ કામે લાગી જાય તો?

૯

હરિજન શાળાઓ કે હરિજન ભાઇઓને 'શિક્ષણ પત્રિકા' વિના મૂલ્યે આપવાનું જાહેર કર્યું છે. છતાં કેમ કોઇ શાળા કે હરિજનભાઇ તેનો લાભ લેવા આગળ આવતું નથી?

એમ નથી થતું તો હરિજન ભાઇઓને વાંચી સંભળાવવા માટે હરિજનપ્રેમી ભાઇઓ 'શિક્ષણ પત્રિકા' જરૂર મંગાવે. હરિજનોને વાંચી સંભળાવવાની શરતે 'પત્રિકા' વિના લવાજમે મળશે.

તંત્રી

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પોરી ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૬૬

અંક ૭ મો
ભાદ્રપદ

:તંત્રીઓ:
ગિજુભાઇ અને તારાબેન

દેશમાં એક રૂપિયો | વાર્ષિક લવાજમ | પરદેશના બે શિલિંગ

જો બાળકને મારવું એ નિર્બળતાની નિશાની છે,
તો તેને લાલચ આપવી અધમતાની નિશાની છે.

જો બાળકને મારવું બાયલાપણું સૂચવે છે,
તો તેને લાલચ આપવી લાંચિયાપણું સૂચવે છે.

જો બાળકને મારવું રાક્ષસપણું દર્શાવે છે,
તો તેને લાલચ આપવી દુષ્ટ પ્રલોભન દર્શાવે છે.

જો બાળકને મારવું એ એક ગુનાહિત કૃત્ય છે,
તો તેને લાલચ આપવી ભયંકર ગુનાહિત કૃત્ય છે.

જો બાળકને મારવું એ અત્યાચાર છે,
તો તેને લાલચ આપવી એ અપહરણ છે.

જો બાળકને મારવું એ જુલમ છે,
તો તેને લાલચ આપવી તે શરાબ છે.

મારો : પરીઓનો : મહેલ

હું મારા બાળપણમાં ઘણી વાર છેક નાના ગામડાંમાં રહ્યો છું. વોલ્ગા નદીને કાંઠે આવેલા જૂના સેરેટવ પરગણાનાં છેક તજાયલાં એ ગામડાં હતાં. અને ત્યાં જમાનાના વહેતા કાળની ગતિ સાવ અટકી પડેલી જણાતી.

ત્યાંનાં નીચાં છાપરાં અને ધૂમાડાથી કાળી પડી ગયેલી ભીંતો અને છત હજી મને સાંભરે છે. ધૂમાડિયા વગરના એકેાળ ટીંબા જેવા ચૂલા પણ મારી નજરે તરે છે. સવારે જ્યારે ચૂલો ચેતાવે ત્યારે ધૂમાડાના ધક્કે ગોટેગોટા ઘરમાં બધે ફરી વળે. પહેલાં તો તે ઉપલી છતમાં ભેગા થાય, અને પછી નીચે નીચે છેક ખુરશી ટેબલ સુધી છવાઇ જાય. અમે બધાં છોકરાં તે વખતે ભોંય પર સુઈ જઇએ કેમ કે એમ કરવાથી ધૂમાડાથી ગુંગળાઇએ નહિ. તો પણ ધૂમાડો અમારી આંખોમાં પેસીને પીડા કરતો તેથી અમે રડતાં, અને પાછાં હસતાં પણ ખરાં. પણ મોટેરાં તો બધાં ધૂમાડામાં ભૂતોની જેમ ભમ્યા કરતાં.

વારંવાર બારણાં ઉઘાડી નાખવાં પડતાં. બરફ જેવી ઠંડી હવાનો ઝપાટો આવતો એટલે ધૂમાડો નાસી જતો. જ્યારે ઓરડાની હવા સાફ થઇ જતી અને અમે બરાબર શ્વાસ લઇ શકીએ એવું થતું ત્યારે બારણાં પાછાં બંધ કરી દેવામાં આવતાં. વળી પાછો ધૂમાડો નવેસર ભરાતો.

મને બરાબર સાંભરે છે—કેવું માથું દુખવા આવતું તે, કેવાં ગળાં ધૂમાડે ધોધરાં થઇ જતાં તે, અને આંખોમાં આંસુ કેવાં ઉભરાયા કરતાં તે. આખો દહાડો ઓરડામાં ધૂમાડાની જ ગંધ આવ્યા કરતી. ઓહ ! કેટલી બધી એ પીડા હતી!

તેમ છતાં એ જમાનામાં એ ઓરડાઓમાં સાદા તેલના દીવા તો સાંપડ્યા હતા. એ દીવાઓને ટોપી (બર્નર્સ) કે પોટા કાંઇ ચડાવવું પડતું નહિ, પણ એકલી સાધારણ વાટ જ હતી. અને તેનું થોડું થોડું અજવાળું પડતું. પણ તે અગાઉ લાકડાંની મશાલને દીવે જ ચાલતું, એ સમય તો મને કાંઇ સાંભરતો નથી.

તો પણ મારા દાદા વાત કરતા કે એ જમાનામાં રહેતા લોકોને તેલના દીવાની ખબર જ નહોતી. તેઓ જંગલમાં જતા અને સૂકાં કરગઠિયાં વીણીને ભેગાં કરતા. એ કરગઠિયાંના સરખા કકડા કરીને તેની મોટી મોટી ઝૂડીઓ વાળી રાખતા. સાંજ પડે અને અંધારૂં થવા માંડે ત્યારે એમાંનું એક કરગઠિયું ચેતાવીને ભીંતે ખોસેલી એક કડીમાં ભરવીને રાખે. તેના દીવામાંથી ધૂમાડો અને તણખા નીકળ્યા કરે અને અજવાળું પણ છેક ઝાંખા જેવું પડે.

એકાદ પળમાં તો તે બળી જાય એટલે બીજું સળગાવવું પડે. એમ એક પછી બીજું વારાફરતી સળગાવતાં જાય ને કડીમાં ભરવતાં જાય. એ કડીની નીચે રાખેલી પાણીની બાલદીમાં બળતા કરગઠિયાના તણખા અને કોયલા ખરતા જાય. જો કદાચ બળતા કરગઠિયાની બરાબર સંભાળ રાખવાનું ભૂલ્યા તો આખું ઘર પણ કોઇ વાર સળગી ઉઠે ! કરગઠિયાની મશાલના આવા દીવાનો કેટલો ત્રાસ હતો ?

એક કંગાલ ધૂમાડિયા ઝૂંપડાને એવી મશાલેાથી ઝાંખું સરખું અજવાળું મળતું એવા જમાનામાં રહેતા લેાકેા સર્વદા દિવસના સરખું તેજ ભરેલા મેાટા મહેલેાનાં સ્વપ્નાં સેવતા, એમાં કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી!

મારી દાદીમાને એવાં સ્વપ્નાં કેમ આવ્યાં હશે એનેા તમને કાંઇ વિચાર સરખેા આવે છે? અને હું પણ છેક બાળક હતેા ત્યારે એવા પરીઓના મહેલનાં સ્વપ્નાં મને પણ આવતાં!

જ્યારે મેાટેા થયેા ત્યારે હું પાટનગરમાં આવ્યેા. પહેાળી લાંબી પગથીઓ બાંધેલી સડકેા, છ છ માળના પત્થરથી બાંધેલા માળા, બગીચા, ચેાકેા, ફુવારા, સ્મરણ થાંભલા, ટ્રામેા, કાળી રાતે પણ ઝગમગતા સૂરજ જેવા લાગતા પંચબત્તીના થાંભલાઃ આ બધું પહેલવહેલાં તેા મને પરીઓની વાર્તા જેવું જણાતું.

એવા પત્થરના આલેશાન માળામાં છઠ્ઠે મજલે હું એક સાદી નાની ઓરડીમાં રહેતેા. અને મને બાળપણમાં પરીઓના મહેલનાં જે સ્વપ્નાં આવતાં તેના જેવી આ નાની ઓરડી પણ મને લાગતી.

રાત પડે ત્યારે મારે જરા 'સ્વીચ' દબાવવાની એટલે મારી ઓરડીમાં દિવસ જેવું અજવાળું ઝોક્કાર! વીજળીબત્તી સૂર્યના જેવી ચળકી ઉઠતી. નહિ ધૂમાડેા, નહિ વાસ, નહિ આંસુભરી આંખેા, નહિ માથાનેા દુખાવેા, અને નહિ કાંઇ આગનેા પણ ભય! અને પેલી કંગાલ કરગઠિયાંની મશાલથી આપણે કેટલા આગળ વધી ગયા! એ મશાલેા હવે ભલે હંમેશનેા જ આરામ માણે!

જો મને મારી ઓરડીમાં ટાઢ લાગતી તેા મારી બારીઓ નીચે ગેાઠવેલી નળીઓના કાંટાને જરા ફેરવી દઉં એટલે અખંડ ગુલાબી હૂંફનેા પ્રવાહ મારી ઓરડીને હૂંફાળી કરી દેતેા. રસેાડા પાસે ચેાકડીમાં એક ચકલી ફેરવી કે ચેાખ્ખું મજેનું પાણી હાજર! જેટલું જોઇએ તેટલું મળે, અને સુખેથી ન્હાઈ ધેાઇ શકાય!

ગરમ પાણી કરવું હેાય કે કાંઇ ખેારાક પકાવવેા હેાય તેા ગેસના ચૂલાને જરા સળગતી દીવાસળી અડકાડીએ કે કામ ચાલતું થાય. બીજી કશી ખટપટ જ નહિ.

બહાર ઓશરીમાં જઉં ત્યાં બારણા આગળ જ અજબ કારીગરીથી બનાવેલેા 'લીફ્ટ' મળે. હું એના પીંજરામાં ઉભેા રહીને ભીંત પરનું બટન દબાવું કે તરત, કંઇ વિચાર કરવાનેાય વખત મળે નહિ એટલામાં અરધી મિનિટમાં તેા હું છ મજલા વટાવીને છેક નીચે આવી પહેાંચું! અને ઉપર જવામાં પણ એટલી જ વાર લાગે!

મારા વડદાદાની અને દાદીમાની પરીઓની વાર્તા મને તેા મારા જીવનમાં જ સાચી પડવા લાગી. અહીં હું તે બધું મારી સગી આંખે દેખું છું. ધૂમાડા ગેાટાતા કઢંગા ચૂલાથી છેક

નવાં પુસ્તકેા

મૂંઝવતું બાળક લેખકઃ એ. એસ. નીલ
ભાષાંતર કરનારઃ હરભાઇ.
શિક્ષણમાં ક્રાંતિકારક વિચારકનું પુસ્તક.
પાનાં ૩૬૦ : કિં. ૧–૦–૦ : પેા. ૦-૪-૦

હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ–૨
લેખકઃ નાનાભાઈ ભટ્ટ.
પાનાં ૧૭૬ : કિંમત ૦–૮–૦ : પેા. ૦–૨–૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

ચકચકીત વીજળી બત્તીવાળા સ્વચ્છ ઓરડા, તેમાં વળી જોઇતી હૂંફ, વહેતાં પાણી, અને ઉડણપાવડી જેવા 'લીફ્ટ'! કેવો ચમત્કાર!

આ બધું આજે જેઓ જીંદગીમાં ભોગવવાને ટેવાઇ ગયા છે, તેમને ગયા જમાનાની પરીઓના મહેલોની વાર્તા આજે સાચી પડવાનો ખ્યાલ કરવો પણ કઠણ પડશે. શહેરોમાં અને ગામડાંમાં બધો મજુરવર્ગ હવે આ પ્રગતિનો જલદી ઉપભોગ કરતો થશે. ગંજાવર પગલાં ભરતી પંચ-વાર્ષિક-યોજના આપણી એ મુરાદ વહેલી બર લાવશે.*

ભાષાન્તકાર વિ. ચ. A. Jakvolev

---

* જૂની પરીઓની વાતોનો રૂશિયાએ બહિષ્કાર કર્યો છે, અને તેને બદલે નવી પરીઓની વાતોને તેણે સ્થાન આપ્યું છે. આ એક એવી નવી પરીકથા છે. વાસ્તવિકતામાંથી પરીકથા કેમ લખાય તેનો લેખકોને ખ્યાલ મળશે. તંદુરસ્ત પરીકથા તે આ કહેવાય.—તંત્રી

બાલસેવાના યજ્ઞ માટે આમંત્રણ

ભાવનગર તા. ૨૮મી જુલાઇના રોજ સવારના આઠ કલાકે મોન્ટીસોરી અધ્યાપન-મંદિર ખુલ્લું મૂકવાના પ્રસંગે આચાર્ય શ્રી. ગિજુભાઈ બધેકાએ કરેલું પ્રવચન.

બહાલા મિત્રો,

આજનો દિવસ ધન્ય છે! આજે તમે આટલા બધા વિદ્યાર્થીઓ મારે ત્યાં અંતેવાસી તરીકે રહેવા આવ્યા છો. મને તમે તમારો ગુરુ સ્થાપ્યો છે. તમારી સર્વ શક્તિ અને અશક્તિ મારી પાસે મૂકી દઈ હવે તમે મારો જીવનસંદેશ ઝીલવાને અભિમુખ થયા છો. વિદ્યાગુરુને માટે આથી બીજો કયો દિવસ વધારે ભાગ્યશાળી હોઈ શકે?

એક દિવસ એવો હતો કે જ્યારે હું શૂન્ય વિદ્યાર્થીઓ સામે મારું ભાષણ આપતો હતો. એ દિવસ પછીના દિવસે ઇશ્વરે મારા તરફ એક વિદ્યાર્થી મોકલ્યો. આજે એકમાંથી અનેક વિદ્યાર્થીઓ હું મારી સામે જોઉં છું. સાત વર્ષને અંતે હું આજે ૧૦૦ વિદ્યાર્થીઓ આ વર્ષે મારી સામે બેઠેલા જોઇને હર્ષથી ઉભરાઉં છું. મારું દિવાસ્વપ્ન પ્રત્યક્ષ થતાં મારો આનંદ માતો નથી.

એ આનંદમાં હું મારા મનથી તમને દરેકને પ્રેમથી સત્કારી રહ્યો છું, વધાવી રહ્યો છું, મારી નજીક બેસાડી રહ્યો છું, અને તમને હું મારાં પોતાનાં કરી રહ્યો છું. એટલે જ મેં તમને શિષ્યો તરીકે સંબોધવાને બદલે બહાલા મિત્રો તરીકે સંબોધ્યાં છે. હું તમારો મિત્ર જ છું, અને મિત્ર જ રહેવા માગું છું એમ માનજો. તમારા હૃદયમાં મારે માટે જે ગુરુભાવ છે તે છૂપો રાખજો. ગુરુ અને શિષ્યનો ઉચ્ચ-નીચ ભાવ આપણી વચ્ચે રહેવાને બદલે મૈત્રીભાવ વિકસે અને મિત્ર તરીકે આપણે પ્રગતિના પ્રવાસમાં આગળ જવા એકબીજાને સાથ આપીએ એમ હું ઇચ્છું છું અને માગું છું.

આજે હું તમને આપણા આ તપોભુવનમાં આવકાર આપું છું. બાલસેવા અને શિક્ષણનો જે નાનો સરખો યજ્ઞ હું ચલાવી રહ્યો છું તેને મહાન કરવા હું તમને આમંત્રણ આપું છું. બાલજીવનની જે ઉપાસના હું શ્રદ્ધાપૂર્વક ઉપાસી રહ્યો છું તે ઉપાસનામાં હું તમને સહભાગી કરવા તમારું આહ્વાન કરું છું. તમે આવો અને આ યજ્ઞને માટે સર્વ સામગ્રી તૈયાર કરો. તમે આવો અને આ યજ્ઞના રહસ્યમંત્રો મારી સાથે ઉચ્ચારો. તમે આવો અને ચાલો આપણે આ યજ્ઞને સફળ કરવા માટે પરમ દયાળુ પરમાત્માની

પ્રાર્થના કરીએ.

આ મારૂં તમને આમંત્રણ છે. અહીં તમારે માટે આલેશાન ભુવનો નથી. ખાનપાન માટે ઉંચી રસસામગ્રી નથી. સુખોપભોગનાં એકે સાધન નથી. ઉભા રહેવાની જગ્યા નથી. એવા સ્થળમાં તમે બધાં એકમનથી ઉભાં રહેજો. જે ભોજન મળે તેનો ઉત્તમ મિષ્ટાન્ન સમજીને તમે સ્વીકાર કરજો. કુદરતે આપેલ નિર્મળ હવા, ખુલ્લો પ્રકાશ, વિશાળ આકાશ અને અફાટ લીલી ધરતી, એ બધાં અતિથિસત્કારમાં હું તમારી આગળ ધરૂં છું. તમે એનાથી સંતુષ્ટ રહેજો અને યજ્ઞકાર્યમાં એકનિષ્ઠાથી પ્રવૃત્ત થજો.

તમારે અહીં પૂરૂં એક વર્ષ આ કાર્ય માટે રહેવાનું છે. સ્થિરતાથી અને દૃઢતાથી આ એક જ કાર્યમાં તમારૂં મન પરોવજો. મનના બીજા સંકલ્પવિકલ્પો છોડી દઇ, બીજી જીવનતૃષ્ણાઓને બાજુ ઉપર મૂકી, જે તે બીજું શીખવાને માટેનાં વલખાં તજી દઈ, આ એક જ વસ્તુ પાછળ એકાગ્રતાથી પડજો. આ એક જ વસ્તુ ઉપર ગાંડાં થજો. ગાંડો માણસ જ દુનિયામાં કંઇક મેળવી શકે છે. દુનિયા ઉપર જે ચમત્કારિક ફેરફારો થયા છે તે એવા માણસોએ કર્યા છે કે જેઓ જગતની દૃષ્ટિએ ગાંડા લેખાયા છે. તમારે જીવનમાંથી કંઇ પણ રહસ્ય ખેંચીને બહાર આણવું હોય, આટલું જીવ્યા તે ભવિષ્ય માટે સાર્થક કરવું હોય, તો તમે આ વસ્તુ ઉપર ગાંડાં બનજો.

આ વસ્તુ એવી છે કે જેના ઉપર ગાંડા બનવું લાજિમ છે. જગતનું મૂળ, પ્રગતિનું મૂળ બાળક અને બાલ્યાવસ્થા છે. તે મૂળનું તમે દર્શન કરવા માટે અહીં ઉતર્યા છો. એ મૂળના અભ્યાસમાંથી તમે બાલશિક્ષણ, બાલજીવન અને જીવનસમગ્રના સિદ્ધાંતો પ્રયોગપૂર્વક જાણવા માટે અહીં આવેલાં છો. જે બાળકોની અંદર ગુપ્તપણે મહાન ચિત્રકાર, શિલ્પી, વૈદ્ય, તત્ત્વવેત્તા, રાજનીતિજ્ઞ, સમાજસેવક, જીસસ અને ગાંધીજી રહેલા છે તેની ખોજ કરવાનો તમારો અભિલાષ છે. એ અભિલાષને પાર પાડવો હોય તો ગાંડાઇ એ એક જ સાધન છે કે જે વડે તમે તે કરી શકો.

આ વર્ષ તમારે માટે ભોજમજાહનું નથી; વાણીના તેમ જ ઇન્દ્રિયોના વિલાસનું નથી; શરીરના વિલાસો માટે પણ નથી; અનેક જ્ઞાનના પ્રલોભન માટે પણ નથી; જીવનના અનેક ધર્મોને સાથે સાથે અનુસરવા માટે પણ નથી. ફક્ત બાલઅભ્યાસ માટે જ આ વર્ષ તમારૂં છે. આ વર્ષના ૩૬૫ દિવસ તમે તમારી નાતજાત, દૂર નજીકના સંબંધો અને સર્વ બંધનોને એટલો વખત ઇચ્છાપૂર્વક બાજુ ઉપર રાખશો અને અખંડ ઉદ્યોગથી, ભગીરથ જાગ્રતિથી તમે જે લેવા આવ્યા છો તેને માટે તપ તપજો.

તમે એક વર્ષને અંતે શિક્ષકો થશો. તમે જે વર્ષને અંતે મનુષ્ય તરીકે પુનર્જીવન મેળવી નહિ શક્યાં હો તો તમારૂં વર્ષ એળે જશે. એ પુનર્જીવન બાળકો પ્રત્યેની તમારી નવી દૃષ્ટિ મેળવવામાં અને કેળવવામાં છે. વર્ષને અંતે જ્યારે તમે તમારી સામે જોશો ત્યારે જો તમને લાગે કે તમે બદલાયેલા મનુષ્ય છો, તમારામાં નવીન અને અદ્‌ભુત ચેતના આવિર્ભૂત થઇ છે, તો તમે સમજજો કે તમે શિક્ષક થયા છો. માત્ર મારાં ભાષણો સાંભળવાથી, મારાં પાઠ્યપુસ્તકો અક્ષરશઃ મોઢે

પ્રગટ થવાનાં

પ્રાથમિક શાળામાં શિક્ષક

લેખક: ગિજુભાઈ.

કિંમત ૦–૧૦–૦ પો૦ ૦–૨–૦

મહાન્ વિગ્રહ પછી

જર્મનીમાં કેળવણીની પ્રણાલિ

લેખક: ગજાનન ઉ. ભટ્ટ એમ. ઈ.ડી.

કિંમત ૦–૧૨–૦ પોસ્ટેજ ૦–૨–૦

શ્રીદક્ષિણામૂર્તિ અધ્યાપનમંદિર

કરવાથી અને કેવળ યંત્રવત્ વ્યાવહારિક કામ કર્યે જવાથી તમે આ જીવનપલટો મેળવી નહિ શકો. જીવનપલટા માટે તમારે તમારા જૂના ખોળિયાનો, જૂના દેહનો સાપ કાંચળી ઉતારે છે તેમ ત્યાગ કરવો પડશે.

તમારા મનની સંકુચિતતાઓને તમારે છોડવી પડશે. જ્ઞાતિ જ્ઞાતિ અને ધર્મ ધર્મના વાડાઓને–ટૂંકા વિચારોને તમારે તિલાંજલિ આપવી પડશે, અને બાળક સમગ્ર એક છે તેનું વિરાટ દર્શન તમને થવું જોઇશે. તમારી સામાન્ય પામરતાઓને, પરંપરિત આચારોને, સમાજની રૂઢિઓને અને ધર્મ બંધનોને તમે કહી દેજો કે અમે તમારામાંથી છૂટીને સ્વતંત્ર થઇને સ્વાતંત્ર્યના રહસ્યમંત્રને ઝીલવા નીકળ્યાં છીએ. અમારે અમારા આત્માનું તંત્ર શોધવું છે. બાળકોના આત્માને, સ્વતંત્ર મૂકવાને યોગ્ય થઇએ તે માટે અમારે અમારામાં સ્વાતંત્ર્ય સ્થાપવું છે. બાળકોને સમતોલતાને રાહે જવા દેવા માટે અમારે પોતે જ સમતુલિત થવું છે. બાળકોના સ્વયંસ્ફુરિત ચેતનને ઓળખવા માટે વર્ષોથી દબાયલી અને છૂંદાયલી અમારી સ્વયંસ્ફૂર્તિને અમે આજે બંધનમુક્ત કરીએ છીએ.

તમે સૌ અત્યાર સુધી મેળવેલા બાળકો સંબંધેના જ્ઞાનને બાજુ ઉપર રાખો; અત્યાર સુધી જોખેલા શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોને રસ્તાની પેલી પાર મૂકો; શીખવવાની અત્યાર સુધીમાં જાણવામાં આવેલી પદ્ધતિઓને તેમને ઘેર પાછી મોકલી આપો. બાળકો અને શિક્ષણ સંબંધેના અત્યાર સુધીમાં કેળવેલા-મેળવેલા તમારા પૂર્વગ્રહોને કેવળ છોડી દઇ, નાહી ધોઇ, નિર્મળ બની શુભ્ર અને સ્વચ્છ કાગળ જેવા અંતઃકરણે અને બુદ્ધિએ તમે નવું દર્શન વિલોકવા ઉદ્યુક્ત થાઓ.

અહીં હું કહું તેમ કશુંયે તમારે સ્વીકારવાનું નથી. અહીં હું પ્રમાણ નથી, ગ્રંથ પ્રમાણ નથી, માત્ર સાક્ષાત્કાર જ પ્રમાણ છે. સ્વાનુભાવ જ પ્રમાણ છે. બાળકોની આ પ્રયોગશાળામાં તમે જે નજરે જોશો, કાને સાંભળો, સ્પર્શે સ્પર્શો, મનથી સમજો તે જ તમે માનજો. એ તમારા પ્રત્યક્ષ દર્શનની આડે તમારા રૂઢિચુસ્ત વિચારોને આણશો નહિ. આમ જોઇએ ને તેમ જોઇએ, આ ઉદ્દેશ ને તે ઉદ્દેશ, સમાજકલ્યાણ ને વ્યક્તિકલ્યાણ, એવા જાતજાતના રંગબેરંગી કાચોમાંથી આ દર્શનને તમે જોશો નહિ. વિજ્ઞાનથી વ્યવસ્થિત એવી તમારી આંતરશ્રદ્ધાથી તમે આને જોશો. અને એના ઉપર તમે બાલશિક્ષણ અને મનુષ્યજીવનના સિદ્ધાંતો તમારે માટે ઘડી કાઢીને–સનાતન સિદ્ધાંતોના સત્ય અને રહસ્ય સાથે સરખાવીને તમારા દર્શનને સ્થિર કરજો.

આપણે અહીં આદર્શને માટે એક કુટુંબ જેમ એકઠાં થયાં છીએ. તમારી સઘળી દિનચર્યામાં આ કુટુંબભાવના તમારામાં તીવ્રપણે જાગ્રત રહેજો. વિશાળ કુટુંબભાવનાના અભ્યાસના આ પહેલા દિવસને તમે તમારા જીવનમાં મહત્ત્વનો ગણજો. અને આ કુટુંબ સાથે રહીને એક એવું બળ મેળવજો કે બાલશિક્ષણમાં અને જીવનમાં આપણે જે ક્રાંતિ કરવા ધારીએ છીએ તે ક્રાંતિના મોરચાના સૈનિકો તરીકે આપણે આપણી જાતને

લંડનમાં સપ્ટેમ્બર ૧૯૩૬માં બાલશિક્ષણ ઉપર આંતર રાષ્ટ્રીય અધ્યાપનમંદિર (ઓગણીસમી વારનું) ઉઘડશે. આચાર્યા: **ડોટોરેસા મેરીઆ મોન્ટીસોરી**

જેઓને તેમાં દાખલ થવું હોય તેમણે નીચેને ઠેકાણે પૂછપરછ કરવી:—

Mr. Claude A. Claremont *Hon. Organizer*
Montessori Training Course, Studio House Rosslyn Hill, Hampstead
LONDON N.W.3.

આપી દઈએ. તમે ન્યારે બાલશિક્ષકો થયાં હશો ત્યારે તમને ભાન થશે કે "હું કેવળ પંતુજી નથી, હું એક સાધારણ શિક્ષક નથી, હું એક મામુલી માણસ નથી; પણ હું રાષ્ટ્ર અને વિશ્વજીવનનો ઘડનારો એક આત્મા છું, અને એ તરીકે મારે હવેથી કામ કરવાનું છે. તે વખતે તમને લાગશે કે દ્રવ્ય મેળવવું એ મારા કાર્યક્રમમાં હોઇ ન શકે. હું તો એક ક્રાંતિને જ લક્ષ્ય માનનારો છું અને એ જ મારું પરમ ધન છે." વર્ષ આખરે તમારા અંતઃકરણમાં પ્રકાશ પડશેઃ "આપણે જે જે ટૂંકા વિચારોથી, ટૂંકી દૃષ્ટિથી, ટૂંકા સ્વાર્થથી ભણવા આવ્યાં હતાં તે બધું ટૂંકું તો ક્યાંયે ચાલ્યું ગયું. આપણી સમક્ષ તો નિસ્વાર્થ પ્રવૃત્તિનો અનન્ત અવકાશ ઉભો થઈ ગયો; ગૂઢ શાંતિનો ગભીર સાગર આપણી આગળ ઉછળી રહ્યો; અને જીવન સાર્થક કરવાનાં અનેક અવનવાં ક્ષેત્રો આપણી સામે આપણને આમંત્રી રહ્યાં!"

પહેલાં અને હવે

એને ખબર ન હતી કે બાળક એટલે શું; એને ખબર ન હતી કે એનો પ્રેમ એટલે શું; એને ખબર ન હતી કે એની મીઠાશ એટલે શું.

પણ એક વાર એને ખબર પડી. પરમેશ્વરે એને એક બાળક દીધું. એને ખબર પડી કે બાળક એટલે શું, પ્રેમ એટલે શું, મીઠાશ એટલે શું. પહેલાં કહેતી હતી કે એની મને ખબર છે. હવે કહી શકતી નથી કે એની મને ખબર નથી.

તમે મને કહેશો નહિ કે ચોપડીઓ કેમ ભણાવતા નથી. તમે મને કહેશો નહિ કે પરીક્ષાઓમાં માર્ક કેમ આપતા નથી કે પરીક્ષાઓ કેમ લેતા નથી. તમે મારી પાસેથી અભ્યાસક્રમની બેડી તમારે માટે માગશો નહિ. કાયદા અને કાનૂનોની ઝાઝી જંજાળની અહીં આશા રાખશો નહિ. જ્ઞાન લેવાદેવાની એ બધી જૂની પુરાણી રીતિઓને આપણે છોડી દઇએ. આ બાલમંદિરનાં બાળકો પાસે જ્ઞાનના ભંડારો છે. એ ભંડારો ઉઘાડવાની થોડીએક ચાવીઓ મને જડી છે તે તમને હું હાથોહાથ આપીશ; અને બીજા અણઉઘડ્યા ભંડારોની ચાવીઓ તો હજી આપણે સહુએ સાથે મળીને શોધવાની છે. બાળકોમાં જે સ્વયં પ્રજ્વલિત જ્ઞાનદીપ છે તે દીપની દીવેટે આપણે આપણા દીવાઓ સળગાવી દેવાના છે. મેં મારા અંતરમાં થોડાએક દીવાઓ પ્રગટ્યા છે; તેમાંથી હું થોડા દીવાઓ તમારા હૃદયમાં પ્રગટાવીશ. એમાંથી થતા પ્રકાશમાં આપણે સહુ ઉભાં રહી અંધકારને દૂર કરવા સાથે મળી ઝૂઝીશું અને ઝૂઝીશું.

ઘોર અંધકાર બાળકો અને મનુષ્યોને આવરી રહ્યો છે. જીવન વધારે કડવાશભર્યું દિનપ્રતિદિન થતું જ જાય છે. દંડથી દુનિયા વધારે ભયંકર અને ભરાડી થતી જાય છે. લાલચથી દુનિયા વધારે પ્રલોભનશીલ અને નિર્બળ બની રહી છે. દવાખાનાં, કેદખાનાં, પાગલખાનાં અને બાલશાળાઓમાં મનુષ્યના પ્રાણો રૂંધાઈ રહ્યા છે. અને સ્પર્ધાના ઝેરમાં મનુષ્યો અને પ્રજાઓ પરસ્પરનું મોત નિપજાવવા તલખી રહ્યાં છે, અને જ્યારે દુઃખ માત્રથી ભરેલી દુનિયા દુ:ખને ભૂલી જવા માટે અનેક ક્ષણિક સુખો અને માદકોમાં મસ્ત બની બેભાન છે, તે વખતે જે ઔષધ જગતને જોઇએ છે તે આ છે: "ફરી વાર નવેસરથી મનુષ્યજીવનનું રહસ્ય સમજવું; ફરી વાર મનુષ્ય કેળવણીનો નવો માર્ગ ઉઘાડવો; ફરી વાર સમગ્ર જીવનના મૂળ—બાળકને બચાવવું અને ઉદ્ધારવું." આપણે સહુ આ કાજે ભેગા થયા છીએ. આપણને ઈશ્વર તેમાં સફળતા આપે. આપણે સહુ તે માટે યોગ્ય થઇએ. આ યોગ્યતા આપણે સહુ એકત્ર થઈ એક બળથી, એક મનથી મેળવીએ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

બાળકો પાસેથી શીખ્યાં

સાતમ આઠમના તહેવારો ચાલતા હતા. શ્રાવણના ઝરમર ઝરમર મેહ વરસાવતાં સરવડાં ધરતીને ભીની ને ભીની રાખતાં. ગામની શેરીઓમાં કેટલેક ઠેકાણે ખાડાઓમાં પાણીનાં ખાબોચિયાં ભરાઇ રહેલાં હતાં.

રામજી બાપાની શેરીમાં રહેતાં રૂખી અને લીલા બેય જણીનો શેરીમાં ભરાયેલાં ખાબોચિયાં પાસે અચાનક ભેટો થયો. બેય જણીઓ ગોઠણો હતી અને સાથે જ પાંચીકા રમતી. રૂખી પાંચ વરસની અને લીલા સાત વરસની હતી. બેય જણીઓએ આજે તહેવારને દહાડે સારાં લૂગડાં પહેર્યાં હતાં.

રૂખીએ લીલી ઘાઘરી ને જાંબલી પોલકું પહેર્યું હતું, અને વધારેમાં કેડે એની બાનો રૂમાલ બોસ્યો હતો. લીલાએ રાતી ઘાઘરી, પીળું પોલકું અને ચુંદડીઆળી ભાતવાળી ઓઢણી ઓઢેલી હતી. એકમેકને જોઇને બેય જણીઓ હરખમાં આવી ગઇ, અને પોતપોતાનાં નવાં કપડાં બતાવવા લાગી. એ કામ પૂરૂં થયું અને વાતો ખૂટી એટલે બેય રમતે ચડી. રમતાં રમતાં વળી ખાબોચિયાંના પાણીમાં છબ્બછબ્બિયાં કરવાનું મન થઇ આવ્યું, એટલે રૂખી તો એમ ને એમ પાણીમાં ચાલવા માંડી. ત્યાં તો લીલાએ કહ્યું: "એ રૂખી! જો જો, તારી ઘાઘરી પલળશે ને બગડશે. ને તારી બા ભઠશે. એનો કછોટો મારી લેને. જો હુંય મારી લઉં છું."

બેય જણીઓએ ઘાઘરીઓના કછોટા મારી લીધા, અને પાણીમાં કૂંડાળાં કરતાં કરતાં ચાલ્યાં. રૂખીનાં પગનાં સાંકળાં સુધી પાણી આવ્યાં એટલે એ તો બોલી: "અરે લીલુ, આ તો ઉંડું છે. મને તો બીક લાગે બા!" ત્યાં લીલાએ કહ્યું: "અમસ્તી મૂંઝાય છે. જો ઉભી રહે, હું આવું. આપણે સાથે ચાલીએ. કાંઇ ઉંડું નથી."

બેય જણી પાસે આવી એટલે લીલાએ કહ્યું. "જો રૂખી, જળવીને ચાલજે હોં, પાણી ઉછળે નહિ. નહિ તો મારાં લૂગડાં બગડશે." લીલા બોલી ન બોલી ત્યાં તો તાનમાં ને તાનમાં રૂખીએ પાણીમાં 'ઝબાક' કરતોકને પગ પછાડ્યો એટલે પાણી ઉડ્યાં અને લીલાની ઓઢણી ને પોલકું પાણીના છાંટાથી બગડ્યાં, અને થોડા છાંટા એની આંખમાંયે ઉડ્યા. નવીનકોર ઓઢણી ઉપર છાંટા જોઇને એ તો ખૂબ ખીજાઇ ગઇ અને રૂખીને મારવા એની પાછળ દોડી. રૂખી ગભરાઈ એટલે મારથી છટકવા માટે મૂઠીઓ વાળીને ઘર તરફ ભાગવા લાગી. એ જ વખતે બરાબર લીલાની મા ત્યાં થઈને જતી હતી. એણે લીલાનાં બગડેલાં લૂગડાં જોયાં એટલે તાડુકી: "એ રાંડ! મોઈ તું. આ કયાંથી બગાડી આવી?" ગભરાતાં ગભરાતાં લીલાએ કહ્યું: "એ તો બોલી રૂખીએ મારાં લૂગડાં ઉપર છાંટા ઉડાડ્યા, બા." એટલે લીલાની બાએ ભાગતી રૂખીનું બાવડું ઝાલીને "પારકાં છોકરાંનાં લૂગડાં બગાડે છે?" એમ કહીને એના ડાબા ગાલ ઉપર બે ધરી દીધી! રૂખીએ આખી શેરી સાંભળે એટલો મોટો ભેંકડો તાણ્યો અને રડવા લાગી; એ

સાંભળી એની બા ઘરમાંથી બહાર નીકળી.

"એટલે? બા! અમારાં છોકરાં શું મારવાં રેઢાં પડ્યાં છે તે જેમતેમ મારો છો? સાફ કહું છું, મારી છોડીને તમારે આંગળી નો અડાડવી: ખબરદાર, જો બીજી વાર એવું કર્યું છે તો!" એમ કહીને રૂખીની બાએ તો લીલાની બાને સંભળાવવી શરૂ કરી. પછી કાંઈ ઝાઝું રહે? લીલાની બાએ પણ સામી આવડતી હતી એટલી ઠાલવવા માંડી, અને ગરમાગરમ કજિયો જામી પડ્યો. એ સાંભળી પુરુષો પણ બહાર આવ્યા અને થોડી વારમાં મોટું ટોળું ત્યાં ભેગું થઈ ગયું. બૂમો ને બરાડા બધાંય પાડ્યા કરે, કોઈ કોઈનું સાંભળે નહિ; એમ ત્યાં મોટી હોહા થઈ રહી. એમાં વળી બૂમો પાડતાં પાડતાં એક જણાએ બીજા જણાનો જોરથી હાથ ખેંચ્યો. એટલે મારામારી પણ ચાલુ થવાની તૈયારીમાં હતી, એટલામાં તો લીલાની ઘરડી દાદીમા બિચારાં લાકડીને ટેકે બહાર આવ્યાં ને એમને ટાઢાં પાડવા પ્રયત્ન કરવા માંડ્યાં: "અરે બાઈઓ, કાંક વિચાર તો કરો. આ તે શું માંડ્યું છે તમે? આજ તહેવારને દહાડે? આજે તો ખાવાપીવાનું ને ભજન કીર્તન કરવાનાં હોય કે આમ કૂતરાંની જેમ બાઝવાનું હોય?"

પણ એ ઘરડી ડોશીનું સાંભળે જ કોણ? બધાં લડવામાં જ મશગુલ હતાં એટલે એને બે ચાર ધક્કા વાગ્યા એટલું થયું. એટલે એ તો એક બાજુ 'રામ, રામ!' એમ કરતી ઉભી રહી. એનાથી બીજું શું થાય?

પણ એટલામાં આ બાજુ બીજું કંઈક થયું. જ્યારે બેય છોડીઓની માઓ સામસામી સંભળાવવામાં તલ્લીન થઈ ગઈ હતી, ત્યારે લીલાએ પોતાની ઓઢણી અને પોલકા ઉપરના છાંટા બળીને લૂછી નાખ્યા, અને પાછી પેલા બાબોચિયા પાસે આવી એક અણીદાર પથરો લઈને એણે બાબોચિયાનું પાણી વહી જાય અને ચાલ્યું જાય એવી નીક ખોદવા માંડી; ત્યાં તો રૂખી પણ એની પાસે આવી અને લાકડાનું મોટું છોડિયું લઈને એ પણ નીક ખોદવામાં મદદ કરવા લાગી. જ્યારે બધા પુરુષો મારામારી ઉપર આવવાની તૈયારીમાં હતા, ત્યારે આ છોકરીઓએ કરેલી નીકમાંનું પાણી બધાં લડતાં હતાં અને ડોશી સમજાવતાં હતાં ત્યાં આવી લાગ્યું. છોકરીઓ પણ પાણીની સાથે સાથે ત્યાં દોડી આવી. "જો જો, રૂખી પકડ. પકડ પેલું છોડિયું. જો એ જાય વહ્યું." એમ લીલીએ બૂમ પાડી, અને પાણીમાં તણાતા છોડિયાની ગમ્મત જોઈ નાનકડી રૂખી તો પેટ પકડીને હસવા જ માંડી.

આ જોઈને ડોશીમાએ પુરુષોને અને બૈરાંઓને કહ્યું: "લાજતાં નથી હજુય લડતાં? આ છોડીઓને કારણે તો તમે આ કજિયો માંડ્યો છે; ને જુઓને, બિચારી એ બે જણીઓને તો કાંઈ સાંભરતું'ય નથી ને કેવી એક થઈને મજા કરે છે? એમનામાં તમારા કરતાં તો વધારે અક્કલ છે. એમની પાસેથી તો કાંક શીખો, કાંક સમજો!"

બધા પુરુષો અને બૈરાંઓની નજર આ બે કિલકિલાટ કરતી છોડીઓ સામે ગઈ; બધાં ઝંખવાણાં પડ્યાં અને પોતાની મૂર્ખાઈ ઉપર હસતાં હસતાં પોતપોતાને ઘેર વિખરાઈ ગયાં.*

ઇ. ફ્રે.

* "ચીલ્ડ્રન વાઈઝર ધેન પેરન્ટસ" નામની વાર્તા ઉપરથી.

મોન્ટીસોરી શિક્ષકોને

૧

આથી સર્વ શિક્ષકભાઇઓ, બહેનો તથા કામગારોને જાણ થાય કે તેઓએ કદી પણ બાળકો સાથે ઉતાવળાં થઇને વાત કરવી નહિ. વળી તેમને 'એ, ઓ,' એવા ઉદ્ગગારોથી બોલાવવાં નહિ કે તેમના કામમાં વચ્ચે પડવું નહિ. બાળકોની કોઇ બાબતમાં દેખાતી અપૂર્ણતા માટે તેમને ટોકવાં કે અવાજથી રોકવાં નહિ, પણ ધીમેથી તેમની પાસે જઇ તેમણે શું કરવું જોઇએ તે મધુર શબ્દ સાથે જાતે કરી બતાવવું જોઇએ.

બાલમંદિરમાં કામ કરતી હરેક વ્યક્તિએ બરાબર ધ્યાનમાં રાખવું કે તેમણે તાણીને બોલવું નહિ. પોતાનો અવાજ અત્યંત ધીમેથી કાઢવો. આપણા ઉંચા અવાજથી વાતાવરણમાં એકંદરે અવાજનું પ્રમાણ વધે છે, અને એ વધેલો અવાજ બીજાં કામ કરનારાંઓના જ્ઞાનતંતુઓને નિરર્થક ઉશ્કેરે છે, તથા તેમની શાંતિમાં ભંગ પાડે છે. માટે ઉંચે અવાજે બોલવું નહિ, તેમ બાળકો સાથે વાતચીત કરવી નહિ. મતલબે અત્યંત ધીમેથી બોલવું.

બાળકો તરફ આપણો પ્રેમ બતાવવા તેમને અડવાનું કે તેમને ઉંચકી લેવાનું કે તેમને ભેટવાનું નથી. પ્રેમને નામે બાલવિકાસમાં તે વર્તન આડખીલી રૂપ છે. એ વર્તન આપણા આવેશનું પરિણામ છે. આપણે આપણા આવેશને બાળકોની ખાતર સંયમિત કરવો જોઇએ. બાળકને વિકસતું જોઇને દૂરથી આનંદ પામવો અને ફક્ત જરૂર પડે તો જ સહાય આપવી, એમાં જ આપણો તેમના પ્રત્યેનો ખરો પ્રેમ છે. દોડીને બાળકને ઉંચકી લેવું, તેને ગચીપચી કરવી, તેને બચી લેવી કે ભેટવું અને તેમ કરીને તેના સ્વયંવિકાસના મહાન કાર્યમાં વિક્ષેપ નાખવો, એ આપણી નિર્બળતા છે.

૨

આપણે સહુ શિક્ષકો અહીં બાળકોને પરાણે શીખવવા માટે એકઠાં થયાં નથી, તેમ જ તેમને તેઓ જે કરે તે કરવા દેવા માટે પણ એકઠાં થયાં નથી. બધો વખત તેમની પાછળ લાગીને કંઇ ને કંઇ કરાવવા માટે આપણું અસ્તિત્વ નથી. તેમ જ તેમને અંધાધુંધી કરવા માટે રખડતાં રઝળતાં મૂકીને બીજી ત્રીજી બાબતો ઉપર ધ્યાન આપવા માટે આપણું અસ્તિત્વ નથી. જે આપણે બાળકો શું કરે છે, તેમની ક્રિયાનો શો અર્થ છે. તેઓ સાધનો બરાબર વાપરે છે કે નહિ, તેઓને કંઇ મુશ્કેલી છે કે નહિ, તે બધું બારીક નજરે અવલોકવા માટે બેઠાં કે ફરતાં હરતાં ન હોઇએ તો આપણે બાલમંદિરમાં હોઇએ કે આપણા ઘરમાં હોઇએ તે બધું સરખું જ છે. આપણા બાળકોના અવલોકનમાં ટપાલ વાંચવી, છાપું વાંચવું, પુસ્તકો વાંચવાં, ઇશ્વરનું ધ્યાન કરવું, વિના પ્રયોજને અંદર અંદર વાતો કરવી તેનો સમાવેશ થતો નથી.

બાલમંદિરમાં આવતાની સાથે જ આપણે આપણું બીજું બધું કામ બાજુએ મૂકવાનું

હોય. આપણું બધું ધ્યાન બાલમંદિરનાં બાળકોમાં જ હોય. બાલમંદિરની પ્રત્યેક પળ શિક્ષકને માટે અતિ અમૂલ્ય છે, કેમ કે બાલમંદિર જીવન પ્રયોગશાળા છે, અને બાળકો તેના વિષયો છે. આપણી સાથેના બીજા શિક્ષકો પ્રવૃત્તિઓ ચલાવતા હોય ત્યારે પણ તેમની પ્રવૃત્તિઓમાં જ આપણું અવલોકન હોય. આપણો જીવ જ્યારે ઘરમાં હોય ત્યારે આપણી પ્રવૃત્તિ અવલોકન અને સહાયની બહાર હોય; ત્યારે આપણે બાલમંદિરમાં માત્ર નામનાં જ છીએ એટલું જ નહિ પણ નકામાં છીએ.

૩

તમને બાળકો સાથે બરાબર વર્તતાં આવડતું ન હોય તો તમે વર્તશો નહિ. બાળકોને પાઠ આપતા પહેલાં તમને ખાતરી ન હોય કે પાઠ બરાબર કેમ આપવો, તો તમે પાઠ આપશો નહિ. ખરાબ રીતે પાઠ આપવો તેના કરતાં પાઠ ન આપવો એ વધારે સારું છે.

પાઠ માત્ર બહુ જ થોડા વખત માટે જ આપવાનો છે. પાઠ એટલે સાધનનો ઉપયોગ કેમ થાય તે બાળકની દૃષ્ટિ ઉપર મૂકવું તે છે. બાળક અભિમુખ ન હોય તો પાઠ આપશો જ નહિ. અભિમુખ હોય તો પાઠ આપતાં આપતાં તેને ભણાવવા બેસી જશો નહિ. પાઠ આપવો એટલે ચેતના જગાડવી, જમગરી મૂકવી, સળગતું કરવું. આપણે સળગવાનું નથી પણ બાળકને જ્વલંત કરવાનું છે; આપણે જમવાનું નથી પણ બાળકને જમતું કરવાનું છે; આપણે જીવવાનું નથી પણ બાળકને જીવતું કરવાનું છે.

બાળકને પાઠ આપનારાંઓ આ બાબત ધ્યાનમાં રાખે.

૪

બધાં બાળકો બધો વખત કામ કર્યા કરે એમ મનમાં રાખીને મોન્ટીસોરી શાળા ચલવી ન શકાય. ઓરડામાં આવીને સાધનો વાપરવાં એનું નામ જ ફક્ત કામ એમ માનવું એ ગંભીર ભૂલ છે. ગેલેરીમાં ઉભાં ઉભાં સુંદર પવનની લહેરો ઝીલવી, હીંચકે હીંચકવું, લપસણે લપસવું, રેતીમાં આળોટવું, અંદર અંદર વાતો કરવી, એકબીજાને માથું ઓળવામાં કે પાણી પીવામાં કે શૌચ જવામાં મદદ કરવી, જમનાબેન સાથે વાતો કરવી: એ બધાં કામો છે. એ એકેએક કામ વિકાસક છે. તેની શિક્ષણ વિષયક કિંમત શી છે તે શિક્ષકે જાણવાનું છે.

જે શિક્ષક કામનો અર્થ વાંચવું, લખવું અગર દડા મિનારાથી રમવું એમ જ ફક્ત સમજે છે, તે આપણી પદ્ધતિનો દેહ સમજે છે પણ આત્મા સમજતો નથી. જે શિક્ષક લેખન, ગણિત કે રંગની તખ્તીઓના વપરાશમાં ફક્ત વિકાસ ભાળે છે તેની આંખો વિકાસને બરાબર જોઇ શકતી નથી એમ હું સમજું છું.

વિકાસ કયાં છે તે આપણે જોતાં શીખવું જોઇએ. ગિ.

મોન્ટીસોરી બાલમંદિરો

૧૬ ચં. કો. સ્મા. બાલમંદિર પાલણપુર.
૧૭ બાલમંદિર વસો.

શ્રી દક્ષિણા મૂર્તિ
મોન્ટીસોરી અધ્યાપનમંદિર
તા. ૨૮ : ૭ : ૩૩ ના રોજ ઉઘડ્યું.

સુ મૃન્વૃથ્

આજે શિક્ષણમાં શીખવવાના વિષયો અને શીખવવાની પદ્ધતિ આ બે વસ્તુઓનો વિચાર કરવાનું મંજૂર થયું છે. નવા વિચારપ્રવાહમાંથી શીખનારના માનસનો વિચાર અને શીખવનારની સહાયની મર્યાદાનો વિચાર, એમ બે વિચારો જડી આવે છે. આમ આજે શિક્ષણમાં ચાર વસ્તુઓનો વિચાર કરવાનું રહે છે.

આમાંની એક પણ બાબતને વિસારી મૂકીએ તો શિક્ષણનું કામ અપંગ રહે. એકલા ઘણા બધા વિષયો શીખવવાની ધૂનમાં શીખનારનો, પદ્ધતિનો વગેરેનો વિચાર ન કર્યો તેથી આપણે શિક્ષા, ઇનામ, ગોખવું વગેરે વગેરે જે વસ્તુઓ તાત્કાલિક પરિણામ લાવી આપનારી હતી તેનો ઉપયોગ કર્યો.

વિષયો શીખવતાં જેમ પદ્ધતિનો વિચાર કરવાનું ભૂલી જવાયું, તેમ જ આજકાલ પદ્ધતિની સુંદરતાને લીધે તેની પાછળ પડવામાં વિષયોનો વિચાર ભૂલી જવાતો હોય એમ લાગે છે. પદ્ધતિનું કામ વિષયને બાળક પાસે સરસ રીતે મૂકવાનું છે; પણ સુંદરમાં સુંદર પદ્ધતિના ઉત્તેજન કે છળ વડે બાળકને ખરેખર ન ગમતો વિષય, અથવા જે વિષય માટે તે લાયક જ નથી તે વિષય, અથવા જેની તેને જરૂર નથી પણ આપણી માન્યતાને જરૂર છે તેવો વિષય શીખવીએ તો પદ્ધતિનો દુરુપયોગ છે. યોગ્ય અયોગ્ય વિષયોને નક્કી કર્યા વિના પદ્ધતિના બળથી શીખવી શકાય છે માટે તે વિષયો શીખવીએ એ વિચાર ભૂલભર્યો છે. વિષય-વિચાર અને પદ્ધતિનિર્માણ બંને સાથે જવાં જોઇએ. આવી ભૂલ સહજ છે, બનતી ભૂલ છે. દાખલા તરીકે ડાયરેક્ટ મેથડ, (પ્રત્યક્ષ પદ્ધતિ) પ્રોજેક્ટ મેથડ (યોજના પદ્ધતિ) કોન્સેન્ટ્રિક પ્લૅન (કેન્દ્રાનુસારી પદ્ધતિ) વગેરે પદ્ધતિઓ અને યોજનાઓ શીખવવાની સુંદર અને માન્ય રીતો છે. પરંતુ જો એ બધાને ન જોઇતું કે વધારે પડતું અંગ્રેજીનું કે ઇતિહાસનું કે સંસ્કૃતનું જ્ઞાન લાવવા વાપરીએ તો ત્યાં ભૂલ છે. પદ્ધતિને વાપરતાં આપણે શિક્ષણના મૂળ ઉદ્દેશને ન ભૂલી જઇએ.

વિષયશિક્ષણ અને પદ્ધતિના વિચાર સાથે જ શીખનાર અને શીખવનારનો વિચાર ઊભો છે. સરસ પદ્ધતિથી શીખનાર આખો દહાડો શીખ્યા જ કરે, વસ્તુ સારી રીતે આવડે. પણ સરસ પદ્ધતિ ઉત્તેજક નથી, પણ શીખનારને સ્વાભાવિક સહાય રૂપ છે તે જોવાનું છે. એટલે પદ્ધતિનું નિર્માણ તાર્કિક અથવા સંયુક્ત હોય તેના કરતાં માનસ અનુકૂળ હોય એ આવશ્યક છે. માનસ ઉપર ન રચાયેલી પદ્ધતિ કદાચ ઘણો લાભ બતાવે, પણ આખરે જ્ઞાનતંતુઓનો બોજો વધવાનો જ. અને ઘણું ભણીને માણસો જ્ઞાનતંતુઓની માંદગી ભોગવતાં થાય તો એ ભયંકરમાં ભયંકર નુકસાન છે. માટે જ પદ્ધતિ અને યુક્તિ વચ્ચે તફાવત પાડીએ. પદ્ધતિ બાલમાનસ કે શીખનારની શીખવાની સાહજિક રીતિ ઉપર રચાય તે જોવાનું છે.

હવે આવે છે શીખવનારનો વિચાર. સારી પદ્ધતિથી જો વિદ્યાર્થીઓને લાભ થતો દેખાય પણ શિક્ષકને ખૂબ તણાવું પડે, તો તેમાં પદ્ધતિનો

દોષ છે એમ જ સમજવું; દોષનું સ્થાન માત્ર ફેર્યું છે. એમાં સુવા નહિ ને પાછા થયા જેવું છે. શિક્ષક ટેબલ પર લાંબા પગ રાખીને બેસે અને વિદ્યાર્થીઓ માથું ફોડ્યા કરે એ જૂની ભૂલ; શિક્ષકો ચાવી ચાવીને તૈયાર ગળે ઉતારવા જેવું કરવામાં લાંબા થઇ જાય તે નવી ભૂલ. વિદ્યાર્થી જાતે મહેનત કરે અને શિક્ષક તેનો માત્ર માર્ગદર્શક સહાયક થઇ રહે એમાં વચલો માર્ગ છે. આમ આ ચારે બાબત શિક્ષણમાં વિચારવા જેવી છે.

પત્રમાંથી

ભાઇ શ્રીકાન્ત,

× × તમારા ઉપવાસ પછી મોન્ટીસોરી પદ્ધતિમાં વધેલી તમારી શ્રદ્ધા જાણી મને કેટલો બધો આનંદ થયો હશે ? બે ત્રણ વખત ગામડામાં મોન્ટીસોરી પદ્ધતિ કેવી રીતે સસ્તી કરવી તે વિષે લખવાનો મેં પ્રયત્ન કર્યો પણ અંદરથી વેગ આવ્યો નહિ. તમે મોન્ટીસોરી પદ્ધતિ ગામડામાં લઇ જશો એવી પ્રેરણા તમારામાં ઉત્પન્ન થશે તેવી રાહ જોતો હું નિશ્ચિંત બેઠો રહ્યો હતો. સ્વતઃ જ તમારી શંકાઓ દૂર થઇ તે વાંચી મને થયું કે મોન્ટીસોરી સિદ્ધાંતના સત્યના પ્રભાવે જ તમારી અને મારી મૂંઝવણ અને મુશ્કેલી ટળી.

મોન્ટીસોરી પદ્ધતિ ગામડામાં વિના ખર્ચે કેમ ચલાવવી તેના વિચારો મેં કર્યા છે. આપણે વાતાવરણનાં બધાં ખર્ચો ઓછાં કરી શકીએ તેમ પિત્તળના સુંદર વાઝને બદલે માટીનો ઘડો મૂકી શકીએ. ગામડું કુદરતને ખોળે છે, એટલે ગામડાની શાળામાં એક પણ તૈલચિત્ર વિના ચલાવી લઇએ. ગામડાની આજુબાજુ નાનાં મોટાં ઝાડો, બાડાઓ અને ટેકરાઓ, નદીના કિનારાઓ અને ખેતરો હોવાથી શહેરના બાલમંદિરોને જે અખાડો અને બાગ કરવાની જરૂર છે, તે વિના ગામડાંનાં બાલમંદિરો ચાલી શકે છે. સુંદર જાજમો, બારીના પડદાઓ, આલેશાન મકાન, જાતજાતનું ઉપસ્કર, એ બધા વિના ગામડાનાં ગારાનાં ઘરોમાં અને છાણથી લીંપેલ ઓશરી ઉપર મોન્ટીસોરી પદ્ધતિ રહી શકે છે.

મોન્ટીસોરી પદ્ધતિ છે તેના સિદ્ધાંતોમાં જ; તે વિના તે શક્ય જ નથી. હવાની જેમ સિદ્ધાંતો સર્વવ્યાપી છે. તે ગામડાંઓમાં કે શહેરમાં બધે લઇ જઇ શકાય છે. તે હોય છે ત્યાં એક પણ સાધન વિના મોન્ટીસોરી પદ્ધતિ ચાલી શકે. પણ પદ્ધતિનાં બધાં સાધનો હોવાં છતાં સિદ્ધાંતને અભાવે મોન્ટીસોરી પદ્ધતિ નામની જ ગણાય. બેશક, મોન્ટીસોરી પદ્ધતિ શાસ્ત્રીય સાધનો માગે છે, અને તે દરેક શાળામાં હોવાં જ જોઇએ. છતાં સાધનો એ સાધનો જ છે; સાધ્ય નથી.

મિનારો, પહોળી સીડી, લાંબી સીડી વિના આપણે ઇન્દ્રિયવિકાસ, બુદ્ધિવિકાસ, ક્રિયાશક્તિ અને કલ્પનાવિકાસ સાધી ન શકીએ. બાળકોને વાપરવાને માટે અને તેમનામાં આઘાત પ્રત્યાઘાત ત્વરિત ઉત્પન્ન કરવા માટે આ સાધનો શાસ્ત્ર પ્રમાણે અને સુંદર જોઇએ–સુરૂપ જોઇએ. પણ ગરીબ ગામડાંઓ તેવાં સાધનો ખરીદી ન શકે તો તેને બદલે આપણે છેવટે

માટીના ઘનો બનાવી તેને સૂકવી લાલ રંગથી રંગી નાખીએ એટલે ચાલે. અલબત્ત, આ ઘનો વજનમાં ભારે થશે. મિનારો પાડવાની રમત આમાં શક્ય નથી. તેમ છતાં પરિણામની કેળવણી માટે તે સાધનો ઉપયોગી થશે. માટીનાં સાધનો હોવાથી તે તૂટી જતાં ફરી વાર બનાવવાનું કામ બાળકોને માટે એક નવું કામ બનશે. કુંભાર લાકડાંનાં બીબાં વડે ઈંટો પાડે છે તેમ લાકડાંનાં બીબાં વડે આપણે માટીના ઘનો પાડી શકીએ.

આવા ઘનો પાડવાની પ્રવૃત્તિ સ્વતઃ જ એક પ્રવૃત્તિ થશે; અને તે બાળકના સ્નાયુઓ કેળવશે, તેની સાથે તેમની ઈંટો પાડવાની ને માટીકામ કરવાની પ્રવૃત્તિ પોષશે. આ એક દાખલો થયો. આવી જ રીતે બધાં સાધનો આપણે માટીમાંથી ઉપજાવી શકીએ. કાળા રેતિયા અક્ષરો આપણને મોંઘા પડે તો તે વિના ચલવીએ. ઝાડનાં જાડાં પાંદડાંમાં સોયથી કાંણાં પાડી અક્ષરો બનાવી તે અક્ષરોથી બાળકને અક્ષરજ્ઞાન આપી શકીએ. તેમ કરવામાં આપણે ફક્ત સેગુઇનનાં પદ્ધો ભૂલવાં ન જોઇએ. સ્વયંસ્ફૂર્તિ અને સ્વાતંત્ર્યના સિદ્ધાંતનો લોપ ન થાય તેમ આપણે ચાલવું જોઇએ.

તમે બુદ્ધિશાળી છો. મોન્ટીસોરીનું રહસ્ય સમજ્યા છો. તેની તીવ્ર હૃદયની થયેલી ઉપાસનામાંથી તમને પોતાને ગામડામાં મોન્ટીસોરી પદ્ધતિ કેવી રીતે લઈ જવી તે સૂઝશે. મોન્ટીસોરી પદ્ધતિ બિચારા ગોંડ લોકો માટે ગામડામાં આવી ન શકે તો હું તેને શહેરમાં પણ લાવી શકું નહિ. એવી પદ્ધતિનો હું સ્વીકાર ન કરું. સહુથી મોટું સાધન શિક્ષકનું વ્યક્તિત્વ છે. એ વ્યક્તિત્વ મોન્ટીસોરી શિક્ષક સમજ્યો હોય તો તે એકલો પણ બસ છે. તે બધાં સાધનો જરૂર ઉપજાવશે. આપણે જે જોઇએ તે પુનર્જન્મ પામેલો નવજીવનથી થનગનતો શિક્ષક જોઇએ છે. તે નવજીવનનો થનગનાટ, ઉત્સાહ, ભાવના હું તમારામાં જોઈ શક્યો છું. એટલે મારી અપૂર્વ શ્રદ્ધા છે કે તમે ગોંડના છોકરાંઓની મોન્ટીસોરી નિશાળ સંપૂર્ણ રીતે ફતેહમંદ બનાવશો.*

લી. તમારો

ગિજુભાઇના નમસ્કાર

*ભાઈ શ્રીકાંત કરંજિયા—મધ્ય પ્રાંતમાં ફાધર એલ્વીનના ગોંડમિશનમાં મોન્ટીસોરી શાળાના શિક્ષક છે.

બાળકોની મશ્કરી

આપણે મોટા માણસો એક બીજાની મીઠી મશ્કરી કરીએ છીએ, અને મજા મેળવીએ છીએ. સારી અને તંદુરસ્ત મશ્કરી માણસના મન અને શરીરને માટે સારી છે. એ માણસને સારો આરામ આપી શકે.

પણ મોટા માણસોએ બાળકોની મશ્કરી કરવામાં ખૂબ સાવચેત રહેવું જોઇએ; ઘણાં પોતાને સુધરેલાં કહેવડાવતાં કુટુંબોમાં મા અથવા બાપ બાળકોની મહેમાનો સમક્ષ મશ્કરી કરે છે. વળી નિશાળમાં માસ્તર તો મશ્કરી કરવી એ પોતાનો હક્ક સમજે છે. પણ તેઓ ભાગ્યે જ જાણે છે કે તેઓ બાળકોમાં જાણ્યે

અજાણ્યે ઘણી નબળાઇઓ દાખલ કરી દે છે.

બાળકને પહેલેથી ખેલાડી જેવી ઉદાર વૃત્તિવાળું માની લેવું એ ભૂલ છે. એનાથી ઉલટું બાળક ઘણું જ લાગણીપ્રધાન અને સંકોચવાળું હોય છે.

આજે તો બાળકો સમજે અને બાળકોને રુચે એવી મશ્કરી ભાગ્યે જ થાય છે. બાળકો સમજે અને રસ લઇ શકે એવી મશ્કરીની સામે કંઈ વાંધો ન હોય.

પણ બાળકોને ન ગમે તેવી મશ્કરીઓ કરવામાં ઘણાં નુકસાનો રહ્યાં છે. એવી મશ્કરીથી બાળક ચીડીયું, લાગણીપ્રધાન બની જાય છે. જો માબાપ એ જાતની મશ્કરી કરતાં હોય તો તો તેમની તરફ એક અવિશ્વાસની લાગણી બાળકમાં ઉભી થાય છે; અને શિક્ષક કે એવું કોઈ મોટેરું કરતું હોય તો તેની તરફ જાણે અજાણે તિરસ્કાર બાળકમાં જન્મે છે. અને મનનું આ અસ્વાસ્થ્ય ઘણી વાર બાળકનાં શરીર તથા પ્રવૃત્તિઓને ખૂબ નુકસાન કરે છે. બાળક જલદીથી ઉશ્કેરાઇ જાય એવું, લાગણીપ્રધાન અને ચીંગુ બને છે.

વળી આ જાતની મશ્કરીઓથી બાળકમાં પોતાની જાતને હલકી માનવાની ગ્રંન્થિનાં બીજ રોપાય છે, કે જેનાં પરિણામો ઘણાં પ્રાણઘાતક છે.

અને છેલ્લે 'બાળક નહિ સમજે' એમ ધારીને એની આજુબાજુ કે એને વિષે મોટેરાંઓએ કરેલી અસભ્ય મશ્કરીઓ એને ઘણી હાનિ કરે છે. કારણ કે આપણે ધારીએ છીએ અને ધારી શકીએ તે કરતાં બાળકો ઘણું વધારે સમજે છે; અને સમજે તેના કરતાં ઘણા મોટા પ્રમાણમાં ખોટી કલ્પનાઓ કરે છે. આ પણ બાળકને ઘણું નુકસાન કરે છે.

આનો અર્થ એ નથી કે બાળકો હોય ત્યારે મોટાઓએ ઘૂવડ જેવાં મોઢાં કરી બેસી રહેવું. એનાથી ઉલટું બાળકોને રસ પડે એવી છતાં કોઇને ઉદ્દેશીને નહિ એવી, અને હોય ત્યાં પણ કોઈની લાગણી ન દુખાય એવી રમુજોને ઘરમાં સ્થાન આપવું જોઇએ.

માબાપો જો આટલું જાણે, અને પોતાની જીભને કાબૂમાં રાખે તો તેઓ બાળકોની ઘણી નબળાઇનાં કારણભૂત થતાં અટકશે. **ન.**

બાળકનો હૃદયોદ્ગાર

આજે કેટલાંક મોટાં બાળકો બાલમંદિરની છબીઓ જોવા અને તેની વિગતવાર માહિતી મેળવવા ફરતાં હતાં. અમારું બાલમંદિર સુંદર ચિત્રોના નમૂનાઓની બાબતમાં બહુ ગરીબ દશામાં હોવાથી થોડાં ચિત્રો જોઇ વળ્યા પછી બાળકો ગાંધીજી અને જવાહરલાલ નહેરુના ફોટાઓ જોઈ તેને વિષે અનેક પ્રશ્નો પૂછવા માંડ્યાં. અચાનક એક ચકોર બાળકની નજર કબાટ ઉપર ટાંગેલા એક અપરિચિત ચિત્ર ઉપર પડી.

"વીરસુતભાઇ, આ કોણ છે?"

અમે નવા પ્રેક્ષકોને બાલમંદિરનાં મૂળ ઉત્પાદિકાને ફોટામાં જોવાની તક મળે એ દૃષ્ટિથી મેડમ મોન્ટીસોરીનો એક ફોટો મઢાવીને કબાટ

ઉપર ટીંગાડ્યો હતો.

"એનું નામ મોન્ટીસોરી."

"મોન્ટીસોરી એટલે શું?"

હું જરાક વિચારમાં પડ્યો. મને થયું કે લાવને બાળકોને પણ મોન્ટીસોરી વિષે તેમની ભાષામાં જરા ઓળખાણ આપું! મે કહ્યું: "ઇટલિ નામનો એક દેશ છે, ત્યાં એ બાઇ રહે છે. તેને તમારા જેવાં બાળકો બહુ ગમે છે. એક દિવસે બાળકો સાથે રમતાં રમતાં એને થયું કે 'અરરર! આવાં સુંદર છોકરાં ધૂળમાં આળોટ્યા કરે છે, તેની કોઇ સંભાળ રાખતું નથી અને માબાપો તો જરા વારમાં માર્યા જ કરે છે, એટલે તેમને માટે તેમને ખૂબ મઝા આવે એવાં રમકડાં બનાવું, અને કોઇ મારે નહિ એવી જગ્યાએ બધાં છોકરાંને રમવા બોલાવું.' પછી તેણે રમકડાં બનાવ્યાં અને છોકરાંઓને બોલાવ્યાં. આમ કરતાં બાલમંદિર થયું. પહેલવહેલાં આ મોન્ટીસોરીએ રમકડાં બનાવ્યાં અને બાલમંદિર કાઢ્યું. પછી તો ઘણાં બાલમંદિરો થયાં અને આપણું બાલમંદિર પણ થયું."

બધાં બાળકો એકધ્યાનથી સાંભળી રહ્યાં હતાં અને અવારનવાર મોન્ટીસોરીના ફોટા તરફ જોયા કરતાં હતાં. તેઓના ચેહેરા ઉપર આશ્ચર્ય, ઉપકાર અને એવી વિવિધ લાગણી-ઓનાં ચિન્હો સ્પષ્ટ દેખાતાં હતાં. મેં વાત પૂરી કરી કે તરત જ પેલું ચકોર બાળક આછા સ્મિત સાથે એકદમ બોલી ઉઠ્યું: "વીરસુતભાઇ, મને તો એમ થઇ જાય છે કે મોન્ટીસોરીને રોજ પગે લાગું."

એના બોલવાના ધ્વનિમાં જરા ગળગળાપણું હતું. કોઇ અત્યંત પ્રેમી જનને લાંબા વિયોગ પછી મળતાં જેવું થાય તેવું તેનું હૃદય આંદોલિત થતું હતું. આ બધું તેના મુખ ઉપરથી સ્પષ્ટ દેખાતું હતું.

આ વખતે હું કાંઇ ન બોલ્યો. બાળકના અંતરના ઉંડાણમાંથી આવેલી ઉપકારની લાગણી હું સમજી શકયો હતો, પણ મને બબર નહોતી કે તે સાચે જ તેમ કરશે.

બીજે દિવસે સંગીત શરૂ થતી વખતે બાલમંદિરમાં આવીને તેણે મોન્ટીસોરીના ફોટાને સાચે જ નમસ્કાર કર્યા. મેં કહ્યું: "ઓહો! મનમોહનદાસ; તમે તો મોન્ટીસોરીને સાચે જ પગે લાગ્યા!"

"કેમ ન લાગું? તેણે અમારે માટે કેટલું કર્યું છે. રમકડાં બનાવ્યાં, બાલમંદિર કાઢ્યું."

બાળકના હૃદયોદ્ગાર સાથે મેં પણ મોન્ટીસોરીના મહાન આભારનો વિચાર કરતાં ગીત ગાવાનું શરૂ કર્યું.

(સત્ય ઘટના) **વીરસુત મહેતા.**

'અક્ષરજ્ઞાન યોજના'ને મદદની જરૂર છે.

નિરક્ષરોને વાંચતાં લખતાં કરવાની આ યોજનામાં સહૃદયી ભાઇબહેનો તરફથી નાણાં અને સાધનોની મદદ જોઇએ લખો: **અક્ષરજ્ઞાન કાર્યાલય : દ.મૂ. બાલમંદિર–ભાવનગર**

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીઝ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ આઠમું
૧૯૯૯

અંક ૮ મો
આશ્વિન

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બીજાના અવગુણોને બેશક પૂજીએ નહિ
પણ તેને ધિક્કારીએ તો નહિ જ.
બીજાના અવગુણોને બેશક સ્વીકારીએ તો નહિ જ
પણ તેનું અપમાન તો ન જ કરીએ.
બીજાના અવગુણોને બેશક ગુણ ન કહીએ
પણ તેને દુઃખ તો ન જ દઈએ.
બીજાના અવગુણોની મૈત્રી ન કરીએ
પણ તેના ઉપર રીસ તો ન જ કરીએ.
બીજાના અવગુણોથી ભલે દૂર રહીએ
પણ બીજાને તો ન જ તરછોડીએ.
બીજો આજે અવગુણોથી દૂષિત છે
અને તેથી તે કલુષિત છે;
કાલે તે પોતાના અવગુણોથી મુક્ત થશે
અને તેથી તે શુદ્ધ થશે.
અવગુણો આવ્યા અને ગયા–જેમ મેલ આવ્યો ને ગયો.
એટલે જ અવગુણોને માણસ ન ગણો
અને માણસને અવગુણો ન સમજો.

બાલમંદિરોની એકાત્મતા

[ડૉ. મોન્ટીસોરીનાં લખાણો વાંચતાં જ્યારે એમ વાંચેલું કે સર્વ દેશ અને સર્વ કાળમાં બધાં બાળકો માટે તેના સિદ્ધાંતો અને સાધનો સરખી અસર કરનારાં છે ત્યારે સંપૂર્ણ વિશ્વાસ નહોતો બેસતો. પણ નીચેના પત્રની લેખિકા અને અમારા બાલમંદિરની બાલિકા બહેન મંજુલાએ તેનો સાક્ષાત્કાર કરાવ્યો. બાલમંદિરનો પ્રાણ, તેના સિદ્ધાંતને અંગે ઉભા થતા સ્વતંત્ર અને સ્વયંસ્ફૂર્તિવાળા વાતાવરણમાં, અને આજનાં ઘરોમાં માબાપો અને બીજાંઓ તરફથી બાળકો ઉપર જે દમનનીતિ ચાલી રહી છે તેનાથી ઉલટું બાલમંદિરમાં જે પ્રેમ અને સ્વમાન બાળકને મળે છે તેમાં, રહેલો છે. એ પ્રાણનું બાળકને જ્યાં દર્શન થાય છે ત્યાં તે માબાપ અને સર્વસ્વને ભૂલી એકતાન થઇ જાય છે; એને સંપૂર્ણ ભાન થયું છે કે માબાપોના જુલમમાંથી આપણું સાંભળનાર અને આપણા ઉપર પ્રેમ રાખનાર એક બાલમંદિરની જુદી દુનિયા છે. એક વખત બાળકને બાલમંદિરના વાતાવરણ અને શિક્ષકના સાચા સ્નેહનો સ્પર્શ થયો એટલે તે એ દુનિયાના માણસોને પોતાની આસપાસની દુનિયામાં શોધ્યા કરે છે, અને એવું કોઈ મળતાં તેની પાસે તેનું હૃદય ઉઘડી પડે છે. જેમ લોહચુંબક લોઢાને સ્પર્શે છે કે તુરત જ તેને વળગી પડે છે, તેમ જ કોઇ પણ બાલમંદિરનું બાળક બીજા કોઇ પણ બાલમંદિરના શિક્ષક, બાળક કે વાતાવરણને સ્પર્શ કરે છે ત્યાં તો તેમાં તે મળી જાય છે. સર્વ બાલમંદિરોમાં વહેતો રસ એક છે, તેનું તેને તુરત જ દર્શન થાય છે.

આપણે શિક્ષકો બાલમંદિરોના સહકાર અને સંગઠન માટે પ્રયત્ન કરીએ છીએ; પણ જેમ જેમ સાચાં બાલમંદિરોની સંખ્યા વધતી જશે અને એકબીજાં બાલમંદિરોનાં બાળકોની પરસ્પર અવરજવર થશે, તેમ તેમ આપણે એક જ પંથના પથિકો છીએ, આપણા માર્ગમાં આપણે કયાં ઉભા છીએ, કોણ આગળ છે–કોણ પાછળ છે, અને મોન્ટીસોરીના સિદ્ધાંતો કેટલા વ્યાપક છે, તેનું ભાન બાળકો જ આપણને કરાવશે અને આપણો પરિચય વધારવાની ફરજ પાડશે.

માંગરોળમાં આજ દસ માસથી બાલમંદિરની સ્થાપના થઇ છે. મંજુલાબહેન ચાર વર્ષનાં હતાં ત્યારે દાખલ થયાં હતાં અને બાલમંદિર છોડયું ત્યારે પાંચ વર્ષનાં થયાં હતાં. અચાનક તેમનાં દાદી ગુજરી જવાથી તેમને માંગરોળ છોડવું પડયું. તેમને માંગરોળ છોડવાનું દુઃખ ન હતું પણ બાલમંદિર છોડવાનું તેમને માટે અસહ્ય હતું. તેમણે જતાં જતાં પણ તેમનાં માબાપને કહેલું કે "તમે જાઓ; હું વીરસુતભાઇને ત્યાં રહીશ." પણ તેમાંનું કાંઇ ન બન્યું અને તેમને અનિચ્છાએ બાલમંદિરનો ત્યાગ કરવો પડ્યો. ત્યાર બાદ તેઓ જેતપુર અને બીજે રખડ્યાં, પણ બાલમંદિરની દુનિયાનું વાતાવરણ કે ત્યાંના જેવો કોઈ પોતાનું સાંભળનાર માણસ ન મળ્યો. અચાનક તેમને જે જોઇતું હતું તે પાલણપુર જતાં મળ્યું અને અંતર ઉઘડી પડ્યું. પોતાના મિત્રો અને જૂનું બાલમંદિર યાદ આવ્યું. પહેલે જ દિવસે તેમણે

પત્ર લખાવ્યો. મને કલ્પના પણ ન હતી કે તે અમને આવી રીતે યાદ કરશે. પણ આપણે બાળકોના આત્માને ઓળખીએ છીએ તેની કરતાં તેઓ આપણા આત્માને વધારે અને જલદી ઓળખે છે. પાલણપુરના બાલમંદિરના આચાર્યનો અને મંજુલાબહેનનો પત્ર નીચે આપ્યો છે. **વી. મ.**]

: ૧ :

બાલમંદિરઃ પાલણપુર.

તા. ૧૬–૬–૩૩

ભાઇ વીરસુતભાઇ અને શ્રીમતી રમાલક્ષ્મીબેન!

તમારા બાલમંદિરનું એક બાળક દૂર દૂર કેવી જાતનું દર્શન દે છે, તે તમને આમાંથી જાણવાનું મળશે. બાળકના હૈયામાં પોતાના પ્રિય શિક્ષક માટે કેટલી લાગણી છે, અને બાલમંદિરનું સોહામણું વાતાવરણ બાળકની કલ્પનાસૃષ્ટિમાં કેવા રંગતરંગ ઉભા કરે છે, અને નવીન કેળવણી શિક્ષકોને કેટલો અભ્યાસ આપે છે; તે આપણે ત્રણે જણાં આમાંથી અનુભવીએ છીએ–અનુભવીશું.

આવાં કેટલાંયે પરિમલભર્યાં બાળપુષ્પો જૂની શિક્ષણની ઘરેડમાં પીલાઇ જતાં હશે તેનો ખ્યાલ કરીએ તો ?

મારા બાલમંદિરનાં મુક્ત થયેલ બાળકોને પ્રાથમિક શાળાની પાટલીઓ ઉપર જોતાં સાચે જ મારૂં હૃદય કંપે છે. જ્યાં સુધી સમગ્ર કેળવણીનું ધોરણ બાલમંદિરના અનુસંધાને ન રચાય ત્યાં સુધી આપણે પ્રયત્ન કરે જ છૂટકો.

વીરસુતભાઇ! તમને તો હું જરાયે ઓળખતો નથી. તમે અધ્યાપનમંદિરમાં કયા વર્ષમાં હતા? અને રમાબહેનને તો ખૂબ અસ્પષ્ટ ઓળખું છું.

૧૯૩૧ના અધ્યાપનમંદિર-સંમેલન વખતે જે વિદ્યાર્થીઓ આવેલા એમાંનાં એક બહેનનું નામ રમાલક્ષ્મી હતું: સહેજ ઉંચાઇએ વધારે અને એકવડિયું શરીરઃ ભાલે કુમકુમ ચાંદલા. આ સિવાય તમને બંનેને જરાયે પિછાનતો નથી. ચિ. મંજુલાબહેન પત્રથી ઓળખ કરાવે છે.

પૂ. ગિજુભાઇ જ્યારે ફરી સંમેલન બોલાવે ત્યારે આપણે જરૂર મળીશું. બંને કુશળ હશો.

લી. ઉમિયાશંકર જોષીના જય ભારતી.

: ૨ :

પાલણપુરઃ બાલમંદિર

વીરસુતભાઇ!

જયાબહેન મરી ગયાં છે. રમાબહેન કેમ છે? બાલમંદિરમાંથી બાળકો કેટલાં ઓછાં થયાં છે? ડાકટર સાહેબની પુરીબેન રાજકોટ ગયાં કે છે? 'બિલ્લી વાધતણી માશી' એ ગીત ગાઓ છો કે કેમ?

'બાલમંદિરિયું' પણ ગાતા જ હશો. ચેનાજી નોકર છે કે બીજો નોકર રાખ્યો છે? અહીં હું શંકરભાઇના બાલમંદિરમાં જઉં છું. હમણાં નાસ્તામાં શું આપો છો? અમને કાગળ નીચેના સરનામે લખજોઃ—

ઉમિયાશંકર જોષી : : બાલમંદિર–પાલણપુર.

કુમુદચંદ્ર બાલમંદિરમાં આવે છે કે કેમ? નવીનભાઇ તમારે ઘરે રમવા સારૂ આવે છે કે નહિ? નાટક બાટક ભજવાય છે કે નહિ?

રમાબહેનને મારી ભાભી ચંદ્રમણી કાગળ લખશે. ત્યાં કાંઇ નવું બન્યું હોય તો મને લખી જણાવશો. એ જ.

લી. મંજુલાબહેન

શ્રી. ચં. કો. સ્મારક બાલમંદિર
પાલણપુરઃ તા. ૧૬–૬–૩૩

વીરસુતભાઇ અને રમાબહેન !

મંજુલાબહેનના સલામ. અમે તમને કાગળ લખ્યો પણ તમે અમને ન લખો તે સારૂં ન કે'વાય. અમને તમારા બંને ઉપર ખોટું લાગ્યું છે! આ કાગળનો જવાબ જરૂર લખશો.

મારા નવા પાલણપુરના બાલમંદિરમાં માંગરોળના બાલમંદિર જેટલી જ મજા આવે છે. અહીં રોજ ફુલદાનીમાં ગુલાબ, ચંપો, મોગરા અને બોરસલીનાં ફૂલોનો શણગાર કરીએ છીએ.

અમે આજે ફલબના બગીચે ફરવા ગયાં હતાં, ત્યાં બચુભાઇએ અમારા ફોટા લીધા છે. તેવો એક ફોટો તમને મોકલાવું છું. તેમાંથી તમે મંજુબહેનને શોધી કાઢજો તો ખરા ! નાની મંડળી આ ફોટામાં નથી.

હું રંગીન કાગળોમાં ચિત્રકામ કરૂં છું. આ બાલમંદિરમાં કુસુમબેન ચિત્રો સારાં દોરે છે.

અમારા શંકરભાઇ પોપટભાઇની વાર્તામાં આમ બોલે છે:

" મંજુબેન ભૂખ્યાં નથી,
મંજુબેન તરસ્યાં નથી,
મંજુબેન આંબાની ડાળ,
મંજુબેન સરોવરની પાળ,
મંજુબેન કાચી કેરી ખાય,
મંજુબેન પાકી કેરી ખાય,
મંજુબેન ટહૌકા કરે."

મારા બાપુજી ભાવનગરની કોલેજમાં જશે ત્યારે હું ગિજુભાઇના બાલમંદિરમાં ભણવા જઇશ. હું તો બાલમંદિરમાં જ ભણવાની.

આજે અમે શંકરભાઇનું ઘર જોવા ગયાં હતાં. એક નાની વાછડી ઘોળી ઘોળી મને બહુ ગમી. શાંતિબેન શંકરભાઇના નાના ભટુરિયાને હીંચોળતાં હતાં. કંઇ શાંતિબેન રમાબહેનની માફક બાલમંદિરમાં આવતાં નથી. શાંતિબેનને ઘરે પેંડા ચેવડાનો નાસ્તો લઈ અમે બાલમંદિર પાછાં આવ્યાં હતાં.

તમને ચંદ્રમણીબેન કાગળ લખશે. હવે અમને નાચ આવડી ગયો છે.

હવે હું અક્ષરો શીખું છું. રમાબહેનને કહેજો કે હવે અમારૂં ઘર જોઇ આવજો. મારા કેળાંના ઝાડને પાણી પાઓ છો કે નહિ ? નવીન ચંદુભાઇને કહેજો કે પાણી પાય. એને સૂકાવા ન દેશો. મીસ્ટર બાબો આખા ઘરમાં દોડાદોડ કરે છે.

લી૦ વીરસુતભાઇ અને રમાબહેનની
ભાઇબંધ મંજુબહેનના સલામ.

ન ખું પુસ્તક

સાગરસમ્રાટ

વૈજ્ઞાનિક કલ્પનાને ઉત્તેજે એવી વાર્તા

મૂળ ફ્રેન્ચ લેખક જુલ્સે વર્નની
'ટ્વેન્ટી થાઉઝન્ડ લીગ્ઝ અન્ડર ધી સી'
નામની કથા ઉપરથી સંક્ષિપ્ત કરેલું પુસ્તક.
દીવાળી ઉપર મળશે : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

યૂ ૨ પ માં થી*

× × ×

જો કે આમ પણ મૅડમ મોન્ટીસોરી શાળામાં હાથમહેનતના કામને ઓછું જ મહત્ત્વ આપે છે, પરંતુ તેમાંયે બ્રસ કરીને ત્રણથી છ વર્ષનાં બાળકો માટે તો તેની જરાયે જરૂર જોતાં નથી. વિચાર કરતાં આ વાતમાં મને પણ ઘણું સત્ય લાગે છે.

બરી રીતે બાળકને તાલ અને ગાનના સહકારવાળી તેમ જ બરાબર ક્રમમાં ગોઠવાયેલી પુષ્કળ કસરતો મળવી જોઈએ. પોતાના વર્ગના ઓરડામાં પણ હેતુસરની કાંઇક ક્રિયા કરવા દ્વારા તેનું સમગ્ર જીવન જ ક્રિયાત્મક હોવું જોઇએ. અને આ ક્રિયાત્મક જીવન એ જ તેને માટે હાથમહેનતનું સારામાં સારું કામ છે. તેના વડે તેના અવયવો અને આખા શરીરને નિયમન અને સમતોલપણું મળે છે. હું જોઉં છું કે આપણી શાળાઓમાં જે હાથમહેનતનું કામ આપણે શીખવીએ છીએ તેના ઉદ્દેશના મૂળમાં બાળકના વિકાસ કરતાં બાહ્ય દેખાવ અને પ્રદર્શનની વૃત્તિ વધારે પ્રમાણમાં રહેલી છે. કારણ કે હિંદુસ્તાનની આપણી મોન્ટીસોરી શાળાઓમાં ચાલતા હાથમહેનતના કામમાં શિક્ષક એ પ્રધાન તત્ત્વ છે, અને બાળકને જે સાચી સ્વયંસ્ફૂરિત પ્રવૃત્તિઓ મળવી જોઇએ તેનું તો નામનિશાન પણ નથી. આપણે હાથ-મહેનતનું જે કામ આપીએ છીએ તે બાળક ઉપર પરાણે લદાયેલું હોય છે. શું તમને એમ નથી લાગતું કે આપણી શાળાઓમાં હાથમહેનતની પ્રવૃત્તિ માટે વાતાવરણ જ ઉત્પન્ન કરતાં નથી ? મારા અહીંના અનેક શાળાઓના અવલોકન ઉપરથી હું સમજી શકી છું કે બાળકને કાંઇક ક્રિયા કરવામાં બરો રસ અને આનંદ આવે છે. તેઓ કેટલીક પ્રવૃત્તિઓ સમૂહમાં કરે છે, તો કેટલીક પોતાની મેળે એકલાં કરે છે. પણ એટલું તો ચોક્કસ છે કે કંઇક ને કંઇક ક્રિયા કરવામાં તેમને અત્યંત આનંદ આવે છે. અને આપણી શાળામાં કોઇ વસ્તુનો અભાવ હોય તો તે આનો જ છે. આમાં હું આપણો શિક્ષકોનો દોષ ગણું છું. આપણે આપણી શાળામાં હાથમહેનતના કામને સ્થાન આપ્યું છે તે એક ફેશન તરીકે, જ્યારે અહીંનાં બાળકો તે કરે છે તેનું કારણ એ છે કે તેમને તે કામ પોતાના જીવનના એક ભાગ જેવું લાગે છે. અને અહીંના શિક્ષકોની શી વાત કરું ? આ બધી હાથમહેનતની પ્રવૃત્તિઓમાં બાળકોને ઉત્સાહ અને આનંદ આવે તે માટે તેઓ પોતાના ઘર આગળ જથ્થાબંધ કામ માટે જે શ્રમ ઉઠાવે છે તેથી તો આપણે આશ્ચર્ય-ચકિત જ થઈ જઇએ !

× × ×

મારાથી જો વધારે પડતું કહેવાઇ જાય તો મને માફ કરશો, પણ સાચે જ મને લાગે છે કે હિંદુસ્તાનમાં આપણે જે કામ કરી રહ્યાં છીએ અને જે કરવાનું છે તે પરત્વે આપણે

---

* ધી ન્યુ ઇરા સ્કૂલવાળા મી. એમ. ટી. વ્યાસનાં પત્ની શ્રીમતી સરોજબહેન જેઓ અત્યારે શિક્ષણના અભ્યાસ માટે યૂરપમાં છે તેમના મી. વ્યાસ ઉપરના પત્રમાંથી.

જરા પણ ગંભીર નથી. અત્યાર સુધી હું એમ માનતી કે તમે બધા શિક્ષકો તમારા કામ વિષે ગંભીર નથી તેનું કારણ આપણી ભારતવર્ષની કંગાલિયત છે. પણ હવે તમને કહી શકું તેમ છું કે અહીં હું એવા કેટલાયે શિક્ષકોને મળી છું જે આપણા દેશના શિક્ષક જેટલા જ ગરીબ છે; અરે, ઘણા તો તેના કરતાંયે વિશેષ કંગાલ દશામાં છે. પણ છતાં તેમના કામ માટેનો તેમનો ઉત્સાહ અને ચેતન કેટલાં અપૂર્વ છે ? મારા ધારવા પ્રમાણે તેનું એક જ કારણ છે કે આ લોકો ત્યારે જ કોઇ પણ કામ હાથ ધરે છે જ્યારે તેમને તે વિષે રસ જાગ્યો હોય. અને હું અનુભવી રહી છું કે અહીં એવા કેટલાયે શિક્ષકો છે કે જેમણે કેળવણીને પોતાનું જીવનકાર્ય માન્યું છે. આ બધું જોયા પછી જ્યારે હું આપણા કાર્યની શિથિલતા, પ્રમાદ અને બેજવાબદારીનો વિચાર કરું છું ત્યારે ખરેખર હું અસ્વસ્થ બનું છું !

× × ×

અહીંની મોન્ટીસોરી શાળાઓમાં બાળકો જે શાંતિ, વ્યવસ્થા અને મનુષ્યત્વથી પોતાની વ્યક્તિગત પ્રવૃત્તિ સ્વતંત્ર અને સ્વાધીનપણે કરે છે તે જોઇને તો હું તાજ્જૂબ જ બની ગઇ છું ! અને એનું કારણ એ છે કે તેમને શારીરિક હિલચાલોવાળી ક્રિયાત્મક પ્રવૃત્તિઓ, તેમ જ તાલ, નૃત્ય અને સંગીતથી સંવાદિત બનેલી રમતો ખૂબ પ્રમાણમાં મળે છે. આપણામાં તો ધીરજ કે સહિષ્ણુતા જ કયાં છે ? એક વખત હું આપણી શાળાના એક છોકરાને એક સાદી કૂચ શીખવાડતી હતી ત્યારે બાળકને તે ન આવડવાથી હજી તો પૂરી અરધી કલાક નહિ થઈ હોય ત્યાં તો હું કંટાળી ગઇ અને વઢવા માંડી કે આપણા દેશનાં છોકરાંઓમાં વ્યવસ્થા કે શિસ્તનું ભાન જ કયાં છે કે કૂચ કરતાં આવડે ! ખરી રીતે બાળકો તો બધાં સરખાં જ હોય છે. હજી બે ત્રણ દિવસ પહેલાં જ બબ્બે ચારચારની જોડી અને નાની નાની મંડળીઓમાં ગોઠવાઇને લોકનૃત્ય શીખતાં બાળકોની સાથે તેના શિક્ષકને નૃત્યનો એક સાવ સાદો અંગમરોડ અત્યંત ધીરજપૂર્વક શીખવાડતો મેં જોયો હતો. અરધા કલાકને અંતે કાંઇ પરિણામ આવ્યું મેં ભાળ્યું નહિ; પરંતુ જ્યારે અઠવાડિયા પછી મેં તે બાળકોને જોયાં ત્યારે તેઓ પેલો સાદો અંગમરોડ તેની બારીકમાં બારીક વિગત સહિત સુંદર રીતે કરી રહ્યાં હતાં ! આના ઉપરથી મને તરત જ વિચાર આવ્યો કે આપણામાં જો આ શિક્ષકો જેટલી ધીરજ અને સહનશીલતા હોત તો આપણાં બાળકોએ તો આ સાદા અંગમરોડમાં માત્ર ત્રણ દિવસમાં જ આટલી કુશળતા દેખાડી હોત —જ્યારે આ બાળકોને તેમાં છથી સાત દિવસ લાગ્યા હતા ! પણ આટલી ધીરજનું પરિણામ મેં એ પણ જોયું કે આના પછીનો બીજો અંગમરોડ બાળકોને બિલકુલ સહેલો લાગ્યો.

× × ×

હિંદમાં આપણી શાળાઓમાં આપણે સાચી મોન્ટીસોરી કેળવણી આપતાં જ નથી. તેનું કારણ એ છે કે આપણે હમેશાં માબાપોને ખુશ કરવાનો પ્રયત્ન કર્યા કરવામાં જ ઇતિકર્તવ્યતા માનીએ છીએ. સાચે જ આપણે ત્યાં માબાપોની દખલગિરી આપણને બહુ જ નડે છે. વળી તેઓની શિક્ષણની એક માત્ર કસોટી બાળકને લખતાં અને વાંચતાં આવડે તેમાં જ પરિસમાપ્ત થાય છે. મારે હૃદય-

પૂર્વક કબૂલ કરવું જોઇએ કે અહીંનાં માબાપો અત્યંત સમજુ અને બુદ્ધિશાળી છે; તેઓ શિક્ષણમાં સંપૂર્ણ વિશ્વાસ રાખે છે. બરી રીતે સમગ્ર શિક્ષણના પાયા રૂપ બાળકેળવણી માટે આપણે તદ્દન બેદરકાર છીએ. આપણે બાળકોને નવું નવું જાણવાને માટે આવશ્યક એવું પંખીના જેવું ઉડતું જીવન જીવવાની પૂરતી તકો પણ આપતાં નથી.

× × ×

આપણામાંનાં લગભગ ઘણાં એક કે બે શાળાઓને ઉપર ઉપરથી જોઇ લઇ, મોન્ટીસોરી પદ્ધતિ વિષે થોડું નહિ જેવું વાંચી લઇ, તેમાં જ સંતોષ માની બેસી રહે છે તે સાચે જ અત્યંત બેદકારક બીના છે. તમારા શિક્ષણશાસ્ત્રની ડિગ્રી લીધેલા શિક્ષકો તો એવા દંભ કરી રહ્યા છે કે મોન્ટીસોરી પદ્ધતિ જેવી મામૂલી પદ્ધતિનો તે વળી અભ્યાસ કરવો પડે? તેઓ તો પોતાની જાતને તેનાથી પર માને છે. તે પદ્ધતિ પ્રમાણે ગંભીરતાથી કામ કરવામાં તેમને પોતાની પ્રતિષ્ઠાનો ભંગ થતો દેખાય છે. એમ કરવામાં તેઓ પોતાના ઉચ્ચ દરજ્જાની હિણપત સમજે છે. હું તમને સ્પષ્ટ કરી દઉં તો કાંઇ બોટું નથી, કે આ તમારા શિક્ષણ-શાસ્ત્રની ઉપાધિ ધારણ કરનારાઓ (બી. ટી.) મોન્ટીસોરી પદ્ધતિ પ્રમાણે કામ તો કરી જ શકતા નથી, પણ તેને સમજવા જેટલી બુદ્ધિ પણ તેમનામાં નથી. તમે રખે ગેરસમજ કરતા. હું એમ નથી કહેતી કે હું પોતે પણ તેને સમજી શકું છું; કારણ કે એ એક એવી ગંભીર, ગહન, શાસ્ત્રીય, વૈજ્ઞાનિક અને તર્ક-શુદ્ધ વસ્તુ છે કે જે બુદ્ધ માનવજીવનનો સર્વાંગસુંદર અને તલસ્પર્શી વિચાર કરે છે. તમને ત્યાં બેઠાં કલ્પના પણ નહિ આવી શકે કે ડૉ. મેડમ મોન્ટીસોરી કેટલી મહાન્ પ્રતિભાશાળી અને બુદ્ધિશાળી વ્યક્તિ છે. તે ગણિતશાસ્ત્ર, ભાષાશાસ્ત્ર, વ્યાકરણ, વ્યાયામ, નૃત્યકળા: કોઇ પણ વિષયનું પ્રતિપાદન વાસ્તવિક અને પ્રત્યક્ષ મનુષ્યજીવનના ચોગઠામાં બંધ-બેસતું આવે તેમ જ કરે છે. અને બરી બૂબી તો એ છે કે આ પ્રત્યેક શાસ્ત્રના માનવજીવન સાથેના સંબંધનો પાયો તેણે સ્થૂળ પદાર્થો ઉપર રચ્યો છે. આવા વિવિધ વિષયોને પણ તે એટલા વાસ્તવિક અને હસ્તામલકવત બનાવે છે કે બાળકો પણ વ્યાકરણ જેવા જટિલ અને અટપટા વિષયને પોતાના જીવનનો એક ભાગ સમજે છે. તમે જો એક વખત મોન્ટીસોરી અભ્યાસક્રમના વિદ્યાર્થી બનો, તો સહેજે સમજી શકો કે કયા મહાન્ ઉદ્દેશને અર્થે મોન્ટીસોરી પોતાનું જીવન ગાળે છે. પછી તમે પોતે પણ બીજી સર્વ શિક્ષણપ્રથાઓનો ત્યાગ કરીને એ જ પદ્ધતિ પાછળ જીવનસમર્પણ કરવા તૈયાર થશો. મોન્ટીસોરીનાં બધાં વ્યાખ્યાનો અંતરના ઉંડાણમાંથી નીકળેલાં, સ્વતઃ આવિર્ભૂત અને સ્વાનુભવ ઉપર રચાયેલાં હોય છે.

એ વ્યાખ્યાનો બતાવે છે કે તેણે જીવનનો તેના સાચા અર્થમાં અભ્યાસ કર્યો છે. અને એ જીવનની સર્વાંગસુંદર પરાકાષ્ટા એ જ તેની પદ્ધતિનો પાયો છે. તમે તેને તેના પ્રત્યક્ષ જીવનવ્યવહારમાં જોશો તો પણ તે અણિશુદ્ધ આધ્યાત્મિક—આધ્યાત્મિક શબ્દના સાચા અર્થમાં—સ્ત્રી દેખાશે. તે એક બાળક જેટલી સાદી અને નિર્દોષ છે; તેની આંખોમાં તીક્ષ્ણતા અને ચમકાર છે.

× × ×

હિંદુસ્તાનની મુલાકાત લેવા માટે તે અત્યંત આતુર છે. કારણ કે તે માને છે કે પૂર્વના દેશોમાં કોઇ પણ લોકો તેને અને તેની પદ્ધતિને વધારેમાં વધારે સારી રીતે સમજ્યા હોય તો તે હિંદુસ્તાનના લોકો છે. તેને આશા છે કે હિંદમાં તે જરૂર કાંઇક કરી શકશે. તમારા પત્રના પ્રત્યુત્તરમાં તેણે ૧૯૩૫ના ડિસેમ્બરમાં હિંદ આવવાનો નિર્ણય કર્યો છે. કેટલાક લોકો તેને મદદ કરે એવું તે ઇચ્છે છે. હિંદના જુદા જુદા ભાગોમાં બે ત્રણ અભ્યાસક્રમવર્ગો ગોઠવવા પણ તેઓ ધારે છે; અને જો કોઇ જવાબદારી લે તો હિંદનો કિનારો છોડતા પહેલાં એક ટ્રેનિંગ કોલેજ–અધ્યાપન-મંદિરનો આરંભ કરતા જવાની પણ તેની ઇચ્છા છે.

હું ધારું છું કે હવે જુદી જુદી બાળ-શાળાઓમાં જઇને તેનું અવલોકન કરવું તે મારે માટે ખૂબ ઉપયોગી થઈ પડશે. જ્યાં જરૂર હશે ત્યાં પાંચ છ કે સાત દિવસ હું રોકાઇશ, આવ-શ્યક નોંધો કરીશ અને હિંદના આપણા કામમાં જે આવશ્યક અને ઉપયોગી દેખાશે તેનો સંગ્રહ કરતી રહીશ. આખા યૂરપના આ પ્રવાસમાં મારે છ માસ ગાળવા પડશે. **સરોજ વ્યાસ.**

:: પિતાને ::

ધૂંવાપૂંવા થતો ઘરમાં ના આવ અને બહારનો રોશ પત્ની ઉપર ના ઉતાર—

એટલે જ તું ઘરમાં આવે છે કે સામેથી તારા ઉપર ઘરનો રોષ પત્ની ઉતારે છે.

તું માને છે કે ઘરમાં પેસે કે તુરત જ પત્નીએ, બાળકોએ અને ઘરનાં કૂતરાંએ ચૂપ થઈ જવું જોઇએ—

એટલે જ તું આવે છે કે તુરત જ પત્ની, બાળકો અને કૂતરાંઓ કોલાહલ મચાવી મૂકે છે.

ઘર તારે માટે બંધો વખત બેઠાં બેઠાં વાંચ્યા કરવાનું વાચનાલય નથી કે, હરતાં ફરતાં હુકમો કરવાનું હુકમાલય નથી—

અને એમ કરે છે એટલે જ ઘરનાંઓ ઘરને ગડબડાલય અને સામું હુકમાલય બનાવી મૂકે છે.

ઘર સૌનો રાજા થઇ સૌને ડરાવવા માટે નથી, તેમ જેને તેને શિક્ષા કરવા માટે નથી—

અને એટલે જ ઘરનાં સૌ તારા રાજા થવા સામે દોડે છે અને તને હેરાન હેરાન કરી મૂકે છે. ગિ.

પિતા : : : વિષે

ધીરી અને વિનુ ઓટલે બેસી વાતો કરતાં હતાં: "બાપુજીને કશુંયે આવડતું નથી. વાળતાં, કપડાં ધોતાં, વાસણ માંજતાં, રસોઇ કરતાં, શીવતાં, અથાણું કરતાં, બાવાં પાડતાં, દાણા સાફ કરતાં, શાક સુધારતાં : કશુંયે આવડતું નથી.

"બાપુ તો બેઠા બેઠા છાપાંઓ અને ચોપ-ડાઓ વાંચ્યા કરે છે. સારાકાકા ને નાનાલાલ આવે છે તેની સાથે નરી વાતો જ કર્યા કરે છે! એક ખુરશીમાં બેસતાં અને વાતો કરતાં આવડે છે. આપણે જરા તાણીને બોલીએ તો

'એય, ગડબડ નહિ કરો!' આપણે એની ઓરડીમાં જઈએ તો 'ચાલ્યાં જાઓ છોકરાંઓ! અહીં કેમ આવ્યાં?' એમ બોલતાં ને ધમકાવતાં આવડે છે. આપણે નિશાળે ન જવું હોય તોયે પરાણે મોકલતાં અને નિશાળેથી આવીએ કે તુરત જ પાઠ કરવા બેસારતાં આવડે છે. અને વારે ઘડીએ પાણી લાવો, ચા લાવો, આ લાવો ને તે લાવો એમ મંગાવતાં આવડે છે; ને જરાકે મોડું થાય તો બા ઉપર અને આપણી ઉપર ખીજતાં આવડે છે. બાકી તો બાપુને કશુંયે આવડતું નથી. અને એટલા જ માટે બા તો એમને કશું કાંઇ ચીંધતી જ નહિ હોય, અને બધું પોતે જ કર્યા કરતી હશે!"

ગિ.

બાળકોમાં તીવ્ર *સંવેદનાના સમયો

મૅડમ મોન્ટીસોરી પોતાની પદ્ધતિ વડે આશ્ચર્યકારક છતાં અબાધિત પરિણામો લાવી દે છે. એ પદ્ધતિ બાળકોના સૂક્ષ્મ નિરીક્ષણના પાયા ઉપર રચાયેલી છે. મૅડમ મોન્ટીસોરી નીચેના સિદ્ધાંતથી શરૂઆત કરે છે; એ જણાવે છે કે બાલજીવનમાં તીવ્ર સંવેદનાના એવા કેટલાક સમયો આવે છે કે જ્યારે બાળકની ગ્રહણ-ધારણશક્તિ અમુક દિશાઓમાં (પરંતુ તે દિશાઓ પૂરતી જ) ત્યાર પછીની મોટી ઉંમરે હોય તેના કરતાં પણ વધારે તીવ્ર હોય છે. આવા સમયો ત્યાર પછી કથીથી કોઇ દિવસ આવતા જ નથી. એટલે એનો લાભ આપણે લઈ લેવો જોઇએ. આવા સમય દરમિયાન જે વિચારો બાળક પોતાના મગજ ઉપર કોઇ પણ જાતનો બોજો પડ્યા સિવાય પચાવી શકે તે ધરવા જોઇએ.' આ સમય દરમિયાન બાળક જે જે વિચારો ગ્રહણ કરે છે તે એટલી સંપૂર્ણતાથી ગ્રહણ કરે છે કે એના પછીના જીવનમાં તે એટલી સંપૂર્ણતાથી કોઇ દિવસ ન જ ગ્રહણ કરી શકે.

*સંવેદના=Sensitivity.

હ્યુગો ડિ રીઅઝ (Hugo de Vries) નામનો સુપ્રસિદ્ધ પ્રાણીવિજ્ઞાનશાસ્ત્રી એક પ્રત્યક્ષસિદ્ધ સિદ્ધાંત પ્રતિપાદન કરે છે કે વાતાવરણની એકની એક જ પરિસ્થિતિમાંથી જુદાં જુદાં પરિણામો મેળવી શકાય. શરત માત્ર એટલી કે એ પરિસ્થિતિ વિકાસના જુદા જુદા સમયો દરમિયાન પ્રાણી સમક્ષ ધરવી જોઇએ અમુક સમયો દરમિયાન પૂરેપૂરું સાનુકૂળ વાતાવરણ પણ નિષ્ફળ જાય પરંતુ તેનું તે જ વાતાવરણ ત્યાર પછીની કક્ષા દરમિયાન ધરવામાં આવે તો સુંદર પરિણામ આવે છે.

કોઇ પણ જીવન્ત પ્રાણીના વિકાસક્રમનો અભ્યાસ કરતી વખતે આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે વિકાસક્રમની અમુક ખાસ કક્ષામાં તે હોય ત્યારે, આગળ ઉપર તે જે બનવાનું છે તેનું નાનકડું પ્રતિનિધિ છે એ રીતે તેનો વિચાર નથી કરવાનો, પરંતુ એ પોતે જ એક સ્વતંત્ર અને નિશ્ચિત ખાસિયતો ધરાવતા વ્યક્તિત્વવાળું પ્રાણી છે, એ રીતે તેનો વિચાર કરવાનો છે.

પ્રાયોગિક પ્રાણીવિજ્ઞાનશાસ્ત્રમાં 'વાતાવર-

ણની પરિસ્થિતિ' એ શબ્દો વાપરવામાં આવે છે તે ખાસ આ જ સિદ્ધાંત માટે વાપરવામાં આવે છે કે દરેક પ્રાણીનું વ્યક્તિત્વ જુદા જુદા સમયો દરમિયાન જુદું જુદું હોય છે; અને તે વિકાસ પામતા જીવનની સામાન્ય ખાસિયતોમાં જ જુદું પડે છે એટલું જ નહિ પરંતુ સંવેદનાના પ્રકારો પણ જુદા જુદા હોય છે. આવી તીવ્ર સંવેદના અમુક નિશ્ચિત સમયે જ દેખા દે છે. પછીથી એ ધીરે ધીરે ઓછી થતી જાય છે, અને કેટલીક વખત તો પૂરેપૂરી અદૃશ્ય પણ થઇ જાય છે. તીવ્ર સંવેદનાના આ સમયો દરમિયાન દરેક પ્રાણીમાં ફેરફારો અને પ્રેરણાબુદ્ધિ દેખાઇ આવે છે, અને તેની તે પ્રાણી ઉપર અદૃશ્યપણે અસર થાય છે. એના વડે જ જેના ઉપર તે પ્રાણીની આખી જાતિના ભવિષ્યનો આધાર રહેલો છે તેવી મૂળભૂત જરૂરિયાતો તે ખાતરીપૂર્વક મેળવી લે છે. આ બધાં ચિન્હો તીવ્ર સંવેદનાનો કાળ પૂરો થયો તે જ ક્ષણે દેખાતાં બંધ થઇ જાય છે.

આપણે મધપૂડાનો દાખલો લઇએ. મધપૂડામાં કામગાર મધમાખીઓ પૂરેપૂરો વિકાસ ન પામેલી માદા હોય છે; પરંતુ મધમાખીઓની રાણી એકલી જ વિકાસમાં છેલ્લામાં છેલ્લી કક્ષાએ પહોંચેલી હોય છે. વિકાસની આ છેલ્લામાં છેલ્લી કક્ષાએ પહોંચવા માટે અમુક પ્રકારના ખાસ ખોરાકની જરૂર હોય છે. આ ખોરાક કામગાર મધમાખીઓ જે જે ઇંડામાંથી રાણી થવાની હોય તેને તીવ્ર સંવેદનાના કાળ દરમિયાન આપે છે. હવે જો આ ખાસ પ્રકારનો ખોરાક જે ઇંડામાંથી રાણી થવાની હોય તેને ન આપવામાં આવે તો તેમાંથી ફક્ત કામગાર મધમાખ જ જન્મ પામવાની. તેવી જ રીતે જો એ ખોરાક તીવ્ર સંવેદનાના કાળ દરમિયાન ન અપાતાં મોડો અપાય તો પણ જે ઇંડામાંથી રાણી જન્મવાની હોય તેમાંથી કામગાર મધમાખ જ જન્મે. કેમ કે તીવ્ર સંવેદનાના સમય દરમિયાન તેને ખાસ પ્રકારનો ખોરાક મળતો નથી એટલે તેમાંથી કામગાર મધમાખ થવાનું શરૂ થઇ ચૂક્યું હોય છે. ત્યાર પછીથી ગમે તેટલો ખાસ પ્રકારનો ખોરાક મળે છતાં તે ઇંડું કંઇ પોતાની આ સ્થિતિમાં ફરી પાછું જઇ શકતું નથી, અને ત્યાંથી રાણી બનવાની શરૂઆત કરી શકતું નથી.

મૅડમ મોન્ટીસોરીએ બાળકો ઉપર જે અખતરા કર્યા તે ઉપરથી તેઓ પણ આવી જ જાતના દૃશ્યનું વર્ણન કરવા પ્રેરાયાં છે.

માતા . . . . બાળકને

આશ્ચર્યની વાત છે કે હું, હું મટીને
તું બની ગઇ છું.
તારા નૃત્યમાં મારો પ્રાણ નાચે છે.
તારા હાસ્યમાં મારૂં હૃદય હસે છે.
તારી વાણીમાં મારૂં અંતર બોલે છે.
તારી આંખોમાં મારૂં તેજ ઝગે છે.
તારા થનગનાટમાં મારા કોડ ફૂદે છે.
તારા ડોલનમાં મારૂં મન ઝૂલે છે.
તારા જીવનપ્રવાહમાં મારૂં નાવ ચાલે છે.
આશ્ચર્યની વાત છે કે હું, હું મટીને
તું બની ગઇ છું.

બાલજીવનમાં અમુક સમયો એવા હોય છે કે જ્યારે બાળક એટલી કુશળતા અને ગ્રહણધારણ-શક્તિ બતાવે છે કે તેવી તાકાત ત્યાર પછીના કાળમાં કોઈ દિવસ જોવામાં આવતી નથી. આ શક્તિઓનો જો બરાબર વખતસર ઉપયોગ કરી લેવામાં આવે તો તેને પરિણામે એવો માનસિક વિકાસ સાધી શકાય છે કે જે ત્યાર પછીના કોઈ પણ સમય દરમિયાન મેળવી શકાતો જ નથી.

તીવ્ર સંવેદનાના આવા કાળ દરમિયાન બાળકો (અમુક કામ પરત્વે) એટલો બધો રસ બતાવે છે કે જેની ફરીથી કોઇ કાળે સરખામણી જ ન થઇ શકે. આવા સમય દરમિયાન બાળક જેના ઉપર એકધ્યાન થઇ શકે એવા કોઇ પણ નિશ્ચિત કામ તરફ એની શક્તિ વાળવામાં આવે તો તે પૂરું કરવાની અંદર બાળક મોટા માણસ માટે પણ અશક્ય એવી ધીરજ અને ચોકસાઇ બતાવશે. આ સમય દરમિયાન બાળક રમતને માટે પણ સ્પષ્ટપણે અમુક મર્યાદિત કામ નક્કી કરી નાખે છે. એટલે એને લીધે પોતે હાથમાં લીધેલું કામ પોતાનામાં હોય એટલી પૂરેપૂરી હોશિયારીપૂર્વક પાર પાડે છે. એટલે કે બાળક રમત પણ એવા જ પ્રકારની ખોળી લે છે અને તે પણ એટલો સમય જ રમે છે કે જેને લીધે એ પોતે હાથમાં લીધેલું કામ ખૂબ સુંદર રીતે હોશિયારીપૂર્વક પૂરું કરી શકે છે.

જો બાળક ખૂબ મહેનત કરે છે તો તેની એ બધી મહેનત સ્વયંસ્ફૂરિત હોય છે. એટલે એને લીધે તો શક્તિઓ વધારે ને વધારે બળવાન બનતી જાય છે, અને એ પોતાની એક સાચેસાચ અગત્યની જરૂરિયાત પૂરી કર્યાનો આનંદ અનુભવે છે. મૅડમ મોન્ટીસોરી કહે છે: "આ પ્રમાણે તમે કામ કરીને તમારો વિકાસ સાધી શકો અને વધારે બળવાન બની શકો. કામને લીધે તમને થકારો લાગતો નથી."

કેળવણીની કોઈ પણ પદ્ધતિ જે અંતિમ પરિણામ લાવવાની ધારણા રાખતી હોય તેનો આધાર નાનેરાંઓ મોટેરાંની દુનિયામાં (જે વલણ આજે તો જાતિનો સંપૂર્ણ વિકાસ સાધવા તરફ છે.) ઉતાવળે અને અકાળે બંધબેસતાં થઇ જાય અથવા તો મોટેરાંની દુનિયાના આચારવિચારો ઉતાવળે અને અકાળે પચાવી શકે-એવાં થાય તેના ઉપર નથી; પરંતુ એનો આધાર તો બાળક અમુક ચોક્કસ વખતે વિકાસક્રમની જે કક્ષાએ ઉભેલું હોય તે કક્ષાને યોગ્ય જીવન માટે જરૂરી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાની શક્યતા ઉપર રાખે છે.

આ ઉપરથી માલૂમ પડી આવશે કે દુનિયાની મૂલ્ય આંકવાની આજની પદ્ધતિને અને દુનિયાના કેળવણીના ક્રમને ફરી તપાસી જવાની અને તે નવેસર ફરીથી રચવાની ખૂબ જરૂર છે.

(અંગ્રેજી ઉપરથી.) શં.

'અક્ષરજ્ઞાન યોજના'ને મદદની જરૂર છે.

નિરક્ષરોને વાંચતાં લખતાં કરવાની આ યોજનામાં સહૃદયી ભાઈબહેનો તરફથી નાણાં અને સાધનોની મદદ જોઇએ છીએ. લખો: **અક્ષરજ્ઞાન કાર્યાલય : દ.મૂ. બાલમંદિર-ભાવનગર**

એ અજોડું દૃશ્ય

વાર્તાની બાળકો પર કેવી અસર થાય છે, અને વાર્તાનાં પાત્રો સાથે બાળક કલ્પનાના પ્રદેશમાં કેવો વિહાર કરવા મંડી જાય છે તેનો એક રમુજી કિસ્સો બન્યો છે, તે શિક્ષણપત્રિકાના વાંચકોને ભેટ ધરું છું.

જેલમાંથી નીકળ્યા પછી જે પ્રસંગ બન્યો હતો, અને ચર્ચાપત્રને સ્વરૂપે જે પ્રગટ થયો હતો, ત્યાર પછી અરધો કલાક ઇંદુ સાથે વાતચીત કરવાની પ્રથા મેં રાખી છે.

સમય વીતતું સંધ્યાટાણું હતું. મારા ઘરમાં બત્તી પેટાઈ ગઇ હતી અને બત્તીને અજવાળે હું નવા આવેલા બાલમિત્રનાં પાનાં ઉથલાવી રહ્યો હતો. રિવાજ મુજબ ઇન્દુ સાથે વાતચીત કરવાનાં ઘડિયાળાં વાગી રહ્યાં હતાં. અચાનક ઇન્દુ બહારથી આવ્યો. મેં બાલમિત્રમાંથી ધ્યાન તેના તરફ ફેરવ્યું.

"આજે મારે વાર્તા નથી સાંભળવી." હું વાર્તા સંભળાવવા તૈયાર બનું તે પહેલાં ઈંદુ બોલી ઉઠ્યો.

"કેમ?" મેં આશ્ચર્યથી પૂછ્યું.

"મારે આજે કામ છે." કહેવામાં એટલો ભાર હતો કે ઇંદુને કામ હશે એ હું તરત સમજી શક્યો.

"કેમ, તારા ગોઠિયા સાથે અજવાળિયુ અંધારિયું રમવા જવું છે?"

"ના રે ના, એ તે કાંઈ કામ કહેવાય?"

કહેતાંની સાથે તે બહાર ગયો. મારું મન બાલમંદિરનો સોમવાર આવ્યો. અને તરત જ બાલમિત્ર મૂકી ટપાલ લખવાનું કામ મેં લીધું.

હજુ તો ટપાલના કાગળમાં બે લીટીયે પાડી નથી ત્યાં ઇન્દુ અંદર આવ્યો. મારા ટેબલ પાસે આવી ઉભો રહ્યો. એની ચાલમાં ધીમાશ હતી, પગમાં સ્થિરતા હતી, અને મુખ પર ગંભીરતાની સુરેખ છાયા ઢળી હતી.

"મારું એક કામ કરશો?"

સામાન્ય રીતે ઇન્દુ બહુ વિનયથી નથી બોલતો. આજે એના શબ્દોમાં વિનય ભર્યો હતો.

"કેમ, શું છે ભાઇ?" કલમ હેઠી મૂકવામાં તેનું કામ કરવાની મારી તત્પરતા સમાયેલી હતી.

"બાટલો ફળિયામાં ઢાળી દેશો?"

ઇંદુની માગણી મામૂલી હતી. હું ઉભો થયો; ઓશરીમાં ગયો. નજર ફેંકી તો ધોળી દૂધ જેવી ચાંદની ફળિયામાં ફેલાઈ હતી. આજે બાલમંદિરમાં સંમત કામ કર્યું હશે એમ મેં અનુમાન દોડાવ્યું, બાટલો ફળિયામાં ઢાળ્યો.

"ગોદડું પાથરી દઉં?" પાછું વળીને ફરતાં મેં કહ્યું.

"ના, શેત્રંજી લાવ્યો છું." ઇંદુએ શેત્રંજી જાતે પાથરતાં કહ્યું.

ઇંદુ રોજના કરતાં આજે વધારે આજ્ઞાધીન, વધારે નિયમનવાળો, અને પોતાની ફરજ સમજનારો ડાહ્યોડમરો લાગતો હતો.

બાલમંદિરમાં હું ભણ્યો હતો. આવાં એકાગ્ર બાળકોનાં દૃશ્યો કોઈ કોઈ વાર જોયાં હતાં. આજે મારે ત્યાં એનાં દર્શન થાય છે, એમ અટકળ કરતાં મને વાર ન લાગી.

"ઓશીકું લાવી દઉં?" મેં એકાગ્રતાની કસોટી કરવા પૂછ્યું.

"ના, જોઈશે તો હું લાવીશ. તમે તમારે કામે."

રોજ કરતાં ઇન્દુ આજે વધારે સ્વાધીન હતો. એને પોતાનું કામ બીજા પાસે કરાવવાની તસ્દી આપવી રુચતી ન હતી, કે બીજાને કામ હશે એમ તે માનતો હતો. પોતાની જેટલો જ બીજાનો

સમય ઠિંમતી હશે એનું એને આજે અસ્પષ્ટ ભાન થતું હતું.

સ્વાધીનતાને પંથે પડેલા એ બાળકની મુખમુદ્રા તરફ હું જોઈ રહ્યો. મેં એનાં વાક્યો પર ફરી વિચાર કર્યો. એમાં 'તમે તમારે કામે' એ વાક્યે હું હસી પડ્યો.

હું સમજી ગયો કે આ વાક્યમાં બાલમંદિરમાં ગિજુભાઇ ઘણી વાર કહે છે કે "સૌ પોતપોતાને કામે." એ શબ્દોની છાપ હતી. એ વેણમાં હુકમ ન હતો, પરંતુ સૌએ પોતપોતાનું કર્તવ્ય કરવું જોઇએ એ જાતનો ધ્વનિ ગુંજતો હતો.

હું ઓરડામાં ગયો અને મારે કામે વળગ્યો. બેચાર પત્તાં ઢસડી નાખ્યાં. પણ મને આજે એમાં રસ રહ્યો નહિ. હું ઉક્લો થયો અને ઇન્દુ શું કરે છે તે જોવા ડોકિયું કર્યું.

ઇન્દુ ખાટલામાં નિશ્ચેતન થઇને પડ્યો હતો. ફળિયામાં છોકરાઓ ગોકીરો કરતા હતા, પરંતુ તે ઇંદુને વિઘ્ન કરી શક્યા હોય એમ લાગ્યું નહિ. લીમડી હેઠે થોડા છોકરીઓ બેઠી બેઠી રાસડા લેવાના આદર પહેલાંની સારેગમ ગણગણી રહી હતી, પરંતુ તે તેને અડચણકર્તા થઈ શકી હોય એમ દેખાયું નહિ. અને ઓશરીમાં બેઠેલા પાડોશીઓ દિવસનો થાકોડો ઉતારવા ટેસટપ્પા મારી રહ્યા હતા, પરંતુ એ એના ચિત્તને બેધ્યાન કરવામાં વિક્ષેપકર્તા થતા હોય એમ જણાયું નહિ.

ઈંદુ સૂતો હતો. એની આંખ ઉઘાડી હતી અને ઉંચે ઉંચે આકાશ તરફ જોઈ રહી હતી. નોધારે લટકતા અમીના ગોળા–ચાંદા તરફ એ ટગર ટગર જોઈ રહ્યો હતો.

મને થયું કે હું પાસે જઉં. પરંતુ જઉં અને ધ્યાનભંગ થાય તો? બીજું જાય તો તો ઠીક, પરંતુ મેં બાલમંદિરમાં વરસ જેવડું વરસ ગાળ્યું અને જઉં એ ઠીક લાગે? અને કદાચ ગિજુભાઇ જાણી જાય તો? લાખ રૂપિયાનો ઠપકો મળે તો? છતાં હું ગયો, પણ બીજે ડામે જતા હોવાનો ડોળ કરીને ગયો; તેને ધ્યાનભંગ ન કરવાનો નિશ્ચય કરીને ગયો.

"કેમ ઇંદુ, શું કરે છે?" બહાર જવાનો ડોળ ઘાલતાં મેં પૂછ્યું.

"હવે શું કરવું તે સૂઝતું નથી. ભારે ખરાખરી થઈ છે." ઇન્દુએ તરત જ ગંભીરતા ધારણ કરી લીધી.

"એવું વળી શું થયું છે?" મેં આતુરતાથી પૂછ્યું.

"જુઓ, બાજીપ્રભુ પડ્યા છે અને શિવાજી એકલા છે. હવે એનું શું થશે?"

ઈંદુની બાલમંદિરની પ્રવૃત્તિથી હું વાકેફ હતો. જયંતિભાઇ આજકાલ શિવાજીની વાર્તા ચલાવતા હતા. આથી ઇન્દુની વાત સમજતાં મને મુશ્કેલી ન નડી.

"તેં શો વિચાર કર્યો છે?" ઇંદુની વાત પર વજન આપી હું બોલ્યો.

"મેં તો વિચાર કરી નાખ્યો છે. સિંહગઢને કિલ્લે અમે જઇ પહોંચશું."

"તમે વળી કોણ કોણ?"

"હું, રસિક અને અનિલ."

"એમ?" મેં ટાપશી પૂરવા જતાં કહ્યું.

"શું, હું કાંઈ જેવો તેવો છું? ખંબર છે કે એક તલવારભેળું આખા સૈન્યને કાપી નાખું!"

છેલ્લું વેણ કહેતાં તે ખાટલામાંથી બેઠો થઈ ગયો. પ્રત્યક્ષ લડાઇમાં ઉતરી ચૂક્યો હોય એવો તેનો ચહેરો થઈ ગયો.

"રસિક અને અનિલને તેં પૂછ્યું છે?" ટાઢા પાડવા મેં પૂછ્યું.

"અનિલે તે હા પાડી છે; પણ રસિકને પૂછ્યું નથી એ જ વાંધો છે ને! પણ કાંઈ વાંધો નહિ. એ મારો દોસ્ત છે. ના પાડે જ નહિ."

"એમ? ત્યારે તો ઠીક."

"અરે, અમે ત્રણ જણા એની ભેરે ચડીએ તો સિંહગઢનો કિલ્લો જીતવાનો કોનો દેનં છે!"

"ત્યારે કુસુમને લઈ જઓ તો ઠીક ન પડે?" મેં કુસુમ વિષે તેનો મત જાણવા ઇરાદાપૂર્વક પૂછ્યું.

"અરે ના, ના! કુસુમ બિચારી શું કરે? ત્યાં કાંઈ ગાવું છે? ત્યાં કોઈ દી' ખાવાનું મળે અને કોઈ દી' ન મળે! આપણા ખોખરાના હુંગરાથી કેટલાયે ઉંચા હુંગરામાં આથડવાનું."

હું મૂંગો મૂંગો સાંભળી રહ્યો. ત્યાં તો તેણે ચલાવ્યું: "કુસુમ તો એવા હુંગરામાં ચાલી શકે ખરી? અમે એક દી' વીજળીને ખાડે ગયાં હતાં. તે પૂરા ધૂણકા ખાઇ શકતી નહોતી. રોતલનું ત્યાં કામ નહિ; મૂછાળાનું કામ છે."

છેલ્લું વેણ કહેતાં તેણે મૂછ પર હાથ નાખ્યો. પરંતુ ત્યાં તો અસ્ત્રાની ધાર આદમવારાની ફેરવાઈ ગઇ હતી, અને નજીકના ભવિષ્યમાં મૂછો ફૂટે એવો સંભવ ન હતો!

હું ઓરડામાં ગયો. મને તરત જ લાગ્યું કે વાર્તા દ્વારા જયંતિભાઈ ભાષાશિક્ષણ આપ્યાદ આપી રહ્યા છે, અને ઈંદુએ જયંતિભાઈના શબ્દો એમ ને એમ પકડી લીધા છે.

મને લાગ્યું કે એકાંકી નાટકનું છેલ્લું દૃશ્ય ખલાસ થઈ રહ્યું છે. હું નિશ્ચિંત થઇ કામે વળગ્યો, અને આજે ઈંદુ વાર્તા સાંભળવા કે તેની સાથે વાર્તાલાપ કરવા મને સમય આપી શકે એમ નથી એ તરત જ જોઈ શક્યો.

"શું કરો છો?"

ઇંદુ અચાનક ઓરડામાં આવ્યો. તેની ચાલમાં ઝડપ હતી, બોલવામાં શિવાજીના સૈનિકની છટા હતી, અને ઉભા રહેવામાં બાજીપ્રભુને શોભતી શિસ્ત હતી.

"કેમ, શું કામ છે?" મેં હસતાં હસતાં પૂછ્યું.

"કોને કાગળ લખો છો?"

"માશા મિત્રોને."

"બાને લખો છો કે નહિ?"

'મારી બાને ઇન્દુ 'બા' કહી સંબોધે છે; અને તેઓ અત્યારે બહારગામ હતાં.

"કેમ, કાંઇ ખાસ કામ છે?"

"હા. ખાસ કામ શું, બહુ જ ખાસ કામ. નહિ તો અહીં શાનો આવું?"

કામ વિના અંદર ન અવાય કે પૂછાય એવો લશ્કરી છાવણીમાં પળાતા કાયદાનો ધ્વનિ એમાં હતો.

"બોલ, શું લખવું છે?"

"બાને લખી નાખજો કે બાજીપ્રભુ પડ્યા એટલે ગભરાય નહિ. આવતી કાલે અમે શિવાજીની ભેરે જઇએ છીએ."

હું જવાબમાં મીઠું મીઠું હસી રહ્યો.

"આ હસવાની વાત નથી; તમે બરાબર લખી નાખજો."

કહેવામાં કટાણાના હસવા બદલ ઠપકો સમાયેલો હતો. આટલું કહી ઇન્દુ ઝડપભેર ગયો. તેની બા તેના રૂઆબ તરફ જોઈ રહી. ઈંદુને આજે તેની બા સામું મીટ માંડવાની કુરસદ ન હતી. આજે તેણે મહાન કામનો તોડ કાઢ્યો હતો.

બે મિનિટ પછી હું બહાર ગયો. ઇન્દુ ખાટલામાં સૂઇ ગયો હતો. તેની આંખ મળી ગઇ હતી. આજે તેણે ગોદડું પાથરવાનું માગ્યું ન હતું. શી ખબર કે શિવાજીના સૈનિકનું કઠણ જીવન ગાળવા આમ કર્યું હશે?

ઇન્દુ તરત જ ઊંઘી ગયો એનું કારણ ઉઘાડું છે. જે વસ્તુ તેને નક્કી કરવાની હતી તે નક્કી થઇ હતી. સૈનિક તરીકે કે સરદાર તરીકે જે હુકમ આપવાના હતા તે અપાઈ ચૂક્યા હતા, અને પોતાનું બધું કામ પતી ગયુ એમ નિશ્ચિત થઈ તેણે સ્વાસ્થ્ય સાથે શાંતિ લીધી હતી; અને શાંતિ સાથે ઊંઘ આવી હતી.

એક વાતનો ખુલાસો કરવાનો રહી જાય છે. ઇંદુએ મારી બાને કાગળ લખવાનું કહ્યું તેનું એક કારણ છે. મારી બાનું નામ જીજીબાઈ છે અને શિવાજીની બાનું નામ પણ જીજીબાઈ છે.

જયંતિભાઇ પાસેથી ઇંદુએ શિવાજીની બાનું નામ જીજીબાઇ છે એમ જાણ્યું હશે; મેઘાણીભાઇનું શિવાજીનું હાલરડું તેણે ઘણી વાર સાંભળ્યું છે તે વસ્તુએ આમાં ઉમેરો કર્યો હશે. એ હાલરડાની બે લીંટીઓ તો તે ઘણી વાર પણ ગાય છે.

આમ ઇંદુએ મારી બાને શિવાજીની બા ધારી લીધાં, અને તેને કાગળ લખવાનું ફરમાન મારા પર કાઢી ભાઈ સિધાવ્યા.

આ ખુલાસાથી તમે સૌ હસશો, ખરું? પરંતુ આવાં હસવા જેવાં અર્થપૂર્ણ અમૂલાં દૃશ્યો દરેક માબાપને ઘેર બને ત્યારે તેને વધાવી લેવાની તકને તમે સત્કારશો? ગૌ. કા.

બોટી . . . ચિંતા

ઘણી વાર માતાઓને એમ કહેતાં સાંભળીએ છીએ કે "આ છોકરો બહુ કંટો છે, બહુ તોફાની છે, ઘડીયે જંપીને બેસતો નથી. એને સાચવવો એ તો જાણે કટકનો ઘોડો!" જેમ બાળક વધારે તેજસ્વી, વધારે પ્રાણવાન, વધારે બુદ્ધિશાળી તેમ આવી ફરિયાદોમાં વધારો થતો જ જાય છે. બાળકને કાંઇક પ્રવૃત્તિ કરવી છે અને માતાને બાળકને એનાથી ઇજા થશે એમ માની અટકાવ્યા કરવું છે. બાળક ચાલવા જાય, અને માતા પડી જશે એ બીકથી એને પકડી રાખે છે; બાળક દાદર ચડવા જાય, અને માતાને એની એ જ બીક લાગે છે, અને એને દાદરો ચડવા દેતી નથી. આવી રીતે બાળકની બધી પ્રવૃત્તિઓને અટકાવતી માતા સાંજ પડચે થાકીને લોથ થઇ જાય છે, અને બાળક પણ એની એ પ્રવૃત્તિ વારંવાર પ્રયત્ન કરવા છતાં ન કરી શકવાથી કંટાળીને લોથ થઇ જાય છે. એક રીતે તો માતા અને બાળકની આખો દિવસ લડાઇ જ ચાલે છે. એકને કરવું છે, બીજાને નથી કરવા દેવું. એ ન કરવા દેવામાં માતા પોતાની માતા તરીકેની મોટી ફરજ સમજે છે.

આવા એક બાળક અને માતાને મેં હમણાં જ જોયાં. બાળક આઠી વર્ષનું હતું; તેજસ્વી હતું. આખો દિવસ એને પ્રવૃત્તિ કરવી ગમતી. અને માતા તેને ગમે ત્યાંથી ઉચકી ઉચકીને પાછું લાવતી, અને સાંજ પડચે બાળકને ઉચકીને બાવડાં ભરાઈ ગયાની વાત કરતી. બે દિવસ સુધી તો મેં આ જોયા કર્યું, પણ પછી મારાથી ન રહેવાયું. મેં કહ્યું: "એમાં દોષ તો તમારો જ છે. આટલો બધો વખત તમે એની પાછળ બગાડો છો, અને મનથી માનો છો કે તમે બાળકને સાચવો છો. તેનું ભલું કરો છો. પણ મને તો લાગે છે કે તમે બાળકને નુકસાન જ વધારે પહોંચાડો છો."

માતા: "પણ જુઓને, દાદર ચડે ત્યારે ધ્યાન ન રાખીએ તો પડી જાય, અને હાથ પગ ભાંગે તો પાછી ઉપાધિને?"

મેં કહ્યું: "તમે મારી વાત માનશો? એમ કરવાથી તમને પોતાને પણ થાક નહિ લાગે અને બાળક પ્રસન્ન રહેશે. તમે બાળકને દાદર ચડવા દો; પાસે ઉભાં રહી ધ્યાન રાખો. પડશે એમ લાગે તો જ મદદ કરો, નહિતર જોયા કરો. બાળક તેને ઠીક લાગશે ત્યાં સુધી એ પ્રવૃત્તિ કરશે; પછી આપોઆપ જ દિશા બદલશે."

માતાને કાંઈક મારું કહેવું સમજાયું. એણે

બાળકને છૂટું મૂકયું. બાળક હરખાતું હરખાતું દાદર ચડવા લાગ્યું. લગભગ એક કલાક સુધી બાળકની એ પ્રવૃત્તિ ચાલી. બાળક પડયુંયે નહિ અને માતાની એને વારંવાર ઉચકીને લાવવાની મહેનત બચી ગઇ. એટલા વખતમાં બાળક સાત આઠ વાર દાદર ચડયું ને ઉતર્યું. બાળકના મોઢા ઉપર પ્રસન્નતા હતી. આટલી પ્રવૃત્તિ કર્યા પછી બાળક પોતાની મેળે જ માતાના ખોળામાં આવીને બેઠું.

એક વાર એ જ બાળકને લઇને એ બહેન મારે ઘેર બેસવા આવ્યાં. મારી ઓશરીમાં એ બાળક ચડી ઉતરી શકે એટલી ઉંચાઇએ હીંચકો બાંધેલો હતો. બાળક ત્યાં ચડવા ઉતરવા લાગ્યું અને માતાએ અટકાવ્યું. મેં કહ્યું: "ચડવા દો: તમે સરિયા પાસે બેસો; પડે તો સંભાળજો." અમે બન્ને વાતોએ વળગ્યાં અને બાળક એના કામે વળગ્યું. હું વાત કરતી હતી છતાં મારું ધ્યાન તે બાળક તરફ જ હતું. લગભગ ત્રીશ વાર એ બાળક હીંચકા ઉપર ચડયું અને નીચે ઉતર્યું. પછી થોડી વાર બાના ખોળામાં પડી આરામ લીધો અને પાછું એ જ કામ ઉપર લાગ્યું, અને ફરી બોંતેરમી વાર ચડયું. આમ એકંદરે બોંતેરપચાસ વાર બાળક ઉપર ચડયું અને ઉતર્યું; અને હજીયે એ કેટલી વાર ચડત એ કહી શકાતું નથી. પણ માતાની ધીરજ ખૂટી અને બાળકને કાંખમાં નાખી તે પોતાને ઘેર ચાલી.

આ બોંતેરપચાસ વારની ચડઉતરમાં બાળકને એક જ વાર પડી જતાં બચાવવા માટે મદદ કરવી પડી હતી: આમ માતા એને વારંવાર ઉંચકવાની મહેનતમાંથી બચી ગઇ અને બાળકને મનગમતી પ્રવૃત્તિ મળવાથી તે આનંદ પામ્યું. મોં.

હવેથી એમ નહિ કરું

છોકરાંઓની બાનું હું હરઘડીએ અપમાન નહિ કરું, કેમ કે છોકરાંઓને તેથી બહુ લાગે છે.

તેમની માતુશ્રીનું હું પળેપળે વાંકું નહિ બોલું, કેમ કે બાળકો તેથી બહુ હિજરાય છે.

છોકરાંઓની બાને હું ન્યારે ને ત્યારે નહિ વઢું, કારણ કે બાળકો તે દેખીને મૂંઝાય છે.

છોકરાંઓની માતાજીને હું વારે વારે હુકમો નહિ કરું, કેમ કે બાળકોને એમ લાગે છે કે શું, બા બાપાનો નોકર છે?

બાળકોની બાને બધી વાતમાં પાછી નહિ પાડું, કેમ કે બાળકોને એમ લાગે છે કે બાપા બહુ જંગલી છે.

હું છોકરાંની બાને એમ નહિ કહું કે "તને કંઈ નથી આવડતું; તું મૂરખ છો; જંગલી છો!" કેમ કે બાળકો એમ વિચારે છે કે બાપા આવી જંગલી બાને શું કામ લાવ્યા હશે? એને સારી બા ન મળી?

હું ક્ષણે ક્ષણે છોકરાંની બાની ભૂલો કાઢયા નહિ કરું, કેમ કે છોકરાંઓ એમ સમજે છે કે શું બાપાને પણ માસ્તર જેમ ભૂલો જ કાઢતાં આવડે છે? બીજું કશું આવડતું જ નથી? ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, ચોકઝ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ સાતમું
૧૯૮૯

અંક ૯ મો
કાર્તિક

: તંત્રીઓ :
ગિજુભાઈ
તારાબેન

તમે ફક્ત તમારાં પોતાનાં જ બાળકોનો વિચાર ના કરો. જ્યાં સુધી તમારા પાડોશીનાં, તમારા ગામનાં, તમારા દેશનાં અને સમગ્ર જનતાનાં બાળકોની સ્થિતિ સુધરી નથી, ત્યાં સુધી ગમે તેટલી મહેનત કરશો તો પણ તમારા બાળકને સાચું સુખ, સાચી સંપત્તિ અને સાચું જીવન મળવાનું નથી.

જ્યારે તમે તમારા બાળકનો વિચાર કરો ત્યારે તે સમગ્ર જનતાનાં બાળકોની દૃષ્ટિએ કરો.

એથીયે વધારે સારું તો એ છે કે તમે સૌનાં બાળકોનો જ વિચાર કરો. સૌનાં બાળકોમાં તમારું બાળક તો આવી જ જાય છે.

વેશધારી ભાવાઓ

વેશધારી ભાવાઓ જેમ વૈરાગ્ય અને ભગવું બન્નેને લજવે છે અને સાચા ભાવાઓની ૩વૃત્તિને પણ નુકસાન કરે છે, તેમ આજકાલ વેશધારી મોન્ટીસોરી શિક્ષકોનું પણ બને છે.

આજ કાલ મોન્ટીસોરી પદ્ધતિનો મહિમા વધતો જાય છે. શ્રીમંતો તેને પોતાને ઘેર મોટર કે પુસ્તકાલય વસાવે તેમ વસાવવા લાગ્યા છે. સારાં રાજ્યો કે સંસ્થાઓ પણ તેનાથી શોભવા માટે તેને આવકાર આપી રહ્યાં છે. પોતાનાં બાળકોનું ભલું ચાહનાર માબાપો શુભ અને શુદ્ધ વૃત્તિથી મોન્ટીસોરી પદ્ધતિનાં પંગલાં માંડી રહ્યાં છે. આવે વખતે મોન્ટીસોરી શિક્ષકોની માગણી વધી છે ને તેની સાથે જ વેશધારી મોન્ટીસોરી શિક્ષકો પણ પ્રગટ્યા છે.

આ વેશધારી શિક્ષકોનો ઉદ્દેશ સારી નોકરી મેળવવાનો હોય છે. તેમને મોન્ટીસોરી પદ્ધતિ કે શિક્ષણશાસ્ત્ર કે માબાપો કે બાળકો કે પ્રજાના હિતની પડી નથી. તેઓને પડી છે ફક્ત એક પોતાના ટૂંકા અંગત સ્વાર્થની.

'મોન્ટીસોરી શિક્ષક જોઇએ છે' એવી જાહેરાત વાંચી તેઓ તુરત જ લખી વાળે છે કે 'અમે મોન્ટીસોરી પદ્ધતિ જાણીએ છીએ; અમે તમને બહુ કામ આવશું.'

હકીકત એવી પણ મળી છે કે કેટલાક તો કોઇ પણ જાતના સંકોચ કે સભ્યતા વિના એમ જ લખે છે કે 'હું શ્રીદક્ષિણામૂર્તિ બાલ-મંદિરમાં જઇ મોન્ટીસોરી પદ્ધતિ શીખી આવેલ છું; હું ત્યાં એક વર્ષ રહ્યો છું: હું બધું જાણું છું.'

જેમને ખરા શિક્ષણની ચિંતા નથી પણ માત્ર ડોળની ચિંતા છે, ફેશનની ફિકર છે, તેવા માણસો જે મળ્યો તે શિક્ષકને માગ્યાં નાણાં આપી બેસાડી દે છે. ચિંતાવાળાં માબાપોને પણ અરજદારોમાંથી એકને બેસા-ડવો તો પડે જ છે.

થોડો વખત જતાં આવા વેશધારી શિક્ષકોનો કીમિયો કળાઇ જાય છે. કોઇ મોન્ટીસોરી પદ્ધતિનો જાણનારો માબાપને ત્યાં અગર સંસ્થામાં જઇ ચડે છે ત્યારે ભરમ ખુલ્લો પડે છે અને હાંસી સાથે વેશધારીને નીકળવું પડે છે.

ઘણી વાર લાંબા વખત સુધી એવું પણ બનેલું છે કે વેશધારી શિક્ષક જે કાંઇ કરે છે તે બધું મોન્ટીસોરીને નામે ઓળખાય છે; અને મોન્ટીસોરી પદ્ધતિથી ચાલતાં બાલમંદિર જ્યારે તે શિક્ષકના ઉપરીઓ જુએ છે ત્યારે વિચારમાં પડે છે કે "આમાં સાચી મોન્ટીસોરી પદ્ધતિ કઇ? મારો શિક્ષક હાંકે છે તે, કે આ શાળા ચલાવે છે તે?"

આખરે તો આ વેશધારીનો વેશ ઉઘાડો પડે છે. તેની પાસેનાં ગોપીચંદનો ગંગાનાં નથી પણ ગામની નદીનાં છે; અને તેની પાસે જે ગીતાનો ગોટકો છે તે તેને વાંચતાં પણ નથી આવડતો; એવું ચોખ્ખેચોખ્ખું દેખાઇ રહે છે. પણ એવા લોકોને શરમ ન હોવાથી તેઓ એક ઘર છોડી બીજે માગવા જાય છે.

આ પરિસ્થિતિ અસ્વાભાવિક નથી. પેટ ભરવાની ખાતર આવો પ્રપંચ દરેક ઉદ્યોગમાં

ચાલે છે. દરેકમાં વેશધારીઓ હોય જ છે, અને ઘણી વાર તો તેઓ જ સાચા છે એમ જગત આગળ બહુ લાંબા વખત સુધી નભે છે.

આ વેશધારીઓને સુધારવાનું કામ મુશ્કેલ છે. તેઓ જાણે જ છે કે તેઓનો વેશ ખોટો છે અને જાણી જોઇને તેઓએ તે લીધો છે. જાત અનુભવથી કહી શકાય છે કે તેઓ મોન્ટીસોરી પદ્ધતિની ચોપડી ખરીદી કાઢે છે, અને તે વાંચી ન વાંચી એટલામાં તો 'ગુરુ મહાશય' થઇ બેસે છે. ઘણી વાર તેમને મોન્ટીસોરીનાં નામ પણ પૂરાં નથી આવડતાં. આ લોકોને તો ફકત એક ઇશ્વર બચાવી શકે અગર તો તેઓ પોતે જ તેમને બચાવે.

પણ જેઓને મોન્ટીસોરી પદ્ધતિ ઘરમાં કે શાળામાં ચલાવવાની ઇચ્છા છે તેઓ ચેતી શકે છે. તેઓ મોન્ટીસોરી કે વેશધારીનો વિચાર કરી શકે છે; તેઓ તેમની પાસેથી તેઓ કયાં ભણ્યા છે, કેટલું ભણ્યા છે, વગેરેની કસોટી કરી શકે છે; તેઓ મોન્ટીસોરી પદ્ધતિ સંબંધેનાં જુદાં જુદાં કેન્દ્રોમાં તેના જાણકારોને પૂછાવીને તેમને વિષે માહિતી મેળવી શકે છે. અને પછી જ તેઓ તેને રાખવાનો અધિકાર મેળવી શકે છે.

માબાપો કે સંસ્થાઓ ફેશન માટે ઘણું કરી શકે, પણ તેઓ ફકત ફેશન ખાતર બાલમંદિરો ન કાઢી શકે; અને કાઢે તો તેમાં ગમે તે શિક્ષકો લાવીને બેસારી ન શકે. સાચા મોન્ટીસોરી શિક્ષક માટે તેઓએ ઘટતા પૈસા ખર્ચવા જોઇએ. સસ્તું લેવા જતાં તે વેશધારીને તો ન જ રાખે. વેશધારી મીઠો માણસ હોય, ચંચળ માણસ હોય, ઝટ પરિણામ લાવી દેતો હોય એમ લાગતું હોય, તો પણ તેવાને તે ન રાખે આગળના વખતમાં રૂપાનું સોનું બનાવનાર બાવાઓ લોકોનું સોનું ધૂતી જતા અને મૂર્ખ અને ભોળા લોકો હાથ ઘસતા રહેતા, તેમ આ વેશધારી બાવાઓ ઝટ ઝટ થોડું કે ભણાવી દઇ માબાપો ઉપર પ્રભાવ પાડે તો તેનાથી પણ ચેતવું જોઇએ.

જે લોકોને મોન્ટીસોરી પદ્ધતિમાં વિશ્વાસ ન હોય અગર તેની સૂગ હોય, તેઓ અલબત્ત પદ્ધતિનો સ્વીકાર જ ન કરે. પણ જેઓ મોન્ટીસોરી પદ્ધતિ સારી છે એમ જાણી તેનો સ્વીકાર કરે તેઓ તેના શિક્ષકોથી તો ચેતે જ ચેતે. અને જેમ પૈસાદારોને બાવાઓ ખૂબ લૂંટે છે અને બનાવી જાય છે તેમ મોન્ટીસોરી શિક્ષકો પણ તેમને બનાવી ન જાય તે બાબતમાં તેઓ ખાસ કાળજી રાખે.

ઘણા કુશળ વેશધારીઓ નવો જ પંથ કાઢે છે. તેઓ કહે છે: "અમે મોન્ટીસોરીમાં જ માનતા નથી. તેનાં બંધનો સ્વીકારતા જ નથી. અમે તો બાલહિતાર્થે નવી જ પદ્ધતિ શોધી છે. અમારે તો બાલસેવા કરવી છે. મોન્ટીસોરીની ગુલામી અમારે નથી જોઇતી." વગેરે.

આવા લોકો જો જૂઠા અને સ્વાર્થી ન હોય તો જરૂર તેઓ માનપાત્ર ગણાય. કંઇ નહિ તો તેમની સ્વતંત્ર બુદ્ધિ માટે આપણે તેમનો આદર કરીએ. પણ ખરી રીતે આ લોકો જે વસ્તુનો ઇન્કાર કરે છે તેને તેઓ જાણતા સરખા પણ નથી. તેમનામાં એક જ શકિત છે અને તે ચતુરાઇ. આજે ગુજરાત કાઠિયાવાડમાં આવા શિક્ષકો જીવન્ત છે અને તેઓ શ્રીમંતોના પૈસાનો દુર્વ્યય કરે છે.

સામાન્યતઃ આવી વાત ઉપર હજીસુધી હું કંઇ બોલ્યો નથી. મારો વિચાર મૌન રાખવાનો હતો. પણ જેમ જેમ આ વેશધારી પંથ વધતો જાય છે તેમ તેમ મને અત્યંત દુઃખ થાય છે. તે દુઃખ બીજા કશાને માટે નહિ પણ આપણાં બાળકોને માટે થાય છે. ઊંટવૈદો પાસે હનરડાતાં બાળકોની જે દશા છે તે દશા અમારા વેશધારી ભાઇઓને હાથે છે. હું જાણું છું કે મોન્ટીસોરી શાળામાં તેઓ શિક્ષા કરે છે, ધમકી આપે છે, અને કશું જાણતા ન હોવાથી સાધનોનો દુરુપયોગ કરે છે ને કરાવે છે. મારા પર મિત્રોના કાગળો આવે છે; રૂબરૂ પણ મને ઠપકો મળે છે કે મારે આ બાબતમાં બોલવું જ જોઇએ, મારે મારા ચોક્કસ વિચારો દર્શાવવા જ જોઇએ.

હું કહીશ કે હરકોઇ માણસ મારી પેઠે મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ સ્વતંત્રપણે કરી શકે છે. મોન્ટીસોરી પદ્ધતિ કોઇનો ગિરાસ નથી. જેની હાનત હોય તેવો શિક્ષક અધ્યાપનમંદિરમાં ગયા વિના પણ સારો શિક્ષક થઈ શકે છે. પરંતુ તેવા શિક્ષકો એક ટકો છે ત્યારે તેની પાછળ પાછળ ચાલી નીકળનારા ૯૯ ટકા છે. આ ૯૯ ટકાથી ચેતતા રહેવાની મારી સલાહ છે.

આજે તો ગુજરાતમાં એક બેથી વધારે મોન્ટીસોરી શાળાઓ છે. જેને બે આંખ હોય તે સહેલાઇથી જોઇ શકે છે કે મોન્ટીસોરી પદ્ધતિ ક્યાં ચાલે છે અને ક્યાં નથી ચાલતી. આજે આપણે ત્યાં ડૉ. મોન્ટીસોરી પાસે અભ્યાસ કરી આવેલા શિક્ષકો પણ છે. આજે આપણે ત્યાં પૂછવાનાં ઠેકાણાં પણ છે. એટલે જ આપણે આંધળા થઇ કે ઉતાવળા થઇ ગમે તેના હાથમાં આપણાં બાળકોને ન સોંપીએ.

પરદેશમાં કે બૃહત્ ગુજરાતમાં વસતા ભાઇઓ પણ આથી ચેતે. તેઓ શિક્ષક સાચો છે કે નથી તેની ખાત્રી કર્યા પછી જ રાખે. ઘણી વાર સસ્તો શિક્ષક જોવા જતાં કથીર જ મળે છે તે ધ્યાનમાં રાખે.

આજે મોન્ટીસોરી શિક્ષકો સંબંધે મને જે યોગ્ય લાગ્યું તે મેં કહ્યું છે. તે એટલા માટે કે મારે માથે આવેલું ધર્મસંકટ ટળે. ગિ.

બાલજીવનની કરુણતા

દૃશ્ય ચોથું

જમનાબેન રમાની બા. રમા તેમની મોટી દીકરી.

રમા જન્મી ને સૌએ મોઢાં મરડ્યાં. જમનાબેનને તો થયું કે જાણે આભ ફાટ્યું. તેમના મનમાં દીકરાની મા થઇને મ્હાલવાની કેટલીયે હોંશ હતી તે રમાએ પૂરી ન કરી. આડોશીપાડોશી સૌ પૂછવા આવેઃ "શું આવ્યું?" "દીકરી" એમ કહેતાં જમનાબેનનો તો જીવ કળીએ કળી કપાતો. દીકરી આવી એ કેટલી શરમની વાત!

દીકરો જોઇતો હતો ત્યારે દીકરી થઇને આવી એ રમાનો મોટો અક્ષમ્ય અપરાધ. તેનું ફળ તેને રોજ ભોગવવું પડતું. તે તો ખાટલે પડી પડી જેમ તેમ મોટી થઇ. તેને હોંશથી

નવાં નવાં લૂગડાં કોણ શીવડાવે? તેને ખાસ બેસીને કોણ રમાડે? તેને વહાલથી બચીઓ કોણ ભરે? તેનો તે કાંઈ એક વાંક હતો? દીકરી થઇ તો થઇ, પણ તે પણ કાળી ને ચીબી. તેની સામેય જોવું કોને ગમે? તેની માનેય ન ગમે તો બીજાને તો ક્યાંથી જ ગમે!

રમાને વારંવાર શરદી થાય એ તેનો બીજો વાંક. વારે વારે પેશાબ કરીને લૂગડાં પલાળે, અને બે ચાર દિવસે ને બે-ચાર દિવસે તેને ઝાડા તો થાય જ એ તો કેમ જ સહન થાય? રમાને ઝાડા થાય ને એમાં ને એમાં જ તેને પડ્યા રહેવું પડતું. પણ રમા તો એની બરાબ કે રડી રડીને સૌને હેરાન કરતી. પછી સૌ કહે જ કે કજીયાળી છે. કોઇ વાર મારવું પણ પડે; તે વગર કજીયો શાંત જ ન થાય!

પણ રમા તો એવી હઠીલી કે આટલું આટલું થયું તોયે મરી ન ગઇ. આ પણ કાંઇ ઓછો વાંક? માંદલી માંદલી પણ જીવ્યા જ કરે! કોઇ કાંઇ ન આપે તોયે રડી રડીને લે જ લે. કોઇ સામું જોવાની ઇચ્છા ન કરે તોયે રડી રડીને તેડાવે જ. કોઈ હેતેથી ઝૂલાવનારું ન હોય તોયે તે "હીંચકો નાખો, હીંચકો નાખો" કરીને હીંચકો નખાવતી જ. એવી આ રમા કજીયાળી ને સૌને હેરાન કરનારી.

રમાનો મૂળ વાંક તો એ જન્મી એ જ હતો; પણ તેથી મોટો વાંક તો હવે એ કોઇને જોઇતી નહોતી છતાં મરતી ન હતી એ હતો. રમા જેવી વાંકમાં આવેલી કેટલીયે નિર્દોષ બાલિકાઓના નિસાસા માતાઓ લેતી હશે! અસહાય બાળક - બિચારું જન્મે ત્યારથી તેની હાડમારીની શરૂઆત થાય! આ કરુણ કથા કોને કહેવી? પોતે પણ કોઇની નહિ જોઇતી એવી દીકરી છતાં પોતાની દિકરીની કરુણ કથા માતાના હૃદયને અડી શકતી નથી આથી વધારે કરુણ શું? તા.

બાલપુસ્તકાલય અને બાળકો

ગુજરાત અને બૃહદ્ ગુજરાતની પુસ્તકાલય પ્રવૃત્તિના પિતા સમાન શ્રીયુત મોતીભાઇ ન. અમીનના કલ્પનાપ્રદેશમાં નહિ હોય કે મૂડીના વ્યાજ જેવાં અથવા પુત્રના પુત્ર જેવાં બાલ-પુસ્તકાલયો, પોતાની જ હયાતીમાં ને થોડા જ વખતમાં ઉઘાડવાનો વખત આવી લાગશે.

પણ આ યુગ બાળકોનો છે. જેમ બાલ-યુગે બાળકોને માટે ઘરમાં, શાળામાં, બાગ-બગીચામાં, મોટાં શહેરોની ટ્રામોમાં બાળકોનું સ્થાન સ્પષ્ટ કરવાની, આંકવાની અને સ્થાપ-વાની શરૂઆત કરી છે, તેમ જ તેણે પુસ્ત-કાલયમાં બાલપુસ્તકાલયનું સ્થાન બાળકો માટે જુદું સ્પષ્ટ આંકયું છે; અને આજે તેવા એક પુસ્તકાલયને સ્થાપવાનો પ્રસંગ આવ્યો છે.

નવયુગ પહેલાંના દિવસોમાં બાળકોનું ઘર મોટાંના ઘરમાં સમાએલું હતું. બાળકોનું ભોજન મોટાંઓના ભોજન સાથે જ તૈયાર થઇ જતું. મોટાંના આદર્શ અને જીવન-પ્રવૃત્તિમાં જ બાલજીવનની કલ્પના ને પ્રવૃત્તિની મર્યાદા આવી જતી.

પણ ધન્ય ભાગ્ય મનુષ્યજાતનાં ઉઘડ્યાં

ને તેને માલમ પડયું કે બાળક માત્ર બાળક નથી. તેનો દેહ નાનો છે, તેની શક્તિઓ અંકુર રૂપ છે, છતાં તે મનુષ્ય છે. વિકાસમાં ગતિમાન, આદર્શવાન, કલ્પક, બુદ્ધિવાન, ચેતન છે. ત્યારથી સમગ્ર દુનિયા, સમર્થ કેળવણીકારો ને વિચારકોની દૃષ્ટિ કુતૂહલથી, આશ્ચર્યથી, સન્માનથી અને પ્રેમથી બાળકો તરફ વળી. અને વૈજ્ઞાનિકોએ ભિન્ન ભિન્ન વિજ્ઞાનના પ્રદેશોમાં જે અદ્‌ભુત નવીનતા જોઈને અદ્‌ભુત આશ્ચર્યાનુભવ કર્યો હતો તેનાથી વિશેષ અનુભવ તેમને બાળકો વિલોકતાં થયો. તેઓએ બાળકોના વિકાસમાં મનુષ્યવિકાસ, બાળકોના સ્વાતંત્ર્યમાં મનુષ્યસ્વાતંત્ર્ય ને બાળકોના ઉદ્ધારમાં મનુષ્યઉદ્ધાર જોયાં, અને તેમણે જગત ઉપર બાલયુગનો સ્થંભ ઉભો કર્યો અને બાલ-યુગનો વાવટો ફરકાવ્યો.

આજે એ યુગ પ્રબળપણે આગળ ધપી રહ્યો છે, અને મનુષ્ય જાતિનું લક્ષ્ય તે તરફ ખેંચી રહ્યો છે. આજની આપત્તિનો, આજનાં વેરઝેરનો આજની દુર્બળતા ને દરિદ્રતાનો ઉકેલ લાવવા શાંત ને અશાંત યુદ્ધો વડે જે અથાગ પ્રયત્ન ચાલી રહ્યો છે તે પ્રયત્નોની સફળતાનિષ્ફળતા પછી મનુષ્યની સુખ અને શાંતિનું એક જ માત્ર આશાકિરણ હોય તો તે બાળકેળવણી છે.

અને એવી કેળવણીનાં મંડાણો જીવન-ક્રાંતિના દૃષ્ટા જેવાં જગતનાં મુઠીભર સ્ત્રીપુરુષોએ આજે માંડેલાં છે. તે મંડાણો બાળયુગની શરૂઆત છે; અને આગળ કહ્યું તેમ બાળકોને મોટું સ્થાન મળવા લાગ્યું છે તે તેનાં બહિર્-ચિહ્નો છે. આજનું આ પુસ્તકાલય પણ એવું એક બહિર્ચિહ્ન છે.

દુનિયાના જે અનેક સુવર્ણદિનો પુસ્તકા-લયની શરૂઆતના થઇ ગયા, તેવો જ સુવર્ણદિન બાલપુસ્તકાલયની સ્થાપનાનો આ છે. અને આ દિન સુભાગ્યે કાઠિયાવાડમાં અમરેલીને આંગણે પહેલો ઉગ્યો ને માટે કાઠિ-યાવાડનાં ભવિષ્યનાં બાલપુસ્તકાલયો ને બાળકો અમરેલી તરફ જોશે અને તેને યાદ રાખશે.

મોટાંઓને માટે ફરતા સંન્યાસીઓ એક કાળે પુસ્તક રૂપ હતા. એમ જ એક કાળે વૃદ્ધ માબાપો અવકાશને સમયે બાળકોને જ્ઞાનના ભંડાર રૂપ–પુસ્તકાલય જેવાં હતાં. આજનો કાળ સંન્યાસીઓનો મટી મુદ્રણોનો છે, ભંડા-રોનો મટી પુસ્તકાલયોનો છે અને વૃદ્ધોનો મટી ખુદ્દબખુદ્દ બાળકોનો છે. આજે આબાલવૃદ્ધ સૌએ જ્ઞાનપિપાસા તૃપ્ત કરવા પુસ્તકાલય રૂપી એક જ અમૃત જળાશય પાસે આવ્યે જ છૂટકો છે. નદી નવાણો ગળાવવાની પુરાણી રીતિ પ્રમાણે આજે પુસ્તકાલયો સ્થાપવાની પ્રથા આજની જરૂરીઆતને અનુરૂપ છે. તેમાંયે બાલપુસ્તકાલય સ્થાપવાની પ્રવૃત્તિ અનુરૂપ થવા ઉપરાંત ભાવીના ગર્ભમાં અવગાહન કરનારી અને મનુષ્યના આગામી કલ્યાણના દૃષ્ટાંત રૂપ છે.

જ્યારે બાલમંદિરે બાળકને બાલગૃહ આપી તેની સર્વતોમુખી શક્તિનો સર્વાંગસુંદર વિકાસ સાધવાની તક કરી આપી, અને જ્યારે આજે બાલમંદિરનું બાજક બદલાએલું છે, તેનો વિકાસ વિવિધરંગી થઇ રહેલો છે, બાલજીવનમાં બાલ-મંદિર એક નવું જ અને ખૂટતું તથા જોઇતું અમૃતપોષણ બન્યું છે, ત્યારે બાલપુસ્તકાલય હવે વિકસતા બાળકની ઉઘડતી વિશાળ ક્ષુધાને

તૃપ્ત કરનારી અન્નપૂર્ણા માતાનું ભોજનાલય છે. વિકસતાં બાળકોને પોતાની ઇંદ્રિયોના અનુભવોને, મનના પ્રદેશોને અને કલ્પનાના વિહારોને શબ્દમૂર્ત કરવાનું પુસ્તકાલય એક કિંમતી ક્ષેત્ર છે, એક નવીનતા છે, એક વિશેષ સાધન છે.

પુસ્તકાલય બાળકોના અનેકવિધ અસ્પષ્ટ અનુભવોને સ્પષ્ટ કરવાનું, શબ્દગ્રથિત અન્યના અનુભવોને વાંચીને 'તેવા અનુભવો કરવાની પ્રેરણા મેળવવાનું, અને અનુભવી જગતની વિશાળતામાં જ્ઞાનોપાર્જનના નવા નવા પ્રદેશો ખોળવાનું એક અતિ વિશાળ એવું ક્ષેત્ર છે.

મોટાંઓ માટે પુસ્તકાલયની કિંમત જુદી રીતે છે. આરામ અને આનંદનું સાધન પુસ્તકાલય બની શકે છે; વિલાસ ને મજા રૂપ પણ પુસ્તકાલય થઇ શકે છે.

પણ બાલપુસ્તકાલય તેવું બની શકતું નથી. બાળક સહેજે પ્રવૃત્તિશીલ, જ્ઞાનપિપાસુ, અવિરત શ્રમ કરનાર અને શોધક છે. તેની સમીપ પુસ્તકાલય વિલાસ, મજા, આરામ ને આનંદ રૂપ છે તેના કરતાં ચેતન–પ્રેરણા રૂપ છે, જીવનના ઘડતર રૂપ છે, જીવનના કિલ્લોલ રૂપ છે. જેમ બાળક જીવનસામગ્રી અન્યત્રથી ભરે છે તેમ જ તે પુસ્તકાલયમાંથી ભરશે; અને તે કેવળ પ્રાણ જીવનવૃદ્ધિને માટે.

પુસ્તકાલય શિક્ષણની પુરાતન સંસ્થા છે; છતાં તે હમેશ નૂતન શિક્ષક પ્રમાણે વાંચનારાઓ સાથે વર્તે છે. તે પુરાતન શિક્ષક પેઠે લાકડી લઇને પોતાનાં પુસ્તકો વંચાવતું નથી; તે ચીડાએલા ને થાકેલા ઘરડાંઓ પેઠે ટોક ટોક કરીને પુસ્તકો વંચાવતું નથી; તે કેટલા એક નાટકી શિક્ષકોની પેઠે ઉપરના હાવભાવ અને શણગાર વડે વાંચનારનું મન સાચે જ ખેંચતું નથી. પણ તે હમેશ નવા યુગના શિક્ષક પેઠે વાંચનારાઓને શું ગમશે, (નહિ કે મન હરવા પણ મન ઠરવા) તેનો વિચાર કરે છે: એને અનુકૂળ વાચન સામગ્રી વિવિધ દૃષ્ટિએ તૈયાર રાખે છે.

નૂતન શિક્ષકને બાળકમાં જેમ શ્રદ્ધા છે તેમ જ પુસ્તકાલયને પણ વાંચનારમાં શ્રદ્ધા છે.

સમૃદ્ધ, સુવ્યવસ્થિત, સુરસ અને સૌન્દર્ય-ભર્યું પુસ્તક પોતે ખાત્રીથી કહી શકે કે મારા વાંચનારાને માટે હું ખરેખર લાયક બન્યું છું; અને મારો વિશ્વાસ છે કે હું ખૂબ વંચાઇશ. પુસ્તકાલય પોતે મૌન રાખશે, તટસ્થ ઉભું રહેશે, ઉપદેશનાં વચનોથી અને 'આ પસંદ કરો ને તે પસંદ કરો.' તેવી દિશાઓથી બાળકોની રુચિ બેસૂર બનાવશે નહિ, પરંતુ થાળમાં પીરસેલી વિવિધ, સ્વાદિષ્ટ ને પૌષ્ટિક એવી બાઘ વાનીઓ જેમ ઉભું રહેશે અને બાળકને કહેશે: "તમારી યોગ્યતા પ્રમાણે, તમારી શક્તિ પ્રમાણે. તમે હોંશે હોંશે ધરાઇ ધરાઇને વાંચો. મારી વાનીઓ દાઝેલી નથી, ડાઘા પડેલી નથી; ચોખ્ખી અભરાઇઓમાં પડેલી છે, સુંદર ચિત્રોથી શોભીતી છે, અને સુલેખનથી સુવાસિત છે. મેં બહુ કાળજીથી બધી વાનીઓને પસંદ કરી છે. કડવી કે અતિ તીખી કે નુકસાનકારક એવી વાનીઓને અહીં આવવા જ દીધી નથી. મેં દરેક દરેક વાનીના ગુણદોષ તપાસેલા છે. મેં ચાખીને તેનો આનંદ લીધો છે. તમારે માટે તે હિતાવહ છે. તમે તે સુખેથી વાંચો."

પુસ્તકાલય પોતાનું આંગણું સ્વચ્છ રાખી તેમાં રાંગોળીઓ પૂરી, આજુબાજુ ફુલછોડથી ભરાઇ જઇ, રસ્તે જનારને સહેજે આવકાર આપશેઃ " આવો, આવો. બેસો. ઇતિહાસોનાં પુરાણાં પડો જોવાં હોય તો અહીં છે. દેશ-દેશની ઘેર બેઠાં માહિતી મેળવવી હોય તો અહીં છે. અનેક શોધોની પાછળ ખપી ગએલાં જીવનની અદ્‌ભુત કથાઓ અહીં છે. તમારે જે જ્ઞાન જોઇતું હોય તે અહીં મારી પાસે છે. આવો; આ વાતાવરણમાં પધારો તૃપ્ત થાઓ, સમૃદ્ધ થાઓ અને પાછાં જાઓ."

રંગના સુમેળથી રંગાએલું, સ્થળે સ્થળે આંખને કાનને અને મનને વિરામ આપે તેવું, ફુલદાનો અને પ્રેરક-પોષક ઉંચી કોટિનાં ચિત્રોવાળું, હરવા ફરવાની પુષ્કળ છૂટવાળું, બેસવાને આરામ આપે તેવા ઉપસ્કરવાળું પુસ્તકાલય, પુસ્તકાલયની ઉપયોગિતામાં પ્રથમ પગલા રૂપ છે.

આ બાલપુસ્તકાલયમાં સુવાસિત, સુરંગી અને સુવ્યવસ્થિત ફૂલબાગમાં જેમ પતંગિયાં યથેચ્છ ઉડે અને ફૂલેફૂલથી મધુબિંદુઓ ભરી ભરીને જીવન પોષે, તેમ બાળકો નવનવાં સુંદર પુસ્તકો હરતાં ફરતાં વાંચશે અને પુસ્તકે પુસ્તકે ભરેલાં અમૃતવચનોનું પાન કરશે. તે જોઇને પુસ્તકાલય, તેના ગ્રંથપાલ, તેના સ્થાપક અને બાળકોના શુભેચ્છકો હરખાશે. મધુબિંદુ જેમને મળેલું છે તેવાં બાળકો બીજાં બાળકોને અહીં આવવા પ્રેરશે; અને એમ કરતાં બાગનાં ઝાડો ફરતાં પતંગિયાં વધી જશે. તે દિવસે અહીંના લોકો બાળકોની રસવૃત્તિથી ચકિત થશે ને તેમની જ્ઞાન ઉપાર્જન કરવાની ત્વરિત શક્તિ ઉપર મુગ્ધ થશે; ને પોતે મોહું મોહું પણ ઘણું વહેલું એક બાલપુસ્તકાલય ઉઘાડ્યું તે માટે પોતાને ધન્ય માનશે.

અને અહીંના લોકોએ પણ આજના જેવો જ તાજો ઉત્સાહ અહર્નિશ રાખવો પડશે; ને હરહમેશ તેમના આશીર્વાદ પુસ્તકાલય ઉપર ઉતારવા જોઇશે. અર્થાત્ આ બાલપુસ્તકાલય હમેશને માટે તેમનું પ્રિય બાળક રહેવું જોઇશે.

આ માટે આ પુસ્તકાલયે નિત્યનવીન રહેવું પડશે; નવનવાં પુસ્તકપ્રકાશનજલથી સિંચિત રહેવું પડશે, અને કચરાથી હમેશાં દૂર રહેવું પડશે. આજે ધરેલો શણગાર હમેશાં ધારણ કરવો પડશે ને આજનું રૂપ સ્થાયી કરવું પડશે.

બાલપુસ્તકાલય એ જ્ઞાનમંદિર છે; અને તેનો ગ્રંથપાલ એ મંદિરનો પૂજારી છે. પરંપરાગત પૂજારીનો મંદિરો સ્વચ્છ રાખવાનો, પૂજા કરવાનો, મંદિર શણગારવાનો જે ધર્મ છે તે ગ્રંથપાલ બરાબર પાળે. તે હમેશ જોતો રહે કે પુસ્તકો બરાબર ચોખ્ખાં બંધાએલાં અને ગોઠવાએલાં છે. તેના ઉપરના નંબરો ને તેના ઉપરની 'કેમ વાંચશો'ની સૂચનાઓ બરાબર છે.

જ્ઞાનમંદિરના દેવો જીવન્ત છે. તેઓ આ મંદિરમાં હરશે ફરશે અને વાંચવા માટે પુસ્તકો હેરવશે ફેરવશે. તેને લીધે મંદિરનાં પુસ્તકો, ચિત્રો જીવન્ત થઈ હરવા ફરવા લાગશે ગ્રંથપાલ આનાથી ગભરાય નહિ. પુસ્તકોને વૃક્ષોની જેમ સ્થિર રાખ્યા કરવાનું કામ ગ્રંથપાલનું

નથી. તેની ભાવના એ હોય કે પુસ્તકો જેટલાં હરેફરે તેટલો જ્ઞાનપ્રચાર વધારે છે. નિશાળિયાને માસ્તર જેમ નિશાળમાં પૂરી રાખે છે તેમ ગ્રંથપાલે પુસ્તકોને કબાટમાં પૂરી રાખવાનાં નથી. પુસ્તકો જેમ જેમ કબાટમાંથી વધારે બહાર નીકળે તેમ તેમ તેનું હૃદય વધારે પ્રસન્ન થવું જોઇએ. સાચવીને વાંચતાં છતાં પુસ્તકો કયારે ફાટી જાય ને કયારે નવાં લઉં, તેવી ઇચ્છાવાળો ગ્રંથપાલ પુસ્તકાલયનો સાચો ગ્રંથપાલ છે.

ગ્રંથનું પાલન પોષણ પુસ્તકોને યથેચ્છ બાળકોના હાથમાં રમવા દેવામાં છે, નહિ કે તેમને કબજામાં રાખવામાં. ગ્રંથપાલ ચોકીદાર નથી, પણ તે કેળવણીકાર છે. ગ્રંથમાં કેળવણી આપવાનું જે સામર્થ્ય છે તે સામર્થ્ય સિદ્ધ થાય માટે ગ્રંથને તેના લાયક વાંચનારના હાથમાં જે મૂકી જાણે તે ગ્રંથ જેવો જ એક શિક્ષક છે. અનેક વાનીઓ રંધાયા પછી પ્રેમપૂર્વક જોઇતી જોઇતી વાનીઓ હસી હસીને પીરસનારી મા જેવો ગ્રંથપાલ છે. ગ્રંથપાલ વંચાઇ રહેલી ચોપડીઓને કબાટમાં મૂકનાર ને ગોઠવનાર પટાવાળો નથી, પરંતુ તે પુસ્તકાલયનો વિજ્ઞાનશાસ્ત્રી છે. વૈજ્ઞાનિક પેઠે વાંચતાં બાળકોનું ને વપરાતાં પુસ્તકોનું તે અવલોકન કરે છે. કયાં કયાં પુસ્તકો કેટલી તલ્લીનતાથી ને પ્રેમથી વંચાયાં? કયાં પુસ્તકો વારંવાર વંચાય છે? કયાં પુસ્તકોની સો સો નકલો પણ પૂરી પડતી નથી? કયાં પુસ્તકોની સામે કોઇ જોતું નથી? કયાં કયાં પુસ્તકો ઉપરથી આકર્ષક છતાં અંદરથી અણગમો ઉપજાવે છે? કયાં પુસ્તકો નાળિયેરની જેમ અંદર મીઠાં છે ને કયાં પુસ્તકો બોરકની જેમ બહારથી મીઠાં છે, તેનો તે પારખુ હોય છે; અને હીરાના વેપારીઓ જેમ કસીને માલ ખરીદે છે તેમ પુસ્તકો જોઇ જોઇને, વાંચી વાંચીને પુસ્તકાલયને માટે સંગ્રહે છે.

ફૂલીફાલી બોરડીનાં બોરમાંથી મીઠાં મીઠાં બોરને પોપટ જેમ પોતાની ચાંચ મારે છે તેમ ફાલ્યાફૂલ્યા ગુજરાત બાલસાહિત્યમાંથી ગ્રંથપાલ પોતાના પુસ્તકાલય માટે મીઠાં મીઠાં

"શ્રીદક્ષિણામૂર્તિ" ત્રૈમાસિક

વાર્ષિક લવાજમ રૂા. ૪) હતું તેને બદલે બધાને માટે રૂા. ૨) ચાલુ ઑગસ્ટના વર્ષથી કર્યું છે. સસ્તી યોજના બંધ કરી છે. આથી હવે થોડા કન્ટીજન્ટની સમાસવાળી શાળાઓ પણ ગ્રાહક થઇ શકશે. મુંબઇ ઇલાકાના કેળવણી ખાતા તરફથી તેને ગયે વર્ષે મંજુરી મળી છે એટલે હવે સરકારી શાળાઓ પણ તેના ગ્રાહક વિના સંકોચે ધારે તો થઇ શકે તેવું છે. ગ્રાહક વર્ષની શરૂઆતથી જ ગણાય છે.

વ્યવસ્થાપક
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

પુસ્તકો ખરીદે. સર્વસંગ્રહ બોરનો સૂંડલો છે. તેમાં જેટલાં હોય તેટલાં બાટાંમીઠાં બધાં બોર ખરીદવાનું તેનું કામ નથી. પુસ્તકોની ભેટો મોકલનાર ઉદાર સજ્જનોની ભેટને ભેટ છે માટે કબાટોમાં ન મૂકે. ગ્રંથપાલ તેમાંથી ઉપયોગી સામગ્રી જ સ્વીકારે. બાળકો પુસ્તકાલય વાપરતાં હોય તે વખતે ગ્રંથપાલ મૌન રાખીને જોઇતું સાધન પૂરું પાડનાર મોન્ટીસોરી શિક્ષક જેમ પોતાની વૃત્તિ રાખે. વાંચનારાઓની જાતિવાર, ઉંમરવાર, પુસ્તકવાર તે નોંધપોથી રાખ્યા કરે; અને માસ આખરે કેટલાં બાળકોએ કેટલાં પુસ્તકોનો વિષયવાર ને જાતિવાર લાભ લીધો તેનો અહેવાલ લખે. ગ્રંથપાલ હમેશાં બાળકોને પોતાના અતિથિ સમજે, ને રોજ રોજ નવું આપીને તેમનું મન પ્રસન્ન કેવી રીતે કરાય તેનો વિચાર કરે. નવું આવેલું કે પોતે આણેલું પુસ્તક બાળકોનું ધ્યાન ખેંચાય તેમ મૂકવાનું ચૂકે નહિ. પોતાના અતિથિઓ પાસે બેસીને કોઇ વાર સારી ચોપડીમાંથી વાંચે ને નવા પુસ્તકનો પરિચય કરાવી વાચનનો રસ અધિકતર કરે. કોઈ કોઇ વારે પોતે મૃત કે જીવંત લેખકોની વાતો કહે. કોઇ વાર વાચનના જલસાઓ રચે. બધાં બાળકો સમક્ષ પોતે વાંચે ને સુંદર વાચનનો આદર્શ રજુ કરે.

બાલપુસ્તકાલય નવી બાલશાળા જેવું જ હોય. ત્યાં ધોંધાટ ન હોય; ત્યાં બાળકોનું સ્વાતંત્ર્ય ને સન્માન હોય; તે બાળકોને પોતાના ઘરથી વધારે પ્રિય હોય બાળકોની શાંતિમાં, જ્ઞાન લેવાની શક્તિમાં, વ્યવસ્થાપ્રિયતામાં જેમને વિશ્વાસ હોય અને જેઓ બાળકોની સાથે સુંદર રીતે કામ પાડવાની કળાવાળા હોય તેવાઓને જ બાલપુસ્તકાલયોના ગ્રંથપાલ નીમવા જોઇએ. એક સારો ગ્રંથપાલ હજારો પુસ્તકોની કિંમતનો છે. પુસ્તકોની કિંમત હજારગણી વધારે ઉપજાવવા ગ્રંથપાલ એક જ સાધન છે. ધનને સાચવનાર ને ધનને ઉદારતાથી વાપરનારમાં જે તફાવત છે તેવો તફાવત સારા નરસા ગ્રંથપાલમાં છે.

પુસ્તકાલય એક આંબો છે. આજે અમરેલીને આંગણે આપણે આંબો રોપીએ છીએ.

અમરેલી પાંચદસ વર્ષે જોશે કે એ આંબે મોર બેઠો છે ને કેરીઓ ઉતરવા લાગી છે.

તેની ખાતરી બાલપુસ્તકાલયનો ઉપયોગ કરનાર બાળકો જ મોટાં થઇને અમરેલીને આપશે. નવા ઝાડને વાવતી વખતે આપણે સૌ નિશ્ચય કરીએ કે "આ ઝાડ અમે વાવ્યું છે; આ ઝાડ અમારું છે; અમે તેને ખાતરપાન આપ્યા કરીશું, અમે તેને ઉછેરવાનો ધર્મ સમજશું."

અમરેલીના જનોની આ ભાવના થાઓ.

નવું ઝાડ વાવતી વખતે આપણે ઈશ્વર પાસે માગીએ: "હે ઇશ્વર! આ ઝાડ ઉપર તારી અમીદૃષ્ટિ નાખજે. સૂર્ય, જલ, પૃથ્વી રૂપી તારી શક્તિઓ આ ઝાડના પોષણાર્થે મૂકજે. હે ઇશ્વર, આ ઝાડ ઉપર તારો આશીર્વાદ સદાય વરસાવજે."

અમરેલીના આંગણામાં વાવેલું આ ઝાડ અજર ને અમર રહો. ૐ શાંતિ શાંતિ શાંતિ.

ગિ.

બાંડરડાંનો વિકાસ

આપણે ઘણી વાર અચંબો પામીએ છીએ ને કહીએ છીએ કે આ બાળકો એક જ માબાપનાં છોકરાં, એક જ ઘરમાં ઉછરેલાં, સરખી પરિસ્થિતિ, સરખી સગવડઅગવડ, છતાં તેઓ સ્વભાવમાં ને શક્તિમાં એટલાં બધાં જુદાં કેમ ?

એનો જવાબ મેળવવો એક રીતે સહેલો છે. એક માબાપનાં એક જ ઘરમાં રહેતાં બાળકોની પરિસ્થિતિ જરા ઝીણવટથી તપાસીએ તો તેમનામાં સ્વભાવફેર ને શક્તિફેરનાં કારણો તરત જડી આવે તેમ છે.

બાળકો એક માબાપનાં હોય છે એ વાત ખરી. છતાં માબાપો હમેશ એક જ પ્રકારનાં રહેતાં નથી. દરેક બાળકના ગર્ભાધાન વખતે તેઓ જુદી જુદી માનસિક ને શારીરિક સ્થિતિમાં હોય છે. તેનો લાભાલાભ તે તે બાળકને મળ્યા વગર રહેતો નથી. માબાપોનો વિકાસ આગળ ને આગળ થતો જ હોય, અનુભવ અને જ્ઞાનમાં જો તેઓ આગળ ને આગળ વધતાં જ હોય, તો બાળકો પણ એક કરતાં એક ચડિયાતાં નીપજે એ સંભવનીય છે. પરંતુ વસ્તુસ્થિતિ મોટે ભાગે એવી છે કે માબાપોનો જુવાનીનો ઉત્સાહ, જોસ, તાજગી, મહત્ત્વાકાંક્ષીપણું ને મુખ્યત્વે જીંદગીનો ઉલ્લાસ ઠેઠ સુધી ટકતાં નથી. શરીરસંપત્તિ પણ તેઓ ઠેઠ સુધી સાચવી શકતાં નથી. જીવનનું આશાવાદીપણું પણ ઘણું ઘટી જાય છે. તેથી પહેલાં કરતાં છેલ્લાં છેલ્લાં બાળકો શરીરસંપત્તિમાં અને માનસિક સંપત્તિમાં ઘણી વાર મોળાં જન્મેલાં જોવામાં આવે છે.

બીજું એક જ ઘરમાં બાળકો જન્મે છે છતાં ઘર તદ્દન એક સરખું રહેતું નથી. માણસના જીવનમાં ચડતીપડતી આવે છે તે પ્રમાણે ઘર બદલાય છે, ને ઘરની પરિસ્થિતિ પણ બદલાય છે. ઉપર કહ્યું તેમ માબાપોના જીવન પ્રત્યેની વૃત્તિ બદલાય તે પ્રમાણે પણ ઘર બદલાય છે. અર્થાત્ પરિસ્થિતિ કે સગવડઅગવડ બધાં બાળકોને એકસરખાં મળતાં જ નથી. એવાં થોડાં જ ભાગ્યશાળી કુટુંબો હોય છે કે જ્યાં પહેલાથી છેલ્લા બાળક સુધી સરખી ને સારી સગવડ અને વિકાસને અનુકૂળ જ પરિસ્થિતિ મળતી હશે.

આ પરત્વે માબાપો જો પોતાથી બનતું કરી છૂટે તો બાળકોને તેમને વિષે ફરિયાદ કરવાપણું ન રહે. માબાપોએ પોતાની શારીરિક અને માનસિક સ્થિતિ સતત સારી ને સારી રાખવી ઘટે; અને તે તેવી ન હોય ત્યારે બાળકનું ગર્ભાધાન ન થાય તેની સંભાળ રાખવી તો જરૂર તેમના હાથમાં છે. જીવનનો ઉલ્લાસ જાળવવો, આશાવાદી રહેવું, તાજગી રાખવી એ બાળકોની અભિલાષા રાખવાવાળાં માબાપો માટે આવશ્યક છે. પરંતુ આમ કહેવું જેટલું સહેલું છે તેટલું આચરવું સહેલું નથી એમ તો કહેવું જ પડે. કારણ મનુષ્યના જીવનમાં એવા એવા પ્રસંગો આવે ને તેથી માણસનું મન એવી રીતે ખાટું, નિરુત્સાહી ને દુઃખી બની જાય છે કે તેમાંથી તરત ને તરત તેઓ નીકળી ન પણ શકે.

જો કે પ્રયત્નથી અમુક કાળ પછી તે શક્ય હોય. ખાસ કરીને કેટલાંએક તો દુઃખી ને નિરાશ રહેવાનો જાણે સ્વાદ ન લેતાં હોય તેમ પ્રયત્નથી રહે છે. આજુબાજુની પરિસ્થિતિ જાણી જોઇને તેવી રચે છે અને કાયમ દુઃખી મોઢું કરીને બેસવું, દુઃખની જ વાતો કરવી, અને પોતે દુઃખી છે તે વાત કાયમને માટે સિદ્ધ કરવી એમાં જ તેમને રસ પડે છે. એ માનસની વિકૃતિ છે. તેમાંથી માણસે પ્રયત્નથી બચવું જ જોઇએ. સંસાર એક મહાન યોગસાધના છે. સંસારમાં સારામાઠા પ્રસંગો આવ્યા કરે છે. તે બધાને નિસરણી બનાવી તેમાંથી જીવનને ઉપયોગી સાર ખેંચી લઈ જે આગળ ચાલે છે તે જ જીવન જીતે છે. તેની નીચે જે દબાઈ જાય છે તે જીંદગી ખોઈ બેસે છે. પોતાનાં બાળકો ખાતર માબાપોએ જીંદગી હારી બેસવાનો રસ્તો છોડી દેવો જોઇએ. તેમ ન બને ત્યાં સુધી તેમનાં બાળકોને તેમનાથી ગેરલાભ મળ્યા જ કરવાનો.

માબાપો પોતે અને તેમની બહારની પરિસ્થિતિ એ વસ્તુઓ જેમ બાળકોના વિકાસને પોષક કે વિઘાતક બન્યા કરે છે તેમ એક બીજું બહુ જ મહત્ત્વનું તત્ત્વ તેમના વિકાસમાં પોષક અથવા વિઘાતક તરીકે કામ કરે છે તે તરફ આપણું બહુ જ થોડું ધ્યાન ગયું છે. પણ તે અતિશય મહત્ત્વનું છે. એક જ ઘરમાં, સરખી સગવડઅગવડે ઉછેરાતાં છતાં પોતાનાં બધાં બાળકો સાથે માબાપો કેવું વર્તન રાખે છે તે ઉપર ભાંડરડાંના વિકાસનો આધાર હોય છે. તાત્ત્વિક દૃષ્ટિએ કહીએ તો માબાપોને બધાં બાળકો સરખાં હોવાં જોઇએ; પરંતુ વ્યવહારમાં જોઇએ તો માબાપોનો અમુક તરફ પક્ષપાત, અમુક એક વધારે વહાલું, અમુક ઓછું વહાલું, અમુકને ઘરમાં બધી સગવડો મળે, અમુકને માટે જાણે ઘરમાં સ્થાન જ ન હોય, એવા બાળક બાળક પરત્વે વર્તનમાં ફેરફાર ને પક્ષપાતીપણું સ્પષ્ટ દેખાઈ આવે છે. બાળકો પોતે પોતાનું ઘરમાં શું સ્થાન છે તે બરાબર સમજે છે; માબાપનું વહાલું બાળક ઘરમાં શ્રેષ્ઠ ગણાય ને અણમાનીતાનું સ્થાન નીચું ગણાય તે બાળકો સમજે છે. આથી શ્રેષ્ઠ ગણાતા બાળકને પણ તેટલું જ નુકસાન પહોંચે છે કે જેટલું હલકા ગણાતા બાળકને પહોંચે છે.

માબાપોના પક્ષપાત માટે ઘણાં કારણો હોય છે એ વાત ખરી. કોઇ વધારે બુદ્ધિશાળી હોય છે, કોઇ વધારે રૂપાળું હોય છે; સિવાય કોઇ વાર પહેલા બાળક તરફ પક્ષપાત બંધાઇ જાય છે તો વળી કોઇ વાર છેલ્લા બાળકના વિશેષ લાડ થાય. બીજું આપણા સમાજમાં છોકરો અને છોકરી એ તો કાયમી શ્રેષ્ઠ હલકાનો ભેદભાવ ઉત્પન્ન કરવાનું સાધન છે. છોકરો શ્રેષ્ઠ; તેને દૂધ ઘી મળે, તેને ભણવા રમવાની સગવડ મળે. ને છોકરી તો ઘરકામમાં કેમ વહેલામાં વહેલી આવે તેની જ રાહ જોવાની હોય. ખાવાપીવામાં પણ છોકરા છોકરી વચ્ચે ભેદભાવ હોય.

આવા પક્ષપાતનાં બે જાતનાં પરિણામો આવે. કાં તો હલકું ગણાતું બાળક પોતે હલકા દરજ્જાનું છે એમ સ્વીકારી લે છે; બધાંની સાથે શ્રેષ્ઠ ગણાતા બાળકની શ્રેષ્ઠતા તે પણ કબૂલે છે, અને તેની સેવા ચાકરી કરવામાં, તેને સગવડ આપવામાં સામેલ થાય છે.

આપણે ત્યાં છોકરીઓની સ્થિતિ મોટે ભાગે આવી જ હોય છે. ભાઇને જ પાટલો હોય, ભાઇની ગાડી જ સૌથી મોઢા આગળ ચાલવી જોઇએ, એમ તે પોતે પણ માનવા લાગે છે.

આથી દેખીતી રીતે તેને ઓછું નુકસાન પહોંચે છે, કારણ તેનામાં અસંતોષનું બીજ રોપાતું નથી. તેને આ ભેદભાવમાં અન્યાય લાગતો નથી ત્યાં સુધી ઘરનું કામકાજ વિના મુશ્કેલીએ ચાલ્યા કરે છે. એનો ગેરલાભ લાંબી મુદતે દેખાય છે અને તે એક ગુલામી જાત ઉભી થાય છે તેમાં. બાલિકાઓ કે હલકાં ગણાતાં બાળકો બંડ નથી કરતાં તેથી તેમનો વિકાસ અટકે છે અને ગુલામી માનસ ઉત્પન્ન થાય છે. બીજા ઉપર આધાર રાખવાની ને બીજાની જ સામે જોવાની વૃત્તિ વધે છે. પણ જેઓ ભેદભાવ સ્વીકારતાં નથી તે મનમાં અસંતોષને પોષે છે. અદેખાઇ, ઇર્ષ્યા ને દ્વેષભાવ તેમના મનમાં આગ ઉત્પન્ન કરે છે. બંડ કરીને જ દરેક વખતે તેમને પોતાના હક્કો મેળવવા પડે છે.

આ બન્ને જાતનાં બાળકોની સ્થિતિ બહુ જ કરુણ હોય છે. પોતાના ઘરમાં જ જેમને જીવવા સારૂ બંડ કરવું પડે, જીવનના હક્કો માટે માબાપો સામે લડવું પડે અથવા તેમના અન્યાયો મૂંગે મોઢે સહન કરી લેવા પડે એ બન્ને વસ્તુ બાળજીવનમાં અત્યંત ઘૃણાપાત્ર કહેવાય. માબાપોએ આ બાબતમાં પોતાની જાતને બરાબર તપાસવી જોઇએ અને આ રીતે પોતે જેમને જન્મ આપ્યો છે અને તેથી જેમને પોતાથી બનતી સગવડ આપવા પોતાની જાતને બંધાએલ તેમણે ગણવી જોઇએ, તેને બદલે પોતે ભેદભાવ રાખી પોતાનાં બાળકોને ઓછીવત્તી સગવડ આપે તે પોતાના બાળકનું સૂક્ષ્મ રીતે ખૂન કરવા બરાબર ગણવું જોઇએ.

ઘણી વાર માબાપોમાં પક્ષપાત નથી હોતો છતાં અજ્ઞાનથી બાળકોને પક્ષપાત કરતાં પણ વધારે નુકસાન પહોંચે છે. એક બાળક નાનું ને એક મોટું તો હોય જ. તેમાં માબાપો સ્વાભાવિકપણે નાનાંને વધારે રક્ષણ આપે છે. એના કજીયામાં નાનાને જરા સંભાળી લે છે. તેથી મોટાના મનમાં ઘણી વાર અન્યાય થયાની લાગણી ઉત્પન્ન થાય છે. આથી ઉલટું કેટલીક વાર નાનાના મનમાં અન્યાય થયાનું શલ્ય રહી જાય છે. તેને લાગે છે કે બધી સગવડો મોટાને મળે છે, ને તે જ્યારે માગવા જાય છે ત્યારે "તું નાનો છો." એમ કહેવામાં આવે છે તેથી તેનું મન ખૂબ દુખાય છે. માટે આવા નાના મોટાના કજીયા પતાવવામાં ખૂબ સંભાળ રાખવાની જરૂર છે. બન્નેમાંથી કોઇને પણ અન્યાય થયો ન લાગે પણ આપેલો નિર્ણય, બન્નેને સરખો લાગુ પડે એવા કાયદા અનુસાર મળ્યો છે એમ લાગવું જોઇએ.

તેમ જ નવા જન્મેલા બાળકની સારવારમાં મોટા તરફ દુર્લક્ષ ન થવું જોઇએ. મોટાના મનમાં અદેખાઇનું બીજ નાની ઉંમરે ભાંડરડાંના જન્મ વખતે જ ઘણી વાર રોપાય છે. મા નાનાની સારવારમાં રોકાઇ હોય તે વખતે બાપે મોટા તરફ ધ્યાન આપી તેને નિરાધાર થઇ જવાની સ્થિતિમાંથી બચાવવું જોઇએ. તેમ જ માતાએ પણ તેને સાવ વિસારી ન મૂકવું જોઇએ.

નાના મોટાની અદેખાઇ ઘણી વાર અમુક

પ્રકારના વિનોદથી પોષાય છે. આજુબાજુનાં માણસો મોટા બાળકને કહે છેઃ "હવે બા તારી નથી. હવે તું તેને ગમતો નથી." વગેરે કહીને તેના મનમાં નિષ્કારણ ઈર્ષ્યા જગાવે છે. બાળકોને વાણી હોત તો તેઓ વાર્તાનાં પેલાં દેડકાંઓએ પથરા ફેંકનારા છોકરાઓને કહ્યું તેમ કહેત કે "તમારી રમત થાય છે પણ અમારો જીવ જાય છે."

જેમ નાના પ્રત્યે વધારે ધ્યાન રાખવું પડે છે તેમ ઘણી વાર માંદલા, અશક્ત કે વ્યંગવાળા બાળક પ્રત્યે માબાપો થોડો પક્ષપાત સ્વાભાવિકપણે રાખે છે. તેમાં જો બરાબર યોગ્ય સંભાળ ન લેવાય તો બીજાં બાળકોને કારણ વગર અન્યાય લાગે છે; આથી ઊલટું અશક્ત કે વ્યંગવાળાં બાળકો પણ નાનાની જેમ દુઃખી થાય છે. માટે બન્ને બાજુ સંભાળપૂર્વક ચાલવાની જરૂર હોય છે.

મોટાં કે સશક્ત બાળકોને નાનાંની તેમ જ અશક્ત કે વ્યંગવાળાંની સારવારમાં પોતાની સાથે જોડી દેવાં જોઇએ. તેમના મનમાં તે પ્રકારની એટલે પ્રેમથી રક્ષણ આપવાની લાગણી જાગે તેવા સમભાવથી કામ લઇએ તો નાનાંમોટાં કે સશક્ત-અશક્તની ભાંજગડમાંથી બાળકોને બચાવી શકીશું. તેમ જ એકને ધ્યાન આપવામાં બીજાં તરફ બેધ્યાન ન થઇ જવાનું ખાસ લક્ષમાં રાખવું જોઇએ.

અસંતોષની લાગણી ઉત્પન્ન થવાનું એક બીજું કારણ હોય છે. બાળકોને બધી સરખી સગવડ આપ્યા છતાં બધાં બાળકો સરખાં જ રૂપવાળાં કે સરખી પ્રકૃતિવાળાં થવાનાં નથી. વ્યક્તિગત આત્માની પૂર્વ ભવની મૂડી અનુસાર કહો કે હજી સુધી માનવજાતિ જેનું કારણ શોધી શકી નથી એવા કોઈ કારણસર કહો પણ બાળકો જુદી જુદી શક્તિવાળાં થાય છે. માબાપોના મનમાં એક પ્રત્યે પ્રેમ કે બીજા પ્રત્યે ઓછો પ્રેમ હોય છે એવું કશું ન હોવા છતાં તેઓ એકની સ્તુતિ કરે, શક્તિવાળા બાળકને વખાણે, ચાર માણસમાં તે નીજ વાહવા થાય તેથી બીજાં બાળકો જો પાછળ રહી જાય તો તેમને કાં તો અદેખાઇ આવે છે, ને કાં તો તેમનો આત્મવિશ્વાસ ઓછો થઇ જાય છે; તેથી તે હમેશ પછાત જ રહે છે. ઘણી વાર મોટાંઓ કશો ભાગ ન ભજવતાં હોય તો પણ બાળકો જ એકબીજાંને ઢાંકી દેવાનું કરે છે. બીજાંને હલકા પાડી પોતે વિશેષ હુશિયાર છે તેનું પ્રદર્શન કરવાની ટેવ ઘણાં બાળકોને હોય છે. તેમ ઘણાં બાળકો જુલમગાર વર્ગનાં હોય છે. ઘણાં બીજાંની ઉપર બૌદ્ધિક સત્તા ભોગવવા જાય છે. માટે એવાં બાળકોથી તેમનાં ભાંડરડાંને બચાવવાની જરૂર છે. આમાં એમ નથી કે મોટાં જ હમેશ નાનાંને દબાવે છે. ઘણી વાર નાનાંની શક્તિથી મોટાંઓ અંજાઇ જાય છે, ને નાનાં તેમને આંજી નાખવાનો પ્રયત્ન કરે છે. જ્યારે આથી ઉલટા દાખલા પણ જડી આવે છે. સાર એ કે શક્તિ અને રૂપગુણમાં ફેર હોય તો પણ બીજાંના કહેવાથી એકને શ્રેષ્ઠતા ન લાગી જાય ને બીજાંને ઉતારી પાડવાનું ન બને પણ દરેકને પોતાની રીતે પોતાની શક્તિઓ ખીલવવાની પૂર્ણ સગવડ, અને જરૂર હોય ત્યાં ઉત્સાહ પણ મળે તે આવશ્યક છે. તા.

સાવ સાચી વાત

હું શાળાએથી ૧૧ થી ૨૧ ના રિસેસમાં ઘેર આવ્યો. મારા ઘરની સામે એક પીંપળીના ઝાડ નીચે બે નાનાભાઇઓ (એક ૬ વરસનો અને બીજો ૩ વરસનો) રમે.

મોટોભાઇ ધૂળના ઢગલા કરે અને નાનો ભાઇ તે ભગાડી નાખે. બેઉની નિર્દોષ રમત ચાલતી હતી ત્યાં મોટાભાઇએ કહ્યું: " જા, તને નહિ રમાડું." નાનો ભાઈ રોતો રોતો ઘરમાં બેઠેલી મા પાસે ગયો અને કહ્યું: " બા, ભાઇ નથી રમાડતો." ભયંકર રવરૂપ કરી બા ઘરમાંથી બહાર આવી. " એ રોયા ! આને કેમ નથી રમાડતો ? તને પલગ (પ્લેગ) નીકળે મૂઆ. આમ આવ !" આનંદથી રમતો મોટો ભાઇ રમત મૂકી બેચાર પગલાં દોડી ભાગવા માંડ્યો. માએ " આમ આવ, રોયા ! " એમ બેચાર બૂમો પાડી ત્યારે એ બીકથી ધ્રૂજતા બાળકે કહ્યું: " બા ! મને ન માર તો આવું ! " " અરે આમ આવ, સાલા ! " કહી બા પાછળ દોડી.

બા પાછળ દોડી પછી ૭ વરસના બાળકનું શું ગજું ?

છેવટે મોટો ભાઇ પકડાયો. મા તેને ઘરમાં લઇ ગઇ.

ત્યાં ચાર પાંચ થપાટ જોરથી મારી કહ્યું કે ' સાલાએ ઉપાડો લીધો છે.' બાળક ઘૂમો પાડવા માંડ્યું પણ માને શાની દયા આવે ? બાની બાએ કહ્યું: " સાથળમાં ચૂંટીઆ લે, ચૂંટીઆ રોયાને ! જો સામે ખૂણામાં લાકડી પડી." બાએ પણ નિર્દય થઈ માની આજ્ઞા માની લાકડી લીધી અને બાળકને મારવા માંડી. કોણ કહે કે ભૂકો ? જે જાય તેની સાથે લડે. આ દૃશ્ય જોઇ મારા હૃદયમાં કાંઈનું કાંઇ થઇ ગયું. મેં પ્રભુ પાસે પ્રાર્થના કરી કે " હે ઇશ્વર ! તું આવાં ઘાતકી માણસોને ત્યાં બાળક શા માટે જન્માવે છે ? " માર ખાધેલ બાળક ખૂણામાં સૂઇ રહ્યું. નાનો ભાઈ તેની સામે ટગર ટગર જોઇ રહ્યો અને હું પણ છેવટની દૃષ્ટિ તે નિર્દોષ બાળક પર નાખી શાળાએ ગયો.

ગો.

થોડાંએક દૃશ્યો

: ૧ :

જયંતિકા, લખી, સવિતા ને બબલા ચાર જણાં અમારાં ઊંબરા નીચે કૂટતાં હતાં.

બાલમંદિરનાં અભ્યાસક્રમમાં કૂટવું નથી, તેમ તે શીખવાડતામાં પણ નથી આવતું.

લખી ને સવિતા અને બબલી ને જયંતિકા સામસામે કૂટતાં હતાં. સવિતાને ને જયંતિકાને બરાબર આવડતું ન હતું. તેઓ તાલીમ લેતાં હોય તેમ લાગતું હતું.

મને આ ન ગમ્યું. હું તેમની પાસે ગયો અને તેમ કરવા ના પાડી.

મેં કહ્યું. " જુઓ ને, પણે સુંદર સંગીત થાય છે ત્યાં જઇને બેસો. "

તેઓ ઊંબરાની નીચેથી બસી ગયાં. મને થયું કે તેઓ સંગીતમાં જશે.

આંટો મારી ફરી વાર એ બાજુએ આવ્યો.

Reg. No. B 2241

તેઓ અગાસીમાં જઈ કૂટતાં હતાં.

મેં પૂછ્યું "આ શું કરો છો?"

"કૂટીએ છીએ. ગિજુભાઇ, દેદો કૂટીએ છીએ."

મેં પૂછ્યું: "દેદો વળી શું? એને શું કામ કૂટવો?"

"દેદો એટલે દેદો. શેરીમાં બધાં કૂટે છે એટલે અમેય કૂટીએ છીએ."

"પણ આપણાથી ન કૂટાય."

"કૂટાય, કૂટાય, બધાં છોકરાં શેરીમાં કૂટે છે."

સવિતા કહેઃ "અમારી શેરીમાં તો કોઇ કૂટતું નથી."

જયંતિકા કહેઃ "અમે તો ગામ બહાર રહીએ. ત્યાં કોણ કૂટે?"

મેં કહ્યું: "ત્યારે તમે શા માટે કૂટો છો?"

"અમને લખી કૂટાવે છે માટે. કહે છે કે આપણે છોકરીઓએ કૂટવું જોવે."

લખી કહેઃ "મારી બાયે કહેતી હતી કે કૂટતાં તો આવડવું જોઇએ ના? કો'ક મરી જાય ત્યારે કૂટવા જાવું પડે ના?"

મેં કહ્યું: "પણ અહીં કૂટવાની ના પાડું છું."

છોકરાં: "ના, અમે તો કૂટશું. અમને બહુ ગમે છે."

મેં કહ્યું: "હું કૂટવા નહિ દઉં. અટકાવીશ."

છોકરાં: "તો પણે દૂર જઇને કૂટશું. અમારે કૂટતાં તો શીખવું જોવે ના?"

મેં કહ્યું: "પણ તમારે સંગીત નથી શીખવું?"

છોકરાં: "અમારે કૂટતાં શીખવું છે."

મેં કહ્યું: "જયંતિકા, તમારે પણ શીખવું છે?"

જયંતિકા: "મને તો કાંઇ ગમતું નથી. લખી કહે છેઃ "હાલો કૂટીએ, ત્યારે હુંયે કહું છું."

મેં કહ્યું: "ત્યારે તમે તો સંગીતમાં જાઓ."

જયંતિકા સંગીતમાં ગયાં. સવિતા પણ ગઇ. લખી અને બબલી રહ્યાં.

મેં કહ્યું: "કાં, હજી કૂટવું છે? બે જણ તો ચાલ્યાં ગયાં?"

બબલી કહેઃ "ભલે ગયાં. હું તો એકલી એકલી કૂટીશ."

મેં કહ્યું: "નહિ કૂટાય. અહીં એવું નહિ ચાલે."

લખીઃ "ગિજુભાઇ બહુ ખરાબ છે. ઘરે બા કૂટવા દે છે ને ગિજુભાઇ તો ના પાડે છે. ગિજુભાઇ બહુ ખરાબ છે."

ગિ.

શ્રીદક્ષિણામૂર્તિ બાલઅધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓને

જેઓને હજી સુધી પોતાનું પ્રમાણપત્ર મળ્યું ન હોય તેમણે નીચેને સ્થળે લખી જણાવવું એટલે તેમને અધ્યાપનમંદિરનું પ્રમાણપત્ર મળી જશે.

આચાર્ય, અધ્યાપનમંદિર : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ~~સાતમું~~ ૮૫
૧૯૮૯

અંક ૧૦ મો
માર્ગશીર્ષ

: તંત્રીઓ :
ગિજુભાઇ
તારાબેન

ક્ષણિક એવા વીજળીના ચમકારાથી વિશ્વ ઉપર સતત પ્રકાશ નથી રહેતો. વધતા ઘટતા ચંદ્રના પ્રકાશથી પણ જગતનું અંધારૂં કેવળ ટળતું નથી. એ તો એક સૂર્ય જ છે કે જેના પ્રખર અને સ્થિર પ્રકાશથી જીવનમાત્રને પ્રાણ અને પ્રકાશ મળે છે.

જીવન અને પ્રાણ મેળવવા માટે ક્ષણિક ચમકારા અને બદલાતો પ્રકાશ ઓછા ઉપયોગના છે. ચમકારામાં આંજવાની શક્તિ છે, બદલાતા પ્રકાશમાં નવીનતા અને રમ્યતા પણ હોય; પણ સ્થિર પ્રકાશ એક જ નિત્ય છે અને છતાં નવીન છે; સતત છે અને છતાં રમણીય છે.

સંદેશ

[ડૉ. મોન્ટીસોરીના તંત્રીપદ તળેના "ધી ક્રોલ ઑફ એજ્યુકેશન" નામના પત્રના પ્રથમ અંકનો અગ્રલેખ.]

આ પત્રને માટે પસંદ કરવામાં આવેલું નામ આપણા સાહસનો કાર્યપ્રદેશ બતાવે છે. આપણો ઉદ્દેશ મોન્ટીસોરી વિચારના અનેક ઉપાસકો કે જેઓ આખા જગત ઉપર છૂટા-છવાયા બળ રૂપ પડેલા છે તેમને માત્ર વ્યવ-સ્થિત કરવાનો નથી; તેમ જ આપણો ઉદ્દેશ જે શિક્ષકો પૂરતી તાલીમ લીધા વિના મોન્ટી-સોરી શાળાઓ ચલાવી રહ્યા છે તેઓને મદદ કરવા પૂરતો નથી. પણ આપણો ઉદ્દેશ એથી વિશાળ છે. છેલ્લાં પંદર વર્ષોમાં કેળવણીના ક્ષેત્રમાં જે મહાન હિલચાલ જગતભરમાં વિકસી રહી છે એના જેટલો એ વિશાળ છે.

આ પત્રમાં ઘણાઓ કે જેઓ આપણી કેળવણીની પદ્ધતિથી સ્વતંત્ર રીતે થયેલ બાલ-સ્વભાવને અવલોકે છે, અનુસરે છે અને સેવે છે, તે સૌના ભિન્ન ભિન્ન પ્રયત્નોને એક જ દિશામાં એકત્રિત કરવાની આશા છે. આશા રાખવામાં આવે છે કે આ પત્ર એક જીવંત શક્તિ નીવડશે અને આ યુગની મુશ્કેલીઓ કે જેમાંથી આપણે પસાર થઇ રહ્યા છીએ તેનાથી દલિત એવા અનેકોને આશ્વાસન રૂપ થશે.

આપણી આજુબાજુ જે સામાજિક પુનર્ઘટનાની ઘણી હિલચાલો ચાલી રહી છે, તેમાંથી ઘણી થોડીને મનુજ આત્માના પ્રશ્ન વિષે સીધી નિસબત છે. બંધનો કે જે અદ્યાપિ પર્યંત બાલઆત્માને વિકસતાં રોકી રહ્યાં હતાં, તેમાંથી બાલઆત્માના ઉદ્ધારનાં સાધનો હવે હાથ આવ્યાં છે, અને એ સાધનો મનુષ્યનું હવે નવું દર્શન કરાવે છે. 'નૂતન બાળક' કે જેનું દર્શન આપણી શાળામાં આપણને થાય છે, તે સ્વયં જ માનસિક આરોગ્ય અને ચારિત્ર્યગઠનના જટિલ પ્રશ્નોનો ઉકેલ કરે છે. લગભગ બધી સુધરેલી અને અર્ધ સુધરેલી પ્રજાઓનાં બાળકોને આ એક જ પદ્ધતિ લગાડતાં, લાંબા વખતે અને વિવિધ અનુભવો સાથે વારંવાર જે પરિણામો આવેલાં છે તે અચળ દર્શન કરાવે છે. જે પાઠ આપણને શીખવાનો મળ્યો છે, તે માત્ર શાળામાં જ નહિ પરંતુ શાળાની બહાર પણ અત્યંત મહ-ત્ત્વનો છે. જે નવી કેળવણી હવે શક્ય છે તે બતાવે છે કે ભૂતકાળની કેળવણીમાં કેવી ભૂલો હતી. ભૂલોના સુધારણાથી વધારેમાં વધારે સ્પષ્ટ રીતે આપણે ભૂલોને જોઇ શકાએ છીએ.

સંસ્કૃતિના જુદા જુદા યુગોમાં, તેમ જ ભિન્ન ભિન્ન જાતના લોકોમાં બાળકોનાં વર્તન અને માનસ સંબંધે અનેક ભૂલભર્યા સિદ્ધાંતો પ્રવર્તેલા જોવામાં આવે છે. આપણા જ અજ્ઞાનને કારણે આપણે મનુષ્યને કર્તાની પરિમિત અને નિષ્ફળ કૃતિ રૂપ જોયો છે. આપણે જ તેને નિર્બળ સંકલ્પબળનો, અસ્પષ્ટ માનસનો, પોતાની જાતને સમજવાને અશક્ત, પોતાના શુભને માટે આવશ્યક એવા પ્રયત્નો કરવાને નિર્બળ, કેવળ સહ્યા કરતો

અને નિરંતર દુઃખમાં જ ડૂબતો, પોતાના કરતાં વધારે બળવાન સત્ત્વોનો ભોગ થઇ પડતો, સદસદ્ વિવેકબુદ્ધિરહિત અને નર્કના માર્ગોના ભેદ ન સમજી શકે એવો કલ્પેલો છે.

પણ હકીકત એમ છે કે સુધારો અને શક્તિની વિશાળ ભૂતાવળથી ઘેરાએલો મનુષ્ય પોતે જ ઉપજાવેલી પરિસ્થિતિથી આજે અકળાએલો છે. પોતાની આસપાસની જ પરિસ્થિતિની ન્યૂનતા–અપૂર્ણતાનું માત્ર પ્રતિબિંબ છે. પોતે જ આ યંત્રવત્ રચનાને પોતાની યાંત્રિક બુદ્ધિથી ઉત્પન્ન કરી પોતાને બદલે તેને કામ કરતી જોઇ આશ્ચર્યવત્ જુએ છે. પોતાને બદલે યંત્ર કામ કરવા લાગ્યું એટલે પોતાની અંતઃશક્તિઓ પ્રમાદને વશ થઇ અને પ્રમાદને લીધે તે નિશ્ચેષ્ટતાને પામવા લાગી. મનુષ્યની-સર્જનાત્મક શક્તિને આજે ભયંકર પક્ષઘાત લાગુ પડ્યો છે. પરિણામે માનસિક વિકાસની અંધકારવાળી નીચી દશા તરફ મનુષ્ય જઇ રહ્યો છે. બુદ્ધિની સિદ્ધિઓને લીધે મનુષ્ય આંતરજ્યોતિથી વિમુખ થયો છે, અને ઉચ્ચ જીવનનો તેનો માર્ગ રૂંધાઇ ગયો છે. આજનો મનુષ્ય કોઇ ભવ્ય પરવાળાના બેટ જેવો દેખાયો છે અને પોતે જ તેને કિનારાથી જુદો રાખેલો છે. એ પ્રાણીઓના પોતાના જ શ્રમે તે એકલો દેશનિકાલ થયેલા કેદી જેવો છે.

આજે આપણી નજરે જે બાળક જોવામાં આવે છે, તે બાળક પરિસ્થિતિને ખાતર પોતાના વિકાસનો જેને ભોગ આપવો પડ્યો છે તેવા મનુષ્યનું ફરજંદ છે. આજનું બાળક મનુષ્યની ઉત્તમ શક્તિઓના અનંતકાળના બલિદાનની કથા છે. આ બલિદાન મનુષ્યે બહિર્મુખતાની વેદી ઉપર આપેલું છે. કેળવણી સમક્ષ જે મહાન કાર્ય છે, તે માણસની આજની સ્થિતિને ઉલટાવી નાખવાનું છે; કે જેથી પુનઃ મનુષ્યની સર્જનાત્મક શક્તિનો પુનરુદ્ધાર થાય. 'જૂના બાળક' પરત્વે બાલ્યાવસ્થાનાં સ્વાભાવિક લક્ષણો તરીકે જેને અત્યાર લગી સ્વીકારવામાં આવ્યાં છે, તે બાળકનાં ખરાં લક્ષણો નથી; પણ તે જાતને બચાવવા રક્ષણ તરીકે વાપરેલાં સાધન રૂપ અને આધ્યાત્મિક અવનતિના ચિહ્ન રૂપ છે. તેની આસપાસની આ પરિસ્થિતિ વિકાસ માટે તેને ઉત્તેજક નથી, તેના ફળ રૂપ છે. વૈજ્ઞાનિકોએ પ્રાણીઓ અને વનસ્પતિઓના સ્વરક્ષણનાં ચિહ્નોનો અભ્યાસ કરેલો છે, પરંતુ હજુ સુધી તેમનો પ્રવેશ બાલમાનસના પ્રદેશમાં થયો નથી. સ્વરક્ષણ ચિહ્નો, અધોગામી અને પરસ્પર વિરોધી પત્રનો જેમ દરિયા ઉપર ઉદ્ભવતા ક્ષણિક વિક્ષેપ જેવા છે. બાલપ્રવૃત્તિ, જેના અનેક પ્રકારો આપણે જોઇએ છીએ તેમાં ઘણા દરિયાની સપાટી ઉપરના ખળભળાટ જેવા છે. તે અપૂર્ણ અથવા પ્રતિકૂળ વાતાવરણજન્ય મુશ્કેલીઓ કે પ્રલયવાયોને કારણે છે. પણ જ્યાં સુધી આવી જાતનાં નિરુપયોગી રક્ષણો પાછળ બાળકની ઉપલક શક્તિને નિરર્થક જવા

કૃપા કરશો ?

ચાલુ સાલનું લવાજમ મોકલી આપવા કૃપા કરશો ?
આવી વિનતિ કરવાની ફરજ ન પાડતા હો તો કેવું સારું ?

—તંત્રીઓ.

દઇએ છીએ ત્યાં સુધી ઉંડાણમાં રહેલી ભવ્ય અંતઃશક્તિઓને આપણે જડ રાખીએ છીએ, અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા મનુષ્યના આધ્યાત્મિક વિકાસને આડે આવીએ છીએ. ઉપલક પ્રવૃત્તિઓને આપણે બાળકની સાહજિક પ્રવૃતિઓ તરીકે લેખીએ છીએ, તેથી વિકાસના જે સમયે સાચી બાહ્ય પરિસ્થિતિ વડે બાળક પોતાનું દૃઢ વ્યક્તિત્વ બાંધી શકે છે, તે જ સમયે તેને આપણે અસહાય મૂકી દઇએ છીએ કારણ કે આપણે બાળકની ઉપરછલી પ્રવૃત્તિઓને તેની સાહજિક પ્રવૃત્તિઓ તરીકે ભૂલથી ઓળખીએ છીએ.

આપણે એમ માન્યું છે કે કુદરતી રીતે બાળકનું મન ભટકતું છે, તેને કામનો અણગમો છે, તે એકાગ્ર થવાને અશક્ત છે; અને એમ માનીને આપણે એને અર્થ વિનાનાં રમકડાં અને રમતો વચ્ચે મૂકી દીધું, અને તેના નાજુક અને કાચા મનને તરંગો અને ભ્રમણાથી ભરાવા લાગ્યું. આપણે જરૂર નહોતી ત્યાં તેને મદદ કરી; તેને બદલે આપણે તેને બધું કરી દીધું; અને એમ કરીને તેને નિર્બળ બનાવ્યા પછી આપણે કહ્યું કે ઉપયોગી કામ માટેની સહકારી હિલચાલ કરવાને માટે તે અશક્ત છે. આપણે જ બાળકની કિંમતી બળવાન ચેતનાને ઉપયોગમાં લાવવાને બદલે તેને અવ્યવસ્થિત પ્રવૃત્તિ રૂપ થવા દીધી, અને કેટલીક વાર તો તે ભયંકર ઉન્માદ અને આવેશના અતિરેકને આણનારી બની. મનુષ્યજીવનની શરૂઆતનું આવું ચિત્ર આજે આપણે જોઇએ છીએ; આ અર્ધ વિકસિત મનોદશા સાથે બાળકમાં અહંતા અને પરિગ્રહનો પ્રેમ ભળતાં બાળકો કજિયાળાં સ્થૂળ અને ક્રોધી બન્યાં. તેઓ હમેશની જરૂરિયાતો પાછળ ભટકવા લાગ્યાં, જૂઠું બોલવા લાગ્યાં, અને અંધારાથી બીવા લાગ્યાં. તે જ કારણે તેઓ શરમાળ, અનાજ્ઞાંકિત અને સ્વચ્છંદી બન્યાં. આ દર્શન જેટલા પ્રમાણમાં સ્વરક્ષણવૃત્તિ સાધારણ અને સમધારણ છે તેટલા પ્રમાણમાં તેટલું સ્વાભાવિક અને સમધારણ ગણાય. પણ આ બધું અપવાદ વિના આત્માની ઉપલી સપાટી ઉપરનું છે. બાલ્યાવસ્થાનાં આ દર્શનો સ્વરક્ષણવૃત્તિના પરિણામ રૂપે આપણી નજરે એકદમ ચઢતાં નથી; કારણ કે પોતાના માર્ગમાં આવતા વિઘ્ન સામે બાળક જે પ્રત્યાઘાત કરે છે તે ખુલ્લો અથવા સીધો હોતો નથી. પોતાના માર્ગમાં આવતાં વિઘ્નોને તરી જવા માટે બાળક પોતાની શક્તિઓ અજાણપણે એકત્રિત કરી તેની સામે લડતું નથી. તેની સ્વયંપ્રેરણા અજાણ છે. સ્પર્શ કરતાં લજ્જામણીના પાન જેમ સંકોચાઇ જાય છે તેમ તે (બાળક) આત્માના ઉંડાણને સંતાડે છે; અને તેથી જ મનુજ આત્માનું સૌંદર્ય અને ભવ્યતા ઘણી વાર જીવનભર ગુપ્ત અને દબાયેલ રહે છે, અને તેનું સત્ય સ્વરૂપ કાયમને માટે અજાણ્યું રહે છે. આ દૃષ્ટિએ આપણે બાળકની કેળવણીનો વિચાર કરીએ તો એ નિર્ણય ઉપર આવીશું કે વિઘ્નોથી મુક્ત એવું વાતાવરણ બાળકને આપવું જોઇએ. જ્યારે આમ કરીશું ત્યારે ઉપર વર્ણવેલ સ્વરક્ષણવૃત્તિ કેવળ અદૃશ્ય થશે. જેમ પત્તન પડી જવાથી દરિયાનાં મોજાંઓ પડી જાય છે, તેમ અને ત્યારે

આત્માનાં ઉંડાણો સ્વતઃ આવિર્ભૂત થતાં લાગશે. આપણે તેને શાળા સમજીએ કે જે એક શાસ્ત્રીય પ્રયોગભૂમિ છે. એમાં બાળકોની ઉચ્ચ શક્તિઓ ખેડાય છે. આ માટે આપણે જેટલા બને તેટલા સાધારણ પ્રકારના અંતરાયો જે બાળકની પ્રગતિમાં આડે આવે છે, તેને દૂર કરવા જોઇએ. જ્યારે એક વાર શુદ્ધ બાલ-સ્વભાવનાં ઉંડાં ઝરણો વહેવા લાગશે ત્યારે બાળક પોતે જ અત્યાર સુધી નહિ જણાએલ એવા અંતરાયોને બતાવી દેશે, અને આપણે રચી દઇ શકીએ તે કરતાં વધારે નિશ્ચિત જીવનવિકાસક પરિસ્થિતિનું નિર્માણ કરી દેશે.

વૈજ્ઞાનિકને માનસશાસ્ત્રનું આ નવું ક્ષેત્ર ઉંડા રસનું થઇ પડશે, અને વર્ધનની વધારે સંપૂર્ણ પરિસ્થિતિની તે શોધખોળ કરી શકશે. કેટલાક લોકો નવીન માનસશાસ્ત્રમાં રસ ધરાવે છે. તેઓ શારીરિક દર્દનાં મૂળ શોધવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ માનવ નિર્બળતાનાં ગૂઢ કારણો અંતરમાંથી જાણીને અને એ રીતે મનુષ્યને વધારે જાગૃત કરીને દર્દથી મુક્ત કરે છે. આવાઓને આપણી શાળા-ઓમાંથી પ્રકાશ મળશે, કેમ કે આપણી શાળા-ઓમાં અંતરાયમુક્ત વાતાવરણમાં બાળકોને પસંદગી અને આવિર્ભાવ કરવાની સ્વતંત્રતા છે. આપણી શાળાઓમાં શિક્ષક બાળકને સ્વતંત્રતાને માર્ગે મૂકવાને માત્ર ભોમિયા રૂપ છે. જેઓ આધ્યાત્મિક દૃષ્ટિએ મનુષ્યનો વિચાર કરે છે અને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ શોધે છે, તેઓને આપણી શાળામાં પ્રેમવિકાસનું ક્ષેત્ર મળશે.

ઉપર દેખાતી હાલતની નીચે જઇને પ્રેમ બાળકની સાચી જરૂરિયાતો સમજી શકે છે. આ જરૂરિયાતો બાળક સમજી શકે તેવી નથી હોતી, અસ્પષ્ટ હોય છે; છતાં એના ઉપર જીવનવિકાસ અવલંબેલો હોય છે. બાલ-સ્વભાવ જે અત્યાર સુધી હડધૂત થયેલો હતો અને જે સમજવામાં આવ્યો નહોતો એ સ્વ-ભાવની દિવ્ય બાજુને પ્રેમ આપણામાં આશ્રય-સ્થાન આપે છે અને બાળકના આધ્યાત્મિક વિકાસનો માર્ગ ઉઘાડે છે.

છેવટે જેઓ માત્ર ઉપલક હકીકતથી સંતોષ માને એવા છે, તેઓ પણ આ શાળાઓમાં સાદાઇ અને સુસંગતિ ભાળશે. તેઓની નજરે બાળકો અવિશ્રાંત કામ કરતાં દેખાશે, અને તેઓને ખાતરી થશે કે શિક્ષકના વચ્ચે પડ્યા વિના અને શિક્ષક ભૂલ સુધારતો નથી છતાં બાળકો પોતાની શક્તિઓ ઘડે છે. આવા જોનારાઓ આ નિશાળની નવીન-તાથી આશ્ચર્યચકિત થશે કે બાળક બધું કામ અંદરની પ્રેરણાથી કરે છે. તેને કોઇ શિક્ષક ધક્કા મારીને આગળ ધપાવતો નથી. આમાં જ મહાન સામાજિક પરિવર્તનનાં બીજો છે; કારણ કે જે પોતાને સંયમિત કરી રહેલો છે તે શાંતિના માર્ગ ઉપર ચાલ્યો જાય છે. આવો માણસ, જે દુનિયામાં એક ઉપર બીજો સ્વામિત્વ ભોગવવા માગે છે, તે દુનિયાથી પર છે.

અનુવાદકઃ ગિજુભાઇ.

શ્રી બાલ જ્ઞાનપ્રચાર યોજના

બાલયુગની ઉષા પ્રગટી છે. ગુજરાતનાં બાળકોનાં સદ્‌ભાગ્યે અત્યારે બાલસાહિત્ય સારા પ્રમાણમાં પ્રસિદ્ધ થતું જાય છે. બાલમાનસના સર્વાંગીય વિકાસ માટે તેનો પ્રચાર અને વાચન અતિ જરૂરનાં છે; પરંતુ દુર્ભાગ્યે થોડાં સાધનસંપન્ન અને સંસ્કારી માબાપોનાં સંતાનો કે થોડાંએક પુસ્તકાલયો સિવાય ભાગ્યે જ અન્યત્ર તે જાય છે.

ખરું હિંદ ગામડાંઓમાં વસે છે અને આવાં ગામડાંઓમાં વસતાં બાળકો પૈકી નેવું ટકાએ આવાં પુસ્તકોનાં દર્શન પણ ભાગ્યે જ કર્યાં હશે. આ વસ્તુસ્થિતિ નીવારવા શ્રી કાઠિયાવાડ સેવકસમિતિએ નીચે મુજબ યોજના હાથ ધરી છે.

શ્રી બાલ જ્ઞાનપ્રચાર યોજના

ઉદ્દેશ

બાળકો રાષ્ટ્રનું સાચું ધન છે. તેમની પ્રગતિ અને વિકાસ માટે સારું સાહિત્ય તેમને મળી શકે તે જરૂરી છે. આ દિશામાં રસ જાગૃત કરવાનો આ યોજનાનો ઉદ્દેશ છે.

કાર્યપ્રદેશ

આ યોજનાનો કાર્યપ્રદેશ હાલ તુરત તો કાઠિયાવાડ અને કચ્છમાં રહેશે. પરંતુ સંજોગો અનુકૂળ થતાં ગુજરાતમાં આ જાતનું કાર્ય તુરતમાં ઉપાડવામાં આવશે.

નિયમો

કોઇ પણ ગામનું સેવકમંડળ, વિદ્યાર્થિમંડળ, પ્રાથમિક શાળા કે પાંચસોથી ઓછાં પુસ્તકો ધરાવતું પુસ્તકાલય* રૂા. ૧૦) ઉભા કરશે તેને રૂા. ૧૦) ની મદદ શ્રી કાઠિયાવાડ સેવકસમિતિ તરફથી આપવામાં આવશે; અને આ વીશ રૂપિયાની* રકમમાંથી શિષ્ટ બાલસાહિત્યનાં પુસ્તકોની પેટી આપવામાં આવશે.

(૨) જે કોઇ ગામ રૂા. ૧૫) ઉભા કરશે તેમાં રૂા. ૧૫) શ્રી કાઠિયાવાડ સેવકસમિતિ ભેળવશે અને એ રૂપિયા ત્રીશની રકમમાંથી રૂા. ૨૦) ની ઉપર મુજબનાં પુસ્તકોની પેટી અને રૂા ૧૦) નાં બાલમાસિકો એક વર્ષ સુધી પૂરાં પાડવામાં આવશે.

(૩) સોળ વરસની અંદરની ઉંમરના કોઇ પણ બાળકને કે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા કોઇ વિદ્યાર્થી કે વિદ્યાર્થિનીને આ પુસ્તકોનો મફત લાભ આપવાનો છે.

---

* જે સ્થળે પુસ્તકાલયને રાજ્ય તરફથી મદદ મળતી હશે તેને આ પ્રકારનો લાભ આપી શકાશે નહિ. ઉપરાંત જ્યાં રાજ્ય તરફથી પુસ્તકાલયપ્રવૃતિ ચાલુ હશે તે ગામોને આ યોજના મદદ આપી શકાશે નહિ.

* રૂપિયા પંદરનાં પસંદ કરેલાં પુસ્તકો, રૂપિયા ત્રણની કણાટના આકારની લાકડાની પેટી, રૂપિયા એકનાં ઈસ્યુ ફૉર્મ, પટીઓ, રજીસ્ટર ફૉર્મ, અને એવું સાહિત્ય તથા રૂપિયો એક કંટીન્જંટ માટે જે તે ગામે ટપાલ ઈત્યાદિમાં વાપરવા માટે. આ રીતે રૂપિયા વીશનો વિનિયોગ થશે.

(૪) પેટી મળ્યા પછી દર ત્રણ માસની છેલ્લી તારીખે વાચકો અને વાચનની સંખ્યાનું નિવેદન એક વર્ષ સુધી, પેટી સાથે મોકલેલાં ફૉર્મમાં ભરી મોકલવું જોઇશે. જેથી કેટલો લાભ લેવાયો તેનાથી સમિતિ પરિચિત રહી શકે. (તે પછી પુસ્તકોનો ઉપયોગ ચાલુ રાખવો પડશે, પરંતુ ત્રૈમાસિક નિવેદન મોકલવું ફરજીઆત રહેશે નહિ.)

(૫) આ પુસ્તક પેટી અને માસિકો વગેરે ઉપર તે ગામની મદદ એકત્ર કરનારી સંસ્થાની માલીકી રહેશે; પરંતુ તે સંસ્થા બંધ થાય તો શ્રી કાઠિયાવાડ સેવકસમિતિની સંમતિથી તે સાધનો તે ગામના પુસ્તકાલયમાં અને તેને અભાવે તે ગામની શાળામાં આપી દેવાનાં રહેશે.

(૬) નિર્દિષ્ટ કર્યા પ્રમાણે બાળકોને વાંચવા માટે પુસ્તકો આપવામાં નહિ આવે, યા તો તેનો પ્રમાણમાં ઘણો જ ઓછો લાભ લેવાતો હશે, તો તે પુસ્તકો ઇત્યાદિ સાધનો ઉપયોગ કરાવી શકે તેવા બીજા ગામને આપવામાં આવશે.

(૭) યોજનાનો હેતુ લક્ષમાં લઇ, તે સ્થળની અનુકૂળતા પ્રમાણે વ્યવસ્થા ઇત્યાદિના નિયમો સમિતિના સામાન્ય નિયમોને અનુસરીને તે તે સંસ્થાએ કરી લેવાના છે.

લાભ કઇ રીતે લેવાય ?

કોઇ પણ ગામને આ યોજનાનો લાભ લેવો હોય તો તે ગામના સમાજસેવા મંડળ, વિદ્યાર્થિમંડળ, શાળા કે પુસ્તકાલયે રૂપિયા દસ એકઠા કરી સમિતિને જણાવવાથી બનતું થશે. દસ કે વધુ વિદ્યાર્થીઓ સાથે મળી વિદ્યાર્થિમંડળ રચી શકે છે. તેમણે આવું મંડળ રચ્યા બાબતનો શાળાના મુખ્ય શિક્ષકનો અથવા ગામના ત્રણ પ્રતિષ્ઠિત ગૃહસ્થોનો દાખલો મોકલવો અને અંદર અંદરથી કે ગામમાંથી એક કે વધુ ગૃહસ્થ પાસેથી મદદના (રૂા. ૧૦) એકત્ર કરવા. આવી રકમને "લોકમદદ" તરીકે ઓળખવામાં આવશે.

ઉપર દર્શાવેલી કોઇ સંસ્થા રૂા. ૨૦) કે રૂા. ૩૦)ની પૂરતી લોકમદદ મેળવી શકશે તો તે વધુ આવકારદાયક છે, અને તે રકમમાંથી પુસ્તક પેટી ઇત્યાદિની વ્યવસ્થા કરી આપવામાં આવશે. કોઇ સજ્જન કે સન્નારી પોતાના ગામને કે અન્ય ગામોને લોકમદદ આપી ગામડાંઓમાં જ્ઞાનપ્રચાર કરવાના આ પ્રાથમિક પ્રયાસમાં મદદ આપી શકે છે.

કાયમી સ્વરૂપ

આ યોજનાનો ઉદ્દેશ આ પ્રદેશનાં બાળકોમાં જ્ઞાન તરફ રુચિ ઉત્પન્ન કરવાનો કે રસ જાગૃત કરવાનો છે. એટલે એક વાર આ જાતની મદદ આપ્યા પછી વારંવાર એ જાતની મદદ આપી શકાશે નહિ. જો આ કાર્યમાં તે ગામનાં બાળકોને ખરો રસ લાગે તો જે તે સ્થળના આ કાર્યકર્તાઓએ ગામમાંથી વરેખરે અને સર અવસરે વા અન્યથા, લોકમદદ એકત્ર કરવા પ્રયાસો ચાલુ જ રાખવાના છે. વાચન સારી રીતે વધ્યા પછી જે રાજ્યની સ્થૂળ સીમામાં તે ગામ આવ્યું હોય ત્યાંના રાજ્યાધિકારીઓને વાચનના આંકડાઓ મોકલી મદદ આપવા માટે તેમણે વિનતિ કરવાની છે. વાચનનો જો પૂરો રસ જામ્યો હશે તો બાળકો ગામને ઉંબરે ઉંબરેથી આવી પવિત્ર જ્ઞાન-

યોજના માટે 'भिक्षां देहि' કરી શકશે.*

ટૂંકમાં આ સંસ્થાનું ધ્યેય બાળકોમાં શિષ્ટ વાચનના પ્રચારનું છે. તેના પ્રથમના થોડાએક પ્રોત્સાહનથી રસ જાગૃત થશે, અને પછી ગામ અનુકૂળતા મુજબ તેમાં પ્રગતિ કરશે. આ યોજનાની પાછળ સ્વાશ્રયનો સુંદર ભાવ ભર્યો છે. જે ગામે વાંચવું હોય તેણે પણ મહેનત–મદદ કરવી જોઇએ.

અમારી આશા

આ રીતે ઉગતી આશાસમાં બાળકોને પ્રેરણા આપી તેમને સંસ્કારી બનાવી ભાવિ રાષ્ટ્રવિધાન માટે તૈયાર કરવાનાં છે. જલસિંચન વિના ઘણાયે બાળ પુષ્પક્રોડ અણવિકસ્યા રહ્યા છે, અકાળે કરમાઇ ગયા છે, કે પૂરતા પોષણ વિના સૌરભહીન રહી જઇ નિર્જીવ જીવન ગાળી રહ્યા છે. તેમનામાં શક્તિના અગાધ ભંડાર ભર્યા છે. શિક્ષકો અને સેવકો, માતાઓ અને પિતાઓ, પ્રજા અને રાજા, અધિકારીઓ અને શ્રીમંતો સહુ કોઇ જાગે અને દેશના આ બાલધનના સર્વાંગીય વિકાસ માટે પ્રયત્ન કરે એવી વિનતિ છે.

આશા અને આસ્થા છે કે આ યોજના કાઠિયાવાડને અંધારામાં અંધારે ખૂણે પણ ફરી વળશે; તેમ કરવા માટે સૌનો સાચો સહકાર અને સહાય ઇચ્છીએ છીએ. આ તો બી વાવવાનું છે; તેના પરિપાક રૂપ અનેક ગણાં ફળો આવશે. આમ આ યોજના હજારો બાળકોના વિકાસનું મૂળ થશે.

કાઠિયાવાડ સેવકસમિતિ
પ્રબોધિની એકાદશી
સંવત ૧૯૮૯

પ્રતાપરાય ગિ. મહેતા
મંત્રી

---

* ચરોતરનાં ઘણાં ગામોમાં, ગુજરાતમાં અને આપણે ત્યાં અમરેલી વગેરેમાં 'કેળવણી દિન' ઘણી વાર ઉજવાય છે. આ દિવસે સારા શિક્ષકો અને કામ કરનારાઓની આગેવાની નીચે બાલક બાલિકાઓ, કોઇ ધાર્મિક કે પવિત્ર દિવસે, કેળવણી માટે ભીખ માગવા નીકળી પડે છે. પરિણામે સારી રકમ એકઠી કરી શકે છે. ગરીબ, શ્રીમંત સૌ કોઇ યથાશક્તિ આપે છે. આ અખતરો ગુજરાતમાં બહુ સફળ થયો છે. આપણે ત્યાં અજમાવવા જેવો છે.

એક બાલસંમેલન

વઢવાણ રાજ્ય બાલમંદિરનું

[તા. ૮ : ૧૧ : ૩૨ તથા ૯ : ૧૧ : ૩૨]

એ આઠમી નવેમ્બરના મંગળ પ્રભાતે બાલમંદિરના જૂનાં નવાં પાંચસો બાળકોને બાજતે ગાજતે સંમેલનમાં લઇ આવવામાં આવ્યાં હતાં.

પ્રમુખ તરીકે પ્રથમ શ્રી. ગિજુભાઇને બાળકોએ ચૂંટ્યા હતા. પછી બાળ સ્વાગત-પ્રમુખે સૌનું સ્વાગત કર્યું હતું. આચાર્ય શ્રી. ભોગીલાલ ર. પરીખે બાલમંદિરની સાત વર્ષની ઉંમરે જૂનાં નવાં બાળકો એકઠાં થવા માટે ઇશ્વરનો ઉપકાર માન્યો ને જૂનાં સંસ્મરણો તાજાં કરી અંતમાં પ્રમુખ શ્રી. ગિજુભાઇ સૌને આનંદ કરાવશે એવી આશા દર્શાવી હતી. ત્યાર બાદ પ્રમુખશ્રીએ બાળકોને વિવિધ

વાતોથી આનંદિત કર્યાં હતા. તેઓ બાળકોને આશીર્વાદ દેતાં બોલ્યા હતા કે તમે ઘરડા થાઓ, તમે મોટા થાઓ તોય બાલમંદિરને ન ભૂલો; બાળકોનો સંપૂર્ણ વિકાસ થાઓ. ત્યાર પછી શારદામંદિરના સંગીતશાસ્ત્રી શ્રી. મણિભાઇએ બાળકોને બાળગીતોથી ભરત બનાવ્યા હતા.

બપોરે અક્ષરજ્ઞાનની સભામાં શ્રી. ભોગીલાલ પરીખે અક્ષરજ્ઞાન યોજનાનું નિવેદન કરતાં મે. વિદ્યાધિકારી સાહેબ (પ્રમુખ)ને જોસથી આ કાર્ય ઉપાડી લેવા વીનવ્યા હતા. શ્રી. ગિજુભાઇએ અક્ષરજ્ઞાન યોજના સમજાવતાં વૃદ્ધજનો પણ એ લાભ મેળવી જીંદગી માણે છે તેમ કહ્યું હતું. શ્રી. ભોગીભાઇ ઠાકરે ગયા જમાનામાં કથાકારો દ્વારા ભૂતકાળનો વારસો જળવાતો, જે હાલ અપ્રાપ્ય હોઇ અક્ષરજ્ઞાનની આવશ્યકતા દર્શાવી હતી, અને છેવટમાં પ્રમુખશ્રીએ તુરત જ ચોક્કસ યોજના દ્વારા આ કાર્ય ઉપાડી લેવાનું કહી સૌને ઉત્સાહિત કર્યા હતા.

સાંજે વાલીઓની સભા તથા ચિત્રપ્રદર્શન વખતે શ્રી. ભોગીલાલ પરીખે જણાવ્યું હતું કે "આ સ્વતંત્ર વાતાવરણમાં અંદરના ધક્કાથી જન્મતાં સર્જનચિત્ર, લેખન ને ગણિતકામ છે. મન્થનનો સમય જે માનસશાસ્ત્રમાં અતિ મહત્ત્વની વસ્તુ છે, તેનાં પરિણામો આપ આ કાગળ ઉપર જુઓ છો."

બાળકોને તો બચાવીએ

છેવટે આપણાં પોતાનાં જ વહાલાં બાળકોના કલ્યાણની ખાતર આપણે આજની તમામ શાળાઓમાં અંત્યજ બાળકોને આવવા દઇએ.

અત્યાર સુધી આપણે અંત્યજોથી દૂર રહ્યા તેનું પ્રાયશ્ચિત્ત કરવા ખાતર નહિ, આપણે ધર્મને નામે અંત્યજોને પીડ્યા તેના પાપમાંથી મુક્ત થવા માટે પણ નહિ, આપણે આપણા જ ઈશ્વરે પેદા કરેલ આપણા જ ભાઇઓને તુચ્છકાર્યા તેનો મેલ ધોવા માટે પણ નહિ; અર્થાત્ આપણા પોતાને માટે નહિ પણ કેવળ આપણાં બાળકોના કલ્યાણની ખાતર આપણે આપણાં બાળકોની નિશાળોમાં અંત્યજનાં બાળકોને લાવીએ, તેમને દાખલ કરાવીએ, તેમને શાળાઓમાં આવવા દઇએ.

કંઈ નહિ તો આપણાં બાળકોને તો આપણાં પાપોથી બચાવીએ! તેમને તો શુદ્ધ અને પવિત્ર જ રાખીએ અને પતનમાંથી બચાવી જ લઈએ.

શ્રી. કાન્તિલાલ દવેએ, "બાળક ધૂળમાં લીંટા કાઢે, ગારાનાં રમકડાં કરે કે કાગળમાં લીંટા કાઢે ત્યારે તે બધુંયે સર્જન વસ્તુ છે" તેમ જણાવ્યું હતું. સર્જન વિષે શ્રી. ગિજુભાઇના બોલવા પછી પ્રમુખ શ્રી. ભોગીલાલ ઠાકરે સર્જનનું મહત્ત્વ ને બાલજીવનમાં તેનું સ્થાન બતાવી નાનાં બાળકો પણ બબ્બે અઢી અઢી કલાક સર્જનમાં એકાગ્ર રહી અધ્યાત્મને માર્ગે જાય છે તેમ કહ્યું હતું. ત્યાર બાદ શારદામંદિરના એક વખતના ચિત્રકાર અને શિક્ષક શ્રી. કાંતિલાલ દવેએ ગોઠવેલ સુંદર ચિત્રપ્રદર્શન શ્રી. ભોગીલાલ ઠાકરે ખુલ્લું મૂક્યું હતું. આ પ્રદર્શનની સુંદરતાએ બન્ને દિવસ શહેરીઓને આકર્ષ્યા હતા. બાળકોનાં ચિત્રો, લેખન, ગણિતકામ વગેરેના નમુના જોઇ પ્રેક્ષકો આનંદ પામ્યા હતા.

તારીખ ૯ : ૧૧ : ૩૨

સવારે નાટ્યપ્રયોગના કાર્યક્રમ વખતે ના. ઠાકોર સાહેબે હાજરી આપી હતી. બાળકોનો સાહજિક અભિનય, રાસ, ગરબા વગેરેમાં બાળકોએ બતાવેલા સુંદર લાલિત્યથી સૌ મુગ્ધ બન્યા હતા. શ્રી. ગિજુભાઇએ જણાવ્યું હતું કે "મહા પૂર્વતૈયારી વગરનાં આ નાટકોમાં બાળકો વાર્તાનો ભાવ સમજી, પાત્રને અનુરૂપ સાહજિક અને તત્કાલસ્ફૂરિત અભિનય કરે છે તેમાં જ બાળકની પાત્રને સમજવાની શક્તિ રહેલી છે. ને એ રીતે આવાં નાટકો જોવાવાં જોઇએ. કાઠિયાવાડમાં ના. વઢવાણ નરેશ બાલ-કલ્યાણની પ્રવૃતિમાં અગ્રપદે છે. તેમણે જે ચીવટથી સંસ્થા ચલાવી છે તે માટે તેમને, અને મે. દિવાન સાહેબે બાલમંદિરને પોતાનું ગણી તેને અનુકૂળ ક્ષેત્ર આપી વિકસાવ્યું છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે." બીજા રાજાઓ પણ એ પગલે ચાલે તેમ તેમણે ઇચ્છયું હતું.

પછી ના. ઠાકોર સાહેબે સંસ્થા પ્રત્યે સંતોષ જાહેર કરતાં સંસ્થા નિરીક્ષણની મદદ માટે શ્રી. ગિજુભાઇ ને તારાબેનનો અને શારદા-મંદિરના મંત્રી શ્રી ભોગીલાલ ઠાકર તથા સવિતાબેનનો આભાર માન્યો હતો. બાળ નાટ્યપ્રયોગોએ પ્રેક્ષકોને પેટ પકડી હસાવ્યા. ત્યાર પછી ના. ઠાકોર સાહેબે પ્રદર્શન જોઇ સંતોષ જાહેર કર્યો.

બપોરે માતાઓના સભાનુ પ્રમુખસ્થાન શ્રી. સવિતાબેન ત્રિવેદીએ લીધું. શ્રી. ગિજુ-ભાઇએ 'મોંઘામુલાં બાળકોને ન મારવાં, ને મારવાથી બાળકો નથી સુધરતાં' એમ જણાવ્યું. શ્રી. સવિતાબેને 'બાળકો પ્રત્યે સંભાળભર્યા વર્તનમાં જ બાલસુચરિતનાં બીજ છે' એમ કહ્યું. ત્યાર બાદ જૂનાં નવાં બઢીસો બાળકોને ના. ઠાકોર સાહેબ તરફથી ભોજન અપાયું. પછી બેન્ડ સાથે એક હજાર બાળકોનું સરઘસ 'બાળકોને મારો નહિ, ધમકાવો નહિ.' ના ઘોષ સાથે નીકળ્યું.

સાંજે મે. દિવાન સાહેબે શ્રી. રતિલાલ જેચંદભાઇ દોશી તરફથી વઢવાણ બાલ પુસ્ત-કાલય ખુલ્લું મૂક્યું. શ્રી. નગીનદાસ ડાહ્યાભાઇ શેઠે પોતાની સ્વ. પુત્રી શારદાના સ્મરણાર્થે, શ્રી. વૃજલાલ દવે પાસે 'અમારૂં ગામ' પુસ્તક લખાવી બાલસાહિત્યમાં ઉમેરો કર્યો તે માટે તેમનો આભાર માનવામાં આવ્યો હતો. શ્રી. ગિજુભાઇએ પુસ્તકાલયને જમીન, મકાન ને પુસ્તકોની મદદ રાજ્ય અને પ્રજા તરફથી મળ્યા કરો તેમ ઇચ્છયું હતું. શ્રી. યાજ્ઞિક ભાઇએ બાલપુસ્તકાલયમાં બીજું સાહિત્ય ન ઘૂસે તેવી ચેતવણી આપી હતી. મે. દિવાન સાહેબે સૌનો આભાર માન્યો હતો. તેમણે કાળધર્મ પ્રમાણે ધનનાં વારિ આ તરફ વહાવવા આગ્રહ કરી જણાવ્યું હતું કે બાલમંદિર પ્રજાપ્રિય સંસ્થા છે, ને બાળકો માટે થતા બધા ખર્ચો કાંઇ વિસાતમાં નથી. બાલપુસ્તકાલયને રાજ્યની મદદ આપવા તેમણે જણાવ્યું હતું અને તેમને હસ્તે 'અમારૂં ગામ' પુસ્તિકા બાળકોને ભેટ અપાઇ હતી. ત્યાર બાદ પુસ્તકાલય ખુલ્લું મૂક્યું હતું.

રાત્રે વઢવાણના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી. ગિજુભાઇએ વાર્તાઓ કહી બાળકોનાં મન રંજન કર્યાં હતાં. —પ્રેક્ષક

એક દૃશ્ય

હું થોડા થોડા દિવસોને અંતરે બાળકોને ભેગાં કરીને તેમની સાથે કંઈ કંઈ વાતો કરું છું.

એક દિવસ જમતાં જમતાં મેં બાળકોને પૂછ્યું: "હોયને જેની બા ન મારતી હોય તે પોતાના હાથ ઉંચા કરો."

માત્ર એક જ છોકરીએ પોતાનો હાથ ઉંચો કર્યો.

મેં ફરી પૂછ્યું: "જેની બા પોતાને મારતી હોય તેઓ પોતાના હાથ ઉંચા કરો."

બધા હાથ ઉંચા થયા; ફક્ત એક જ જણે પોતાના હાથ ઉંચા ન કર્યા.

હું અને સૌ બાળકો તે છોકરી સામે જોઈ રહ્યાં.

મેં કહ્યું: "રૂપાળીબેન, તમારી બા બહુ સારાં છે હોં. કેટલાં બધાં સારાં કે તમને મારતાં જ નથી?"

રૂપાળીએ કહ્યું: "ગિજુભાઈ, અમારે બા જ નથી. અમારી બા મરી ગયાં છે."

હું મનમાં સ્તબ્ધ થઈ ગયો.

બધાં જમીને બહાર જઈ પોતાના વાટકા ઉટકતાં હતાં.

જમના લાભુ સાથે વાતો કરતાં બોલી: "રૂપાળીની બા મરી ગઈ એમ મારી બા મરી જાય તો કેવું સારું? આપણેય માર ખાવા ન પડે."

લાભુ કહે: "મારી બા તો માંદી છે, એટલે મારી જ નથી શકતી. બા માંદી રહે તો કેવું સારું?"

હું વળી દિંગ્મૂઢ બન્યો. ખૂબ ગૂંગળાતો ગૂંગળાતો દૂર ચાલ્યો ગયો.

ગિ.

બારી . . . . . હકીકતો

: ૧ :

એક બાપાએ કહ્યું: "ભાઈ! મારો છોકરો મારા ચાળા પાડે છે. ઘરમાં બધાના ચાળા પાડે તે ઠીક, પણ તે મારા પણ ચાળા પાડે છે."

મેં આ બાબતમાં છોકરાને પૂછ્યું.

છોકરે કહ્યું: "ભાઈ, બાપાજી મને વઢે છે ત્યારે એવું મોઢું કરે છે કે મને તેમના જેવું મોઢું કરવાનું મન થાય છે. હું કાંઈ નવા ચાળા નથી પાડતો. મને વઢતી વખતે જેવા તેઓ બને છે તેવા જ બરોબર હું ચાળા પાડું છું."

: ૨ :

એક બાપે કહ્યું: "મારા છોકરાને કૂતરાં બહુ ગમે છે પણ તેમાં તે બગડે છે. કારણ કે અમે કૂતરો લાવી નથી આપતા ત્યારે તે રસ્તાના કૂતરા જોડે રમે છે, તેને પંપાળે છે અને આખો વખત કૂતરાની જ વાતો કરીને કંટાળો આપે છે. તેને તમે સુધારજો."

છોકરાને પૂછ્યું ત્યારે તેણે કહ્યું: "કાકા પાસે બાની બંગડી લાવવાના પૈસા છે. મોટર લાવવાના પૈસા છે. પણ જ્યારે હું એક સરસ નાનું કૂતરું કે પોપટ લાવવાનું કહું છું

ત્યારે પૈસા નથી. ગાંડા! એવું તે બોલાય? એવું એવું બોટું બોલે છે."

: ૩ :

એક છોકરીએ માબાપ વિરુદ્ધ આ પ્રમાણે ફરિયાદ કરી: "ભાઇ, મને તમારે ત્યાં રોજ રાખોને? બાને મારે નથી જોવી. ભાઇ! બા મરી જાય તો સારું; તેને કઇ રીતે મારી નખાય? કાકા બહાર જાય છે ત્યારે તે મને મારે છે, અને મને કહે છે કે કહીશ નહિ." વા. ઠા.

મારે શું કરવું?

[એક ભાઇએ બાળઉછેરમાં પત્ની તથા પરિસ્થિતિને લીધે થયેલ મુશ્કેલી સંબંધે શું કરવું એમ પૂછાવ્યું છે, તેનો આ નીચે જવાબ છે. મૂળ પત્ર છાપવાની જરૂર ન લાગવાથી તે છાપ્યો નથી. —તંત્રીઓ.]

પ્રિય ભાઇ,

તમે ભારે ધર્મસંકટમાં આવ્યા જણાઓ છો. વિચારવાન સ્ત્રી કે પુરુષ વારંવાર આવી સ્થિતિમાં આવી પડે એ તેનું તથા બાળકોનું સદ્‌ભાગ્ય સમજજો.

આવા સંજોગોમાં તમે તમારી સ્ત્રી તરફ સમભાવ રાખશો. તેની સાથે લડશો નહિ; તેનું અપમાન પણ કરશો નહિ. ઘરમાં ચાલતો કજિયો બાળકોને માટે ભયંકર કેળવણી રૂપ થઇ પડે છે. જ્યારે જ્યારે તમે તમારી સ્ત્રીને બાળકોને પીડતી અને નુકસાન કરતી જુઓ ત્યારે ત્યારે તમે બામોશ રાખો. તત્કાળ કશું ના બોલો; શાંતિ રાખી મૌન સેવો.

તમારી સ્ત્રીનો ક્રોધ ઉતર્યા પછી તમે તેને પ્રેમથી સમજાવજો કે આપણાં બાળકો પ્રત્યે આપણે આમ ન વર્તવું જોઇએ. સ્ત્રી અભણ છે માટે તેને તુચ્છ ગણવી નહિ; તેને ઠપકો કે મેણાં દેવાં નહિ. તેનું બાળકોની દૃષ્ટિએ અને આપણા અંતરમાં સન્માન રાખવું અને ક્ષમા રાખવી. આપણને જ્યારે મૂંઝવણ થાય ત્યારે પરમેશ્વરને પ્રાર્થના કરવી: "હે પ્રભુ, આ ત્રાસમાંથી બાળકોને બચાવ. આ તેની અબૂજ માતામાં કાંઇક તારો પ્રકાશ પાડ."

બાળકોને આપણે પોતે વારંવાર આનંદ કરાવવો. તેમને માતાની કજિયાળી વર્તણૂક વિશે કંઇ કહેવું નહિ, પણ તેમને પ્રસન્ન રાખવાં. તેઓ દયાની નજરે ન્યાય માટે આપણી સામે જુએ ત્યારે આપણે અંતરમાં ઇશ્વર સામે જોવું. બાળકો પ્રત્યે આપણે પ્રેમ રાખીએ છીએ તેની આ પ્રથમ કસોટી છે. આપણે કાયર થવું નહિ પણ ધીરવીર થઇ ઝઝૂમવું.

તમારી સ્ત્રીની મનની સ્થિતિ સારી હોય ત્યારે તેને સારું વાંચી સંભળાવશો. વાંચતી વખતે તેને ઠપકો આપતા જશો નહિ.

વળી તમે એમ પણ ન માનતા કે બધી બાબતમાં તમે જ સાચા છો. તમારા પોતાના દોષોને ઓળખી કાઢી તે કાઢી નાખજો. સ્ત્રી ઉપરથી તમારી આસક્તિ કે અવલંબન ઓછું કરશો તો સ્ત્રી તમારા તરફ વધારે ભાવથી અને શ્રદ્ધાથી જોશે અને તમારું કામ સરલ બનશે.

સ્ત્રી અને પુરુષે બાળકોને સંભાળીને, તેમને કેળવણી આપીને જીવનનો 'હ્યાવો'

લેવાનો છે. તેઓએ લડી પડી ઘર ભાંગવાનું નથી. આટલું એમાંથી જે સમજી હોય તે ભૂલશે નહિ, એટલે અણસમજી ધીરેધીરે રસ્તે આવશે.

તમારા આર્થિક સંજોગો તમને તમારાં બાળકોને વધારે સારા સંજોગોમાં મૂકી શકે તેવા નથી તો તે બાબતમાં શોક કરશો નહિ. આપણું ઘર, જીવન અને બાળઉછેર સુંદર કરવામાં આર્થિક શક્તિ કરતાં સાચી સમજણ વધારે કામની છે. હું ઇચ્છું છું કે વાચન મનનથી તમે એ સમજણ મેળવશો.

આપણું પોતાનું ઘર યજ્ઞ સમાન ગણશો, તપોભૂમિ સમાન સમજશો. ત્યાં ઉત્પન્ન થતી મુશ્કેલીઓને વધાવી લેશો. બાળકો માટે સ્ત્રીનો ત્યાગ કરવો કે તેને દુઃખ દેવું એ સાચો માર્ગ નથી. એમ વિચારદોષ સમજજો. એક વાર એક લાગણીથી પ્રેરાઇ સ્ત્રીનો ત્યાગ કર્યા પછી બીજી લાગણીથી પ્રેરાશો ત્યારે વળી બાળકોનો ત્યાગ કરશો અને એ રીતે ક્યાંય ઠરશો નહિ. માટે સૌને પ્રેમથી જોશો, સ્વાર્થદૃષ્ટિ ઓછી કરશો અને સૌને હૃદયથી ઊંચાં લેશો.

આટલું બસ થશે.

તમારો, ગિજુભાઇ

નવાં પુસ્તકો.

મોન્ટીસોરી પ્રવેશિકા

ભાષાન્તર કર્તા : **તારાબેન મોડક**

મૂળ Dr. Montessori's Own Handbook નામના અંગ્રેજી પુસ્તકનું ભાષાન્તર. તૈયાર થાય છે. પાકી બંધાઇ. કિંમત ૦–૧૦–૦ (સચિત્ર)

માગશર વદ ૧૨ ૧૯૮૯ના રોજ પ્રગટ થશે.

મોન્ટીસોરી સાધનો ખરીદનારાઓને

ઘણા ભાઇઓ અમારી પાસેથી મોન્ટીસોરી પદ્ધતિ ઉપરનાં પુસ્તકોની યાદી તથા મોન્ટીસોરી સાહિત્યો ક્યાં મળે છે તે બાબતમાં પૂછપરછ કરે છે.

લોકોમાં મોન્ટીસોરી પદ્ધતિ વિષેનો વધતો જતો આદર જોઇ અમને સાચે જ આનંદ થાય છે; પણ સાથે સાથે જ અમને ચિંતા પણ થાય છે. આજે આપણે એટલું સદ્‌ભાગ્યે આગળ વધ્યા છીએ કે માબાપો તેમ જ શિક્ષકો બાલશિક્ષણ સંબંધે કંઇક વિચાર કરતાં થયાં છે; અને તે વિચાર માત્ર વિચાર રૂપ ન રહેતાં કંઇક કરવા પણ માગે છે. બાળકો માટે કંઇક કરવા ઇચ્છતાં માબાપો તેમ જ શિક્ષકોને અભિનંદન ઘટે છે. પરંતુ તેઓને ચેતવણી આપવાની પણ જરૂર છે.

તેઓ જે મોન્ટીસોરી પદ્ધતિથી પોતાનાં બાળકોને શીખવવા માગતાં હોય તો તેઓએ મોન્ટીસોરી પદ્ધતિનો અભ્યાસ કરેલા શિક્ષકોને રાખવાનો આગ્રહ રાખવો જોઇએ. હું મોન્ટીસોરી શિક્ષક છું એમ કહેનાર પાસેથી, જાહેર રીતે મોન્ટીસોરી શિક્ષક તૈયાર કરનાર કોઇ પણ શિક્ષણ સંસ્થાનું પ્રમાણપત્ર તેમને મળ્યા બાબત જાણવું જોઇએ. અત્યારે બાલસાહિત્યની માગ વધતી જવાથી જેમ તેમ તે માણસ બાલસાહિત્ય લખવા બેસી ગયેલ છે તેમ મોન્ટીસોરી પદ્ધતિની એકાદ બે ચોપડી વખતે વાંચીને કે વગર વાંચ્યે હું મોન્ટીસોરી શિક્ષક છું એમ કહેનારા તરફ

પડ્યા છે. ખાસ કરીને શહેરોમાં આવા સદ્‌-ગૃહસ્થો વધારે દેખાય છે. બેકારીના આ યુગમાં આમ બનવું સ્વાભાવિક છે; છતાં જેઓને પોતાનાં બાળકોને માટે સાચી રીતે પૈસા ખરચવા હોય તેઓને આ બાબતમાં સંભાળ લેવી ઘટે છે.

વળી મોન્ટીસોરી શિક્ષકો સાથે જ મોન્ટીસોરી સાહિત્ય બનાવનાઓ પણ વધવા લાગ્યા છે. આમાંના કેટલાએક કિન્ડરગાર્ટન સાહિત્યોને મોન્ટીસોરી સાહિત્યો તરીકે ઓળખાવીને ઘરાકને આપે છે. જ્યારે બીજા કેટલાએક પોતાને મન ગમતાં, સસ્તાં પડે માટે લાંબાં ટૂંકા મોન્ટીસોરી સાહિત્યો બનાવી વેચે છે. કેટલાએક વેચનારાઓ મોન્ટીસોરી સાહિત્યો સાથે બીજું પણ મોન્ટીસોરી સાહિત્યને નામે ઘુસાડી દે છે. સાહિત્ય લેનારાઓએ શિક્ષક મેળવ્યા પહેલાં સાહિત્ય ખરીદવું ન જોઇએ. તેમ જ સાહિત્યો માટે ઓર્ડર આપતાં પહેલાં તે બરાબરનાં સાહિત્યો છે કે નહિ તેની ખાત્રી કરવી જોઇએ. અત્યારે માના જાણવા માનવા પ્રમાણે મુંબઈ ઇલાકામાં ત્રણ પેઢીઓ મોન્ટીસોરી સાહિત્યો બનાવે છે. આ લોકો પાસેથી-જેનું સાહિત્ય પોસાય તેની પાસેથી-સાધનો ખરીદી શકાય. એટલું કહેવું જોઇએ કે આ ત્રણે પેઢીઓ પોતાની જવાબદારી સમજીને મોન્ટીસોરી સાહિત્યો બને તેટલાં સારાં, શાસ્ત્રીય અને સસ્તાં બનાવે છે.

(૧) મીસ્ત્રી જટાશંકર રાવળ
ગુરુદત્તાત્રય પાસે;
વઢવાણ શહેર

(૨) કામદાર કાર્યાલય
બોમ્બે હાઉસ: બ્રૂસ સ્ટ્રીટ
ફોર્ટ-મુંબઈ

(૩) રતિલાલ જેચંદ શાહ
નૂતન શિક્ષણસાહિત્ય બનાવનાર
વઢવાણ શહેર

નોંધ

: ૧ :

બાલ જ્ઞાનપ્રચારની યોજના

બીજે સ્થળે વિસ્તારથી આ યોજના છાપેલી છે. આ યોજના સૌની છે અને સૌના હિતની છે.

જ્યાં જ્યાં બાળકો છે ત્યાં ત્યાં એને સંપૂર્ણ અવકાશ છે જ. અને એવું કયું ગામ છે કે જ્યાં બાળકો નથી ?

દરેકેદરેક ગામના લોકો આ યોજના ઉપાડી લે. તેઓ ગામ તરફથી નાણાં એકઠાં કરે અને પોતાને ગામે બાલજ્ઞાનની પરબ બાંધે.

દરેકેદરેક શ્રીમંત આ યોજનાને નાણાંથી સબળ કરે અને પોતાના ધનથી દેશના બાળકોની એટલે કે ભાવિ પ્રજાની ઉન્નતિના પ્રયત્નોમાં પોતાનો ફાળો આપે.

દરેકેદરેક રાષ્ટ્રપ્રેમી ગામે ગામે પરબો સ્થપાવવા માટે ગામજનોને સમજાવે, અને નાણાં એકઠાં કરે.

દરેકેદરેક બાલપ્રેમી પોતાનાથી બનતું સઘળું કરે. સેંકડો નહિ પણ હજારો બાળ-જ્ઞાન પરબો કચ્છ કાઠિયાવાડ અને ગુજરાતમાં તુરતમાં જ મંડાય એના ભાઇ પ્રતાપરાયને કોડ છે. ભાઇ પ્રતાપરાયે અમરેલીનાં બાળકોની

જ્ઞાનભૂખ ભાંગી છે ને બાળકોના આશીર્વાદ લીધા છે. ગામે ગામે અને હામે હામે અમે પ્રતાપરાયો માગીએ છીએ, અને આશા રાખીએ છીએ કે બાળકો પ્રત્યે અત્યંત મમતા ધરાવતું ગુજરાત આ યોજના ઉપાડી લેશે. ગિ.

: ૨ :

વઢવાણમાં ભરાયેલું બાલસંમેલન એટલે તેના અધ્યાપક ભાઈ ભોગીલાલની સાત વર્ષની તપસ્યાનો ઉત્સવ; અને વઢવાણ રાજ્યમાં બાળકો તરફના પ્રેમનો પહેલો ફાલ. એની પાછળ વઢવાણ રાજ્યની કૂંક અને ભાઇ ભોગીલાલના મિત્રોની સહાય હતી. સંમેલનની સફળતા માટે એ બન્નેને અભિનંદન ઘટે છે.

વઢવાણ રાજ્યે કાઠિયાવાડમાં રાજ્ય તરફથી બાલમંદિર કાઢવાની પહેલ કરી. બાલસંમેલન કરવામાં પણ તેની જ પહેલ છે. અમે ઇચ્છીએ છીએ કે બીજાં રાજ્યો વઢવાણ રાજ્યનો દાખલો લે, પોતાની ભાવિ પ્રજાને કેળવવાનું શુભ કામ આદરે અને પોતાના ગામે ગામે બાલમંદિરો સ્થાપે અને બાલસંમેલનો ભરે.

બાળકોના આ યુગમાં જે રાજ્ય કે જે પ્રજા બાળકોની ઉન્નતિનાં પગલાં નહિ માંડે તેઓ અમને ભીતિ છે કે પ્રગતિના પ્રવાહમાં પાછળ રહેશે; અને તેમનું સ્થાન નીચું પડશે.

રાજ્યો અને પ્રજા બાળકો માટે કરશે તો તેઓ પોતાનું જ ભલું કરશે, પોતાની ચડતી વધારશે અને તેમને ત્યાં જ સુખ અને સમૃદ્ધિના દિવસો લાવશે. ગિ.

: ૩ :

અઢારમું આંતર રાષ્ટ્રીય મોન્ટીસોરી અધ્યાપનકાર્ય ૧૯૩૩ના જાનેવારીથી જૂન સુધી સ્પેનમાં બાર્સિલોનામાં ચાલશે.

આ અધ્યાપનકાર્ય ડૉ. મોન્ટીસોરી પોતે જાતે જ ચલાવશે. તેઓ દર અઠવાડિયે ત્રણ પાઠો આપશે.

ડૉ. મોન્ટીસોરી સ્પેનિશ ભાષા સારી રીતે જાણે છે છતાં તેઓ પોતાનાં ભાષણો ઇટાલિયન ભાષામાં આપશે. આ ભાષણો ફ્રેન્ચ્ટીઝિયન અને કેટેલેન તેમ જ એક બીજી ભાષામાં ઉતારવામાં આવશે, અને ભણવા આવેલાંઓને અનુકૂળ એવી ભાષાઓમાં પણ ભાષણોના તરજુમા થશે. ઉપરાંત ઇટાલિયન ભાષાનું શિક્ષણ પણ આપવામાં આવશે.

ભાષણો ઉપરાંત ઉત્તમ મોન્ટીસોરી શાળામાં પદાર્થ પાઠ આપીને મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતો પ્રત્યક્ષ બતાવવામાં આવશે.

ધાર્મિક શિક્ષણ ઉપર ખાસ ભાષણો આપવામાં આવશે. ઉપરાંત બાળકોના સંરક્ષણ વિષે અને મૂઢ અને અલ્પમતિ બાળકોના શિક્ષણ વિષે પણ કહેવામાં આવશે.

બહારથી આવનારને માટે કેટલોનીઆનું લોકનૃત્ય શીખવવાનો પ્રબંધ કરવામાં આવ્યો છે. આ લોકનૃત્યો ડૉ. મોન્ટીસોરીએ પોતાની શાળામાં દાખલ કરેલાં છે.

આખા અભ્યાસની ફી (બહારથી આવનાર માટે) ૩૬ પાઉન્ડ રહેશે.

જેઓ અભ્યાસ કરવા જવા માગતા હોય તેઓ નીચેને સરનામે પત્રવ્યવહાર કરે:

Ronda Universitat, 7,
Barcelona, Spain.

શિક્ષણપત્રિકાની દુનિયાના જુદા જુદા ભાગો પ્રમાણે ગ્રાહકસંખ્યા

૧૩૯૨ ગુજરાત	૧૬૬ બ્રહ્મદેશ	૨ ફ્રાન્સ
૯૦૮ કાઠિયાવાડ	૧૦૮ આફ્રિકા	૨ માડાગાસ્કર
૬૭૮ ઇતર મુંબઇ ઇલાકો	૮ એડન	૨ બલુચિસ્તાન
૧૯૪ કચ્છ	૫ ઇંગ્લાંડ	
૧૮૭ હિંદ	૪ આબિસિનિયા	૩૬૫૬ કુલ ગ્રાહક સંખ્યા.

મહાભારતનાં પાત્રોની બાર પુસ્તકોની માળા પૂરી થઇ છે. તેનાં પુસ્તકોની છૂટક કિંમત રૂા. ૪-૦-૦ ને બદલે રૂા. ૩-૮-૦ માં આખો સેટ મળશે. બારમા પુસ્તકની પાકી બંધાઇના ૦-૪-૦ વધારે પડશે. પોસ્ટેજ આ ઉપરાંત સમજવું. શ્રીદ.મૂ. પ્રકાશનમંદિર

અંત્યજોને શિક્ષણપત્રિકાની મદદ માટે

૨–૦–૦	મણિલાલ એન. સુરતી	વડોદરા	૧–૦–૦	કેશવલાલ રાયચંદ શેઠ	બીલખા
૧–૦–૦	જદવજીભાઈ વકીલ	ભાવનગર	૧૦–૦–૦	મનુભાઇ પ્રાણલાલ	જોબીનગામ
૧–૦–૦	ગુલાબચંદ ડાહ્યાભાઈ		૨–૦–૦	સોમાભાઈ ભવાનભાઇ	અમદાવાદ
૧–૦–૦	આયમાયબેન નાનાભાઈ		૫–૦–૦	જરબાનુ ભમગરા	
૪–૦–૦	આલા પોચા	પુના	૨–૦–૦	લાભશંકર એ યાજ્ઞિક	રંગુન
૩–૦–૦	વિદ્યુલ્લતા ભાનુસુખરાય મહેતા	વડોદરા	[રૂા. ૩૨) નવા વરસથી તા. ૧૫–૧૧–૩૨ સુધીમાં.]		

અક્ષરજ્ઞાન યોજનાને મદદ

૫–૦–૦	નારણદાસ મથુરાદાસ	બેઝવાડા	૧-૧૨-૦	વાડીલાલ મુળજી	રંગુન
૫–૦–૦	સ્વર્ગસ્થ સૌ. વિમલાબેનના પુણ્યાર્થે		૧૦–૦–૦	મણીલાલ એન. સુરતી	વડોદરા
	હા. નૃસિંહપ્રસાદ વસાવડા	રંગુન	૨–૦–૦	ભીખાભાઈ ગોપાળજી	ભાવનગર
૫૦–૦–૦	તારાબેન માણેકલાલ પ્રેમચંદ	મુંબઈ	૭–૦–૦	કાનજી ગોવિંદજી	કલકત્તા

[રૂા. ૮૦–૧૨–૦ તા. ૧–૨–૩૨થી ૧૫–૧૧–૩૨ સુધી.]

ટૂચકો એક બેન કહે કે "છોકરાંને મારવાં જોઇએ. ન મારીએ તો તેઓ ફાટી જાય. ભલે મોન્ટીસોરી અને શિક્ષણ પત્રિકા ના કહે." વા. ઠા.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ સાતમું
૧૯૮૯

અંક ૧૨ મો
પોષ

: તંત્રીઓ :
ગિજુભાઇ
તારાબેન

ઘણી વાર માણસો પોતાની દુર્બળતા ઢાંકવા માટે જ બળની વાતો કરે છે. અસંસ્કારી જ સંસ્કારની વાતો કરે છે. અસંયમી જ સંયમની વાતો બહુ કરે છે. અને અધર્મી જ ધર્મની વાતો બહુ કરે છે.

આવા માણસોને ઓળખતાં ન આવડે તો આપણે દંભના ભોગ થઈ પડીએ છીએ.

આવા માણસોને ઓળખીને તેમનાથી દૂર રહેવાથી આપણે બચીએ છીએ.

આવા માણસોને ઓળખીને તેમને ઉઘાડા પાડવામાં જગત ઉપર ઉપકાર કરીએ છીએ.

પાઇ પૈસો

હું કોળીવાડમાં બેઠી હતી. એક દસ વર્ષની છોકરી એક પાંચ વર્ષના છોકરાને પકડીને લઇ આવી. છોકરીની બા મારી પાસે ભણતી હતી તેના ખભા ઉપર હાથ મૂકી છોકરી રડવા લાગી: "એ બા, એ બા! જો ને, વનકો મારી પાઇ લઇ ગયો."

વનકો કહે: "ના; ઈ તો મારી પાઇ છે."

આ પાંચ વર્ષના વનકાને પાઇ એક કિંમતી વસ્તુ લાગતી જોઇ મને આશ્ચર્ય થયું! પાઇ કાંઈ કાચ જેવી ચળકતી નથી, એને બંગડીના કટકા જેમ લાલ, લીલો, પીળો રંગ નથી; બોર જેમ એ મીઠી લાગતી નથી. છતાં આ પાઇમાં તે આ બાળકને શું આકર્ષણ હશે? મને થયું: "એક નાનકડી વસ્તુ તરીકે તેને ગમી ગઇ હશે." મારે ઘરે મારી દીકરી પણ ઘણી વાર નાનકડા પૈસા તરીકે મારી પાસેથી પાઇ લઇ પોતાની પાસે રાખતી. છતાં નક્કી કરવા મેં તેને પૂછ્યું: "પાઇનું શું કરશો? પાઈ શું કામ જોઇએ?"

છોકરાનું મોઢું મલકયું. પેલી બાઇએ તરત જવાબ આપ્યો: "ઇ રોયો તો એને હમણાં ખાઈ જશે."

મને નવાઇ લાગી: "પાઇ ખાઇ જશે?"

બાઇએ ખુલાસો કર્યો: "આ રહી દુકાનો. આ છોકરાંઓ પાઇ પૈસો મળે કે તરત જઇને ખાઇ આવે છે."

મેં પૂછ્યું: "પાઇનું શું આવે?"

"પાઇનું તો ઘણુંયે આવે. બોર આવે, દીકડી આવે, બિસ્કુટ આવે, ચીભડાની ચીર આવે, ગમે તે આવે. છોકરાંને શું? ખાવાનું કામ છે ને?"

"એમ? આ છોકરી શું કરત પાઇનું?"

"ઇ યે ઇ જ. ખાઇ જાય."

"પેલા નાના છોકરાને કોણ લાવી દે?"

"લાવે કોણ? જઇને ખાઇ આવે. નાનાં મોટાં બધાં."

મને યાદ આવ્યું કે બાલમંદિરનાં બાળકોની પાસે પણ ઘણી વાર પાઇ પૈસો હોય છે. માબાપો તેમને બાલમંદિરમાં તે આવે એટલા માટે આપે છે. છોકરા છોકરીઓ અંદર અંદર પણ એક બીજાંને ફોસલામણા તરીકે પાઇ પૈસો આપવાનું કહેતાં પણ મેં સાંભળ્યાં છે. એકંદરે બાળકોને પાઇ પૈસો આપીને તે તેમને વાપરવા દેવાની પ્રથા માત્ર કોળીવાડમાં જ નથી પણ ગામડાં સર્વસામાન્ય છે. કોળી, માળી, સોની, દરજી, વાણિયા ને બ્રાહ્મણ બધા પોતાનાં બાળકોને પાઇ પૈસો આપી રાજી કરે છે, પાઇ પૈસો આપી તેમને લાડ લડાવે છે અને પાઇ પૈસો આપી તેમને ફોસલાવે છે. તેમાં રોજના છ આઠ આના કમાતી મજૂરણ પણ આવી જાય, પચાસ સાઠ રૂપિયા કમાતો કારકુન કે માસ્તર પણ આવી જાય, ને દુકાને બેસી વેપાર કરનાર વેપારી પણ આવી જાય. ગામમાં બાળકોને પાઇ પૈસાનું ખાવાનું પૂરું પાડવાની દુકાનો, રેંકડીઓ કે ઘૂમતા લઇને ફરનાર ફેરિયાઓ વગેરે અનેક બાળપ્રેમીઓ બાળકોની સગવડ સાચવવા તેમનાં બારણાં આગળ તૈયાર જ હોય છે.

લીલાં, લાલ કે પીળાં સરબત નાખી બરફની સળીઓ બનાવનારા, દાળિયા કે મમરાગોળના લાડવા વેચવાવાળા, શીંગ, રેવડી, ગોળધાણી, દાડમના દાણા, તરબૂચ, કાકડી કે ચીભડાની ચીરો વેચવાવાળાઓ વગેરે બધા, બાલમાનસના ઉંડા અભ્યાસીઓ હોય છે. બાળકને ઝટ શું આકર્ષશે, તેમના મોઢામાં ઝટ પાણી શું લાવશે, કેવા રંગો તેમને લલચાવશે, એટલું જ નહિ પણ સાથે કેવાં જોડકણાં અને કેવા અવાજો કરવાથી તેઓ દોડીને રસ્તા પર આવશે એ બધી બાબતોનો તેમને પૂરેપૂરો અભ્યાસ હોય છે. તેથી તેઓ પોતાના કામમાં બૂબ સફળતા મેળવે છે. સાંજ પડે આ કાર્યકર્તાઓ ગામ આખાનાં બાળકોને કંઈ ને કંઈ બવરાવી, અનેક જાતના રોગના જંતુઓ તેમના ઘરમાં પેસાડી, તેમની પાસેથી પાઇ પૈસો લઇ આવે છે. આજે માબાપો કરતાં પાઇ પૈસો લઇ બાળકોને નાસ્તો કરાવનાર આ રેંકડીવાળાઓ બાળકોના બોરાક વિષે વધારે વિચાર કરે છે. ઉનાળો આવે એટલે ઠંડું બાણું પીણું જોઇશે માટે પાંદડા ઉપર પૈસાનો બાઇસક્રીમ મળવાની ગોઠવણ કરવાનું તેમને સૂઝે છે ચોમાસામાં કાકડી ને ચીભડાં જોઇશે; શિયાળામાં મમરાગોળનો પાક જોઇશે; વગેરે બધો વિચાર તેમને જ કરવાનો હોય છે. કારણ માબાપો પાસે તો ઝટ લઇને પાઇ પૈસો ફેંકી આપવા જેટલો વખત માંડ રહ્યો છે.

માબાપો એમ માને છે કે બાળકને કબજિયો પતાવવાનો એક માત્ર ને અકસીર ઉપાય પાઇ પૈસો છે. પરંતુ તેઓ જાણતાં નથી કે આ પાઇ પૈસો કબજિયો ઉત્પન્ન કરનાર અથવા કબજિયો લંબાવનાર પણ થઇ પડે છે. એક વાર પાઇ પૈસો લઇ મોઢું ગળ્યું કરવાનો રસ્તો બાળકને તમે બતાવો કે દરેક વખતે પાઇ પૈસો મળે ત્યાં સુધી હઠ કરવી જોઇએ એ વાત બાળક પોતાની મેળે સમજી જાય છે; અથવા બારણે રેંકડી કે ફેરિયા આવે ત્યારે પાઇ પૈસો હાથમાં આવે ત્યાં સુધી કબજિયો કરવાનો રસ્તો પણ બાળકને તરત હાથ આવી જાય છે.

દુર્દૈવની વાત છે—બાળકોના મહાન કમભાગ્યની વાત છે કે માબાપો આટલી સાદી વાત સમજતાં નથી કે બાવાનો સંબંધ ભૂખ સાથે છે, શરીરપોષણ સાથે છે, નહિ કે બાળકોના કબજિયા સાથે. બાળકને પડી જવાથી લાગ્યું હોય ને તેથી બાળક રડતું હોય ને મા તેના હાથમાં પેંડો મૂકીને તેને છાનું રાખે એનો અર્થ શો? બાળક ભૂખને કારણે રડતું હોય તો બાવાનું બાપવું જોઇએ. લાગવાથી રડતું હોય તો પાટાપિંડી કરવી જોઇએ. બાળકો અંદર અંદર બાઝ્યાં હોય તો તેમનો ટંટો મટાડવો જોઇએ. જે કારણસર કબજિયો હોય તે કારણ દૂર કરવાને બદલે માબાપો બધા

પ્રગટ થયું છે

મોન્ટીસોરી પ્રવેશિકા

ભાષાંતર કર્તા: **તારાબેન મોડક**

મૂળ Dr. Montessori's Own Handbook નામના અંગ્રેજી પુસ્તકનું ભાષાન્તર.

પાકી બંધાઇ કિં. ૦–૧૨–૦
(સચિત્ર) પોસ્ટેજ ૦–૨–૦

રોગો પર એક જ ભસ્મ આપનાર વૈદની જેમ બધા કજિયા પાઈની પીપરમેટ કે દાળ-મસાલી કે બરફની સળીથી પતાવે છે. એની પાછળ વિચાર કે તર્કની ખામી દેખાય છે.

આનું મૂળ ઉંડું છે. મૂળે બાળક ધાવણું હોય ત્યારથી જ તેને બધી જાતનાં દર્દો ને દુઃખો કે બેચેની ધાવીને મટાડવાં પડે છે. માતાઓને વિચાર કરવાની શક્તિ નથી, સમજણ નથી ને કુરસદે નથી કે બાળક શા માટે રડે છે તે તપાસી જોવું. બાળક રડે કે તેને ધવરાવવું. પેટમાં ચૂંક આવવાથી તે રડતું હોય તો પણ તેણે ધાવવું. ઘોડિયામાં પડ્યા પડ્યા કંટાળો આવવાથી રડતું હોય તો પણ તેણે ધાવીને જ કંટાળો દૂર કરવાનો. કાંઇ પણ થતું હોય તો પણ માતાએ તો જોવા તપાસવાની જરૂર જ નથી. એક ઉપાય તેને સા શીખવી રાખે છે. આ ઉંમરે બાળક જરાક ડાહ્યું હોય છે અથવા તેની જીભ આવી કુટેવોથી બગડી ગએલી હોતી નથી એટલે ભૂખ ન હોય તો તે કુદરતી બુદ્ધિથી જ સમજે છે ને ધાવતું નથી. પણ આસ્તે આસ્તે ગમે ત્યારે મોઢામાં કાંઇક નાખીને મીઠા સ્વાદમાં બધુ દુઃખ ભૂલી જવાની તેને ટેવ પડતી જાય છે; ને જેમ જેમ પેટ બગડતું જાય છે તેમ તેમ વિશેષ ખાવાની ઇચ્છા થતી જાય છે. ને કજિયો કરીને તે મેળવવાનો રસ્તો તેને હાથ આવી જાય છે. માબાપો આવી રીતે બાળકોની શરીરપ્રકૃતિને કેટલી હાનિ પહોંચાડે છે તેનો જરા વિચાર કરે તો?

પાઇ પૈસો નૈતિક હાનિ પણ કરે છે. ભૂખને કારણે ને પોષણ અર્થે ખાવું જોઇએ એને બદલે સ્વાદની ખાતર ખાવાની ટેવ મનુષ્યને નૈતિક અધોગતિએ પહોંચાડે છે. માત્ર ખાવા સંબંધે જ કહીએ તો પણ તેથી માણસ મન ઉપર કાબૂ રાખી શકતો નથી ને સ્વાદનો ગુલામ બની જાય છે. તેથી અનેક વાર અપમાન સહન કરવું પડે, ને ગમે તે થાય તો પણ સ્વાદને સંતોષવા ખાતર તે ગમે તેટલો નીચે ઉતરે છે. માંદગીને વખતે કરી પાળી શકતો નથી, કોઈ પણ જાતની ટેક પાળી શકતો નથી કે કોઈ પણ જવાબદારીવાળાં મોટાં કામો કે જેમાં મુસીબતો વેઠવી પડે તેવાં માથે લઇ શકતો નથી. ટૂંકમાં ઇંદ્રિયનો તે એક ગુલામ હોઈ સ્વતંત્ર મનુષ્ય તરીકે જીવનનો સ્વામી રહી શકતો નથી. વળી ઘણી વાર આ ગુલામી એક સ્વાદ પૂરતી જ રહેતી નથી; નાનપણની સ્વાદની ગુલામી જરા મોટી ઉંમરે નાટક સિનેમા પરત્વે દેખાય છે, તો તેથી આગળ જતાં ઇતર ભોગવિલાસ પરત્વે દેખાય છે. એકંદરે માણસ માણસ તરીકે નાલાયક ને માત્ર પોતાની ઇંદ્રિયોનો ગુલામ બને છે. મનુષ્યના ચારિત્ર્યનો પાયો તેના બાળપણમાં નખાય છે. તે વખતે જ તેના જીવનનું ધ્યેય નક્કી થાય છે. જીવવા માટે ખાવું પીવું કે ખાવા પીવા માટે જીવવું, વગેરે બધું બીજ રૂપે આ કુમળી વયે વવાય છે—જે ઉગી નીકળેલું આપણે મોટી ઉંમરે જોઇએ છીએ.

પાઇ પૈસો લઇને ખાવાની ટેવ માબાપો પાડે છે. પછી જ્યારે તે બરાબર સંતોષાય નહિ અથવા ભોગવિલાસની રીત પ્રમાણે તે ઇચ્છા વધવા લાગે ને માબાપો તેના પર

અંકુશ મૂકવાનો પ્રયત્ન કરે ત્યારે બાળકને આડો માર્ગ લેવાનું કારણ મળે છે. ઘરમાં ક્યાંક પાઇ પૈસો જડે તો ઉપાડી લેવો, અથવા પાડોશમાં કે શાળામાં કોઇ છોકરાનો પાઇ પૈસો જડી આવે તો લઈ લેવો, વગેરે ટેવો બાળકને પડે છે તેનું મૂળ આ પાઇ પૈસાની ખાવાની ચટક માબાપો બાળકોને લગાડે છે તેમાં છે. એટલે એક ખાવાની કુટેવમાંથી બીજી પણ અનેક હલકી ટેવો જન્મે છે. ચોરી કરવી, ખોટું બોલવું, ગમે તેવાં ગપ્પાં લગાવી દેવાં વગેરે એક ખાવા ખાતર બાળકને કરવું પડે છે.

પાઇ પૈસાથી ગંદુ ખાવાનું મળે; ઝાડા, મરડો, ટાઇફૉઇડ વગેરે જેવા રોગો તેનાથી ફેલાય છે એ તો છે જ. આ રીતે જરા વિચાર કરી જોશું તો પાઇ પૈસો આપી બાળકને રાજી કરવાની કે તેનો કબજો પતાવવાની સાધારણ નિર્દોષ દેખાતી વાતમાંથી શારીરિક ને નૈતિક નુકસાન કેટલું ગંભીર સ્વરૂપનું થાય છે તે સહેજ ધ્યાનમાં આવે તેમ છે. માબાપો આ વાત તરફ બરાબર લક્ષ પહોંચાડે તે જરૂરનું છે.

તા.

"તો એ"

સામાન્ય પ્રથા છેઃ "એ છોડી! કયાં ચાલી?" "એ કનુડા! અહીં આવ જોઇએ." સામાન્ય જનતા, આડોશીપાડોશી કે તદ્દન અજાણ્યા માણસો બાળકો સાથે આમ જ બોલે છે. માબાપોને તો વિશેષ હક્કો હોવા જ જોઇએ, એટલે તેઓ સરકાર જેમ પોતાના માણસોને સર વગેરે ખિતાબો દઇને આગળ એક શબ્દ ઉમેરીને બોલાવે છે તેમ માબાપો પણ કરે છે. "એ રાંડ કમુડી! કયાં મરી હતી?" "રોયો જસુડો!" વગેરે વગેરે.

શ્રીમંત કે રાજકુટુંબમાં બધા સાહેબો હોય છે. છોટા સાહેબ, નાના સાહેબ, બાળા સાહેબ, ભય્યા સાહેબ વગેરે. ત્યાં તો બધાંને આપ કહીને બોલાવવાનું અને પ્રત્યક્ષ મા કે બાપ પણ પોતાનાં બાળકોને તું કહીને બોલાવી ન શકે કે બાળક પોતાની બાને "એ બાડી" કહી ન શકે એવું હોય છે.

અમારી દૃષ્ટિએ આ એ છોડાની બન્ને પ્રથા જુલમી છે. પહેલી પ્રથા બાળકનું અપમાન કરનારી છે જ્યારે બીજી બાળકને બંધનયુક્ત રાખનારી અને કૃત્રિમ છે.

બાલમંદિરમાં એક ત્રીજી પદ્ધતિ કાઢવામાં આવી છે. "કલાણાભાઇ, કલ્લાણાબેન, કેમ છો? અહીં બેસજો." વગેરે. આમ બોલાય છે એ પણ એક રીતે કૃત્રિમ લાગે છે, કારણ તે પ્રથા નવી છે. નાના અઢી ત્રણ વર્ષના બાળકને કદી કોઇએ 'તમે' કહીને બોલાવ્યાં જ ન હોય, એટલે બાળક પણ પહેલાં તો નવાઇ જ પામે છે. તેમ જ અંદર અંદર એકબીજાને પણ એટલા માનપૂર્વક સંબોધવાનું તેમને પહેલાં પહેલાં વિચિત્ર લાગે છે. પણ હમેશના રિવાજથી આગળ જતાં તે સ્વાભાવિક બને છે, અને કોઇ કોઇને તુંકારો કરે તો સૌનું એકદમ ધ્યાન ખેંચાય છે, અને સૌને આઘાત લાગે છે.

ત્યારે બાળકોને બોલાવવાની સારી રીત

કષ ? તેમને તું કહેવાં કે તમે કહેવાં કે આપ કહેવાં ? વનકેા ને લાભુડી ને સુભલી જેવા પ્રયેાગેા કરવા કે રે શશિવદન ! હે હેમલતે ! હે કમલનયને ! જેવા લાંબા ને શિષ્ટ પ્રયેાગેા કરવા ?

વાત નાની છે છતાં તેની પાછળ મહત્ત્વનાં તત્ત્વેા રહ્યાં છે. તેની થેાડી ચર્ચા કરી લઇએ.

બાળકને તેનું નામ ગમે તેમ બગાડીને બેાલાવવામાં મૂળ વાત એ રહેલી છે કે આ આટલું કે પ્રાણી જેને હજી પૂરતું બેાલતાં ચાલતાંયે આવડતું નથી, જે શેરીમાં તેા નાગું રખડે છે, તેને પ્રતાપરાય, લાભશંકર, હીરાચંદ શું કહેવું'તું ? એ તેા હજી પતુડેા, લાભુડેા, હીરકેા છે. શેરીમાં વસતાં ભાઇબેનેાને મન આ બધાં હિસાબમાં લેવા જેવાં પ્રાણીઓ નથી. તે જ જરા મેાટાં થવા લાગે એટલે તેમના જેવડા ને તેમનાથી નાના લેાકેા પતુભાઇ, લાભભાઈ કહીને બેાલાવે છે, છતાં હજી તેમનાથી મેાટાંઓને તેઓ પતુડેા કે લાભુડેા જ હેાય છે. પછી જ્યારે મૂછેા આવે, ભાઇ પાઘડી પહેરી દુકાનમાં બેસવા લાગે, ત્યારે તે જરા માણસમાં આવ્યા હેાય એવું ભાન થાય છે; ત્યારે તેઓ પ્રતાપરાય કે લાભશંકર કરીને બેાલાવવા યેાગ્ય બને છે.

આજ સ્થિતિ છેાકરીઓની હેાય છે. પહેલાં તેા તે એક 'છેાડી' હેાય છે. 'એ છેાડી !' કહીને જ બેાલાવવા યેાગ્ય ગણાય. પછી જરા પાણી ભરતી થાય ત્યારે તે નભુડી કે સવલી થાય છે, ને પરણીને સાસરે જતી આવતી થાય ત્યારે નરમદા કે સવિતા થાય, ને તેનાથી નાની પ્રજા માટે તે નભુબેન કે સવિતાબેન થઇ શકે. છેાકરીને ઉત્તમ રીતે બેાલાવવા જેવી તેા માત્ર તેના લગ્નનેા વિચાર થાય છે ત્યારે કે તેને પરણાવતી વખતે જ હેાય. તે વખતે તેને 'કન્યા' કહીને સંબેાધાય છે. વરને માટે કેાઇ 'છેાડી' શેાધવા નીકળતા નથી પણ 'કન્યા' શેાધે છે, ચેારીમાં પણ 'કન્યા' પધરાવવામાં આવે છે. બાળકેાનાં નામ મરડી કચડીને બેાલવાની પાછળ રહેલું માનસ આ છે કે 'જે હજી માણસમાં આવ્યું નથી, જેને હજી કેાઇ જાતનું વ્યક્તિત્વ પ્રાપ્ત થયું નથી, જે હજી હિસાબમાં લેવા યેાગ્ય ગણાય જ નહિ, તેને વળી આખું નામ શાનું હેાય ? તેને માનપૂર્વક સંબેાધવાની શી જરૂર ? મૂળે તેને માન શું ને અપમાન શું ?'

મૂળ પ્રથા પડવા પાછળનેા આ એક વિચાર. બીજું માબાપેા વળી વિશેષ વહાલને કારણે પેાતાનાં બાળકેાનાં નામને વાંકાં ચૂંકાં વાળતાં હશે. પછી તે સાંભળી આજુબાજુનાં પણ તેમ જ બેાલાવવા લાગે ને એ રીતે પણ બાળકનાં નામેા કચડાઈ મચડાઇ જતાં હશે. ઘણાંઓને પ્રેમથી જાતજાતનાં નામેા પાડવાની ટેવ હેાય છે. કચરેા, પુંજો કહીને મૂળ જે માતાએ વહાલથી પેાતાના લાડકા દીકરાને સંબેાધ્યું હશે, તે હવે પ્રચલિત નામેા થઇ પડ્યાં હશે. અત્યંત વહાલને કારણે જ મેાટના દીકરાને આવા વિશેષ સુંદર નામથી બેાલાવવાની પ્રથા પડી છે.'

બાળકેા સંબંધે હવે જ્યારે આપણે વિશેષ વિચાર કરતાં થયાં છીએ ત્યારે તેમને બેાલાવવાની બાબતમાં પણ આપણે જરા વિચાર કરી લેવાની જરૂર છે.

માબાપો કે નજીકનાં સગાંસંબંધીઓ પ્રેમને કારણે બાળકને જુદી જુદી રીતે બોલાવે તેની સામે આપણે વાંધો લઇએ નહિ. માણસે શિષ્ટાચારને કારણે કૃત્રિમ અને અકુદરતી થવાની જરૂર ન જ હોય. પ્રેમથી મા બાળકને પોતાનું બોલકું પણ કહે ને બચોળિયું પણ કહે; પ્રેમથી જરા ગાળ પણ દે, મૂરખ કહે કે ડાહ્યલો કહે. તેને તેમ કહેવાનો હક્ક છે, કારણ તે તેની માતા છે ને તેનું માતૃહૃદય તે ભલે ફાવે તે રીતે તેના પર ઠલવે. તેમાં એક જ વાત જોવાની કે પ્રેમ કે ભાવના વ્યક્ત કરવાની સંસ્કારી રીત પણ હોય ને અસંસ્કારી પણ હોય. શિષ્ટના અશિષ્ટતાને આપણે કોરે મૂકીએ. માતા ને બાળક વચ્ચે શિષ્ટતા જાળવવાની જરૂર નથી. છતાં પોતાના બાળકના દેખતાં કે બાળક પરત્વે માતાએ કે કોઇ પણ વ્યક્તિએ અસુંદર, અસંસ્કારી કે ગ્રામ્ય થવામાં જ પ્રેમ છે એવું પણ નથી જ. બહુ બહુ તો તે ક્ષમ્ય ગણાય પણ અનુકરણીય કે પ્રશંસનીય તો ન જ ગણાય. માતૃપ્રેમ પણ કાવ્યમય, કલામય, કોમલ ને મધુર રીતે વ્યક્ત થઇ શકે છે. લાડકાં નામ તરીકે 'રાંડ' કે 'રોયો' કહેવાને બદલે 'મારૂં નીલમ' કે 'મારા રાજા' કહે તો પણ વાત્સલ્યનો ઉભરો કાઢી શકાય છે. માતાઓ ને પિતાઓ એ રસ્તે ચડે તો તો જાતજાતનાં સુંદર હુલામણાં તેમનાં હૃદયપ્રવાહમાંથી સહેજે સરી પડશે.

બીજું મોટાં નામોનાં ટૂંકાં નામ કરવા બાબત પણ એમ જ કહી શકાય. 'વનમાલા' નામ હોય તો તેને 'વનુડી' પણ કહી શકાય, ને 'માલા' પણ કહી શકાય. 'હેમલતા' નામ હોય તો 'હેમકી' પણ થાય, 'હેમુ' થાય, 'હેમ' થાય ને 'લતા' પણ થાય. બોલાવનારની જેવી રસવૃત્તિ–જેવી ભાષાની મધુરતા સેવવાની શક્તિ. બીજી બાજુએ ઢળી પડી કોઇ જીવનને નાટકી કે નવલકથા જેવું પણ બનાવી ન દે. નાટકના તખતા ઉપર કે નવલિકાના નાયકનાં મોઢામાં શોભે એવા પ્રયોગો દાખલ કરીને પણ બાળક પરત્વેની સ્વાભાવિકતાની સુંદરતા જળવાતી નથી.

બાળકને તુંકારે બોલાવવાની બાબતમાં પણ એમ જ છે. પોતાના બાળકને મા તુંકારે બોલાવે કે માને બાળક તુંકારે બોલાવે તે પરસ્પરના પ્રેમસંબંધને લઇને યોગ્ય છે અને મીઠું છે. રાજારાણીઓ કે એવા મોટા લોકો જ્યારે પોતાના બાળકને પણ તુંકારે બોલાવી ન શકે ત્યારે તેમની ઉભરી દયા આવી પડે, કે તેમને સ્વાભાવિક કુટુંબના પ્રેમના હક્કો પણ ન હોય! સહેજે નવાઇ લાગે છે કે ખોટી મોટાઇ કે શિષ્ટતાનાં ખોટા ખ્યાલથી તેઓ પ્રેમ વ્યક્ત કરવાનાં મનુષ્યના સ્વાભાવિક હક્કો શા માટે ગુમાવે છે? અને આશ્ચર્ય થાય કે આવી શિષ્ટતા સામે તેમનાં હૃદયો બંડ કેમ કરતાં નથી?

માતાપિતા કે નજીકનાં સગાંસંબંધીઓ અમુક નામે બોલાવે છે કે તુંકારે બોલાવે છે માટે ગમે તેણે–તદ્દન અજાણ્યાએ પણ બાળકને તુંકારે શા માટે બોલાવવું? તેના હુલામણાના કે ટૂંકા નામે શા માટે બોલાવવું? જેમ મોટી ઉંમરના માણસને ઘરે તેનો બાપ કે મા બચુ કે ગજુ કહેતાં હોય તો પણ બીજાં તો તેને તરત બચુભાઇ કે ગજુભાઇ

કે ગજાનનભાઈ કહીને જ બોલાવે છે–એટલે એટલા પૂરતું તેનું વ્યક્તિત્વ કબૂલે છે ને સન્માને છે, તેમ જ બાળકનું પણ વ્યક્તિત્વ આપણે કબૂલવું જોઇએ અને સન્માનવું જોઇએ. જેમ કૉલેજમાં તે જીતુભાઈ ને કમુબેન હોય છે તેમ જ તેની બાળશાળામાં–તેના બાલસમાજમાં પણ તે જીતુભાઇ અને કમુબેન જ હોવાં જોઇએ. તે વખતે તે તેની બાનાં ભલે જીતુ કે કમુ હોય, તો પણ તેના સાથીઓ કે બીજાં મોટાંઓએ તેને જીતુ કે કમુ કહેવાનું શું કારણ? કારણ એ જ કે તે ઉંમરના બાળકને આપણે માણસમાં ગણતા જ નથી. તેનું વ્યક્તિત્વ સ્વીકારતાં નથી. પણ તે બરાબર નથી. બાળકોને પણ મોટાંઓ જેટલું જ સ્વમાન હોય છે, અને માનઅપમાન પણ હોય છે. અને જેમ જેમ તેમનું વ્યક્તિત્વ સ્વીકારીએ છીએ તેમ તેમ તે એક જવાબદાર વ્યક્તિ તરીકે વર્તન પણ રાખે છે. વ્યક્તિત્વ અને સ્વમાન ખીલવવાનો અવકાશ આપીએ તો બાળકોનો સમાજ પણ મોટાંઓના સમાજ જેટલો જ શિષ્ટ, સ્વમાનવાળો અને એકબીજાનું માન સાચવવાવાળો બને છે. ઘરે શું અને સમાજમાં શું, આપણે બાળકને તુંકારે બોલાવીએ છીએ, ગમે તેમ તોછડાઇથી તેની સાથે બોલીએ છીએ, તેને ગમે તેમ મારીએ છીએ, ધસડીએ છીએ, તેને હલકાં વચન કહીએ છીએ, તેમાં આપણે બાળકનું અતિશય અપમાન કરીએ છીએ; અને ખરી રીતે આપણી જાતનું અપમાન કરીએ છીએ. બાલજીવનની આ એક અત્યંત કરુણ અને શરમ ઉપજાવે તેવી બાજુ છે. ચાના બગીચાઓમાં મજુરોને મારપડે છે કે અપમાનાસ્પદ ભાષા સાંભળવી પડે છે માટે આપણે દુઃખી થઇએ છીએ, અને આપણો પુણ્યપ્રકોપ જાગે છે; પરંતુ આપણા પોતાના જ ઘરમાં, આપણા જ શિષ્ટ સમાજમાં આપણાં બાળકો પરત્વેના વર્તનમાં આપણે ચાના બગીચાઓના અધિકારીઓ કરતાં જરાયે ઉતરતા નથી એનો કોઇને કદી વિચાર થયો છે?

ખરેખર આપણે બાળકોના વ્યક્તિત્વ સંબંધે વધારે વિચાર કરવો જોઇએ અને તેને સન્માન આપવું જોઇએ. બાળક કાંઇ પણ બોલે કે મત દર્શાવે તો તોછડાઇથી આપણે તેને "જા જા, હવે તું એમાં શું સમજ?" કે "મૂરખ છો, સાવ!" કહીને આપણે બાળકનું કહેવું કાઢી નાખતા પહેલાં જરા વિચાર કરવો ઘટે. આવી એક જ નહિ પણ અનેક નાની મોટી બાબતોમાં વિચાર કરીને વર્તવું કે બોલવું જોઇએ. બાલવિકાસમાં આ એક મોટી અંતરાય રૂપ બાબત છે કે આપણે બાળકનું અસ્તિત્વ કે વ્યક્તિત્વ સ્વીકારતાં નથી.

બાલમંદિરમાં બધાં બાળકો એક બીજાને તેમ શિક્ષકો બાળકોને 'તમે' કહીને બોલાવે છે, અને નિમુડી ત્યાં નિમુબેન થઇ જાય છે તેની પાછળ આ રહસ્ય છે. તા.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

ઈન્દુબેન ના કોનાં ?

ભગવાન બુદ્ધની બાલપણની એક વાત પ્રસિદ્ધ છે. તેના ભાઇએ બાણ મારી હંસનો શિકાર કર્યો. હંસ પડ્યો. બુધ્ધે તેને ઉપાડી લઇ તેની સારવાર કરી. તેનો ભાઇ કહેઃ "મારો હંસ આપ. હંસ મારો છે; મેં તેને માર્યો છે." બુદ્ધ કહેઃ "નહિ આપું. હંસ મારો છે. મેં તેને જીવાડ્યો છે." વાત આગળ વધી ને ન્યાય માટે દરબારમાં રાજા પાસે ગઈ. મહાન્ વિદ્વાનોને પણ સવાલ થઇ પડ્યો કે હંસ કોનો. શિકાર તો શિકારીનો જ હોય. પક્ષી મારવાની એક જ પ્રથા હતી ત્યાં સુધી ન્યાય ચોખ્ખો હતો. જે મારે તેને તે મળે. પણ હણાએલાને જીવાડવાની નવી જ વાત ભગવાન બુદ્ધ લાવ્યા. અર્થાત્ જૂને ચીન્તે વિચાર કરનારા મૂંઝવણમાં પડ્યા. પક્ષી મારનારનું કે જીવાડનારનું !

ઈન્દુબેનના કિસ્સા જેવા કિસ્સાઓ બાલ-મંદિરોમાં ઘણી વાર બને છે. બાળક ઉપર હક્ક કોનો ? તેને માનસિક પોષણ આપી તેને જીવન આપનાર બાલમંદિરના અધ્યાપક તરફ બાળક સહેજે ખેંચાય છે. તેના વિકાસની આડે આવનાર, ઘડીએ ને પળે તેની ઉગતી શક્તિઓને કચરી નાખનાર વ્યક્તિ પોતાનાં માબાપો હોવા છતાં તેમના તરફ બાળકને સ્વાભાવિકપણે ત્રાસ છૂટે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે બાળકો ઉપર હક્ક કોનો ? તેમને વિકાસ-પોષક વાતાવરણ આપનાર, તેમનું મન ફૂલ જેમ ખીલે. પ્રસન્ન રહે, પ્રફુલ્લ રહે, ઉલ્લસિત રહે તે માટે રાતદિવસ ચિંતા ને સંભાળ રાખના-રનો કે તેમના પર જુલમ ગુજારનાર, તેનું જીવન અટકાવી દેનારનો ? દાળ રોટલી ખવ-રાવી શારીરિક પોષણ આપનારનો હક્ક વધારે કે પોષક વાતાવરણ રચી બાળકને માનસિક ખોરાક આપનારનો હક્ક વધારે ?

ઇન્દુબેન જેવી એક બાલિકાનો કિસ્સો અમને આજે યાદ આવી આંખ ભીંજાય છે. ઉંડા પાણીની તળાવડી જેવી કાળી કોમળ આંખોવાળી આ બાલિકામાં ઉચ્ચ કલાકારનો આત્મા વાસ કરતો હતો. તેનું મધુર હાસ્ય તેના મીઠા સ્વભાવની સાક્ષી પૂરતું; વારંવાર તેની આસપાસ પ્રસન્નતા ફેલાવતું; તેના શિક્ષકોના હૃદયને સ્પર્શતું. બાલમંદિર તેને અને તે બાલમંદિરને એવાં ગોઠી ગયાં હતાં કે જાણે તે બાલમંદિરમાં જ જન્મી ને બાલમંદિરમાં જ જીવન કાઢવાની. પણ તેનાં માબાપોને બાલિકાનો આવો સુંદર વિકાસ ગમ્યો નહિ. બાળા પહેલીમાં કે બીજીમાં કયાં પડી છે ? તેને ઈનામો કયાં મળે છે ? તેની પરીક્ષાઓ કયાં થાય છે ? એવો વિચાર કરી માબાપોએ તેને ઉઠાડી લીધી ને અધ્યાપકોના હૃદયને આઘાત પહોંચાડ્યો. કલિકા જેમ ખીલતી બાળા કરમાઇ ગઇ. તેની કલાવૃત્તિ અંદર ને અંદર મૂંઝાઇ રહી. તેનો વિનોદ, તેનો સાહિત્યપ્રેમ, તેનામાં રહેલી દરેક સુંદર શક્તિ અણવિકસી અંદર અંદર સૂકાઇ જવા લાગી. માબાપોને તો દુનિયા કરે તેમ કરવાનું. છોકરીની બાર વર્ષની ઉંમરે તેને પરણાવી માબાપો કૃતકૃત્ય થયાં. સોળમે વર્ષે બાળા

સુવાવડમાં મરી પણ ગઇ. તેનાં મા બાપો તો રડીને શાંત થઈ ગયાં. પણ તેના બહુમોલ આત્માનાં જેમણે દર્શન કર્યા હતાં, તેનામાં રહેલી અનેક શક્તિઓનું જેમને ભાન થયું હતું, તેની ઉચ્ચ કલાવૃત્તિએ જેમને મુગ્ધ કર્યાં હતાં, તેમના હૃદયનો ઘા કેમ રૂઝાય? તેમનાં માબાપોને તો તે માત્ર બે પગ, બે હાથ ને બે આંખવાળી છોડી જેવી છોડી હતી—જેને માટે સૌ કહે તેમ કપડાં કરવાં જોઇતાં હતાં, સૌ ભણાવે કરે તેમ ભણાવીને 'ચોથી ભણી' એમ કહેવરાવવું જોઇતું હતું, સૌ પરણાવે તેમ પરણાવવી જોઇતી હતી, સૌ કરે તેમ તેની અધરણી કરવી જોઇતી હતી, ને આખરે સૌ લે તેમ તેને માટે છાજિયાં લેવાં જોઇતાં હત! માબાપોએ 'સૌ ચાલે તે રસ્તે' ચાલી પોતાની દીકરી પ્રત્યે યોગ્ય કર્યાનો સંતોષ મેળવ્યો. પણ જેમને વધારે આંખો હતી, જેઓએ તે હાડચામની આંખોમાં ઉંડી શક્તિ ભાળી હતી, તે હાડ-માંસના પાતળા હાથનાં આંગળાંમાં અજબ કારીગરી નીહાળી હતી, તે લોહીમાંસના હૃદયના સાચા ધબકારા સાંભળ્યા હતા, તેમનાથી આ બાળાનો આ કરુણ અંત કેમ ભૂલાય? તેમના હૃદયમાં બંડખોર વિચાર ઉપજે તો શી નવાઇ? બાલિકા કોની? બાળકો કોનાં? તેમને સૂકવી નાખનાર, દબાવી દેનાર, કચડી નાખનારનાં? કે તેને ફૂલ જેમ સાચવનાર તેમના માળીનાં? તેમને ખાતર પાણી પૂરું પાડી તેમને વધવા દેનાર, અને તેમના વિકાસના અહોરાત્રના દૃષ્ટા, તેમના હાસ્યે હસનાર, તેમના દુઃખે દુઃખી થનાર, તેમના મિત્ર બની તેમના હૃદયના સ્વામી બનનારનાં?

માત્ર જન્મ દેવાનો દાવો હક્ક સાબીત કરે ખરો? જન્મ આપ્યા પછી જીવાડવાં જોઇએ—પોષવાં જોઇએ. માબાપો, ચેતો. તમારાં બાળકોને શરીર છે, મન છે, આત્મા છે. તેની અંદર અનંત શક્તિઓ ગુપ્તપણે વાસ કરે છે. તેઓ ખીલવા માગે છે. તે બધું ઓળખતાં શીખો, નહિ તો બાળક ઉપરથી હાથ ઉઠાવી લ્યો. જોરજુલમનું રાજ કયાં સુધી ટકે? તે હવે સહન કરી શકશે નહિ. માનવજાત હવે આ રીતે નહિ કચડી શકાય.

માબાપો ચેતો! તમારાં બાળકોનું સાચું હિત વિચારો અને સાચાં માતપિતા થાવ. તા.

— ગ્રાહકોને —

આ અગિયારમો અંક છે.

ગ્રાહકોને વિનતિ કરવાની કે હજી સુધી જેમનું લવાજમ બાકી હોય તેઓએ મહેરબાની કરી પોતાનું આ વર્ષનું અને આવતાં વર્ષનું લવાજમ રૂપિયા બે મોકલી આપવા. આ બાબતમાં વિશેષ લખવાનું શું હોય?

જે ગ્રાહકોનું નવા વર્ષનું લવાજમ મહા વદી ૦)) સુધીમાં નહિ આવ્યું હોય તેમને નવા વરસનો પહેલો અંક વી.પી.થી મોકલવામાં આવશે.

વી.પી.નું નાહકનું ખર્ચ બચાવજો.

માતાનું શિક્ષણ

ઇંદુમતી આજે ખૂબ ચિંતાતુર દેખાતી હતી. જો કે તે હમેશ જ દુઃખી અને ચિંતામગ્ન જ દેખાય છે. કેમ ન દેખાય ? માથે તો દુઃખના ડુંગરા પડ્યા. એ તો એ સારી હિંમતવાળી એટલે ટકી. બીજી જેવી તેવી હોત તો કયારનીયે રામશરણ થઇ ગઇ હોત.

પણ આજે તેનો ચિંતાતુર ચેહેરો વિશેષ ચિંતામગ્ન અને વિચારમગ્ન હતો. તેની આંખ અસહાયતાની બીકથી નિસ્તેજ થઇ ગઇ હતી. તે ભારે પગલે મારી પાસે આવી. ધીમે અવાજે જરા કોચવાતી બોલીઃ "મારે જરા વાત કરવી છે. થોડો વખત આપશો ?"

મેં તેને મારી પાસે બેસાડી ને હિંમત આપીને કહ્યુંઃ "લે, બોલ ને ? તારે માટે તો મને સદાયે ફુરસદ જ છે. આમ 'વખત આપશો ?' ને એવું એવું બોલતાં કયારે શીખી ? હું કાંઇ હમણાં પી. એન્ડ ઓ. માંથી ઉતરી નથી તે આવી વિલાયતી સભ્યતાથી વાત કરવા લાગી છે ?

ઇન્દુ હસીને છૂટથી વાત કરવા તૈયાર થઈ ગઇ. "મારે એમ પૂછવું હતું કે તમે કોઇ સારી બોર્ડિંગવાળી શાળા જાણો છો કે જ્યાં મારા છોકરાઓનું શિક્ષણ સારી રીતે થાય ? આ પેલી ક છે પણ ત્યાં પૈસા બહુ બેસે છે. મહિનાના ત્રીશ ત્રીશ રૂપિયા એક એક છોકરા દીઠ કયાંથી ખરચી શકુ ? બીજી ખ છે એ તો જાણે શેઠીઆ ને સરદારોના જ છોકરા માટે છે એટલે આપણે એનો વિચાર જ ન કરાય. પેલી ગ છે તે કેવીક છે ? તેને વિષે સાંભળાય છે તો બહુ જ. કહે છે કે ત્યાંના વ્યવસ્થાપકો મોટા વિદ્વાન છે, અને અદ્યતન પદ્ધતિએ બધું કામ ચાલે છે; ને વળી ફી પણ મારા જેવાને પોસાય તેવી છે. એટલે આ બાબતમાં તમારી સલાહ લેવા આવી છું કે ગ માં મારા બે છોકરાને મૂકું કે કેમ ?"

"તારે તારા છોકરાને બોર્ડિંગમાં શા માટે મૂકવા છે તે પહેલાં કહે પછી મારો મત આપું."

"જુઓ ને તમે મારી સ્થિતિ જાણો જ છો. હું રહી બાઈ માણસ. આ ચાર ચાર છોકરાઓ શે સચવાય ? વળી મારે નોકરી કરવી, ઘરનું કામકાજ જાતે જ કરવું ને આ છોકરી તરફ ધ્યાન રાખવું એ મારાથી બનતું નથી. આ મોટો તો દિવસે દિવસે એવો તોફાની થતો જાય છે કે બસ ! અને નાનાઓ એનું જોઇને તે જ શીખે છે. મારે કરવું શું ? હવે ચૌદ વરસનો છોકરો થયો એને મારાથી મરાય પણ કેવી રીતે ? એને કોઇ પુરુષની દેખરેખ નીચે રાખવો જોઇએ. આ ચાર છોકરાને બદલે છોડીઓ હોત તો સુખેથી સંભાળત, ને ભણાવત. મારી સાથે સાથે કામ પણ કરવા લાગત. મારી આવી તબિયતે હવે મારાથી નથી પહોંચાતું, ને છોકરાઓનાં તોફાન તો મારી દે છે ! એટલે વિચાર કર્યો છે કે કયાંક સારી બોર્ડિંગમાં મૂકું એટલે સીધે માર્ગે તો રહે ! આ તો એનો રોજ ઉઠીને સિનેમા જોવાનો કજિયો. મારે પૈસાયે કયાંથી કાઢવા ? ને આ લત કાંઇ સારી કહેવાય ? માટે બોર્ડિંગમાં મૂકવાનો વિચાર કર્યો છે. પણ સારી બોર્ડિંગ

જોઇએ, અને મને પોસાય એવી જોઇએ."

વાત ધ્યાનમાં આવી એટલે મેં તેને પાસે બેસાડી. મારે તેની સાથે સંભાળથી વાત કરવી હતી, કારણ દુઃખી કષ્ટી એવી તે એક માતા હતી. તેનાં બાળકોના હિતનો પ્રશ્ન તેને માટે ચર્ચાવિલાસનો ન હતો પણ જીવન જેટલો મહત્ત્વનો અને તેના પૂરતો તો ખૂબ આળો હતો. હું ગમે તેમ કાંઈ કહી જાઉં તો તેના હૃદયને સખત આઘાત પહોંચશે એનો મને ખ્યાલ હતો, એટલે મેં સંભાળથી વાત ઉપાડી.

"જુઓ ઈંદુબેન! મારો મત પૂછતાં હો તો તમે તમારા છોકરાઓને કોઇ બોર્ડિંગમાં મૂકવાની ઉતાવળ કરશો જ નહિ. મારા ધારવા પ્રમાણે તો તમે પોતે જ તેમને કેળવવા માટે સારાં લાયક છો. પોતાના ઘરમાં માની છાયા નીચે ઉછરવા કરતાં બીજું વધારે સારું સ્થળ બાળકોને ક્યાં મળે તેમ છે?"

"ના, પણ બેન! મારા કહ્યામાં તેઓ રહેતા નથી."

"જુઓ. તમારે તેમને કહ્યામાં રાખવા જ જોઇએ એમ તમે નક્કી કરો તો તેઓ રહેશે. તમારા મનમાં જ્યાં સુધી અશ્રદ્ધા છે, બીક છે, ત્યાં સુધી જ તેઓ તમારી અવજ્ઞા કરવાના. તમારા મનથી તમારામાં મક્કમતા આવી જશે એટલે બાળકો પણ તમારા તાબામાં જ રહેવાના; તમારું કહ્યું માનવાના જ. અને પ્રેમથી માનવાના. માત્ર તમને લાગવું જોઇએ કે મારા છોકરાને મારે જ ઉછેરવા જોઇએ. મારે જ તેમને શિસ્ત ને નિયમન આપવું જોઇએ. મારું માનો તો પહેલાં છાત્રાલયમાં મૂકવાનો વિચાર કાઢી નાખો."

"પણ છાત્રાલય સારું હોય, ત્યાંના ચાલકો છોકરાઓને પોતાના દીકરા જેમ રાખતા હોય અને દરેક તરફ ખૂબ ધ્યાન આપતા હોય, ત્યાં રાખવામાં શો વાંધો?"

'વાંધો તો ઘણો જ. તમારે ચાર છોકરા છે, ને તમે ચારે તરફ પૂરતું ધ્યાન આપી શકતાં નથી. તો ગૃહપતિ સો દોઢસોમાં દરેક તરફ કેટલું ધ્યાન આપશે, કહો જોઇએ? એ પણ મનુષ્ય જ છે કે દેવ છે? તમારા જ છોકરાનું લ્યો. તેને સિનેમા જોવાની લત છે. ઘરે તે તમારા શાસન નીચે છે; તમે ને તે સાથે રહો છો. સહેજે બાણું કયાં છે, ક્યાં ગયો, કયારે આવ્યો, કોની સાથે હતો, વગેરે વાતો તમારા ધ્યાન બહાર ન જ હોય. છાત્રાલયમાં દરેક છોકરા દીઠ આવું ધ્યાન કેમ રહે? તેને ત્યાં તેના જેવા બીજા બે ચાર મળી જ રહેવાના. ગૃહપતિ રાત્રે હાજરી લેશે. સાર પછી ભાગી કેમ જવું, સિનેમા માટે પૈસા કયાંથી કાઢવા વગેરે તરકીબો કરવામાં તેના મિત્રો તેને મદદ કરવાના. ને જે દૂષણોથી આજે તમે તેને દૂર રાખવા માગો છો તે પૂરેપૂરાં લઇને તે પાછો આવવાનો. તમે તેની બા છો; તમારું મન દુખાય તો તેનુંયે દુખાય. ગૃહપતિ રોફ છાંટે કે ઠપકો આપે તો એ તેની સામે થવાનો; તેને છેતરવાના રસ્તા શોધવાનો. ગૃહપતિ નવા જૂના સર્વ રસ્તા અજમાવી છેવટે તેને છાત્રાલયમાંથી રજા આપશે. પણ તમારે કાંઈ રજા આપ્યે પોસાય છે? આખર તમારે જ તમારા દીકરાને રાખવો પડશે."

"તમે તો છાત્રાલયનું બહુ ભયંકર ચિત્ર ચીતર્યું. મેં તો છાત્રાલયને અમારા જેવાને માટે એક ઈશ્વરે મોકલેલા આશીર્વાદ રૂપ વસ્તુ ગણી હતી."

"ના. પણ તમે જ વિચાર કરો. તમારે ચાર સાચવવાના, ત્યારે ગૃહપતિને સો. તમારી ને તેમની વચ્ચે કુદરતી બંધન–પ્રેમનું બંધન. ગૃહપતિ ને બાળકો વચ્ચે જોડી કાઢેલો સંબંધ. પણ આપણે છાત્રાલયના ગુણદોષ ઉપર કયાં ઉતર્યા? છાત્રાલય પણ જરૂરનું છે; પણ અત્યારે તે ચર્ચામાં શું કામ ઉતરીએ? હું તો તમને કહેતી હતી કે જગતમાં માતાના શિક્ષણને તોલે કોઇ ન આવે. અને જેવો વખત તેવી શક્તિ તેનામાં કુદરતી રીતે આવે જ છે. કારણ તેનું દિવસ રાતનું ધ્યાન એક જ હોય છે કે મારાં બાળકોનું હિત કેમ થાય? હા. હું કબૂલ કરું છું કે ઘણી માતાઓ પોતાના છોકરાઓને અતિ લાડ અને અતિ મૃદુતાથી તદ્દન મૂરખા બનાવી દે છે. પણ તમે તેવાં નથી માટે તમને સલાહ આપું છું."

"ત્યારે મારે છોકરાને કેવી રીતે રાખવા? મારવા તો હાથ ઉપડતો નથી."

"એ તો બહુ જ ઉત્તમ વાત. પણ જુઓ, તમારે ઠપકો આપતા રહેવાની કે હમેશ વઢવાની પણ, જરૂર નથી. બાળકોને એટલું જ લાગવું જોઇએ કે બા એક વાર જે કહે છે તેને જ વળગી રહે છે. તેની 'ના' તે ના છે ને 'હા' તે હા છે. અને તમારે બનતાં સુધી પહેલાં 'હા' પડાય એમ હોય ત્યાં 'ના' પાડી બેસવું નહિ. વિચારીને જ હા ના પાડ્યા કરવી. પણ વિશેષ કરવાનું એ કે કુટુંબનું વાતાવરણ જમાવવું. તમે એમની સાથે બેસીને કાંઇક વાંચી બતાવો; તે વાંચે ને તમે સાંભળો; તેના પર વાતો કરો. છાપું હોય, સારી વાર્તાઓ હોય કે બીજી સારી ચોપડી હોય તે વાંચો. બીજું તેમની સાથે ફરવા નીકળો ને સાથે વાતચીતનો થોડો વખત મેળવીલ્યો. સહેજે શું ભણ્યા, આજે શાળામાં શું થયું, વગેરે પૂછો. તમારી શાળાની વાત તમારે કરવી, એની શાળાની એ કરે, એ રીતે. ત્રીજું તમારી સાથે તેમને કામમાં લેવા. દીકરી હોય તો સાથે રંધાવે, તો દીકરા શા માટે નહિ? નાનાથી મોટા સુધી બધાને ઘરનાં કામો સોંપી દેવાં. તમારે ચાર ચાર દીકરા છે, તમને કામની ઉપાધિ જ પડવાની નથી. ચોથું સિનેમા વગેરે જેવા બર્ચનું બધાએ ભેગા બેસી નક્કી કરી નાખવું. તેમને તમારી સાથે પૈસાની વ્યવસ્થામાં સાથી બનાવો. તમારી પાસે પૈસા છે તે હઠ કરીને માગી લેવાય એવું રાખવું નહિ; પણ આ આપણા પૈસા, આવી રીતે બર્ચના વિભાગ કર્યા છે ને આમ કરવાનું છે, એવું નક્કી કરવું. સૌથી મોટો કે જેને સિનેમા જોવાનો શોખ છે તેના જ હાથમાં પૈસાની ચાવી દેજો. તેના પર જવાબદારી નાખો. જુઓ, ઘડીકમાં સુધરશે. હા, સિનેમા કે એવી વાતોની તદ્દન 'ના' પણ પાડશો નહિ. પણ જોવા જેવી ફિલ્મ આવે ત્યારે જવું. છ મહિનામાં એક વાર કે બે વાર ફિલ્મ જોવાનું નક્કી કરી રાખો. ઉપરાંત બીજી પણ આનંદ કરવાની રીતો તેમને આપો. ભાતું લઇને તેમને કોઇ વાર ફરવા લઇ જાઓ; વિહારનું તળાવ જોવા જાવ; ધારાપુરીની ગુફાઓ જોવા લઇ જાવ; મુંબઇનું મ્યૂઝિયમ જોવા કે બંદર જોવા લઇ જાવ. વધારે પૈસા

ખર્ચ્યા વગર ઘણો આનંદ કરી શકાય છે. તેમાંથી ઉંચી જાતના આનંદની લત લગાડીએ તો સાધારણ કોટિના આનંદોની લત ઓછી થતી જાય.

"કુકડી જેમ પોતાની પાંખમાં બચ્ચાંને લઈ લે છે, તેમ તમારે તમારી પાસે તમારાં બાળકોને લઇ લેવાં જોઇએ, અને તમારું કુટુંબજીવન ઉભું કરવું જોઇએ. કુટુંબ-ભાવનામાંથી ઘણું સારું નીકળે છે.

"તમે ભણેલાં છો. ત્રણસો ચારસો છોકરી-ઓની શાળા ચલવો છો, તમે તમારા ચાર છોકરાઓને રાખી નહિ શકું એમ કેમ જ કહી શકો? છોકરાઓની શાળાના શિક્ષકોનો સહકાર સાધો. તેમની નિશાળમાં જઇને તેમનો અભ્યાસ કેમ ચાલે છે તે તપાસો. ટૂંકમાં તમારે જ તમારા છોકરાઓની દેખ-રેખ રાખવાની છે એમ નક્કી કરો, એટલે બધો માર્ગ સૂઝશે." તા.

અક્ષરજ્ઞાન પ્રચાર

આ વર્ષ દરમિયાન અક્ષરજ્ઞાન યોજનાને અંગે કેટલું કામ થયું છે તેનો ટૂંકો અહેવાલ અમારા વાચકો માટે અહીં આપ્યો છે.

કાર્યાલય

આ પ્રયત્નને અંગે એક જુદું અક્ષરજ્ઞાન કાર્યાલય યોજવામાં આવ્યું છે અને અત્યારે તેનું ત્રણ વિભાગોમાં કામ ચાલે છે:—

(૧) ગુજરાતી વિભાગ—કાર્યવાહક : શ્રી. ગિજુભાઈ

(૨) મરાઠી વિભાગ—કાર્યવાહકો : શ્રીમતી તારાબેન મોડક તથા કુમારી રાજસબાઈ ડોંગરે.

(૩) ઉર્દુ વિભાગ—કાર્યવાહક : મીસીસ બદીન શરી તૈયબજી

કારકુન : શ્રી. અનંતરાય જીવનલાલ

અત્યારે અક્ષરજ્ઞાન યોજનાની શાળાઓની સંખ્યા ૨૭૬ ની છે. આ ઉપરાંત શીખવવા માટે ચાલુ વર્ષ દરમ્યાન ૧૯૧ જણાને અક્ષરજ્ઞાન યોજ-નાનું સાહિત્ય માગણી ઉપરથી મફત મોકલ્યું હતું. તેનો તેઓ કેટલો ઉપયોગ કરે છે તેના આંકડા મળ્યા નથી.

જેલોની અંદર કેટલાએક ભાઇઓએ અક્ષરજ્ઞાન યોજના ચલાવી હતી. આ બાબતની પૂરી વિગતો ન મળે તે સ્વાભાવિક છે. જેલમાં આ બાબત આગળ ધપાવવામાં શ્રી. વેણીલાલ છ. બૂચે મહેનત કરી હતી.

અમરેલીમાં તથા વઢવાણમાં તે તે સ્થળોના વિદ્યાધિકારીઓના પ્રમુખપણા નીચે શિક્ષકો સમક્ષ અક્ષરજ્ઞાન યોજનાનો પ્રચાર કરવાનાં વ્યાખ્યાનો અપાયાં હતાં.

વાઘોડિયા તાલુકામાં શ્રી. મણિલાલ કાશીવાળા, શ્રી. ચંદ્રમુખરાય દેસાઈ, શ્રી. કમળાશંકર પંડિત તથા શ્રી. ભાઈલાલભાઇ પટેલ અક્ષરજ્ઞાન યોજનાને આગળ ધપાવી રહ્યા છે.

કચ્છની યંગ મુસ્લીમ એસોસીએશને કચ્છમાં મુસ્લીમ ભાઇઓને અક્ષરજ્ઞાન આપવાનું કામ ચાલુ કર્યું છે.

સત્યાગ્રહની લડત શરૂ થઈ ત્યાં સુધી ધોલેરા તથા ધંધુકા તાલુકાઓમાં સમિતિના સ્વયંસેવકો ગામડે ગામડે અક્ષરજ્ઞાન યોજનાના વર્ગો ચલાવતા હતા. વીરમગામ તાલુકામાં ત્યાંની સમિતિના આગેવાનોએ દેત્રોજ વગેરે સ્થળે અક્ષરજ્ઞાન યોજના ચલાવી હતી.

પરદેશમાં જંગબારમાં ભાઈશ્રી છગનલાલ વ. મલકાણ ત્યાંની જુદી જુદી જ્ઞાતિઓમાં નિરક્ષરતા દૂર કરવાની ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. આબા-દાનમાં પણ અક્ષરજ્ઞાન યોજનાનું કામ ચાલે છે.

શ્રીદક્ષિણામૂર્તિ ગ્રામશાળાઓમાં અક્ષરજ્ઞાન માટે રાત્રે નિયમિત રાત્રિશાળાઓ ચાલે છે.

માંગરોળ (કાઠિયાવાડ) માં શ્રી. જગજીવનદાસ દરણારી, કરાંચીમાં શ્રી. ગોવિંદરામભાઈ, બીલખામાં શ્રી. ગટુલાલભાઈ તથા કિલ્લે સોનગઢમાં ભાઈ સુરેન્દ્રે તે તે બાજુઓમાં અક્ષરજ્ઞાન યોજનાનો પ્રચાર કર્યો છે.

તળ ભાવનગરમાં શ્રીમતી તારાબેન મોડક મારફત જુદે જુદે સ્થળે પાંચ છ અક્ષરજ્ઞાનના વર્ગો ચાલે છે.

મરાઠી વિભાગ

મરાઠી અક્ષરજ્ઞાન પ્રચાર અર્થે ગયે વર્ષે 'કસે શિકવાવે' અને 'માઝે પુસ્તક' બહાર પાડ્યાં હતાં પરંતુ તે વર્ષ દરમ્યાન મહારાષ્ટ્રમાં તેનો બહુ પ્રચાર થયો નહિ. કારણ કે પુસ્તક શીખવવાની પદ્ધતિ સંબંધે માહિતી આપવાની તેમ જ આ કામ પરત્વે જાગૃતિ ઉત્પન્ન કરવાની જરૂર હતી. ચાલુ વર્ષ દરમ્યાન કુમારી રાજસબાઈ ડોંગરેએ ઘણી જગ્યાએ તેનો પ્રચાર કર્યો છે. ખાસ કરીને કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રજાઓ દરમ્યાન ગ્વાલીઅર, પૂના, શોલાપુર, અહમદનગર, સતારા વગેરે સ્થળોએ અક્ષરજ્ઞાન યોજનાના થોડાએક વર્ગો ચલાવાયા હતા.

તળ મુંબઇમાં નાયગામ સેન્ટરમાં પણ તેમની પોતાની દેખરેખ નીચે અને 'એડલ્ટ એજ્યુકેશન સોસાયટી' દ્વારા પ્રૌઢ સ્ત્રી-પુરુષોને અક્ષરજ્ઞાન આપવાનું કામ ચાલે છે. અને બીજી પદ્ધતિઓ કરતાં આ પદ્ધતિ અને પુસ્તકથી તેમને વાંચતાં લખતાં જલદી આવડે છે એવો એમનો મત છે.

વળી પૂના અને તેની આસપાસનાં મોટાં શહેરોમાં આનો પ્રચાર થવાની જરૂર હોવાથી ગયા ઑકટોબર મહિનામાં શ્રી. તારાબેન મોડક તે તરફ ખાસ એ કામ માટે જ ગયાં હતાં. તેમણે પ્રથમ પૂનાની અનેક સંસ્થાઓના કાર્યકર્તાઓને આમંત્રી એક જાહેર સભામાં આ અક્ષરજ્ઞાન યોજના સમજાવી અને પૂના તથા મહારાષ્ટ્રમાં આ જાતનું કામ શરૂ કરવા સભાને વિનતિ કરી. પૂનાની મ્યુનિસિપાલિટીનાં સેક્રેટરી પ્રો૦ શ્રી. ભાગવતે આ યોજનાને વધાવી લીધી, અને પૂનામાં તેઓ અને તેમના સાથીઓએ નિરક્ષરતાને પૂનામાંથી કેવી રીતે હાંકી કાઢવાનું બીડું ઝડપ્યું છે, ને તે માટે કેવા પ્રયત્નો થાય છે, તે સમજાવ્યું. એકંદરે પૂનામાં આ યોજનાને સારું ચલન મળ્યું. આ સભા પછી શ્રી. તારાબેને અખિલ ભારત મહિલા વિદ્યાપીઠ, સેવાસદન, શ્રીશિવાજી મરાઠી હાઈસ્કૂલ, અહિલ્યાશ્રમ વગેરે અનેક જાહેર સંસ્થામાં શિક્ષકોને, સ્ત્રીઓને તથા કોલેજની વિદ્યાર્થિનીઓ અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ વગેરેને મળી સાત આઠ જુદાં જુદાં ભાષણો આપી આ કામ કઈ ભાવનાથી ને કઈ રીતે સૌએ ઉપાડવું જોઇએ તે સમજાવ્યું.

એકંદરે તેમને પૂનામાં સારો જવાબ મળ્યો ગણાય. આ બધું ગોઠવવામાં શ્રી. રા. ગ. હર્ષે જેઓ ટિળક મહારાષ્ટ્ર વિદ્યાપીઠના એક વખત મહામાત્ર હતા તેમણે સારી મદદ આપી. બીજા પણ અનેક કાર્યકર્તાઓએ તેમને સાચા દિલથી સહાય આપી છે. આ બદલ આ બધાં ભાઈબહેનોના અહીં આભાર માની લઈએ છીએ.

પૂનાથી તેઓ દૌંડ, બારામતી, ભોર અને સતારા એટલાં ગામો ફરી આવ્યાં; દરેક જગ્યાએ પ્રજાએ બહુ જ ઉત્સાહ પૂર્વક તેમનું કથન સાંભળ્યું અને એ કામ આગળ ધપાવવાની જરૂરિયાત સ્વીકારી. કેટલીએક જગ્યાએ "અમે તે ચલાવશું જ." એવાં વચનો પણ મળ્યાં છે. સતારાની એક હાઇસ્કૂલમાંથી સાઠ વિદ્યાર્થીઓ આ કામ કરવા માટે આગળ આવ્યા. ભોર સંસ્થાનમાં શ્રીમંત રાજસાહેબની હાજરીમાં જ ત્યાંના એક મહોત્સવ પ્રસંગે આ વિષય ઉપર ભાષણ થયું હતું, અને શ્રીમંત રાજસાહેબે તથા પ્રજાએ યોજનાને સહર્ષ વધાવી લીધી હતી.

આ પ્રવાસ પછી ખાતરી થઈ કે આવી રીતે હજી ઘણું જ પ્રચારકાર્ય થવાની જરૂર છે. મહારાષ્ટ્રની કાર્યદક્ષતામાં અમને વિશ્વાસ છે અને

આશા છે કે બહુ જ થોડા વખતમાં મહારાષ્ટ્ર આ કામ બેસથી ધપાવશે. મહારાષ્ટ્રમાં આ કામનો કાયમ પ્રચાર કરે એવી વ્યક્તિઓ મળી આવે તેવી મહારાષ્ટ્ર પાસે અમારી માગણી છે.

નવું વર્ષ

આવતો અંક વર્ષ સાતમાનો છેલ્લો અંક છે. ફાગણથી પત્રિકાનું આઠમું વર્ષ શરૂ થશે.

અમારાં વાચકોમાંથી જેને જેને પત્રિકાનું વાચન કામનું લાગ્યું હોય, ઉપયોગી લાગ્યું હોય, વાંચવા યોગ્ય લાગ્યું હોય, તે બધાં આ વિચારોને આગળ ફેલાવવાનું થોડું પ્રચાર-કાર્ય નહિ કરે ? દરેક ઓછામાં ઓછા એક જ મિત્રને તે સંબંધે વાત કરે, તેને પત્રિકા બતાવે ને તેના ગ્રાહક થવાની વિનતિ કરે તો આ બાલકાર્ય ઉપર ઘણો ઉપકાર થશે.

વાચકો જાણે છે કે આ પત્રિકા માત્ર એક જ ધ્યેયથી પોતાનું કામ કરે છે. "બાળકનું સાચું હિત" એ એક જ લક્ષ્ય તેની આગળ છે. બધાં માબાપોની નજર આગળ પણ તે જ હોઈ શકે. માટે તેમનો સૌનો અમે સાથ યાચીએ છીએ.

ઘેર ઘેર બાલયુગનો નવો વિચાર પહોંચાડવાની અમારી અભિલાષા છે. અમારાં વાચકો અમને તે કામમાં સહાય આપે એવી તેમને વિનતિ કરીએ છીએ. તંત્રી

હરિજનપ્રેમીઓને

આ વર્ષમાં હરિજનપ્રેમી ભાઈબહેનોએ કુલ બત્રીશ રૂપિયા અમારા તરફ મોકલ્યા હતા. જેમાંથી બત્રીશ હરિજન ભાઈઓને અમે પત્રિકા મોકલી શક્યાં છીએ. નવા વર્ષ માટે હરિજનપ્રેમીઓને વિનતિ કરવાની કે જેઓ મદદ આપતા હતા તેઓ તે ચાલુ રાખે, અને જેઓએ હજી સુધી આ કામમાં મદદ આપી નથી તે આ દિશામાં પણ પોતાથી બનતું કરે. ઘણા હરિજનો પત્રિકા વાંચવા માટે ઉત્સુક છે. પરંતુ તે બધાને અમે હજી મોકલી શકતાં નથી. હરિજનપ્રેમીઓ અમને મદદ કરે.

મોન્ટીસોરી સંઘ તરફથી વીશ પત્રિકાઓ હરિજનોને મફત મોકલવાનું નક્કી કર્યું છે. જેમને જોઈતી હોય તેઓ નામો-સરનામાં લખી મોકલે. તંત્રીઓ.

જાણવા જેવું શિક્ષણ પત્રિકાનું વર્ષ ફાગણ સુદિ ૧ થી શરૂ થાય છે. ગ્રાહક થનારને હમેશાં પહેલા અંકથી પત્રિકા મોકલવામાં આવશે.

વાર્ષિક લવાજમ રૂા. ૧-૦-૦ દેશમાં; પરદેશ માટે રૂા. ૧-૮-૦ અથવા અઢી શિલિંગ.

પત્રિકાની નીચેનાં વર્ષોની ફાઇલો મળી શકશે.

વર્ષ ૧ લું નથી. વર્ષ ૩ જું નથી. વર્ષ ૫ મું રૂા. ૧) વર્ષ ૭ મું રૂા. ૧)
વર્ષ ૨ જું [illegible] વર્ષ ૪ થું રૂા. ૧) વર્ષ ૬ ઠું રૂા. ૧)

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીત બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ સાતમું
૧૯૮૯

અંક ૧૨ મો
માઘ

:તંત્રીઓ:
ગિજુભાઇ
તારાબેન

કયો સાચો ઉપાય ?

ગંદી શાળા માટે શિક્ષકને પટાવાળો અપાવીએ તે ઉપાય સાચો ?

ગંદી શાળાને જાતે જઇને રોજ ને રોજ સાફ કરી આવીએ તે ઉપાય સાચો ?

ગંદી શાળા બાળકોને વાળતાં શીખવીએ તે ઉપાય સાચો ?

ગંદી શાળામાં બાળકોને મોકલવાં નહિ એમ સમજાવીએ તે ઉપાય સાચો ?

ગંદી શાળામાં શિક્ષક ભણાવે નહિ તે ઉપાય સાચો ?

ગંદી શાળામાં બાળકોને પેસવા જ ન દેવાં અને બારણાં આગળ ચોકી કરવી એ ઉપાય સાચો ?

ગંદી શાળાને સળગાવી મૂકીએ તે ઉપાય સાચો ?

કયો ઉપાય સાચો ?

શિક્ષણમાં શસ્ત્રબંધી

[મૂળ લેખક : ડૉ. મોન્ટીસોરી]

આપણે એમ માનવાની જરૂર નથી કે મોટાંઓના સામાજિક વ્યવહારમાં જ શસ્ત્રબંધીની આવશ્યકતા છે. જગતની શિક્ષણ વિષયક પરિષદે શસ્ત્રબંધીનો એક બીજો પ્રયત્ન કરવો જોઇએ. શિક્ષણ દ્વારા અમે બાળકોના તથા મોટાંઓનો સામાજિક જીવનની અટપટી ગૂંચો ઉકેલવાનો પ્રયત્ન કરીએ છીએ. આ ક્ષેત્રમાં શસ્ત્રબંધીની ગંભીર આવશ્યકતા છે એમ મને લાગે છે.

મોટાંઓ અને બાળકો વચ્ચે યુદ્ધ

શિક્ષણમાં શસ્ત્રબંધી જોઇએ એમ કહેવું વિચિત્ર લાગશે. પરંતુ અત્યારના બાલમાનસશાસ્ત્રની નવી શોધોએ આપણી ખાત્રી કરી આપી છે કે હાલમાં શિક્ષણમાં યુદ્ધની જ સ્થિતિ છે, ને તેનાં મોટે ભાગે–પૂર્ણ અંશે એમ હું કહેતી નથી–બાળકો જ ભોગ થઇ પડે છે. મોટાંઓ કે જે બળવાન છે અને બાળકો જે નિર્બળ છે, તેઓ વચ્ચે આ લડત ચાલુ છે. મોટાંઓ પાસે ઘણા વિચારો છે, પૂર્વગ્રહો છે; તેમાંથી કેટલાએક તો તેમને શતકોના વારસા રૂપે મળેલા છે કે જેનાથી મનમાં પ્રકાશ પડતો નથી પણ જે માત્ર જૂની અને નવી પેઢીઓમાં કજિયો ઉત્પન્ન કરે છે.

શિક્ષક એ હમેશાં બાળકને પજવનારો–હું કબૂલ કરું છું કે અજાણપણે–છે એમ કહીએ તો અતિશયોક્તિ નથી. પરંતુ આ યુદ્ધ માત્ર શાળામાં જ છે એમ નથી. તે દરેક સ્થળે છે. ઘરમાં પણ છે જ. માબાપો બળવાન છે અને બાળકો નિર્બળ છે. માબાપો ઘરમાં સરમુખત્યારો છે, સર્વોપરી ન્યાયાધીશ છે કે જેમની વિરૂદ્ધ કયાંઇ ઉપલી કોર્ટમાં અપીલની શકયતા નથી. મોટાંઓ જે જે કાંઇ કહે તે સર્વ બરાબર જ હોય, અને બાળકોનો મત જો જુદો પડે તો નક્કી બાળકોનું જ ખોટું હોય.

અશ્રદ્ધાની સ્થિતિ

આપણે એક વિચિત્ર મનઃસ્થિતિ ધરાવીએ છીએ. તેનાં મૂળ બહુ ઉંડાં છે. આપણે દ્વેષને મળતી આવતી અને પ્રેમની વિરુદ્ધ એવી અશ્રદ્ધાની સ્થિતિમાં છીએ.

આપણે બાળકમાં શું માગીએ છીએ? આપણે મોટે ભાગે હમેશ તેની ભૂલોની શોધમાં હોઇએ છીએ. માત્ર તેણે કરેલી ભૂલો નહિ પણ જે ભૂલો તે કરશે, તેની શોધમાં હોઇએ છીએ. પોતાના બાળકની ભૂલો–કેવળ નિર્હેતુક ભૂલો માટે પણ માતા હમેશ બ્હીતી હોય છે. તે તેની એક માંદી અવસ્થા જ બની જાય છે.

એટલા માટે જ હું કહું છું કે આપણી દૃષ્ટિમાં બીક અથવા દ્વેષને–નહિ કે પ્રેમને–બાળક તરફ જોવામાં પ્રથમ સ્થાન છે. બીજા પ્રત્યે પ્રેમ રાખીએ તો તેનામાં આપણને બધું સારું જ મળી આવે છે. તેના ગુણો સ્પષ્ટ

દેખાય છે એટલું જ નહિ પણ ઢંકાયેલા ગુણો પણ આપણને દેખાય છે.

એમ પણ કહી શકાય કે પ્રેમીની એક બીજી દૃષ્ટિ હોય છે, જેના વડે પોતાના પ્રેમપાત્રમાં તે સુંદર ગુણો જોઇ શકે છે જે બીજાંઓ જોઇ શકતાં નથી. જો પ્રેમ ઓછો થવા લાગે તો તે હવે વ્હાલું ન લાગવાથી તેનામાં ભૂલો જ ભાળે છે; અને જ્યારે પ્રેમ તદ્દન ચાલ્યો ગયો હોય ત્યારે તેને નવાઈ લાગે છે કે આવા માણસ ઉપર આપણે કેમ પ્રેમ કરી શક્યા.

તમે કહેશો: "ત્યારે અમારે શું કરવું જોઇએ એમ તમે કહો છો? શું સાચે જ તમને ખરાબનો ભય જ નથી? મનુષ્ય સ્વભાવમાં ઘણું જ અસત છે એ શું તમે જાણતાં નથી?"

હા. આ હકીકતને ધ્યાન બહાર કાઢવાની તક મને મળી જ નથી; કારણ વારંવાર મારે આ જ પ્રશ્ન સાંભળવો પડ્યો છે. પરંતુ બાળક ખરાબ નથી. તેને કુદરતનું એક ધર્મકાર્ય પાર પાડવાનું છે. તે કાર્ય તે વિકાસ પામી મોટા થવું એ છે. મોટાંઓ અને બાળકો એક બીજાંને સમજી શકતાં નથી, તેથી જ તેમની વચ્ચે લડત હોય છે.

આંતર રાષ્ટ્રીય યુદ્ધ અટકાવવા માટે આપણે કહીએ છીએ કે જુદા જુદા રાષ્ટ્રના લોકો એકબીજાને વધારે સમજે એમ આપણે કરવું જોઇએ. દ્વેષથી એકબીજાને સમજવાની શક્તિ લય પામે છે. જન્મ વખતે જ મનુષ્યહૃદયમાં કલહ શરૂ થાય છે અને તેનો પડઘો બાળક અને મોટાંઓ વચ્ચેના સંબંધમાં પડે છે. આ ઝટાપટી એ જ ભૂલો અને પાપને જન્મ આપનાર છે.

શસ્ત્રબંધીનાં પગલાં

બાલજીવન અને શાળાઓનો અભ્યાસ કરનારા શિક્ષણશાસ્ત્રીઓ અને આરોગ્યશાસ્ત્રીઓએ બાળક સાથેનું વર્તન કેટલું બધું ભૂલભર્યું થાય છે તે શોધી આપ્યું છે. તે પ્રશ્ન ચર્ચવાનું આ સ્થાન નથી, કારણ આ શોધ એ જ આધુનિક શિક્ષણ વિષયક વિચારોનું વિશેષ લક્ષણ છે. શારીરિક અને માનસિક આરોગ્યને નામે આધુનિક શિક્ષણ એક બાજુથી ભણતરના તથા બીજી બાજુથી અમુક પ્રકારની લાગણીનાં વધારે પડતા આગ્રહના ભાર નીચે બાળકનો આત્મા દબાઇ ગયો છે તે ભાર હળવો કરવાની ઇચ્છા ધરાવે છે. શસ્ત્રબંધીનું ખરું કાર્ય તે બાળકના આત્મા પરના દબાણને હળવું કરવું એ જ છે.

ખરું જોતાં આધુનિક જગતના બધા સુધારાઓનું લક્ષ્ય આ દબાણને હળવું પાડવું એ જ છે. એટલે જ હવે આપણે ત્યાં ખુલ્લી હવામાં શાળાઓ ચાલે એ શસ્ત્રબંધીનું એક પગલું જ છે.

ઇટલીની શાળાના સુધારામા આપણે વાર્ષિક પરીક્ષાઓ કાઢી નાખી છે. આખો અભ્યાસક્રમ પૂરો થયા પછી માત્ર એક જ પરીક્ષા રહી છે, એ પણ એટલા પૂરતી શસ્ત્રબંધી જ ગણાય.

અઠવાડિયામાં ગમે તે વખતે બાળકને અચાનક શિક્ષા કરવાને બદલે કેટલીએક શાળાઓમાં બધી શિક્ષાઓ એક શનિવારે જ કરવામાં આવે છે. એને પણ એક જાતનું

શસ્ત્રબંધી તરફનું પગલું જ ગણવું જ જોઇએ.

રોજ ને રોજ ભણેલું બોલી બતાવવાને બદલે આજકાલ સારી રીતે જાણીતી થયેલી અઠવાડિક કે માસિક સ્વાધ્યાયપદ્ધતિઓ નીકળી છે, તેથી બાળક પોતાની ગતિએ અભ્યાસ કરે છે. આ પણ થોડી ઘણી શસ્ત્રબંધી જ છે.

પરંતુ શિક્ષણ વિષયક સાચા સુધારાનો પ્રશ્ન અત્યંત જટિલ છે, અને તેટલો જ સાદો પણ છે. તે દ્વેષ કે પ્રેમ એનો જ પ્રશ્ન છે. આપણે જે સાચેસાચ કરવું જોઇએ છે તે એટલું જ છે કે આપણે બાળક તરફની આપણી મૂળભૂત દૃષ્ટિ (attitude) બદલી નાખવી જોઇએ; આપણે તેના પર પ્રેમ કરવો જોઇએ. અને તે પ્રેમ એવો હોવો જોઇએ કે તેમાં બાળકના વ્યક્તિત્વ અને સારાપણા વિષે શ્રદ્ધા છે કે જે શ્રદ્ધા બાળકની ભૂલો જોતી નથી પણ તેના ગુણો જ જુવે છે અને તે બાળકને દબાવવાને બદલે તેને ઉત્તેજન આપે છે અને તેને છૂટું કરે છે.

બાળકમાં શ્રદ્ધા રાખો

આપણો હેતુ સારો હોય અને આપણે જોતા થઇએ એટલું બસ નથી. પ્રેમ ગતિમાન છે. આપણે જો કોઇના ઉપર પ્રેમ કરતાં હોઇએ તો તેને માટે કાંઇક કરવાનું આપણને મન થાય છે. આપણે જો બાળક ઉપર પ્રેમ કરતાં હોઇએ તો આપણા ધ્યાનમાં આવવું જ જોઇએ કે જ્યાં ભાતભાતની સુંદર વસ્તુઓની વિપુલતા છે એવી આ સમૃદ્ધ દુનિયામાં બાળક ત્યજાયેલું અને ભૂલાઇ ગયેલું છે. તેથી આપણે હવે નવો અને ગોટો રસ્તો લેવો જોઇએ. તેથી માત્ર બાળક વધારે સુખી થશે, એટલું જ નહિ પણ આપણું પોતાનું જીવન સમૃદ્ધ અને તેજસ્વી બનશે.

આમ આપણે જોઇએ છીએ કે પ્રારંભથી જ યોગ્ય એવું સામાજિક વાતાવરણ રચાવું જોઇએ. પ્રેમ આપણને રચનાત્મક બનતાં શીખવે છે. આ એક આશ્ચર્ય ઉપજાવે તેવી વાત છે. પ્રેમ આપણને નમ્ર બનાવે છે તેમ જ આપણને રચનાત્મક બનાવે છે. આપણે મધમાખીઓની જેવા થઇ જઇએ છીએ. મધમાખીઓ માત્ર મધ ભેગું કરે છે એટલું જ નહિ પણ તેઓ મીણનું ઘર પણ બાંધે છે. અને મધ અને મીણ બંને ઉપયોગી છે.

એટલા જ માટે આપણે યોગ્ય એવું સામાજિક વાતાવરણ રચવું જોઇએ. હાલમાં ઘણા એવા શિલ્પશાસ્ત્રી છે કે જેઓ બાળકો માટે ઘર બાંધવામાં વિશેષ જ્ઞાન ધરાવે છે. બાળકોની રુચિ અને જરૂરીઆતો આપણા કરતાં જુદી હોય છે, અને તેમને પણ પોતાને માટે ઘર અને જીવનવિકાસ માટે જે જે જરૂરનું હોય તે બધું મેળવવાનો હક્ક હોય જ.

આપણે નવો મનુષ્યસમાજ બનાવવા માગતા હોઇએ તો આપણે આ દિશા લેવી જોઇએ. કારણ જ્યારે પ્રેમાળ બાળકને એમ લાગે છે કે આપણા ઉપર સામાનું હેત છે ત્યારે તેનો સ્વભાવ ક્રિયાત્મક બને છે. તે બાળક ખૂબ કામ કરે છે. તેને પ્રયત્ન કરવામાં બીક લાગતી નથી. અને કુદરતી તંદુરસ્ત જીવન જીવનારા મનુષ્યને જે નિયમન અને શુદ્ધ શાંતિ સહજ છે તે તે શોધે છે.

આમ પ્રેમ કરનાર બાળક જ્યારે ઉમરે-

લાયક બનશે ત્યારે તે નવો માણસ બનશે.

હું એમ પ્રતિપાદન કરવા માગું છું કે આપણે એક એવો નવો સમાજ કલ્પી શકીએ કે જેમાં મનુષ્ય વધારે ઉપયોગી બનશે. કારણ જ્યારે તે બાળક હતો ત્યારે લોકોને તેનામાં શ્રદ્ધા હતી. હું એમ પણ માનું છું કે જે બાળકોને કામ પ્રત્યે પ્રેમ છે અને તેથી જેઓ સ્વયંસ્ફૂર્તિથી થાકયા વગર કામ કરે છે, તેઓ પંદર વર્ષની ઉંમરનું બાળક મેળવી શકે તેટલું બાર વર્ષની ઉંમરે મેળવે છે.

તેમને પોતાનાં ટૂંકાં ઘરો છે.ડવા દો.

હું હવે એવું કહેવાની છું કે જે તમને વિચિત્ર લાગશે. પણ મને તે સુંદર લાગે છે, એટલું જ નહિ પણ અત્યંત જરૂરનું લાગે છે. આવાં બાળકોએ જે ત્રણ વર્ષો બચાવ્યાં છે તેટલો વખત તેમને રજા ભોગવવા દો. આ વખત બાળકને ઉંમરમાં આવવાનો છે. તે આ વખતે જુવાનીના ઉંબરામાં ઉભેલું હોય છે, ને તેનું તે વખતનું મુખ્ય કાર્ય પોતાનું જુદું વ્યક્તિત્વ વિકસાવવાનું હોય છે.

બાળકો પોતાનાં નાનાં ઘરો છોડીને બહાર નીકળે, ટેકરામાં ફરે, દરિયે જાય, ગામડામાં જાય, અને કુદરતના સીધા પરિચયમાં આવે અને કાંઇ પણ વ્યવહારમાં ઉપયોગી એવો હુન્નર શીખે એ મને બહુ ગમે. ત્યાં તેઓ મનન કરી શકશે અને તેમનામાં રહેલી કુદરતની ન્યાયબુદ્ધિ અને જીવનદૃષ્ટિ ત્યાંની શાંતિમાં ખીલી શકશે. વ્યવસ્થિત અંગમહેનત અને કુદરતી રહેણીને લીધે આ સ્વાભાવિક પરિણામ આવશે. આવી પરિસ્થિતિમાં જ માનવતા સ્વાતંત્ર્ય અને પ્રેમ મેળવી શકે; અને આજે જે દુર્ગમ્ય અને અઘરા લાગે છે એવા બધા પ્રશ્નોના જવાબ સ્વાતંત્ર્ય અને પ્રેમમાં જ ભાળી શકાશે.

હું કલ્પી શકું છું કે આ બાળકો સોળ વર્ષની ઉંમરે પાછા પોતાનો રીતસરનો અભ્યાસ કરવા આવશે; પણ તેમને તે વખતે એમ લાગતું હશે કે આપણે દુનિયા જોઇ છે, તેને સમજીએ છીએ અને આપણી પાસે જીવનની દિશા પણ છે.

પણ તમે વાંધો ઉઠાવશો: "આ બાળકો મોટાં થશે ત્યારે તેઓ આધ્યાત્મિક વિકાસમાં જોઇએ તેટલી તાજગી ભોગવનારાં નહિ જ હોય; કારણ તમે માનવી સારાપણામાં વધારે પડતી શ્રદ્ધા રાખી છે."

હું કહું છું: "ના, હું વધારે પડતી શ્રદ્ધા રાખનારી નથી. મારા દુનિયાના અનુભવો મને નિરાશાવાદી બનાવવા માટે પૂરતા છે. પરંતુ આ માત્ર તરંગી સ્વપ્નું નથી પણ હકીકત છે. શક્ય છે કે આ બાળકો આધ્યાત્મિક ભૂમિકા ઉપર તેટલાં તાજાં કે શુદ્ધ કે ક્રિયાત્મક ન પણ હોય; પણ તેમને આપણને નહિ એવો એક મોટો લાભ મળેલો છે. તે એ કે તેમને જુવાનીમાં શ્રદ્ધા હશે. આત્મા હમેશ જુવાન રહેવો જોઇએ; અને માનવજાતિમાં રહેલું વાસ્તવિક સારાપણું (સત્) એક આત્મા જ ઓળખી શકે છે. [ભાષાંતર]

તા.

નાટકની પ્રસ્તાવના

બાલસાહિત્ય એટલે સહેલા શબ્દોની ગૂંથણી કરવી, ટાબલાં હાંકવાં કે બાલરંજન માટે ગબડાવવાં એ નહિ, એમ તમે અનેક વેળા કહેલું. કહી કહીને તમારી જીભના કૂચા વળી ગયા, ને સાંભળી સાંભળી અમારા કાન પણ ફૂટી ગયા. પરંતુ કહેવું એક વાત છે, સાંભળવું બીજી વાત છે; અને સાંભળીને તેને કર્તવ્યમાં ઉતારવું એ ત્રીજી વાત છે. એની મુશ્કેલીનું કંઇક ભાન મને નાટકો લખતાં થયું.

દલિત વર્ગમાં અંત્યજો, ખેડૂતો, મજૂરો, સ્ત્રીઓ કે બાળકોને મૂકી શકાય. પરંતુ આંક કાઢવા બેસીએ તો બાળકોનો નંબર સૌથી દલ્લો આવે અને તેના ટકા સૌથી ઓછા આવે; કેમ કે બાળકો એ તો દલિતોની પેદાશ (product) છે. એટલે રાજાઓને ગાંધીજી જેમ ગુલામોના ગુલામો કહે છે, તેમ બાળકોને દલિતોના દલિતો આપણે કહીએ તો જરાયે અતિશયોક્તિ આપણે કરીએ છીએ એમ નહિ લેખાય.

બીજા દલિતોને અવશ્ય સહન કરવાનું હોય છે, એ વાતનો કોઇથી અસ્વીકાર થઈ શકે નહિ. પરંતુ સાથોસાથ બીજા દલિતોને એક વાતનું આશ્વાસન છે, અને તે એ કે તેમના પર સત્તા ભોગવનાર વર્ગને તેઓ કોઇ વાર ભૂ પાઇ દે છે.

ઘરમાં દાસીપણું કરવા છતાં સોટીઓથી પતિદેવનાં રોજ સન્માન પામતી સ્ત્રી કોઈ વાર એના પતિદેવને એવા સકંજામાં નાખી દે છે કે પતિદેવને પગે લાગી તેનું વળતર અક્ષત ચંદન સમેત આપવું પડે છે.

રેગઝેગ પરસેવાથી પેદા કરેલા પૈસા ખેડૂત કે મજૂરને ન આપવાનું ગુમાન ધરાવતા માલિકને ખેડૂતો કે મજૂરો કોઇ કોઇ વાર એવી છક્કડ ખવરાવી દે છે કે ખેડૂતને જગતના તાતનો અને મજૂરને પોતાના મુગટનો ઇલકાબ મને કમને પણ આપવો પડે છે.

આમ આપણે જોયું કે બીજા દલિત-વર્ગની આસપાસ પરાવલંબનની સાંકળો જકડાયેલી છે, છતાં એ સાંકળો કોઈ કોઇવાર ઢીલી કરવાની ફરજ પડે છે. પરંતુ કમભાગ્યે બાળક પાસે એવું સાચું ખોટું એકેય શસ્ત્ર નથી કે જે શસ્ત્ર ઉગામીને કે ઉગામવાની ધમકી આપીને મોટેરાંને તે મીના કહેવરાવી શકે. કેવળ કૃપાના ટુકડા ભીખતાં ભીખતાં કોઈ વર્ગને ઉભવું પડતું હોય તો તે એક જ વર્ગ છે અને તે નિર્ભાગી બાળકોનો.

હા, એક વાત કબૂલ છે કે કવિઓએ બાળકો વિષેનાં કાવ્યો લખી કાવ્યસંગ્રહ છલકાવી દીધો છે; લેખકોએ લેખો લખી પોથાં ભરી કાઢ્યાં છે; અને માબાપોએ તેમના માટે ખાદ્ય પદાર્થો અને રમકડાં લાવી ઘર ભરી દીધું છે.

આટલેથી બાળકોનાં મૂલ જગતે આંકયાં છે એમ એકરાર કરીએ તો આપણે મોટી ભૂલ ખાઇએ. કેમ કે કવિને મન બાળક એ લખવાનો વિષય છે, લેખકને એ લખવાનું

સાધન છે અને માબાપોને થાક ઉતારવાનું વિનોદનું વાજું છે.

બાળક એ એક સ્વતંત્ર વ્યક્તિ છે. એનું નાનું મગજ સ્વતંત્ર માનસ સંઘરીને બેઠું છે અને આપણા જેવો જ આત્મા એમાં વસી રહ્યો છે; એ ઉજળા દીવા જેવા સત્યનો એમાં સ્વીકાર નથી.

કવિ બાળકનું જ કાવ્ય બનાવતો હોય અને એની કલમ એનું જ બાળક બગાડી નાખે તો એ કવિ ધુરકી ઉઠે છે; લેખક એની જ પ્રશંસાની પારાયણ ચીતરતો હોય અને બાળક એક કાગળની ચબરખી ચીતરવા માટે માગે તો એ ડોળા તાણે છે; અને માબાપ પોતાની પ્રવૃત્તિમાં પડ્યાં હોય એ સમયે બાળક કંઈ કાલુંઘેલું બોલે કે અડપલું કરે તો ભાથામાં જે બાવન તીર અનામત પડ્યાં હોય છે તેમાંથી ગમે તે એક તીર ફેંકવા તે તૈયાર બને છે એ કોનાથી અજાણ્યું છે ?

બાળકનું સ્થાન બહુ તો આમોદ પ્રમોદના સાધન તરીકે સ્વીકારાયું છે. શિક્ષક મેળાવડાને પ્રસંગે તેનો ઉપયોગ કરે છે. બાપા બાળકની ચતુરાઈનો બહારના મહેમાનોની સમક્ષ પોતાની મહત્તા સિદ્ધ કરવામાં બપ્પ જુએ છે, અને બા જેમ નાનપણમાં ઢીંગલા ઢીંગલીની રમત રમી પોતાની વાસનાની તૃપ્તિ કરતી હતી તેમ મોટી થતાં બાળકોને જીવતાં પૂતળાં સમજી શણગારવાનું ઉપરકર સમજે છે !

કેટલીએક વાર ચોપડીઓના ગંજ ઉથલાવું છું, છાપાંઓનાં પાનિયાં ફેરવી વળું છું અને તેમાં વાંચું છું કે આજે બેડૂતોએ જંગ માંડ્યો છે, મજૂરોએ માલેકો સામે પોકાર નોંધાવ્યો છે, અને સ્ત્રીઓએ પોતાની જગદંબાની પ્રચંડ શક્તિનો પરચો પુરુષ આલમને કરાવવા બાથ ભીડી છે. પરંતુ બાળકોએ બળવો પોકાર્યો હોય એવું મારા વાંચવામાં આવતું નથી. મારી આંખો બેંચી બેંચીને તણાઈ જાય છે તો પણ મોટાંઓ સામે બાળકોએ એક પણ હરફ ઉચ્ચાર્યો હોય એવા અક્ષરો દેખાતા નથી.

આનો અર્થ એમ નથી કે બાળકોને બળવો પોકારવા જેવું કાંઇ હોતું નથી. પોતાને અણગમતું એવું કંઇ પણ બનતાં તેનો અંતરાત્મા વિરોધનો સૂર ઉઠાવે છે, પરંતુ આપણે મોટેરાં તે સાંભળતાં નથી. સાંભળીએ તો ધ્યાનમાં લેતાં નથી, કેમ કે ધ્યાનમાં લેવા જેવી જરૂરીઆત ઉભી થાય એવું એકે બળ બાળકોની પડખે નથી. પશુઓમાં મેંઢાં અને માનવીમાં બાળકોની સ્થિતિ સરખી છે. અને આપણામાંથી તો ઠોકર લાગ્યા વિના સમજણ આવવા જેવી સાન તો કયારનીયે નાશ પામી છે ! આમ ન હોત તો સેંકડો વર્ષોથી બાળકોનું સ્થાન લગભગ એક સરખું જ છે તેમાં અંતર પડયું હોત બેશક આજે કંઇક ફેર પડ્યો છે, પરંતુ એ તો પાશેરામાં પહેલી પૂણી તો શું પણ પહેલા પુંભડા જેટલો જ કહી શકાય.

આજે સૌ કોઇ પોતાના હક્કની માગણી કરે છે. પરંતુ આપણે જ કોઇનો હક્ક દબાવી બેઠા છીએ એનું શું છે ? આપણા પગ તળે રેલો આવે ત્યારે મોઢું કેમ સંતાડીએ છીએ ? આંખ આડા કાન કેમ કરીએ છીએ ?

આજે તો બોલે એનાં બોર વેચાય છે. અને બાળકો તો અબોલ છે, અને આપણા પગ

નાટકની પ્રસ્તાવના

બાલસાહિત્ય એટલે સહેલા શબ્દોની ગૂંથણી કરવી, ટાલલાં હાંકવાં કે બાલરંજન માટે ગબડાવવાં એ નહિ, એમ તમે અનેક વેળા કહેલું. કહી કહીને તમારી જીભના કૂચા વળી ગયા, ને સાંભળી સાંભળી અમારા કાન પણ ફૂટી ગયા. પરંતુ કહેવું એક વાત છે, સાંભળવું બીજી વાત છે; અને સાંભળીને તેને કર્તવ્યમાં ઉતારવું એ ત્રીજી વાત છે. એની મુશ્કેલીનું કંઈક ભાન મને નાટકો લખતાં થયું.

દલિત વર્ગમાં અંત્યજો, ખેડૂતો, મજૂરો, સ્ત્રીઓ કે બાળકોને મૂકી શકાય. પરંતુ આંક કાઢવા બેસીએ તો બાળકોનો નંબર સૌથી છેલ્લો આવે અને તેના ટકા સૌથી ઓછા આવે; કેમ કે બાળકો એ તો દલિતોની પેદાશ (product) છે. એટલે રાજાઓને ગાંધીજી જેમ ગુલામોના ગુલામો કહે છે, તેમ બાળકોને દલિતોના દલિતો આપણે કહીએ તો જરાયે અતિશયોક્તિ આપણે કરીએ છીએ એમ નહિ લેખાય.

બીજા દલિતોને અવશ્ય સહન કરવાનું હોય છે, એ વાતનો કોઇથી અસ્વીકાર થઈ શકે નહિ. પરંતુ સાથોસાથ બીજા દલિતોને એક વાતનું આશ્વાસન છે, અને તે એ કે તેમના પર સત્તા ભોગવનાર વર્ગને તેઓ કોઇ વાર ભૂ પાઇ દે છે.

ઘરમાં દાસીપણું કરવા છતાં સોટીઓથી પતિદેવનાં રોજ સન્માન પામતી સ્ત્રી કોઈ વાર એના પતિદેવને એવા સકંજામાં નાખી દે છે કે પતિદેવને પગે લાગી તેનું વળતર અક્ષત ચંદન સમેત આપવું પડે છે.

રેળઝેળ પરસેવાથી પેદા કરેલા પૈસા ખેડૂત કે મજૂરને ન આપવાનું ગુમાન ધરાવતા માલિકને ખેડૂતો કે મજૂરો કોઇ કોઇ વાર એવી છક્કડ ખવરાવી દે છે કે ખેડૂતને જગતના તાતનો અને મજૂરને પોતાના મુગટનો ઇલ્કાબ મને કમને પણ આપવો પડે છે.

આમ આપણે જોયું કે બીજા દલિતવર્ગની આસપાસ પરાવલંબનની સાંકળો જકડાયેલી છે, છતાં એ સાંકળો કોઈ કોઇવાર ઢીલી કરવાની ફરજ પડે છે. પરંતુ કમભાગ્યે બાળક પાસે એવું સાચું ખોટું એકેય શસ્ત્ર નથી કે જે શસ્ત્ર ઉગામીને કે ઉગામવાની ધમકી આપીને મોટેરાંને તે મીના કહેવરાવી શકે. કેવળ કૃપાના ટુકડા ભીખતાં ભીખતાં કોઇ વર્ગને ઉભવું પડતું હોય તો તે એક જ વર્ગ છે અને તે નિર્ભાગી બાળકોનો.

હા, એક વાત કબૂલ છે કે કવિઓએ બાળકો વિષેનાં કાવ્યો લખી કાવ્યસંગ્રહ છલકાવી દીધો છે; લેખકોએ લેખો લખી પોથાં ભરી કાઢ્યાં છે; અને માબાપોએ તેમના માટે ખાદ્ય પદાર્થો અને રમકડાં લાવી ઘર ભરી દીધું છે.

આટલેથી બાળકોનાં મૂલ જગતે આંક્યાં છે એમ એકરાર કરીએ તો આપણે મોટી ભૂલ ખાઇએ. કેમ કે કવિને મન બાળક એ લખવાનો વિષય છે, લેખકને એ લખવાનું

સાધન છે અને માબાપોને થાક ઉતારવાનું વિનોદનું વાજું છે.

બાળક એ એક સ્વતંત્ર વ્યક્તિ છે. એનું નાનું મગજ સ્વતંત્ર માનસ સંઘરીને બેઠું છે અને આપણા જેવો જ આત્મા એમાં વસી રહ્યો છે; એ ઉજળા દીવા જેવા સત્યનો એમાં સ્વીકાર નથી.

કવિ બાળકનું જ કાવ્ય બનાવતો હોય અને એની કલમ એનું જ બાળક બગાડી નાખે તો એ કવિ ધુરકી ઉઠે છે; લેખક એની જ પ્રશંસાની પારાયણ ચીતરતો હોય અને બાળક એક કાગળની ચબરખી ચીતરવા માટે માગે તો એ ડોળા તાણે છે; અને માબાપ પોતાની પ્રવૃત્તિમાં પડ્યાં હોય એ સમયે બાળક કંઈ કાલુંઘેલું બોલે કે અડપલું કરે તો ભાથામાં જે બાવન તીર અનામત પડ્યાં હોય છે તેમાંથી ગમે તે એક તીર ફેંકવા તે તૈયાર બને છે એ કોનાથી અજાણ્યું છે?

બાળકનું સ્થાન બહુ તો આમોદ પ્રમોદના સાધન તરીકે સ્વીકારાયું છે. શિક્ષક મેળાવડાને પ્રસંગે તેનો ઉપયોગ કરે છે. બાપા બાળકની ચતુરાઈનો બહારના મહેમાનોની સમક્ષ પોતાની મહત્તા સિદ્ધ કરવામાં બપ જાણે છે, અને બા જેમ નાનપણમાં ઢીંગલા ઢીંગલીની રમત રમી પોતાની વાસનાની તૃપ્તિ કરતી હતી તેમ મોટી થતાં બાળકોને જીવતાં પૂતળાં સમજી શણગારવાનું ઉપસ્કર સમજે છે!

કેટલીએક વાર ચોપડીઓના ગંજ ઉથલાવું છું, છાપાંઓનાં પાનિયાં ફેરવી વળું છું અને તેમાં વાંચ્યું છું કે આજે ખેડૂતોએ જંગ માંડ્યો છે. મજૂરોએ માલેકો સામે પોકાર નોંધાવ્યો છે, અને સ્ત્રીઓએ પોતાની જગદંબાની પ્રચંડ શક્તિનો પરચો પુરુષ આલમને કરાવવા બાથ ભીડી છે. પરંતુ બાળકોએ બળવો પોકાર્યો હોય એવું મારા વાંચવામાં આવતું નથી. મારી આંખો ખેંચી ખેંચીને તણાઈ જાય છે તો પણ મોટાંઓ સામે બાળકોએ એક પણ હરફ ઉચ્ચાર્યો હોય એવા અક્ષરો દેખાતા નથી.

આનો અર્થ એમ નથી કે બાળકોને બળવો પોકારવા જેવું કાંઇ હોતું નથી. પોતાને અણગમતું એવું કંઇ પણ બનતાં તેનો અંતરાત્મા વિરોધનો સૂર ઉઠાવે છે, પરંતુ આપણે મોટેરાં તે સાંભળતાં નથી. સાંભળીએ તો ધ્યાનમાં લેતાં નથી, કેમ કે ધ્યાનમાં લેવા જેવી જરૂરીઆત ઉભી થાય એવું એકે બળ બાળકોની પડખે નથી. પશુઓમાં મેંઢાં અને માનવીમાં બાળકોની સ્થિતિ સરખી છે. અને આપણામાંથી તો ઠોકર લાગ્યા વિના સમજણ આવવા જેવી સાન તો કયારનીયે નાશ પામી છે! આમ ન હોત તો સેંકડો વર્ષોથી બાળકોનું સ્થાન લગભગ એક સરખું જ છે તેમાં અંતર પડ્યું હોત બેશક આજે કંઇક ફેર પડ્યો છે, પરંતુ એ તો પાશેરામાં પહેલી પૂણી તો શું પણ પહેલા પુંભડા જેટલો જ કહી શકાય.

આજે સૌ કોઇ પોતાના હક્કની માગણી કરે છે. પરંતુ આપણે જ કોઇનો હક્ક દબાવી બેઠા હોઈએ એનું શું છે? આપણા પગ તળે રેલો આવે ત્યારે મોહું કેમ સંતાડીએ છીએ? આંખ આડા કાન કેમ કરીએ છીએ?

આજે તો બોલે એનાં બોર વેચાય છે. અને બાળકો તો અબોલ છે, અને આપણા પગ

તળે રેલો આણી શકે એવી સ્થિતિમાં નથી. એટલે જ તેમને નાલાયક કહી તેમનો પણ અધિકાર તેમને આપતા નથી. એમની મામૂલી માગણીને આપણે હસી કાઢતાં જરાયે કંપારી અરેરાટ અનુભવતા નથી.

કુદરત કોઇને છોડતી જ નથી. ગામડી ભાષામાં કહીએ તો 'ઠાકર ગજ અને કાતર લઇને જ બેઠો છે.' અને કયાં કાપ મૂકવો અને કયાં ન મૂકવો તે તે બરાબર પિછાને છે. એટલે જ આપણે પરાધીન છીએ અને પરાધીનતા વજ્રલેપ સમાન થઇ પડી છે. આનું મુખ્ય કારણ આ દલિતવર્ગ પર કરેલા અન્યાય નહિ હોય એની શી ખાત્રી ? એના શાપથી જ ધાનપાણી આપતી ધરતી માતાએ રસકસ ચોરી લીધા હશે તોયે શી ખબર ?

ઘણા લોકો કહે છે કે બાળકોને હક્ક જેવું કશુંયે છે જ નહિ; કોઇ કહે છે કે હક્ક જેવું હોય તોયે શું ? હક્ક આપવાનું પ્રયોજન જ શું છે ? એના વિના માબાપ ઘરનો કારભાર બરાબર ચલાવી શકે છે, માસ્તર શાળા કોઇ ભાતની ચલાવી શકે છે, અને રાજા અચ્છી તરહસે પોતાનું તંત્ર ચલાવી શકે છે !

બાળકો આપણી પાસે શું માગે છે ? ઘરમાં એકાદ નાનકડો ખૂણો; ઘરવખરીમાં ઠીકરાં કે કોડીઓ સાચવવા નાનકડું બોક્સ; અને પોતાનાં મિત્રોને મળવા હળવાની છૂટ. પરંતુ આટલુંયે આપવું આપણે દુરસ્ત નથી ધારતાં. આપણને વગર શિયાળે દાઢની ધ્રૂજારી વછૂટે છે. અને આવી પરિણામે બાળક પડદા પાછળ મોટેરાંઓની વાતો કરતું થઇ જાય છે. આને આપણે છોકરો બગડી ગયો કહીએ છીએ. બોલવાનું છૂટાપણું કયા ખૂણામાં સંતાઇ રહે છે એ આપણે નથી જાણતા. બાળકને અંકુશમાં લાવવા આપણે આભપાતાળ એક કરીએ છીએ, નીતિ અને વિવેકના પાઠ પઢાવીએ છીએ, ભય અને લાલચનાં વિકરાળ સ્વરૂપો લેબાસમાં ઢાળી તેને પાંસરું કરવા ધારીએ છીએ. આ બધું તમને કીડી સામે કટક ચડતું હોય એમ નથી લાગતું ? અને પરિણામ ? પરિણામ શૂન્ય ! મોટું બધું મીંડું અને વચ્ચમાં ચોકડી ! બાળક મોટું થશે અને મોટેરાંનું વિરોધી થશે એ કલ્પના તો દૂર દૂરની છે. એના દસપંદર વર્ષ પછીના પરિણામની વાત આપણે બાજુએ મૂકીએ તો પણ આપણે જેમ આપણા પર ખોટી સત્તા ભોગવનારનું વાંકું બોલી સંતોષ માનીએ છીએ તેમ તે પણ માનવા તરફ વળે છે.

પરંતુ દુઃખની વાત તો એ છે કે આપણે બળાપા કાઢવાની જે છૂટ લઇએ છીએ તે પણ તેમની પાસેથી તો છિનવી જ લઇએ છીએ. બાળક આપણા કરતાં વધારે અપંગ છે. એના ટાંટિયામાં એટલું બધું જોર નથી કે એ હરી ફરી મોટેરાંઓના અન્યાય વિરુદ્ધ પ્રચાર કરી શકે. એનામાં એટલું જોર નથી કે કલમથી લખી પોતાનો રોષ ઠાલવી શકે; અને તેની બુદ્ધિમાં એટલું તીક્ષ્ણપણું નથી કે બધા હેરત પામી જાય એવી ભાષામાં બોલી શકે. છતાં પણ આપણે તેના પર ઓર્ડિનન્સોથી આકરાં પગલાં લઇએ છીએ.

પરિણામ એ આવે છે કે બાલમાનસ ચારે બાજુથી રૂંધાય છે. એનો ઉભરો કાઢવાનો

દ્વાર ચારે બાજુથી બંધ થાય છે. એટલે એ એકલો એકલો આપણા સામે ઝૂઝે છે, મનમાં અનેક પ્રકારના ઘોડા ઘડે છે, દિવાસ્વપ્નો સેવે છે, તરંગો કરે છે. ચોર, ડાકૂઓ અને ઘાડ-પાડુઓ નિરાંતે ઊંઘી શકે છે, પરંતુ બાળકો જેને પ્રભુની ગાય જેવાં સોજાં અને સુંવાળાં કહીએ છીએ, અથવા પ્રભુના પયગંબરના નામે નવાજીએ છીએ, તે જ નિરાંતે મીઠી નીંદર લઇ શકતાં નથી; કેમ કે આખી રાત એક પછી એક સ્વપ્નના ઘોડા તેમના પર સ્વાર થયેલા હોય છે.

કોઇને લાગશે કે હું વધારે પડતું બોલું છું. બાળક પ્રત્યે માબાપની મમતા છે અને તેનું મોહક હાસ્ય આખા ઘરને કિલકિલતું કરી મૂકવા બસ છે, અને આ જ શસ્ત્ર બધાની સામે ટક્કર ઝીલવા પૂરતું છે, એ વાત તરફ હું દુર્લક્ષ કરું છું.

આ દલીલમાં કંઇક વજુદ છે ખરું. પરંતુ બાળકનું આ શસ્ત્ર બૂંઠું નિવડશે કે નહિ તેનો મને ભય છે. કેમ કે જમાનો આગળ વધ્યો છે, શસ્ત્રો નવાં થયાં છે અને જૂનાં અભરાઇએ ચડવા માંડ્યાં છે. આમ બાળકના આ શસ્ત્રને જૂનું ગણી હાંકી નહિ કાઢવામાં આવે? હાસ્ય અને વિનોદ એ બાળકોનાં શસ્ત્રો. આપણે આ બેની અવેજીમાં બીજાં નવાં ઉપજાવી બાળ-કોને નિઃશસ્ત્ર તો નહિ કરી દઇએ?

બાળક પોતાના હાસ્યના બદલામાં બા પાસે એકાદ ગીતની ઉઘરાણી કરે તો મેળા-વડામાં જવું છે, એમ કહી એ માગણી નહિ નકારાય એની શી ખાત્રી? બાપાની પાસે એકાદ વાર્તાની માગણી થાય તો નાટક જોવા જવાનું કહી વાર્તા નહિ કહે એની શી બાંહે-ધારી છે? રાજા પાસે 'અમને ન મારવાં' એવો કાયદો કરવા અરજી કરે તો 'કુરસદ નથી.' એમ કહી રાજા અરજી ફાઇલે નહિ ચડાવી મૂકે એની કોને ખબર છે?

આમ આજે બાળકોના હક્કો જોખમાય છે. તેનું જૂનુંપાનું કહેવાતું શસ્ત્ર બૂંઠું થવાની અણી ઉપર છે અને આજે આમોદ પ્રમોદનાં વધી ગયેલાં સાધનો એની અવેજીમાં આવી પડે તો તે નઉતર રૂપ છે.

આ માટે તો બાળકોની પરિષદ ભરવાનું મન થાય; એનાં સુકાની બાળકો ઘોષણા કરે અને સાથોસાથ લૂલાં લંગડાં, રોગી, અતિ કામઢાં અને બાળકો સાચવવાની શક્તિ વિનાનાં તમામ માબાપોને બાળકો પેદા કર-વાનો અધિકાર નથી એ વાત પણ જોર શોરથી પોકારાય. આપણા દેશમાં બીજા ફાલ તો ઠીક, પણ દર વર્ષે લાખોની સંખ્યામાં બાળકોની ટીંગર વધતી જાય છે તે પર અંકુશ મૂકવાની વાત પણ ચર્ચાય.

પરંતુ એ બધું કોણ કરે? બિલ્લીને ઘંટ કોણ બાંધે? બાળકો તો અશક્ત છે, અબોલ છે અને એની જીભે તો લોખંડી તાળાં વાસેલાં છે. એ ખોલવાની ચાવી લાવવી આકરી છે.

હું મારો એક લેખ તમારી પત્રિકામાં આપું ને તમે ન છાપો તો મને માઠું લાગે છે; તમારી પાસે મળવા આવું ને સારે મોઢે ન બોલાવો તો ઓછું આવી જાય છે. ત્યારે બાળક પ્રત્યેક ક્રિયામાં પ્રત્યાઘાત અનુભવે છે, ડગલે ને પગલે અપમાન પામે છે, એને શી શી વેદના થતી હશે?

એની વેદનાનો સાચો ચિતાર આપવાનું કામ કપરૂં છે. અને તેથી જ બાળનાટકો લખવાનું કામ આંટીઘૂંટીવાળું છે. બાલમાનસ તપાસવાને આપણી પાસે શું છે? માત્ર બહારની વર્તણૂક અને ક્રિયાઓ ઉપરથી બધાં અનુમાનો ખેંચવાનાં રહે છે. કિલ્લાના બહારના દેખાવ ઉપરથી કિલ્લામાં અંદર શું બનતું હશે તે કળવા જેટલું આ વિષમ કામ છે.

ગૂંગળાતાં બાલમાનસ ચીતરવાનો મેં મારા નાટકમાં પ્રયાસ કર્યો છે; તેમાં ઘણી ત્રૂટીઓ છે. કેટલેક સ્થળે બાળકોને બદલે હું બોલવા મંડ્યો છું અને બાળકોની મેં વકીલાત જ કરવા માંડી છે. નાટક લખતો હતો અને મને નિરાશા આવી જતી હતી, છતાં લખી તો નાખ્યું જ છે.

ગો. કા.

પાલણપુરને આંગણે બાલકેળવણીનો ઉત્સવ

તા. ૬-૧-૩૩ ના રોજ સવારના નવ વાગે ગુજરાત વિદ્યાપીઠના માજી વાઇસ પ્રિન્સીપાલ, ગુજરાતી સાહિત્યના વિવેચક અને પ્રસ્થાન માસિકના તંત્રી શ્રીયુત રામનારાયણ વિ. પાઠક પાલણપુરનાં કેળવણી રસિક માબાપો સમક્ષ બાલમંદિર અને બાળકેળવણીની ઉપયોગિતા વિષે શ્રી. ચંદુલાલભાઇ કોઠારી સ્મારક બાલમંદિરના કાર્યવાહકોના આગ્રહથી જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી. વઝીર સાહેબ દામોદરદાસભાઇ પટવારી પ્રમુખપદે બિરાજ્યા હતા, અને રાજ્યના ઉચ્ચ ઓહદેદારો, પ્રતિષ્ઠિત નગરજનો તથા સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ મોટી સંખ્યામાં હાજર હતાં. નીચે મુજબ શ્રી. પાઠકજીના મનનીય ભાષણનો અતિ ટૂંક સાર આપવામાં આવે છે.

શરૂઆતમાં હાઇસ્કૂલના હેડમાસ્તર સાહેબે આપેલ પાઠક સાહેબના પરિચય વિષે પોતે કહ્યું; અહીં પોતે ભાષણ કરવા નહિ પણ બ્યારામ ખાતર આવેલા છે, તેમ જ અત્યારે પોતાના મનમાં 'અસ્પૃશ્યતાનિવારણ અને સ્વદેશી' એ બે વિષયો જ રમી રહેલા હોવાથી એ બે વિષયો ઉપર બોલવાનું મળ્યું હોત તો સારૂં, વગેરે રિમાર્ક પછી સાચી કેળવણીનું સ્વરૂપ સમજાવતાં તેમણે કહ્યું કે બાપાપોતે એવો મોહ હોય છે કે પોતાનું બાળક પોતાની ઇચ્છા પ્રમાણે જ ઘડાય. પોતે જે ઘરેડમાં ઉછર્યાં હોય અથવા જે ઘરેડ તેમને પસંદ હોય તેવી જ ઘરેડમાં તેઓ બાળકને પણ પાડવા માગે છે. આ નર્યો જુલમ જ કહેવાય. મોટા માણસને તેના સ્વભાવ અને ઇચ્છા વિરુદ્ધ વર્તન કરવાની ફરજ પાડીએ તો તેને તે અસહ્ય અને જુલમી લાગશે. તેમ જ બાળકોની ઇચ્છા અને સ્વભાવ સમજ્યા વિના તેમને અમુક બીબામાં ઢાળવાનો પ્રયત્ન પણ નર્યો જુલમ જ છે. બાળકો જડ માટી કે ધાતુ નથી કે સિક્કાની જેમ તમે તૈયાર કરેલા બીબામાં તેમને ઢાળી શકો. સાચી કેળવણીનું એ કામ નથી. સાચી કેળવણી તો બાળકને પોતાના સ્વભાવ અનુસાર સ્વતંત્ર રીતે વિકાસ સાધવાનાં સાધનો પૂરાં પાડવામાં રહેલી છે.

જ્યાં સુધી આપણાં બાળકોને આપણી જ ઇચ્છાનુસાર ઘડવાના જુલમી ખ્યાલ અને વર્તનનો ત્યાગ નહિ કરીએ, અને જ્યાં સુધી બાળકોને સંપૂર્ણ સ્વતંત્રતા સાથે પોતાના સ્વભાવ અનુસાર વિકાસ સાધી લેવાનાં સાધનો પૂરાં પાડતાં નહિ શીખીએ ત્યાં સુધી સાચી સ્વતંત્રતા શું તેનો આપણને પણ કદી ખ્યાલ આવવાનો નથી. અને આપણાં બાળકો સાચી કેળવણી કદી પ્રાપ્ત કરવાનાં નથી. બાળકો ઉપર ચલાવવામાં આવતો જુલમ આપણને પણ ગુલામ રાખશે, અને બાળકોમાં પણ ગુલામી વૃત્તિ જ કેળવશે.

મોન્ટીસોરી પદ્ધતિ ઉપર ચાલતાં બાલમંદિરોનો પાયો બાળકની સ્વતંત્રતા અને સ્વાભાવિક વિકાસ ઉપર રચાયેલો હોય છે. તેમાં બાળક સંપૂર્ણ સ્વતંત્રતાથી રમતગમત અને આનંદ કરતું પોતાની બધી ઇંદ્રિયો અને શક્તિઓને કેળવણી આપે છે. બાલમંદિરનું સંસ્કારભર્યું વાતાવરણ તેને જીવનભરનું નવચેતન બક્ષે છે. સ્વતંત્રતાના આ યુગને આવી જ કેળવણી શોભે છે. પાલણપુરમાં આવી કેળવણીનો પ્રબંધ આટલો વેલાસર થયો છે એ એક આનંદની વાત છે. રાજ્યની સાચી શોભા છે.

પણ મને સાંભળીને ખેદ થાય છે કે અહીંનાં માબાપો પોતાનાં બાળકોને બાલમંદિરના સ્વાતંત્ર્ય અને કિલ્લોલમય વાતાવરણનો લાભ આપવા ભણી બરોબર લક્ષ આપતાં નથી. આનું કારણ બાલમંદિરનો મહિને આઠ આનાનો નાસ્તાનો ખર્ચનો ન જ હોઇ શકે. કારણ કે પાલણપુરનાં માબાપો પોતાનાં પ્રિય બાળકો માટે આઠ આના જેવી નજીવી રકમ ખર્ચ ન કરી શકે એટલાં કંગાલ હોય એમ હું નથી માનતો. તેમ અહીંનાં માબાપોને પોતાનાં બાળકો સાથે એટલો અસાધારણ સ્નેહ હોય કે પોતાની પાસેથી જરા વાર પણ અળગાં ન કરી શકે એ પણ માની ન શકાય. કારણ માબાપો તો મોટે ભાગે એવું ઇચ્છતાં જ હોય છે કે પોતાના કામના સમયે બાળકો જરા વેગળાં જ રહે તો સારું! કદાચ બાલમંદિરમાં મોકલવા માટે બાળકોને સાફસુફ રાખવાં, તેમનાં કપડાં વગેરેની સંભાળ લેવી, વગેરે ખટપટ તેમને નડતી હશે. પણ જે માબાપો પોતાનાં બાળકોની તંદુરસ્તી અને સુઘડતાને ખાતર આટલી પણ મહેનત ન લઈ શકે તે માબાપોનો બાળકો ઉપરનો પ્રેમ કેવો કહેવાય? તમારે ત્યાં એક ઉત્તમ કેળવણીની સંસ્થા સ્થપાઈ છે; તેના માટે ઉત્સાહી અને હૃદય રેડી કામ કરે એવા દક્ષિણામૂર્તિ જેવી સંસ્થાનો પ્રકાશ લઈ ફરનાર–ગિજુભાઇ, તારાબેનના વિદ્યાર્થી ભાઈ ઉમિયાશંકર જોશીનું કામકાજ જોઇ મને સંતોષ થાય છે. આ બાલમંદિરનાં બાળકોને ભેગાં મળી આનંદ કરતાં જોઈ મને ખૂબ આનંદ થાય છે. માછલાંને મમરા નાખીને કે પક્ષીઓને ચણ નાખીને અને પછી તેમનાં ટોળાંને નિર્દોષ ક્રિડા કરતાં જોવામાં જેમ આનંદ પડે છે તેથી પણ વધારે આવાં સ્વતંત્ર વિકસતાં બાલમંદિરનાં બાળકોને આમતેમ વિહરતાં જોઇ હર્ષ થાય છે. જેમ માછલાં અને પક્ષીઓને મારવાની રમત કરતાં તેમને બચરાવવાની રમત વધારે

નિર્દોષ અને આનંદદાયક છે, તેમ જ કૂદતાં, ખેલતાં, ગેલતાં બાળકોને નિશાળના કેદખાનામાં પાંચ કલાક પૂરી રાખવા કરતાં આમ કિલ્લોલ કરતાં કેળવણી લેવા દેવામાં વધારે આનંદ તેમ જ વધારે લાભ છે.

શ્રી. પાઠકજીનું વ્યાખ્યાન પૂરું થતાં શ્રીયુત મોતીલાલભાઇ કોઠારી સેક્રેટરીએ બાલમંદિર સંસ્થાનો આવક ખર્ચનો હિસાબ વાંચી સંભળાવ્યો હતો. સંસ્થા પાસે ચાલુ ખર્ચ માટે નાણાં નથી તેમ જણાવ્યું હતું. તે ઉપર વિવેચન કરતાં શ્રી. મણીલાલભાઇ પરીખે કહ્યું હતું કે જો બાલમંદિરની સ્થિતિ આવી જ રહી તો છ મહિના પણ ખર્ચ નિભાવવો મુશ્કેલ થઇ પડશે. તેથી પ્રમુખશ્રીએ નાણાં વગેરે દરેક પ્રકારની સહાય માટે તેમ જ બાલમંદિરને સફળ રીતે ઉપયોગી બનાવવા અપીલ કરી હતી. બાલમંદિરને શાંતિ તથા ચોખ્ખી હવા મળી શકે તે માટે ગઢામણના દરવાજા બહારની જમીન મકાન માટે રાખવાનો કાર્યવાહક કમીટી વિચાર રાખે છે એવી ખુશખબર આપી હતી. એક બહેનના ભાષણ પછી વક્તા તેમ જ પ્રમુખ વગેરેનો આભાર માની સભા વિસર્જન થઇ હતી. સભા પૂરી થયા પછી બાલમંદિરનાં બાળકોનું કામકાજ, બાળકોનાં સર્જનચિત્રો, માટીનાં બનાવેલાં રમકડાંનું પ્રદર્શન વગેરે જોવા માટે બહેનો માટે સગવડ કરવામાં આવી હતી. આ મેળાવડો સંપૂર્ણ ફત્તેહ થયો હતો.

[મળેલું.]

આ મારી બા - - તે - - આવી કેવી ?

આ મારી બા તે આવી કેવી ?

મારા પર એવી ખીજાય છે કે મને મારે છે. જરા ઓછી ખીજાએલી હોય ત્યારે મારી દાઢી પકડીને મારે. તેથી વધારે ખીજાય ત્યારે કાન આમળે ને ગાલ પર તમાચા ચોડે. ખરેખર એ ખીજાય ત્યારે એનો ચહેરો એવો વિચિત્ર થાય છે કે મને અંદર અંદર હસવું જ આવે છે. હોઠ એવા ભીંસાને એનું નાક તો ભારે જોવા જેવું થાય છે. એની આંખ તો પેલા શિદી બાબલાની આંખ જેવી દેખાય છે. હવે મારે કરવું શું ? માર ખાધો માટે રડવું કે મારી બાનું એવું રૂપ જોઇને મારે હસવું ?

પણ ખરેખર મારી બા એવી કેવી હશે ? મારે માટે કેટલાંયે જાતજાતનાં કપડાં શીવડાવે છે–રેશમી ને જરીનાં, આ જાતનાં ને તે જાતનાં. મારી આખી પેટી ભરાય એટલાં કપડાં મારે માટે શીવડાવે છે. મને ફૂલથી ને રિબનથી અનેક રીતે શણગારે છે. મને ભાતભાતનાં નકશીનાં ને હીરામોતીનાં ઘરેણાં ઘડાવી દે છે. મારે માટે મીઠો મેવો લાવે છે. મિઠાઇ ને મિષ્ટાન્ન, ઘરાખ ને મુસંબી, કેટલુંયે લાવે છે. છતાં તે મને મારતી કેમ હશે ? મારી સામે આવાં મોઢાં કેમ બગાડતી હશે ? મારા કાન શું કામ આમળતી હશે ? મને તો રોજ થાય છે: 'મારી બા તે આવી કેવી ?'

તા.

પ્રશ્નોત્તર

પ્રશ્નઃ મારો એક દીકરો ભણવામાં બહુ જ ઠોઠ છે. માસ્તર રાખ્યા છે છતાં મગજ-શક્તિ ઘણી જ કમ છે. શરીર એકવડું પણ મજબૂત છે. રમતગમતનો બહુ શોખીન અને એક્કો છે. પોળના છોકરાંઓમાં આગેવાન જેવો છે. આમ ભણવામાં પણ આગેવાન થાય તે માટે હું શું કરું? મહેરબાની કરી જણાવવા કૃપા કરશો.

ઉત્તરઃ માસ્તર રાખવાથી મગજશક્તિ કમ થઇ જાય છે માટે માસ્તર રાખવા નહિ. તેનો રમતગમતનો શોખ ખૂબ કેળવાવા દો. આગેવાની લેવાનો જુસ્સો ભણતરથી નરમ પાડવો નહિ. શેરીમાં જે ક્રિયાશક્તિ—અને સાહસ-વૃત્તિ કેળવાય છે તે પુસ્તક વાંચવાથી કેળવાતી નથી. પુસ્તક વંચાવી બાળકમાં જે પ્રેરણા જગાવવા માગીએ છીએ તે સ્વતઃ તેનામાં છે, અને તેને ખીલવા દેવામાં તમારૂં તથા તેનું ભલું છે. ભણતર એટલે વાંચવું, લખવું અને હિસાબ કરવા. તે માણસ ગમે ત્યારે શીખી શકે છે; પરંતુ જે વયે બાળક પોતાની મેળે જ સાહસ, હિંમત, ચપળતા, સમય-સૂચકતા વગેરે ગુણો કેળવવા માગે છે, તે વયે જો આપણે તેની આડે આવીએ તો તે કાયમનું અપંગ બને છે, અને મોટું થતાં તે ગમે તેટલું ભણેલું થાય તો પણ ક્રિયાહીન અને શક્તિહીન થાય છે. મોટા ભણેલાઓ કંઇ કામકાજ કરી શકતા નથી. અને દરેક સાહસની બાબતમાં પાછા પડે છે તેનું કારણ નાનપણમાં તેમની તે શક્તિ બાબાએ અગર શિક્ષકે વિકસવા દીધી હોતી નથી એ છે.

પ્રશ્નઃ મારાં છોકરાંઓ જૂઠું બોલે, ચોરી, ચાડીચુગલી તથા ખરાબ વર્તન ન કરે તે બદલ વારંવાર તેમને કહું છુંઃ "જે કોઇ જૂઠું બોલશે, ચોરી કે ચાડીચુગલી કરશે, ખરાબ વર્તન રાખશે તેને ભગવાન તાવ આપશે અને કડવી દવા પીવી પડશે." તો શું આ મારૂં વર્તન અઘટિત છે? તમો પણ ઉપરનું જાણવાથી મારા અનુભવ મુજબ તેવું કરતા થશો એવી મારી ખાત્રી છે. તો શું આવી જાતની બીક બ્યાજબી નથી?

કોઇ પણ વખત જ્યારે કોઈ મારૂં છોકરૂં બિમાર થાય છે તો હું કહું છું કે "ચોરી, ચાડીચુગલી, જૂઠું વગેરે કંઇ કર્યું હશે તેથી ભગવાને તાવ આપ્યો." દવા પાતાં કહું છું કેઃ "બોલો; હે ભગવાન, હું કોઇ દિવસ જૂઠું અને ચોરી વગેરે નહિ કરૂં ને મારાથી કંઇ થઇ ગયું હોય તો માફ કરો, અને મારો તાવ મટાડી દો." તો શું આ પ્રયત્ન બ્યાજબી નથી?

ઉત્તરઃ જૂઠું, ચોરી, ચાડીચુગલી તથા ખરાબ વર્તન અટકાવવા માટે તમે તેને "ભગવાન તાવ આણશે અને કડવી દવા પીવી પડશે." એવી બીક બતાવો છો તેથી તમે તે દુર્ગુણો અટકાવી શકવાના નથી. અમારો અનુભવ પણ તેવો જ થયો છે અને તે સ્વાભાવિક છે. ભગવાનની બીકથી છોકરાંઓ જૂઠું બોલતાં નથી તેમ સાચું યે બોલતાં નથી. બાળકો જૂઠું બોલવું વગેરે ખરાબ

વર્તન કરે છે તેનું કારણ ભગવાનની નહિ પણ આપણી પોતાની બીક હોય છે. દિલગીરીની વાત એ છે કે આપણે પોતે ભગવાન થઇને બેઠા છીએ. માણસ ભયથી કદી સત્યનિષ્ઠ થવાનો નથી જ. ભયથી તમામ ગુણો સદ્‌ગુણો નાશ પામે છે. ભય ભયંકર રાક્ષસ છે. જે માબાપો પોતાનાં બાળકોને ભગવાનના કે પોતાના નામે ડરાવતાં નથી પણ બાળકોને નિર્ભયતાનું વાતાવરણ આપે છે, તે માબાપોનાં બાળકો એની મેળે સાચું બોલનારાં અને પ્રમાણિક બને છે. " હે ભગવાન, હું કોઇ દિવસ ચાડીચુગલી નહિ કરું, અને મારાથી કંઇ થયું હોય તો માફ કરજો, અને મારો તાવ મટાડી દેજો. " એમ તમે બાળકો પાસે બોલાવો છો તે ઘણું હાસ્યાસ્પદ અને નીતિવિરોધી છે. તેમાં તર્કશુદ્ધિ તો નથી જ. તમારું બાળક પણ સમજે છે કે તાવ કાંઇ ભગવાન લાવતો નથી, પણ કંઇક વધારે પડતું ખાવાથી કે એવા કારણથી આવે છે; અને દવા પીવાથી ઉતરી જાય છે, નહિ કે માફી માગવાથી. વળી બાળક જાણે છે કે પોતે અનેક વખત જૂઠું બોલે છે, ચોરી કે ચાડીચુગલી કરે છે છતાં દરેક વખતે ભગવાન તેને તાવ લાવતો નથી. બાળકને કેક મૂરખ ન સમજતા કે આપણું સમજાવ્યું સમજી જાય.

તમે તમારું, તમારા ઘરનું અને આજુબાજુનું વાતાવરણ નિર્દોષ રાખો, નિર્ભયતા સ્થાપો. બાળક કોઇ પણ જાતનો ગુન્હો કરી બેસે તો પણ તેને શિક્ષા કરતા નહિ, પણ શા માટે બગાડ થયો તેનું કારણ શોધો; અને પ્રેમથી તેને આવી રીતે ફરીવાર નુકસાન ન થાય તેમ સમજાવો તો બાળક જરૂર સારું બનશે. આ બાબતમાં મને શંકા નથી.

ગિ.

પ્રત્યુત્તર

ભાઇશ્રી,

આપની પુત્રીની યાદદાસ્ત વિષે આપે મને પૂછાવ્યું તે બાબતમાં લખવાનું કે જો બાળકના મગજમાં કંઇ બાસ બામી ન હોય તો સામાન્ય રીતે દરેક બાળકની યાદદાસ્ત સાધારણ રીતે સારી હોય છે. યાદદાસ્તનો નિયમ આ પ્રમાણે છે. આપણને જેમાં રસ હોય છે તે યાદ રહે છે અને જેમાં રસ નથી હોતો તે ભૂલી જઇએ છીએ. આ રસ ભય અથવા પ્રીતિ બન્નેથી ઉત્પન્ન થાય છે. આ રસનું કારણ વિકાસવૃત્તિ છે. ભય અને પ્રીતિથી ઉત્પન્ન થયેલો રસ જ્યાં સુધી ભય અને પ્રીતિ હોય છે ત્યાં સુધી રહે છે. ભય ઉત્પન્ન કરનાર કે પ્રેમ આપનાર દૂર થતાં રસ ઉડી જાય કે ક્ષીણ બને તો તે પ્રમાણમાં સ્મૃતિ પણ ક્ષીણ બને છે. પણ જ્યારે વિકાસને લીધે માણસ પોતે જે કાંઇ મેળવે છે તે જ્યાં સુધી વિકાસ તેને સ્પર્શે છે ત્યાં સુધી મેળવેલું તેને યાદ રહે છે. વિકાસની ગતિ વધવા સાથે નવા રસો અને સ્મૃતિપ્રદેશ વધતાં જાય છે.

આપનાં બાળકોને ગણિતના આંકડા યાદ રહેતા ન હોય તો ગણિત શીખવાડવાનો

આગ્રહ હમણાં ન રાખો. તેને બીજી જે ઘણી બાબતો યાદ રહી શકે છે તે બાબતો દ્વારા તેના વિકાસની યોજના અથવા ભણતરની રચના કરો. એક નાના બાળકનો વિકાસ અનેકવિધ હોય છે. આપણે બારીક નજરે તેનો રસ કયાં કયાં છે તે જોઇને તેમના રસને પોષે-તેવું વાતાવરણ તેમને આપવું. રસપોષણ સાથે જ રસ સાથે જોડાયેલા વિષયો સંબંધે માહિતી યાને જ્ઞાન બાળક સહેજે સમજશે. તમે આ દૃષ્ટિએ બાળકને જોશો, તેને અનુકૂળતા કરી આપશો અને પરિણામ જણાવશો.

ગિજુભાઇ

શિક્ષણશાસ્ત્રનાં પુસ્તકો

નામ	લેખક	પ્રકાશક
૧ વાર્તાનું શાસ્ત્ર	ગિજુભાઈ	દ. મૂ. પ્રકાશનમંદિર, ભાવનગર
૨ શિક્ષણ વ્યાખ્યાનમાળા	... ...	ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
૩ શિક્ષક અને શિક્ષણ	... ...	દ. મૂ. પ્રકાશનમંદિર, ભાવનગર
૪ જાપાનની કેળવણીની પદ્ધતિ	અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી	ગૂજરાત વ. સો. અમદાવાદ
૫ પરિચય પદ્ધતિ	નૃ. કા. ભટ્ટ	દ. મૂ. પ્રકાશનમંદિરઃ ભાવનગર
૬ શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્ત્વો	કમળાશંકર પ્રા. ત્રિવેદી	
૭ નવી બાળકેળવણી	મીસીસ સ્નેહલતા પગાર	રીમેલ ટ્રેઇનીંગ કોલેજ, વડોદરા
૮ કેળવણી પ્રકાર	રા. સા. મહિપતરામ રૂ. નીલકંઠ	મેશર્સ કરશનદાસ નારણદાસ,સુરત
૯ કેળવણીની કળા અથવા શાળા તથા શિક્ષણપદ્ધતિની માહિતી	ગાંડાભાઈ પ્રાગજી દેશાઈ	... ...
૧૦ શાળા અને શિક્ષણપદ્ધતિ	ચુનીલાલ મગનલાલ દેશાઈ	એમ. સી. કોઠારીઃ વડોદરા
૧૧ કિન્ડર ગાર્ટન	કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય	ઠાકોર ભગુભાઈ લા. અમદાવાદ
૧૨ શિક્ષણચંદ્રિકા	હિંમતલાલ ગણેશજી અંજારીઆ	મંગળદાસ હરકીશનદાસ, સુરત
૧૩ કેળવણીનું શાસ્ત્ર અને તેની કળા ભા. ૧-૨	હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળા	
૧૪ શિક્ષણ અને શિક્ષક	કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા	એન. એમ. ત્રિપાઠી એન્ડ કો. મુંબઈ
૧૫ શિક્ષાનો આદર્શ	મૂળ લેખક રવિન્દ્રનાથ ટાગોર	જીવનલાલ અ. મહેતા, અમદાવાદ
૧૬ શિક્ષકનો ભોમિયો	નદ્રવજી માવજી ગાંધી	
૧૭ ઘરની તથા નિશાળની કેળવણી	રૂસ્તમ પેસ્તનજી મસ્તાની	ડી. બી. તારાપોરવાળા એન્ડ સન્સ
૧૮ કિન્ડર ગાર્ટન ગૂજરાતી વાચનમાળા	ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર	... ...
૧૯ ચાલણગાડીના શિક્ષકોને	ગિજુભાઈ	ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ
૨૦ ટૉલ્સટૉય અને શિક્ષણ	પાંડુરંગ વિઠ્ઠલ વળામે	દ. બા. કાલેલકરઃ અમદાવાદ
૨૧ સ્વતંત્ર બાલશિક્ષણ	ગિજુભાઈ	વસંતબાલશિક્ષણપ્રચારઃ ભાવનગર
૨૨ વિદ્યાર્થીઓનું માનસ	હરભાઇ ત્રિવેદી	દ. મૂ. પ્રકાશનમંદિરઃ ભાવનગર

૨૩ બાળસ્વભાવ	ગંગાશંકર મણીશંકર	પ્રે. રા. ટ્રેઈનીંગ કોલેજ: અમદાવાદ
૨૪ હિન્દની કેળવણી	વજેશંકર કાનજી	કોટડાસાંગાણી
૨૫ બચપણનો બહાર	એક માતા	... ...
૨૬ મા અને છોકરાં	નારાયણ હેમચંદ્ર	ભીખાભાઈ કુબેરભાઈ: આણંદ
૨૭ બાળશિક્ષણ અને બાળઉછેર	મિસીસ. જી. કે ઉપાધ્યાય	કરશનદાસ. જે. ચીતળીયા
ભા. ૨ જો		હિંદ સેવકસમાજમંદિર: મુંબઈ
૨૮ વિશ્વભારતી અથવા સંસ્કૃતિનું કેન્દ્ર	હીરાલાલ હરજીવન ગણાત્રા	લોહાણા મિત્ર પ્રેસ: વડોદરા
૨૯ બાળકેળવણી રીતિ:પ્રથમ દર્શન	કિશનલાલ ગોવિંદરામ દેશાસરી	યુનાઇટેડ પ્રી. પ્રે. અમદાવાદ
૩૦ બાળકોનાં રમકડાં	તારાબેન મોડક	બાલમંદિર, ભાવનગર
૩૧ શિક્ષણનો ઇતિહાસ	મણિશંકર રત્નજી ભટ્ટ	એજ્યુકેશન સોસાઈટી: મુંબઇ
૩૨ પહેલી ગૂજરાતી પરિષદ	અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર	દાદાભાઇ લાયબ્રેરી અમદાવાદ
૩૩ ગૂજરાત કાઠિયાવાડ સ્ત્રીકેળવણી	ચંદુલાલ કાશીરામ દવે	ગૂ. સ્ત્રી કેળવણી મંડળ: અમદાવાદ
૩૪ આધુનિક કેળવણી	હરગોવિંદદાસ કાનજી ભટ્ટ	સુંદરદાસ ધરમશી: મુંબઈ-૧
૩૫ ભારતીય શિક્ષણનો ઈતિહાસ	લેખક અને પ્રકાશક	બાળકૃષ્ણ ચુનીલાલ જોશી: વડોદરા
૩૬ બાળકોને કેવી રીતે કેળવવાં	છોટાલાલ જીવનલાલ	શ્રેયસ્સાધક અધિકારીવર્ગ, વડોદરા
૩૭ મોન્ટીસોરી શિક્ષણ પદ્ધતિ	છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી	મેલ ટ્રેનિંગ કોલેજ: વડોદરા
૩૮ બાળકલ્યાણ	ભાષાંતર કર્તા હરિપ્રસાદ વ. દેસાઈ	ગૂ. વ. સોસાઈટી: અમદાવાદ
૩૯ પિતૃ ધર્મ	મગનભાઈ ચતુરભાઈ અમીન	વસો
૪૦ દેશી શિક્ષણ પ્રચાર સપ્તાહ	પરમાનંદ	ભાવનગર
૪૧ સ્ત્રીઓ અને તેમનું વાચંનં	ગિજુભાઈ બધેકા	કરશનદાસ જે. ચિતળીયા: ભગિની સમાજ: સેન્ડહર્સ્ટ રોડ: મુંબઈ
૪૨ ગૃહજીવનની અસર: પ્રેમ દ્વારા શિક્ષણ	મણિલાલ નથુભાઈ દોશી	રતનપોળ અમદાવાદ
૪૩ બાળવાર્તાની ખુબી	દ. બા. કાલેલકર	દ. મૂ. પ્રકાશનમંદિર: ભાવનગર
૪૪ સ્ત્રી કેળવણી અને સદ્વર્તન	મણિલાલ નથુભાઈ	રતનપોળ અમદાવાદ
૪૫ દયાળુ માતા: ને સદ્‌ગુણી પુત્રી	... ...	સ. સા. વ. કાર્યાલય: અમદાવાદ
૪૬ કિન્ડરગાર્ટન સંબંધે છ લેખો	હિંમતલાલ ગણેશજી અંજારીયા	
૪૭ ગુજરાત વિદ્યાપીઠ વિજ્ઞાપક	વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી	ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ
૪૮ કેળવણીના પાયા	કિશોરલાલ ઘ. મશરૂવાળા	ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ
૪૯ ડૉલ્ટન યોજના.	હરભાઈ ત્રિવેદી	દ. મૂ. પ્રકાશનમંદિર: ભાવનગર
૫૦ ઘરમાં મોન્ટીસોરી	તારાબેન મોડક	,, ,,

[આગળ ચાલુ]

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીત બિલ્ડીંગમાં પારી, ભીખાભાઇ ગોપાળજીએ છાપી,


ખાપણી

ખાપ

શિક્ષણ પત્રિકા

ભેટ અંક : ૧૯૮૯

: તંત્રીઓ :
ગિજુભાઈ
અને
તારાબેન



ચિત્રકાર
સોમાલાલ શાહ

તમને શું કહું?

આપણે નાના હોઇએ કે મોટા હોઇએ તો પણ આપણા અંત્યજભાઇઓની આપણે ઘણી રીતે સેવા કરી શકીએ છીએ. આપણે આપણા શિક્ષકને કહી શકીએ કે અંત્યજ બાળક શાળામાં આવે તો અમને કશો જ વાંધો નથી. માબાપને કહી શકીએ કે દુષ્ટ માણસને અડીને ન્હાવાને માટે અમે તૈયાર છીએ પણ ભલા અંત્યજને એડીને અમે ન્હાવાનાં નથી. આપણે આપણી રમતો ગામને પાદર રમીએ તેમાં ઢેઢ–ભંગીનાં બાળકોને સાથે રમાડી શકીએ. આપણને ભણાવતાં આવડતું હોય તો જેમ ઘેર નાનીબેન કે નાનાભાઇને ભણાવીએ તેમ અભણ અંત્યજના છોકરાની અક્ષરશાળા કાઢીએ. તેમને દાતણ કરતાં, હાથમ્હોં સ્વચ્છ રાખતાં શીખવી શકીએ. જેમ જેમ આપણે તેમને આપણા ભાઇબંધ બનાવશું તેમ તેમ તેઓ આપણા જેવા થતા જશે, અને આપણી તેમ જ બીજાની ખોટી સૂગ ટળી જશે. આપણાં માબાપો અને વડીલો અંત્યજને માટે ઘણાં મોટાં કામો કરી શકે છે, પણ આપણે તો આટલું કરી શકીએ તો પણ ઘણું બધું કર્યું કહેવાય. જે આ ચોપડી વાંચે અને અંત્યજ માટે કંઇ જ ન કરે તેણે આ ચોપડી વાંચી જ ન કહેવાય.

ગિજુભાઇ


આપણે પાપે

અમે કયાં જોવા આવીએ છીએ ?

એકાદ કારજનો પ્રસંગ આવ્યો. હું અને મારા સગા-સંબંધીઓ જમવા બેસતા હતા. મેં કહ્યું: "મોટાભાઈ! હું તમારાથી દૂર બેસીને જમું તો કેમ?"

તેમણે કહ્યું: "કેમ? દૂર બેસીને શા માટે?"

મેં કહ્યું: "પણ હું તો અંત્યજોને અડું છું, તેમના વાસમાં જઉં છું અને આખી આલમ સાથે જમવામાં માનું છું."



મોટાભાઈ જરાક વિચારમાં પડ્યા. પણ તરત જ બોલ્યા: "બેશ, બેશ! અત્યારે દોઢ-ડાહ્યો થવાનું કોણ તને કહે છે? છાનોમાનો જમવા બેશ."


મેં કહ્યું: "પણ..."

મોટાભાઇ: "પણ પણ શું? તું તારે કરતો હોય તે કર ને! અમે ક્યાં જોવા આવીએ છીએ? ચાલ, બેસી જા જોઇએ!"

હું સૌની સાથે બેસીને જમ્યો.

મારા મનનો પ્રશ્ન તો ઉભો જ છે કે મોટાભાઇ મારાથી અભડાયા કે નહિ?

કારણ કે ન્યાયાધીશ આવ્યા છે



અમારી બ્રાહ્મણની શેરીમાં અંત્યજથી અવાય જ નહિ.

ભોગજોગે જો કદી તે આવે તો માર અને ગાળો બન્ને ખાય.

શેરીમાં કચરાના ઉકરડા ભલે થાય પણ ભંગીથી તે ન કઢાય.

બિલાડું મરી જાય તો તો બ્રાહ્મણો જ પૂંછડી પકડી ઉકરડે નાખી આવે.

પણ કૂતરૂં મરે તો શું કરવું? ત્યારે સૌ ભંગીને બોલાવે ને તેની પાસે ઢસરડાવીને કઢાવે. તે વખતે આખી શેરી અભડાય.

કૂતરાને અને ભંગીને રસ્તે પાણી છંટાય અને બ્રાહ્મણશેરી પવિત્ર થાય.

વિવાહવાજમ હોય, પણ ઢોલીથી ઘર પાસે ન અવાય. ઢોલી નાકા પાસે ઉભો રહે ને દૂરથી ઢોલ વગાડે.

વર્ષો વીતી ગયાં. વર્ષો

સુધી બ્રાહ્મણશેરી અને ઉકરડાઓ પવિત્ર રહ્યા.

એક વાર એક ન્યાયાધીશ અમારી શેરીમાં રહેવા આવ્યા. ન્યાયાધીશ બિચારા મુંબઇના. ન્યાયાધીશ સાહેબથી કંઇ લોટો લઇ પાદર થોડું જ જવાય ?

એમણે તો પાયખાનું કરાવ્યું અને ભંગીને બોલાવ્યો. આખો બ્રાહ્મણવાડો કકળી ઉઠ્યો.

"હાયહાય! બ્રાહ્મણશેરી અભડાઇ ગઇ!"

બ્રાહ્મણો ઉંચાનીચા થયા અને બૂબબૂબા બબડ્યા.


પણ ન્યાયાધીશ એટલે સત્તા, ને સત્તાને તો સલામ!

પણ ન્યાયાધીશ પૂનમે પૂનમે સત્યનારાયણની કથા કરાવે ને બ્રાહ્મણોને જમાડે.

ત્યારે ન્યાયાધીશની સામે કોણ થાય ?

અને એના ભંગીને પણ કોણ રોકે ?

હવે તો રોજ ભંગી આવે છે ને પાયખાનું કાઢે છે.



રોજ બ્રાહ્મણની શેરી વાળીચોળીને સાફ કરે છે.

હવે અમારી શેરી અભડાતી નથી. હવે અમારી શેરીમાં ગંદકી નથી. હવે અમારી શેરીમાં ઉકરડા નથી.

કારણ કે અમારી શેરીમાં ન્યાયાધીશ આવ્યા છે.

જેવાં એનાં કરમ

મારા બાપા વકીલાત કરતા.

મને યાદ છે કે મેંડિયો ભંગી બાપા પાસે આવતો અને અરજી લખાવતો.

મારા બાપા અને દાદા એક વાર વાતો કરતા હતા.

દાદા કહેઃ " એ ભગવાન! આ તું ભૂંડું કરે છે, હેા. એમાં જેવારેા નથી."


મારા બાપા કહેઃ " પણ મોટાભાઈ! ત્યારે એની વકીલાત કોણ કરે? અદાલતમાં એનો 'કેસ' માર્યો જાય ના!"

દાદાઃ " તે એમાં આપણે શું કરીએ? ભંગિયાં થયાં તે ભોગવે. જેવાં એનાં કરમ!"

બાપાઃ " બિચારા ગરીબોનું કામ કરી આપીએ તો રાજી થાય ના. એનું કોણ છે?"

દાદાઃ " તે એમાં હું કાંઇ ન જાણું. હું કહું છું કે તારે એની વકીલાત ન કરવી. એ આપણેા ધરમ નહિ."

દાદા ઘણું કહેતા પણ બાપા સાંભળતા જ નહિ. બાપા બધા ઢેઢભંગીની વકીલાત કરતા. ગરીબોની મફત; પૈસાદારની પૈસા લઈને.



બાપા ઢેઢોની વકીલાતના પૈસા આવે તેની જરા લેતા અને પારેવાંને નાખતા.

એમ જ કરે ના ?

નિશાળેથી પાછા વળતાં હું શેરી વાળતા ભંગીને અડી ગયેા.

મારા પેટમાં ફાળ પડી: "જો ઘેર જઈને કહીશ કે ઢેઢને અડ્યો તેા મામા વઢશે, મામી નવરાવશે અને માશી ઉધડેા લેશે ! ત્યારે હવે કરવું શું ?"

મેં મનમાં નક્કી કર્યું કે કેાઈને કાંઈ કહેવું જ નહિ. કહીએ તેા વઢે ના ?

મેં એમ જ કર્યું અને બધી પીડામાંથી બચી ગયેા.

બે ચાર દિવસ પછી મેં મામીને કહ્યું: "મામી ! હું ભંગીને અડેલેા, પણ કેાઈને કહ્યું જ નહિ."

મામા: "કેમ એલા, કેમ ન કહ્યું ? છૂપું કેમ રાખ્યું ? તેં બહુ જ ખેાટું કર્યું કહેવાય."

મેં કહ્યું: "પણ કહું તેા તમે મને વઢેા, મારેા ને નવરાવેા."

મામી કહે: "હશે હવે. એ વાતને બે ચાર દિવસ થઈ ગયા છે ને ?"

માશી: "મેાટાભાઈની બીક લાગે તે છેાકરા એમ જ કરે ના ?"

મારે વાંકે !

કાઠિયાવાડને કિનારે એક ગામ છે.

ત્યાં શિવજીનુ મંદિર છે.

હું એક વાર એ ગામ ગયેલેા ને ગામમાં રહેલેા.

વાવ પાસે મેં દાણિયા જેવા રૂપાળા છેાકરા જેયા.

મેં કહ્યું: "એલા, ભણેલા છેા ?"

છેાકરાએા કહે: "અમને

કોણ ભણાવે ? અમે મેઘવાળ છીએ. ”

મેં કહ્યું: “ હું ભણાવીશ. ”

વડના ઝાડ નીચે મેં નિશાળ માંડી.



ઢેઢના છોકરાઓ ભણવા લાગ્યા—

“ કાકા સે. દાદા સે.
આસા સે. નાના સે. ”

છોકરાઓ ભણતા જાય અને હરખાતા જાય. મ્હોં મલકાવતા જાય અને ‘ કાકા દાદા નાના મામા. ’ વાંચતા જાય.

મંદિરના પૂજારી ને છડીદાર જોઈ રહ્યા. તેઓ કહે: “તમારાથી બ્રાહ્મણ થઈને ઢેઢને ન અડકાય. એને તમારાથી ન ભણાવાય. ”

મેં કહ્યું: “ હું ગુરુ છું. ને ગુરુ કોઈથી ન અભડાય. ”

છડીદાર અને પૂજારી ચાલ્યા ગયા.


મંદિરના માણસો જોવા આવ્યા. તેઓ કહે: “ બ્રાહ્મણ થઈને ઢેઢને ન અડકાય. એને તમારાથી ન ભણાવાય. ”

મેં કહ્યું: “ હું ગુરુ છું. ને ગુરુ કોઈથી ન અભડાય. ”

* * *

બપોરે મારો રસોયો કહે: “ આજથી હું ગોપનાથજીના

કોઠારે નહિ જઉં. કહે કે તારો શેઠ ઢેઢને ભણાવે છે તે તને મંદિરમાં આવવા નહિ દઈએ.”



મેં કહ્યું: “આ તો પખાલીને પેટ પીડ ને પાડાને પેટે ડામ!”

સાજ પડી ને મંદિરમાં આરતી થવા લાગી.

હું શિવજીનાં દર્શન કરવા ગયો.

મને મંદિરમાં જતાં કોઇએ ન રોકયો.

મને બાવાજીએ આરતી ધરી ને મેં લીધી.

પૂજારીએ મારા ખબર પૂછયા ને મેં હસીને જવાબ આપ્યો.

આરતી પછી હું ઓટલે બેઠો ને મિત્રો સાથે વાત કરી.

કોઇએ મને કહ્યું નહિ કે ઢેઢના છોકરાને કેમ ભણાવો છો.

મારા વાંકે રસોયાને આવવાની ના પાડી હતી. પણ મને આવવા જવાની છૂટ હતી!

સ્વપ્નેય પડછાયો ન લેવાય

હું અને મારા માસા ચાલ્યા જતા હતા.

આમ તો મારા માસા ભલા માણસ. પાઠપૂજનમાં ધ્યાન રાખવાવાળા પણ ખરા.

ચાલતાં ચાલતાં માસા સાથે

એક છોકરો અથડાયો.

માસાએ સીધી સડાક એક જંગલી-ગાળ કાઢી ને છોકરાની પાછળ દોડ્યા.



છોકરો બિચારો બ્હીને નાસી ગયો.

હું કંઈ સમજી શકયો નહિ.

મેં ધીરેથી માસાને પૂછયું: "માસાજી ! એમ એકાએક કેમ છેડાઈ પડ્યા ? છોકરે કંઈ કર્યું તો નથી. જરા ચાલતાં ચાલતાં અડી ગયો હતો તેમાં શું ?"

માસા કહે: "અરે, એણે તો અભડાવી માર્યો. પેલો ભંગિયો ઉભો છે એના પડછાયામાં થઈને હમણાં જ એ ચાલ્યો હતો."

હું તો દિંગ થઈ ગયો !

માસા ગામડાના હતા અને શહેરમાં આવ્યા હતા.

મેં કહ્યું: "અહીં શહેરમાં તો એવું કોઇએ જોતું નથી. અહીં તો બજારે ઢેઢ ને બ્રાહ્મણ બધું સેળભેળ !"

માસા કહે: "ઇ અમારે ગામડામાં ન ચાલે. ત્યાં વાળુકડમાં આવી રીતે છોકરો અડ્યો હોત તો એના બાપ પાસે હાડકાં ભંગાવી નાખત, હાડકાં !"

માસા તો મોટા હતા. એને શું કહેવું ? છતાં મેં કહ્યું: "માસા ! માણસના પડછાયાથી તે કોઈ અભડાતું હશે ? ગાય, ભેંશ, ગધેડું, સમળી, ગીધ, કોઇના પડછાયાથી ન અભડાઇએ


આખરે શરમાયાં

જુવાન હતો ત્યારે હું ભાવનગરથી મુંબઇ જતો હતો.

લીંબડી કે વઢવાણના સ્ટેશનમાં ઉતારૂની ભારે ભીડ હતી. રાતનો વખત હતો અને મુસાફરો એક છેડેથી બીજે છેડે ભટકતા હતા. બધા મુસાફરોને જગા મળી ગઇ, પણ એક ઢેઢડીને જગા ન મળી.

અંધારી રાતે હાંફલી ફાંફલી થઇને ડબ્બો શોધતી ઢેઢડીને મેં દેખી.

ડબ્બે ડબ્બે તેને જ'કારો મળતો હતો. મારી નજર તેના ઉપર પડી. મેં કહ્યું: "આવો બેન, અહીં બેસો."



મેં બારણું ઉઘાડ્યું ને ઢેઢડી ઝડપી ઝડપી અંદર દાખલ થઈ. મેં મારી ટ્રંક અભરાઇમાં ઉંચે મૂકી. પથારી સંકેલીને એને મારી જગ્યાએ બેસાડી.

આખો ડબ્બો મારા પર ઉતરી પડ્યો. કોઇએ આંખો કાઢી; કોઇએ થોડી થોડી ગાળો કાઢી. ને માણસના પડછાયાથી તે કેમ અભડાવાય?"

મારા કહે: "એની તને ખબર ન પડે! એ ઢ ઝાંપડાનો તો સ્વપ્નેય પડછાયો ન લેવાય!"

હું ચૂપ જ રહ્યો.

હું શાંતિથી બેસી જ રહ્યો.

વાદળું ઉતરી ગયું. ગાડીએ સ્ટેશન વટાવવા માંડ્યાં.

હું ઢેઢડી બેઠી હતી તે જ પાટિયા પર છેડે બેઠો હતો. મેં તેને સૂવાની જગા આપી હતી.

મારી જ પાસેથી પાયખાને જવાતું હતું.

બે કલાકે મેં સૌને કહ્યું: "બિચારીને આવવા દીધાથી શું બગડી ગયું? સોગન બાઈને કહો કે તમારામાંથી કોણ ન્હાવાનું કે ધોવાનું છે?"

એક પણ અવાજ આવ્યો નહિ. ડબામાં સૌ શરમાઈને નીચે જોઈ રહ્યાં.

ઢેઢાના વાંસા ફાટ્યા

ત્રીશ વરસ પહેલાં અમારા ગામમાં કોગળિયું આવ્યું.

કોગળિયામાં એક રજપૂતનો નથવો નામે છોકરો મરી ગયો

નથવો જુવાનજોધ હતો. નથવાને મોતે ગામ થરથરી ઉઠ્યું.

કોઈએ ચલાવ્યું: "એ બધા કામા સાળા ઝાંપડાના છે, પૂતળાં



કરે છે ને. કૂવામાં દાટે છે તે કોગળિયું ચાલે છે.”

રજપૂતો ઉશ્કેરાયા ને ઢેઢવાડે ઉપડ્યા.

બિચારા ઢેઢાઓને મારી મારીને જેર કર્યા. હાંડલાં ફોડી નાખ્યાં, બારણાં ભાંગી નાખ્યાં, અને વાંસા ફાડી નાખ્યા.

બિચારા ભંગી અને ઢેઢોની વહાર કોણ કરે?

ગામ આખું વહેમી, એમાં કોણ કહે કે નથવો મર્યો એમાં ભંગીનો વાંક નથી?


એક પારસી દાક્તર હતો. તેણે બિચારે કહ્યું: “એ પાળિયાઓ! ઢેઢાને તે શા સારૂ મારો છો? વાંક તો તમારાં તળાવ અને કૂવાનો છે. તમે જ એને ગંદાં રાખો છો, એમાં ઢેઢાઓ શું કરે?”

બિચારા પારસી દાક્તરે ત્રણ ત્રણ મહિના ઢેઢાઓને પાટા બાંધ્યા ને સાજા કર્યા.

નથવો મુવો એમાં ઢેઢાઓના વાંસા ફાટ્યા!

પવિત્ર કેમ ન થાય?

હું નાનો હતો ત્યારે એક પ્રશ્ન મારા મનમાં ઘોળાયા જ કરતો. “લુગડું ન અભડાય, પૈસા ન અભડાય, અને આપણે જ અભડાઇએ?”



કાકા ઢેઢે આણેલું લૂગડું છાંટીને લઇ લેતા.

ભાઈ ઢેઢના

પૈસા છાંટીને બિસ્સામાં મૂકતા.

મારા મનમાં પ્રશ્ન ઉઠતોઃ "લૂગડું છાંટીએ તો તે પવિત્ર થાય; પૈસાને છાંટીએ તો તે પણ પવિત્ર થાય, તો પછી ઢેઢને છાંટીએ તો તે પવિત્ર કેમ ન થાય?"

વર્ષોની વાત છે

અમારે ઘેર વરો હતો. નાત જમી ગઇ હતી. માત્ર ઢેઢાઓ અને વાઘરાઓને પતાવવાનું બાકી હતું.

જીવી ઢેઢ અને નાજી વાઘરણ રગીરગીને માગતાં હતાંઃ "એ શાંતુભાઇ! આ તમારાં વાઘરાં ઢેઢડાં બહાર ટાઢે ઠરે છે. હવે તો દયા કરો, મારા બાપા..."

પોષ માસની ઠંડી વરસતી હતી. ચૂલ્ન પાસે બેઠા બેઠા શાંતુભાઇ તાપતા હતા અને ફડાકા મારતા હતા.

ઢેડાં વાઘરાંનો ફરગરાટ વધ્યો ને શાંતુભાઇ અકળાઇને ઉઠ્યાઃ "લે એલા જગુડા, આ દાળ છે તે તું લે, ને આ સંક્રાંત ભગુડા તું લે. જો છેટેથી દેજે; છાંટા ઉડે નહિ. નહિ તો આવી ટાઢમાં કોણ ના'શે? ચાલ, સાળાંઓને પતાવી દઇએ!"

ઢેઢાં અને વાંઘરાં બેંઠી દાળ અને બેંઠા લાડવા માટે કલાકો થયાં બેઠાં હતાં. સૌને થોડું થોડું આપી દીધું.

બે ચાર ઢેઢ–વાઘરાં ઉઠીને ચાલ્યાં ગયાં. બિચારાંનાં છોકરાં કયારનાં ટાઢે ઠરતાં હતાં.

જીવી ભંગડી અને મેંડિયો બેઠાં રહ્યાં. જીવીએ હળવેથી કહ્યુંઃ "જગુભાઇ! આ તમારી ભંગડીને તો કંઇએ ન આપ્યું?"

જગુભાઈ કહે: "જા રાંડ, હજી ન ધરાણી ?"

જીવી: "પણ જગુભાઈ ! અમે તમારી ગંદકી કાઢીએ. એ બાપુ ! આ ટાણે નહિ આપો તો ક્યારે આપશો ? એ માબાપ ! તમારાં ઢેઢડાંને..."

જગુભાઇ કહે: "હવે જાય છે કે નહિ ?"

ભંગડી: "એ જગુભાઇ ! દાદા ! આ તમારાં છોકરાં.."

જગુભાઇ: "જાય છે કે નહિ ? ઉઠે છે કે નહિ ?"

ભંગડી: "દાદા એમ કાં કરો ? તમારૂં બાપા ક્યાં વરે છે ? અને ભગવાનજી દાદાને ભગવાને ઘણું આપ્યું છે."

જગુભાઇનો પિત્તો ગયો: "ત્યારે રાંડ ! તારૂં વરે છે ? ખસ છેટી !"

ગુસ્સામાં જગુભાઇ ભાન ભૂલ્યા. ઉની દાળની દેરી ભંગડી ઉપર ઝાપટી. જીવી દાળ દાળ થઇ રહી ! ડિલે આખ્યે દાઝી ગઇ !



"અરેરે ભગવાન ! મરી ગઇ રે !..બળી ગઇ...રે !.." જીવીના મ્હોંમાંથી ચીસ નીકળી.

જગુભાઇ અંદર ગયા અને ભભકયા: "મારાં સાળાંએ અભડાવી માર્યા. એલા લાવ્ય ઓલ્યો પાણીનો હાંડો, જરા નાહી લઉં."

બહાર જીવી રડતી રડતી, બળતી બળતી બેઠી હતી.

અંદર ન્હાઇ ધોઇને જગુભાઇ જીવીને ગાળો દેતા દેતા ચૂલા પાસે તાપતા હતા.

હસનદાદામાં તે શું હશે ?

સાંજે રમતાં રમતાં ભંગીને અડકાઇ ગયું.

સાથીઓ બૂમો પાડી ઉઠ્યા: "એ ભગુડો ઢેઢને અડ્યો. અભડાયો, અભડાયો !"

છોકરાઓ દોડ્યા ને મારી બાને કહી દીધું.

બ્હીતો, લંપાતો, જરા રડતો હું ઘેર બા પાસે ગયો. મને હતું કે જરૂર બા સાવબોળ નવરાવશે ને વખતે ધબ્બા પણ મારશે.

શિયાળાની સાંજ હતી. ટાઢ વળી હતી.

કોણ જાણે બાના મનમાં દયા આવી કે કેમ, પણ બાએ કહ્યું: "જા રોયા, હવે અડીશ નહિ. અત્યારે નાહીશ કયાં ? બોલ્યા હસનદાદાને અડી આવ એટલે પત્યું."

હું હસનદાદાને અડ્યો અને



આભડછેટમાંથી છૂટ્યો; નહાવામાંથી બચ્યો એટલે બા ઉપર રાજી થયો.


પણ મનમાં સવાલ તો રહી જ ગયો: "હસનદાદાને અડવાથી આભડછેટ કેવી રીતે ગઇ હશે ? હસનદાદામાં એવું તે શું હશે ?"

અને પાપ નથી લાગતું

બધા રોજ વાતો કરે: "ઢેઢને અડવાથી પાપ લાગે."

મને રોજ થતું: "ઢેઢ પણ માણસ છે. આપણા જેવો માણસ છે એને અડવામાં તે શાનું પાપ ?"

એક દિવસ મનનાં વિચાર આવ્યો: "ચાલ ને, આંજ તો અજમાવી જ જોઉં. જોઉં તો ખરો, કે અડવાથી પાપ કેવું લાગે છે ?"



કોઇ ન ભાળે એમ હું એક ઢેઢને અડી ગયો.

મને થયું: "હવે પાપ લાગ્યું હોવું જોઇએ."

કલાક ઉપર કલાક જવા માંડ્યા પણ પાપ લાગેલું દેખાયું નહિ. મને કંઈ જ ન થયું. બીજે દિવસે નિશાળના પાઠ પણ આવ-ડ્યા. હું તે દિવસે પહેલો આવ્યો. સાંજે બાએ લાપશી કરેલી તે પણ ખાવા મળી. મંદિર દર્શન કરવા ગયો તો બહુચર માતાજી મને બહુ જ કૃપાળાં લાગ્યાં. મારા ઉપર જરાએ ખીજ્યાં હોય એમ લાગ્યું જ નહિ.


મને થયું: "બધા લોકો જૂઠું જ બોલે છે, ને જૂઠું જ સમજાવે છે."

હું તો ત્યારથી ગમે ત્યારે ઢેઢને અડું છું. મને પાપ નથી લાગતું!

કોણે કાઢ્યું હશે?

નાનાકાકા, હું અને નાની બહેન બજારે જતાં હતાં. દીવાળીના દહાડા હતા, એટલે ગામની દુકાનો શણગારી હતી. હું દુકાનોનો શણગાર જોતો જોતો ચાલ્યો જતો હતો.

મને ખબર નથી કે હું ઢેઢને ક્યારે અડ્યો કે ઢેઢ મને ક્યારે અડ્યો!



પણ નાનાકાકા કહે: "એ હવે અમને અડીશ મા. તું ઢેઢને અડ્યો ને અભડાયો."

મારા મનમાં ફાળ પડી: "હાય હાય, હવે ઘેર જઈશ ત્યાં મોટાદાદા નવરાવશે અને બધાં કપડાં ધોવરાવશે. અરરર! મારી મામાએ અપાવેલી નવી નક્કોર ટોપી પણ બોળાવશે."

ઘેર ગયો ત્યાં મોટાદાદાએ હુકમ કાઢ્યો: "એ નવરાવને એને સાવબોળ. બોળી નાખને એનાં કપડાં."

બાએ પાણી કાઢ્યું, મને ફળિયામાં ઉભો રાખ્યો ને મારા માથા ઉપર પાણી રેડ્યું.

પગથી તે માથા સુધી હું નાહી ગયેા.



મારી નવી નક્કોર ટોપી પલળી ગઇ.

મારી આંખેામાંથી ડળક ડળક આંસુ પડી ગયાં.

મને થયું: " ઢેઢને અડવાથી ન અભડાતું હેાત તેા કેવું સારૂં થાત ? આ આવું અભડાવું તે કેાણે કાઢયું હશે ? એવું કાઢનારા કેવા ખરાબ ? "

આ વખતે હું સાત વર્ષની ઉંમરનેા હતેા.

શી રીતે અભડાયેા ?

હું નાનેા હતેા. આભડછેટને જાણતેાયે નહેાતેા.

ઢેઢ દાદાને વેળાં વેચતેા શેરીમાં બેઠેા હતેા.

દાદા વજન મૂલવતા હતા અને છાંટી છાંટીને પેાતાની પાસે મૂકતા હતા.

હું બાજુમાં જ રમતેા હતેા. રમતાં રમતાં એક કાંકરેા ઢેડ ઉપર ફેંકાઇ ગયેા.

દાદા બરાડી ઉઠ્યા: " એ ભગવાન ! આ તારેા નાનકેા ઢેઢડાને અડ્યેા છે તે વહુને કહે કે નવરાવે. "

હું ચમકી ગયેા. ગભરાટમાં વિચારી રહ્યેા: " હું ઢેઢને કયારે

અડ્યો ? ''

અંદરથી બાપુ આવી કડકાઇથી બોલ્યા: ''એલા નાનકા! એને શું કામ અડ્યો ? ''

મેં કહ્યું: '' હું નથી અડ્યો.''

દાદા તાડુકયા: '' હમણાં અડ્યો તારૂં કપાળ. આ ઢેડ ઉપર કાંકરો ફેંકયો ને વળી બરબરિયાં કરે છે કે હું નથી અડ્યો ? જા ભગવાન ! એને નવરાવી નાખ.''

મને થયું: '' દાદા ઢેઢે વણેલાં વેજાંને છાંટીછાંટીને અડે છે તેમાં નથી અભડાતા, ને હું કાંકરો ફેંકતાં શી રીતે અભડાયો ? ''

હજી સુધી હું દાદાજીનો ધર્મ સમજી નથી શકયો.

કૂતરૂં કાઢયું તેનો દંડ !

ઘર આગળ ઉભો ઉભો ભંગી દાણા માગતો હતો.

કયારનો દાણા માગતો હતો પણ કોઈ તેનું સાંભળતું ન હતું.

બહુ બહુ વાર તે રગ્યો ત્યારે અંદરથી દાદા તાડુકયા: '' મારો સાળો આ ભંગિયો જો ને, ભંગિયો ! નાહકનો લાગ્યો જ છે ! ''

ભંગી નાહકનો લાગ્યો ન હતો. તેણે મરેલું કૂતરૂં નાખી દીધું હતું, અને હવે તે દાણા માગતો હતો.

બિચારો ભંગી બોલતો જ હતો: '' દાદા ! આ તમારા ભંગિયાને હવે કંઈક આપો. દાદા ! કયારનો રગું છું ! ''

દાદા ફરી વાર તાડુકયા: '' કયાં ગયો બોલ્યો ઇચ્છો ? જા ને, જા ને, બોલ્યાને શેરી બહાર કાઢી મૂકય ને ? ''

ઇચ્છો બહાર આવ્યો ને ભંગીને દબડાવ્યો: '' જા, જા;

સાળા જાય છે કે નહિ, નહિ તો માર્યો સમજજે !"

ભંગી કહે: "પણ ઇચ્છા કાકા, ભલા થઇને મહેરબાની કરો ને? કૂતરૂં કાઢયું છે, તે દાણા આલો ને !"

ઇચ્છા કાકા: "જા, સૌને ઘેરથી પહેલાં લઈ આવ ને પછી અહીં આવ."

ભંગી: "પણ, ઇચ્છા કાકા ..."

ઇચ્છા કાકાનો મિજાજ ગયો અને હાથમાં લાકડી ઉપાડીને તોળી રાખી. બિચારો ભંગી ગભરાયો ને પાછે પગલે ચાલી નીકળ્યો.



શેરીમાંથી મૂએલું કૂતરૂં કાઢયું તેનો આ દંડ !

અનુક્રમણિકા

૧	અમે ક્યાં જોવા આવીએ છીએ ?....	૩
૨	કારણ કે ન્યાયાધીશ આવ્યા છે	૪
૩	જેવાં એનાં કરમ	૬
૪	એમ જ કરે ના ?	૭
૫	મારે વાંકે !	૭
૬	સ્વપ્નેય પડછાયો ન લેવાય	૯
૭	આખરે શરમાયાં	૧૧
૮	ઢેઢાના વાંસા ફાટ્યા	૧૨
૯	પવિત્ર કેમ ન થાય ?	૧૩
૧૦	વર્ષોની વાત છે....	૧૪
૧૧	હસનકાકામાં તે શું હશે ?	૧૬
૧૨	મને પાપ નથી લાગતું	૧૭
૧૩	કોણે કાઢયું હશે ?	૧૮
૧૪	શી રીતે અભડાયો ?	૧૯
૧૫	કૂતરૂં કાઢયું તેનો દંડ !....	૨૦

ગલિઆરા સ્મારક અંક

શ્રી. છગનલાલ વી. ગલિઆરાએ પોતાની હયાતીમાં શિક્ષણ પત્રિકાના તંત્રીઓને 'શિક્ષણ પત્રિકા' જેવું ઉપયોગી પત્ર કાઢવા માટે રૂા. ૫૦૦) લેટ તરીકે આપેલા. પોતાને મળેલી આ લેટ તંત્રીઓએ શિક્ષણ પત્રિકાને અર્પણ કરીને તેમાંથી બાળકો માટે સાત અંકો શિક્ષણ પત્રિકાના લેટ અંકો તરીકે કાઢ્યા.

એમના દુઃખદ અવસાન પછી એમના ચિરંજીવી ભાઇ નિરંજને લેટ અંક ચાલુ રાખવા માટે દર વર્ષે રૂા. ૧૫૦) અંકે દોઢ સો આપવાનું અમને જણાવ્યું છે. એ લેટમાંથી આ પહેલો અંક છે. આને અમે "ગલિઆરા સ્મારક અંક" એવું નામ આપ્યું છે.

ભાઈ નિરંજનનો આ સેવા માટે અમે ઉપકાર માનીએ છીએ.

માઘ વદ ૫/૧૯૮૯ — ગિજુભાઇ

ભાવનગર, શ્રીસરસ્વતી છાપખાનમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપ્યું.

એક બાલમંદિરમાં એક અંત્યજ બાળકને દાખલ કર્યું: તેની આંખો તેજદાર હતી. ચહેરો સુંદર હતો અને શરીરમાં જોર હતું. કોઇ બાળક જાણી ન શકયું કે આ અંત્યજ બાળક છે.

* * *

એક વિનયમંદિરમાં પાંચ અંત્યજના વિદ્યાર્થીઓ ભણે છે. પાણીદાર છોકરાઓ છે. ભણવામાં હુશિયાર છે. લૂગડેલત્તે સ્વચ્છ, અને સુઘડ રેવવાળા છે. દોઢસો છોકરામાંથી કયા પાંચ અંત્યજના છોકરા તે શોધવું હરકોઇને અઘરૂં પડે તેવું છે.

* * *

રેલગાડીમાં ઉરેબ સુરવાળ અને પાસાબંધ કડિયા ઉપર ભેટ બાંધેલો એક આદમી બેઠો છે. માથે સુંદર મજાનું મોળિયું બાંધ્યું છે. પાંચે આંગળિયે વેઢ છે. હાથમાં હોકો છે અને હોકાની નળી મૂછના આંકડિયા નીચેથી મોઢામાં રહેલી છે. પાણીદાર રજપૂત જેવો આ માણસ મેઘો મેઘવાળ હશે એમ કોઇ કહેશે?

* * *

જેમ જેમ અંત્યજો સ્વચ્છ થવા લાગશે, વિદ્યા લેવા લાગશે, ઉદ્યોગ ધંધા કરીને સમૃદ્ધ થવા લાગશે, તેમ તેમ આભડછેટના તૂતને દૂર ને દૂર જવું પડશે.

આપણે એ તૂતને દૂર કરવામાં આજથી જ પગલાં માંડીએ.

ધોરણ Std.	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	ટે. સા. Teach. Aids	ગૃ Ho W

ધોરણ Std.	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા. Teach Aids	ગૃહકાર્ય Home Work

17528
17528

તાસ Prd	ધોરણ Std.	વિષય Sub.	એકમ Lesson	પાઠ આયોજન Lesson Planning	શૈ. સા Teach Aids